CC-0. In Public Domain.Digitized by eGangotri.

પાણિનીય વ્યાકરણ-વિમર્શ

(પાણિનીય વ્યાકરણ વિષયક સંશોધન-લેખોનો સંગ્રહ)

વસન્તકુમાર મ. ભટ્ટ (નિવૃત્ત)
પૂર્વ-નિદેશક,
ભાષા-સાહિત્ય ભવન,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૭.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પાણિનીય વ્યાકરણ-વિમર્શ

(પાણિનીય વ્યાકરણ વિષયક સંશોધન-લેખોનો સંગ્રહ)

વસન્તકુમાર મ. ભટ્ટ (નિવૃત્ત)
પૂર્વ-નિદેશક,
ભાષા-સાહિત્ય ભવન,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

2017

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Pāṇiniya Vyakaraṇa Vimarśa
(A collection of some research articles on the Panini's grammatical system)

By Prof. Vasantkumar M. Bhatt
Former Director, University School of Languages
Gujarat University, Ahmedabad-9.

પ્રકાશક :
સરસ્વતી પુસ્તક ભંડાર
અશ્વિનભાઈ બી. શાહ
૧૧૨, હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૨૫૩૫૬૬૯૨

ISBN : 978-93-83843-33-6

© શ્રીમતી વૃન્દા વી. ભટ્ટ

પ્રથમ આવૃત્તિ : મહાશિવરાત્રિ ઈ.સ. ૨૦૧૭

કિંમત : ₹ ૨૫૦-૦૦

મુદ્રક :
શ્રી રામાનન્દ ઑફસેટ
અમદાવાદ.
મો. : ૯૮૨૪૦ ૫૩૭૭૨

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

मामकीनम् निवेदनम्....

કાશી ક્ષેત્રમાં વૈયારણકેસરી તરીકે સમ્માન્ય બનેલા મારા ગુરુવર્ય શ્રી બાલકૃષ્ણ પંચોલીજી તથા પં. શ્રી ચિમનલાલ જ. પંડ્યાજીના ચરણકમળોમાં વિનીતભાવે નમસ્કાર કરીને, પાણિનીય વ્યાકરણ-તન્ત્ર વિશે લખાયેલા મારા કેટલાક અભ્યાસ-લેખો અને સંશોધન-લેખોનો સમ્પુટ વિદ્વાનો તથા વિદ્યાર્થીઓના હાથમાં મૂકતાં હું આનન્દની લાગણી અનુભવું છું. પાણિનીય વ્યાકરણ નિરતિશય લાઘવપૂર્ણ અને યુક્તિ-પ્રયુક્તિઓથી ગુંથાયેલું હોઈને સમજવામાં દુરહ જણાય છે. પરન્તુ એ જ વ્યાકરણ થકી સંસ્કૃત ભાષા અજર અમર બની છે, અપરિવર્ત્ય બની છે – એ વાત પણ એટલી જ સાચી છે. તેથી એ વ્યાકરણનો જેટલો મહિમા ઉચ્ચારીએ તેટલો ઓછો છે. સમગ્ર દેશ અને દુનિયામાં પાણિનીય વ્યાકરણ ભણનાર અને ભણાવનારની સંખ્યા બહુ ઓછી છે, તેમાંય ગજરાત જેવા પ્રદેશમાં તો છાત્ર-સંખ્યા અતિવિરલ થવા લાગી છે. તેવા સંજોગોમાં, આ વ્યાકરણમાં પ્રવેશ કરવા અને તેની સમ્યક્ સમજણ કેળવવામાં ઉપયોગી થાય તેવા મારા અભ્યાસ-લેખો આ પુસ્તકમાં મૂકવામાં આવ્યા છે. વૃત્તિ સહિત વ્યાકરણનાં સૂત્રોને તથા શાસ્ત્રીય તર્કથી ભરેલી ફક્કિકાઓના વિવરણોને ગોખી કાઢીને, વૈયાકરણ બન્યા પછીય પણ પાણિનીય વ્યાકરણની આન્તરિક સંરચના હસ્તગત ન થઈ હોય એવું બહુશઃ જોવા મળે છે. શબ્દ-રૂપ-સિદ્ધિની પ્રક્રિયામાં પ્રવીણ થયા પછીય, આ વ્યાકરણની આન્તરિક સંરચનાની સમજણના અભાવમાં વ્યાકરણનું જ્ઞાન બોજ રૂપ બની જાય છે. પરન્તુ જો તેની સમ્યક્ સમજણ બુદ્ધિમાં ઊતરી જાય તો વ્યાકરણ એક સુન્દર કાવ્ય જેવું સ્પૃહણીય બની જાય છે. આવા તબક્કે જ અભ્યાસી વ્યક્તિ વ્યાકરણ-વિદ્યાની ઉપાસનાને પોતાનો નિજાનન્દ ગણવા લાગે છે અને પોતાનું આખું આયુષ્ય સમર્પિત કરી દેતો હોય છે. પ્રસ્તુત પુસ્તકમાં એવા ઘણા લેખો છે કે જેના થકી નવા અભ્યાસીઓને પાણિનીય વ્યાકરણની કેટલીક પાયાની સમજણ પ્રાપ્ત થશે, અને આરૂઢ વિદ્વાનોને બીજાં કેટલાંક સંશોધન લેખો થકી પોતાના અભ્યાસની ક્ષિતિજો વિસ્તારવાનું દિશાસૂચન મળશે. હીં આચાર્ય હેમચન્દ્ર સૂરિના સિદ્ધહેમ-શબ્દાનુશાસનને લગતા જે ત્રણેક લેખો મૂક્યા છે, તે વિશેષ રૂપે અવલોકનીય છે. કેમકે વિદ્યાભ્યાસ દરમ્યાન જો કોઈ પણ વિષયનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે તો તેનાથી કેટલો બધો ફાયદો થતો હોય છે – તે સોદાહરણ સમજાશે. આવા તુલનાત્મક અભ્યાસ થકી જ, પ્રાચીન અને મધ્યકાલિક સંસ્કૃત વ્યાકરણોની તન્ત્રગત વિશેષતાઓ જાણવા મળતી હોય છે. વળી, અનુગામી કાળના વૈયાકરણોને પૂર્વેના વૈયાકરણોનું જ્ઞાન વારસામાં મળ્યું હોવા છતાંય, તેઓ પ્રાચીનતમ વૈયાકરણ પાણિનિની સિદ્ધિઓને તો અતિક્રમી શકતા જ નથી, પણ એમની કક્ષાએ પણ પહોંચી શકતા નથી – તે સાધાર સમજાય છે. આ રીતે પાણિનિનો મહિમા ગાવા માટેનાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નવીન કારણો મળી રહેતાં હોય છે, તથા અનુગામી વૈયાકરણો જો એવું કંઈ વૈશિષ્ટ્ય સિદ્ધ કર્યું હોય કે જે પ્રાચીન વૈયાકરણ ન કરી શક્યા હોય, તો અનુગામી વૈયાકરણનું પણ અપૂર્વ યશો-ગાન કરવાનું પ્રાપ્ત થાય છે ! આશા છે કે ગુજરાતના સંસ્કૃત વિદ્યા-જગત્માં આવી રીતના અન્ય તુલનાત્મક અભ્યાસો કરવા માટેનું થોડું-ઘણું માર્ગદર્શન આ પુસ્તકમાંથી મળી રહેશે.

આ પુસ્તકના પ્રકાશકશ્રી સ્વનામ-ધન્ય શ્રી અશ્વિનભાઈ બી. શાહનો અનેક કારણોથી આભાર મારે અને સંસ્કૃત-વિદ્યા જોડે સંકળાયેલા સૌ કોઈએ માનવો પડે એમ છે. કેમકે જે પુસ્તક પાઠ્યક્રમમાં ક્યાંય હોય નહીં, કે પાઠ્યક્રમમાં આવવાનું પણ ન હોય, તથાપિ પાણિનીય વ્યાકરણ જેવા વિષયનું પ્રકાશન કરવું તે માત્ર અને માત્ર તેઓની જ્ઞાન-સંરક્ષણની આર્ય સૂઝબૂઝને કારણે જ શક્ય છે. અન્યથા તેઓ અતિ-અલ્પસંખ્યાવાળા વાચક-વર્ગને માટે આવું પુસ્તક છાપવાનું સાહસ ન કરે. વળી, સંસ્કૃતજ્ઞોમાં પણ ભાગ્યે જ જોવા મળે તેવી ચીવટથી આ લેખોના લખાણનું પ્રૂફ-રીડિંગ પણ તેમણે જ કર્યું છે, જો તેમની આવી સાહાય્ય ન મળે તો આ પુસ્તક વાચકો સુધી ક્યારેય ન પહોંચે તે હકીકત છે. હું એક લેખક તરીકે મારા તરફથી અને સમગ્ર સંસ્કૃત વિદ્યાજગત્ તરફથી તેમનો અન્તઃકરણપૂર્વક આભાર માનું છું. તેમના પ્રત્યે મારી હાર્દિક શુભકામનાઓ વ્યક્ત કરું છું.

એ-૨, સુરભિ એપાર્ટમેન્ટ, સુભાષ સોસાયટી,
વિજય ક્રૉસ રોડ, નવરંગપરા,
અમદાવાદ-380 009.
મોબાઈલ : 94277 00064
ઈ-મેલ – v.k.bhatt53@gmail.com

– વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુક્રમણિકા

૧.	પાણિનીય વ્યાકરણમાં લાઘવસિદ્ધિ	૧-૨૫
૨.	વ્યાકરણ તન્ત્રમાં રૂપાખ્યાન પદ્ધતિ	૨૬-૪૯
૩.	પાણિનીય વ્યાકરણમાં જ્ઞાપકસિદ્ધ વચનો	૫૦-૬૬
૪.	યથોદેશ પક્ષ અને કાર્યકાલ પક્ષના ઉપલક્ષ્યમાં નાગેશનું પ્રદાન	૬૭-૮૨
૫.	પા. સૂ. ૧-૪-૩૬ અને ભટ્ટોજિ દીક્ષિતાદિ	૮૩-૮૬
૬.	સન્ધ્યક્ષરો-ए ओ ऐ અને औ વર્ણો-વિશે મહાભાષ્યમાં પ્રાપ્ત થતી વિચારણા	૮૭-૯૪
૭.	પરિભાષાસૂત્રોનું નિયમાર્થત્વ	૯૫-૧૦૧
૮.	પતંજલિના મતે 'પદાર્થ'નું સ્વરૂપ	૧૦૨-૧૧૦
૯.	સ્ફોટની સિદ્ધિ અને સ્વરૂપ	૧૧૧-૧૧૬
૧૦,	કર્મ-કારક	૧૧૭-૧૨૦
૧૧.	'પસ્પશાહ્નિક'નો વિવેચનાત્મક અભ્યાસ	૧૨૧-૧૬૪
૧૨.	समर्थः पदविधिः । ૨-૧-૧ સૂત્રનું અર્થઘટન	૧૬૫-૨૦૨
૧૩.	વર્ણસમામ્નાયમાં લૃકારોપદેશ	૨૦૩-૨૧૫
૧૪.	સ્વતન્ત્ર સ્વરિત—એક અભ્યાસ	૨૧૬-૨૩૧
૧૫.	પંડિતરાજ જગન્નાથ-કૃત 'પ્રૌઢમનોરમાકુચમર્દિની' ટીકાનો અભ્યાસ	૨૩૨-૨૫૧
૧૬.	વૈયાકરણ શ્રીહેમચન્દ્રાચાર્ય	૨૫૨-૨૭૯
૧૭.	સિદ્ધહેમ-શબ્દાનુશાસનના એકશેષ-પ્રકરણનો તુલનાત્મક અભ્યાસ	૨૮૦-૨૮૯
૧૮.	હેમચન્દ્રચાર્ય-નિર્દિષ્ટ વાકયવિન્યાસ પદ્ધતિનું વિશ્લેષણ	૨૯૦-૨૯૭
*	શ્રી હેમચન્દ્રાચાર્યે રચેલા વિવિધ ગ્રન્થોની યાદી	૨૯૭.
*	સન્દર્ભ - ગ્રન્થસૂચિ	૨૯૮

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

१. प्रमाणभूतआचार्यो दर्भपवित्रपाणिः शुचावकाशे
पाङ्मुख उपविश्य महता यस्नेन सूत्रं ।
प्रणयति स्म, तत्राशक्यं वर्णेनापि
अनर्थकेन भवितुं, किं पुनरियता सूत्रेण ॥

(१-१-१ महाभाष्यम्)

२. सामर्थ्ययोगान् न हि किञ्चिदस्मन् पश्यामि
शास्त्रे यदनर्थकं स्यात् ॥

(६-१-७७ महाभाष्यम्)

३. पाणिनिशब्दो लोके प्रकाशते ॥

(२-१-६ काशिका)

४. आकुमारं यशः पाणिनेः ॥

(१-४-८९ महाभाष्यम्)

५. सर्वविदपारिषदं हीदं शास्त्रम् ॥

(२-१-६८ महाभाष्यम्)

६. यच्छब्द आह तदस्माकं प्रमाणम् ॥

(२-१-१ महाभाष्यम्)

७. शोभना खलु पाणिनेः सूत्रस्य कृतिः ॥

(२-३-६६ महाभाष्यम्)

८. पाणिनीयं मह सुविहितम् ॥

(४-३-६६ महाभाष्यम्)

९. महती सूक्ष्मेक्षिका वर्तते सूत्रकारस्य ॥

(४-२-७४ महाभाष्यम्)

१०. पाणिनेराचार्यस्य सिद्धम् ॥

(८-३-६८ महाभाष्यम्)

११. तद् द्वारमपवर्गत्य वाङ्मलानां चिकित्सितम् ।
पवित्रं सर्वविद्यानाम् अधिविद्यं प्रकाशते ॥
इदमाद्यं पदस्थानं सिद्धिसोपानपर्वणाम् ।
इयं सा मोक्ष्यमाणानाम् अजिह्मा राजपद्धतिः ॥

(१-१४,१६ वाक्यपदीयम्)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ ॐ ॥

પાણિનીય વ્યાકરણ-વિમર્શ

કલા-૧

પાણિનીય વ્યાકરણમાં લાઘવસિદ્ધિ*

૦.૧ ભૂમિકા :

પાણિનિએ જે 'અષ્ટાધ્યાયી' (આઠ અધ્યાયવાળું) વ્યાકરણ રચ્યું છે, તેમાં એમણે વેદની ભાષા અને લોકની ભાષા એમ બન્નેનું 'વર્ણન' રજૂ કર્યું છે. જો કે અહીં સત્વરે ઉમેરવું જોઈએ કે પાણિનિએ પોતાના અષ્ટાધ્યાયી વ્યાકરણમાં સંસ્કૃત ભાષાનું 'વર્ણન' કરવા ઉપરાંત, એવી એક અસાધારણ યુક્તિ અજમાવી છે કે જેથી સંસ્કૃત ભાષાના અગણિત સાધુ શબ્દો/ઉક્તિઓ વ્યુત્પન્ન(ઉત્પન્ન) કરી શકાય છે. આમ પાણિનિએ સંસ્કૃત ભાષાનું Descriptive generative Grammar – "વર્ણનાત્મક તથા સાધુ શબ્દોત્પાદક" પ્રકારનું કહી શકાય એવું વ્યાકરણ રચ્યું છે.

*

આપણે જાણીએ છીએ તેમ અર્થ પ્રત્યાયન માટે મનુષ્યોએ લઘૂપાય તરીકે જ (સાર્થક) શબ્દોની સાંકેતિક વ્યવસ્થાને સ્વીકારી–વિકસાવી છે. તો તે વ્યવસ્થા (અર્થાત્ ભાષા)નું વર્ણન કરતું વ્યાકરણ પણ લાઘવપૂર્વક જ રચાવું જોઈએ એ સમજી શકાય એવું છે.

પાણિનિનું આ અષ્ટાધ્યાયી વ્યાકરણ ભણવાનાં પ્રયોજનોની ચર્ચા કરતી વખતે પતંજલિએ પણ લખ્યું છે કે रक्षोहागमलघ्वसंदेहाः प्रयोजनम् । (વ્યાકરણ મહાભાષ્યના પ્રથમ પસ્પશાહ્નિકનું એક વાર્તિક) અર્થાત્ ૧. વેદોની રક્ષા કરવા માટે ૨. ઊહ (=વેદમન્ત્રોમાં વિભક્તિ વિપરિણામ) કરતાં આવડે એટલા માટે ૩. વેદમાં પણ કહ્યું છે કે જે બ્રાહ્મણ હોય તેણે નિષ્કારણ (= 'નિત્યકર્મ'વત્) ષડંગ સહિત વેદ ભણવો-ભણાવવો જોઈએ એટલા માટે, ૪. લઘૂપાયથી ઘણા મોટા (સાધુ) શબ્દસમૂહને જાણી શકાય અને ૫. અસંદેહ (=સંદેહની પ્રાપ્તિ જ ના થાય) એટલા માટે પાણિનીય વ્યાકરણ ભણવું જોઈએ." આમાં, વ્યાકરણાધ્યયનનું જે ચોથું પ્રયોજન છે તે લાઘવપૂર્વક મોટામાં મોટા શબ્દસમૂહને જાણી શકાય/વ્યુત્પન્ન કરી શકાય એ છે. આ દૃષ્ટિએ, અહીં એ વિચારવાનું પ્રાપ્ત થાય છે કે પાણિનિએ કઈ અને કેવી યુક્તિઓ દ્વારા પોતાના (સાધુ શબ્દોત્પાદક) વ્યાકરણમાં લાઘવ સિદ્ધ કર્યું છે.

* સમ્બોધિ, લા.દ. પુરાતત્ત્વ વિદ્યા મન્દિર, અમદાવાદ, Vol. 14, Feb. 1990 (pp. 41-62).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧.૦ સૂત્રોને 'સ્વલ્પાક્ષર' બનાવવા માટેના ઉપાયો :

વેદની સંહિતાઓ મહદંશે પદ્યમાં રચાઈ/રજૂ થઈ છે. ત્યાર પછીના બ્રાહ્મણ-ગ્રંથોમાં ગદ્ય પ્રયોજાયું છે. પણ તે અતિ વિસ્તરણવાળું જોવા મળે છે. કાળક્રમે આ અતિ-વિસ્તરણની પ્રતિક્રિયા રૂપે સૂત્રશૈલીમાં શાસ્ત્રનિરૂપણ શરૂ થયું. ગદ્યમાં લખાયેલાં આ સૂત્રોમાં કેવા કેવા પ્રકારની ગુણવત્તા હોવી જોઈએ એ વિષે એક કારિકામાં લખ્યું છે કે –

स्वल्पाक्षरमसंदिग्धं सारवद् विश्वतोमुखम् ।
अस्तोभमनवद्यञ्च सूत्रं सूत्रविदो विदुः ॥ – कस्यापि

આમાં સૂત્રનું પહેલું લક્ષણ 'તે સ્વલ્પાક્ષર હોય છે' એમ બતાવવામાં આવેલ છે. આથી આપણે "પાણિનિનાં સૂત્રો કેવી રીતે 'સ્વલ્પાક્ષર' બનાવવામાં આવ્યાં છે ?" એની ચર્ચાથી શરૂઆત કરીશું :

૧.૧ ગણપાઠની રચના : પાણિનિએ પોતાના સમયમાં પ્રયોજાતી ભાષાનું સૂક્ષ્મેક્ષિકાથી અવલોકન કરીને, જે જે શબ્દો એકસરખી વ્યાકરણિક પ્રક્રિયાથી સાધી શકાય એવા હતા (– બીજા શબ્દોમાં કહીએ તો જે જે શબ્દોનાં રૂપો ચોક્કસ વિભક્તિવચનાદિમાં એકસરખાં સાંભળવા મળતાં હતાં) તે સૌને એકત્ર કરીને; પહેલાં તો તેમનો એક 'ગણ' (સમૂહ) બનાવી લીધો. જેમકે, પ્રથમા વિભક્તિમાં અકારાન્ત પુંલિંગનાં રૂપો रामः रामौ रामाः। થાય છે. પણ 'સર્વને માટે' વપરાતાં અકારાન્ત પુંલિંગ નામનાં પ્રથમા વિભક્તિમાં જે રૂપો થાય છે તે सर्वः सर्वौ सर्वे। એમ સાંભળવા મળે છે. આથી આ પ્રકારના શબ્દોને પાણિનિએ પહેલાં એકઠા કર્યા, તેનો એક ગણ બનાવ્યો. દા.ત. सर्व, विश्व, उभ, उभय, डतर, डतम, इतर, अन्य, अन्यतर, त्व, त्वद्, नेम, सम, सिम, पूर्व, पर, वर, दक्षिणो–त्तरा–परा–धराणि (व्यवस्थायामसंज्ञायाम् ।), स्वम् (अज्ञातिधनाख्यायाम्), अन्तरं (बहिर्योगोपसंख्यानयोः ।), त्यद्, तद्, यद्, एतद्, इदम्, अदस्, एक, द्वि, युष्मद्, अस्मद्, भवतु, किम् ॥ इति सर्वादिः ॥ આ પાંત્રીસ શબ્દોના સમૂહના આરંભે सर्व શબ્દ આવેલો છે તેથી તે શબ્દસમૂહને सर्वादिगण કહેવામાં આવ્યો છે. (અહીં બહુવ્રીહિ સમાસથી 'सर्वादि' શબ્દ બનેલો છે. આથી "સર્વ શબ્દ છે આદિમાં જેની" એવો એનો અર્થ થાય છે.)[૧] પાણિનિ ક્યારેક આવા ગણોના આરંભિક શબ્દની પાછળ आदि શબ્દ નહીં જોડતાં, प्रभृति શબ્દ પણ જોડે છે. દા.ત. गवाश्वप्रभृतीनि च । ૨–૪–૧૧ અથવા તો ક્યારેક आदि કે प्रभृति બેમાંથી એક પણ શબ્દ જોડાતા નથી. પણ તે તે ગણના પહેલા શબ્દને બહુવચનાન્ત લખે છે અને એ રીતે આખા ગણનો ઉલ્લેખ કરી દે છે. દા.ત. कडाराः कर्मधारये । ૨–૨–૩૮ આ कडारादि ગણમાં તેર શબ્દો આવેલા છે.

---

૧. 'सर्वादीनि' इति कोऽयं समासः । बहुव्रीहिरित्याह । कोऽस्य विग्रहः । सर्वशब्द आदिर्येषां तानि–इमानीति ॥ पा.सू. १–१–२७ इत्यत्र भाष्यम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હવે, પાણિનિ જ્યારે આ પ્રકારના શબ્દોને ઉદ્દેશીને કોઈક વિધિનું વિધાન કરે છે ત્યારે પોતાના સૂત્રમાં આ સર્વ, વિશ્વ, ઉભ ઇત્યાદિ પાંત્રીસેય શબ્દો લખીને પછી, "તેને અમુક વિધિ થાય છે એમ કહેતા નથી. જો એવું કરવામાં આવે તો સૂત્ર ખૂબ લાંબું બની જાય. આથી તેઓ માત્ર એટલું જ કહે છે કે "સર્વાદિ (સર્વ શબ્દ છે આદિમાં જેને એવા સર્વાદિ ગણમાં સંગૃહીત કરેલા શબ્દો)ને અમુક વિધિ થાય છે." પરિણામે તેવા સૂત્રનું કદ એકદમ નાનું બનીને ઊભું રહે છે. 'અષ્ટાધ્યાયી'ના પહેલા અધ્યાયમાં જ આ 'સર્વાદિ ગણ'નો જેમાં ઉપયોગ કર્યો છે તે સૂત્ર આ પ્રમાણે છે : सर्वादीनि सर्वनामानि । १-१-२७. આ સૂત્ર કહે છે કે સર્વાદિમાં ભણેલા/લખેલા પ્રત્યેક શબ્દની 'सर्वनाम' એવી સંજ્ઞા થાય છે. અહીં સૂત્રકારને પ્રસ્તુત (१-१-२७) સૂત્રમાં સર્વ, વિશ્વ, ઉભ ઇત્યાદિ પાંત્રીસેય શબ્દો લખવા પડ્યા નથી. કેવળ "સર્વાદિ શબ્દોની 'સર્વનામ' સંજ્ઞા થાય છે." એટલું જ કહેવું પડ્યું છે. હવે અધ્યેતાએ આ સર્વાદિ ગણમાં કયા કયા શબ્દોને સંગૃહીત કરવામાં આવ્યા છે ? તે અષ્ટાધ્યાયીને અંતે આપેલા ગણપાઠમાં જોઈ લેવાનું રહે છે. (વામનજયાદિત્ય જેવા વૃત્તિકારોએ તેમની કાશિકાવૃત્તિમાં આવા ગણપાઠની વિગતો (તે તે સૂત્રની વૃત્તિમાં જ) આપેલી હોય છે.)

જુદા જુદા ગણોનો ઉપયોગ કરીને જે સૂત્રો રચવામાં આવ્યાં છે, તેમાં બીજાં કેટલાંક ઉદાહરણો આ પ્રમાણે છે :

(क) स्वरादिनिपातमव्ययम् । १-१-३७
(ख) त्यदादीनि च । १-१-७४
(ग) गाङ्कुटादिभ्योऽञ्णिन्ङित् । १-२-१
(घ) अयस्मयादीनि च्छन्दसि । १-४-२०
(ङ) श्रेण्यादयः कृतादिभिः । २-१-५९
(च) गर्गादिभ्यो यञ् । ४-१-१०५
(ज) प्रज्ञादिभ्यश्च । ५-४-३८
(झ) द्वारादीनां च । ७-३-४

વળી વાર્ત્તિકકારે પોતાનાં અનુક્તાદિ ચિંતાપ્રવર્તક વાર્ત્તિકોમાં પણ કેટલાક ગણોનો ઉપયોગ કર્યો છે. દા. ત. ૮-૪-૧૦ સૂત્ર ઉપરના વાર્ત્તિકમાં તેઓ લખે છે કે वा प्रकरणे गिरिनद्यादीनां वोपसंख्यानम् । તથા ૮-૨-૭૦ સૂત્ર ઉપરના વાર્ત્તિકમાં अहरादीनां पत्यादिषूपसंख्यानम् । એમ એકી સાથે બે ગણોનો નિર્દેશ છે. આમ પાણિનીય વ્યાકરણમાં ઉપયોગમાં લેવામાં આવેલા કુલ ગુણોની સંખ્યા ૨૫૮ જેટલી થાય છે.[૧]

૧. सिद्धान्तकौमुदी, (सं. वासुदेव शर्मा पणशीकर, निर्णयसागर प्रेस, मुंबई, सन १९२९)માં પરિશિષ્ટ રૂપે આ ગણપાઠ છપાયેલો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ સૌ सर्वादि, स्वरादि વગેરે ગણોને બે પ્રકારમાં વહેંચી શકાય છે : (क) આકૃતિગણ અને (ख) નિયતગણ. આકૃતિગણ એટલે એવો ગણ કે જેમાં શબ્દોની સંજ્ઞા નિશ્ચિત–પરિગણિત હોતી નથી. પણ તે ગણમાં ઉદાહરણ તરીકે નોંધેલા શબ્દોના જેવા આકારવાળા બીજા જે કોઈ શબ્દો અન્યત્ર ક્યાંય પણ કે ભવિષ્યમાં જોવા મળે તો તેવા શબ્દોનો પણ આ 'આકૃતિગણ'માં સમાવેશ કરી લેવાનો હોય છે. બીજી બાજુ, જે નિયત ગણ હોય છે તેમાં જે પરિગણિત શબ્દો હોય છે, તેનો જ સ્વીકાર કરવાનો હોય છે; તે સિવાયના કોઈ પણ શબ્દોનો નહીં.[1]

૧.૨ ધાતુપાઠની રચના : પાણિનિએ સંસ્કૃત ભાષામાં વપરાતાં ક્રિયાપદોનો વિગતે અભ્યાસ કર્યા પછી, જે જે ધાતુઓને એકસરખા વિકરણ (અંગસાધક) પ્રત્યયો લગાવવાથી જે દશ પ્રકારનાં ક્રિયાપદો સાધી શકાતાં હતાં, તેમના જુદા જુદા દશ સમૂહો પહેલાં બનાવી લીધા છે. આ દરેક સમૂહને આરંભે જે પહેલો ધાતુ આવેલો/મૂકેલો હોય તેને आदि શબ્દ જોડીને भ्वादि, अदादि ઇત્યાદિ દશ ગણના ધાતુઓનાં નામ પાડ્યાં છે.[2]

આમ એકસરખા વિકરણ પ્રત્યયો લાગીને તથા એકસરખી ગુણ, વૃદ્ધિ, અભ્યાસ આદિ-ની પ્રક્રિયામાંથી પસાર થતા હોય તેવા ધાતુઓનો શૃંગગ્રાહિક-

---

૧. અમુક ગણ તે 'આકૃતિગણ' છે એમ જણાવવા ક્યારેક સૂત્રકારે તેવાં સૂત્રોમાં ચકારનો સંનિવેશ કર્યો હોય છે. દા.ત. प्रवृद्धादीनां च । ૬–૨–૧૪૭. આ સૂત્ર ઉપરની 'કાશિકાવૃત્તિ'માં લખ્યું છે કે आकृतिगणश्च प्रवृद्धादिर्द्रष्टव्यः ॥ હવે આને સમજાવતાં ન્યાસકાર લખે છે કે – आकृतिगणतां तस्य सूचयितुम् अनुक्तसमुच्चयार्थस्य 'च' कारस्येह करणात् । (न्यासः पृ. १३९) અથવા ભાષ્યકારે નક્કી કરી આપ્યું હોય છે કે અમુક ગણ આકૃતિગણ છે (જુઓ ૨-૧-૫૯ સૂત્રભાષ્ય). જે નિયત ગણ હોય છે તેના અંતે वृत् એવો શબ્દ જોડ્યો હોય છે. પાણિનિએ ઉપયોગમાં લીધેલા ગણપાઠનું કર્તૃત્વ વિવાદાસ્પદ છે.

૨. આ દરેક ગણનાં નામ અને ધાતુઓની સંખ્યા નીચે મુજબ છે :

(१) भ्वादि – १०३५ – (भू + शप् > अ + ति) = भवति ।
(२) अदादि – ०७२ – (अद् + शप् > ० + ति) = अत्ति ।
(३) जुहोत्यादि – ०२४ – (हु + ० + ति, हुहु > जुहु + ति) = जुहोति ।
(४) दिवादि – १४० – दिव् + श्यन् > य + तिं = दीव्यति ।
(५) स्वादि – ०३५ – (सु + नु + ति) – सुनोति ।
(६) तुदादि – १५७ – (तुद् + श > अ + ति) – तुदति ।
(७) रुधादि – ०२५ – (रुध् + श्नम् > न + ति) – रुणद्धि ।
(८) तनादि – ०१० – (तन् + उ + ति) – तनोति ।
(९) क्र्यादि – ०६१ – (क्री + श्ना > ना + ति) – क्रीणाति ।
(१०) चुरादि – ४११ – (चुर् + णिच् > अय + ति) – चोरयति ।
કુળ ૧૯૭૦

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ન્યાયે સૂત્રોમાં ઉલ્લેખ કરવો પડતો નથી. કેવળ એટલું જ કહેવું પડે છે કે– अदिप्रभृतिभ्यः शपः (लुक्)। ૨-૪-૭૨ "√अद् વગેરે ધાતુઓની પરમાં આવેલા शप् વિકરણ પ્રત્યયનો लुक् થાય છે." એટલે કે અહીં अदिप्रभृतिभ्यः = 'अद् વગેરે ધાતુઓની પરમાં' એમ કહ્યા પછી તે ગણના ૭૨ ધાતુઓનો વ્યક્તિશઃ નિર્દેશ કરવો પડતો નથી. એ રીતે સૂત્રરચનામાં લાઘવ સિદ્ધ થાય છે. આ રીતે સંસ્કૃત ક્રિયાપદોની રૂપસિદ્ધિ વર્ણવતાં સૂત્રોમાં લાઘવ સિદ્ધ કરવા માટે, પહેલાં તો ('ગણપાઠ'ની જેમ જ) 'ધાતુપાઠ'ની પણ રચના કરી લીધી છે.[1]

***

પાણિનિએ ધાતુઓના જે દશ ગણ બનાવ્યા છે તેમાં ધાતુઓનું પરિગણન કરતી વખતે તે દરેક ધાતુઓને કોઈકને કોઈ અનુબન્ધ જોડ્યો છે. દા. ત. कृ करणे ધાતુને डु અને ञ् એવા બે અનુબન્ધો આગળ-પાછળ લગાવીને "डुकृञ् करणे" એમ દર્શાવ્યો છે. આ અનુબન્ધો પણ પાણિનિએ લાઘવ સિદ્ધ કરવા માટે જ જોડ્યા છે. એની ચર્ચા ૧.૪.૨માં કરવામાં આવી છે.

વળી, એ પણ ધ્યાનપાત્ર છે કે પાણિનિના ધાતુપાઠમાં જે તે ધાતુથી અભિવ્યક્ત થતા અર્થનો પણ નિર્દેશ કરી દેવામાં આવ્યો છે. દા.ત. भू सत्तायाम्। एध वृद्धौ । तनु विस्तारे । વગેરે. આમ તેમણે અર્થનિર્દેશ પુરસ્સરનો ધાતુપાઠ રજૂ કર્યો હોઈને, આ ધાતુઓ ઉપરથી ક્રિયાપદોની રૂપસિદ્ધિ વર્ણવતી વખતે પાણિનિને ધાતુઓનો અર્થનિર્દેશ કરવાનો રહેતો નથી.

૧.૩ અનુવૃત્તિની પ્રયુક્તિ : લાઘવસિદ્ધિમાં ઉપકારક એવાં બે અંગો—ગણપાઠ અને ધાતુપાઠ—ની પહેલાં રચના કરી લીધા પછી; પાણિનિએ વ્યાકરણનાં સૂત્રો રચવાની શરૂઆત કરી છે. આ સૂત્રોને રચતી વખતે તેમણે એ વાત ઉપર ખાસ ધ્યાન આપ્યું છે કે જે એક વિષયનું નિરૂપણ શરૂ કર્યું હોય, તેનું એક જ સ્થળે નિરૂપણ થઈ જાય. દા. ત. અષ્ટાધ્યાયી વ્યાકરણના બીજા અધ્યાયના ત્રીજા પાદમાં નામ-પ્રાતિપદિક-ને લાગતા વિભક્તિ પ્રત્યયોનું વિધાન શરૂ કર્યું છે. તેમાં ૨-૩-૧૮મા સૂત્રથી તૃતીયા વિભક્તિનું વિધાન શરૂ કર્યું છે. અહીં આ સૂત્રકારે પ્રકરણસંગતિને ધ્યાનમાં રાખીને, તેના (૨-૩-૧૮ના) અનુગામિ સૂત્રોમાં પણ એવા સંદર્ભો એકત્ર કરીને મૂક્યા છે કે જે તૃતીયા વિભક્તિના પ્રત્યયોથી જ વ્યક્ત થતા હોય. હવે ૨-૩-૧૮મા સૂત્રમાં એકવાર તૃતીયા પદ લખ્યા પછી અનુગામિ

૧. ગણપાઠ અને ધાતુપાઠ વિશે વિશેષ જિજ્ઞાસા હોય તો "પાણિનીય સંસ્કૃત વ્યાકરણ શાસ્ત્ર પરંપરાનો ઇતિહાસ", (લેખક જ.મો. શુક્લ. યુનિવર્સિટી ગ્રન્થનિર્માણ બોર્ડ અમદાવાદ, ૧૯૭૫) પુસ્તકના પૃ. ૧૧૭ થી ૧૪૩ જોવાં.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સૂત્રો(૧૯થીર૩ સુધી)માં પણ તે પદ તે પદ અનુવૃતિથી જશે એમ તેમણે સ્વીકાર્યું છે. પરિણામે ૧૯ થી ૨૩મા સૂત્રમાં તેમણે ફરી ફરીને તૃતીયા (भवति) એ પદોનો સંનિવેશ કરવો પડતો નથી. અધ્યેતાઓએ સમજી લેવાનું રહે છે કે તૃતીયા (भवति) એ પદ હવે નીચે નીચેનાં સૂત્રોમાં ઊતરી (અનુવૃત્ત થઈ) આવે છે. જેમકે :

(१) कर्तृकरणयोस्तृतीया । पा. सू. २-३-१८
(२) सहयुक्तेऽप्रधाने । १९
(३) येनाङ्गविकारः । २०
(४) इत्थंभूतलक्षणे । २१
(५) संज्ञोऽन्यतरस्यां कर्मणि । २२
(६) हेतौ । २३

***

અહીં ૧૯થી ૨૩ સૂત્રોમાં તૃતીયા પદની અનુવૃત્તિ થાય છે એમ માન્યા પછી, તે પદને ઉત્તર ઉત્તર સૂત્રોમાં લખવાની જરૂર રહેતી નથી. આમ અનુવૃત્તિની પ્રયુક્તિથી પણ પાણિનિને પોતાનાં સૂત્રોમાં ઘણાં પદોની પુનરુક્તિ કરવાની રહેતી નથી, અને એ રીતે ઉત્તર ઉત્તર સૂત્રોમાં લાઘવ સિદ્ધ થતું આવે છે.

સૂત્રોમાં સ્વીકારેલી આ અનુવૃત્તિ બે પ્રકારની હોય છે : (क) ધારાવાહી અનુવૃત્તિ અને (ख) મંડૂકપ્લુતિ અનુવૃત્તિ. જ્યારે કોઈ એક સૂત્રમાંના પદ (કે પદો)ની અનુવૃત્તિ અવિચ્છિન્નપણે અનુગામિ સૂત્રોમાં જતી હોય ત્યારે તેને 'ધારાવાહી અનુવૃત્તિ' કહેવાય છે. (પૂર્વોક્ત ઉદાહરણ આ પહેલા પ્રકારની અનુવૃત્તિનાં છે). બીજી તરફ 'મંડૂકપ્લુતિ' એટલે જેમ દેડકો કૂદકા મારતો મારતો આગળ વધે છે, તેની જેમ જ્યારે કોઈ એક સૂત્રમાંના પદ (કે પદો)ની અનુવૃત્તિ (અનુગામિ તમામ સૂત્રોમાં અવિચ્છિન્નપણે નહીં થતાં), અમુક સૂત્રોને છોડીને દૂરના કોઈ એકાદ અનુગામિ સૂત્રમાં જાય છે ત્યારે તેને 'મંડૂકપ્લુતિ અનુવૃત્તિ' કહેવામાં આવે છે.[1] દા.ત.,

परिक्रयणे सम्प्रदानम् अन्यतरस्याम् । १-४-४४
आधारोऽधिकरणम् । १-४-४५
अधिशीङ्स्थासां कर्म । १-४-४६
अभिनिविशश्च (अन्यतरस्याम्) । १-४-४७

અહીં ૧-૪-૪૪મા સૂત્રમાં લખેલા अन्यतरस्याम् (= વિકલ્પે) પદની અનુવૃત્તિ

---

१. अथवा मण्डूकगतयोऽधिकाराः । यथा मण्डूका उत्प्लुत्योत्प्लुप्य गच्छन्ति तद्वदधिकाराः ॥ १-१-३ वा०. २ एवं २-३-३२ इत्यत्र भाष्यम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧-૪-૪૫ અને ૪૬મા આવતી નથી; પણ ૧-૪-૪૭ મા સૂત્રમાં આવે છે. આને 'મંડૂકપ્લુતિ અનુવૃત્તિ' કહે છે.

પાણિનિએ ક્યારેક પોતાનાં સૂત્રોમાં ચકારનો ઉપન્યાસ કરીને તે સૂત્રના પુરોગામિ સૂત્રોમાંથી અમુક પદ (કે પદો)ની અનુવૃત્તિ નીચે ખેંચી છે. જેવી રીતે દોરડાથી કે લોખંડની સાંકળથી બાંધેલું લાકડું ખેંચી લાવવામાં આવે છે, તેવી રીતે અનુગામિ સૂત્રમાં લખેલા'ચકારથી પણ પુરોગામિ સૂત્રમાંથી અમુક પદની અનુવૃત્તિ ખેંચી લાવવામાં આવે છે.[1] દા.ત.,

कर्तुरीप्सिततमं कर्म । १-४-४९

तथायुक्तं चानीप्सितम् । १-४-५०

अकथितञ्च । १-४-५१

અહીં ૫૦-૫૧ સૂત્રોક્ત ચકારથી પૂર્વસૂત્ર ૪૯ માંથી कर्म પદની અનુવૃત્તિ નીચેના (૫૦-૫૧ માં) સૂત્રમાં ખેંચવામાં આવી છે. અહીં એક વિશેષ મુદ્દો પણ નોંધપાત્ર છે : चानुकृष्टम् नोत्तरत्र । परिभाषेन्दुशेखरः, (परि० ७८) અર્થાત્ 'च'થી ખેંચવામાં આવેલી અનુવૃત્તિ તેના (અનુગામિ એક સૂત્રમાં જઈ શકે છે, પણ) ઉત્તરોત્તર બીજાં સૂત્રોમાં જઈ શકતી નથી." એવું પરિભાષાવચન પણ છે. આથી સૂચવાય છે કે 'च'થી ખેંચવામાં આવેલી અનુવૃત્તિ પૂર્વોક્ત બે પ્રકારની— ધારાવાહી અને મંડૂકપ્લુતિ પ્રકારની— અનુવૃત્તિ કરતાં જુદા પ્રકારની છે.[2]

ક્યારેક અનુગામિ સૂત્રમાંના અમુક પદ પુરોગામિ સૂત્રોમાં પણ (ઊર્ધ્વ) ગતિ કરે છે ! તેને 'અપકર્ષ' (પ્રકારની અનુવૃત્તિ) કહેવામાં આવે છે.[3]

---

૧. (अधिकारो नाम त्रिप्रकारः । कश्चिदेकदेशस्थः सर्वं शास्त्रमभिज्वलयति, यथा प्रदीपः सुप्रज्वलितः सर्वं वेश्माभिज्वलयति ।) अपरोऽधिकारो यथा रज्ज्वायसा वा बद्धं काष्टमनुकृष्यते तद्वदनुकृष्यते चकारेण । (अपरोऽधिकारः प्रतियोगं तस्यानिर्देशार्थ इति योगे योग उपतिष्ठते ॥ षष्ठी स्थानेयोगा । १-१-४९ इत्यत्र भाष्यम् ॥

૨. અષ્ટાધ્યાયીનાં સૂત્રોમાં ચકાર શું ભાગ ભજવે છે? એની વિસ્તૃત ચર્ચા માટે જુઓ :

The Role of the particle ca (च) in the interpretation of the Aṣṭādhytāyī by S. D. Joshi and Saroja Bhate, Univ. of Poona, Pune, 1983.

આ અભ્યાસના નિષ્કર્ષ રૂપે તેમણે જણાવ્યું છે કે— અષ્ટાધ્યાયીમાં કુલ ૮૩૫ વાર ચકારનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તેમાંથી ૪૫૫ ચકાર ઉપયોગી છે અને ૩૮૦ વખત વપરાયેલો ચકાર નિરર્થક છે.

૩. अपकर्ष : Drawing back a word or words from a succeeding rule of grammar to the preceding one – A Dictionary of Sanskrit Grammar (p. 32).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ભાષ્યકાર પતંજલિએ ૨-૨-૮ સૂત્ર ઉપરના ભાષ્યમાં લખ્યું છે કે ...वक्ष्यति तस्यायं पुरस्तादपकर्षः ।) દા.ત.

(૧) सप्तम्यास्त्रल् । ५-३-१०

(૨) इदमो हः । ११

(૩) किमोऽत् । १२ અને

(૪) वा ह च छन्दसि । १३

અહીં ૧૩મા સૂત્રનું वा પદ, તેના પુરોગામિ ૧૨ મા સૂત્રમાં ઊર્ધ્વગતિ કરે છે. ૫-૩-૧૨ સૂત્ર ઉપરની કાશિકાવૃત્તિમાં લખ્યું છે કે – किमः सप्तम्यन्तादत् प्रत्ययो भवति । त्रलोऽपवादः । क्व भोक्ष्यसे । क्वाध्येष्यसे। त्रलमपि केचिदिच्छन्ति-कुत्र । तत् कथम् ?. उत्तरसूत्राद् वावचनं पुरस्तादपकृष्यते ॥)

આ ચતુર્વિધ અનુવૃત્તિમાંથી ચકારથી પ્રાપ્ત થતી અનુવૃત્તિને બાદ કરતાં બાકીની ત્રણ પ્રકારની અનુવૃત્તિને વર્ણવતો એક શ્લોક આ પ્રમાણે સાંભળવા મળે છે :

सिंहावलोकितं चैव, मण्डूकप्लुतमेव च ।
गङ्गाप्रवाहवच्चाप्यधिकारास्त्रिधा मताः ॥

'અપકર્ષ'થી પ્રાપ્ત થતી અનુવૃત્તિ તે સિંહાવલોકન પ્રકારની છે; દેડકાના કૂદકાની જેમ જે અનુવૃત્તિ થાય તેને 'મંડુકપ્લુતિ કહે' છે; તથા જે અનુવૃત્તિ ગંગાના જલપ્રવાહની જેમ અનુગામિ સૂત્રોમાં જતી હોય તેને ધારાવાહી પ્રકારની અનુવૃત્તિ જાણવી.

*

અનુવૃત્તિની ચર્ચાના અનુસન્ધાનમાં 'અધિકાર' પ્રકારનાં સૂત્રોનો પણ વિચાર કરવો જોઈએ. કારણ કે પાણિનિએ પોતાની 'અષ્ટાધ્યાયી'માં જે છ પ્રકારનાં[1] સૂત્રો પ્રયોજ્યાં છે, તેમાંથી આ 'અધિકાર' પ્રકારનાં સૂત્રોથી પણ, પાણિનિના મનમાં લાઘવ સિદ્ધ કરવાનો જ આશય રહેલો છે. પાણિનિ એક પરિભાષાસૂત્રમાં જણાવે છે કે– स्वरितेनाधिकारः । १-३-११. 'જે સૂત્ર ઉપર સ્વરિત સ્વરની' નિશાની કરી હોય તે સૂત્રનો અધિકાર શરૂ થાય છે એમ જાણવું." આવું અધિકારસૂત્ર ઉત્તર ઉત્તર (અનુગામિ) સૂત્રોમાં (ક્યારેક

૧. संज्ञा च परिभाषा च विधिर्नियम एव च ।
अतिदेशोऽधिकारश्च षड्विधं सूत्रमुच्यते ॥ – कस्यापि

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આખા પાદ કે અધ્યાયના અન્ત સુધી) અનુવૃત્ત થાય છે એમ જાણવું.[1] ભાષ્યકાર કહે છે કે (સ્વરિતની નિશાનીથી શરૂ થતો) અધિકાર એટલા માટે દર્શાવવામાં આવ્યો છે કે જેથી તે (અધિકાર) સૂત્ર અનુગામિ સૂત્રોમાં ફરી ફરીને નિર્દેશ ના કરવો પડે; ઉલટાનું તે (અધિકાર) સૂત્રમાંનાં પદોનો અનુગામિ દરેક સૂત્રમાં અનુવૃત્ત થઈને ઉપસ્થિત થાય છે.[2] દા.ત. अनभिहिते । ૨-૩-૧ સૂત્રનો અધિકાર ૨-૩-૨ થી ૨-૩-૭૨ સુધીનાં (જરૂરી) તમામ સૂત્રોમાં અનુવૃત્ત થાય છે. તથા अङ्गस्य ૬-૪-૧ આ સૂત્રનો અધિકાર છેક સાતમા અધ્યાયના અન્ત સુધી જાય છે. આથી વચગાળાના કોઈ જ સૂત્રમાં अङ्गस्य એવા પદને ફરી ફરીને લખવું પડતું નથી. આમ અધિકાર સૂત્રોથી પણ નોંધપાત્ર લાઘવ સિદ્ધ થઈ શક્યું છે; અને અષ્ટાધ્યાયીનાં સૂત્રોને 'સ્વલ્પાક્ષર' બનાવી શકાયાં છે.

૧.૪ इत् સંજ્ઞક અનુબન્ધોના પ્રયોગથી લાઘવસિદ્ધિ :

૧.૪.૧ પ્રત્યાહારની પ્રયુક્તિ : પાણિનિએ અષ્ટાધ્યાયીના આરંભે 'વર્ણસમામ્નાય'—૧૪ માહેશ્વર સૂત્રો—ને રજૂ કરેલ છે.[3] આ સૂત્રોમાં સંસ્કૃત ભાષાના સ્વરો અને વ્યંજનોને વિશિષ્ટ રીતે ગોઠવ્યા છે. ઉપલક દૃષ્ટિએ જોઈએ તો વર્ણોની અનુક્રમિકતા યાદચ્છિક (arbitrary) લાગે છે; આડીઅવળી લાગે છે. પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં જણાય છે કે બહુ વિચાર કરીને વર્ણોને એક ચોક્કસ ક્રમમાં રજૂ કરવામાં આવ્યા છે. જેમ કે, સૌથી પહેલાં સ્વરો, પછી અન્તઃસ્થ વર્ણો— અર્ધસ્વર, અનુનાસિક ઘોષ વ્યંજનો, (અનનુનાસિક) ઘોષ વ્યંજન, (અનનુનાસિક) અઘોષ વ્યંજન અને છેલ્લે ઊષ્માક્ષરોને ગોઠવ્યા છે. (વ્યંજનોમાં સૌથી પહેલાં દરેક—क વગેરે—વર્ગોના પંચમ વર્ણો, પછી ચતુર્થ, તૃતીય, દ્વિતીય અને પ્રથમ વર્ણોને મૂક્યા છે.) આમ સ્વર-વ્યંજનાદિને તર્કપુરસ્સર ગોઠવ્યા છે. આ 'વર્ણસમામ્નાય' કેવળ સ્વરવ્યંજનોની ઓળખ કરાવવા માટે જ રજૂ થયેલ નથી. તેનું શાસ્ત્રગત કોઈક—લાઘવસિદ્ધિ જેવું— પ્રયોજન પણ છે. આથી આ વર્ણોને ૧૪ સૂત્રોમાં વિભક્ત કરીને રજૂ કરતી વખતે તેમાં કેટલાક અનુબન્ધ વર્ણોનો પણ ઉપયોગ કર્યો છે. જેમકે, अइउण् । ऋऌक् । एओङ् । વગેરે. અહીં

૧. स्वरितेनाधिकारः । १-३-११ स्वरितेनेति इत्थंभूतलक्षणे तृतीया । स्वरितो नाम स्वरविशेषो वर्णधर्मः, तेन चिह्नेनाधिकारो वेदितव्यः । अधिकारो विनियोगः । स्वरितगुणयुक्तं शब्दरूपमधिकृतत्वादुत्तरत्रोपतिष्ठते ॥ — काशिकावृत्तिः, पृ. ४६

૨. अधिकारः प्रतियोगं तस्यानिर्देशार्थ इति योगे योग उपतिष्ठते २-१-१ इत्यत्र सूत्रभाष्यम् ॥

૩. अइउण् । १. ऋऌक् २. एओङ् । ऐ औच् । ४. हयवरट् । ५. लण् । ६. ञमङ्णनम् । ७. झभञ् । ८. घढधष् । ९. जबगडदश् । १०. खफछठथचटतव् । ११. कपय् । १२. शषसर् । १३. हल् । १४. इति माहेश्वराणि सूत्राणि ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દરેક સૂત્રોને અન્તે જોડેલા ण् क् ङ् વગેરે વ્યંજનોને 'અનુબન્ધ' કહે છે. આ અનુબન્ધોની મદદથી પાણિનિએ એક યુક્તિ રચી છે. દા.ત. કોઈક વ્યાકરણવિધિ अ इ उ એવા ત્રણ સ્વરોને કરવી હોય તો પાણિનિએ પોતાના સૂત્રમાં તે દરેકનો ઉલ્લેખ કરવો પડે. પરંતુ પાણિનિ કહે છે કે (अइउण् સૂત્રમાંથી) એક अ કારને આદિ અક્ષર તરીકે લઈએ અને તેને એક અનુબન્ધ રૂપે આવેલો વર્ણ—દા.ત. ण् વ્યંજન જોડીશું તો अण् એવી એક લાઘવયુક્ત સંજ્ઞા બની જશે.[1] એ વાપરવાથી अइउ એ ત્રણે સ્વરો સમજી શકાશે. આમ ત્રણેય સ્વરોનો જુદો જુદો ઉલ્લેખ કરવાને બદલે अण् એવા બે જ વર્ણો વાપરવા. એ જ પ્રમાણે अ[1] इ[2] उ[3] ण् । ऋ[4] लृ[5] क् । ए[6] ओ[7] ङ् । ऐ[8] औ[9] च् । એ સૂત્રોમાંથી એક અક્ષર-अ કારને આદિ અક્ષર તરીકે લઈને, તેને ऐऔच् । સૂત્રનો च् કાર જોડી દઈશું તો अच् એવી ટચુકડી સંજ્ઞા બનશે. આ अच् સંજ્ઞા વાપરવાથી, अથી શરૂ કરીને च् સુધી જતાં, વચ્ચે આવેલા બધા સ્વરોનો બોધ થશે. આમ ૯ સ્વરોને ટૂંકમાં अच् બોલીને રજૂ કરી શકાય છે. એવી જ રીતે हल् કહેવાથી બધા વ્યંજનોનો પણ ટૂંકમાં નિર્દેશ કરી શકાય. આ લાઘવ સિદ્ધ કરી આપનારી પ્રયુક્તિને "પ્રત્યાહાર"[2] નામ આપવામાં આવ્યું છે. પાણિનિએ વર્ણસમામ્નાયનો ઉપયોગ કરીને તેમાંથી કુલ ૪૪ પ્રત્યાહારોની રચના કરી છે. તદુપરાંત, પરસ્મૈપદી અને આત્મનેપદી ધાતુઓને લાગતાં (ति तस् अन्ति વગેરે) ૧૮ પ્રત્યયોને ટૂંકમાં રજૂ કરવા तिङ् પ્રત્યાહાર બનાવ્યો છે.[3] અને (रामः रामौ रामाः જેવાં રૂપો) બનાવવા માટે) નામ-પ્રાતિપદિક-ને લાગતાં (सु औ जस् વગેરે) ૨૧ પ્રત્યયોને રજૂ કરવા માટે सुप् પ્રત્યાહાર બનાવ્યો છે.[4] આવી જ રીતે અમુક ધાતુઓના સમૂહને લાઘવથી નિર્દેશવા માટે તેમણે वृञ्, तृन् જેવા પ્રત્યાહારો પણ બનાવ્યા છે.

હવે આ अइउण् । ઇત્યાદિ ૧૪ માહેશ્વર સૂત્રોમાં અનુબન્ધોનો પ્રયોગ કરીને પાણિનિએ પોતાના સન્ધિ વગેરેનું વિધાન કરતાં સૂત્રોમાં કેવી રીતે સ્વલ્પાક્ષરત્વ સાધ્યું છે? એ સોદાહરણ સમજીશું : इको यणचि । ૬–૧–૭૭ સૂત્રથી કહ્યું છે કે — अच् થી અવ્યવહિત પૂર્વમાં આવેલા इक्ના સ્થાનમાં यण् આદેશ થાય છે." અહીં પાણિનિએ ત્રણ પ્રત્યાહારોનો વિનિયોગ કરીને એક પ્રકારના સન્ધિને વર્ણવ્યો છે. જેમકે,

૧. પ્રત્યાહાર બનાવનારું સૂત્ર : आदिरन्त्येन सहेता । १–१–७१ अन्त्येन इता सहित आदिः मध्यगानां स्वस्य च संज्ञा स्यात् । सिद्धान्तकौमुदी (पृ. २)

૨. प्रत्याह्रियन्ते समाह्रियन्ते वर्णा अनेनेति प्रत्याहारः ।

૩. स्वौजसमौट्छष्टाभ्यां भिस्ङेभ्याम्भ्यस्ङसिभ्यांभ्यस्ङसोसाम्ङ्योस्सुप् । ४–१–२.

૪. तिप्तस् झिसिप्थस्थमिप्वस्मस्तातांझथासाथांध्वमिड्वहिमहिङ् । ३–४–७८.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧. (નિમિત્ત) अच् = (સવર્ણ ભેદો સહિતના) अ इ उ ऋ लृ ए ओ ऐ औ જેવા ૯ સ્વરો.

૨. (સ્થાનિન્) इक् = इ उ ऋ અને लृ (આ ૪ સ્વરોના સ્થાનમાં), અને

૩. (આદેશ यण् = य् व् र् ल् ।) (એ ૪ વર્ણો અનુક્રમે આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે.) દા. ત., सुधी + उपास्यः । उ (अच्)થી પૂર્વમાં આવેલા ई ના સ્થાનમાં य् આદેશ થાય છે : सुध्य् + उपास्यः = सुध्युपास्यः । આમ જો અનુબન્ધોની મદદથી अच्, इक्, यण् વગેરે પ્રત્યાહારો ન બનાવ્યા હોત તો નિમિત્તભૂત ૯ સ્વરો, સ્થાનિભૂત ૪ સ્વરો અને આદેશભૂત ૪ વર્ણોનો વ્યક્તિશઃ નિર્દેશ કરતું લાંબું સૂત્ર બનાવવું પડ્યું હોત.

૧:૪.૨. इत् સંજ્ઞક અનુબન્ધોનું પ્રયોજનાન્તર :

પાણિનિએ જેમ अइउण् । વગેરે ચૌદ માહેશ્વર સૂત્રોમાં ण् क् ङ् ઇત્યાદિ અનુબન્ધ વર્ણો જોડ્યા છે; તેમ (क) ધાતુપાઠમાં જે જે ધાતુઓનો ઉલ્લેખ કર્યો છે, તથા (ख) અષ્ટાધ્યાયીમાં જ્યાં જ્યાં આગમ, પ્રત્યયાદિનું વિધાન કર્યું છે ત્યાં ત્યાં મહદંશે તે દરેકને કોઈકને કોઈક અનુબન્ધ જોડીને નિર્દેશ કર્યો છે. દા. ત. राम શબ્દનું ષષ્ઠી વિભક્તિ બહુવચનમાં રૂપ બનાવતી વખતે "अजन्त (= अ કારાન્ત) અંગને, आम् પ્રત્યય પરમાં રહેતાં नुट् આગમ થાય છે." એમ ह्रस्वनद्यापो नुट् । ७-१-५४ સૂત્રથી કહ્યું છે. આ नुट् આગમમાંના ट्કાર અને उકારની इत् સંજ્ઞા થાય છે; इत् સંજ્ઞા થયા પછી તેનો લોપ (= અદર્શન) કરવાનો હોય છે. એ જ પ્રમાણે, પ્રાતિપદિક (= નામ)ને લાગતાં ૨૧ (सु औ जस् ઇત્યાદિ) પ્રત્યયોમાં પણ ક્યાંક ક્યાંક અનુબન્ધ વર્ણો જોડ્યાં છે. દા.ત. પ્રથમા વિભક્તિ બહુવચનના जस् પ્રત્યયમાં ज्કારને અનુબન્ધ રૂપે જોડ્યો છે; અને તેની इत् સંજ્ઞા કરીને; અન્તે તેનું પણ અદર્શન (=લોપ) જાહેર કરવાનું હોય છે.[1] (राम + जस् > राम + अस् પૂર્વ સવર્ણ દીર્ઘ થઈને रामास् > रामार् > रामाः ।।) આમ સૂત્રકાર પાણિનિએ આગમ-પ્રત્યયાદિનો સાનુબન્ધ નિર્દેશ કરીને; પાછળથી રૂપ-સિદ્ધિની પ્રક્રિયા દરમિયાન, તેની इत् સંજ્ઞા કરીને, તેનો લોપ કરવો એમ જ

---

૧. આગમો અને પ્રત્યયાદિમાં જોડેલા જુદા જુદા અનુબન્ધોની इत् સંજ્ઞા જાહેર કરનારાં સૂત્રો આ પ્રમાણે છે –

(१) उपदेशेऽजनुनासिक इत् । १-३-२, (२) हलन्त्यम् । ३, (३) न विभक्तौ तुस्माः । ४, (४) आदिर्ञिटुडवः । (५) षः प्रत्ययस्य । ६, (६) चुटू । ७, (७) लशक्वतद्धिते ।।८।।
– ત્યાર પછી, આ સઘળા इत् સંજ્ઞક વર્ણોનો तस्य लोपः । १-३-९ એવા એક જ સૂત્રથી, લોપ (= અદર્શન) થાય છે એમ જાહેર કરવામાં આવ્યું છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જાહેર કર્યું હોય તો એવા અનુબન્ધો જોડવાનું પ્રયોજન શું રહ્યું ? આવા અનુબન્ધો જોડીને પાણિનિએ લાઘવ સિદ્ધ કરવાને બદલે શાસ્ત્રમાં-સૂત્રોમાં-ગૌરવ ઊભું કર્યું છે એમ કેમ ન કહેવાય ? એવી કોઈને શંકા થવા સંભવ છે. પરંતુ વાસ્તવમાં આ શંકા ખોટી છે. ખરેખર તો પાણિનિએ અનુબન્ધોનો પ્રયોગ કરીને, જુદી જુદી વ્યાકરણિક પ્રક્રિયાઓમાં લાઘવ સિદ્ધ કરવાનું લક્ષ્ય તાક્યું છે. નીચેનાં ઉદાહરણ જોવાથી આ વાત સ્પષ્ટ થશે: ઉદાહરણ તરીકે (क) : √ष्मिङ् ईषद्धसने । (स्मयते), गुङ् अव्यक्ते शब्दे । (गवते), गाङ् गतौ । (गाते), त्रैङ् पालने । त्रायते અને पूङ् पवने । (पवते) જેવા ધાતુઓમાં ङ् કારની (हलन्त्यम् । १-३-३ સૂત્રથી इत् સંજ્ઞા થાય છે અને ત્યાર પછી तस्य लोपः । १-३-९ થી તે (इत् સંજ્ઞક ङ् કાર)નો લોપ જાહેર કરવામાં આવે છે. આવા ધાતુઓના ङ् કારની इत् સંજ્ઞા થતી હોઈને, તેને ङित (– જેમાં ङ् કારની इत् સંજ્ઞા થાય છે તે) ધાતુ કહેવાય છે. હવે ધાતુપાઠમાં આવા જે જે ङित् ધાતુઓ હોય તેમને આત્મનેપદના પ્રત્યયો લગાડવા કે પરસ્મૈપદના પ્રત્યયો લગાડવા ? એ વિષે માર્ગદર્શન આપતાં પાણિનિએ કહ્યું છે કે अनुदात्तङितः आत्मनेपदम् । १-३-१२ "જે ધાતુઓ-માંના અનુદાત્ત સ્વરની અને (અનુબન્ધ રૂપે જોડેલા) ङ् કારની इत् સંજ્ઞા થતી હોય (એટલે કે જે અનુદાત્તેત્ અને ङित् ધાતુઓ હોય), તેમની પાછળ આત્મનેપદના પ્રત્યયો લગાડવા."– આ પ્રમાણે એક જ સૂત્ર દ્વારા કયા કયા ધાતુઓ આત્મનેપદના પ્રત્યયો લે છે ? એ અત્યંત લાઘવથી જાહેર થઈ ગયું છે.

ઉદાહરણ તરીકે (ख): अग्नेर्ढक् । ४-२-३३ સૂત્રથી अग्नि શબ્દને ढक् પ્રત્યયનું વિધાન કર્યું છે. આમાંના क् કારની हलन्त्यम् । १-३-३ સૂત્રથી इत् સંજ્ઞા થાય છે. (પછી १-३-९ સૂત્રથી તેનો લોપ થાય છે). આથી આ ढक् પ્રત્યયને कित् (= क् कारेत्संज्ञक) કહેવાય છે. अग्नि + ढक् > अग्नि + ढ । ત્યાર પછી आयनेयीनीयियः फढखछघां प्रत्ययादीनाम् । ७-१-२ સૂત્રથી ढ ના સ્થાનમાં एय આદેશ થાય છે : अग्नि + एय । ત્યાર પછી किति च। ७-२-११८ સૂત્રથી "(જે પ્રત્યયમાંના क् કારની इत् સંજ્ઞા થઈ હોય તેવો) कित् પ્રત્યય પરમાં હોય ત્યારે (પ્રકૃતિના) આદિસ્વરની વૃદ્ધિ થાય છે" એમ જાહેર કરવામાં આવ્યું છે. તેથી आग्नि+एय । થશે. હવે તદ્ધિતનો एय પ્રત્યય પરમાં રહેતાં, यस्येति च । ६-४-१४८ સૂત્રથી ग्नि માંના इ કારનો લોપ થાય છે : आग्न् + एय→आग्नेय। એવો તદ્ધિતાન્ત શબ્દ બને છે. વળી, कितः । ६-१-१६५ સૂત્રથી કહ્યું છે કે 'कित् तद्धित પ્રત્યય લાગીને જે શબ્દ બન્યો હોય તેને અન્તોદાત્ત સ્વર મળે છે." પરિણામે आग्नेय् ।માં અન્તોદાત્ત સ્વર થાય છે. અહીં જોઈ શકાય

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છે કે પાણિનિએ ઢક્ એવા તદ્ધિત પ્રત્યયમાં ક્કારને અનુબન્ધ રૂપે જોડીને તેનાથી એક આદિસ્વરની વૃદ્ધિ થવા રૂપ કાર્ય અને બીજું कित् પ્રત્યયાન્ત તદ્ધતિ શબ્દને અન્તોદાત્ત સ્વરનું વિધાન કર્યું છે. આ ઢક્ જેવા બીજા જે (ઠક્ વગેરે) कित् પ્રત્યયો જ્યાં જ્યાં લાગ્યા હશે ત્યાં પણ પૂર્વોક્ત किति च । ૭-૨-૧૧૮ થી આદિસ્વરની વૃદ્ધિ થશે અને कितः । ૬-૧-૧૬૫ થી અન્તોદાત્ત સ્વરનું વિધાન પણ થઈ જશે. આમ સૂક્ષ્મ દૃષ્ટિએ અને વિગતે જોતાં જણાય છે કે પાણિનિએ અનુબન્ધોનો પ્રયોગ કરીને પણ, સફળતાપૂર્વક લાઘવ જ સિદ્ધ કર્યું છે.

૨.૦ લાઘવપૂર્વક નિર્દેશેલાં સ્થાનિન્ અને કાર્યિન્‌નો વિસ્તર કરી આપનારી યુક્તિઓ :

૨.૧ સવર્ણગ્રાહક શાસ્ત્ર : કોઈ એક વર્ણના નિર્દેશ થકી, તેના સવર્ણભેદોનું પણ ગ્રહણ કરાવી આપનારા શાસ્ત્રનો (= अणुदित्सवर्णस्य चाप्रत्ययः । ૧-૧-૬૯ અને तपरस्तत्कालस्य । ૧-૧-૭૦ સૂત્રોનો) ઉપન્યાસ કરતાં પહેલાં પાણિનિએ કયા કયા વર્ણોની સવર્ણસંજ્ઞા થાય છે ? એ સ્પષ્ટ કરતાં લખ્યું છે કે – "જે બે વર્ણોનાં ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન એકસરખાં હોય તે બે વર્ણોની પરસ્પર 'સવર્ણ' સંજ્ઞા (तुल्यास्यप्रयत्नं सवर्णम् । ૧-૧-૯ સૂત્રથી થાય છે. પરંતુ (नाज्झलौ । ૧-૧-૧૦ સૂત્રથી કહ્યું છે કે) એક સ્વર અને એક વ્યંજનની પરસ્પંર 'સવર્ણ' સંજ્ઞા થતી નથી, પછી ભલે તે સ્વર અને વ્યંજનના ઉચ્ચારણસ્થાન અને પ્રયત્ન એકસરખાં હોય." હવે, આવી રીતે 'સવર્ણ' સંજ્ઞાનો નિર્દેશ કરીને પાણિનિએ અમુક પ્રકારનું લાઘવ સિદ્ધ કરવામાં તેનો ઉપયોગ કર્યો છે. જેમકે, (अणुदित्सवर्णस्य चाप्रत्ययः। ૧-૧-૬૯ સૂત્ર સૂચવે છે કે) પાણિનિ પોતાના કોઈ સૂત્રમાં પ્રત્યયભિન્ન अण् (= अ इ उ ऋ लृ ए ओ ऐ औ ह् य् र् ल्– એવા ૧૪ વર્ણો) કે उदित् (कु चु टु तु पु એવા પાંચ વર્ગોમાં આવેલા ૨૫) વર્ણોનો ઉલ્લેખ કરે તો તે ઉલ્લેખ તેમના અન્ય સવર્ણ ભેદોને પણ આવરી લે છે. દા.ત. પાણિનિ (પ્રત્યય સ્વરૂપ ન હોય એવા) એક હ્રસ્વ अ કારને અમુક વ્યાકરણિક કાર્ય કહે તો તે કાર્ય હ્રસ્વ अ કારના અઢારેય પ્રકારના સવર્ણ ભેદોને લાગુ પડે છે. આથી પાણિનિને તે કાર્ય 'આટલા આટલા પ્રકારના अ કારને થાય છે' એવું પૃથક્ પૃથક્—વિસ્તારથી—કહેવું પડતું નથી. દા.ત. अस्य च्वौ। ૭-૪-૩૨ થી કહ્યું છે કે "(અભૂત તદ્‌ભાવ અર્થમાં લાગેલો) च्वि પ્રત્યય પરમાં હોય ત્યારે (શબ્દના અંતિમ) अ કારને ईत् થાય છે." જેમ કે, अकृष्णः कृष्णः सम्पद्यते, तं करोति इति । એ અર્થમાં कृष्ण શબ્દમાંના અકારને ઈ થઈને कृष्णीकरोति । બને છે. હવે, અહીં સૂત્રકારે તો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अस्य च्वौ । ૭-૪-૩૨ સૂત્રમાં તો 'अस्य' એમ કેવળ अ કાર જ લખ્યો છે; પણ (अणुदित्० । ૧-૧-૬૯ સૂત્રની મદદથી) તે ૭-૪-૩૨માંના अ કારથી અઢારેય પ્રકારના અકારનું ગ્રહણ થાય છે. પરિણામે अगङ्गा गङ्गा संपद्यते । એ અર્થમાં, गङ्गा શબ્દમાંના आ કારને પણ ई થઈ શકે છે અને गङ्गीभवति । જેવું રૂપ બની શકે છે. આમ પાણિનિએ સવર્ણગ્રાહક (अणुदित्० । ૧-૧-૬૯) સૂત્રનું પ્રણયન કર્યું હોઈને अस्य च्वौ । ૭-૪-૩૨ જેવાં સૂત્રોમાં અઢારેય પ્રકારના अ કારને પૃથક્ પૃથક્ લખવાની જરૂર રહી નથી. આ રીતે લાઘવ થાય છે.

હવે આ સવર્ણભેદોનું ગ્રહણ કરાવનારી યુક્તિને ક્યાંક મર્યાદિત કરવી હોય, તો એને માટે પણ પાણિનિએ વ્યવસ્થા કરી છે : तपरस्तत्कालस्य । ૧-૧-૭૦. જેમકે, પાણિનિ કોઈ હ્રસ્વ (દા.ત. अ) સ્વરની પાછળ त् કાર જોડે, અથવા त् ની પાછળ (કોઈ હ્રસ્વ દા.ત. अ) સ્વર લખે (= अत् અથવા त् अ) તો તે હ્રસ્વ अ કાર પોતાના હ્રસ્વ છ સવર્ણભેદોનું જ ગ્રહણ કરાવે છે. (એટલે કે કોઈ સૂત્રમાં अत् કે त्अ લખ્યું હોય તો તે હ્રસ્વ अ કાર પોતાના હ્રસ્વ છ ભેદોને જ આવરી શકે છે. દીર્ઘાદિ ભેદોને નહીં.) આ યુક્તિ લાઘવપૂર્વક નિર્દેશેલા સ્થાનિન્ અને કાર્યિન્-કાર્યભાક્નો વિસ્તાર કરી આપનારી યુક્તિ કહેવાય છે.

૨.૨ તદન્તગ્રાહક શાસ્ત્ર : પાણિનિએ "કોઈ વિશેષણનો ઉપયોગ કરીને અમુક વિધિનું વિધાન કર્યું હોય તો તે વિધિ વિશેષણને તો લાગુ પડે જ છે; પણ એ વિશેષણ જેના અંતમાં હોય એવા – "તદન્ત" – શબ્દ સ્વરૂપને પણ લાગુ પડે છે." એવું येन विधिस्तदन्तस्य । ૧-૧-૭૨ સૂત્રથી કહ્યું છે. આ સૂત્રને એક ઉદાહરણમાં ઘટાવી જોઈશું : एरच् । ૩-૩-૫૬ "इ વર્ણને अच् પ્રત્યય લાગે છે." √इण् (= इ) गतौ + अच् > अयः । અર્થાત્ કેવળ इ વર્ણાત્મક इ ધાતુને अच् પ્રત્યય લાગીને अयः રૂપ બન્યું છે. અહીં अच् પ્રત્યય લગાવવા રૂપી વિધિનું વિધાન इ વિશેષણને ઉદ્દેશીને કહેવામાં આવેલ છે. આથી એ વિશેષણ જેના અન્ત ભાગમાંય પ્રાપ્ત થતું હોય તેને પણ (= इ વર્ણાન્ત ધાતુને પણ) अच् પ્રત્યય લાગશે. જેમકે, √जि અને चि ધાતુને (= જે इ વર્ણાન્ત ધાતુઓ છે તેમને) પણ अच् પ્રત્યય લાગીને जयः । चयः । જેવાં રૂપો બને છે. આમ "વિશેષણનો નિર્દેશ તદન્તનો ગ્રાહક બને છે." એવી વ્યવસ્થા જાહેર કરતું આ येन विधिस्तदन्तस्य । ૧-૧-૭૨ પરિભાષા સૂત્ર જ પાણિનિએ લાઘવ સિદ્ધિ અર્થે પ્રયોજેલી યુક્તિનું પરિચાયક બની રહે છે. પાણિનિએ પોતાનાં સૂત્રોમાં જો આ રીતે લાઘવ કરવામાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આવેલું છે એવું ૧-૧-૭૨ સૂત્રથી ના સૂચવ્યું હોત તો एरच् ૩-૩-૫૬નો ન્યાસ एः इवर्णान्तात् च अच् । એવો ગૌરવ પૂર્ણ કરવો પડ્યો હોત.

૩.૦ સંજ્ઞાસૂત્રોથી સધાતું લાઘવ :

પાણિનિએ 'અષ્ટાધ્યાયી'માં જે છ પ્રકારનાં સૂત્રો પ્રયોજ્યાં છે.[૧] તેમાંથી પહેલા પ્રકારનાં સૂત્રો તે સંજ્ઞાસૂત્રો છે. મનુષ્યોએ વાગ્વ્યવહાર વિકસાવવાની સાથે જેમ જગત્‌ના દરેક પદાર્થોનાં નામ–સંજ્ઞા પાડી દીધાં છે,[૨] કે જેથી તે પદાર્થો વિષે વાત કરવામાં સરળતા ઊભી થાય[૩] તેમ શાસ્ત્રકાર પાણિનિએ પણ અમુક અમુક વર્ણો, અમુક પ્રત્યયો અને શબ્દ સ્વરૂપો વગેરેની પણ 'સંજ્ઞા' પાડી દીધી છે. હવે, આપણે જાણીએ છીએ કે 'સંજ્ઞાના ઉચ્ચારણ થકી સંજ્ઞિન્‌ની ઉપસ્થિતિ થાય છે.' દા.ત. "રમેશ આમ આવ." એમ બોલવાથી (અર્થાત્ 'રમેશ' એવી ધ્વન્યાત્મક સંજ્ઞા ઉચ્ચારવા થકી) નિશ્ચિત એવો હાડમાંસનો પિંડ (= તદ્રૂપ સંજ્ઞિન્) ઉપસ્થિત થાય છે. એ જ પ્રમાણે, શાસ્ત્રમાં પણ સંજ્ઞાના ઉચ્ચાર થકી નિશ્ચિત સંજ્ઞિન્‌ની ઉપસ્થિતિ થાય છે. પાણિનિએ આ સંજ્ઞા-સંજ્ઞિન્‌ના સંબંધને ઓળખીને, પોતાના વ્યાકરણમાં લાઘવ સિદ્ધ કરવા માટે તેનો પણ ઉપયોગ કર્યો છે.

પાણિનિએ स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । १-१-६८. (= शब्दस्य स्वं रूपं संज्ञि, शब्दशास्त्रे = व्याकरणशास्त्रे या संज्ञा तां विना ।) આ સૂત્રથી (क) શબ્દશાસ્ત્ર (અર્થાત્ વ્યાકરણશાસ્ત્ર) માં વપરાયેલી (કૃત્રિમ અને અકૃત્રિમ) સંજ્ઞાઓ અને ૨. મનુષ્ય વ્યવહારમાં પ્રયોજાતી સંજ્ઞાઓનો વિભાગ સૂચવ્યો છે; તથા (ख) પોતાના શાસ્ત્રમાં ૧. "જ્યાં મનુષ્ય વ્યવહારમાં પ્રયોજાતી કોઈ સંજ્ઞાનો ઉપયોગ કરીને, કોઈ વ્યાકરણિક કાર્યનું વિધાન કર્યું હોય તો ત્યાં તે સંજ્ઞાવાચક

---

૧. જુઓ. પાદટીપ ૧ પૃ. ૮.

૨. આ નામો ક્યારે, કયા માણસે પાડ્યાં હશે ? તે વિવાદાસ્પદ છે.

૩. પદચતુષ્ટય (નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત) ની સિદ્ધિ કરતાં યાસ્કે લખ્યું છે કે व्याप्तिमत्वात्तु शब्दस्य । अणीयस्त्वाच्च शब्देन संज्ञाकरणम्, व्यवहारार्थं लोके ॥ निरूक्तम्, अध्याय १). અર્થાત્ 'શબ્દો વ્યાપક (નિત્ય) હોઈને (પદચતુષ્ટયની સિદ્ધિ થાય છે). વળી, (શબ્દો) સરળતમ હોઈને લોકમાં વ્યવહારાર્થે શબ્દોથી (બધી વ્યક્તિઓનાં અને વસ્તુઓનાં) નામ પાડવામાં આવે છે.' શબ્દોથી વ્યવહાર કરવાને બદલે જો હાથ, પગ, આંખ વગેરેની ચેષ્ટાઓ / અભિનયથી વ્યવહાર કરવામાં આવે તો તેનાથી ઘણી ગેરસહજ ઊભી થાય, અને તે દુર્બોધ પણ બને. પરંતુ શબ્દોથી વ્યવહાર કરવામાં કોઈ મુશ્કેલી નડતી નથી. આમ, અભિનયથી વ્યવહાર કરવાની અપેક્ષાએ શબ્દોથી વ્યવહાર કરવો એ સરળ (अणीयः) છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શબ્દમાં વપરાયેલા વર્ણોની આનુપૂર્વી જ સંજ્ઞી તરીકે ગૃહીત કરવાની છે" એમ 'स्वं रूपं शब्दस्य' એટલા અંશથી જાહેર કર્યું છે[1] તથા अशब्दसंज्ञा એટલા અંશથી એમ જાહેર કર્યું છે કે – "આ શબ્દશાસ્ત્રમાં જે (કૃત્રિમ અને અકૃત્રિમ) સંજ્ઞાઓ નિર્દેશી હોય તેના થકી તો જે તે સંજ્ઞાસૂત્રોમાં નિર્દેશેલી સંજ્ઞિઓનું જ ગ્રહણ કરવું, (અર્થાત્ આ શબ્દશાસ્ત્રમાં ઊભી કરેલી સંજ્ઞામાં વપરાયેલા વર્ણોની આનુપૂર્વી નહીં.)[2] હવે આપણે 'શબ્દશાસ્ત્ર'માં વપરાયેલી (ख ૨ માં વર્ણવેલી) સંજ્ઞાઓથી સિદ્ધ કરેલા લાઘવને સોદાહરણ ચર્ચીશું.

૩.૧ શબ્દશાસ્ત્રની સંજ્ઞાઓ :

પાણિનિએ અમુક અમુક વર્ણો, પ્રત્યયો અને શબ્દસ્વરૂપો વગેરે માટે (કૃત્રિમ કે અકૃત્રિમ = અન્વર્થ એવી) સંજ્ઞાઓનો પ્રયોગ કર્યો છે. દા.ત. (૧) अदेङ्गुणः। ૧-૧-૨ એવા સૂત્રથી હ્રસ્વ अ કાર, ए કાર અને ओ કારની 'ગુણ' સંજ્ઞા જાહેર કરી છે. (અહીં 'ગુણ' એ સંજ્ઞા છે અને '(હ્રસ્વ) अ, ए અને ओ એ ત્રણ વર્ણો સંજ્ઞી છે.) હવે જ્યારે આ ત્રણ વર્ણોને કોઈ રૂપપ્રક્રિયામાં આદેશ (આદિ) રૂપે પ્રવૃત્ત કરવા હોય ત્યારે પાણિનિ (તે વર્ણોની) 'ગુણ' સંજ્ઞાથી જ વ્યવહાર કરે છે. દા.ત. आद्गुणः। ૬-૧-૮૭. આ વિધિસૂત્ર દ્વારા કહેવામાં આવે છે કે "(અઢારેય અકારોમાંથી કોઈ પણ પ્રકારના) अ કારની પાછળ, अच् (= કોઈ પણ સ્વર) આવેલો હોય તો પૂર્વવર્ણ અને પરવર્ણના સ્થાનમાં 'ગુણરૂપ એકાદેશ વિધિ' થાય છે." (જેમકે, उप + इन्द्रः > उपेन्द्रः). અહીં આ आद्गुणः। ૬-૧-૮૭ એવા વિધિસૂત્રમાં એકાદેશ રૂપ अ, ए અને ओ એ ત્રણ વર્ણોનો પૃથક્ પૃથક્ નિર્દેશ કરવાનો હોય તો તે સૂત્ર ગૌરવપૂર્ણ બની રહે. પણ એને બદલે જો 'ગુણ' એવી

---

૧. દા.ત. अग्नेर्ढक्। ૪-૨-૩૩ સૂત્રથી अग्नि શબ્દને ढक् પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું છે : अग्नि + ढक् > अग्नि + ढ – आग्नि एय – आग्न् एय = आग्नेय। અહીં अग्नि એવો શબ્દ મનુષ્યલોકમાં (દાહક) આગ પદાર્થની સંજ્ઞા છે. આથી મનુષ્યલોકમાં 'अग्नि લાવો' એમ કહેવાથી अग्नि સંજ્ઞાથી વાચ્ય 'દાહક આગ' રૂપ પદાર્થ સંજ્ઞિન્ તરીકે લાવવામાં આવશે. પણ વ્યાકરણ શાસ્ત્રમાં अग्नि એવી સંજ્ઞા પોતાની વર્ણાનુપૂર્વી (अ ग् न् इ)ને સંજ્ઞિન્ તરીકે ઉપસ્થિત કરે છે. અને આ अ ग् न् इ રૂપ સંજ્ઞિને વિષે જ ढक् પ્રત્યય લગાડવા રૂપ કાર્ય કરવાનું હોય છે.

૨. દા.ત. वृद्धिरादैच्। ૧-૧-૧ સૂત્રથી કહ્યું છે કે "आ, ऐ અને औ એવા ત્રણ વર્ણોની 'वृद्धि' સંજ્ઞા થાય છે," (અર્થાત્ 'वृद्धि' એ સંજ્ઞા છે અને आ, ऐ, औ એ ત્રણ વર્ણો સંજ્ઞિન્ છે.) હવે, શાસ્ત્રમાં અન્યત્ર જ્યાં જ્યાં 'वृद्धि' સંજ્ઞાનું ઉચ્ચારણ કરવામાં આવશે ત્યાં સંજ્ઞિન્ તરીકે आ, ऐ અને औ એ ત્રણ વર્ણોની જ ઉપસ્થિતિ થશે. (અહીં वृद्धि એવી સંજ્ઞા 'શબ્દશાસ્ત્ર'માં જ વપરાતી સંજ્ઞા હોઈને, તે (वृद्धिसंज्ञा)ના ઉચ્ચાર થકી व् ऋ द् ध् इ એવી વર્ણોની આનુપૂર્વી ઉપસ્થિત થતી નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લઘુભૂત સંજ્ઞા વાપરવામાં આવે તો તે સૂત્ર ટૂંકું બનવા પામે. આમ પાણિનિએ પહેલાં એક જગ્યાએ (૧-૧-૨ સૂત્રમાં) 'ગુણ' સંજ્ઞા અને તેના સંજ્ઞિઓ તરીકે अदेङ्(= હ્રસ્વ अ, ए અને ओ)નો ઉલ્લેખ કરી દીધો, અને ત્યાર પછી आद्गुणः। ૬-૧-૮૭; पुगन्त-लघूपधस्य च (इकः गुणः) । ૭-૩-૮૬ વગેરે વિધિસૂત્રોમાં કેવળ સંજ્ઞાનો જ નિર્દેશ કરીને, તે તે વિધિસૂત્રોમાં લાઘવ સિદ્ધ કર્યું છે.

દા. ત. (૨) : क्तक्तवतू निष्ठा । ૧-૧-૨૬ સૂત્રથી "(કર્મણિ ભૂતકૃદન્તના) क्त પ્રત્યય અને (કર્તરિ ભૂતકૃદન્તના) क्तवतु પ્રત્યયની 'નિષ્ઠા' સંજ્ઞા થાય છે.' એમ કહ્યું છે. હવે, આ પ્રત્યયોને કોઈ કાર્યનું વિધાન કરતી વખતે વિધિસૂત્રોમાં તેમનો બન્નેનો સ્વતંત્ર ઉલ્લેખ કરવાની જરૂર રહેતી નથી, કેવળ 'નિષ્ઠા' સંજ્ઞાથી જ કામ લેવાનું રહે છે. જેમકે रदाभ्यां निष्ठा तो नः पूर्वस्य च दः । ૮-૨-૪૨ સૂત્રથી "રેફ અને द् કારની ઉત્તરમાં આવેલા 'નિષ્ઠા' સંજ્ઞક પ્રત્યયો (= क्त અને क्वतु)ના त् કારને न् કારાદેશ થાય છે; તથા પૂર્વે આવેલા (ધાતુના) द् કારને પણ (न् કારાદેશ) થાય છે." ઉદા. ત. छिद् + क्त > छिन्न । छिद् + क्वतु > छिन्नवान् । આમ વિધિસૂત્રોમાં સંજ્ઞિ રૂપ क्त અને क्तवतु પ્રત્યયોનો ઉલ્લેખ કરવાને બદલે, 'નિષ્ઠા' સંજ્ઞાનો જ ઉપયોગ કરવામાં આવે છે, અને પરિણામે વિધિસૂત્રોમાં લાઘવ સિદ્ધ થાય છે. આ જ પ્રમાણે, तरप्तमपौ घः । ૧-૧-૨૨ ઈત્યાદિ સંજ્ઞાઓ વિષે પણ જાણવું.

દા. ત., (૩) : शेषो घ्यसखि । ૧-૪-૭ સૂત્રથી "જેમની 'નદી' સંજ્ઞા નથી કરવામાં આવી તેવા, હ્રસ્વ इ વર્ણાન્ત અને હ્રસ્વ उ વર્ણાન્ત શબ્દ સ્વરૂપોની घि સંજ્ઞા થાય છે; सखि એવા એક શબ્દને છોડીને" એમ કહ્યું છે. આમ પાણિનિએ (કેવળ सखि શબ્દને છોડીને) સ્ત્રીલિંગમાં ન હોય તેવા कवि, हरि જેવા સઘળા હ્રસ્વ इકારાન્ત શબ્દો; અને भानु, शम्भु જેવા સઘળા હ્રસ્વ उકારાન્ત શબ્દોની घि સંજ્ઞા જાહેર કરી છે. પરિણામે આ પ્રકારનાં નામો–પ્રાતિપદિકોને પ્રથમાદિ વિભક્તિના પ્રત્યયો લગાડીને નામપદ (સુબન્ત)નાં રૂપો સાધવાની પ્રક્રિયાનું પ્રદર્શન કરતી વખતે, ભાષામાં વપરાતા कवि, हरि, भानु, शम्भु ઈત્યાદિ સઘળા હ્રસ્વ इ કારાન્ત અને હ્રસ્વ उકારાન્ત શબ્દોને સૂત્રબદ્ધ કરવાની જરૂર રહેતી નથી. કેવળ "घि સંજ્ઞાવાળા શબ્દોને અમુક કાર્ય કરો" એમ જ વિધિસૂત્રમાં કહેવાનું રહે છે. જેમ કે घेर्ङिति । ૭-૩-૧૧૧ સૂત્રથી કહ્યું છે કે "જે જે घि સંજ્ઞક શબ્દો હોય તેમને, ङित्, सुप् પ્રત્યયો (જેવા કે, ङे, ङसि, ङस् અને ङि—ચતુર્થી, પંચમી, ષષ્ઠી અને સપ્તમી વિભક્તિના એકવચનના પ્રત્યયો) પરમાં રહે ત્યારે 'ગુણ' થાય છે." આમ घि સંજ્ઞક 'हरि' શબ્દથી પરમાં ચતુર્થી વિભક્તિ એકવચનનો ङे પ્રત્યય (= ङ् કારેત્સંજ્ઞક = ङित्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રત્યય) રહેતાં, हरि શબ્દના અંતિમ સ્વર (इ કાર)ને ગુણ થાય છે : हरे + ङे > हरे + ङे > ए। हर् + अय् + ए = हरये। આ સૂત્રથી हरि શબ્દમાં ગુણ થઈને પંચમી– આદિ એકવચનના પૂર્વોક્ત ङित् પ્રત્યયો પરમાં રહેતાં, ગુણ થઈને हरेः। हरेः। અને हरौ। જેવાં રૂપો બને છે. વળી, આ જ સૂત્રની મદદથી घि સંજ્ઞક भानु જેવા બધા જ શબ્દોમાં ચતુર્થી આદિ વિભક્તિના ङित् પ્રત્યયો પરમાં રહેતાં, ગુણ થઈને भानवे। भानोः। भानोः।અને भानौ રૂપો બને છે. આમ સંજ્ઞાસૂત્રોથી મદદથી પણ પાણિનિએ લાઘવ સિદ્ધ કર્યું છે.

*

પાણિનિએ પોતાનાં સૂત્રોમાં વૃદ્ધિ, ગુણ, ઘિ, નિષ્ઠા, નદી, ટિ, ઘુ, ભ જેવી નાની નાની સંજ્ઞાઓ વાપરવા ઉપરાંત ક્યારેક સર્વનામ, અવ્યય જેવી મોટી સંજ્ઞાઓ પણ વાપરી છે: આવી મોટી સંજ્ઞાઓ વાપરવાથી, શું તે તે સંજ્ઞાસૂત્રોમાં ગૌરવ થતું નથી ? એવો કોઈને પ્રશ્ન થાય તો એ વિષે 'વ્યાકરણ મહાભાષ્ય'માં પતંજલિ કહે છે કે "આ ('સર્વનામ' એવી) સંજ્ઞા તો બહુ મોટી કરવામાં આવી છે. જ્યારે 'સંજ્ઞા' તો એને કહેવાય કે 'જેનાથી બીજું કોઈ નાનું સ્વરૂપ (સંજ્ઞાનું)ના હોય.' (પણ) – 'આવું ક્યાંથી જાણ્યું ?' એવો જો કોઈને પ્રશ્ન થાય તો જણાવવાનું કે લાઘવ સિદ્ધ કરવા માટે તો 'સંજ્ઞા' કરવામાં આવે છે. આવી સ્થિતિમાં – ('સર્વનામ' જેવી) મોટી લાંબી સંજ્ઞા કરવા પાછળનું એ પ્રયોજન છે કે – તે ('સર્વનામ' સંજ્ઞા અન્વર્થ સંજ્ઞા[૧] બની રહે. અહીં સર્વ શબ્દ છે આદિમાં જેની તેવા બધા જ સર્વાદિ શબ્દોની 'સર્વનામ' એવી સંજ્ઞા થાય છે. આમ 'સૌને માટેનું નામ તે સર્વનામ' એવો અર્થ મળી રહે એટલા માટે આ (સર્વનામ એવી) મોટી સંજ્ઞા પાડવામાં આવી છે.'[૨]

આમ પાણિનિએ ટિ, ઘુ, ભ, ઘિ જેવી એકાક્ષરી નાની કૃત્રિમ સંજ્ઞાઓ રચી છે. તદુપરાંત ક્યાંક સર્વનામ જેવી મોટી (ગૌરવપૂર્ણ) સંજ્ઞાઓ પણ શાસ્ત્રમાં રચી છે / સ્વીકારી છે. તેની પાછળ ક્યારેક 'તે તે સંજ્ઞા અન્વર્થ સંજ્ઞા છે.' એવું દર્શાવવાનો આશય સૂત્રકારના મનમાં હોય છે એમ પતંજલિએ પૂર્વોક્ત ચર્ચાથી દર્શાવ્યું છે.

---

૧. યથાર્થ સંજ્ઞા : યૌગિકાર્થ આપતી સંજ્ઞા.

૨. अथवा महतीयं संज्ञा क्रियते। संज्ञा च नाम यतो न लघीयः। कुत एतत् ? लघ्वर्थं हि संज्ञाकरणम्। तत्र महत्याः संज्ञायाः करणे एतत्प्रयोजनम्–अन्वर्थं संज्ञा यथा विज्ञायेत। सर्वादीनि सर्वनामसंज्ञानि भवन्ति। सर्वेषां नामानीति चातः सर्वनामानि इति ॥
— पा. सू. १-१-२७ इत्यत्र भाष्यम् ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩.૨ અર્થનિબન્ધના સંજ્ઞા : પાણિનિએ ક્યારેક પ્રકૃતિ (નામ કે ધાતુ)ની પાછળ અર્થ શબ્દને જોડીને પણ લાઘવસિદ્ધિ કરી લીધી છે. જેમકે, (૧) भीत्रार्थानां भयहेतुः । ૧-૪-૨૫ સૂત્રથી કહ્યું છે કે – (વાક્યમાં) ભયાર્થક અને ત્રાણાર્થક ધાતુઓનો પ્રયોગ થયો હોય ત્યારે જે ભયહેતુ (ભય જન્માવનાર) પદાર્થ હોય, તેની 'અપાદાન' સંજ્ઞા થાય છે. અહીં સૂત્રમાં 'તદર્થક ધાતુઓ' એમ કહેવાથી, ભય અને ત્રાણ અર્થ આપતા જુદા જુદા અનેક ધાતુઓને વ્યક્તિશઃ લખવાની જરૂર રહેતી નથી.

(૨) दूरान्तिकार्थेभ्यो द्वितीया च । ૨-૩-૩૫ સૂત્રથી કહ્યું છે કે '(અદ્રવ્યાર્થક) दूर અને अन्तिक અર્થ આપતાં શબ્દોની પરમાં દ્વિતીયા, પંચમી અને તૃતીયા વિભક્તિના પ્રત્યય લાગે છે." અહીં 'દૂરાર્થક' અને અન્તિકાર્થક' શબ્દોને અમુક વિધિ થાય છે એમ કહ્યા પછી, समीप વગેરે શબ્દોને સૂત્રબદ્ધ કરવાની જરૂર રહેતી નથી.

૩.૦ પરિભાષાસૂત્રોથી સધાતું લાઘવ :

વ્યાકરણશાસ્ત્રમાં 'અનિયમની સ્થિતિમાં નિયમ કરનારા વચનને 'પરિભાષા' કહેવામાં આવે છે."[૧] દા.ત. राम શબ્દનું ષષ્ઠી વિભક્તિ બહુવચનનું રૂપ તૈયાર કરવું છે : राम + आम् । અહીં ह्रस्वनद्यापो नुट् । ૭-૧-૫૪ સૂત્રથી 'आम् પ્રત્યયને नुट् આગમ લગાડો' એવું વિધાન કરવામાં આવે છે. અહીં પ્રશ્ન થાય છે કે आम् પ્રત્યયની પાછળ, આગળ, ઉપર કે નીચે ક્યાં આગળ આ नुट् > न् આગમ જોડવો ? – આમ અનિયમ (= અવ્યવસ્થા)ની સ્થિતિ પ્રવર્તે છે. ત્યારે आद्यन्तौ टकितौ । ૧-૧-૪૬ એવું પરિભાષા પ્રકારનું સૂત્ર 'નિયમ' (વ્યવસ્થા) કરી આપે છે કે જો આગમ टित् (= જે આગમમાંના ट् કારની इत् સંજ્ઞા થઈ) હોય તેને, આગમી (= आम् પ્રત્યય)ના આદિ અવયવ રૂપે જોડવો; (અને જો कित् આગમ હોય તો, જે તે આગમીના અન્તાવયવ રૂપે પાછળ જોડવો). પરિણામે राम + न् आम् થશે. [પછી नामि । ૬-૪-૩ સૂત્રથી 'नाम् પ્રત્યય પરમાં રહે ત્યારે अजन्त = સ્વરાન્ત અંગને (= राम શબ્દના અંતિમ अ કારને) દીર્ઘ થાય છે.' रामा + नाम्। પછી अट् कुप्वाङ्नुम्व्यवायेऽपि । ૮-૪-૨ થી न् ને ण् થશે અને रामाणाम् । રૂપ બની જશે.] એવી રીતે પૂર્વોક્ત પરિભાષા સૂત્રથી टित् એવો नुट् આગમ ક્યાં લગાડવો તેની વ્યવસ્થા થઈ જાય છે.

હવે એ જોવાનું રહેશે કે પાણિનિએ આવાં પરિભાષા સૂત્રોથી 'અનિયમમાં

---

૧. अनियमे नियमकारिणी परिभाषा।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નિયમની પ્રાપ્તિ કરાવી આપવા' ઉપરાંત લાઘવ પણ કેવી રીતે સિદ્ધ કરી લીધું છે? તો ભાષ્યકાર પતંજલિ કહે છે કે આ પ્રકારનાં પરિભાષા સૂત્રોની પ્રવૃત્તિ સમગ્ર અષ્ટાધ્યાયીમાં થાય છે એમ માનવાનું છે. પતંજલિના શબ્દો આ પ્રમાણે છે : "જેવી રીતે કોઈ ઓરડામાં રહેલો દીવો, તે આખા ઓરડાને અજવાળે છે તેવી જ રીતે પરિભાષા સૂત્ર પણ અષ્ટાધ્યાયીમાં ગમે ત્યાં લખ્યું હોય તો પણ તે સમગ્ર શાસ્ત્રને અજવાળે છે, સમગ્ર શાસ્ત્રમાં વ્યવસ્થા પૂરી પાડે છે."[૧] આમ પરિભાષા સૂત્રોની સાર્વત્રિક પ્રવૃત્તિ થતી હોઈને પાણિનિને આવાં વ્યવસ્થાપક વચનોને વારંવાર ઉચ્ચારવાની જરૂર પડતી નથી.[૨]

૫.૦ વ્યાકરણશાસ્ત્ર રચવાની વિવિધ પદ્ધતિઓ :

૫.૧ સાધુ શબ્દોપદેશ : શબ્દોનું અનુશાસન રજૂ કરવું હોય તો તે કેવી રીતે કરી શકાય ? એ વિષે 'વ્યાકરણમહાકાવ્ય'ના પ્રથમ આહ્નિકમાં એક રસપ્રદ ચર્ચા

---

૧. परिभाषा पुनरेकदेशस्था सती कृत्स्नं शास्त्रम् अभिज्वलयति प्रदीपवत् ॥ २-१-१ इत्यत्र भाष्यम् ।

૨. અષ્ટાધ્યાયીમાં આવેલાં ૨૯ પરિભાષા સૂત્રો આ પ્રમાણે છે :

१. इको गुणवृद्धी । १-१-३
२. आद्यन्तवदेकस्मिन् । १-१-२१
३. आद्यन्तौ टकितौ । १-१-४६
४. मिदचोऽन्त्यात्परः । १-१-४७
५. एच इग्घ्रस्वादेशे । १-१-४८
६. षष्ठी स्थानेयोगा । १-१-४९
७. स्थानेऽन्तरतमः । १-१-५०
८. उरण् रपरः । १-१-५१
९. अलोऽन्त्यस्य । १-१-५२
१०. ङिच्च । १-१-५३
११. आदेः परस्य । १-१-५४
१२. अनेकाल् शित्सर्वस्य । १-१-५५
१३. तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य। १-१-६६
१४. तस्मादित्युत्तरस्य । १-१-६७
१५. स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । १-१-६८
१६. अणुदित्सवर्णस्य चाप्रत्ययः । १-१-६९
१७. येन विधिस्तदन्तस्य । १-१-७२
१८. अचश्च । १-२-२८
१९. यथा संख्यमनुदेशः । १-३-१०
२०. स्वरितेनाधिकारः । १-३-११
२१. विप्रतिषेधे परं कार्यम् । १-४-२
२२. समर्थः पदविधिः । २-१-१
२३. परश्च । ३-१-२
२४. आद्युदात्तश्च । ३-१-३
२५. अनुदात्तौ सुप्पितौ । ३-१-४
२६. वासरूपोऽस्त्रियाम् । ३-१-६४
२७. प्राग्दीव्यतोऽण् । ४-१-८३
२८. प्राक् क्रीताच्छः । ५-१-१
२९. अनुदात्तं पदमेकवर्जम् । ६-१-१५८

કાશિકા, ન્યાસ અને પદમંજરીમાં આ સૂત્રોને 'પરિભાષાસૂત્રો' તરીકે ઓળખાવ્યાં છે. (ક્રમાંક : ૨, ૧૫, ૧૬, ૧૭, ૨૦, ૨૬, ૨૭, ૨૮, અને ૨૯ વાળાં સૂત્રોને કેવળ પદમંજરીકાર હરદત્તે જ 'પરિભાષાસૂત્ર' તરીકે ઓળખાવ્યાં છે.)

'પાણિનિનાં પરિભાષાસૂત્રો' વિષે વિસ્તૃત ચર્ચા માટે જુઓ : 'પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'નું વિવેચનાત્મક અધ્યયન," લેખક : ડૉ. વસન્તકુમાર મ. ભટ્ટ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૮૮નું પ્રકરણ-૨; પૃ. ૨૩ થી ૪૮.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જોવા મળે છે. તેમાં જણાવ્યું છે કે શબ્દોનું અનુશાસન ત્રણ રીતે કરી શકાય : (૧) (કેવળ સાધુ) શબ્દોનો ઉપદેશ કરવો, (૨) (કેવળ) અપશબ્દોનો ઉપદેશ કરવો, અથવા (૩) બન્ને પ્રકારના શબ્દોનો ઉપદેશ કરવો ! આવા ત્રણ માર્ગો હોવા છતાંય, ભાષ્યકાર કહે છે કે સાધુ શબ્દો કે અસાધુ શબ્દો – એ બેમાંથી ગમે તે એક પ્રકારના શબ્દોનું અનુશાસન કરીશું તો પણ કામ ચાલી શકશે. જેવી રીતે पञ्च पञ्चनखा भक्ष्याः । "પાંચ નખવાળા પાંચ (શશક, શલ્લકી, ગોધા, ખડ્ગી અને કૂર્મ) પ્રાણીઓ ખાઈ શકાય" એમ કહેવાથી, આપોઆપ સમજાઈ જાય છે કે આ સિવાયનાં બીજાં પ્રાણીઓ અભક્ષ્ય છે. અથવા अभक्ष्यो ग्राम्यकुक्कुटः, अभक्ष्यो ग्राम्यसूकरः । 'ગ્રામ્ય કૂકડો કે સૂકર ન ખાવાં જોઈએ' એમ કહેવાથી આપોઆપ સમજાઈ જાય છે કે આ બે સિવાયનાં પ્રાણીઓ ખાઈ શકાય છે. એવી જ રીતે અહીં પણ गौः । એ સાધુ (શિષ્ટમાન્ય) શબ્દ છે" એમ કહેવાતાં તરત જ, આપોઆપ સમજાઈ જશે કે गावी, गोणी, गोपोतलिका વગેરે શબ્દો અપશબ્દો છે (અને તેમનો પ્રયોગ ન કરવો જોઈએ.) અથવા તો गावी, गोणी વગેરે અપશબ્દો છે" એમ કહેવાતાં આપોઆપ સમજાઈ જશે કે માત્ર गौः । જ સાધુ શબ્દ છે." આમ ઉભયોપદેશ કરવાની જરૂર રહેતી નથી. એટલે કે સાધુ શબ્દો અને અસાધુ શબ્દો બન્નેનો ઉપદેશ કરવાની જરૂર નથી. કેવળ કોઈ એક પ્રકારના શબ્દોનો શાસ્ત્રમાં ઉપદેશ કરીશું તો પણ શબ્દોનું અનુશાસન રજૂ થઈ શકશે.[1]

આટલું નક્કી થયા પછી, હવે એ વિચારવાનું પ્રાપ્ત થાય છે કે બે પ્રકારના શબ્દોમાંથી કયા પ્રકારના શબ્દોનો ઉપદેશ કરવો ચઢિયાતો ગણાશે ? તો પતંજલિએ જણાવ્યું છે કે કેવળ સાધુ શબ્દોનો ઉપદેશ કરવો તે લાઘવપૂર્ણ ઉપાય હોઈને, તે ઉપાય ચઢિયાતો કહેવાશે. જો અપશબ્દોનો ઉપદેશ કરવા જઈશું તો તે ગૌરવપૂર્ણ ઉપાય બની રહેશે. કારણ કે, આપણે જાણીએ છીએ તેમ ભાષામાં સાધુ શબ્દોની જ સંખ્યા ઓછી છે અને અસાધુ શબ્દોની સંખ્યા ઘણી વધારે છે. જેમ કે, गौः । એવો સાધુ શબ્દ એક જ છે; પણ તેને માટે વપરાતા બીજા અપશબ્દો તો અનેક છે. દા. ત. गावी, गोणी, गोता, गोपोतलिका । વગેરે. વળી, વધારે મહત્ત્વની વાત તો એ છે કે સાધુ શબ્દોનો ઉપદેશ કરવો તે લાઘવપૂર્ણ હોવા ઉપરાંત, ઈષ્ટ

---

૧. પૂર્વમીમાંસામાં ત્રણ-વિધિ, નિયમ અને પરિસંખ્યા – પ્રકારનાં વાક્યોની ચર્ચા કરવામાં આવી છે. તેમાંથી, જે પરિસંખ્યા પ્રકારનું વાક્ય છે. (દા.ત., पञ्च पञ्चनखाः भक्ष्याः ।) તેનો ઈત્તરવ્યાવૃત્તિ પરક અર્થ (અર્થાત્ अन्येऽभक्ष्याः । એવો અર્થ) કરવાનો રહે છે. પતંજલિએ આની મદદ લઈને "સાધુ અને અસાધુ એ બે પ્રકારના શબ્દોમાંથી કોઈ પણ એક પ્રકારના શબ્દોની ચર્ચા કરીશું તો પણ કામ ચાલશે." એમ કહ્યું છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પણ એ જ છે.[1] આથી પતંજલિના મતે સૂત્રકાર પાણિનિ આપણને જે ઇષ્ટ છે તેવા સાધુ (શિષ્ટમાન્ય) શબ્દોનો જ ઉપદેશ તેમના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં આપે છે.

૫.૨ પ્રતિપદ પાઠનો અસ્વીકાર : સાધુ શબ્દોનો જ ઉપદેશ લાઘવપૂર્ણ છે અને ઇષ્ટ પણ છે એમ નક્કી થયા પછી; બીજો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે સાધુ શબ્દોનું જ્ઞાન કરવા-કરાવવા માટે શું પ્રતિપદનો પાઠ કરવો પડશે ? જેમકે, "गौः। अश्वः। पुरुषः । हस्ती । शकुनिः । मृगः । ब्राह्मणः । વગેરે વગેરે સાધુ શબ્દો છે." એમ શિષ્ટો દ્વારા વપરાતા ભાષાના બધા જ શબ્દોનું એક એક કરીને પારાયણ કરવું પડશે ? પતંજલિ કહે છે કે આ ઉપાય યોગ્ય જણાતો નથી. કારણ કે ઇતિહાસ કહે છે કે પુરાકાળમાં સાધુ શબ્દોનું જ્ઞાન કરાવવા માટે આવો – પ્રતિપદનો પાઠ કરવા રૂપ, એક પ્રયત્ન કરી જોવામાં આવ્યો છે. જેમાં બૃહસ્પતિ સરખા પ્રવક્તા હતા, ઇન્દ્ર જેવાં અધ્યેતા હતા અને દિવ્ય હજાર વર્ષ જેટલો અધ્યયન કાળ હતો. તેમાં બૃહસ્પતિએ પ્રતિપદનો પાઠ કરીને શબ્દપારાયણ કહી સંભળાવવાનું શરૂ કર્યું હતું. તો પણ એનો અંત ન્હોતો આવ્યો ! તેથી જો એવું શબ્દપારાયણ આજે કરવા બેસીએ તો, એ વિચાર કરવો જોઈએ કે આજના મનુષ્યોનું આયુષ્ય કેટલું હોય ? આજે માણસ જીવી જીવીને કેટલું જીવે ? બહુ બહુ તો સો વર્ષ જીવે. એમાં જો આવું શબ્દપારાયણ સંભળાવવામાં આવે તો આપણું તો આખું આયુષ્ય પૂરું થઈ જાય અને છતાંય પાર ન આવે. આમ વિદ્યાભ્યાસ કરવાનો કોઈ અર્થ ન રહે. કેમકે વિદ્યાભ્યાસ કર્યા પછી તેનો યજ્ઞ-યાગાદિમાં વિનિયોગ કરવાનો હોય છે; ધનાદિનું ઉપાર્જન કરવાનું હોય છે. એમાંનું કશુંય ના થઈ શકે; જો માણસ પ્રતિપદનો પાઠ સાંભળવા બેસે તો. આમ સાધુ શબ્દોનું જ્ઞાન મેળવવા માટે પ્રતિપદનો પાઠ કરવો એ તો અનભ્યુપાય છે; અને પરિણામે તે અસ્વીકાર્ય છે.[2]

૫.૩ ઉત્સર્ગાપવાદની પદ્ધતિ : કેવળ સાધુ શબ્દોનો જ ઉપદેશ કરવો; પરંતુ તેને માટે પ્રતિપદનો પાઠ ન કરવો. કારણ કે પ્રતિપદનો પાઠ કરવાથી સાધુ શબ્દોનું અનુશાસન તો રજૂ કરી શકાય; પણ તે લાઘવપૂર્ણ ઉપાય નથી.

---

૧. लघुत्वाच्छब्दोपदेशः । लघीयाञ्छब्दोपदेशः । गरीयानपशब्दोपदेशः । एकैकस्य शब्दस्य बहवोऽपभ्रंशाः । तद्यथा – गौरित्यस्य शब्दस्य गावी गोणी गोता गोपोतलिका इत्येवमादयोऽपभ्रंशाः । इष्टान्वाख्यानं खल्वपि भवति ॥ – पस्पशाह्निकम्

२. बृहस्पतिश्च प्रवक्ता, इन्द्रश्चाध्येता, दिव्यं वर्षसहस्रमध्ययनकालः, न चान्तं जगाम । किं पुनरद्यत्वे ? यः सर्वथा चिरं जीवति – वर्षशतं जीवति । .... तत्र चास्यागमकालेनैवायुः पर्युपयुक्तं स्यात् । तस्माद् अनभ्युपायः शब्दानां प्रतिपत्तौ प्रतिपदपाठः ॥ – पस्पशाह्निकम्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

માટે કોઈક ઉપાયાન્તરને શોધવો રહ્યો કે જે લાઘવપૂર્ણ હોય. પતંજલિ કહે છે કે આવા એક ઉપાયાન્તર તરીકે સૂત્રકારે ઉત્સર્ગાપવાદની પદ્ધતિનું આશ્રયણ કર્યું છે. પાણિનિએ લાઘવસિદ્ધિ અર્થે અજમાવેલી આ ઉત્સર્ગાપવાદની પદ્ધતિને એક ઉદાહરણથી સમજીશું :

નામપદોનાં ષષ્ઠી બહુવચનનાં રૂપો બનાવવા માટે પાણિનિએ ह्रस्वनद्यापो नुट् । ७-१-५४ સૂત્રથી કહ્યું છે કે હ્રસ્વ વર્ણાન્ત, (જે દીર્ઘ ई કારાન્ત અને દીર્ઘ ऊ કારાન્ત એવા નિત્ય સ્ત્રીલિંગમાં રહેલા શબ્દોની નદી સંજ્ઞા કરવામાં આવી હોય તેવા) નદ્યન્ત તથા આ કારાન્ત અંગની પરમાં આવેલા (ષષ્ઠી બહુવચનના) आम् પ્રત્યયને નુટ્ આગમ થાય છે. દા. ત. राम + न् आम् > रामाणाम् । कल्याणी + न् आम् > कल्याणीनाम् । वधू + न् आम् > वधूनाम् । माला + न् आम् > मालानाम् । આ સૂત્ર 'સામાન્યસૂત્ર' છે. તે બધા જ (પુંલિંગ અને નપુંસકલિંગ) હ્રસ્વ સ્વરાન્ત શબ્દો, દીર્ઘ ई કારાન્ત, દીર્ઘ ऊ કારાન્ત અને આ કારાન્ત (સ્ત્રીલિંગ) શબ્દોના ષષ્ઠી બહુવચનનાં રૂપો સાધવા માટે ઉપયોગી બને છે. આમ આ સૂત્રની પ્રવૃત્તિ ઘણી વ્યાપક છે. આવાં વ્યાપક સૂત્રોને સામાન્યસૂત્ર કે ઉત્સર્ગસૂત્ર કહેવામાં આવે છે.

આવાં સામાન્ય સૂત્રથી ઘણો મોટો વિષયપ્રદેશ આવરી લીધા પછી પાણિનિ 'વિશેષસૂત્ર' રજૂ કરે છે. જેમકે, आमि सर्वनाम्नः सुट् । ७-१-५२ સૂત્રથી કહ્યું છે કે अ વર્ણાન્ત 'સર્વનામ' સંજ્ઞક શબ્દોની પરમાં (ષષ્ઠી બહુવચનનો) आम् પ્રત્યય આવેલો હોય તો, તે आम् ને सुट् (स्) આગમ થાય છે : દા. ત. सर्व + स् आम् > सर्वेषाम् । एकेषाम् ॥ વગેરે. 'સર્વનામ' સંજ્ઞાવાળો सर्व શબ્દ હ્રસ્વ સ્વરાન્ત (અને પુંલ્લિંગમાં રહેલો) હોઈને ષષ્ઠી વિભક્તિ બહુવચનનું રૂપ સાધતી વખતે सर्व + आम् । એ સ્થિતિમાં સામાન્યસૂત્ર ह्रस्वनद्यापो नुट् । ७-१-५४ સૂત્રથી नुट् > न् આગમ પ્રવૃત્ત થવા આવે છે. પરંતુ ઉપર્યુક્ત વિશેષસૂત્ર જાહેર કરે છે કે જો તે હ્રસ્વ સ્વરાન્ત (= अ વર્ણાન્ત) શબ્દ 'સર્વનામ' સંજ્ઞક હોય તો, તેનાથી પરમાં આવેલા आम्ને (नुट् આગમ નહીં, પણ) सुट् > स् આગમ લાગે છે. આમ વિશેષસૂત્રથી સામાન્યસૂત્રનો બાધ થાય છે. અહીં સામાન્યસૂત્રની અપેક્ષાએ વિશેષસૂત્ર નાના એવા વિષયપ્રદેશને આવરતું હોઈને તેને 'વ્યાપ્યસૂત્ર' પણ કહે છે. આવું વ્યાપ્ય અર્થાત્ વિશેષસૂત્ર 'બાધકસૂત્ર' અથવા 'અપવાદસૂત્ર' તરીકે પણ ઓળખાય છે.

* * *

લોકમાં જેમ सर्वेभ्यो ब्राह्मणेभ्यो दधि दीयताम्; तक्रं कौण्डिन्याय । "બધા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જ બ્રાહ્મણોને દહીં આપો, પણ કૌણ્ડિન્ય નામના બ્રાહ્મણને છાશ આપજો." એમ કહેવાય છે ત્યારે 'સૌ બ્રાહ્મણોને દહીં આપો' એ સામાન્ય વિધાન છે; તથા 'પણ કૌણ્ડિન્યને છાશ આપો' એ વિશેષ વિધાન છે. (અહીં સામાન્ય વિધાનથી કૌણ્ડિન્યને પણ દહીં-દાન કરવું પ્રાપ્ત હતું; પણ વિશેષ વિધાનથી તેનો બાધ કરવામાં આવ્યો છે).[1] આવી જ રીતે શબ્દાનુશાસન રજૂ કરતાં આ વ્યાકરણશાસ્ત્રમાં પણ પાણિનિએ ઘણે સ્થળે પહેલાં વ્યાપક વિધાનો કર્યાં છે, અને ત્યાર પછી જે થોડાક શબ્દોની રૂપસિદ્ધિ બીજી કોઈક રીતે થતી જોવા મળે છે તેમને માટે વિશેષ વિધાનો કર્યાં છે. પતંજલિ કહે છે કે આ ઉત્સર્ગાપવાદની પદ્ધતિ જ લાઘવપૂર્વક મોટામાં મોટા શબ્દસમૂહને આવરી લઈ શકે છે.

***

પાણિનીય વ્યાકરણાશાસ્ત્રમાં લાઘવસિદ્ધિના ઉપાયોની ચર્ચા કરતી વખતે ખાસ એક મુદ્દો એ નોંધપાત્ર છે કે પાણિનિએ ક્યાંક લાઘવનો ત્યાગ કરીને કોઈ ગૌરવપૂર્ણ ન્યાસ (સૂત્રરચના) કર્યો છે એમ દેખાતું હોય તો તેવા ગૌરવની પાછળ સૂત્રકારનો અવશ્ય કોઈક ગૂઢ આશય હોય છે એમ જાણવું. દા.ત. षष्ठी स्थानेयोगा। ૧-૧-૪૯ અને स्थानेऽन्तरतमः । ૧-૧-૫૦. અહીં ૪૯મા સૂત્રમાંથી સ્થાને પદની અનુવૃત્તિ, તેના અનુગામિ ૫૦ મા સૂત્રમાં આવી શકે એમ છે. તથાપિ આવી અનુવૃત્તિની મદદ લીધા વિના, પાણિનિએ ૫૦ મા સૂત્રમાં ફરીથી સ્થાને પદને કેમ લખ્યું છે? (આવી અનુવૃત્તિ નહીં સ્વીકારીને ૫૦મા સૂત્રમાં ગૌરવ કેમ કર્યું છે?) એવો કોઈને પ્રશ્ન થઈ શકે.

આનો જવાબ એ છે કે સૂત્રકાર લાઘવનો ત્યાગ કરીને ૫૦ મા સૂત્રમાં ફરીથી સ્થાને પદને લખીને સૂચવવા માંગે છે કે – "(આદેશની પ્રવૃત્તિ કરવાના પ્રસંગોએ) જ્યાં સ્થાનતઃ, અર્થતઃ, ગુણતઃ કે પ્રમાણતઃ એમ અનેક પ્રકારના સાદૃશ્ય પ્રાપ્ત થતાં હોય ત્યાં સ્થાનતઃ સાદૃશ્યને બળવત્તર ગણવું." આમ પાણિનિએ ૧-૧-૫૦ સૂત્રમાં એક સ્થાને પદનો જે ગૌરવપૂર્ણ ન્યાસ કર્યો છે; તેનાથી, ભાષ્યકાર પતંજલિની દૃષ્ટિએ, એક ઉપર્યુક્ત વચનાન્તર જ્ઞાપિત થાય છે.[2] આમ એક વિશેષ વ્યવસ્થાપક વચન (= પરિભાષાવચન)ની પ્રાપ્તિ થવાથી 'સૂત્રકારે ૧-૧-૫૦માં લાઘવભંગ કર્યો છે.' એમ કહી શકાતું નથી.

---

૧. ભાષ્યકારે આને માટે सत्यपि संभवे बाधनं भवति । (६-१-२ इत्यत्र भाष्यम् ।) એવું વાક્ય ઉચ્ચાર્યું છે.

૨. अथ स्थान इति वर्तमाने पुनः स्थानग्रहणं किमर्थम् । "यत्रानेकमान्तर्यं तत्र स्थानतः एवान्तर्यं बलीयो" यथा स्यात् ॥ १-१-५० इत्यत्र भाष्यम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૬.૦ ઉપસંહાર :

આમ મહર્ષિ પાણિનિએ (ઇ. સ. પૂર્વે ૬૦૦-૫૦૦) વૈદિક અને લૌકિક સંસ્કૃત ભાષાનું સર્વાંગીણ છતાંય લાઘવપૂર્ણ વ્યાકરણ રચ્યું છે. આથી નાગેશ ભટ્ટ જેવા વૈયાકરણે 'પરિભાષેન્દુશેખર' માં કહ્યું છે કે – अर्धमात्रालाघवेन पुत्रोत्सवं मन्यन्ते वैयाकरणाः । (परिभाषा-१२२) 'વ્યાકરણમાં જો અર્ધી માત્રાનું પણ લાઘવસિદ્ધ કરી શકાય તો વૈયાકરણો તે લાઘવસિદ્ધિથી પુત્ર જન્મ્યા જેટલો આનંદોત્સવ મનાવે છે.' આમ લાઘવસિદ્ધિને માટે પણ પાણિનીય વ્યાકરણ વિશ્વવિખ્યાત બન્યું છે.

* * *

3

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

કલા-૨

પાણિનીય વ્યાકરણતન્ત્રમાં રૂપાખ્યાન પદ્ધતિ – એક અભ્યાસ

[૧]

સામાન્ય રીતે व्याक्रियन्ते शब्दा अनेन इति । એવી વ્યુત્પત્તિ અનુસાર वि+ आ ઉપસર્ગપૂર્વક √कृ ધાતુને 'કરણ' અર્થમાં ल्युट् (→ अन) પ્રત્યય લાગીને व्याकरणम् શબ્દ સિદ્ધ કરવામાં આવે છે. અહીં व्याक्रियन्ते નો અર્થ पृथक्क्रियन्ते એવો કરવામાં આવે છે. એટલે કે 'વ્યાકરણ' એ એક એવું તન્ત્ર છે કે જેના દ્વારા ભાષામાં વપરાતા (= સિદ્ધ) શબ્દોનું પ્રકૃતિ–પ્રત્યયમાં પૃથક્કરણ કરવામાં આવે છે. જેમકે,



અહીં पचति । એવો એક સિદ્ધ શબ્દ લઈને તેનું વ્યાકરણ = પ્રકૃતિ અને પ્રત્યયમાં પૃથક્કરણ કરીએં તો, (૧) ઉપર દર્શાવ્યું છે તેમ ઊભા પિરામીડની આકૃતિવાળું "વ્યાકરણ તન્ત્ર" હોય એવી પ્રતીતિ જન્મે છે. (૨) તથા જેમાં સિદ્ધ શબ્દ આદિમાં હોય, અને પૃથક્કરણને અન્તે અમુક અર્થો Output તરીકે હાથ લાગે છે એમ સમજાય છે.

પરંતુ પાણિનિએ રચેલું જે અષ્ટાધ્યાયી વ્યાકરણ છે તેનો અભ્યાસ કરતાં જણાય છે કે – અહીં 'વ્યાકરણ' એટલે સિદ્ધ શબ્દોનું પ્રકૃતિ – પ્રત્યયમાં પૃથક્કરણ– Analysis નહીં; પણ પ્રકૃતિ + પ્રત્યયનું સંયોજન Synthesis એટલે 'વ્યાકરણ'. અર્થાત્ 'વ્યાકરણ' શબ્દ જો પાણિનિના તન્ત્રને લાગુ પાડવાનો હોય તો ત્યાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

व्याकरणम् શબ્દની વ્યુત્પત્તિ व्याक्रियन्ते = निष्पाद्यन्ते शब्दा अनेन इति । એમ કરવી જોઈએ. પાણિનિના અષ્ટાધ્યાયી વ્યાકરણ દ્વારા જે સુબન્ત = નામપદો, કે તિઙન્ત = ક્રિયાપદોની સિદ્ધિ (નિષ્પત્તિ) કરવામાં આવે છે તેનું સ્વરૂપ કંઈક આવું છે –



આમ પાણિનિના વ્યાકરણમાં પ્રકૃતિ + પ્રત્યયનું સંયોજન (Synthesis) કરીને, ભાષામાં પ્રયોગાર્હ એવું રૂપ / ઉક્તિ સાધવામાં આવે છે. (= સિદ્ધ કરવામાં આવે છે.) અહીં (૧) ઉપર દર્શાવ્યું છે તેમ ઊંધા પિરામીડની આકૃતિવાળું "વ્યાકરણતન્ત્ર" પાણિનિએ રચ્યું છે એની ખાતરી થાય છે. તથા (૨) વક્તાના હાથમાં કોઈ પદ સિદ્ધ થઈને આવે તે પૂર્વે, (પહેલા તબક્કામાં જ) વિવક્ષિત અર્થોની પૂર્વધારણા કરવાની હોય છે. (એટલે કે પાણિનિના વ્યાકરણતન્ત્રમાં અર્થ તો input તરીકે પહેલાં જ સ્થાપવામાં આવ્યો હોય છે.)

[૨]

'અર્થ'ની પૂર્વ સંકલ્પના કરીને પ્રવૃત્ત કરેલા આ વ્યાકરણતન્ત્ર દ્વારા જ્યારે કોઈ પણ તિઙન્ત = ક્રિયાપદની, કે સુબન્ત = નામપદની સિદ્ધિ કરવામાં આવે છે ત્યારે સમગ્ર વાક્ય કે ઉક્તિની પણ અવધારણા કરવી પડે છે. એટલે કે પાણિનીય વ્યાકરણ તન્ત્ર દ્વારા કોઈ પણ સુબન્ત કે તિઙન્ત પદની સિદ્ધિ વાક્યના એક એકમ તરીકે જ શક્ય છે. વાક્યથી નિરપેક્ષ રહીને એટલે કે વાક્યનું એકમ ન હોય એવા કોઈ પદની સિદ્ધિ કરવી શક્ય નથી. આ દૃષ્ટિએ પાણિનિનું

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વ્યાકરણ "વાક્ય સંસ્કાર પક્ષ"ને પુરસ્કારીને જ, જે તે પદની સિદ્ધિ વર્ણવે છે. આ મુદ્દાનું સમર્થન કરવા માટે પહેલાં એક તિઙન્ત પદની રૂપસિદ્ધિ – રૂપપ્રક્રિયા – તપાસીશું : "રસોઈઓ લાકડાંથી તપેલીમાં ચોખા રાંધે છે." આ ગુજરાતી વાક્યમાંનું ક્રિયાપદ–'રાંધે છે'– સંસ્કૃત ભાષામાં અનુદિત કરવું હોય તો –

'રાંધે છે'

૧. 'રાંધવા'ની ક્રિયા રૂપી અર્થની વિવક્ષા ↓	વર્તમાન કાળ રૂપી અર્થની વિવક્ષા ↓
૨. પાણિનીય ધાતુપાઠમાંથી આ ક્રિયાની વાચિકા એવી પચ્ પ્રકૃતિ (=ધાતુ)ને પસંદ કરીશું. √डुपचष् पाके । ધાતુપાઠ– भ्वादिगण 718, स्वरितेत् ધાતુ છે. +	लट् । वर्तमाने लट् । ૩–૨–૧૨૩ 'વર્તમાનકાળ' રૂપી અર્થનો વાચક એવો એક કાલ્પનિક ધ્વનિ. उपदेशेऽजनुनासिक इत् । ૧–૩–૨ અને हलन्त्यम् । ૧–૩–૩ થી 'अ' અને 'ट्'ની इत् સંજ્ઞા, तस्य लोपः। ૧–૩–૯થી તે બેનો લોપ કરીશું તો–

૩. पच् + ल्

पच् ↓ સકર્મક ધાતુ છે તેથી

ल् ↓ → 'કર્તા' અર્થનો વાચક (√) / 'કર્મ' અર્થનો વાચક

{ √पच् ધાતુ સકર્મક હોવાથી કર્તરિ અને કર્મણિની શક્યતા રહેલી છે.

તેથી અહીં, लः कर्मणि च भावे चाकर्मकेभ्यः । ૩–૪–૬૯ સૂત્રાનુસાર, વિવક્ષાથી માની લો કે ल् ને 'કર્તા' અર્થનો વાચક બનાવવો છે. તો –

૪. पच् + ल्

पच् ધાતુ स्वरितेत् હોવાથી, તેની પરમાં

ल् ('કર્તા' અર્થનો વાચક માન્યો છે.)

(અથવા)

પરસ્મૈપદી तिबादि નવ પ્રત્યયો	આત્મનેપદી तङादि નવ પ્રત્યયો લાગી શકશે.

અહીં, लस्य । ૩–૪–૭૭ સૂત્રાનુસાર, ल् ના સ્થાનમાં तिबादि નવ અને तङादि નવ = કુલ અઢાર પ્રત્યયો પ્રવૃત્ત થવા આવે છે. આ અઢારેય પ્રત્યયોનું

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વિધાન કરનારું સૂત્ર तिप् तस् झि – सिप् थस् थ – मिप् वस् मस् – त आताम् झ– थास् आथाम् ध्वम् – इड् वहि महिङ्। ३–४–૭૮ છે. ઉપર જણાવ્યું તેમ પ્રકૃત ધાતુ 'સ્વરિતેત્' હોવાથી લ્ ના સ્થાનમાં અઢારેય પ્રત્યયો (નવ પરસ્મૈપદના અથવા નવ આત્મનેપદના પ્રત્યયો) પ્રવૃત્ત થઈ શકે એમ છે. [કારણ કે પચ્ ધાતુ ઉભયપદી છે.] એ સ્થિતિમાં स्वरितञितः कर्त्रभिप्राये क्रियाफले । ૧–૩–૭૨ સૂત્રાનુસાર સ્વરિતેત્ કે ञित् ધાતુવાચ્ય ક્રિયાનું ફળ જો કર્તૃગામી (= આત્મગામી = ક્રિયા કરનાર સ્વયંને મળવાનું) હોય તો તે ધાતુની પાછળ આત્મનેપદ સંજ્ઞક (तङादि નવ) પ્રત્યયો લાગે છે; પણ જો સ્વરિતેત્ કે ञित् ધાતુવાચ્ય ક્રિયાનું ફળ પરગામી (= તે ક્રિયા કરનારથી ભિન્ન એવી વ્યક્તિને મળવાનું) હોય તો તે ધાતુની પાછળ પરસ્મૈપદ સંજ્ઞક तिबादि નવ) પ્રત્યયો લાગે છે. હવે, પ્રસ્તુત વાક્યમાં પાકક્રિયા કરનારો રસોઈઓ માની લો કે બીજાને માટે રસોઈ કરે છે (એટલે કે પાકક્રિયાનું ફળ પરગામી છે) તો લ્ ના સ્થાનમાં तिबादि નવ (પરસ્મૈપદ સંજ્ઞક) પ્રત્યયો પસંદ કરવામાં આવશે. જેથી,

૫. પચ્ + લ્ (સ્થાની)

↓

આદેશો	तिप् - तस् - झि	(પ્રથમ પુરુષ)
	सिप् - थस् - थ	(મધ્યમ પુરુષ)
	मिप् - वस् - मस्	(ઉત્તમ પુરુષ)

હવે આ નવ પરસ્મૈપદ સંજ્ઞક પ્રત્યયોમાંથી કોને પસંદ કરીશું ? તો युष्मद्युपपदे समानाधिकरणे स्थानिन्यपि मध्यमः । ૧–૪–૧૦૫, ૨. अस्मद्युत्तमः । ૧–૪–૧૦૭ અને ૩. शेषे प्रथमः । ૧–૪–૧૦૮ સૂત્રાનુસાર तिङ्થી વાચ્ય (થનારો) કર્તૃકારકનો વાચક "પ્રથમ પુરુષ" ઉપપદમાં છે એટલે કે –

૯. રસોઈઓ (ઉપપદમાં) ← પચ્ + લ્

કર્તા

યુષ્મદ્ વાચ્ય 'મધ્યમ' પુરુષ (શ્રોતા) નથી.

અસ્મદ્ વાચ્ય, 'ઉત્તમ' પુરુષ (=વક્તા) (પોતે) નથી,

પણ, વક્તા-શ્રોતાથી ભિન્ન એવો 'પ્રથમ' પુરુષ છે.

↓

तिप् – तस् – झि

सिप् – थस् थ

मिप् – वस् – मस्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તેથી, લ્‌ના સ્થાનમાં આદેશ રૂપે तिप्-तस्-झि પ્રત્યયો પસંદ થશે. ત્યાર પછી, આ પ્રથમ પુરુષ એકત્વવિશિષ્ટ હોઈ (=સંખ્યાની દૃષ્ટિએ એક હોઈને) ઉપરના ત્રણ પ્રત્યયમાંથી જે એકવચનનો तिप् પ્રત્યય છે તેને પસંદ કરીશું.

૭. पच् + तिप् ।
(અહીં, 'કર્તા' અર્થનો વાચક એવો "સાર્વધાતુક" સંજ્ઞક પ્રત્યય પરમાં છે એમ જાણવું.)

કારણ કે — અહીં तिङ्शित्सार्वधातुकम् । ૩-૪-૧૧૩ સૂત્રથી "ધાતુની પરમાં લાગતા तिङ्‌પ્રત્યયો અને शित् (=श् કારેત્સંજ્ઞક) પ્રત્યયોની 'સાર્વધાતુક' સંજ્ઞા કરવામાં આવે છે.' અહીં कर्तरि शप्। ૩-૧-૬૮થી કર્ત્રર્થક સાર્વધાતુક પ્રત્યય (ति) પરમાં રહેતાં, ધાતુને વિકરણ પ્રત્યય शप् લાગે છે. ત્યાર પછી, लशक्वतद्धिते । ૧-૩-૮ અને हलन्त्यम् । ૧-૩-૩થી श् અને प्‌ની इत् સંજ્ઞા થશે તથા तस्य लोपः । ૧-૩-૯થી તેનો લોપ કરીશું. તો—)

૮. पच् + शप् + तिप् ।

पच् + अ + ति ।

૯. (सूदः)। पचति ॥

એવા પદ/ઉક્તિની સિદ્ધિ થશે.

* * *

અહીં पचति । ની જે રૂપપ્રક્રિયા દર્શાવી છે તેમાં છઠ્ઠો તબક્કો, અને તેની પૂર્વે ઉદ્ધૃત કરેલાં પાણિનિનાં સૂત્રોનો ફરીથી, સૂક્ષ્મતાથી અભ્યાસ કરીએ તો— આપણે ધાર્યું છે એ પ્રમાણે (અથવા વક્તાની વિવક્ષાનુસાર) 'રસોઈઓ' પોતાને માટે રાંધતો નથી. એટલે કે पच् ધાતુવાચ્ય ક્રિયાનું ફળ કર્તૃગામી—આત્મગામી નથી, પણ પરગામી છે; તેથી સ્વરિતેત્ (—પરિણામે ઉભયપદી) ધાતુ હોવા છતાંય પ્રકૃત વાક્યમાંના पच् ધાતુની પાછળ પરસ્મૈપદસંજ્ઞક तिबादि નવ પ્રત્યયો જ આદેશ રૂપે પ્રવૃત્ત કરવા પડશે. (જુઓ : પાંચમો તબક્કો)

હવે, पच् ધાતુની પાછળ, ल् ના સ્થાનમાં આ નવેય (तिबादि) પ્રત્યયોની યુગપત્ પ્રવૃત્તિ તો શક્ય નથી. તેથી તે નવ પ્રત્યયોમાંથી કોઈ એક પ્રત્યયની જ પસંદગી કરવાની રહેશે. આ એક પ્રત્યયની પસંદગી શેને આધારે કરીશું ? એવો પ્રશ્ન ઊભો થાય છે. તો પાણિનિએ જણાવ્યું છે કે —

(क) युष्मद्युपपदे समानाधिकरणे स्थानिन्यपि मध्यमः । ૧-૪-૧૦૫.

तिङ् પ્રત્યયથી વાચ્ય જે કારક (દા.ત. પ્રકૃત ઉદાહરણમાં કર્તૃકારક), તે કારકનો વાચક युष्मद् શબ્દ (पच् ધાતુની) ઉપપદમાં હોય (કે ન હોય

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

= અર્થાત્ અધ્યાહૃત હોય) ત્યારે જે તે ધાતુની પરમાં 'મધ્યમ પુરુષ' સંજ્ઞક[1] પ્રત્યયો (એટલે કે સિપ્ – થસ્ – થ) પ્રવૃત્ત/પસંદ કરવા.

(ख) अस्मद्युत्तमः । १-४-१०७

तिङ् પ્રત્યયથી વાચ્ય જે કારક (દા.ત. પ્રકૃત ઉદાહરણમાં કર્તૃકારક), તે કારકનો વાચક अस्मद् શબ્દ (पच् ધાતુની) ઉપપદમાં હોય (કે ન હોય = અર્થાત્ અધ્યાહૃત હોય) ત્યારે જે તે ધાતુની પરમાં 'ઉત્તમ પુરુષ' સંજ્ઞક[1] પ્રત્યયો (એટલે કે मिप् – वस् – मस्) પ્રવૃત્ત/પસંદ કરવા.

(ग) शेषे प्रथमः । १-४-१०८

तिङ् પ્રત્યયથી વાચ્ય જે કારક (દા.ત. પ્રકૃત ઉદાહરણમાં કર્તૃકારક), તે કારકનો વાચક શબ્દ अस्मद् કે युष्मद् થી ભિન્ન એવો ત્રીજો જ કોઈ, (દા.ત. રસોઈયો), (पच् ધાતુની) ઉપપદમાં હોય (કે ન હોય = અર્થાત્ અધ્યાહૃત હોય) ત્યારે જે તે ધાતુની પરમાં 'પ્રથમ પુરુષ' સંજ્ઞક પ્રત્યયો (એટલે કે तिप्–तस्–झि) પ્રવૃત્ત / પસંદ કરવા.

આ ત્રણેય સૂત્રો એમ સૂચવે છે કે पच् ધાતુની પાછળ જે तिबादि નવ પ્રત્યય આવીને ઊભા રહ્યા છે, તેમાંથી કોઈ એકની પસંદગી કરવા માટે (पच् ની પાછળ આવી ઊભેલા) तिङ् પ્રત્યયોથી જે કારકને વાચ્ય બનાવવાની વિવક્ષા પૂર્વે (ત્રીજા તબક્કામાં) કરી છે, તે કારકનો વાચક બને એવો ઉપપદમાં રહેલો શબ્દ શું अस्मद् છે, युष्मद् છે, કે તદુભય ભિન્ન (= અન્ય કોઈ) છે ? એનો પહેલાં વિચાર–નિર્ણય કરી લો. તો આપણા પ્રકૃત ઉદાહરણમાં તે अस्मद्–युष्मद् (વક્તા-શ્રોતાથી) ભિન્ન એવો 'રસોઈયો' છે. આથી હવે એ સ્પષ્ટ થઈ જાય છે કે पच् ધાતુની પાછળ આવી ઊભેલા तिबादि નવ પ્રત્યયોમાંથી કેવળ 'પ્રથમ પુરુષ' સંજ્ઞક तिप् – तस् – झि પ્રત્યયો જ પસંદ કરવાના છે. ત્યાર પછી, અહીં તરત જ એ પણ તપાસી લેવાનું છે કે अस्मद्–युष्मद्થી ભિન્ન એવી વ્યક્તિ(નો વાચક શબ્દ) એકવચનમાં રહેલ છે (= એકત્વ સંખ્યાવિશિષ્ટ છે) કે દ્વિવચન, અથવા તો બહુવચનમાં રહેલ છે ? તો પ્રકૃત ઉદાહરણમાં તે વ્યક્તિ–રસોઈયો એકવચનમાં રહેલો છે, તેથી પ્રથમ પુરુષસંજ્ઞક પ્રત્યયો तिप्–तस्–झि માંથી એકવચનનો વાચક એવો જે तिप् પ્રત્યય છે; તેને છેવટે પસંદ કરીશું. આમ पच्+तिप्ની સ્થિતિ આવીને ઊભી રહેશે. અહીં पच् ધાતુની પાછળ આવીને ઊભેલા નવ પ્રત્યયોમાંથી કોઈ એકની પસંદગી કરવાનો જે તબક્કો છે, તેમાં જ

1. तिङस्त्रीणि त्रीणि प्रथम–मध्यमो–त्तमाः । पा. सू. १-४-१०१ સૂત્રથી આ સંજ્ઞાઓ થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પાણિનિએ એ અનિવાર્ય શરત ઊભી કરી છે કે પચ્ ધાતુની પરમાં લગાડવામાં આવનારા પ્રત્યયથી જે કારક વાચ્ય રહેવાનો / બનવાનો છે, તે કારકનો વાચક શબ્દ ઉપપદમાં રહેલો હોય. એટલે કે પચ્ ધાતુથી વાચ્ય ક્રિયાનો કર્તા જે કોઈ હોય એની સહોપસ્થિતિ (કે અધ્યાહૃત સ્થિતિ) હોવી, એ આ તિઙન્ત પદની સિદ્ધિમાં એવું ગૃહીત છે.

આમ તિઙન્ત પદની સિદ્ધિ દરમ્યાન તિઙ્ પ્રત્યયવાચ્ય કારક (દા.ત. કર્તરિ પ્રયોગમાં કર્તૃકારક અને કર્મણિપ્રયોગમાં કર્મકારક રૂપે પ્રથમ પુરુષ, મધ્યમ પુરુષ અને ઉત્તમ પુરુષ – એ ત્રણમાંથી) કોણ છે એનો જો પહેલાં ખ્યાલ કરવાનો હોય તો એમ સ્વીકારવું જ રહ્યું કે સમગ્ર વાક્યના પરિપ્રેક્ષ્યમાં જ કોઈ પણ તિઙન્ત પદની રૂપસિદ્ધિ કરવી શક્ય છે, એટલે કે વાક્યથી નિરપેક્ષ રહીને કોઈ સ્વતન્ત્ર/ એકાકી તિઙન્ત પદની સિદ્ધિ કરવી આ પાણિનીય વ્યાકરણ તન્ત્રમાં શક્ય જ નથી.

* * *

હવે, પાણિનીય વ્યાકરણ તન્ત્રમાં કોઈક સુબન્ત = નામપદની સિદ્ધિ કેવી રીતે થાય છે ? એ છેડેથી આ મુદ્દાને તપાસી જોઈશું :

"રસોઈઓ લાકડાંથી ચોખા રાંધે છે."

सुदः । લાકડાંથી ચોખા । पचति ॥

पच् + अ + ति तस् झि વગેરે નવ પ્રત્યયો

ઉદ્દેશ્ય —રાંધવાની ક્રિયામાં સાધન ભાવે અન્વિત, તેથી कारक કહેવાશે.

↓

अस्मद्–युष्मद् (વક્તા-શ્રોતા)થી ભિન્ન એવી વ્યક્તિ —રાંધવાની ક્રિયા જન્માવવામાં રસોઈઓ 'સ્વતંત્ર' છે (એટલે કે તેનો વ્યાપાર અન્ય કારકોના વ્યાપારને અધીન નથી.) તેથી 'કર્તૃકારક' સંજ્ઞા

↓

પ્રથમ પુરુષ (એકવચન)

પણ ઉદ્દેશ્ય 'પ્રથમ પુરુષ' હોવાથી तिप्‌ને પસંદ કરીને पचति બતાવીશું.

सुद + सु । અહીં ક્રિયાપદમાંના तिप् પ્રત્યયથી કર્તૃકારક રૂપી અર્થ ઉક્ત= અભિહિત હોઈને (अनभिहिते । २-३-१ના અધિકારમાં આવેલા कर्तृकरण-योस्तृतीया । २-३-१८ થી તૃતીયા વિભક્તિનો પ્રત્યય નહીં લાગે); પણ प्रातिपदि-

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

कार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा । २-३-४६ સૂત્રોક્ત પ્રથમા વિભક્તિ લાગશે. જેમ કે, स्वौजसमौट्० । ૪-૧-૨ સૂત્રવિહિત सु પ્રત્યય થશે : सूद + सु । → પછી सूद + सु → रु → र् → । सूद + : = सूदः । થશે. આમ –

सूदः । લાકડાંથી ચોખા । पचति ॥
(કરણકારક) (કર્મકારક)

હવે, બીજે તબક્કે –

'લાકડાંથી'નો અનુવાદ સંસ્કૃતમાં કેવી રીતે થશે ? એ વિચારીશું :

'લાકડાંથી' =

૧. काष्ठ + અત્યંત ઉપયોગી
'સાધન' રૂપી અર્થ

कारके । १-४-२३ સૂત્રથી લાકડાંની
'કારક' સંજ્ઞા થશે. (કારણ કે 'રાંધવું' ક્રિયામાં 'કાષ્ઠ' પદાર્થ સાધનભાવે અન્વિત છે = क्रियान्वयित्वं कारकत्वम् ॥)

૨. काष्ठ પદાર્થમાં સાધન રૂપે જે 'કારકત્વ રહેલું છે, તેને साधकतमं करणम् । १-४-४२ સૂત્રોક્ત 'કરણ' એવી વિશેષ સંજ્ઞા થશે. = काष्ठ + 'કરણ – કારક' અર્થ.

૩. અહીં पचति । ક્રિયાપદમાંના ति પ્રત્યયથી 'કરણકારક' રૂપી અર્થ ઉક્ત = અભિહિત નથી. તેથી अनभिहिते । २-३-१ સૂત્રના અધિકારમાં આવેલા कर्तृकरणयोस्तृतीया । २-३-१८ થી કરણકારકાર્થને અભિવ્યક્ત કરવા માટે 'તૃતીયા વિભક્તિ' લાગશે : → काष्ठ + તૃતીયા વિભક્તિ.

૪. काष्ठ+स्वौजसमौट्०। ४-१-२ સૂત્રવિહિત (તૃતીયા વિ.ના) टा-भ्याम्-भिस् પ્રત્યયો થશે. તે ત્રણ પ્રત્યયોમાંથી –

काष्ठ +	भिस्
↑	↑
(બહુત્વવિશિષ્ટ)	બહુત્વનો વાચક પ્રત્યય
છે. તેથી →	લગાડીશું.

૫. अङ्गस्य । ६-४-१ થી ७-४-९७ સુધીનાં સૂત્રો દ્વારા વિભક્તિ પ્રત્યયોના સ્થાનમાં, તથા પ્રકૃતિ / અંગમાં કેવાં કેવાં ધ્વનિપરિવર્તનો કરવાં એનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમ કે, अतो भिस ऐस् । ७-१-९ સૂત્રથી भिस्ના સ્થાનમાં ऐस् આદેશ થશે :

काष्ठ + भिस् → ऐस् ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૬. काष्ठ+ऐस् । એ સ્થિતિમાં, वृद्धिरेचि । ૬-૧-૮૮ સૂત્રથી વૃદ્ધિ થશે તો –

૭. काष्ठैस्। થશે. પછી ससजुषो रुः । ૮-૨-૬૬ સૂત્રથી स् > रु > र् થશે. તો

૮. काष्ठैर् । પછી, खरवसानयोर्विसर्जनीयः । ૮-૩-૫૫ થી રેફનો વિસર્ગ થશે.

૯. काष्ठैः ॥ એવું પદ સિદ્ધ થશે.

અહીં પણ, 'રાંધવું' ક્રિયામાં કાષ્ઠ પદાર્થ 'સાધન' તરીકે અન્વિત હોય તો જ તેની "કારક" સંજ્ઞા થઈ શકે છે. કારણ કે कारके । ૧-૪-૨૩ એવા સૂત્રમાંના कारक શબ્દને અન્વર્થ માનવામાં આવ્યો છે. (क्रियान्वयित्वं कारकत्वम् ।) તેથી જે પદાર્થ ક્રિયામાં અન્વિત ના હોય તેને 'કારક' જ કહી શકાતો નથી. આમ, (કોઈપણ) નામપદની સિદ્ધિનું પ્રથમ પગથિયું જ સૂચવે છે કે ક્રિયા (= ક્રિયાપદ)થી નિરપેક્ષ હોય, અથવા તો ક્રિયામાં અનન્વિત હોય તેવા પદાર્થને = પદાર્થવાચક શબ્દને "કારક" ગણાતો નથી, અને જો પદાર્થમાં 'કારકત્વ' જ ના હોય તો, પદાર્થવાચક શબ્દની પરમાં કોઈ વિભક્તિનો પ્રત્યય જ ઉત્પન્ન થઈ શકશે નહીં. એટલે કે પાણિનીય વ્યાકરણ તન્ત્રમાં સુબન્ત પદની સિદ્ધિ માટે પણ ક્રિયાપદની સહોપસ્થિતિ અનિવાર્ય છે.

આમ, ઉપર્યુક્ત સમગ્ર ચર્ચાનો નિષ્કર્ષ એ નીકળ્યો કે પાણિનીય વ્યાકરણ તન્ત્રમાં (કર્તૃ કે કર્મ) કારકવાચક युष्मदादि રૂપ કોઈક શબ્દ तिङ् પ્રત્યયના સામાનાધિકરણ્યમાં (agreementમાં) હોય નહીં ત્યાં સુધી કોઈ પણ તિઙન્ત (= ક્રિયાપદ માત્ર) ની સિદ્ધિ કરવી શક્ય નથી. તેવી જ રીતે, ક્રિયામાં અન્વિત ના હોય એવા એટલે કે કારકત્વ વિનાના (નામ =) શબ્દને પણ પ્રથમાદિ વિભક્તિઓના सुप् પ્રત્યયો લગાવી શકાતા નથી.[1] ટૂંકમાં, પાણિનીય વ્યાકરણ તન્ત્રનાં સૂત્રો દ્વારા એકી સમયે સમગ્ર વાક્યનો જ સંસ્કાર કરવાનો રહે છે. આથી સિદ્ધ થાય છે કે પાણિનિનું વ્યાકરણ એ કેવળ 'પદો'ની = રૂપાખ્યાન (Morphology)ની સિદ્ધિ કરતું વ્યાકરણતન્ત્ર નથી. પણ "વાક્યવિન્યાસ"ની પ્રક્રિયા દર્શાવતું– Syntactic levelનું જ વ્યાકરણતન્ત્ર છે.

* * *

* ક્યારેક ક્રિયાપદથી નિરપેક્ષ એવા કોઈક નામને શુદ્ધ પ્રાતિપદિકાર્થમાં કેવળ પ્રથમા વિભક્તિના પ્રત્યયો લગાડી શકાય છે ખરા. જેમકે, वृक्षः । तटी । वनम् ॥ ભાષામાં કેવળ નામરૂપા (કે ધાતુરૂપા) પ્રકૃતિનો પ્રયોગ કરી શકાતો નથી. (न केवला प्रकृतिः प्रयोक्तव्या, नापि केवलः प्रत्ययः । એવું ૧-૨-૬૪ સૂત્ર ઉપરના ભાષ્યમાં પતંજલિએ કહ્યું છે.) તેથી (ક્રિયાપદ વિનાના) वृक्षः । વગેરે પદોમાં આવેલી પ્રથમાવિભક્તિ શબ્દસાધુત્વ પ્રાતિપાદિકા છે એમ જાણવું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉપર્યુક્ત ચર્ચામાં આપણે જોયું કે काष्ठैः । જેવા સુબન્ત પદની સિદ્ધિ વાક્યના એક એકમ તરીકે જ (= ક્રિયાન્વિત કારકાર્થ રૂપે જ) કરી શકાય છે. પરંતુ ત્યાં काष्ठैः । ની રૂપસિદ્ધિ માટે જે જે સૂત્રોને ઉપસ્થિત કર્યાં છે, તે સૂત્રોનો અષ્ટાધ્યાયીક્રમાંક પણ તપાસવા જેવો છે. જેમકે, 'લાકડાંથી (રાંધે છે)'. અહીં રાંધવાની ક્રિયામાં (પ્રકૃષ્ટ) ઉપકારક સાધન તરીકે काष्ठની 'કારક' સામાન્યસંજ્ઞા કરનારું સૂત્ર कारके। એવું સંજ્ઞાધિકાર સૂત્ર ૧-૪-૨૩ ક્રમાંકનું છે. ત્યાર પછી તે કારકસામાન્યની 'પ્રકૃષ્ટોપકારક' સાધન તરીકે 'કરણકારક' એવી કારક વિશેષ સંજ્ઞા કરનારા साधकतमं करणम् । સૂત્રનો નંબર ૧-૪-૪૨ છે. હવે આ કરણકારકાર્થને અભિવ્યક્ત કરવા માટે अनभिहिते (૨-૩-૧)ના અધિકારમાં આવેલું તૃતીયા વિભક્તિ વિધાયક कर्तृकरणयोस्तृतीया । એવું સૂત્ર ૨-૩-૧૮ ક્રમાંકનું છે. આ તૃતીયા વિભક્તિમાં કયા કયા પ્રત્યયો છે એ જાણવા માટે स्वौजसमौट्० । સૂત્રનું સ્મરણ કરવું પડે છે; જેનો ક્રમાંક ૪-૧-૨ છે. (काष्ठ+ टा/भ्याम्/भिस्). એ પછી अङ्गस्य । (૬-૪-૧ થી ૭-૪-૯૭) સૂત્રોક્ત 'અંગાધિકાર'માં આવેલા अतो भिस ऐस् । સૂત્રથી भिस्ના સ્થાનમાં ऐस् આદેશ લાવવામાં આવે છે. આ अतो भिस ऐस् । સૂત્ર ૭-૧-૯ નંબરનું છે. હવે, काष्ठ+ऐस् ।માં वृद्धिरेचि । ૬-૧-૮૮ સૂત્રથી વૃદ્ધિ કરીશું તો काष्ठैस् । બનશે. ત્યાર પછી છેલ્લા બે તબક્કામાં સ્નું વિસર્ગમાં પરિવર્તન કરવા માટે જે બે સૂત્રો ससजुषो रुः । અને खरवसानयोर्विसर्जनीयः । લગાડવામાં આવે છે તેનો ક્રમાંક (અનુક્રમે) ૮-૨-૬૬ છે, અને ૮-૩-૧૫ છે.

અહીં પાણિનિએ अष्टाध्यायी નાં સૂત્રોનો જે ક્રમાંક ગોઠવ્યો છે તેમાં પહેલે તબક્કે → अर्थ, બીજે તબક્કે → वाक्य, ત્રીજે તબક્કે → પરસ્પરાન્વિત એવાં સુબન્ત અને તિઙન્ત પદ અને છેલ્લે ચોથા તબક્કામાં → જરૂરી ધ્વનિવિકારોનું વર્ણન કર્યું છે. આ ક્રમે આવેલાં સૂત્રોની પ્રવૃત્તિ કર્યા પછી છેલ્લે પ્રયોગાર્હ ઉક્તિ/ વાક્યની સિદ્ધિ થાય છે.

આ દૃષ્ટિએ 'અષ્ટાધ્યાયી'ના આઠેય અધ્યાયોનું ક્રમશઃ અધ્યયન કરીશું તો વાક્યની રચના વર્ણવતાં સૂત્રોનો વિષયવિભાગ નીચે મુજબ છે :

(૧) કૃત્રિમ – પારિભાષિક સંજ્ઞાઓ અને પરિભાષા સૂત્રો,

(૨) વાક્યના એકમને મનમાં રાખીને, ક્રિયાનિર્વર્તક એવા પદાર્થો—અર્થોને વ્યાકરણિક (કર્તૃકર્માદિ) સંજ્ઞાઓનું વિધાન,

(૩) તે સંજ્ઞાઓનું સુબન્ત પદમાં પરિવર્તન, અને સાથે ને સાથે તિઙન્ત પદની રૂપસિદ્ધિ, પછી છેલ્લે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૪) પદ અને સન્ધિવિષયક ધ્વનિપરિવર્તન–વિકારોના નિયમોની રજૂઆત કરી છે.

[3]

ઉપરની ચર્ચામાં, પાણિનીય વ્યાકરણતન્ત્ર દ્વારા રજૂ થયેલાં (સુબન્ત અને તિઙન્ત) રૂપાખ્યાનોની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે. હવે, પાણિનિની રૂપાખ્યાન પદ્ધતિનું વિશ્લેષણ રજૂ કરીશું :

પાણિનિએ (વાક્યની અંદર વપરાતાં) પદોને કેવળ બે પ્રકારમાં જ વિભક્ત કર્યાં છે.[1] જેમકે –

વાક્ય

સુબન્ત ↓	તિઙન્ત ↓
૧. (રૂઢ) નામો (=પ્રાતિપદિક[2] ૨. યૌગિક નામો, (=કૃદન્ત પ્રાતિપદિક) ૩. તદ્ધિતાન્ત નામો ૪. સામાસિક શબ્દો ૫. અવ્યય (=નિપાતો). આમાંથી સાધિત પ્રથમાથી સપ્તમી વિભક્તિ સુધીનાં નામપદો.	'કાળ' (Tense) અને 'અર્થ' (Moods)ની અભિવ્યક્તિ કરવા માટે જુદાં જુદાં ૧૦ પ્રકારનાં ક્રિયાપદો.

આ બન્ને પ્રકારનાં 'વિભક્ત્યન્ત' પદોની રૂપસિદ્ધિ વર્ણવવા માટે પાણિનિએ એકસરખી પદ્ધતિ અજમાવી છે. જેમકે, સૌથી પહેલાં –

(क) નામવાચક પ્રકૃતિ (=પ્રાતિપદિક)ને લાગતા ૨૧ સામાન્ય (રૂપઘટક=) પ્રત્યયોનું પરિગણન / પ્રદર્શન કર્યું છે, જેમકે, स्वौजसमौट्छष्टाभ्याम्भिस्ङेभ्याम्भ्यस्ङसिभ्याम्भ्यस्ङसोसाम्ङ्योस्सुप् । ૪–૧–૨ અર્થાત્ 'પ્રાતિપદિક' માત્રને જુદી જુદી વિભક્તિઓમાં નીચે મુજબનાં ૨૧ સામાન્ય પ્રત્યયો લાગે છે –

---

૧. सुप्तिङन्तं पदम् । १–४–१४ અર્થાત્ વાક્યમાં બે પ્રકારનાં જ પદો હોય છે : ૧. સુબન્ત (= નામપદ) અને ૨. તિઙન્ત (= ક્રિયાપદ).

૨. अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । १–२–४५, कृत्तद्धितसमासाश्च । १–२–४६

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા વિ.	सु	औ	जस्
દ્વિતીયા	अम्	औट्	शस्
તૃતીયા	टा	भ्याम्	भिस्
ચતુર્થી	ङे	भ्याम्	भ्यस्
પંચમી	ङसि	भ्याम्	भ्यस्
ષષ્ઠી	ङस्	ओस्	आम्
સપ્તમી	ङि	ओस्	सुप्

[નોંધ : પ્રથમા વિભક્તિનો सु અને સપ્તમી બહુવચનનો છેલ્લો વર્ણ (= અનુબન્ધ) प् એ બેને ભેગા કરીને 'सुप्' પ્રત્યાહાર બનાવાય છે. આ सुप् પ્રત્યયો જે નામની પાછળ લાગ્યા હોય તેને सुबन्त-पद કહે છે.]

તથા

(ख) ક્રિયાવાચક પ્રકૃતિ (=ધાતુ)ને લાગતાં પરસ્મૈપદસંજ્ઞક ૯ પ્રત્યયો, અને આત્મનેપદ સંજ્ઞક ૯ પ્રત્યયો = એમ કુલ અઢાર સામાન્ય પ્રત્યયો (=સામાન્ય રૂપઘટકો)નું પ્રદર્શન કર્યું છે. જેમકે, तिप्तस्झिसिप्थस्थमिप्वस्मस्ताताम्झथासाथाम्ध्वमिड्वहिमहिङ्। ३-४-७८ અર્થાત્ જુદા જુદા કાળ કે અર્થની અભિવ્યક્તિ કરવા માટે ધાતુમાત્રને નીચે મુજબના ૯ + ૯ સામાન્ય પ્રત્યયો લાગે છે :

૧. પરસ્મૈપદી ધાતુને –

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમ પુરુષ	तिप्	तस्	झि
મધ્યમ પુ.	सिप्	थस्	थ
ઉત્તમ પુ.	मिप्	वस्	मस् ॥

૨. આત્મનેપદી ધાતુને –

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમ પુરુષ	त	आताम्	झ
મધ્યમ પુ.	थास्	आथाम्	ध्वम्
ઉત્તમ પુ.	इड्	वहि	महिङ्

[નોંધ : પરસ્મૈપદના પહેલા तिप् પ્રત્યયનો ति વર્ણ લઈને, આત્મનેપદના છેલ્લા महिङ् પ્રત્યયનો ङ्वर्ण (=અનુબન્ધ) લઈને तिङ् એવો પ્રત્યાહાર બનાવાય છે. આ तिङ् પ્રત્યયો ધાતુને લાગીને જે પદ તૈયાર થાય તેને तिङन्त કહે છે.)

હવે, નામ (= પ્રાતિપદિક)ને લાગતા આ ૨૧ સામાન્ય પ્રત્યયો / રૂપઘટકો તો લક્ષણકારે (= સૂત્રકાર પાણિનિએ) બતાવેલા પ્રત્યયો છે. જ્યારે વાસ્તવિક

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લક્ષ્ય = પ્રયોગની સ્થિતિમાં તો કોઈ એક જ અર્થ વ્યક્ત કરવા વિભિન્ન પ્રત્યયો = ઉપરૂપઘટકો વપરાતાં જોવા મળે છે. દા.ત. પાણિનિના स्वौजसमौट्० । ૪-૧-૨ સૂત્ર મુજબ ચતુર્થી વિભક્તિનો સામાન્ય પ્રત્યય (રૂપઘટક) તો / —ङे/ એક જ છે, જ્યારે વ્યવહારમાં તો આ જ અર્થમાં रामाय । सर्वस्मै । सर्वस्यै । ज्ञानिने। जगते । वाचे । मालायै । नद्यै । कवये । मानवे । तुभ्यम्—मह्यम् । જેવા વિભિન્ન શબ્દો (= વિભક્ત્યન્ત પદો) વપરાય છે. આથી પાણિનિની રૂપાખ્યાન પદ્ધતિને સમજવા માંગનાર અધ્યેતાને પ્રશ્ન થવાનો કે — લક્ષણમાં (સૂત્રમાં) રજૂ થયેલા ચતુર્થી વિભક્તિ એકવચનના એકમાત્ર ङे એવા એક સામાન્ય પ્રત્યયમાંથી /-य//-स्मै//-ऐ//-यै//-ए//-अम् । વગેરે ઉપરૂપઘટકોવાળાં रामाय । सर्वस्मै । जगते । मालायै । तुभ्यम् । વગેરે જેવાં (ચતુર્થી વિભક્તિ — એકવચનમાં જ) વિભિન્ન પદો કેવી રીતે નિષ્પન્ન કરી શકાય ? તો એમ જણાય છે કે પાણિનિએ એક જ સામાન્ય રૂપઘટક—પ્રત્યયમાંથી વિવિધ ઉપરૂપ ઘટકોની વ્યુત્પત્તિ (= નિષ્પત્તિ) બતાવવા માટે પ્રથમ તબક્કે —

(क) સ્થાન્યાદેશ વિધિ, તથા બીજે તબક્કે —

(ख) લોપ, આગમ અને વર્ણવિકારનું વિધાન (Prescriped) કરવાની પદ્ધતિ સ્વીકારી છે.

દા. ત. ચતુર્થી વિભક્તિ એકવચનના
'ङे' એવા એક સામાન્ય રૂપઘટકમાંથી

↓

૧	૨	૩	૪	૫	૬	૭
/-ए/	/-य/	/-स्मै/	/-स्यै/	/-यै/	/-ऐ/	/-अम्/
जगते	रामाय	सर्वस्मै	सर्वस्यै	मालायै	नद्यै	तुभ्यम्
वाचे	वनाय	तस्मै	अस्यै		चम्वै	मह्यम्
भगवते		अस्मै	तस्यै			
शशिने		एतस्मै	एतस्यै			
कर्त्रे						
वारिणे						
दध्ने						
कवये						
भानवे						

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આવાં સપ્તવિધ ચતુર્થ્યન્ત પદો તૈયાર થઈ શકે છે.

સૌથી પહેલાં, પાણિનિનાં સૂત્રો દ્વારા આ દરેકની ક્રમિક રૂપપ્રક્રિયાનું પ્રદર્શન કરીશું. ત્યાર પછી, તેમાં અજમાવેલી પદ્ધતિને ઉપસાવવા પ્રયત્ન કરીશું :

(૧) / – ङे / એવા સામાન્ય રૂપઘટકમાંથી → / ए / વિશેષ ઉપરૂપઘટક વ્યુત્પન્ન કરવામાં આવે છે. (જેનો ઉપયોગ जगते । भगवते । જેવાં પદોને સાધવા માટે કરવામાં આવ્યો છે) :

१. जगत् + ङे (પ્રકૃતિ + પ્રત્યય) પ્રકૃતિમાં સમ્પ્રદાન કારકત્વ અને એકત્વ વિશિષ્ટિ સંખ્યા રહેલી છે. હવે, આ અર્થોનો વાચક ङे પ્રત્યય છે.

१. चतुर्थी सम्प्रदाने । २–३–१३ સૂત્રથી 'સમ્પ્રદાનકારક'નો અર્થ વ્યક્ત કરનારા ચતુર્થી વિ.નો પ્રયોગ થાય છે.

२. स्वौजसमौट्० । ४–१–२ સૂત્રોક્ત ङे પ્રત્યય 'ચતુર્થી વિ.'નો છે.

२. जगत्+ए ।

३. लशक्वतद्धिते । १–३–८ સૂત્રથી પ્રત્યયની આદિમાં આવેલા ङ् વર્ણ (=અનુબન્ધ)ની इत् સંજ્ઞા થશે.

४. तस्य लोपः । १–३–९ સૂત્રથી તે इत् સંજ્ઞક ङ्નો લોપ થશે. તો

३. जगते ॥ એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે.

५. अज्झीनं परेण संयोज्यम् । સ્વર વિનાના વ્યંજનને પરવર્ણની સાથે જોડી દેવો. તેથી

નોંધ : આ ए પ્રત્યય લાગીને (જુદા જુદા લિંગમાં રહેલાં) વ્યંજનાન્ત નામોનાં ચતુર્થી વિભક્તિ, એકવચનનાં રૂપો બને છે. જેમ કે, भूभृते । चन्द्रमसे । वाचे । दिशे । पयसे । વગેરે.

* * *

/ङे / સામાન્ય રૂપઘટકમાંથી /–ए / એવા વિશેષ ઉપરૂપઘટકને વ્યુત્પન્ન કરીને સાધવામાં આવતાં वारिणे । मधुने । दध्ने । कर्तृणे । જેવાં પદો; કે જેમાં પ્રકૃતિમાં न् એવો નવો ધ્વનિ ઉમેરવો પડે છે, તેની રૂપસિદ્ધિ જોઈશું :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

(૧) वारि + ङे

પ્રકૃતિમાં સમ્પ્રદાન કારકત્વ, એકત્વ સંખ્યા	પ્રત્યય તદર્થનો વાચક છે.

(૨) वारि + ए

↓	↓
નપુંસકલિંગ इ વર્ણાન્ત પ્રકૃતિ છે.	સ્વરાદિ વિભક્તિ પ્રત્યય પરમાં છે.

(૩) वारि न् + ए

(૪) वारि ण् + ए

(૫) वारिणे ॥ એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે.

(૧) चतुर्थी सम्प्रदाने । २-३-१३

(૨) स्वौजसमौट्० । ४-१-२ સૂત્રથી ङे પ્રત્યયનું વિધાન

(૩) लशक्वतद्धिते । १-३-८ અને तस्य लोपः । १-३-९ થી ङ्‌નો લોપ

(૪) इकोऽचि विभक्तौ । ७-१-७२ સૂત્રથી "નપુંસકલિંગમાં હોય એવી इगन्त (=इ, उ, ऋ, ऌ સ્વરાન્ત) પ્રકૃતિને नुम् (=न् આગમ થાય છે; જો अजादि વિભક્તિ પ્રત્યય પરમાં હોય તો [मिदचोऽन्त्यात्परः । १-१-४७ સૂત્રથી नुम् (કે જેમાંથી म्‌ની इत् સંજ્ઞા કરીને, લોપ કર્યો છે) એવા मित् આગમને वारि‌ના ઇકારની પાછળ લગાડીશું.]

(૫) अट्कुप्वाङ्नुम्व्यवायेऽपि।८-४-२ સૂત્રથી "રેફથી પરમાં (इ‌નું વ્યવધાન હોવા છતાંય) આવેલા નને णत्व થશે."

(૬) अज्झीनं परेण संयोज्यम् । અનુસાર સ્વર વગરના વ્યંજનને પરવર્ણ સાથે જોડી દેવો.

આમ, આ ए પ્રત્યય લાગીને જ નપુંસકલિંગમાં રહેલા હ્રસ્વ इ, उ, ऋકારાન્ત નામોનાં, ચતુર્થી વિભક્તિ એકવચનનાં રૂપો બને છે, જેમ કે, वारिणे। दध्ने । मधुने । વગેરે.

* * *

/ -ङे / સામાન્ય રૂપઘટકમાંથી / -ए / એવા ઉપરૂપઘટકને વ્યુત્પન્ન કરીને, તેમાંથી સાધવામાં આવતાં कवये । भानवे । જેવાં પદો; કે જેમની પ્રકૃતિમાં થોડો વિકાર લાવવો પડે છે, તેની રૂપસિદ્ધિ જોઈશું :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

१. कवि + ङे પ્રકૃતિમાં સમ્પ્રદાનકારકત્વ અને એકત્વ વિશિષ્ઠ સંખ્યા રહેલી છે. | તદર્થનો વાચક ચતુર્થી વિ. એકવચનનો પ્રત્યય ↑	१. चतुर्थी सम्प्रदाने। २-३-१२ २. स्वौजसमौट्०। ४-१-२ ૩. लशक्वतद्धिते। १-३-८થી ङ्‌ની इत् संज्ञा, तस्य लोपः १-३-९थी ङ्‌नो લોપ કરીશું. [તેથી ङे પ્રત્યય ङित्=ङ् કારેત્સંજ્ઞક થશે.]
૨. कवि + ए { ङित् પ્રત્યય કહેવાશે ↑ 'घि' સંજ્ઞક શબ્દ	૪. शेषो घ्यसखि। १-४-७ સૂત્રથી હ્રસ્વ इ, उ વર્ણાન્ત પ્રકૃતિ (કે જેમની 'नदी' સંજ્ઞા નથી કરી, તેમ)ની घि સંજ્ઞા થાય છે. પછી
૩. कवे + ए	૫. घेर्ङिति। ७-३-१११ સૂત્રથી 'घि' સંજ્ઞક શબ્દને, ङित સૂપ્ પ્રત્યય પરમાં રહેતાં 'ગુણ' इ > ए થાય છે."
૪. कव् अय् + ए	૬. एचोऽयवायावः। ६-१-७८ થી 'अच्' પરમાં રહેતાં એના સ્થાનમાં अय् આદેશ થશે. તો
૫. कवये ॥ એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે.	૭. अज्झीनं परेण संयोज्यम्। અનુસાર બધું જોડી દઈશું તો

નોંધ : આ જ પ્રમાણે, હ્રસ્વ ઉકારાન્ત भानु શબ્દમાંથી भानवे રૂપ પણ સિદ્ધ કરી શકાય છે.

* * *

આમ, આ ए પ્રત્યય લગાવીને પછી પ્રકૃતિમાં થોડો 'ગુણ' રૂપી વિકાર લાવીને પછી, પુંલિંગમાં રહેલા હ્રસ્વ इ, ઉકારાન્ત નામોના, [તથા વિકલ્પે સ્ત્રીલિંગમાં રહેલાં मति, धेनु જેવાં હ્રસ્વ इ, ઉકારાન્ત નામોનાં પણ] ૪ થી વિ. એકવચનનાં રૂપો બને છે. દા.ત. हरये। भानवे। વગેરે.

(૨) /-ङे/ સામાન્ય રૂપઘટકમાંથી/-य/ એવા વિશેષ ઉપરૂપઘટકને વ્યુત્પન્ન કરવામાં આવે છે (જેનો ઉપયોગ रामाय। बनाय। જેવાં પદો સાધવા માટે કરવામાં આવે છે.) :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧. राम + ङे પ્રકૃતિમાં સમ્પ્રદાન- કારક અને એકત્વ સંખ્યા | તદર્થ વાચક ચતુર્થી વિ., એકવચનનો પ્રત્યય	૧. चतुर्थी सम्प्रदाने। २-३-१२ २. स्वौजसमौट्०। ४-१-२
२. राम + ङे > य હ્રસ્વ અકારાન્ત અંગ राम + य	૩. ङेर्यः। ७-१-१३ સૂત્રથી હ્રસ્વ અકારાન્ત અંગની પાછળ આવેલા ङे ને य એવો આદેશ થાય છે. ૪. सुपि च। ७-३-१०२ સૂત્રથી "यञादि હોય એવો सुप् વિભક્તિ પ્રત્યય પરમાં રહે ત્યારે હ્રસ્વ અકારાન્ત અંગને દીર્ઘ થાય છે.
૩. रामा + य અકારાન્ત પ્રકૃતિ અંતિમ અને દીર્ઘ થાય છે. | यञ् પ્રત્યાહારમાં આવેલો હોય એવો य् વર્ણવાળો सुप् વિભક્તિ પ્રત્યય પરમાં રહેલો છે. તેથી ←	

નોંધ : ङे એવા પ્રત્યયમાં = સ્થાનિમાં રહેલું પ્રત્યયત્વ (स्थानिवदादेशोऽनल्विधौ। १-१-५६ સૂત્રથી) 'य' એવા આદેશમાં આરોપિત કરવામાં આવે છે. તેથી सुपि च। ७-३-१०२ સૂત્ર દ્વારા દીર્ઘ થઈ શકે છે.

૪. = रामाय ॥ એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે.

(૩) /-ङे/ સામાન્ય રૂપઘટકમાંથી /-स्मै/ એવા વિશેષ ઉપરૂપ-ઘટકને વ્યુત્પન્ન કરવામાં આવે છે (જેનો ઉપયોગ सर्वस्मै। तस्मै। अस्मै। જેવાં પદો સાધવા માટે કરવામાં આવે છે.) :–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧. सर्व	+ङे	१. चतुर्थी सम्प्रदाने । २-३-१२
પ્રકૃતિમાં સમ્પ્રદાનત્વ, પુંસ્ત્વ અને એકત્વ સંખ્યા	તદર્થવાચક ચતુર્થ વિ.ના એકવચનનો પ્રત્યય	२. स्वौजसमौट्० । ४-१-२
२. सर्व+ङे>स्मै =सर्वस्मै		૩. सर्वनाम्नः स्मै । ७-१-१४ સૂત્રથી હ્રસ્વ અકારાન્ત સર્વનામની પાછળ 'ङे' પ્રત્યયના(=સ્થાનિના) સ્થાનમાં स्मै આદેશ થાય છે.
૩. सर्व+स्मै ॥ એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે.		

વિશેષ : तद्, यद्, एतद् વગેરે સર્વનામવાચક શબ્દો, કે જે મૂળભૂત રીતે હ્રસ્વ अ કારાન્ત નથી, પણ તેમનાં ચતુર્થી વિ., એકવચનનાં રૂપો પણ तस्मै । यस्मै । एतस्मै । એમ स्मै પ્રત્યયાન્ત જ સાંભળવા મળે છે. તેથી આ શબ્દોની પાછળ પણ स्मै પ્રત્યયની પ્રવૃત્તિ શક્ય બનાવવા પાણિનિએ त्वदादीनाम् अः । ७-३-१०२ સૂત્રથી તે શબ્દોને પહેલાં હ્રસ્વ अ કારાન્ત બનાવવાનો આદેશ કર્યો છે. જેમકે, त्वदादीनाम् अः । સૂત્ર કહે છે કે त्वद्, तद्, यद्, एतद्, इदम्, अदस् વગેરે આઠ સર્વનામવાચક શબ્દોને = પ્રકૃતિને હ્રસ્વ अ કાર અન્તાદેશ રૂપે લાગે છે, જો વિભક્તિ પ્રત્યય પરમાં હોય તો (દા.ત. तद् + ङे → त + ङे → त + स्मै = तस्मै).

(૪) /-ङे/ સામાન્ય રૂપઘટકમાંથી /स्यै/ એવા વિશેષ ઉપરૂપઘટકને વ્યુત્પન્ન કરવામાં આવે છે. (જેનો ઉપયોગ सर्वस्यै । अस्यै । तस्यै । જેવાં સ્ત્રીલિંગનાં પદો સાધવા માટે કરવામાં આવે છે.) :

૧. सर्वा +	ङे	(૧) चतुर्थी सम्प्रदाने । २-३-१२
પ્રકૃતિમાં સમ્પ્રદાન-કારકત્વ સ્ત્રીત્વ અને એકત્વ રહેલું છે.	તદર્થવાચક ચતુર્થી વિ. એકવચનનો પ્રત્યય.	(२) स्वौजसमौट्० । ४-१-२ (૩) लशक्वतद्धिते । ९-३-८ (સૂત્રથી ङे માંની ङ्ની इत् संज्ञा, (તેથી તે પ્રત્યય ङित् કહેવાશે), પછી તેનો લોપ કરાશે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૨. सर्वा>सर्व+स्याट् ङे

અહીં પ્રકૃતિમાં હ્રસ્વાદેશ થશે
તથા
પ્રત્યયને स्या(ट्) આગમ થશે.

=सर्व + स्या ए

૩. सर्व+स्यै

૪. सर्वस्यै ॥ એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે.

(૪) सर्वनाम्नः स्याट्, ह्रस्वश्च । ૭-૩-૧૧૪ સૂત્રથી "આકારાન્ત સર્વનામવાચક શબ્દની પાછળ આવેલા ङित् પ્રત્યયને स्याट् આગમ થાય છે; અને પ્રકૃતિમાંના આકારને હ્રસ્વ (अ) થાય છે. તો

(૫) वृद्धिरेचि । ૬-૧-૮૮ સૂત્રથી (आ+एની) વૃદ્ધિ થશે. તો

(૫) /-ङे/ સામાન્ય રૂપઘટકમાંથી /-यै/ એવા વિશેષ ઉપરૂપઘટકને વ્યુત્પન્ન કરવામાં આવે છે. (જેનો ઉપયોગ मालायै । रमायै । જેવાં પદો સાધવા માટે કરવામાં આવે છે) :

૧. माला + ङे

પ્રકૃતિમાં સમ્પ્રદાન કારકત્વ, એકત્વ સંખ્યા	તદર્થવાચક ચતુર્થી વિ.ના એકવચનનો પ્રત્યય

૨. माला + ए

૩. माला + या ए

૪. माला + यै ।

૫. मालायै । એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે.

(૧) चतुर्थी सम्प्रदाने । ૨-૩-૧૨

(૨) स्वौजसमौट्० । ૪-૧-૨

(૩) लशक्वतद्धिते । ૧-૩-૮થી ङ्ની इत् संज्ञा, तस्य लोपः ।થી તેનો લોપ કરીશું (આથી ङे પ્રત્યય ङित=ङ् કારેત્સંજ્ઞક કહેવાશે.)

(૪) याडापः । ૭-૩-૧૧૩ સૂત્રથી "आबन्त=આકારાન્ત (સ્ત્રી લિંગ) પ્રકૃતિથી પરમાં આવેલા ङित् પ્રત્યયને याट्>या એવો આગમ થશે.

(૫) वृद्धिरेचि । ૬-૧-૮૮ સૂત્રથી अ વર્ણથી પરમાં एच् આવેલો હોય તો વૃદ્ધિ રૂપી એકાદેશ થાય છે.

૬. /-ङे/ સામાન્ય રૂપઘટકમાંથી /-ऐ/ એવા વિશેષ ઉપરૂપઘટકને વ્યુત્પન્ન કરવામાં આવે છે. (જેનો ઉપયોગ नद्यै । चम्वै । જેવાં પદો સાધવા માટે કરવામાં આવે છે) :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(१) नदी+ङे	(१) चतुर्थी सम्प्रदाने । २-३-१२
(२) नदी+ए	(२) स्वौजसमौट्० । ४-१-२
(३) नदी+आ(ट्) ए=नदी+आ ए	(३) लशक्वतद्धिते । १-३-८થી ङ्नी इत् संज्ञा, પછી તેનો तस्य लोपः। થી લોપ થશે. (આથી ङे પ્રત્યયને ङित् પ્રત્યય કહેવાશે.)
(४) नदी+ऐ	(४) आण्नद्याः। ७-३-११२થી 'નદી' સંજ્ઞક (દીર્ઘ ઈકારાન્ત) ऊકારાન્ત શબ્દની પાછળ આવેલા ङित् પ્રત્યયને आट् આગમ થશે.
(५) नद् य्+ऐ	(५) आटश्च । ६-१-९० સૂત્રથી आट् આગમની પરમાં જો अच् (સ્વર) આવેલો હોય તો વૃદ્ધિ થાય છે.
(६) नद्यै ॥ એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે.	(६) इको यणचि । ६-१-७७ સૂત્રથી इक् ના સ્થાનમાં यण् આદેશ થાય છે, જો अच् પરમાં હોય તો.
	(७) अज्झीनं परेण संयोज्यम् ।

(७) /ङे/ સામાન્ય રૂપઘટકમાંથી /-अम्/ એવા ઉપરૂપઘટકને વ્યુત્પન્ન કરવામાં આવે છે. (જેનો ઉપયોગ तुभ्यम् । मह्यम् । એવાં બે પદોને સાધવા માટે કરવામાં આવે છે.) :

१. युष्मद् प્રકૃતિમાં સમ્પ્રદાનત્વ અને એકત્વ રહેલું છે. | +ङे તદર્થ વાચક ચતુર્થી વિ.ના એકવચનનો પ્રત્યય	(१) चतुर्थी सम्प्रदाने । २-३-१२ (२) स्वौजसमौट्० । ४-१-२ સૂત્રથી ચતુર્થી વિ. એક. વ.નો ङे પ્રત્યય સ્વીકાર્યો.
२. युष्मद्+ङे > अम् = युष्मद् + अम्	(३) ङेप्रथमयोरम् । ७-१-२८ સૂત્રથી "युष्मद् (અને अस्मद्)ની પરમાં આવેલા ચતુર્થી વિ.ના ङेપ્રત્યય)ને अम् એવો આદેશ થાય છે.
३. युष्म-द्+अम् (म પર્યન્ત પ્રકૃતિ) तुभ्य+द्+अम्	(४) तुभ्य मह्यौ ङयि । ७-२-९५ થી "म પર્યન્ત પ્રકૃતિને तुभ्य (અને मह्य એવો આદેશ થાય છે."
४. तुभ्य+०+अम्	

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૫. तुभ्य+अम्=तुभ्य+म्

(૫) शेषे लोपः । ૭-૨-૯૦થી "(અમુક) વિભક્તિપ્રત્યય પરમાં રહેતાં युष्मद् (अस्मद्)ના અંતિમવર્ણ 'द्'નો લોપ થાય છે."

૬. तुभ्यम् ॥ એવું પ્રયોગાર્હ પદ તૈયાર થશે.

(૬) अतो गुणे । ૬-૧-૯૭ સૂત્રથી "અપદાન્ત અકારની પાછળ ગુણસંજ્ઞક (अ ए ओ) વર્ણ આવ્યો હોય તો પરરૂપ એકાદેશ થાય છે.

(૭) પ્રકૃતિ+પ્રત્યયને જોડી દેતાં

નોંધ : આવી જ રીતે, अस्मद् + ङे। હોય ત્યારે ઉપર્યુક્ત ૭-૧-૨૮ સૂત્રથી अस्मद्‌ના म પર્યન્ત ભાગને मह्य આદેશ થશે; અને પછી પૂર્વોક્ત પ્રક્રિયા કરીશું તો मह्यम् ॥ પદ બની જશે.

* * *

અહીં, ચતુર્થી વિભક્તિના એકવચનના /-ङे/ એવા એક જ સામાન્ય રૂપઘટકમાંથી જુદાં જુદાં સાત પ્રકારનાં ચતુર્થ્યન્ત નામપદોની રૂપસિદ્ધિ (= નિષ્પત્તિ) દર્શાવવા માટે પાણિનિએ પ્રથમ તબક્કે સ્થાન્યાદેશની યુક્તિ અજમાવી[1] છે. આ

---

૧. 'સ્થાનિન્ - આદેશ'ની યુક્તિ આ પ્રમાણે છે : પાણિનીય વ્યાકરણતન્ત્રમાં પ્રકૃતિ + પ્રત્યયનું સંયોજન કરીને કોઈ પદની સિદ્ધિ કરવામાં આવે છે, ત્યારે પ્રકૃતિ કે પ્રત્યયના સ્થાનમાં એક નવો જ ધ્વનિ-શબ્દ મૂકવામાં આવે છે. દા. ત. राम+ङे (ચતુર્થી વિ. એકવચનનો પ્રત્યય) । અહીં ङेर्यः । ૭-૧-૧૩ સૂત્રથી "અકારાન્ત અંગ/પ્રકૃતિની પરમાં આવેલા ङे પ્રત્યયને ખસેડી નાખીને, તેના સ્થાનમાં 'य' પ્રત્યય ('આદેશ' તરીકે) પ્રવૃત્ત કરવામાં આવે છે. અહીં પ્રકૃતિ કે પ્રત્યયમાં પૂર્વે જે ધ્વનિ હોય એને 'સ્થાનિન્' કહે છે, અને પાછળથી એ સ્થાનિન્‌ને ખસેડીને, તેના સ્થાનમાં જે નવો ધ્વનિ (દા. ત. ङेના સ્થાનમાં મૂકેલો 'य' ધ્વનિ) મૂકવામાં આવે છે તેને 'આદેશ' કહે છે. આવા આદેશની પ્રવૃત્તિ 'શત્રુવત્' માનવામાં આવી છે. (કારણ કે તે મૂળ ધ્વનિનો જ વિનાશ કરી નાખે છે.) તથા તન્ત્રકાર પાણિનિ કહે છે કે (આવો આદેશ ભલે 'શત્રુવત્' પ્રવૃત્ત થતો, પણ) તે આદેશ સ્વભાવની/ગુણધર્મની દૃષ્ટિએ/અર્થવાહક ઘટક તરીકે સ્થાનિવત્=સ્થાનિતુલ્ય જ ગણવો. (જુઓ : स्थानिवदादेशोऽनल्विधौ । ૧-૧-૫૬)

'આદેશ'ની સમજૂતી આપવાની સાથે 'આગમ'ની પણ સમજૂતી આપવી જોઈએ, 'આગમ' એટલે (કોઈ વર્ણનો) ઉમેરો. ઇષ્ટ કે પ્રયોગાર્હ પદની સિદ્ધિ માટે તન્ત્રકાર પાણિનિને ઘણીવાર પ્રકૃતિની અંદર / પાછળ; કે પ્રત્યયની આગળ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

યુક્તિ કોઈ પણ નામપદ (સુબન્ત)ના મુખ્યત્વે બન્ને ઘટકો (= પ્રકૃતિ અને પ્રત્યય) ઉપર એકસરખી રીતે અજમાવવામાં આવી છે. વળી, તન્ત્રકાર જ્યારે /-ङे/ = ए પ્રત્યયના સ્થાનમાં /-य/ એવા નવા આદેશનું વિધાન કરે છે ત્યારે તેમાં ધ્વનિશાસ્ત્રની સમ્મતિનો પ્રશ્ન જ ઊભો કરવાનો નથી. લોકમાં તેવા આદેશભૂત ધ્વનિઓ (જ) મૂળ સ્થાનિના અર્થોની અભિવ્યક્તિ કરતા હોય છે. આવી પ્રવર્તમાન સ્થિતિ જ (= ભાષાપ્રયોગ જ) શાસ્ત્રકારને આવા આદેશોનું વિધાન કરવાની પરવાનગી આપી દે છે. જેમકે –

'સ્થાન્યાદેશ'નું વિધાન

↓

પ્રકૃતિમાં ↓ — (क) આંશિક પરિવર્તન; (ख) સમ્પૂર્ણ પરિવર્તન

પ્રત્યયમાં ↓ — (ग) આંશિક પરિવર્તન; (घ) સમ્પૂર્ણ પરિવર્તન

હવે, આ ચારેયનાં ઉદાહરણો જોઈશું :

(क) સ્થાનિભૂત પ્રકૃતિમાં આંશિક પરિવર્તન લાવનાર આદેશ : तस्मै । = तद् + ङे અહીં त्यदादीनाम् अः । ७-२-१०२ સૂત્રથી तद् પ્રકૃતિમાં અકાર અન્તાદેશ રૂપે (द् ના સ્થાનમાં) પ્રવૃત્ત થયો છે. તો त + ए બનશે. [ત્યાર પછી ङेના સ્થાનમાં स्मै આદેશ પ્રવૃત્ત કરીશું તો तस्मै । રૂપ સિદ્ધ થશે.]

(ख) સ્થાનિભૂત પ્રકૃતિમાં સમ્પૂર્ણ પરિવર્તન લાવનાર આદેશ : तुभ्यम् । = युष्मद् + ङे અહીં तुभ्यमह्यौ ङयि । ७-२-९५ સૂત્રથી युष्मद् પ્રકૃતિના म પર્યંતના ભાગને तुभ्य એવો આદેશ થાય છે; અને ત્યાર પછી शेषे लोपः । ७-२-९० થી અવશિષ્ટ द् ને પણ લોપાદેશ થાય છે. આમ तुभ्य + ङे બને છે. [પછી ङेપ્રત્યયના સ્થાનમાં अम् એવો આદેશ થાય છે. तुभ्य + अम् પછી પરરૂપવિધિ થતાં तुभ्यम् બનશે.)

કે પાછળ અમુક વર્ણો ઉમેરવા પડતા હોય છે. राम + न् + आम् = रामाणाम् । અહીં आम् પ્રત્યયની આગળ न् નો આગમ = ઉમેરો કરવામાં આવે છે.) આવા વર્ણોપજન = વર્ણોના ઉમેરાને 'આગમ' કહે છે. આવા આગમોની પ્રવૃત્તિ "મિત્રવત્" ગણાઈ છે. કેમકે તે કોઈ ધ્વનિનો નાશ કરતા નથી; કેવળ પ્રકૃતિ કે પ્રત્યયની આગળ / પાછળ આવીને જોડે બેસી જાય છે. અને તેના અવયવ જ બન જાય છે. (સ્વભાવ / ગુણધર્મની દૃષ્ટિએ તો આગમો કોઈ નવા અર્થના વાહક હોતા નથી.) તેનો ઉપયોગ કેવળ ઇષ્ટ કે પ્રયોગાર્હ પદ સાધવા માટે જ થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ग) સ્થાનિભૂત પ્રત્યયમાં આંશિક પરિવર્તન લાવનાર આદેશ : मालायै । = माला + ङे. અહીં [આ કારાન્ત પ્રકૃતિ (माला) માં કશો ફેરફાર થતો નથી. પણ] ङे પ્રત્યયને પહેલાં या (ट्) આગમ લાગે છે. माला + या ए । અહીં या આગમ લાગ્યા પછી, वृद्धिरेचि । ૬-૧-૮૮ થી જે વૃદ્ધિરૂપી એકાદેશ થાય છે તેનાથી /-यै/ એવો પ્રત્યય બનીને ઊભો રહે છે. (કોઈકની દૃષ્ટિએ આ વૃદ્ધિરૂપી આદેશ પ્રત્યયમાં સંપૂર્ણ પરિવર્તન લાવનારો પણ હોઈ શકે.)

(घ) સ્થાનિભૂત પ્રત્યયમાં સંપૂર્ણ પરિવર્તન લાવનાર આદેશ : रामाय । = राम + ङे । અહીં, अ કારાન્ત અંગ / પ્રકૃતિની પરમાં આવેલા સમગ્ર ङे પ્રત્યયના સ્થાનમાં ङेर्यः । ૭-૧-૧૩ સૂત્રથી એક નવો જ /-य/ આદેશ થાય છે. [પછી પ્રકૃતિમાં દીર્ઘત્વ થઈને रामाय । બને છે.]

ત્યાર પછી, બીજે તબક્કે

સ્થાન્યાદેશની યુક્તિથી (અંશતઃ કે સંપૂર્ણ) પરિવર્તિત કરેલાં બે રૂપઘટકો– પ્રકૃતિ અને પ્રત્યયનું અંતિમ સંયોજન કરીએ એ પહેલાં બીજાં પણ કેટલાંક સંહિતાજન્ય [= તે પ્રકૃતિ + પ્રત્યયના સંનિધિથી પ્રેરાઈને પ્રાપ્ત થયેલાં] ધ્વનિપરિવર્તનો કરવાં આવશ્યક બને છે. પાણિનિએ પોતાની રૂપાખ્યાન પદ્ધતિમાં આ માટેનાં સૂત્રો મુખ્યત્વે अङ्गस्य । (૬-૪-૧ થી ૭-૪-૯૭) સૂત્રોક્ત "અંગાધિકાર"માં, તથા ત્રિપાદી (૮-૨, ૩, ૪ પાદ)માં મૂક્યાં છે.

આવાં ધ્વનિપરિવર્તનોમાં મુખ્યત્વે ૧. લોપ, ૨. આગમ અને ૩. (હ્રસ્વ, દીર્ઘ, ગુણ, વૃદ્ધિ, સંપ્રસારણ, પરરૂપ, णत्व, षत्व વગેરે પ્રકારના) ધ્વનિવિકારોને ગણાવી શકીએ. જેમકે,

૧. લોપ : युष्मद् + ङे → तुभ्य द् + ङे → तुभ्य + ० + ङे → तुभ्य + ङे → तुभ्य + अम् → तुभ्यम् । અહીં शेषे लोपः । ૭-૨-૯૦ થી પ્રકૃતિના द् કારનો લોપ થયો છે.

૨. આગમ : वारि + ङे → ए । અહીં ઈગન્ત અંગને नुम् = न् નો આગમ કર્યો છે. वारिन् + ए = वारिने (પછી णत्व થશે તો – वारिणे)

૩. ધ્વનિવિકારો :

(૧) (હ્રસ્વ) : सर्वा + ङे → सर्वा + स्या + ए → सर्वा + स्यै → પછી, પ્રકૃતિમાં હ્રસ્વ થતાં → सर्व + स्यै = सर्वस्यै ।

(૨) (દીર્ઘ) : राम + ङे → राम + य → પછી હ્રસ્વાન્ત પ્રકૃતિમાં દીર્ઘ થશે → रामा + य = रामाय ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(उ) (णत्व) : वारि + ङे → वारिन् + ए → वारिने । પછી રેફોત્તરવર્તી न् ને ण् થશે → वारिणे । વગેરે વગેરે.

આમ કોઈ પણ સુબન્ત (કે તિઙન્ત) પદની સિદ્ધિ કરવા માટે પાણિનિએ એક નિશ્ચિત પ્રકારની રૂપાખ્યાન પદ્ધતિ અજમાવી છે. જેમાં – ૧. આરંભે તેમણે ભાષાપ્રયોગમાં કોઈ એક જ અર્થની અભિવ્યક્તિ કરનારાં વિવિધ ઉપરૂપઘટકોવાળાં પદો જોયાં હશે. ૨. ત્યાર પછી તેમણે તે વૈવિધ્યસભર પદોમાંથી (અન્વયવ્યતિરેક પદ્ધતિ દ્વારા) કયું એક સામાન્ય રૂપઘટક તારવી શકાય એમ છે એ મનમાં વિચારી લઈને, પ્રથમાથી સપ્તમી વિભક્તિ સુધીનાં (ત્રણેય વચનનાં) ૨૧ સામાન્ય રૂપ-ઘટકોને શોધી કાઢીને, તેનું એક જ સૂત્ર (– स्वौजसमौट्० । ૪-૧-૨) માં પ્રદર્શન કર્યું છે. ૩. ત્યાર પછી પ્રકૃતિ + પ્રત્યયમાં સ્થાન્યાદેશની ઉપર્યુક્ત યુક્તિ દ્વારા ઇષ્ટ કે પ્રયોગાર્હ પદ તરફ લઈ જનારા ધ્વન્યાત્મક ફેરફારો સૂચવ્યાં છે. અને છેલ્લે ૪. એટલે કે જરૂરી / શક્ય એટલા આદેશોનું વિધાન પૂરું કર્યા પછી; પ્રકૃતિ + પ્રત્યયના અંતિમ સંયોજન પૂર્વે જરૂરી (= સંહિતા પ્રાપ્ત) અન્ય ધ્વનિપરિવર્તનોનું વિધાન કર્યું છે.

આ રૂપાખ્યાન પદ્ધતિ અનવદ્ય અને નિરતિશય લાઘવપૂર્ણ છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. બીજું, પાણિનિએ પ્રયોજેલી આ રૂપાખ્યાન પદ્ધતિ તેમના સૌ અનુગામી વૈયાકરણો, જેવા કે ચન્દ્રગોમિન્‌થી માંડીને હેમચન્દ્રાચાર્ય સુધીના વૈયાકરણોને માટે અનુકરણીય બની રહી છે. (તથા વરરુચિ, ત્રિવિક્રમાદિ પ્રાકૃત ભાષાના વ્યાકરણકારોને માટે પણ તે પદ્ધતિ જ અનુકરણીય બની રહી છે.)

પ્રસ્તુત અભ્યાસમાં અનુષંગે એક દિશાસૂચન કરવું જોઈએ : ભાષામાં વપરાતાં તમામ નામોને ષડ્‌વિધ પ્રાતિપદિકો (જેવાં કે સ્વરાન્ત પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ નામો, તથા વ્યંજનાન્ત પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ નામો) તરીકે વર્ગીકૃત કરી શકાય છે. પરંતુ જ્યારે આવા ષડ્‌વિધ પ્રાતિપદિકોમાંથી ભાષામાં વપરાતાં અધિકાધિક (અથવા સંપૂર્ણ) નામપદો; અને ભવિષ્યમાં વાપરી શકાય એવાં (પ્રયોગાર્હ) નવાં સંભવિત નામપદોને તન્ત્રની મર્યાદામાં આવરી લેવા માટે પાણિનિએ કઈ પદ્ધતિ અજમાવી છે ? એનો પણ સ્વતંત્ર અભ્યાસ કરવા જેવો છે.[1] इति दिक् ॥

---

૧. સ્વાધ્યાય (૨૭.૧-૨) દીપોત્સવી અંક, મ.સ. યુનિ., વડોદરા, ઓકટો. ૮૯ થી જાન્યુ. ૧૯૯૦, પૃ. ૬૩-૮૬ ઉપર પ્રકાશિત લેખ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલા - ૩

પાણિનીય વ્યાકરણમાં જ્ઞાપકસિદ્ધ વચનો

૧.૦ ભૂમિકા :

૧.૧. મહર્ષિ પાણિનિકૃત 'અષ્ટાધ્યાયી' નાં સૂત્રો ઉપર 'ઉક્ત, અનુક્ત અને દુરુક્ત ચિંતા પ્રવર્તાવનારાં' વાર્ત્તિકવચનો કાત્યાયનાદિ વાર્ત્તિકકારોએ રચ્યાં. ત્યાર પછી પાણિનિનાં સૂત્રો અને કાત્યાયનાદિનાં એ વાર્ત્તિકોની સમીક્ષા કરવા માટે પતંજલિએ 'વ્યાકરણ-મહાભાષ્ય' ની રચના કરી. આમ આ ત્રણેય મુનિઓના પ્રયત્નથી સંસ્કૃત ભાષાનું સંપૂર્ણ અને અનવદ્ય વ્યાકરણ તૈયાર થયું. આ ત્રણેય મુનિઓના વ્યાકરણમાંથી કાલાન્તરે જ્યારે કાશિકા, સિદ્ધાન્તકૌમુદી વગેરે જેવા વૃત્તિગ્રન્થો / પ્રક્રિયાગ્રન્થો તૈયાર થવા લાગ્યા ત્યારે તેમાં પાણિનિનાં સૂત્રોનું અર્થઘટન કરવા કે સૂત્રોનો પ્રવૃત્તિપ્રદેશ નક્કી કરવા, તથા ઈષ્ટ રૂપોની સિદ્ધિ કરવા માટે કે અમુક શિષ્ટ પ્રયોગોને સાધુત્વબોધન કરવા માટે ઘણા બધાં પરિભાષા-વચનો, લોકન્યાયો, ઈષ્ટિવચનો, જ્ઞાપકસિદ્ધ વચનો અને યોગવિભાગાદિની રજૂઆત કરવામાં આવી છે. આ બધામાંથી જે 'જ્ઞાપકસિદ્ધ વચનો' છે તેમનો વિવેચનાત્મક અભ્યાસ પ્રસ્તુત લેખમાં રજૂ કરવામાં આવ્યો છે.

૧.૨ વૈયાકરણ પરંપરામાં પાણિનિકૃત 'અષ્ટાધ્યાયી'નાં સૂત્રોને પૂરેપૂરાં અનવદ્ય માનવામાં આવ્યાં છે. ભાષ્યકાર પતંજલિએ તો પ્રતિજ્ઞા ઉચ્ચારી છે કે "દર્ભથી પવિત્ર થયેલા હાથવાળા પ્રમાણભૂત આચાર્ય (પાણિનિ)એ પાવન પ્રદેશમાં પૂર્વદિશા તરફ મુખ કરીને બેસીને, ભારે પ્રયત્નથી સૂત્રની રચના કરી હતી. આ (સૂત્ર)માં એકાદ વર્ણ પણ અનર્થક હોવો શક્ય નથી; તો પછી આખા સૂત્રની તો વાત જ ક્યાં રહી ?" (૧-૧-૧ મહાભાષ્ય)[૧]; વળી બીજા એક સન્દર્ભમાં કહ્યું છે કે – "(સૂત્રોમાંના) સામર્થ્યના યોગને કારણે આ (વ્યાકરણ)શાસ્ત્રમાં હું (પતંજલિ) કશુંય એવું જોતો નથી કે જે અનર્થક હોય." (૬-૧-૭૭ મહાભાષ્ય)[૨]. આ ઉપરાંત, પાણિનિએ પોતાનાં સૂત્રોને 'સ્વલ્પાક્ષર' અર્થાત્ અત્યંત લાઘવપૂર્ણ રીતે રચ્યાં છે એમ માનવામાં આવે છે. આથી, પાણિનિએ કોઈ પણ સૂત્રમાં લાઘવભંગ

---

૧. प्रमाणभूत आचार्यो दर्भपवित्रपाणिः शुचाववकाशे प्राङ्मुख उपविश्य महता प्रयत्नेन सूत्राणि प्रणयति स्म, तत्राशक्यं वर्णेनापि अनर्थकेन भवितुं; किं पुनरियता सूत्रेण ॥ (१-१-१ सूत्रभाष्यम् ; व्याकरणमहाभाष्यम् : भाग-१ पृ. १०७)

२. सामर्थ्ययोगान्न हि किञ्चिदस्मिन्पश्यामि शास्त्रे यदनर्थकं स्यात् ॥ (६-१-७७ सूत्रभाष्यम्, व्याकरणमहाभाष्यम्, भाग-२, पृ. ७२७)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કરીને ગૌરવનું આશ્રયણ કર્યું હોય; કે પ્રાથમિક દૃષ્ટિએ કોઈ સૂત્રમાં અમુક પદનો પ્રયોગ અનર્થક કે વિરોધાભાસી જણાતો હોય તો ત્યાં સ્થિતસ્ય ગતિશ્ચિન્તનીયા । એવી અભિયુક્તોક્તિને જ અનુસરવું રહ્યું. આ સંદર્ભમાં, ભાષ્યકારે પણ કહ્યું છે કે '(ભાષ્ય) વ્યાખ્યાનમાંથી વિશેષ (અર્થ)ની સમજૂતી મળી રહેશે; પણ સંદેહ હોવામાત્રથી જ (શાસ્ત્ર) કાંઈ અશાસ્ત્ર બની જતું નથી.'[1] આમ પાણિનિનાં સૂત્રોનું સ્વારસ્ય સમજવાના ભાષ્યકારાદિના તર્કનિષ્ઠ પ્રયત્નોમાંથી જ્ઞાપકચર્ચાનો ઉદય થયો છે.

૨.૦ ભાષ્યોક્ત જ્ઞાપનનાં ઉદાહરણો :

૨.૧ ઉદાહરણ-૧ : येन विधिस्तदन्तस्य । (पा. सू. १-१-७२) સૂત્રથી સૂત્રકારે કહ્યું છે કે "જે વિશેષણને ઉચ્ચારીને કોઈ વિધિ કહેવામાં આવેલ હોય તે વિધિ એ વિશેષણને અને 'એ વિશેષણ જેના અન્તે આવેલ હોય' તેવા તદન્ત શબ્દસ્વરૂપને પણ લાગુ પડે છે." આ સૂત્રના અનુસંધાનમાં એક અનુક્ત- સમુચ્ચયાર્થક વાર્ત્તિક રજૂ કરવામાં આવ્યું છે : अकच्श्नम्वतः सर्वनामाव्ययधातुविधावुपसंख्यानं कर्तव्यम् । આને સમજાવતાં ભાષ્યકાર કહે છે કે "अकच् પ્રત્યય સહિતનાની પણ 'સર્વનામ' અને 'અવ્યય' સંજ્ઞા થઈ શકે (જેમ કે, सर्वे → सर्वके। उच्चैः → उच्चकैः); તથા श्नम् વિકરણ પ્રત્યય સહિતનાની પણ (જેમ કે, भिद् → भिनद्) ધાતુસંજ્ઞા થઈને, તન્નિમિત્તક વિધિઓ થઈ શકે." એમ આ येन विधि० (१-१-७२) સૂત્ર ઉપર ઉમેરવું જોઈએ. કારણ કે અહીં, (अव्ययसर्वनाम्नामकच् प्राक् टेः । पा.सू. ५-३-७१ સૂત્રથી) सर्व શબ્દની ટિની પૂર્વમાં अकच् પ્રત્યય થઈને (सर्व + अकच् → सर्व् + अक् + अ =) જે सर्वक શબ્દ બને છે તે સર્વાદિ ગણમાં સંગૃહીત 'सर्व' શબ્દ પણ નથી અને सर्वान्त (= सर्व શબ્દ છે અન્તમાં જેની) શબ્દ પણ નથી.[2] આથી सर्वक + जस् । એ સ્થિતિમાં जस् એ પ્રત્યયને शी (७-१-१७ સૂત્રોક્ત) આદેશ થશે નહીં, અને ઇષ્ટ એવું सर्वके । રૂપ પણ બનશે નહીં. વાર્ત્તિકકારનો પૂર્વોક્ત પ્રસ્તાવ સ્વીકારવો પડશે એમ જણાય છે.

---

१. व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणम् ॥ (लण् । मा. सू. ६ इत्यत्र भाष्यम्; व्याकरणमहाभाष्यम् : भाग-१, पृ. १००)

२. अकच्वतः – सर्वके, स्वके । अव्ययविधौ–उच्चकैः नीचकैः । श्नम्वतः–भिनत्ति, छिनत्ति ॥ किं पुनः कारणं न सिध्यति ? इह – (१-१-७२) (इत्यत्र) तस्य वा ग्रहणं भवति, तदन्तस्य वा । न चेदं तत्, नापि तदन्तम् ॥ (१-१-७२ इत्यत्र भाष्यम्, व्या.म. भाग-१, पृ. ३८३)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરંતુ ભાષ્યમાં આગળ ઉપર કહ્યું છે કે જેવી રીતે ગંગા કે યમુના નદીમાં, બીજી અનેક નદીઓ પ્રવેશી ગઈ.હોય છે, તથાપિ તે 'ગંગા' અને 'યમુના' તરીકે જ ઓળખાય છે; અથવા તો જેવી રીતે દેવદત્તાના ઉદરમાં રહેલો ગર્ભ 'દેવદત્તા' કહેતાં ગૃહીત થઈ જાય છે;[1] તેવી રીતે સર્વાદિ શબ્દોની મધ્યમાં પડેલા अकच् વગેરે પ્રત્યયો, પણ તદેકદેશભૂત (= સર્વાદિ શબ્દોના એકદેશ એટલે કે અવયવ રૂપ) બનીને સર્વાદિ રૂપે ગૃહીત થઈ શકે છે; (એને માટે પૂર્વોક્ત અનુક્ત સમુચ્ચયાર્થક વાર્તિક રચવાની જરૂર નથી).

હવે પ્રશ્ન થશે કે तदेकदेशभूतं तद्ग्रहणेन गृह्यते । ('અમુકનો એકદેશભૂત બનેલો (પ્રત્યય વગેરે) અમુકના ગ્રહણની સાથે ગ્રહી શકાય છે.') એવું ક્યાંથી જાણ્યું ? તો પતંજલિ કહે છે આચાર્ય પાણિનિના नेदमदसोरकोः । (पा.सू. ૭-૧-૧૧) સૂત્રમાંના अकोः એવા નિષેધ ઉપરથી જ્ઞાપિત થાય છે કે तदेकदेशभूतं तद्ग्रहणेन गृह्यते ॥ અહીં अकोः એવું પદ કેવી રીતે જ્ઞાપક બને છે એને સમજાવતાં ભાષ્યકાર કહે છે કે इदम्—अदस् ની પાછળ આવેલા भिस् પ્રત્યયને ऐस् આદેશ થતો નથી. नेदमदसोः એટલું જ સૂત્રમાં કહ્યું હોત તો પણ क કાર સહિતના इदम् કે अदस् ને ऐस् આદેશના નિષેધની પ્રાપ્તિ થવાનો પ્રસંગ જ ન હતો. કેમ કે अकच् પ્રત્યયના क કાર સહિતના इदकम् કે अदकस् નું શબ્દાન્તર રૂપે ગ્રહણ થશે. આથી अकोः એવું નિષેધવાચક વિશેષણ વ્યર્થ જણાય છે. પરંતુ પાણિનિનાં સૂત્રોમાં કશુંય અનર્થક હોતું નથી એવી આપણી શ્રદ્ધા છે. આથી એમ માનવું રહ્યું કે પાણિનિને अकोः એવો નિષેધ એટલા માટે રજૂ કરવો પડ્યો કે એમની દૃષ્ટિએ तदेकदेशभूतं तद्ग्रहणेन गृह्यते । એમ સર્વસ્વીકૃત વ્યવસ્થા પ્રચલિત છે, અથવા એવી વ્યવસ્થા એમણે પોતે પોતાના વ્યાકરણતન્ત્ર માટે મનોમન સ્વકારી છે.

આમ नेदमदसोरकोः । ૭-૧-૧૧ સૂત્રસ્થ अकोः એવું પદ પ્રાથમિક દૃષ્ટિએ વ્યર્થ જણાય છે. પરંતુ એક વાક્યાન્તરની કલ્પના કરીને એ વ્યર્થતાની નિવૃત્તિ કરી શકાય એમ છે. આ વાક્યાન્તર (तदेकदेशभूतं तद्ग्रहणेन गृह्यते)ને પાણિનીય વ્યાકરણમાં "જ્ઞાપન" (કે જ્ઞાપક) એવું પારિભાષિક નામ આપવામાં આવ્યું છે.

* * *

હવે આવા तदेकदेशभूतं तद्ग्रहणेन गृह्यते । એવા જ્ઞાપનને સ્વીકારવાથી नेदमदसोरकोः । ૭-૧-૧૧ સૂત્રમાં अकोः પદનું સ્વાંશે ચારિતાર્થ્ય સિદ્ધ થઈ જાય

१. अनेका नदी गङ्गां यमुनां च प्रविष्टा गङ्गायमुनाग्रहणेन गृह्यते । तथा—देवदत्तास्थो गर्भो देवदत्ताग्रहणेन गृह्यते ॥ (१-१-७२ इत्यत्र भाष्यम्, व्या.म. भाग-१, पृ. ३८४).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છે (અર્થાત્ આ પદની આવશ્યકતા / પ્રયોજન સ્પષ્ટ થઈ જાય છે). તથા આવા જ્ઞાપકસિદ્ધ વચનને કારણે भिनत्ति । રૂપના ધાત્વંશમાં ઇષ્ટ એવો અન્તોદાત્ત સ્વર થઈ શકે છે. જેમ કે, √भिद् ધાતુને श्नम् વિકરણ પ્રત્યય લાગ્યા પછી, પૂર્વોક્ત જ્ઞાપકવચન સ્વીકારવાથી, भिनद्માં શબ્દાન્તરત્વની પ્રાપ્તિ નહીં થાય અને भिनद् માં પણ ધાતુત્વ ચાલુ રહેશે. જેના પરિણામે भिनत्ति । એવા ક્રિયાપદમાં धातोः । ૬-૧-૧૬૨ સૂત્રવિહિત અન્તોદાત્ત સ્વરની પ્રવૃત્તિ કરી શકાશે : भि॒न॒त्ति॥

૨.૨ ઉદાહરણ-૨ : साधकतमं करणम् । (पा. सू. १-४-४२) સૂત્રથી પાણિનિએ "ક્રિયાસિદ્ધિમાં પ્રકૃષ્ટપણે[1] ઉપકારક (સાધક પદાર્થ) હોય તેની 'કરણ-કારક' સંજ્ઞા થાય છે."[2] એમ જાહેર કર્યું છે. અહીં ભાષ્યકારે ચર્ચા કરી છે કે (પ્રકૃષ્ટાર્થક) तमप् પ્રત્યયનું સૂત્રકારે શા માટે ગ્રહણ કર્યું છે ? આવો પ્રશ્ન થવાનું કારણ એ છે કે કારકાધિકારને કારણે જ સાધકત્વની પ્રાપ્તિ થઈ શકે છે. એ સ્થિતિમાં સૂત્રકારે વાપરેલો साधक શબ્દ જ પ્રકર્ષાર્થનો બોધક બનશે; એટલે પ્રકર્ષાર્થનો બોધ કરાવવા માટે तमप् પ્રત્યયનો ઉપયોગ કરવાની જરૂર ન હતી. આમ "साधकं करणम्" । એવું જ લાઘવયુક્ત સૂત્ર રચ્યું હોત તો પણ ચાલી શકત. પરંતુ સૂત્રકારે ત્યાં લાઘવનો પરિત્યાગ કરીને ગૌરવનો આશ્રય-સૂત્રમાં तमप् પ્રત્યયનો સમાવેશ—કર્યો છે; તેનાથી સૂત્રકાર એવું જ્ઞાપિત કરવા માંગે છે કે "કારકસંજ્ઞાના વિષયમાં (સામર્થ્યગમ્ય) તર-તમ-નો યોગ થતો નથી." બીજા શબ્દોમાં કહીએ તો "અહીં तमप् પ્રત્યયનું શ્રવણ એવું જ્ઞાપિત કરે છે કે પ્રકર્ષ (અર્થ બતાવનારા) પ્રત્યયનું ગ્રહણ કર્યા વિના આ (કારક) પ્રકરણમાં સામર્થ્યગમ્ય પ્રકર્ષનું આશ્રયણ કરાતું નથી."[3] આથી જો साधकं करणम् । એવું तमप् પ્રત્યય વિનાનું સૂત્ર કર્યું હોત તો "કારકાધિકારમાં આવેલું 'साधक' પદ સાધકતમાર્થની પ્રતીતિ કરાવે છે" એવું માની શકાત નહીં. અને પરિણામે साधकं करणम् । એવા ટૂંકા સૂત્રથી તો धनुषः बाणेन विध्यति। ને બદલે धनुषा बाणेन विध्यति।

---

૧. क्रियासिद्धौ प्रकृष्टोपकारकं कारकं करणसंज्ञं स्यात् । (१-४-४२ इत्यत्र सिद्धान्तकौमुदी, पृ. १४१)

૨. અહીં બાલમનોરમાકાર લખે છે કે अतिशयितं साधकं साधकतममिति भावः । यद्व्यापारोनन्तरं क्रियानिष्पत्तिस्तत्प्रकृष्टम् ॥ (बालमनोरमा, पृ. ६३३)

૩. एवं तर्हि सिद्धे सति यत्तमग्रहणं करोति तज्ज्ञापयत्याचार्यः— कारकसंज्ञायां तरतमयोगो न भवतीति । (१-४-४२ इत्यत्र भाष्यम्); अत्र प्रदीपटीकायां कैयटो लिखति—तमश्रुतिरेतज्ज्ञापयति प्रकर्षप्रत्ययग्रहणमन्तरेणेह प्रकरणे सामर्थ्यगम्यः प्रकर्षो नाश्रीयते ॥ (व्याकरणमहाभाष्यम् : भाग-१, पृ. २५९).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એવું થવા આવત. એટલે કે धनुष् એવું અપાદાન કારક પણ સાધક તો છે જ, એ દૃષ્ટિએ તેની પણ 'કરણ' સંજ્ઞા થઈને धनुषा એવો અનિષ્ટ પ્રયોગ થાત.

પરંતુ સૂત્રકારે તો साधकतमं करणम् । એવું પ્રકર્ષાર્થ બોધક तमप् પ્રત્યય સહિતનું લાંબું સૂત્ર બનાવ્યું છે. તેથી, પૂર્વોક્ત ઉદાહૃત વાક્યમાં धनुष्‌ની 'કરણ' સંજ્ઞા થઈ શકશે નહીં. કારણ કે તે પદાર્થ ક્રિયાસિદ્ધિમાં પ્રકૃષ્ટોપકારક નથી; પણ કેવળ बाण પદાર્થના જ વ્યાપાર પછી તરત ક્રિયાની નિષ્પત્તિ (= ક્રિયાજન્ય ફલની પ્રાપ્તિ) થતી હોઈને, તે ક્રિયાસિદ્ધિમાં પ્રકૃષ્ટોપકારક બનશે; અને તેને જ 'કરણ' કારક કહેવાશે. આમ કારક પ્રકરણમાં તર-તમ પ્રત્યય વાપર્યા વિના જો કોઈ કારકસંજ્ઞાનું વિધાન કર્યું હોય તો ત્યાં શબ્દસામર્થ્યજનક પ્રકૃષ્ટાર્થની–અતિશયાર્થની પ્રતીતિ કરવી નહીં.

આવું જ્ઞાપન માનવાથી અપાદાન સંજ્ઞા અને અધિકરણસંજ્ઞાના વિષયમાં પણ ઇષ્ટપ્રયોગો સાધી શકાય છે. જેમ કે, ध्रुवम् अपायेऽपादानम् । पा. सू. ૧-૪-૨૪) એવા 'અપાદાનકારક' સંજ્ઞા કરનારા સૂત્રમાં, 'અપાદાન' એવી (અન્વર્થ) મહાસંજ્ઞાથી જ अपाये यद् ध्रुवम्' એવા અર્થની પ્રાપ્તિ થઈ જવાની હતી, એવી સ્થિતિમાં સૂત્રકારે વાપરેલા 'अपाये ध्रुवम्' એવા શબ્દોના આધિક્યમાંથી જો પ્રકર્ષની વિવક્ષા કરીશું તો ग्रामादागच्छति ।માં જ (જ્યાં સાક્ષાત્ અપાય હશે ત્યાં જ) અપાદાન સંજ્ઞા થઈને પંચમી વિભક્તિ પ્રવૃત્ત થશે. પણ सांकाश्यकेभ्यः पाटलिपुत्रका अभिरूपतराः । જેવા ઉદાહરણમાં, કે જ્યાં બુદ્ધિકલ્પિત અપાય હશે ત્યાં અપાદાન સંજ્ઞા થશે નહીં; અને सांकाश्यकेभ्यः એવો પંચમ્યન્ત પ્રયોગ પણ થશે નહીં. પરંતુ સૂત્રકારે साधकतमं करणम् । સૂત્રમાં तमप् ગ્રહણ કરીને જ્ઞાપિત કર્યું છે કે "કારકસંજ્ઞાના વિષયમાં તર-તમ પ્રત્યયોના પ્રયોગ વિના, શબ્દસામર્થ્યજન્ય પ્રકર્ષનું આશ્રયણ કરવાનું નથી." આ જ્ઞાપનને આધારે જ્યાં સાક્ષાત્ અપાય નહીં હોય, પણ કેવળ બુદ્ધિકલ્પિત અપાય હશે ત્યાં પણ અપાદાન સંજ્ઞા પ્રવૃત્ત થઈ શકશે અને सांकाश्यकेभ्यः બની શકશે.[1]

આ જ રીતે, आधारोऽधिकरणम् । (पा.सू. १-४-४५) એવા અધિકરણ-કારક સંજ્ઞા કરનારા સૂત્રમાં પણ તર-તમ પ્રત્યયોનો સૂત્રકારે પ્રયોગ કર્યો નથી. તેથી 'અધિકરણ' એવી અન્વર્થ સંજ્ઞાની સાથે વપરાયેલા 'આધાર' શબ્દના

---

१. अपायमाचार्यः किं न्याय्यं मन्यते? यत्र संप्राप्य निवृत्तिः । तेनैहैव स्यात्–ग्रामादागच्छति । सांकाश्यकेभ्यः पाटलिपुत्रका अभिरूपतरा इत्यत्र न स्यात् । 'कारकसंज्ञाया तरतमयोगो न भवति' इत्यत्रादि सिद्धं भवति ॥

(१-४-४२ इत्यत्र माध्यम; व्या. म. भाग-१, पृ. २५९).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સામર્થ્યથી "મુખ્યાધારમાં જ 'અધિકરણ' સંજ્ઞા પ્રવૃત્ત થાય છે" એવું નિયમન કરાશે નહીં, જેના પરિણામે મુખ્ય–સાક્ષાત્ આધાર, ઉપરાંત સામીપ્ય માત્રનું આશ્રયણ કરવાથી ગૌણાધારમાં પણ 'અધિકરણ' સંજ્ઞા પ્રવૃત્ત થઈ શકશે. જેથી तिलेषु तैलम् ।ની જેમ गङ्गायां गावः । कूपे गर्गकूलम् । જેવા ગૌણ આધારમાં પણ અધિકરણ સંજ્ઞા થઈ શકે છે (અને સપ્તમી વિભક્તિ પ્રવૃત્ત થઈ શકે છે).[1]

3.0 જ્ઞાપક કલ્પનનું બીજ :

3.1. ભાષ્યકારે પ્રસ્તુત કરેલાં અનેક જ્ઞાપકસિદ્ધ વચનોમાંથી આપણે બે ઉદાહરણો જોયાં. તેનો સૂક્ષ્મેક્ષિકાથી અભ્યાસ કરતાં જણાય છે કે પાણિનિના સૂત્રાત્મક વ્યાકરણમાં પતંજલિએ અખૂટ શ્રદ્ધા મૂકી છે; અને કહ્યું છે કે सामर्थ्ययोगान्नहि किञ्चिद् अस्मिन् पश्यामि शास्त्रे यदनर्थकं स्यात्। (६-१-७७ इत्यत्र भाष्यम् ।) આથી જ્યારે જ્યારે ભાષ્યકારને કોઈ સૂત્રમાં અમુક પદનો નિર્દેશ અયુક્ત જણાય છે ત્યારે ત્યારે તેઓ તેવાં સૂત્રોમાં કોઈ પરિવર્તન કરવાને બદલે સૂત્રકારના મનમાં રહેલા / કે સૂત્રકારે પરોક્ષ રીતે સ્વીકારેલા કોઈ વાક્યાન્તરની કલ્પના રજૂ કરે છે. આ વાક્યાન્તરની કલ્પના થકી પ્રાથમિક દૃષ્ટિએ જે અયુક્ત પ્રયોગ દેખાયો હોય છે તેની ઉપપત્તિ થતી જણાય છે — તેનું સ્વારસ્ય હાથ લાગે છે. આથી પાણિનીય વૈયાકરણોની પરંપરાએ માન્યું છે કે येन विना यदनुपपन्नं तेन तदाक्षिप्यते । અથવા તો — येन विना यदनुपपन्नं तत्सर्वं तेन ज्ञाप्यते । અર્થાત્ 'જેના (= જે વાક્યાન્તર) વિના જે અનુપપન્ન રહેતું હોય, તે બધું તેનાથી (તે અનુપપન્ન પદ કે સૂત્રથી) આક્ષિપ્ત થાય છે, જ્ઞાપિતસૂચિત થાય છે.' આમ જ્ઞાપન કલ્પનાની પાછળ સૂત્રકારના કોઈક શબ્દપ્રયોગની પ્રાથમિક દૃષ્ટિએ અનુપપત્તિ અને ત્યાર પછી કોઈ વાક્યાન્તરની કલ્પના વડે તે અનુપપત્તિનું સમાધાન શોધવાની પ્રવૃત્તિ કામ કરતી જોવા મળે છે.

3.2 : પાણિનિનાં સૂત્રો જેમ અનવદ્ય છે એમ માનવામાં આવ્યું છે, તેમ તેમનાં સૂત્રો સ્વલ્પાક્ષર છે, લાઘવયુક્ત છે એમ પણ માનવામાં આવ્યું છે. આથી સૂત્રકાર પાણિનિએ જો કોઈક સૂત્રમાં લાઘવનો ત્યાગ કરીને, ગૌરવનું આશ્રયણ કર્યું છે એવું લાગે ત્યારે પણ તે ગૌરવને કોઈક વાક્યાન્તરનું જ્ઞાપક માનવામાં આવે છે. આથી પાણિનીય વૈયાકરણ પરંપરા કહે છે કે 'शब्दाधिक्याद् अर्थाधिक्यम् ।' જ્યાં પાણિનિ સ્વલ્પાક્ષરથી કામ લઈ શક્યા હોત એમ લાગે ત્યાં જો તેમણે વધુ શબ્દોનો પ્રયોગ કર્યો હોય તો તેનાથી સૂત્રકાર કોઈક વિશેષાર્થનું જ્ઞાપન કરવા માંગે છે એમ માનવું

---

૧. तथाधारमाचार्यः किं न्याय्यं मन्यते ? यत्र कृत्स्न आधारात्मा व्याप्तो भवति । तेनेहैव स्यात्—तिलेषु तैलं, दध्नि सर्पिरिति । गङ्ग्यां गावः, कूपे गर्गकूलमित्यत्र न स्यात् । कारकसंज्ञायां तरतमयोगो न भवतीत्यत्रापि सिद्धं भवति ॥ (१-४-४२ इत्यत्र भाष्यम्, व्या. म. भाग-१, पृ. २५९).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રહ્યું.[1] દા. ત. ઉપરના બીજા ઉદાહરણમાં આપણે જોયું છે કે साधकतमं करणम्। ૧-૪-૪૨ સૂત્રમાં પાણિનિએ साधक ઉપરાંત तमप् એવા પ્રત્યયનો વધારામાં પ્રયોગ કરીને જે પ્રકૃષ્ટાર્થની પ્રતીતિ કરાવવાનો ગૌરવાશ્રિત પ્રયત્ન કર્યો છે તેના થકી 'પ્રકર્ષાર્થિક પ્રત્યયનો પ્રયોગ કર્યા વિના આ (કારક) પ્રકરણમાં સામર્થ્યગમ્ય પ્રકર્ષનું આશ્રયણ થતું નથી' એવું જ્ઞાપિત થાય છે એમ માન્યું છે. સ્વયં ભાષ્યકારે જ કહ્યું છે કે "(સૂત્રમાં વપરાયેલા કોઈ પદનું) બીજું કોઈ પ્રયોજન ન દેખાતું હોય ત્યારે તે (પદ વાક્યાન્તરનું) જ્ઞાપક બને છે.... તો (આવી વ્યવસ્થા) એક નાના સૂત્રથી જ સાધી શકાય એમ હતી છતાંય (સૂત્રકારે લાંબું સૂત્ર રચવા રૂપી) મોટો પ્રયત્ન આરંભ્યો છે તેના થકી જ, આચાર્ય 'અમુક વ્યવસ્થા' સૂચિત કરવા માંગે છે એમ સ્પષ્ટ થાય છે."[2] આમ પાણિનીય વ્યાકરણમાં અનુપપત્તિ અને ગૌરવને જ્ઞાપકકલ્પનનું બીજ માનવામાં આવેલ છે.

૪.૦ જ્ઞાપકપ્રક્રિયા અને જ્ઞાપકપ્રકારો :

૪.૧.૧ ઉપરની ચર્ચામાં જ્ઞાપકસિદ્ધ વચનોનાં બે ભાષ્યોક્ત ઉદાહરણો આપ્યાં છે, તેનો અભ્યાસ કરવાથી જણાય છે કે ભાષ્યકાર આવી જ્ઞાપકચર્ચામાં પાણિનિના કોઈક સૂત્રના અમુક પદનું (૧) આરંભે અયુક્તત્વ કે આનર્થક્ય બતાવે છે; (૨) ત્યાર પછી, ('આ શાસ્ત્રમાં કશુંય અનર્થક તો હોય જ નહિ' એવી ગૃહીત / નિહિત શ્રદ્ધાથી પ્રેરાઈને) એવા અયુક્ત કે અનર્થક જણાતા પ્રયોગની સાર્થકતા સિદ્ધ કરવા માટે કોઈ વાક્યાન્તરની કલ્પના કરે છે. (૩) આવું વાક્યાન્તર માનવાથી તે અયુક્તત્વ કે આનર્થક્યની નિવૃત્તિ થાય છે. અને છેલ્લે, (૪) કલ્પિત વાક્યાન્તરથી બીજી કોઈક જગ્યાએ ઇષ્ટ રૂપની સિદ્ધિ થતી પણ દર્શાવાય છે. (આવા કલ્પિત વાક્યાન્તરને 'જ્ઞાપિતવચન' કે 'જ્ઞાપકસિદ્ધવચન' કહેવામાં આવે છે, તથા જે સૂત્રને આધારે આવું વાક્યાન્તર—જ્ઞાપિતવચન કલ્પવામાં આવ્યું હોય છે તે સૂત્રને 'જ્ઞાપકસૂત્ર' કહેવામાં આવે છે.)

આમ જ્ઞાપકચર્ચામાં પ્રાયઃ ચાર અંગોનું નિરૂપણ કરવામાં આવે છે. જેમ કે,

(१) आदौ वैयर्थ्यम्,

(२) पश्चात् वाक्यान्तरकल्पना,

(३) स्वांशे चारितार्थ्यम्; एवम्

(४) अन्यत्र फलम् ॥

---

૧. किं गतमेतदुपसर्गेण, आहोस्विच्छब्दाधिक्यादर्थाधिक्यम्। (१-१-६६, ६७ इत्यत्र भाष्यम्, व्या. म. भाग-१, पृ. ३६०).

૨. असति अन्यस्मिन् प्रयोजने ज्ञापकं भवति। .... सोऽयमेवं लघीयसा न्यासेन सिद्धे सति यद्गरीयांसं यत्नमारभते तज्ज्ञापयत्याचार्यः .. ...॥ (यासुट् परस्मै० ३-४-१०३ इत्यत्र भाष्यम्, व्या. म. भाग-२, पृ. २७२)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૪.૧.૨ અહીં પાણિનીય વ્યાકરણશાસ્ત્રની અંદર જ્ઞાપિતવચન શોધવાની જે પ્રક્રિયા છે, તેની પૂર્વમીમાંસાના 'અર્થાપત્તિ' પ્રમાણની સાથે સરખામણી કરવા જેવી છે :

શબરસ્વામી લખે છે કે "અર્થાપત્તિ એ પણ પ્રમાણ છે. જેમ કે, જોયેલો કે સાંભળેલો પદાર્થ જ્યારે બીજી કોઈ રીતે ઉત્પન્ન–સિદ્ધ થતો નથી ત્યારે જે 'અર્થકલ્પના' કરવામાં આવે છે (તેને અર્થાપત્તિ પ્રમાણ કહેવામાં આવે છે.) ઉદાહરણ તરીકે, જીવતો દેવદત્ત ઘરમાં જોવા મળતો નથી. તો 'તે ક્યાંક બહાર હશે' એવી અદૃષ્ટની કલ્પના (તે 'અર્થાપત્તિ' કહેવાય છે.)[1] અહીં, પૂર્વામીમાંસા-પ્રોક્ત અર્થાપત્તિ પ્રમાણમાં જેમ દૃષ્ટ કે શ્રુત અર્થ આરંભે અનુપપદ્યમાન જણાય છે ત્યારે તેને ઉપપન્ન કરનારા અર્થની કલ્પના કરવામાં આવે છે; અને તે અર્થ-કલ્પનાને 'અર્થાપત્તિ' કહેવામાં આવે છે,[2] તેવી રીતે અહીં પાણિનીય વ્યાકરણમાં જે જ્ઞાપકો રજૂ કરવામાં આવ્યાં છે, તેમાં પણ આરંભે સૂત્રકારનો કોઈ શબ્દ- પ્રયોગ અયુક્ત કે અનર્થક જણાતો હોય છે. એથી વાક્યાન્તરની કલ્પના કરીને તે વૈયર્થ્યને દૂર કરવામાં આવે છે. આમ વૈયાકરણોના જ્ઞાપકવચનને પૂર્વમીમાંસાના 'અર્થાપત્તિ પ્રમાણ' સાથે સ્પષ્ટ સામ્ય છે. અલબત્ત, જ્ઞાપક ચર્ચામાં જે સ્વાંશે ચારિતાર્થ્ય' અને 'અન્યત્ર ફલ' જેવા બીજા બે 'અંશો છે તે અર્થાપત્તિપ્રમાણની ચર્ચામાં સમાવવામાં આવ્યા નથી. કૈયટે પણ 'ભાષ્યપ્રદીપ'માં એક જગ્યાએ અમુક જ્ઞાપકને અર્થાપત્તિથી સિદ્ધ થતું કહ્યું છે : युवा खलतिपलितवलितजरतीभिः। (पा.सू. २-१-६६) इत्यत्र महाभाष्यम् "अयुक्तोऽयं निर्देशः ।" अत्र प्रदीपः →अयुक्त इति । पुल्लिङ्गस्य स्त्रीलिङ्गेन सामानाधिकरण्यं नोपपद्यत इत्यर्थापत्त्या परिभाषा ज्ञाप्यते । तेन युवतिर्जरतीति स्त्रीलिङ्गयोः समासः ॥ – व्या.म. भाग-१, पृ. ४०५

૪.૨ જ્ઞાપકચર્ચામાં પૂર્વોક્ત (૪.૧.૧) ચાર અંગો આવશ્યક છે, પણ અનિવાર્ય નથી. ઘણાં સ્થળોએ સૂત્રકારના અમુક પ્રકારના પ્રયોગને આધારે સીધું અનુમાન તારવી લેવામાં આવે છે. આવાં અનુમિત વાક્યોને પણ જ્ઞાપન,

---

૧. अर्थापत्तिरपि दृष्टः श्रुतो वाऽर्थोऽन्यथा नोपपद्यते, इत्यर्थकल्पना । यथा – जीवतो देवदत्तस्य गृहाभावदर्शनेन बहिर्भावस्यादृष्टस्य कल्पना ॥ (औत्पत्तिकस्तु शब्दस्यार्थेन सम्बन्धः... । १-१-५ जैमिनिसूत्रम् इत्यत्र शाबरभाष्यम्). द्रष्टव्या बृहती, शाबरभाष्य – व्याख्या, पृ. ८४

૨. કાશીની વૈયાકરણ પરંપરા પણ 'જ્ઞાપક'ને સમજાવવા પૂર્વમીમાંસાપ્રોક્ત અર્થાપત્તિ પ્રમાણના ઉદાહરણનો જ સહારો લે છે. જેમકે, येन विना यदनुपपन्नं तेन तदाक्षिप्यते। यथा भोजनं विना पीनत्वं नोपपद्यते इति पीनत्वानुपपत्या 'पीनोऽयं देवदत्तः दिवा न भुङ्क्ते' इत्यत्र रात्रिभोजनाक्षेपः ॥ (वैयाकरणसिद्धान्तकौमुदी, लक्ष्मीव्याख्ययोपेता, सं. श्रीसभापति शर्मा, प्रथमोंऽशः, पृ. १६)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જ્ઞાપકવચન કે જ્ઞાપિતવચન કહેવામાં આવે છે. દા.ત. अइउण्। (माहेश्वरसूत्र-१) અહીં પ્રશ્ન થાય છે કે સૂત્રકારે આ માહેશ્વર સૂત્રમાં अ કારને વિવૃત રૂપે ઉપદેશ્યો છે અને વાર્તિકકાર વડે તેનું પ્રયોજન કહેવામાં આવે છે, કે પછી સૂત્રકારે अ કારનો વિવૃતોપદેશ નથી કર્યો માટે વાર્તિકકારે अकारस्य विवृतोपदेशः आकारग्रहणार्थः। એવા વાર્તિકવચનથી તેનો (અપૂર્વ) ઉપદેશ કરવો પડ્યો છે ? તો આ પ્રશ્નનું સમાધાન આપવા માટે ભાષ્યકારે કહ્યું છે કે 'વિવૃત રૂપે ઉપદેશવામાં આવેલા अ કારનું પ્રયોજન (જ) કહેવામાં આવે છે'. આ કેવી રીતે જાણવા મળે છે ? તો 'આ अ अ । (पा.सू. ८-४-६८) એવા સૂત્રથી વિવૃત अ કારની સંવૃત રૂપે જે ફેરબદલી શીખવવામાં આવી છે.' તે ફેરબદલી કહેનારું સૂત્ર (આ વાતનું) જ્ઞાપક જ બનશે કે 'વિવૃત રૂપે ઉપદેશવામાં આવેલા अ કારનું (વાર્તિકકાર વડે) પ્રયોજન (જ) કહેવામાં આવે છે.'[1] અહીં, 'અષ્ટાધ્યાયી'ના અન્તે આવેલા अ अ। (८-४-६८) સૂત્રની ઉપસ્થિતિ માત્રથી જ અનુમાન કરી શકાય છે કે "अइउण् । એવા માહેશ્વર સૂત્રમાંનો अ સંવૃત છે." એ જ પ્રમાણે, कर्तृकर्मणोः कृति । (पा.सू. २-३-६५) સૂત્રમાં कृति પદમાં વિષયસપ્તમી કે પરસપ્તમી નથી, પરંતુ સતિસપ્તમી છે. એનું જ્ઞાપન उभयप्राप्तौ कर्मणि। (पा.सू. २-३-६६) સૂત્રમાંના कर्मणि પદથી જ થઈ જાય છે. એથી ત્યાં પણ आदौ वैयर्थ्यम्। થી શરૂ કરીને अन्यत्र फलम् । સુધીની જ્ઞાપક ચર્ચામાં આવશ્યક એવાં ચાર અંગોની ઉપસ્થિતિ કરવામાં આવતી નથી. જેવી રીતે पर्वतो वह्निमान् । એવું અનુમાન તારવવા માટે ધૂમદર્શન એ (જ્ઞાપક)હેતુ બને છે. એવી રીતે અહીં अ अ (८-४-६८) એવા જ્ઞાપકસૂત્રને, અને (२-३-६६ સૂત્રમાં) कर्मणि એવા જ્ઞાપકપદને જોઈને, અનુક્રમે "अइउण् નો अ સંવૃત છે" તથા "२-३-६५ સૂત્રસ્થ कृति પદમાં સતિસપ્તમી છે." એવું અનુમાન તારવી શકાય છે. કૈયટે પણ એક જગ્યાએ જ્ઞાપકને 'અનુમાન' તરીકે ઓળખાવેલ છે.

૫.૦ જ્ઞાપકસિદ્ધ વચનોની ઉપયોગિતા :

પાણિનીય વ્યાકરણમાં જ્ઞાપકસિદ્ધ વચનોથી ક્યાંક સૂત્રાર્થની સ્પષ્ટતા મેળવાય છે, તો ક્યાંક અનુવૃત્તિની અવધિ નક્કી કરવામાં આવે છે. અથવા તો શાસ્ત્રીય પ્રક્રિયાનો નિર્વાહ કરવામાં આવે છે. આ ઉપરાંત ઈષ્ટરૂપની સિદ્ધિ કરવા કે અનિષ્ટ રૂપની અપ્રાપ્તિ જાહેર કરવા માટે; તથા શિષ્ટ પ્રયોગોને ક્યાંક સાધુત્વ

---

१. विवृतस्योपदिश्यमानस्य प्रयोजनमन्वाख्यायते। कथं ज्ञायते ? यदयम्– अ अ (८-४-६८) इत्यकारस्य विवृतस्य संवृतताप्रत्यापत्तिं मेव भविष्यति – विवृतस्योपदिश्यमानस्य प्रयोजनमन्वाख्यायत इति ॥ (व्याकरणमहाभाष्यम्, भाग १, पृ. ६४)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બોધન કરવા પણ જ્ઞાપકવચનો કામે લગાડાય છે. વળી, આ બધા જ પ્રકારનાં કાર્યોમાં સહાયક બનનારાં અન્ય પરિભાષાવચનોનું પ્રામાણ્ય સિદ્ધ કરવા માટે પણ જ્ઞાપકવચનોને આગળ ધરવામાં આવે છે. જ્ઞાપકવચનોની આવી વિવિધ ઉપયોગિતાને સોદાહરણ સમજીશું :

૫.૧ સૂત્રાર્થની સ્પષ્ટતા કરતાં જ્ઞાપકવચનો :

(क) सर्वादीनि सर्वनामानि । (पा.सू. १-१-२७) સૂત્રથી "सर्वादि ગણપઠિત (सर्व વગેરે) શબ્દસ્વરૂપોની 'સર્વનામ' એવી સંજ્ઞા થાય છે." એમ કહેવામાં આવ્યું છે. પરંતુ જ્યારે "સર્વાદ્યન્ત (= સર્વ વગેરે શબ્દો છે અન્તમાં જેમની તેવા) શબ્દોની પણ 'સર્વનામ' એવી સંજ્ઞા થાય કે નહીં ?" એવો પ્રશ્ન ઊભો થાય છે ત્યારે એક જ્ઞાપકવચનનો આશ્રય લેવામાં આવે છે. જેમ કે, द्वन्द्वे च । (पा.सू. १-१-३१) એવા સૂત્રથી દ્વન્દ્વ સમાસમાં પ્રયોજાયેલા સર્વાદિ શબ્દોની 'સર્વનામ' સંજ્ઞાનો નિષેધ કરવામાં આવ્યો છે. આથી જ્ઞાપિત થાય છે કે અન્યત્ર (= દ્વન્દ્વ સમાસ સિવાયના, એટલે કે તત્પુરુષ વગેરેમાં) સર્વાદ્યન્ત શબ્દોની પણ 'સર્વનામ' સંજ્ઞા થઈ જ શકે છે. પરિણામે (= આ જ્ઞાપકવચનની પ્રવૃત્તિ / સ્વીકૃતિ થવાને કારણે) 'परम + सर्व = परमसर्व જેવા સર્વાદ્યન્ત (= સર્વ વગેરે શબ્દો છે અન્તમાં જેની તેવા) શબ્દોને त्रल् પ્રત્યય લાગીને 'परमसर्वत्र' રૂપની સિદ્ધિ થાય છે તથા परम + भवत् = परमभवत् જેવા સર્વાદ્યન્ત શબ્દને अकच् પ્રત્યય લાગીને परमभवकान् । જેવા રૂપની પણ સિદ્ધિ થઈ શકે છે.

(ख) चतुर्थी तदर्था-र्थ-बलि-हित-सुख-रक्षितैः । (पा.सू. २-१-३६) સૂત્રથી "ચતુર્થ્યન્ત પદવાચ્ય વસ્તુને માટેની જે (પ્રકૃતિભૂત) વસ્તુ, તદ્વાચક શબ્દની સાથે; અને 'अर्थ', 'बलि', 'हित', 'सुख' અને 'रक्षित' એટલા શબ્દોની સાથે ચતુર્થી વિભક્ત્યન્ત પદનો વિકલ્પે સમાસ થાય છે' એમ કહેવામાં આવ્યું છે. દા.ત., ૧. यूपाय दारु → यूपदारु । २. ब्राह्मणाय हितम्→ ब्राह्मणहितम् । "આ સૂત્રમાં આવેલા 'तदर्थ' શબ્દથી કેવળ પ્રકૃતિ-વિકૃતિભાવનું જ ગ્રહણ કરવામાં આવે છે." એવું આ જ સૂત્રમાં લખેલા बलि-हित-रक्षित શબ્દોના ગ્રહણ ઉપરથી જ્ઞાપિત થાય છે, કેમ કે જો 'તાદર્થ્ય'થી (પ્રકૃતિ-વિકૃતિભાવ ઉપરાંત) ઉપકાર્યોપકારકાદિ સંબંધો પણ સમજવાના હોત તો, પ્રકૃત સૂત્રમાં बलि, रक्षित શબ્દોનું ગ્રહણ અનર્થક બની રહે છે. પરંતુ અહીં 'તાદર્થ્ય'થી કેવળ પ્રકૃતિ-વિકૃતિ ભાવનું જ ગ્રહણ સૂત્રકારને અભીષ્ટ હશે જેથી કરીને તેમણે પ્રકૃત સૂત્રમાં बलि–रक्षित જેવા શબ્દોનું પણ ગ્રહણ કર્યું છે એમ અનુમિત થાય છે.[1] આમ

૧. ભાષ્યકાર લખે છે કે – आचार्यप्रवृत्ति ज्ञापयति तादर्थ्ये या चतुर्थी सा समस्यते, न चतुर्थीमात्रम् इति । यदयं हितसुखग्रहणं करोति । कथं कृत्वा ज्ञापकम् ? यथाजातीयकानां

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રસ્તુત જ્ઞાપકથી આ સૂત્ર (૨-૧-૩૬માં) આવેલા 'તદર્થ' શબ્દથી કેવળ પ્રકૃતિ-વિકૃતિ ભાવનું જ ગ્રહણ થાય છે એમ (સૂત્રાર્થ) સ્પષ્ટ થાય છે.

૫.૨ અનુવૃત્તિની અવધિ નક્કી કરવા ઉપયોગી બનતાં જ્ઞાપકવચનો :

(क) एङः पदान्तादति । पा.सू. ६-१-१०९ માંથી अवङ् स्फोटायनस्य। पा.सू. ६-१-१२३ સૂત્રમાં अति પદની અનુવૃત્તિ આવે છે કે નહીં ? એવો પ્રશ્ન થાય છે ત્યારે એક જ્ઞાપક દ્વારા એનું સમાધાન કરવામાં આવે છે. જેમકે, इन्द्रे च। ६-१-१२४ એવા સૂત્રનો આરંભ (= પ્રણયન) કર્યો છે, એનાથી જ સૂચિત થાય છે કે अवङ् स्फोटायनस्य । ६-१-१२३ એ સૂત્રમાંથી ('સ્ફોટાયન' નામ-ગ્રહણ જન્ય) વિકલ્પની અનુવૃત્તિ આવતી નથી.[1] અન્યથા अवङ् स्फोटायनस्य। ६-१-१२३ એવા પૂર્વસૂત્ર થકી જ गवेन्द्रः । જેવાં રૂપોની સિદ્ધિ થઈ જશે એમ કહેવામાં આવે છે. આ રીતે, इन्द्रे च। ६-१-१२४ એ સૂત્ર (૧૨૩ મા સૂત્રમાંથી પ્રાપ્ત થતા) વિકલ્પની નિવૃત્તિ માટે છે એવા ભાષ્યકારના આશય ઉપરથી જ્ઞાપિત થાય છે કે अवङ् स्फोटायनस्य । ६-१-१२३ સૂત્રમાં (एङः पदान्तादति । ६-१-१०९ એવા સૂત્રમાંથી) अति પદની અનુવૃત્તિ આવતી નથી પણ इको यणचि। ६-१-७७ એવા સૂત્રમાંથી 'अचि' એવા પદની અનુવૃત્તિ આવે છે.

ભટ્ટોજિ દીક્ષિતે ઉપર્યુક્ત જ્ઞાપકને મનમાં રાખીને જ अवङ् स्फोटायनस्य। ६-१-१२३ એ સૂત્રની 'સિદ્ધાન્તકૌમુદી વૃત્તિમાં લખ્યું છે કે – अति इति निवृत्तम्। अचि परे पदान्ते गोरवङ् वा स्यादिति ॥ (सिद्धान्तकौमुदी, पृ. २२)

(ख) चरेष्टः । (पा.सू. ३-२-१६ સૂત્રમાં अधिकरणे शेतेः । ३-२-१५ માંથી શું 'अधिकरणे' એવા પદની અનુવૃત્તિ આવે છે, કે कर्मण्यण् । ३-२-१ એ સૂત્રમાંથી 'कर्मणि' પદની અનુવૃત્તિ આવે છે ? ભાષ્યકારે આ પ્રશ્નની ચર્ચા કરી છે : કર્મવાચક પદ ઉપપદમાં જ્યારે હોય ત્યારે જો चरेष्टः । ३-२-१६ સૂત્રોક્ત ट પ્રત્યયનું વિધાન કરવામાં આવશે તો; "भिक्षां चरति इति भिक्षाचरः"

समासे हितसुख ग्रहणेनार्थस्तथाजातीयकानां समासः । यदि च तादर्थ्ये या चतुर्थी सा समस्यते, न चतुर्थीमात्रम् ; ततो हितसुखग्रहणमर्थवद् भवति । (२-१-३६ इत्यत्र भाष्यम्, व्या. म. भाग-१, पृ. ३८१).

१. प्लुतप्रगृह्या अचि नित्यम् । ६-१-१२५ (अत्र) नित्यग्रहणं किमर्थम् ? विभाषा मा भूदिति। नैतदस्ति प्रयोजनम्। पूर्वस्मिन्नेव (१२४) योगे विभाषाग्रहणं निवृत्तम्। ६-१-१२५ इत्यत्र भाष्यम् ॥ अत्र उद्द्योतः → इन्द्रे चेति आरम्भसामर्थ्यादिति भावः ॥ (व्याकरणमहाभाष्यम् भाग-२, पृ. ७७०)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જેવો શબ્દ સાધવા માટે भिक्षासेनादायेषु च । ३-२-१७ એવું આગળ ઉપર આવનારું સૂત્ર અનાવશ્યક બની જશે. આથી भिक्षासेनादायेषु । च । ૩-૨-૧૭ એવા સૂત્રની રચના કરવામાં આવી છે. એના ઉપરથી જ્ઞાપિત થાય છે કે चरेष्टः । ૩-૨-૧૬ એવા સૂત્રની અંદર ૩-૨-૧૫માંથી अधिकरणे એવું જ પદ અનુવૃત્તિથી ઊતરી આવે છે; (અને कर्मणि એવા પદની અનુવૃત્તિ (૩-૨-૧ માંથી) આવતી નથી.) આમ જ્ઞાપકથી અનુવૃત્તિની સ્પષ્ટતા થઈ જતાં 'અધિકરણ વાચક પદ ઉપપદમાં હશે ત્યારે જ चरेष्टः । ૩-૨-૧૬ સૂત્રની પ્રવૃત્તિ થશે; (અન્યથા કર્મ-વાચક પદ ઉપપદમાં હશે ત્યારે भिक्षासेनादायेषु च । ૩-૨-૧૭ સૂત્ર પ્રવૃત્ત થશે.)[1]

૫.૩ શાસ્ત્રીય કાર્યોનું નિર્વહણ કરવા માટે ઉપયોગી બનતાં જ્ઞાપકો :

(क) तस्य लोपः । (पा. सू. १-३-९) એ સૂત્ર ઉપરના ભાષ્યમાં એવું કહેવામાં આવ્યું છે કે "અનુબન્ધોનું એકાન્તત્વ (= અવયવત્વ) સ્વીકારવાથી अनेकाल्शित्सर्वस्य । ૧-૧-૫૪ સૂત્રમાંનું शित् ગ્રહણ વ્યર્થ જણાય છે. કારણ કે (હવે અનુબન્ધોને જે તે પ્રત્યયાદિના અવયવ માનવાથી) अष्टाभ्य औश् । ૭-૧-૨૧ સૂત્રવિહિત औश् એવો આદેશ (હવે) અનેકાલ્ ગણાવાથી, તેની સર્વાદેશ રૂપે પ્રવૃત્તિ થઈ જ જશે. આ સ્થિતિમાં (૧-૧-૫૪ સૂત્રોક્ત) शित् ગ્રહણ વ્યર્થ પડીને જ્ઞાપન કરે છે કે नानुबन्धकृतमनेकाल्त्वम् । અર્થાત્ 'અનુબન્ધોને ગણતરીમાં લઈને (પ્રત્યય-આદેશાદિને) અનેકાલ્ત્વ પ્રાપ્ત થતું નથી.' આ જ્ઞાપકને કારણે अर्वणस्त्रसावनञः । ૬-૪-૧૨૭ એ સૂત્રથી अर्वन् એવી પ્રકૃતિના સ્થાને સર્વાદેશ રૂપે 'तृ' એવા આદેશની પ્રવૃત્તિ થશે નહીં. કેમ કે अर्वणस्त्रसावनञः । ૬-૪-૧૨૭ સૂત્રવિહિત तृ એવા આદેશમાં ऋ કારને અનુબન્ધ રૂપે જોડ્યો છે. આ तृ (= त् + ऋ) એવા આદેશમાંથી ऋ અનુબન્ધને કાઢી લઈએ પછી બાકી રહેલો त् એવો આદેશ અનેકાલ્ રહેતો / ગણાતો નથી. આમ, પૂર્વોક્ત જ્ઞાપક અનુસાર અનુબન્ધોને કાઢી લીધા પછી જ આદેશ કે પ્રત્યયાદિમાં અનેકાલ્ત્વ છે કે નહિ તે વિચારવું એવી શાસ્ત્રીય વ્યવસ્થા પ્રાપ્ત થાય છે.

(ख) આવી જ રીતે, અનુબન્ધ વિષયક જ્ઞાપકસિદ્ધ વચનો સાંભળવા મળે છે. જેમ કે, उदीचां माङो व्यतीहारे । पा.सू. ३-४-१९ એ સૂત્રમાં माङ्નું ગ્રહણ

---

१. इह कस्मान्न भवति – कुरुंश्चरति, पञ्चालांश्चरतीति ? अधिकरण इति वर्तते । ननु च कर्मणीत्यपि वर्तते । तत्र कुत एतद् अधिकरणे भविष्यति; न पुनः कर्मणीति ॥ *चरेर्भिक्षाग्रहणं ज्ञापकं कर्मण्यप्रसङ्गस्य* । यदयं "भिक्षासेनादायेषु च" (३-२-१७) इति चरेर्भिक्षाग्रहणं करोति तज्ज्ञापयत्याचार्यो 'न भवति कर्मणीति' ॥ (३-२-१७ इत्यत्र भाष्यम् । व्या. म. भाग-२, पृ. १५३)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કર્યું છે, તેથી 'नानुबन्धकृतमनेजन्तत्वम् ।' અનુબન્ધને કારણે (ધાત્વાદિમાં) એજન્તત્વ (= ए, ओ, ऐ, औ કારાન્તત્વ) પ્રાપ્ત થતું નથી.' એવું જ્ઞાપિત થાય છે તથા ददातिदधात्योर्विभाषा । ३-१-१३९ એ સૂત્રથી ण પ્રત્યયનો બાધ કરીને श પ્રત્યયનું વૈકલ્પિક વિધાન કરવામાં આવ્યું છે તેનાથી જ્ઞાપિત થાય છે કે 'नानुबन्धकृतम् असारूप्यम् ।' – અનુબન્ધને કારણે (સ્ત્ર્યધિકારને છોડીને બાકીના) (કૃત્) પ્રત્યયોમાં અસારૂપ્ય સિદ્ધ થતું નથી. આમ કોઈ પણ સુબન્ત કે તિઙન્ત પદની રૂપસિદ્ધિમાં પ્રકૃતિ + પ્રત્યયના સંમેલનની જે પ્રક્રિયાનું અવલંબન લેવામાં આવે છે તેમાં આવાં જ્ઞાપકસિદ્ધ વચનો અત્યંત ઉપકારક છે એ પાણિનીય વ્યાકરણના અભ્યાસીને સુવિદિત છે.

૫.૪ ઇષ્ટ રૂપને સાધનારાં અને અનિષ્ટ રૂપાપત્તિને રોકનારાં કેટલાંક જ્ઞાપક-વચનો :

(क) ङ्याप्-प्रातिपदिकात् । (પા. સૂ. ૪-૧-૧) એ સૂત્રમાં ઉપલક દૃષ્ટિએ ङ्याब् ગ્રહણ અનર્થક જણાય છે. કારણ કે प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि-ग्रहणम् । – અર્થાત્ (સૂત્રકારે) કોઈ પ્રાતિપદિકનું ગ્રહણ કર્યું હોય તો ત્યાં લિંગવિશિષ્ટ પ્રાતિપદિકોનું પણ ગ્રહણ કરવાનું હોય છે.' એવી પરિભાષાથી જ ङी પ્રત્યયાન્ત અને आप् પ્રત્યયાન્ત પ્રાતિપદિકની પાછળ જ सुप् વિભક્તિ પ્રત્યયની ઉત્પત્તિ થવાની છે. આ સ્થિતિમાં ૪-૧-૧ સૂત્રમાં ङ्याब् ગ્રહણ વ્યર્થ પડીને જ્ઞાપન કરે છે કે ङ्याबन्तादेव शब्दस्वरूपात् तद्धितोत्पत्तिः स्यात् ; ङ्याब्भ्यां प्राङ् मा भूदिति । – જે તે પ્રાતિપદિકને સ્ત્રીલિંગ દ્યોતક ङी પ્રત્યય અને आप् પ્રત્યય લાગી ગયા પછી જ, તેની પાછળ તદ્ધિત પ્રત્યયની ઉત્પત્તિ થાય છે; પણ સ્ત્રીલિંગના ङी પ્રત્યય કે आप् પ્રત્યય લાગ્યા પૂર્વે નહીં.' – આવું જ્ઞાપકવચન હોવાથી आर्य શબ્દની પાછળ અન્તરંગ હોવા છતાંય પહેલાં તદ્ધિતના कन् પ્રત્યયની ઉત્પત્તિ થતી નથી. પ્રથમ તો आर्य એવા પ્રાતિપદિકને સ્ત્રીલિંગનો टाप् પ્રત્યય લગાડીને आर्या એવા टाबन्त (आबन्त) શબ્દને સિદ્ધ કરવામાં આવે છે. ત્યાર પછી જ केऽणः । ७-४-१३ સૂત્રથી आर्या શબ્દને હ્રસ્વાન્ત કર્યા પછી, उदीचामातः स्थाने यकपूर्वायाः । ७-३-४६ સૂત્રથી 'સ્ત્રીપ્રત્યયના આ કારને સ્થાને જ હ્રસ્વ अ કાર થયો હોય, અને તે હ્રસ્વ अ કાર क કારની પૂર્વે આવેલો હોય તો તે હ્રસ્વ अ કારને વિકલ્પે इ આદેશ કરવામાં આવે છે." જેથી 'आर्यिका' અને 'आर्यका' એવાં બે ઇષ્ટ રૂપો સાધી શકાય છે.[1]

૧. आर्य + टाप्→आर्या । आर्या + कन्→आर्याक→ह्रस्व→आर्यक । आर्यक માં क કારની પૂર્વે આવેલા હ્રસ્વ अ કારને વિકલ્પે इत्व થશે તો आर्यिक અને आर्यक બનશે. ત્યાર પછી (ફરીથી) (૧) आर्यिक + टाप् = आर्यिका ॥ અને (૨) आर्यक + टाप् = आर्यका ॥ બને છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) नौ-द्व्यचष्ठन् । (पा.सू. ४-४-७) સૂત્રથી नावा तरति । (નાવડીથી જે તરે છે તે) એ અર્થમાં नौ શબ્દને ठन् પ્રત્યય લગાડયા પછી नाविक એવું તદ્ધિતાન્ત શબ્દસ્વરૂપ તૈયાર થાય છે: અહીં नौ શબ્દમાં 'वर्णद्वय (વિવૃતતમ એવા अ + इ)ના સમુદાય રૂપ औ કારનું द्व्यच्‌कत्व (= બે અચ્‌વાળા હોવાપણું) હોવાથી; नौद्व्यचष्ठन् । ४-४-७ સૂત્રમાં नौ શબ્દનું ગ્રહણ ન કર્યું હોત તો પણ द्व्यचष्ठन् એટલા સૂત્રથી પણ नौ શબ્દનું द्व्यच् શબ્દ રૂપે ગ્રહણ થઈ શકત અને नाविक જેવું ઈષ્ટ રૂપ સાધી શકાત. એ સ્થિતિમાં नौ ગ્રહણ વ્યર્થ પડીને જ્ઞાપિત કરે છે કે नाव्यपवृक्तस्यावयवस्य तद्विधिः । અર્થાત્ "અવ્યપવૃક્ત = અભિન્ન બુદ્ધિનો વિષય બનેલા સમુદાય (દા. ત. ए, ओ, ऐं વગેરે) નો જે અવયવ (अ કે इ અથવા अ કે उ) હોય તેને તદ્‌વિધિ (અર્થાત્ તે અવયવને પૃથક્‌ભૂત વર્ણ ગણીને) થતી નથી.'

હવે આ જ્ઞાપકવચનની સૂચના અનુસાર नौ શબ્દમાંના औ કારને વર્ણદ્વય રૂપે ગ્રહી નહીં શકાય. એ સ્થિતિમાં नौद्व्यचष्ठन् । ४-४-७ સૂત્રમાંનું नौ ગ્રહણ સાર્થક – ઉપયોગી પૂરવાર થશે. તથા આ (नाव्यपवृक्तस्यावयवस्य तद्विधिः) જ્ઞાપકસિદ્ધ વચનથી अग्ने इन्द्रम् । જેવાં વાક્યોમાં ए કારના ઉત્તરભાગ / ઉત્તર અવયવ રૂપ इ કારનું પૃથક્‌ભૂત વર્ણરૂપે ગ્રહણ નહીં થતાં अकः सवर्णे दीर्घः । ६-१-१०१ સૂત્રથી (અનિષ્ટ એવા) સવર્ણ દીર્ઘની પ્રાપ્તિ થશે નહીં.

આમ જ્ઞાપકસિદ્ધવચનોથી શિષ્ટમાન્ય ઈષ્ટ રૂપો / ભાષામાં પ્રયોગાર્હ રૂપોની સિદ્ધિ તો થાય છે જ; પણ ક્યારેક વ્યાકરણનાં સૂત્રોથી જો કોઈ અનિષ્ટ રૂપોની પ્રાપ્તિ થવાની હોય તો તેને પણ રોકી લેવામાં આવે છે.

૫.૫ પરિભાષાવચનોનું પ્રામાણ્ય કે અનિત્યત્વ દર્શાવતાં જ્ઞાપકવચનો :

(क) स्थानिवदादेशोऽनल्विधौ । (पा.सू. १-१-५६)ના સૂત્રભાષ્યમાં કાત્યાયને एकदेशविकृतस्योपसंख्यानं कर्तव्यम् । (એકદેશમાં વિકૃત હોય એવા પ્રકૃતિ-પ્રત્યયાદિને પણ અનન્યવત્ ગણીને તેની ઉપર વ્યાકરણિક વિધિ કરવી એવું 'અષ્ટાધ્યાયી' સૂત્રપાઠમાં ઉમેરવું જોઈએ.) એવા વાર્ત્તિકથી એક પરિભાષા પ્રસ્તુત કરી છે. વાર્ત્તિકકારને આવી પરિભાષા રજૂ કરવાની જરૂર એટલા માટે દેખાય છે કે पचतु । पचन्तु । જેવાં लोट् લકારનાં (આજ્ઞાર્થનાં) રૂપોનું પણ 'तिङन्त' પદ તરીકે ગ્રહણ થઈ શકે. અહીં, पचतु । રૂપમાં, મૂળ तिप् પ્રત્યયના इ કારને સ્થાને एरुः । ३-४-८६ સૂત્રથી उत्व વિધિ થતાં ति પ્રત્યય વિકૃત થઈને तु બન્યો છે. આ સ્થિતિમાં વાર્ત્તિકકારે (અપૂર્વવચન તરીકે) પ્રસ્તુત કરેલી પરિભાષાને જો સ્વીકારીશું તો જ तु એવો વિકૃત પ્રત્યય तिङन्तનો વ્યંજક બની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શકશે; (અને પચ્તુ જેવાં વિકૃત રૂપને પણ તિઙન્તત્વની પ્રાપ્તિ થઈ શકશે.) પરંતુ જો વાર્ત્તિકકારનું પૂર્વોક્ત વાર્ત્તિક અપૂર્વવચન રૂપે સૂત્રપાઠમાં ઉમેરવાની જરૂરિયાત સ્વીકારીશું તો 'પાણિનિની અષ્ટાધ્યાયી સ્વયં પર્યાપ્ત નથી.' એવા આક્ષેપની પ્રાપ્તિ થશે. આથી प्राग्दीव्यतोऽण् । ૪-૧-૮૩ સૂત્ર ઉપરના ભાષ્યમાં પતંજલિ કહે છે કે – "दीव्यत् એવો નિર્દેશ અયોગ્ય છે. કેમ કે ક્યાંય दीव्यत् એવો શબ્દ ઉચ્ચારવામાં આવ્યો નથી. તો કયો શબ્દ બોલાય છે ? दीव्यति શબ્દ (જ બોલાય છે.) તો સૂત્રકારે ૪-૧-૮૩ માં કેવો નિર્દેશ કરવો જરૂરી હતો ? 'प्राग्दीव्यतेः' એ રીતે બોલવાની જરૂર હતી. તો એવો 'प्राग्दीव्यतेः' એમ નિર્દેશ કરવો જોઈશે. ના, એવો નિર્દેશ કરવાની જરૂર નથી. કારણ કે दीव्यति શબ્દમાંનો જ આ दीव्यत् શબ્દ છે; અને તેને પંચમી વિભક્તિ લગાડીને સૂત્રમાં दीव्यतः એવો પ્રયોગ કર્યો છે. પણ અહીં પ્રશ્ન કરવો જોઈએ કે સૂત્રકારે दीव्यति ને બદલે दीव्यत् એવો વિકૃતનિર્દેશ શા માટે કર્યો હશે ? તો, આ વિકૃતનિર્દેશ જ જ્ઞાપિત કરે છે કે एकदेशविकृतमनन्यवद् भवति । આવી પરિભાષા (પાણિનિ પૂર્વેથી) છે જ. આવું જ્ઞાપિત કરવા પાછળ શું પ્રયોજન રહેલું હશે ? તો વાર્ત્તિકકારે એક વાર્ત્તિક રચીને एकदेशविकृतम्० એવું પરિભાષાવચન (સૂત્રપાઠમાં) ઉમેરવાનો જે પ્રસ્તાવ કર્યો છે તે કરવાની જરૂર રહેતી જ નથી."[1] આમ સૂત્રકારના दीव्यत् (૪-૧-૮૩) એવા વિકૃતનિર્દેશ ઉપરથી ભાષ્યકારે જ્ઞાપન કાઢ્યું છે (અર્થાત્ અનુમાન તારવ્યું છે) કે વાર્ત્તિકકારોક્ત પરિભાષા एकदेशविकृतमनन्यवत् । પાણિનિપૂર્વેથી પ્રચલિત હશે. કેમ કે પાણિનિએ પોતે અમુક પ્રકારના નિર્દેશ દ્વારા તે પરિભાષાનું અસ્તિત્વ સ્વીકાર્યું જણાય છે. (અને આથી જ વાર્ત્તિકકારે તે પરિભાષાને અપૂર્વવચન રૂપે સૂત્રપાઠમાં નવી ઉમેરવાની જે ભલામણ કરી હતી તે સ્વીકારવાની જરૂર રહેતી નથી. આવી પરિભાષા તો 'અષ્ટાધ્યાયી' સૂત્રપાઠ લખ્યો તે પહેલાંથી જ પાણિનિના મનમાં હતી જ.) ભાષ્યકારની આવી ચર્ચા દ્વારા પરિભાષાનું પ્રામાણ્ય સિદ્ધ થાય છે. આવી જ રીતે બીજાં જ્ઞાપકવચનોથી અનેક પરિભાષાઓ પાણિનિપૂર્વે પણ વિદ્યમાન હતી અને સૂત્રકારે તે બધીને પોતાના તન્ત્રમાં સ્વીકારી છે એમ ભાષ્યકારે પ્રતિપાદિત કર્યું છે.

---

૧. प्राग्दीव्यतोऽण् । ४-१-८३ अयुक्तोऽयं निर्देशः । न हि तत्र कश्चिद्दीव्यच्छब्दः पठ्यते । कस्तर्हि ? दीव्यतिशब्दः । कथं तर्हि निर्देशः कर्तव्यः । प्राग्दीव्यतेरिति । स तर्हि तथा निर्देशः कर्तव्यः – प्राग्दीव्यतेरिति ॥ न कर्तव्यः । दीव्यतिशब्दे दीव्यच्छब्दोऽस्ति, तस्मादेषा पञ्चमी । किं पुनः कारणं विकृतनिर्देशः क्रियते ? एतज्ज्ञापयत्वाचार्यो भवत्येषा परिभाषा– एकदेशविकृतमनन्यवद्भवतीति । किमेतस्य ज्ञापने प्रयोजनम् ? एकदेशविकृतेषूपसंख्यानं चोदितं तन्न कर्तव्यं भवति ॥ (व्याकरणमहाभाष्य, भा-२, पृ. ३५३)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) વળી ક્યારેક જ્ઞાપકસિદ્ધપરિભાષાનું અનિત્યત્વ પણ જ્ઞાપકાન્તરથી દર્શાવવામાં આવે છે. જેમ કે, अभ्यासस्यासवर्णे । ૬-૪-૭૮ એવા સૂત્રથી वार्णादाङ्गं बलीयः । – વર્ણને ઉદ્દેશીને કહેલા કાર્ય કરતાં અંગાધિકારીય કાર્ય બળવાન છે એવી પરિભાષાનું અસ્તિત્વ સ્વીકારાયું છે અને ત્યાર પછી च्छ्वोः शुडनुनासिके च । ૬-૪-૧૯ એવા સૂત્રમાં च्छ्वोः એવા तुक् આગમ સહિતના નિર્દેશ દ્વારા એ પરિભાષાનું અનિત્યત્વ પણ જ્ઞાપિત થાય છે. જેમ કે, જો વર્ણકાર્યની અપેક્ષાએ અંગાધિકારીય વિધિ (નિત્ય રૂપે) બળવાન હોત તો तुक् સહિતનું च्छ्वोः એવું પદ સૂત્રકારે લખ્યું ના હોત કેમ કે छे च । ૬-૧-૭૩ સૂત્રથી વર્ણકાર્ય રૂપે तुक् આગમની પ્રવૃત્તિ થતાં પહેલાં તો, ૬-૪-૧ થી આરંભાયેલા અંગાધિકારની અંદર આવેલા च्छ्वोः शूडनु० ૬-૪-૧૯ સૂત્રથી અંગકાર્ય રૂપે છ કારના સ્થાને શકાર થયો જ હશે. પણ સૂત્રકારે એવું કર્યું નથી. આમ ૬-૪-૧૯ સૂત્રમાં च्छ्वोः એવું तुक् આગમ સહિતનું પદ वार्णादाङ्गं बलीयः। એ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત કરે છે.

૫.૬ શિષ્ટ પ્રયોગોને સાધુત્વબોધન કરવા માટે ઉપયોગી બનતાં જ્ઞાપકવચનો :

तनादि ગણનો નિર્દેશ કરવા થકી જ √डुकृञ् करणे એવા ધાતુનું ગ્રહણ સિદ્ધ રહેશે. એ સ્થિતિમાં तनादिकृञ्भ्यः उः । ૩-૧-૭૯ એ સૂત્રમાં कृञ् ધાતુનું જે પૃથક્ ગ્રહણ કર્યું છે કે વ્યર્થ જણાય છે. પણ સૂત્રકાર કશું ય વ્યર્થ તો લખે જ નહીં. આથી कृञ् ગ્રહણ જ્ઞાપન કરે છે કે गणकार्यम् अनित्यम् । એવી કોઈક પરિભાષા સૂત્રકારના મનમાં રમી રહી હશે. હવે આ પરિભાષા વડે न विश्वसेद् अविश्वस्तम्। જેવા કાવ્યમાં નોંધાયેલા શિષ્ટપ્રયોગોને સાધુત્વ બોધન થઈ શકે છે. જેમકે, √श्वस् ધાતુ બીજા अदादि ગણમાં આવેલો છે. તેથી अदिप्रभृतिभ्यः शपः। ૨-૪-૭૨ સૂત્રથી शप् વિકરણ પ્રત્યયનો लुक् થવો જોઈએ : वि + श्वस् + शप् → ० + यात् = विश्वस्यात् । એવું રૂપ થવું / વપરાવું જોઈતું હતું. પરંતુ शप्નો लुग् થવા રૂપી કાર્ય 'ગણકાર્ય' હોઈને પૂર્વોક્ત રીતે જ્ઞાપિત થયેલી પરિભાષાએ કહ્યું છે કે પાણિનિના મતે "ગણકાર્ય અનિત્ય હશે / છે." આથી विश्वस्यात् । ને બદલે विश्वसेद् । એવું રૂપ પણ સાચું / સાધુ / પ્રયોગાર્હ ગણી શકાય છે.

૬.૦ જ્ઞાપકસિદ્ધ વચનોની પ્રવૃત્તિમર્યાદા :

આવાં જ્ઞાપકસિદ્ધ વચનોથી જે વ્યવસ્થાઓ પ્રાપ્ત થાય છે તેને જો સાર્વત્રિક માનવામાં આવશે તો ક્યારેક ક્યાંક અનિષ્ટ રૂપની પણ પ્રાપ્તિ થવા આવશે. આથી પાણિનીય વૈયાકરણોએ આવાં જ્ઞાપકસિદ્ધ વચનોની પ્રવૃત્તિ મર્યાદા પણ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બાંધી છે. જેમ કે, ज्ञापकसिद्धं न सर्वत्र । અર્થાત્ 'જ્ઞાપકથી સિદ્ધ થતાં – પ્રાપ્ત થતાં – વચનોની (શાસ્ત્રમાં) સાર્વત્રિકી પ્રવૃત્તિ થતી નથી.' કારણ કે જો આવી વ્યવસ્થાઓની સાર્વત્રિકી પ્રવૃત્તિ કરવાની હોત તો તો આચાર્ય પાણિનિએ પોતે જ જ્ઞાપકવચનોને સૂત્ર રૂપે રજૂ કર્યાં હોત. પણ પાણિનિએ તે વચનોને સૂત્રબદ્ધ કરવાને બદલે અર્થાપત્તિ કે અનુમાનથી સૂચિત કરવાનું પસંદ કર્યું છે. એથી એમ નક્કી થાય છે કે જ્ઞાપકસિદ્ધ વ્યવસ્થાની સાર્વત્રિક પ્રવૃત્તિ કરીને અનિષ્ટ રૂપની આપત્તિ / કલ્પના ન કરવી. ટૂંકમાં, ઈષ્ટ રૂપ સાધવા જ જ્ઞાપકવચનોની મદદ લઈ શકાય, પણ તેમની અતિવ્યાપ્તિ કરીને અનિષ્ટ રૂપોની કલ્પના કરવા માટે આ જ્ઞાપકવચનો નથી.[1]

॥ इति शिवम् ॥

---

૧. નાગેશ ભટ્ટે પણ 'પરિભાષેન્દુશેખર' માં લખ્યું છે કે ज्ञापकसिद्धं न सर्वत्र । स्पष्टमेव पठितव्येऽनुमानाद् बोधनम् असार्वत्रिकत्वार्थमित्यर्थः । तेन ज्ञापकसिद्धपरिभाषयाऽनिष्टं नापादनीयमिति तात्पर्यम् ॥ (परिभाषेन्दुशेखरः पृ. १२६)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલા-૪

યથોદ્દેશ પક્ષ અને કાર્યકાલ પક્ષના ઉપલક્ષ્યમાં નાગેશનું પ્રદાન*

[૧]

પાણિનિએ રચેલા 'અષ્ટાધ્યાયી' વ્યાકરણનો અભ્યાસ કરતાં જણાય છે કે પાણિનિએ कारके । १-४-२३, प्राक्कडारात्समासः । २-१-३, अनभिहिते । २-३-१, प्रत्ययः । ३-१-१, स्त्रियाम् । ४-१-३, अङ्गस्य । ६-४-१, पदस्य। पदात् । ८-१-१६, १७ વગેરે અધિકાર સૂત્રની નીચે એક એક વિષય–પ્રકરણને લગતાં સૂત્રો રજૂ કર્યાં છે. પરંતુ આમાંના કોઈ એક અધિકાર–પ્રકરણમાં આવેલાં સૂત્રોથી એકપણ રૂપ (નામપદ કે ક્રિયાપદ = સુબન્ત પદ કે તિઙન્ત પદ)ની સિદ્ધિ થઈ શકે એમ નથી. આથી કોઈ એક રૂપની સિદ્ધિ કરવા માટે જુદા જુદા અધ્યાયોના જુદા જુદા પાદોના અર્થાત્ અનેક અધિકાર સૂત્રો હેઠળ આવેલાં જુદાં જુદાં પ્રકરણનાં સૂત્રોને આવશ્યકતા અનુસાર પ્રવૃત્ત કરવાનાં હોય છે. આથી એવું નક્કી થાય છે કે પાણિનિની 'અષ્ટાધ્યાયી'માં સૂત્રોનો જે ઉચ્ચરિતક્રમ છે, તે જે તે રૂપસિદ્ધિની પ્રક્રિયા દરમિયાન ઉપસ્થિતિક્રમ અનુસાર નવી રીતે ગોઠવાય છે. (આને સૂત્રોનો 'પ્રક્રિયાક્રમ' પણ કહી શકાય.)

[૨]

સંજ્ઞાસૂત્રો અને પરિભાષા સૂત્રોનું પરાર્થત્વ

'અષ્ટાધ્યાયી'માં આવેલાં છ પ્રકારનાં સૂત્રોમાંથી[૧] જે સંજ્ઞાસૂત્રો અને પરિભાષાસૂત્રો છે તે કોઈ એક પદની સિદ્ધિમાં રૂપાખ્યાન દરમ્યાન કેવી રીતે કાર્ય કરે છે તે જોઈશું :

(क) वृद्धिरादैच् । १-१-१ એ સંજ્ઞાસૂત્ર છે. તે કહે છે કે "આ, ऐ અને औ એ ત્રણ વર્ણોની 'વૃદ્ધિ' સંજ્ઞા થાય છે." પણ અમુક સંજ્ઞિન્‌ની અમુક સંજ્ઞા જાહેર કરવાથી કોઈ પ્રકૃતિ + પ્રત્યયના સંમેલનમાં કશી પ્રક્રિયા આગળ વધતી નથી. આથી આ 'વૃદ્ધિ' સંજ્ઞા કરવાનું શું પ્રયોજન છે ? એવી આકાંક્ષા તો ઊભી રહે જ છે. આવા સંજોગોમાં એક વિધિસૂત્ર–वृद्धिरेचि । ६-१-८८ ઉપસ્થિત

* ગુજરાત રાજ્ય યુનિ. અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના વલસાડ મુકામે મળેલા અઢારમા અધિવેશન (ડિસે. ૨૫-૨૭, ૧૯૯૨)માં રજૂ કરેલો લેખ.

૧. सञ्ज्ञा च परिभाषा च विधिर्नियम एव च ।
अतिदेशोऽधिकारश्च षड्विधं सूत्रमुच्यते ॥ (कस्यापि)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કરવામાં આવે છે / થાય છે. આ સૂત્ર કહે છે કે अ કારની પાછળ एच् પ્રત્યાહારનો કોઈ વર્ણ આવેલો હોય તો 'વૃદ્ધિ' રૂપી એકાદેશ થાય છે. હવે, આપણને ખબર છે કે 'વૃદ્ધિ' એટલે કોણ ? (કયા વર્ણો ?) તેથી આ વિધિસૂત્રની સાથે સંજ્ઞાસૂત્રને જોડીને = બન્નેની એકવાક્યતા કરીને આપણે અર્થ કાઢીએ છીએ કે "अ કારની પાછળ एच् પ્રત્યાહારનો કોઈ વર્ણ આવેલો હોય તો आ, ऐ કે औ એવા ત્રણ વૃદ્ધિસંજ્ઞક વર્ણોમાંથી કોઈ એક (કે જે સ્થાનિના ઉચ્ચારણ સ્થાનનો સદૃશતમ હોય તે) વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે." – આમ એકલાં સંજ્ઞાસૂત્રો કશું કાર્ય કરતાં નથી, પણ વિધિસૂત્રની સાથે એકવાક્યતા પામીને કોઈક વિધિનું સ્પષ્ટ વિધાન કરે છે. એટલે કે સંજ્ઞાસૂત્રો પરાર્થ છે. વિધિસૂત્રોનો વિધેયાંશ વિશદ કરવા એની સાહાય્ય લેવી પડે છે.

(ख) એ જ પ્રમાણે तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । १-१-६६ એ પરિભાષાસૂત્ર છે, અને તે કહે છે કે "('અષ્ટાધ્યાયી'નાં સૂત્રોમાં) જ્યાં સપ્તમી વિભક્તિનો ઉપયોગ કરીને જ કાર્ય બતાવવામાં આવ્યું હોય તે સપ્તમ્યન્ત પદથી વાચ્ય એવા નિમિત્તની અવ્યવહિત પૂર્વમાં આવેલા વર્ણને જ કરવું." પરિભાષાસૂત્રનો આવો અર્થ સાંભળવાથી પણ, કોઈ પદની સિદ્ધિમાં એક તબક્કો ય આગળ વધી શકાતું નથી. પરંતુ જ્યારે इको यणचि । ६-१-७७ જેવું કોઈ વિધિસૂત્ર સાંભળીએ ત્યારે अचि એવા સપ્તમ્યન્ત પદનો શો અર્થ કરવો ? એવો પ્રશ્ન થાય છે. (કેમ કે વ્યવહાર જગત્માં તો સપ્તમીનો અર્થ 'અધિકરણકારક' થાય છે. તો એ અધિકરણ અભિવ્યાપક લેવું, ઔપશ્લેષિક લેવું કે વૈષયિક લેવું ? એવો પ્રશ્ન થવાનો જ.) એટલે કે ६-१-७७ જેવા વિધિસૂત્રનો શો અર્થ કાઢવો એ જ પ્રશ્ન થાય છે. આવા સંજોગોમાં ઉપર્યુક્ત (१-१-६६) પરિભાષાસૂત્રે આપી રાખેલી સૂચનાનું સ્મરણ થાય છે. પછી તે પરિભાષાના અર્થને વિધિસૂત્રની સાથે જોડીને—બન્ને સૂત્રોની એકવાક્યતા કરીને વિધિસૂત્રનો અર્થ કાઢવામાં આવે છે કે "अच् પ્રત્યાહારના કોઈ વર્ણની અવ્યવહિત પૂર્વ (ઉપશ્લેષ) માં આવેલા इक्ના સ્થાનમાં यण् આદેશ થાય છે." (અર્થાત્ इक्ના સ્થાનમાં यण् આદેશ થાય છે, જો તે इक्થી અવ્યવહિત ઉત્તરમાં अच् આવેલો હોય તો.) આમ વિધિસૂત્ર इको यणचि । ६-१-७७ની સાથે મળીને तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । १-१-६६ એવું પરિભાષાસૂત્ર વિધિવાક્યને મદદરૂપ થાય છે. આમ પરિભાષાસૂત્રો પણ 'પરાર્થ' છે.

હવે જ્યારે એમ કહીએ છીએ કે સંજ્ઞાસૂત્રો અને પરિભાષાસૂત્રો 'પરાર્થ' છે. (= વિધિસૂત્રોને મદદરૂપ થવા માટે છે) ત્યારે એવા પ્રશ્નો પણ ઊઠવાના કે—

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧) સંજ્ઞાસૂત્ર પોતાના ('અષ્ટાધ્યાયી'માંના) ઉચ્ચરિત પ્રદેશમાંથી નીકળીને વિધિસૂત્રોના (ઉચ્ચરિત) પ્રદેશમાં જાય છે ?

— કે —

(૨) વિધિસૂત્રો પોતાના ઉચ્ચરિત પ્રદેશમાંથી નીકળીને સંજ્ઞાસૂત્રોના (ઉચ્ચરિત) પ્રદેશમાં જાય છે ?

એ જ પ્રમાણે,

(૩) પરિભાષાસૂત્રો પોતાના ઉચ્ચરિત પ્રદેશમાંથી નીકળીને વિધિસૂત્રોના પ્રદેશમાં જાય છે ?

— કે —

(૪) વિધિસૂત્રો પોતાના પ્રદેશમાંથી નીકળીને (પોતાનાં અમુક પદોનો અર્થ / સંસ્કાર કરાવવા માટે) પરિભાષાસૂત્રોના પ્રદેશમાં પહોંચે છે ?

*

આ સંદર્ભમાં, પાણિનિનાં સૂત્રોની પ્રવૃત્તિ કેવી રીતે થાય છે એને સમજાવતાં ભાષ્યકારે એક વાક્ય ઉચ્ચાર્યું છે તે સ્મરણીય છે : लक्षणं हि नाम ध्वनति, भ्रमति, मुहूर्तमपि नावतिष्ठते। (१-१-३ इत्यत्र व्याकरणमहाभाष्यम्, भाग-१, पृ. १२७) 'લક્ષણ = સૂત્ર તો એનું જ નામ છે કે જે (પોતાનો કોઈક અર્થ) (સતત) કહેતું રહે છે; (પદસિદ્ધિમાં ચારેય તરફ) ફરતું રહે છે (= અવકાશ મળે ત્યાં સર્વત્ર પ્રવૃત્ત થતું રહે છે); અને ક્યાંય ઘડીકેય ઊભું રહેતું નથી.'[1] આ દૃષ્ટિએ જોઈએ તો સંજ્ઞાસૂત્રો વિધિસૂત્રોના પ્રદેશમાં ય જવાના અને વિધિસૂત્રો ય પોતાનો વિશદ વાક્યાર્થ બોધ કરાવવા માટે સંજ્ઞાસૂત્રોના પ્રદેશમાં જવાના. એ જ પ્રમાણે, પરિભાષાસૂત્રો પણ વિધિસૂત્રોના પ્રદેશમાં પહોંચી જવાના અને વિધિસૂત્રો પણ પોતાનો (પોતાનામાંના અમુક પદોનો) સંસ્કાર કરાવવા માટે પરિભાષાસૂત્રોના પ્રદેશમાં પહોંચી જવાના !

પરંતુ ભાષ્યકાર પતંજલિએ સંજ્ઞાસૂત્રો અને પરિભાષાસૂત્રોની પ્રવૃત્તિ (= ભ્રમણ) બાબતે પોતાના તરફથી બે માર્ગદર્શક પરિભાષાવચનો ઉચ્ચાર્યાં છે :

(क) यथाद्देशं संज्ञापरिभाषम् ।

(ख) कार्यकालं संज्ञापरिभाषम् । (१-१-११ इत्यत्र माध्यम)

અર્થાત્ – (क) "સંજ્ઞાસૂત્રો અને પરિભાષાસૂત્રો ઉદ્દેશને = ઉપદેશ પ્રદેશ (= અષ્ટાધ્યાયી સૂત્રપાઠમાં જ્યાં જે અધ્યાય, પાદમાં જે ક્રમે ઉચ્ચાર્યાં હોય તે)ને

૧. 'અષ્ટાધ્યાયી' ના સૂત્રક્રમાંકને પ્રક્રિયાક્રમની / પ્રક્રિયા ગ્રન્થની આવશ્યકતા છે એમ આ ભાષ્યોક્તિનો આશય જણાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છોડ્યા વિના રહેતા હોય છે.[1] (એટલે કે સંજ્ઞાસૂત્રો અને પરિભાષાસૂત્રો 'અષ્ટાધ્યાયી'માં જ્યાં ઉચ્ચાર્યાં હોય ત્યાંથી ઊઠીને વિધિસૂત્રોના પ્રદેશમાં જતાં નથી.) તથા (ख) "સંજ્ઞાસૂત્રો અને પરિભાષાસૂત્રો જ્યાં કાર્ય હોય ત્યાં અર્થાત્ વિધિસૂત્રોના પ્રદેશમાં ('અષ્ટાધ્યાયી'ના જે અધ્યાય, પાદના જે ક્રમે વિધિસૂત્રો મૂકેલાં હોય ત્યાં) ઉપસ્થિત થતાં હોય છે."[2] [બીજા શબ્દોમાં કહીએ તો કાર્ય હોતાં અર્થાત્ વિધિસૂત્રો પોતાનો વિશદ વાક્યાર્થ બોધ / સંસ્કાર કરાવવા માટે જરૂરી સંજ્ઞાસૂત્રોને અને પરિભાષાસૂત્રોને પોતાની પાસે ખેંચી લાવે છે.]

બીજું, संज्ञापरिभाषम् એ શબ્દમાં संज्ञा च परिभाषा च । નો સમાહાર દ્વન્દ્વ સમાસ થયો છે. તેથી આ બે પરિભાષાઓમાં ખરેખર તો ચાર વાક્યો રહેલાં છે એમ જોઈ શકાય છે. જેમકે,

(क) = (१) यथोद्देशं संज्ञासूत्रम् । અને
(२) यथोद्देशं परिभाषासूत्रम् । તથા
(ख) = (३) कार्यकालं संज्ञासूत्रम् । અને
(४) कार्यकालं परिभाषासूत्रम् ॥

આમ સંજ્ઞાસૂત્રોની પ્રવૃત્તિ બાબતે અને પરિભાષા સૂત્રોની પ્રવૃત્તિ બાબતે દ્વિવિધ વ્યવસ્થાઓ બતાવવામાં આવી :

(૧) સંજ્ઞાસૂત્રો યથોદ્દેશ પક્ષવાળાં પણ હોય છે અને કાર્યકાલ પક્ષવાળાં પણ હોય છે.

(૨) પરિભાષાસૂત્રો યથોદ્દેશ પક્ષવાળાં પણ છે અને કાર્યકાલ પક્ષવાળાં પણ હોય છે.

* * *

અહીં એ નોંધપાત્ર છે કે ભાષ્યકારે આ બે પરિભાષાવચનો તો (ઉપર નિર્દિષ્ટ) એમના સામાન્ય અર્થમાં જ પ્રયોજ્યા છે. પરંતુ આ પરિભાષાઓના શબ્દોમાંથી જે અર્થ નિર્ગલિત થાય છે તેમાં વિવેકપૂર્વકનો જરૂરી સંકોચ કેવો / ક્યાં કરવો પડશે ? એની પ્રકટ ચર્ચામાં તેઓ ઉતર્યા નથી. આથી આ દિશામાં પ્રયત્ન કરનારાઓમાંથી પહેલવહેલું કૈયટનું જે 'મહાભાષ્યપ્રદીપ' વ્યાખ્યાન આપણને આજે ઉપલબ્ધ થાય છે તેનો જો સર્વાંશે સ્વીકાર કરવામાં આવે તો કેવા અપાર્થો, અને પરિણામે કેવી અનિષ્ટાપત્તિ થાય એ તરફ પહેલવહેલા નાગેશ

---

१. उद्देशमनतिक्रम्य यथोद्देशम् । उद्देश उपदेशदेशः । (परिभाषेन्दुशेखरः, परि. २/३, पृ. २)
२. कार्यकालमित्यस्य च कार्येण काल्यते, स्वसन्निधिं प्राप्यते इत्यर्थः ।
(परिभाषेन्दुशेखरः पृ. ५, ६)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભટ્ટે આપણું ધ્યાન દોર્યું છે.[1] આ એક મુદ્દાનો અભ્યાસ કરવાથી ય નાગેશનું પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં કેવું પ્રદાન છે ? એ જાણી શકાય છે. કેમકે કૈયટના મતનું સંમાર્જન કરવા માટે નાગેશને જે કરવું પડ્યું છે તે એ છે કે (૧) સમગ્ર ભાષ્યમાં પતંજલિએ ઉચ્ચારેલાં વાક્યોના ગર્ભિતાર્થો વાંચી બતાવવા પડ્યા છે; અને (૨) વિવિધ રૂપસિદ્ધિ દરમ્યાન વિધિસૂત્રોના પૂર્વાપર ભાવ નક્કી કરવામાં ઊભી થનારી સંભવિત ગેરવ્યવસ્થાઓ તરફ ધ્યાન દોરવું પડ્યું છે. હવે આપણે આનો વિગતે અભ્યાસ કરીશું.

[3]

કૈયટનું વ્યાખ્યાન

ईदूदेद्द्विवचनं प्रगृह्यम् । ૧-૧-૧૧ સૂત્રભાષ્ય ઉપરના 'પ્રદીપ' વ્યાખ્યાનમાં કૈયટે આ બે પરિભાષાઓ પાછળ રહેલા દૃષ્ટિકોણોને આમ સમજાવ્યા છે : (૧) યથાશ્રુતગ્રાહિ-પતિપત્તાનો પક્ષ : જ્યારે ચોક્કસ પ્રયોજનવિશેષને ધ્યાનમાં લીધા વિના, સામાન્ય પ્રયોજનમાત્રને લક્ષ્યમાં રાખીને; અને સાથે સાથે આ સૂત્રોથી ભવિષ્યમાં કશુંક પ્રયોજન સધાશે એવી અપેક્ષાબુદ્ધિથી જે શિષ્ય સંજ્ઞાસૂત્રોને અને પરિભાષાસૂત્રોને ભણી લે / સમજી લે / યાદ રાખી લે એને 'યથાશ્રુતગ્રાહી પ્રતિપત્તા' કહેવામાં આવે છે.[2] આવા પ્રતિપત્તાનો જે પક્ષ તે 'યથોદ્દેશપક્ષ' કહેવાય છે. 'અષ્ટાધ્યાયી'માં અનુક્રમે સૂત્રો ભણતાં ભણતાં જ્યાં જે સંજ્ઞાસૂત્ર કે પરિભાષાસૂત્ર રજૂ થાય, તેનો અર્થ ત્યાંને ત્યાં સમજી લે / યાદ રાખી લે તેવા શિષ્યને યથોદ્દેશપક્ષનો શિષ્ય કહેવાય છે.

(૨) પણ જે શિષ્ય સંજ્ઞાસૂત્ર કે પરિભાષાસૂત્ર જ્યાં ભણાવવામાં આવે ત્યાં "મારે આ 'ગુણ' કે 'વૃદ્ધિ' સંજ્ઞાનું કશું પ્રયોજન નથી." અથવા 'સપ્તમી નિર્દેશ હોય ત્યાં અવ્યવહિત પૂર્વને કાર્ય કરવું" ઇત્યાદિ પરિભાષા સૂત્રોક્ત સૂચના મને કોઈ રીતે ઉપયોગી નથી." એવી ઉપેક્ષાબુદ્ધિથી તેને ભૂલી જાય, પછી જ્યારે કોઈ વિધિસૂત્રમાં એની જરૂરિયાત ઊભી થાય ત્યારે 'ગુણ' એટલે શું ? 'વૃદ્ધિ' એટલે શું ? અથવા 'આ સપ્તમી વિભક્તિ કયા અર્થમાં વપરાઈ છે ?' એવો પ્રશ્ન પૂછે અને ગુરુ તેને વિધિસૂત્રના પ્રદેશ ઉપર ફરીથી તે સંજ્ઞાસૂત્ર કે પરિભાષાસૂત્રને ભણાવે તો તેવા શિષ્યને 'કાર્યકાલપક્ષ'નો શિષ્ય કહેવાય છે. આવા શિષ્યને

---

૧. કૈયટ અને નાગેશની વચ્ચેના સમયમાં પુરુષોત્તમદેવાદિના પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં આ બે પરિભાષાઓ ઉપર કોઈ નોંધપાત્ર વિચારણા થઈ નથી.

૨. यदाऽनुद्दिश्य प्रयोजनविशेषं प्रयोजनमात्रम् अभिसन्धाय भविष्यति किञ्चिदनेन प्रयोजनमिति संज्ञापरिभाषं प्रणीयते तदा संभवत्येवायं पक्षो यथाश्रुतग्राहिप्रतिपत्त्रपेक्षः ॥ (१-१-११ इत्यत्र प्रदीपः, व्याकरणमहाभाष्यम्, भाग-१, पृ. १६५)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વિધિસૂત્રોના દેશ (='અષ્ટાધ્યાયી'નું ઉચ્ચારણ સ્થળ) ઉપર જ વિધિસૂત્રોની સંજ્ઞા કે પરિભાષાસૂત્રની સાથે એકવાક્યતા સધાય છે. એટલે કે આવા શિષ્યને વિધિસૂત્રના અર્થની સાથે સંજ્ઞાસૂત્રોનો અર્થ પણ ભેગો મળીને (એક જ સાથે) એક મહાવાક્યાર્થનો બોધ થતો હોય છે.[7]

આમ કૈયટે અપેક્ષાબુદ્ધિવાળા છાત્ર અને ઉપેક્ષાબુદ્ધિવાળા છાત્રની કલ્પના કરીને[8] તેમને માટે (સંજ્ઞાસૂત્રો અને પરિભાષાસૂત્રો) અનુક્રમે યથોદ્દેશપક્ષનાં છે અને કાર્યકાલપક્ષનાં છે એમ કહ્યું છે. કૈયટના આ વ્યાખ્યાનનો જે ફલિતાર્થ થયો તે આમ દર્શાવી શકાય :

१. यथोद्देशं संज्ञासूत्रम् — विधिसूत्राणि । (← विधिसूत्राणि से संज्ञासूत्रम् की ओर)

२. यथोद्देशं परिभाषासूत्रम् — विधिसूत्राणि । (← विधिसूत्राणि से परिभाषासूत्रम् की ओर)

३. कार्यकालं संज्ञासूत्रम् — विधिसूत्राणि । (→ संज्ञासूत्रम् से विधिसूत्राणि की ओर)

४. कार्यकालं परिभाषासूत्रम् — विधिसूत्राणि । (→ परिभाषासूत्रम् से विधिसूत्राणि की ओर)

સારાંશ કે ૧. યથોદ્દેશપક્ષમાં વિધિસૂત્રો સંજ્ઞાસૂત્રોના દેશમાં જાય છે; પણ સંજ્ઞાસૂત્રો પોતાનું સ્થળ છોડતાં નથી. ૨. યથોદ્દેશપક્ષમાં વિધિસૂત્રો પરિભાષા-સૂત્રોના દેશમાં જાય છે, પણ પરિભાષાસૂત્રો વિધિસૂત્રોના દેશમાં જતાં નથી. ૩. કાર્યકાલપક્ષમાં સંજ્ઞાસૂત્રો પોતાનું ઉચ્ચારણ સ્થાન છોડીને, વિધિસૂત્રોના પ્રદેશ ઉપર ઉપસ્થિત થાય છે. ૪. કાર્યકાલપક્ષમાં પરિભાષાસૂત્રો પોતાનું ઉચ્ચારણ સ્થાન છોડીને વિધિસૂત્રોના પ્રદેશ ઉપર ઉપસ્થિત થાય છે.

[૪]

સંજ્ઞાસૂત્રો બાબતે યથોદ્દેશપક્ષ અને કાર્યકાલપક્ષનું નાગેશના મતે ચારિતાર્થ્ય

કૈયટના વ્યાખ્યાનના જે ચાર ફલિતાર્થો ઉપર વર્ણવ્યા છે તેમાંથી સંજ્ઞાસૂત્રોને લગતો પહેલો અને ત્રીજો ફલિતાર્થ નાગેશને પ્રાયઃ માન્ય છે. એટલે કે યથોદ્દેશપક્ષમાં વિધિસૂત્રો પોતાના પ્રદેશમાંથી નીકળી સંજ્ઞાસૂત્રોના પ્રદેશ ઉપર જાય છે. પણ કાર્ય-કાલપક્ષમાં સંજ્ઞાસૂત્રો પોતાના પ્રદેશમાંથી નીકળીને વિધિસૂત્રોના દેશમાં જાય છે.

---

૭. महावाक्यार्थपर्यालोचनप्रवृत्तप्रतिपत्त्रपेक्षस्तु कार्यकालः । (तत्रैव, पृ. १६५)

૮. પુરુષોત્તમદેવે આ બે છાત્રોને જુદી રીતે ઓળખાવ્યા છે : व्युत्पन्नाव्युत्पन्नप्रतिपतृभेदाच्चेमौ कार्यकालयथोद्देशपक्षौ । परिभाषासंग्रहः पृ. १५५)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(અર્થાત્ કાર્યકાલપક્ષમાં તો સંજ્ઞાસૂત્રો જે વિધિસૂત્રની સાથે જોડાય છે તે વિધિસૂત્રનો જે અષ્ટાધ્યાયી ક્રમાંક હોય તે ક્રમાંક સંજ્ઞાસૂત્રને લાગુ પડે છે ! કેમ કે સંજ્ઞાસૂત્રો તો કોઈક ને કોઈક વિધિસૂત્રને માટે /કાર્યને માટે જ હોય છે. તેથી તે ગૌણ ગણાય છે; અને વિધિસૂત્ર પોતે પ્રધાન ગણાય છે. આથી વિધિસૂત્રોનો ક્રમાંક સંજ્ઞાસૂત્રને મળે તે ઉચિત છે.[1] અલબત્ત નાગેશે આ મુદ્દામાં પણ ઝીણી નકશી કરી છે. જેમ કે, "યથોદ્દેશપક્ષમાં વિધિસૂત્રો સંજ્ઞાસૂત્રોના પ્રદેશમાં જાય છે, પણ સંજ્ઞાસૂત્રો પોતાનો પ્રદેશ છોડતાં નથી." એવું જે કૈયટનું કહેવું છે તેને પરિવર્તિત કરીને એમ કહેવું જોઈએ કે "એકસંજ્ઞાધિકાર[2] (૧-૪-૧ થી ૨-૨-૩૮)માં આવેલાં સંજ્ઞાસૂત્રોને વિષે યથોદ્દેશપક્ષ જ લાગુ પડે છે.[3] (અર્થાત્ આ વિભાગમાં આવેલાં સંજ્ઞાસૂત્રોને વિષે કાર્યકાલપક્ષ લેવો ઉચિત નથી.) આવી સ્પષ્ટતાને ધ્યાનમાં રાખવાથી જ राज्ञः । રૂપની ઇષ્ટસિદ્ધિ થઈ શકે છે. જેમ કે, राजन् + शस् । (દ્વિતીયા વિભક્તિ, બહુવચનનો પ્રત્યય) અહીં પ્રત્યયની આદિમાં આવેલા श्‌ની ઇત્સંજ્ઞા થઈને લોપ થાય છે → राजन् + अस् । હવે આ સ્થિતિમાં अल्लोपोऽनः । ૬-૪-૧૩૪)થી, ભ સંજ્ઞક અંગના अन्‌ના अ કારનો લોપ થવા આવે છે; અને બીજી તરફથી नलोपः प्रातिपदिकान्तस्य । (૮-૨-૧૭)થી 'પ્રાતિપદિક સંજ્ઞક પદના અંતે આવેલા न् કારનો લોપ થવા આવે છે.

હવે એક સંજ્ઞાધિકારમાં આવેલી ભ, પદ વગેરે સંજ્ઞાઓને વિષે જો કાર્યકાલપક્ષ પણ લઈ શકાય છે એવો કૈયટોક્ત સામાન્ય અર્થ લઈશું તો अल्लोपोऽनः । ૬-૪-૧૩૪ વિધિસૂત્રનો પૂરો વાક્યાર્થ મેળવવા यचि भम् । ૧-૪-૧૮ સંજ્ઞાસૂત્રને પણ ૬-૪-૧૩૪ પ્રદેશ ઉપર લઈ જવું પડે છે. આથી ૧-૪-૧૮ ક્રમાંકના સૂત્રને હવે ૬-૪-૧૩૪ પ્રદેશનું ગણવું પડશે. બીજી તરફ, नलोपः प्रातिपदिकान्तस्य । ૮-૨-૭ વિધિસૂત્રનો પૂરો વાક્યાર્થ મેળવવા પદ' સંજ્ઞા કરનારા स्वादिष्व-सर्वनामस्थाने । ૧-૪-૧૭ સંજ્ઞાસૂત્રને ૮-૨-૭ પ્રદેશ ઉપર લઈ જવું પડે છે. આથી તે (૧-૪-૧૭)ને હવે ૮-૨-૭ ક્રમાંકનું ગણવું પડશે. આમ હવે ૧-૪-૧૭ અને ૧-૪-૧૮ એ બન્ને સંજ્ઞાસૂત્રો એકસંજ્ઞાધિકારની બહાર નીકળી ગયા. (તેથી એકસંજ્ઞાધિકાર દ્વારા કહેવાયેલો બાધ્યબાધકભાવ આ બે સંજ્ઞાસૂત્રોને લાગુ

---

૧. कार्यार्थत्वाद् गुणानां, कार्यस्य च प्रधानत्वात् प्रधानदेशत्वस्य न्याय्यत्वादित्यर्थः । (१-१-११ इत्यत्र प्रदीपः, व्याकरणमहाभाष्यम्; भाग-१, पृ. १६४).

૨. જુઓ : પરિશિષ્ટ - ૧ જેમાં એક સંજ્ઞાધિકાર અને તેમાં આવેલી વિવિધ સંજ્ઞાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું છે.

૩. आकडाराधिकारस्थ-भ-पद-संज्ञादिविषये तु यथोद्देशपक्ष एवेति तत्रत्यपरत्वेनैव बाध्यबाधकभावः । (परिभाषेन्दुशेखरः; परि. २/३ पृ. ५)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પડશે નહીં.) જેના પરિણામે પહેલા સપાદ સપ્તાધ્યાયીસ્થ अल्लोपोऽनः । ६-४-१३४થી राजन् + अस् । માંથી भ સંજ્ઞક અંગના 'अन्'ના अ કારનો લોપ થશે → राजन् + अस्। અને પછી ત્રિપાદીસ્થ नलोपः प्रातिपदिकान्तस्य। ८-२-७ પણ પ્રવૃત્ત થશે; તે કહેશે કે પ્રાતિપદિકસંજ્ઞક જે પદ તે પદના અંતે આવેલા न કારનો લોપ કરો → राज्० + अस्। [(કાર્યકાલપક્ષ લેવાથી) અહીં 'એક સંજ્ઞાધિકાર'ની મદદ લઈને એક भ સંજ્ઞા થયા પછી બીજી पद સંજ્ઞા ન થઈ શકે— भ સંજ્ઞાથી पद સંજ્ઞાનો કાયમ માટે બાધ થઈ જાય એવી વ્યવસ્થા હાથમાં રહેતી નથી.] હવે राज् + अस् । માંથી કદાપિ राज्ञः । રૂપ બની શકશે નહીં !

આવી અનિષ્ટાપત્તિને રોકવા માટે જ નાગેશે કહ્યું કે એકસંજ્ઞાધિકારસ્થ भ – पद વગેરે સંજ્ઞાઓને વિષે તો યથોદ્દેશપક્ષ જ લાગુ પાડવો અનિવાર્ય છે. એટલે કે આ અધિકારમાં બતાવેલી સંજ્ઞાઓ પોતાના પ્રદેશમાં જ પડી રહે અને વિધિસૂત્રો તેમની પાસે આવીને ઊભા રહે, પછી તેમનો પૂરો વાક્યાર્થબોધ થાય એમ માનવું રહ્યું. હવે નાગેશનો મત સ્વીકારીને વિચારીશું તો राजन् + अस् । ની સ્થિતિમાં ६-४-१३४ વિધિસૂત્ર भ સંજ્ઞા કરનાર १-४-१८ સંજ્ઞાસૂત્રના પ્રદેશમાં; અને ८-२-७ વિધિસૂત્ર पद સંજ્ઞા કરનારા १-४-१७ સંજ્ઞાસૂત્રના પ્રદેશમાં જશે. ત્યાં भ સંજ્ઞા કરનારું (१-४-१८) સૂત્ર पद સંજ્ઞા કરનારા (१-४-१७) સૂત્ર કરતાં પર છે. તેથી તે હમેશને માટે १-४-१७નો બાધ કરી જ દેશે. (ભવિષ્યમાં પણ તે १-४-१७ને પ્રવૃત્ત થવા દેશે નહીં.) આમ राजन् + अस् । થશે → પછી श्चुत्व વિધિ થશે → राजञ् + अस् = राज्ञः । એવું ઇષ્ટ રૂપ બનશે.

*

અહીં એક પ્રશ્ન થાય કે ક્યારેક એવું બને કે ત્રિપાદીના કોઈક વિધિસૂત્રને પોતાનો પૂરો વાક્યાર્થ કરાવવા માટે એકસંજ્ઞાધિકારમાં આવેલા કોઈ સંજ્ઞાસૂત્રની જરૂર પડે તો શું થાય ? (કેમ કે હવે એકસંજ્ઞાધિકારની સંજ્ઞાઓને વિષે તો કેવળ યથોદ્દેશપક્ષ જ ગ્રાહ્ય ગણ્યો છે.) તો એને માટે નાગેશે કહ્યું છે કે કેટલાક વૈયાકરણોએ આનું સમાધાન કરતાં જણાવ્યું છે કે भ, पद વગેરે સંજ્ઞાઓ તો 'અષ્ટાધ્યાયી'માં રજૂ કરી હશે ત્યાં જ (યથોદ્દેશમાં જ) તેમનો સાંકેતિક અર્થ (સંજ્ઞિન્) સમજી લેવામાં આવશે / તેમનું જ્ઞાન કરી લેવામાં આવશે, અને એકવાર થઈ ગયેલા એ જ્ઞાનની મદદથી ત્રિપાદીમાં પણ વ્યવહાર થઈ શકશે. (આવું માનવામાં જે પ્રમાણ છે તે એ છે કે ભાષ્યકારે પોતે જ पूर्वत्रासिद्धम् । ८-२-१ ઉપર કેવળ પરિભાષાઓને વિષે જ પ્રશ્ન કર્યો છે કે સપાદ સપ્તાધ્યાયીની પરિભાષાઓ ત્રિપાદીમાં કેવી રીતે જઈ શકશે ? અહીં એમણે સપાદ સપ્તાધ્યાયીમાં કહેલાં સંજ્ઞાસૂત્રો ત્રિપાદીમાં કેવી રીતે જઈ શકશે એવો પ્રશ્ન ઊભો જ કર્યો નથી. આથી એમ જ્ઞાપિત થાય છે કે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સપાદ સપ્તાધ્યાયીનાં સંજ્ઞાસૂત્રોના જ્ઞાનની મદદ ત્રિપાદીના કોઈ વિધિસૂત્રનો પૂર્ણ વાક્યાર્થ મેળવવામાં ઉપયોગ થઈ શકે છે.[1]

*

આમ કૈયટના વ્યાખ્યાનના જે ચાર ફલિતાર્થો છે તેમાંથી પહેલા ફલિતાર્થને નાગેશે પ્રાયઃ સ્વીકારીને, જરૂરી નકશી કરવા તરફ ધ્યાન દોર્યું છે. એ જ પ્રમાણે કૈયટના પૂર્વોક્ત ત્રીજા ફલિતાર્થને પણ નાગેશે જરૂરી સંસ્કાર કરીને નીચે મુજબ રજૂ કર્યો છે. (એટલે કે એકસંજ્ઞાધિકાર સિવાયનાં સંજ્ઞાસૂત્રો બાબતે કાર્યકાલપક્ષ જ સ્વીકારી શકાય.) પરિણામે સંજ્ઞાસૂત્રો પોતાના પ્રદેશમાંથી નીકળીને વિધિસૂત્રના પ્રદેશમાં જઈને જ,[2] વિધિસૂત્રની સાથે એકવાક્યતા સાધીને પૂરો વાક્યાર્થ ઊભો કરે છે.[3] તેથી આ સંજ્ઞાસૂત્રોને વિધિસૂત્રોના પ્રદેશવાળાં જ ગણવા જોઈએ. આમ કરવાથી જ अमी । રૂપમાં अणोऽप्रगृह्यस्यानुनासिकः । ૮–૪–૫૭ થી અનુનાસિકત્વ થતું અટકે છે. આ મુદ્દાને જરા વિગતે સમજીએ તો –

अदस् + जस् । માં પહેલાં जसः शी । ૭–૧–૧૭ થી शी (ई) આદેશ થશે → अदस् + ई । પછી त्यदादीनाम् अः । ૭–૩–૧૦૨ થી स् ને अ થશે → अद् अ + ई । પછી अतो गुणे । ૬–૧–૯૭ થી પૂર્વરૂપૈકાદેશ → अद् + ई । પછી आदगुणः । ૬–૧–૮૭ થી ગુણ થશે, તો अदे । બનશે. પછી एत ईद् बहुवचने । ૮–૨–૮૧ થી अदस् ના द्‌કારની પાછળ આવેલા ए કારને ईत् થાય છે, અને द् કારને म् કારાદેશ થાય → अम् ई = अमी । રૂપ સધાય છે.

अमी । કોઈ અહીં શંકા કરે કે "अदसो मात् । ૧–૧–૧૨ સૂત્રથી अदस्‌ના म કારની પરમાં આવેલા ईत् ની પ્રગૃહ્ય સંજ્ઞા થાય છે." એમ નહીં કહી શકાય. કારણ કે અહીં જે मुत्व વિધિ થઈ છે, તે તો ત્રિપાદીના ૮–૧–૮૧ સૂત્રથી થયેલ છે. (એટલે કે ૧–૧–૧૨ સંજ્ઞાસૂત્રની દષ્ટિએ मुत्व વિધિ કરનારું સૂત્રો તો અસિદ્ધ છે.) તો નાગેશ કહે છે કે આ શંકાને કાર્યકાલપક્ષનું આશ્રયણ કરવાથી જ નિર્મૂળ કરી શકાશે. જેમકે, अदसो मात् । ૧–૧–૧૨ એવું સંજ્ઞાસૂત્ર પોતાના પ્રદેશમાં

---

૧. पदादिसंज्ञानां तत्र जातशक्तिग्रहेणैव त्रिपाद्यामपि व्यवहारः । अत एव पूर्वत्रासिद्धम् (८–२–१) इति सूत्रे परिभाषाणामेव त्रिपाद्यामप्रवृत्तिमाशङ्क्य कार्यकालपक्षाश्रयेण समाहितमित्याहुः । (परिभाषेन्दुशेखरः पृ. ५)

૨. कार्यार्थत्वादिति । तदेकवाक्यापन्नं संज्ञासूत्रम्, तत्प्रकरणस्थमिति भावः । (१–१–११ इत्यत्र भाष्यप्रदीपोद्द्योतः, पृ. १६४).

૩. संज्ञाशास्त्रस्य तु कार्यकालपक्षे न पृथग्वाक्यार्थ बोधः, किन्तु प्रदेशवाक्येन (= विधि सूत्रेण) सहैव ॥ (परिभाषेन्दुशेखरः, पृ. ३)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧-૧-૧૨ ઉપર) તો કશો વાક્યાર્થબોધ કરાવતું નથી; તેને તો अणोऽप्रगृह्यस्यानुनासिकः । ૮-૪-૫૭ જેવા વિધિસૂત્રની સાથે જોડીને, બન્નેની એકવાક્યતા કરીને, પૂરો વાક્યાર્થબોધ મેળવાય છે.[1] આથી ૧-૧-૧૨નો હવે ઉપસ્થિતિક્રમાંક બદલાતાં, તે ૮-૪-૫૭ના પ્રદેશનું ગણાય છે ! આના પરિણામે ૮-૨-૮૧ સૂત્રે કરેલું મુત્વ કાર્ય સિદ્ધ ઠરશે. ૮-૨-૮૧ની મુંત્વવિધિ થઈ ગયા પછી, પ્રગૃહ્યસંજ્ઞા કરનારા अदसो मात् । ૧-૧-૧૨ સૂત્રથી, કે જેનો હવે નવો ક્રમાંક ૮-૪-૫૭ ગણાયો છે તેનાથી अमीના ईની પ્રગૃહ્યસંજ્ઞા થશે. હવે अमी પ્રગૃહ્યસંજ્ઞક હોવાથી अणोऽप्रगृह्यस्यानुनासिकः । ૮-૪-૫૭થી अमी માં અનુનાસિકત્વ થશે નહીં.

ટૂંકમાં, એકસંજ્ઞાધિકાર સિવાયનાં સંજ્ઞાસૂત્રોને વિષે તો કેવળ કાર્યકાલપક્ષ માનવાથી જ ઇષ્ટસિદ્ધિ થાય છે; તથા સંજ્ઞાસૂત્ર જે વિધિસૂત્રની સાથે એકવાક્યતા પામતું હોય, તે (વિધિસૂત્ર)નો જે ક્રમાંક હોય તે ક્રમાંક સંજ્ઞાસૂત્રને મળે છે એમ માનીને એ (સંજ્ઞાસૂત્રના) નવા ઉપસ્થિતિક્રમને આધારે જ સિદ્ધ-અસિદ્ધભાવ (કે બાધ્ય-બાધકભાવ) ગોઠવવાનો રહે છે.[2]

*

એ જ પ્રમાણે, સંજ્ઞાસૂત્રોના નવા ઉપસ્થિતિક્રમને આધારે જ (विप्रतिषेधे परं कार्यम् । ૧-૪-૨ સૂત્રોક્ત) બાધ્યબાધકભાવ પણ ગોઠવવાનો હોય છે એનું ઉદાહરણ નીચે મુજબ છે : गङ्गे अमू । એ સ્થિતિમાં ईदूदेद्द्विवचनं प्रगृह्यम् । ૧-૧-૧૧ સૂત્રોક્ત પ્રગૃહ્યસંજ્ઞાનો બાધ કરીને, एचोऽयवायावः । ૬-૧-૭૮ એવા પરમાં આવેલા વિધિસૂત્રથી अय् આદેશ થવા આવે છે. પણ (એકસંજ્ઞાધિકારની સંજ્ઞાઓને બાદ કરીને,) બાકીની સંજ્ઞાઓને વિષે તો કાર્યકાલપક્ષ જ માનવો અનિવાર્ય છે એવું જે ઉપર કહેવાયું છે તેનો આધાર લઈને વિચારીશું તો प्लुतप्रगृह्या अचि नित्यम् । ૬-૧-૧૨૫ એવા વિધિસૂત્રના પ્રદેશ ઉપર આવીને, તેની સાથે એકવાક્યતા પામેલા ईदूदेद्द्विवचनं प्रगृह्यम् । ૧-૧-૧૧ એવા સંજ્ઞાસૂત્રનો ક્રમાંક હવે બદલાઈ જશે અને તે પણ ૬-૧-૧૨૫ ક્રમાંકનું ગણાશે. આથી गङ्गे + अमू । માં ૬-૧-૭૮થી જે अय् આદેશ થવા આવ્યો છે તેનો,

---

૧. અવસાનમાં આવેલા અપ્રગૃહ્યસંજ્ઞક अण् ને વિકલ્પે અનુનાસિક થાય છે. જેમ કે, दधिँ, दधि ।

૨. संज्ञाशास्त्रस्य तु कार्यकालपक्षे न पृथग्वाक्यार्थबोधः, किन्तु प्रदेशवाक्येन सहैव, अत एवाणोऽप्रगृह्यस्येत्येतदेकवाक्यतापन्नादसो मादित्येतत्प्रति न मुत्वाद्यसिद्धम्, असिद्धत्वस्य कार्यार्थतया कार्यज्ञानोत्तरमेव तत्प्रवृत्तिः, कार्यज्ञानं च प्रदेशदेश एवेति तद्देशस्थस्यासिद्धत्वाद् पूर्वग्रहणेनाग्रहणात् ॥ (परिभाषेन्दुशेखरः पृ. ३, ४)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હવે '૬-૧-૧૨૫' એવા પ્રગૃહ્યસંજ્ઞા વિધાયક સૂત્રથી, (૧-૪-૨ સૂત્રાનુસાર, અર્થાત્ પરત્વને હેતુ તરીકે આગળ ધરીને) બાધ કરવામાં આવશે.[1] પતંજલિને પણ આવું જ માન્ય છે. તેથી તેમણે પણ अदसो मात् । ૧-૧-૧૨ ઉપરના ભાષ્યમાં કહ્યું છે કે अयादिभ्यः परैव प्रगृह्यसंज्ञा । 'अय् વગેરે આદેશની અપેક્ષાએ પ્રગૃહ્યસંજ્ઞા (વિધાયક સૂત્રો) પરમાં આવેલા છે (એમ માનવું)."

***

ઉપર જણાવ્યું છે તેમ સંજ્ઞાસૂત્રો પોતાનો પ્રદેશ છોડીને વિધિસૂત્રોના પ્રદેશમાં જઈને ત્યાં એકવાક્યતા પામે છે. આથી સંજ્ઞાસૂત્રને (તેમનો અષ્ટાધ્યાયીસ્થ ઉચ્ચરિતક્રમ બદલાઈને,) નવો ઉપસ્થિતિક્રમ મળે છે. પરંતુ અહીં પ્રશ્ન થાય કે સંજ્ઞાસૂત્રોને મળનારો આવો નવો ક્રમાંક સ્વીકારવો તે કેટલે અંશે પ્રામાણિક છે? તો એનું સમાધાન એ છે કે वृद्धिरादैच् ૧-૧-૧ જેવાં સંજ્ઞાસૂત્રોનો આપણે અર્થ જાણીએ કે 'અમુક સંજ્ઞિઓની અમુક સંજ્ઞા થાય છે' તેટલાથી રૂપસિદ્ધિનું કશું કાર્ય સધાતું નથી. બીજા શબ્દોમાં કહીએ તો સંજ્ઞાસૂત્રોમાં અમુક સંજ્ઞાનું વિધાન થવા ઉપરાંત બીજો કશો વિધેયાંશ હોતો નથી. આથી તેઓ વિધિસૂત્રોના દેશમાં ગયા પછી જ જો ત્યાં ચરિતાર્થ થતા હોય તો તેમને વિધિસૂત્રોના દેશના ગણવા એમાં કશું અયોગ્ય નથી; બલ્કે તે જ યુક્ત–સંગત છે.[2]

[૫]

પરિભાષાસૂત્રો બાબતે યથોદ્દેશપક્ષ અને કાર્યકાલપક્ષનું નાગેશના મતે ચારિતાર્થ્ય

કૈયટના વ્યાખ્યાન મુજબ પરિભાષાસૂત્રોના વિષયમાં યથોદ્દેશપક્ષ એ રીતે ઘટે છે કે પરિભાષાસૂત્રોના પ્રદેશમાં જ 'અષ્ટાધ્યાયી'નાં તમામ વિધિસૂત્રોને ઉપસ્થિત કરીને, તે (વિધિસૂત્ર)નો સંસ્કાર કરાવી લેવામાં આવે છે, તથા કાર્ય-કાલપક્ષ એ રીતે ઘટે છે કે 'અષ્ટાધ્યાયી'માં જ્યાં જ્યાં પરિભાષાસૂત્રો ઉચ્ચાર્યાં

---

૧. एवं तद्बोधोत्तरमेव विरोधप्रतिसन्धानं चेति तत्रत्यपरत्वमेव विप्रतिषेधसूत्रप्रवृत्तौ बीजम्। अत एव कार्यकालपक्षेऽयादिभ्यः परैव प्रगृह्यसंज्ञेत्यदसो मादिति सूत्रे भाष्ये उक्तम् । (तत्रैव, पृ. ४, ५)
अयादिभ्यः परैव प्रगृह्यसंज्ञा । "अय् वृद्धिरादैच् ।

૨. વળી, એવી પણ શંકા ભવિષ્યમાં થઈ શકે તે પરિભાષાસૂત્રો જો ચાલીને–પોતાનો પ્રદેશ છોડીને વિધિસૂત્રના દેશમાં ન જઈ શકતા હોય તો 'સંજ્ઞાસૂત્રો વિધિસૂત્રોના પ્રદેશમાં જાય છે' એમ શા માટે માનવામાં આવે છે ? તો આનું પણ નાગેશ આગળ ઉપર 'પરિભાષાસૂત્રો એકદેશસ્થ રહેનાર છે,' એવી ભાષ્યોક્તિ તરફ ધ્યાન દોરીને સમાધાન આપવાના છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હશે ત્યાંથી તે નીકળીને અન્યત્ર આવેલાં વિધિસૂત્રોના પ્રદેશમાં જશે અને ત્યાં જઈને તે તે વિધિસૂત્રોનો સંસ્કાર કરી આપશે.

પરંતુ ઉભયપક્ષે આવા સર્વસામાન્ય વ્યાખ્યાનની સાથે સમ્મત થઈ શકાય એમ નથી એવું નાગેશે પ્રકટપણે જાહેર કર્યું છે. તેઓ કહે છે કે યથોદ્દેશપક્ષમાં પરિભાષાસૂત્રોના પ્રદેશમાં જો બધા વિધિસૂત્રોને લાવવામાં આવતાં હોય તો તો वृक्षेभ्यः । જેવું ઈષ્ટ રૂપ જ સિદ્ધ નહીં થાય. કારણ કે वृक्ष + भ्यस् । (ચતુર્થી, પંચમી બહુવચન) એ સ્થિતિમાં सुपि च । ૭-૩-૧૦૨ અને बहुवचने झल्येत् । ૬-૩-૧૦૩ એવાં બે વિધિસૂત્રો, પોતાની અંદર આવેલાં સપ્તમ્યન્ત પદો (सुपि અને झलि) નો સંસ્કાર કરાવવા માટે तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । (૧-૧-૬૬) જેવા પરિભાષાસૂત્રના પ્રદેશ ઉપર જાય તો તે બન્ને ૧-૧-૬૬ના પ્રદેશના ગણાય; અને પરિણામે તેમની વચ્ચેનો પૂર્વાપર ભાવ નષ્ટ થાય; અને પછી બાધ્યબાધકભાવ પણ ઉપસ્થિત ન થાય. આથી કૈયટનું (कार्यकालम् परिभाषासूत्रम् । નું) અર્થઘટન સ્વીકારવું જોખમભર્યું છે.

જો वृक्ष + भ्यस् ।માંથી वृक्षेभ्यः । એવું ઈષ્ટ રૂપ સાધવું હોય તો તો, પરિભાષાસૂત્રોને પતંજલિના સૂચન મુજબ एकदेशस्थ માનીને, પરિભાષાસૂત્રોના કેવળ અર્થનું સ્મરણ વિધિસૂત્રોના દેશમાં થાય છે એમ માનવું પડશે. જેથી કરીને ૭-૩-૧૦૨ના सुपि પદનો અને ૭-૩-૧૦૩ના झलि પદનો સંસ્કાર પણ થઈ રહેશે; અને તે બે સૂત્રોનો પૂર્વાપર ભાવ પણ અપરિવર્ત્ય રહેશે. આમ થતાં ૭-૩-૧૦૩ સૂત્ર પરત્વના હેતુથી ૭-૩-૧૦૨નો બાધ કરી દેશે. તો एत्व વિધિ થઈને वृक्षेभ्यः। રૂપ બની રહેશે.

હવે એ જોવાનું રહેશે કે નાગેશ (क) પરિભાષા સૂત્રો બાબતે યથોદ્દેશપક્ષ કેવી રીતે ઘટાવી બતાવે છે ? તો — શિષ્ય જ્યારે तस्मिन्निति० । ૧-૧-૬૬ જેવું પરિભાષાસૂત્ર સાંભળે કે તરત જ પૂછશે કે આ પરિભાષાનું ચારિતાર્થ્ય ક્યાં થાય છે ? તો ગુરુ પાંચ-પચ્ચીસ इको यणचि । ૬-૧-૭૭ જેવાં વિધિસૂત્રોને તે પરિભાષાના પ્રદેશમાં (૧-૧-૬૬ ઉપર) ઉદ્ધૃત કરીને તેનો સંસ્કાર કરી બતાવશે. તો આટલાં વિધિસૂત્રોના ઉપલક્ષ્યમાં પરિભાષાસૂત્રોનો બોધ યથોદ્દેશપક્ષે થયો એમ કહેવાશે.[1]

હવે પ્રશ્ન થશે કે ગુરુએ જે વિધિસૂત્રોનું ઉદ્ધરણ પરિભાષાના દેશમાં ના કર્યું

૧. केचित्तु परिभाषाविषये तस्मिन्नित्यादिवाक्यार्थबोधे सप्तमीनिर्देशादि क्वेति पर्यालोचनायां सकलतत्तद्विध्युपस्थितौ सकलतत्तत्संस्काराय गुणभेदं परिकल्प्यैकवाक्यतयैव नियमः । (परिभाषेन्दुशेखरः, पृ. २)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હોય તેમને શું કરવું ? એટલે કે શું આવા અવશિષ્ટ રહેલાં વિધિસૂત્રોના દેશમાં જઈને પરિભાષાસૂત્રો તેમનો અર્થ કરી બતાવે છે ? તો – ના. આવા સંદર્ભમાં તો નાગેશ કહે છે કે વિધિસૂત્રોના દેશમાં પરિભાષાસૂત્રોના અર્થનું સ્મરણ કરવામાં આવે છે. (પરિભાષાસૂત્રોને સાક્ષાત્ વિધિસૂત્રોના દેશમાં લઈ જવામાં આવતાં નથી.) અને એ રીતે વિધિસૂત્રોનો સંસ્કાર કરી લેવામાં આવે છે. આવું માનવા માટેનાં બે પ્રમાણ છે : (૧) કાર્યકાલપક્ષમાં પરિભાષાસૂત્રોના અર્થને વિધિસૂત્રોના પ્રદેશમાં લઈ જવામાં આવે તો પણ કશો વાંધો નથી આવતો. કેમ કે પરિભાષાસૂત્રોની બુદ્ધિ વિધિપ્રદેશમાં કરવામાં આવે છે' એમ બોલવાથી તે ત્યાંના થઈ જતાં નથી. જેમ કોઈ વેપારી કાર્યવશાત્ બહારગામ જાય તો પણ તે પારકા ગામનો બની જતો નથી; એ એના મૂળ વતનનો જ રહેવાસી ગણાય છે.[1] બીજું, (૨) પતંજલિએ 'વ્યાકરણ મહાભાષ્ય' માં પરિભાષાસૂત્રોની પ્રવૃત્તિ બાબતે એક વિધાન કર્યું છે : परिभाषा पुनरेकदेशस्था सती कृत्स्नं शास्त्रमभिज्वलयति प्रदीपवत्। तद्यथा – प्रदीपः सुप्रज्वलितः एकदेशस्थः सर्वं वेश्माभिज्वलयति ॥ २-१-१ इत्यत्र भाष्यम्) આમાં પરિભાષાસૂત્રોને દીપકની જેમ 'એકદેશસ્થ' રહીને, વિધિસૂત્રોનો સંસ્કાર કરી આપનારાં બની રહે છે. દીપકને જેમ વસ્તુઓ ઉપર પ્રકાશ પાથરવા જે તે વસ્તુની પાસે જવું પડતું નથી, પણ તે પોતે જ્યાં રહ્યો હોય ત્યાં રહ્યા રહ્યા જ તે દરેક વસ્તુને પ્રકાશિત કરે છે.

*

(ख) પરંતુ આવી ભાષ્યોક્તિને ચુસ્તપણે જો વળગી રહીએ તો તો પરિભાષાને વિષે કાર્યકાલપક્ષ કદાપિ ઘટી શકશે જ નહીં ! કારણ કે પરિભાષાને દીપકની જેમ એકદેશસ્ય કહીએ તો તે પોતાનું સ્થળ છોડીને વિધિસૂત્રોના પ્રદેશમાં કદાપિ જશે જ નહીં. નાગેશે આ સમસ્યાને નિર્મૂળ કરતાં જણાવ્યું છે કે (યથોદ્દેશપક્ષમાં) જે तस्मिन्निति०। ૧-૧-૬૬ જેવાં સપાદ સપ્તાધ્યાયીસ્થ પરિભાષા-સૂત્રોની પાસે, પોતાનો સંસ્કાર કરાવવા માટે ત્રિપાદીસ્થ વિધિસૂત્રો આવી શકવાના નથી. તેમને માટે આ પરિભાષાસૂત્રોનો કાર્યકાલપક્ષ બંધ બેસશે ? એટલે કે જે ત્રિપાદીસ્થ વિધિસૂત્રો પોતાનો સંસ્કાર કરાવવા સપાદસપ્તાધ્યાયીના પરિભાષાસૂત્ર પાસે જઈ શકતાં નથી; તેવાં વિધિસૂત્રો અદૃષ્ટપિશાચન્યાયે[2] સપાદ સપ્તાધ્યાયીનાં

---

૧. कार्यकाले तु तत्तद्विधिप्रदेशे परिभाषाबुद्ध्यैकवाक्यतेति । अत्रैकदेशस्थ इत्यनेन तत्र तत्र तद्बुद्धावपि तत्तद्देशस्थत्वं वारयति, यथा व्यवहर्तॄणां कार्यार्थमनेकदेशगमनेऽपि न तत्तद्देशीयत्वव्यवहारः किन्त्वभिजनदेशीयत्वव्यवहार एव, तद्वत् । (परिभाषेन्दुशेखरः, पृ. ३)

૨. પિશાચ જેમ સ્વયં દેખાતો નથી, પણ અદૃશ્ય રહીનેય કોઈ વ્યક્તિને પોતાની પાસે ખેંચી લાવી શકે છે તેમ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરિભાષાસૂત્રો(ના અર્થ)ને પોતાની પાસે ખેંચી લાવી, પોતાનો સંસ્કાર કરાવી લેશે. આમ ત્રિપાદીના વિધિસૂત્રોના ઉપલક્ષ્યમાં પરિભાષાસૂત્રોનો કાર્યકાલપક્ષ બંધ બેસી જશે ! આવું થઈ શકવામાં पूर्वत्रासिद्धम् । ૮-૨-૧ કોઈ રીતે બાધક બનશે નહીં એ પણ ધ્યાનાસ્પદ છે એમ નાગેશ કહે છે. જેમ કે,

ત્રિપાદીનાં વિધિસૂત્રો પોતાનો સંસ્કાર કરાવવા માટે સપાદ સપ્તાધ્યાયીના પરિભાષાસૂત્રો પાસે ન જઈ શકે, કેમ કે ૮-૨-૧ની સૂચનાથી તે ત્રિપાદી પૂર્વત્ર (= પૂર્વમાં એટલે કે સપાદ સપ્તાધ્યાયીમાં) અસિદ્ધ છે. પણ પતંજલિ કહે છે કે તે સપાદ સપ્તાધ્યાયીનાં પરિભાષાસૂત્રો જો અહીં ત્રિપાદીમાં આવે તો એમાં શું વાંધો હોઈ શકે ? અર્થાત્ એમાં કશો વાંધો આવવાનો નથી. કેમ કે ત્રિપાદી સપાદ સપ્તાધ્યાયીમાં અસિદ્ધ છે; સપાદ સપ્તાધ્યાયી તો ત્રિપદીમાં સિદ્ધ જ ગણાય ને ? ! એમ થવામાં કશો વાંધો આવવાનો નથી. આ રીતે ત્રિપાદીમાં આવેલાં વિધિસૂત્રોનાં સંસ્કાર માટે જે પરિભાષાસૂત્રો(ના અર્થ)ને કામે લેવામાં આવશે તેના ઉપલક્ષ્યમાં પરિભાષાસૂત્રોને વિષે કાર્યકાલપક્ષ પણ ઘટી જશે—સુસંગત બની રહેશે.[1]

***

નાગેશ કહે છે કે આવી રીતે કાર્યકાલપક્ષને ઘટાવ્યો છે એમ જોઈને કોઈને શંકા થાય છે – ङमो ह्रस्वादचि ङमुण् नित्यम् । ૮-૩-૩૨ જેવા ત્રિપાદીસ્થ વિધિસૂત્રમાં વપરાયેલાં પંચમ્યન્ત કે સપ્તમ્યન્ત પદોનો (ह्रस्वाद् અને अचि)નો સંસ્કાર કરવા જો સપાદ સપ્તાધ્યાયીના तस्मिन्निति० । ૧-૧-૬૬ અને तस्मा-दित्यु० ૧-૧-૬૭ – આ બે પરિભાષાસૂત્રો ૮-૩-૩૨ ઉપર (અદષ્ટપિશાચ-ન્યાયથી) ખેંચી લાવવામાં આવતાં હશે, તો તે બંને પરિભાષાસૂત્રો એક જ વિધિસૂત્રના (૮-૩-૩૨ના) પ્રદેશનાં ગણાશે. પરિણામે, उभयनिर्देशे पञ्चमी-निर्देशो बलीयान्, परत्वात् । એવું જે પતંજલિએ ૧-૧-૧૬૬ ઉપર કહ્યું છે તે અસંગત બની જશે. કેમ કે હવે ૧-૧-૬૬ અને ૬૭ એ બન્નેનો ક્રમાંક તો ૮-૩-૩૨ બની ગયો હશે. તેથી તેમની વચ્ચેના પૂર્વત્વ-પરત્વેનો ભાવ પણ નષ્ટ થઈ ગયો હશે. આમ, પરિભાષાના વિષે કાર્યકાલ પક્ષ કેવળ ત્રિપાદીમાં આવેલાં વિધિસૂત્રોના ઉપલક્ષ્યમાં જ ઘટે છે એમ કહેવામાં ઉપર્યુક્ત ભાષ્યોક્તિ સાથે વિસંગતિ આવવાની દહેશત ઊભી થાય છે.

---

૧. अत एव पूर्वत्रासिद्धमिति सूत्रे भाष्ये त्रिपाद्या असिद्धत्त्वात्तत्र सपादसप्ताध्यायी-स्थपरिभाषाणामप्रवृत्तिमाशङ्क्य यद्यपीदं तत्रासिद्धं तत्त्विह सिद्धमित्युक्त्वा तावताप्यसिद्धि-रित्यभिप्रायके कथमिति प्रश्ने कार्यकालं संज्ञापरिभाषं, यत्र कार्यं तत्रोपस्थितं द्रष्टव्य-मित्युक्तम् । (परिभाषेन्दुशेखरः । पृ. ६)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આનું સમાધાન આપતાં નાગેશે કહ્યું છે કે સૂત્રો વચ્ચેના પૂર્વત્વ-પરત્વનો નિર્ણય કરવા માટે અને विप्रतिषेधे परं कार्यम् । १-४-२ની પ્રવૃત્તિ કરવા માટે તો હમેશાં 'અષ્ટાધ્યાયી' માં જે ક્રમે સૂત્રોનો પાઠ કર્યો છે તે ક્રમનું જ આશ્રયણ કરવાનું છે.[1] કેમ કે કાર્યકાલપક્ષનું આશ્રયણ કરવાથી કોઈ પરિભાષાસૂત્રનો અષ્ટાધ્યાયીક્રમાંક બદલાઈ જતો નથી. વળી, પરિભાષાસૂત્રો એ પોતે તો અચેતન છે. એટલે તે પોતાનો પ્રદેશ છોડીને, વિધિસૂત્રોના દેશમાં જઈ શકવાનાં નથી. અથવા આપણે તે તે સપાદ સપ્તાધ્યાયીના પરિભાષાસૂત્રોના અર્થનું ત્યાં (= વિધિસૂત્રોના દેશમાં) સ્મરણ કરવાથી પણ તે પોતાનું મૂળ સ્થાન છોડી દેવાનાં નથી. વળી એટલે તો પતંજલિએ તે પરિભાષાસૂત્રોને 'એકદેશસ્થ' રહીને સઘળાં શાસ્ત્રને—બધાં વિધિસૂત્રોને—પ્રકાશિત કરનારાં કહ્યાં છે.[2]

***

નિષ્કર્ષ

(૧) यथोद्देशं संज्ञासूत्रम् ।

'એકસંજ્ઞાધિકાર' (१-४-१ થી २-२-३८)માં આવેલી ભ, પદ વગેરે સંજ્ઞાઓનું વિધાન કરનારાં સૂત્રોને વિષે જ યથોદ્દેશ પક્ષ માનવાનો છે. ઉદા. ત. राज्ञः । (આ 'એકસંજ્ઞાધિકાર'ની સંજ્ઞાઓ કદાપિ પોતાનું સ્થળ છોડીને વિધિસૂત્રોના પ્રદેશની બનતી નથી.)

(૨) कार्यकालं संज्ञासूत्रम् ।

એકસંજ્ઞાધિકાર સિવાયની તમામ સંજ્ઞાઓને (દા.ત. પ્રગૃહ્યાદિ સંજ્ઞાઓને) વિષે આ કાર્યકાલપક્ષ લાગુ પાડવાનો છે. તદનુસાર સંજ્ઞાસૂત્રો વિધિસૂત્રોના દેશના ગણાય છે. દા. ત. गङ्गे + अमू । જ્યાં अय् વગેરે આદેશોની અપેક્ષાએ પ્રગૃહ્યસંજ્ઞાને 'પર' કહેવામાં આવી છે.

---

૧. न च कार्यकालपक्षे ङमो ह्रस्वाद् इत्यादौ तस्मादित्युत्तरस्य, तस्मिन्निति निर्दिष्टे पूर्वस्येति परिभाषाद्वयोपस्थितौ परत्वादुभयनिर्देशे पञ्चमीनिर्देशो बलीयानिति तस्मिन्निति सूत्रस्थभाष्यासङ्गतिः । उभयोरेकदेशस्थत्वेन परत्वादित्यस्यासङ्गत्यापत्तेः । स्पष्टं चेदमिको गुणेत्यत्र कैयट इति वाच्यम् ॥ विप्रतिषेधसूत्रेऽष्टाध्यायीपाठकृतपरत्वस्याश्रयणेनादोषात्। (परिभाषेन्दुशेखरः, पृ. ६)

२. न हि कार्यकालपक्ष इत्येतावता तदपैति । पक्षद्वयेऽपि प्रदेशेषु स्वबुद्धिजननेनाविशेषात्। न हि तत्पक्षेऽप्यचेतनस्य शास्त्रस्य स्वदेशं विहाय तद्देशगमनं सम्भवति । नाप्यस्मदादिबुद्धिजननेन स्वदेशत्यागो भवति । अत एव भाष्ये एकदेशस्थस्यैव सर्वशास्त्राभिज्वालकत्वमुक्तम् ॥ (परिभाषेन्दुशेखरः पृ. ६)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૩) यथोद्देशं परिभाषासूत्रम् ।

પરિભાષાસૂત્રો પોતે 'એકદેશસ્થ' રહીને, પોતાના અર્થનું વિધિસૂત્રોના પ્રદેશ ઉપર સ્મરણ કરાવીને, સર્વશાસ્ત્રને અભિજ્વલિત–પ્રકાશિત કરે છે. આ રીતે સઘળાં પરિભાષાસૂત્રોને તો યથોદ્દેશ પક્ષનાં જ માનવાના છે.

બીજા શબ્દોમાં કહીએ તો વિધિસૂત્રો કદાપિ પરિભાષાસૂત્રોના પ્રદેશ ઉપર આવતાં નથી. અન્યથા वृक्षेभ्यः । જેવું રૂપ જ ના બની શકે.

(૪) कार्यकालं परिभाषासूत्रम् ।

(ત્રિપાદીનાં વિધિસૂત્રોનો વાક્યાર્થબોધ કરાવવા માટે આ પક્ષ કામે લગાડવામાં આવે છે. એટલે કે) સપાદ સપ્તાધ્યાયીના પરિભાષાસૂત્રોને અદૃષ્ટ પિશાચન્યાયે ત્રિપાદીનાં વિધિસૂત્રો પોતાની પાસે ખેંચી લાવે છે.

અહીં પણ સપાદ સપ્તાધ્યાયીના પરિભાષાસૂત્રોના અર્થોનું સ્મરણ જ માનવું. તે સ્વયં ત્રિપાદીમાં જતાં નથી; કે તેમનો અષ્ટાધ્યાયીસ્થ ક્રમાંક બદલાતો નથી. (દા.ત. ङमो ह्रस्वादचि ङमुण् नित्यम् । ८-३-३२)

પરિશિષ્ટ - ૧

"એકસંજ્ઞાધિકાર"માં આવેલી સંજ્ઞાઓ

आकडारादेका संज्ञा । १-१-४	कारके । १-४-२३
विप्रतिषेधे परं कार्यम् । १-४-२	ध्रुवमपायेऽपादानम् । १-४-२४
यूस्त्र्याख्यौ नदी । १-४-३	....
शेषो घ्यसखि । १-४-७	प्राक्कडारात्समासः । २-१-३
सुप्तिङन्तं पदम् । १-४-१४	....
....	अव्ययीभावः । २-१-५
स्वादिष्वसर्वनामस्थाने । १७	....
यचि भम् । १-४-१८	कडाराः कर्मधारये । २-२-३८

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલા-૫

पा. सू. १-४-३६ અને ભટ્ટોજિ દીક્ષિતાદિ*

૧.૦ स्पृहेरीप्सितः । पा. सू. १-४-३६ સૂત્ર ઉપર ભટ્ટોજિ દીક્ષિતે વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદીમાં લખ્યું છે કે ઈપ્સિત-માત્રમાં આ (સમ્પ્રદાન) સંજ્ઞા થાય છે. પરંતુ જો પ્રકર્ષની વિવક્ષા હોય તો પરત્વને કારણે 'કર્મ' સંજ્ઞા થાય છે.[1] પદમંજરીકાર હરદત્તાચાર્ય પણ આમ જ કહે છે. આ વિધાનને આધારે पुष्पेभ्यः स्पृहयति । જેવાં વાક્યોની સાથે જ देवदत्तः पुष्पाणि स्पृहयति । જેવાં વાક્યો પણ બની શકે. એક ડગલું આગળ વધીને કહીએ તો देवदत्तेन पुष्पाणि स्पृह्यन्ते। એવો કર્મણિ પ્રયોગ પણ થઈ શકે.

૧.૧ ભટ્ટોજિ દીક્ષિતની વૃત્તિના અનુસન્ધાનમાં તત્ત્વબોધિનીકાર ઉમેરે છે કે પરત્વને કારણે कर्तुरीप्सिततमं कर्म । १-४-४९ સૂત્રથી "કર્મ" સંજ્ઞા થવાથી "परस्परेण स्पृहणीयशाभम्" । "स्पृहणीयगुणैर्महात्मभिः" । જેવાં ઉદાહરણોમાં 'કર્મ' અર્થમાં-अनीयर् પ્રત્યય લાગીને स्पृहणीय શબ્દ બન્યો છે.[2]

પદમંજરીકાર હરદત્ત પણ જણાવે છે કે "कुमार्य इव कान्तं स्पृहयन्ति" । જેવા પ્રયોગોમાં षष्ठी शेषे । २-३-५० થી 'કર્મ'ની, એટલે કે कान्त ની શેષત્વ વિવક્ષા કરીને ષષ્ઠી વિભક્તિ પણ આપી શકાય છે. જેમ કે, कुमार्य इव कान्तस्य स्पृहयन्ति ।[3]

આમ ભટ્ટોજિ દીક્ષિત, તત્ત્વબોધિનીકાર અને પદમંજરીકાર એક બાબતમાં

'સ્વાધ્યાય', પુ. ૨૨, અંક ૩, અક્ષયતૃતીયા અંક, એપ્રિલ '૮૫, પૃ. ૨૪૯-૨૫૨.

* તા. ૧૯, ૨૦ માર્ચ, ૧૯૮૩ના રોજ સ.પ.યુનિ. વલ્લભવિદ્યાનગરના ઉપક્રમે યોજાયેલા ગુ.રા.યુનિ. અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના 'જ્ઞાનસત્ર' (૯મા અધિવેશન)માં રજૂ કરેલ લેખ.

१. ईप्सितमात्रे इयं संज्ञा । प्रकर्षविवक्षायां तु परत्वात्कर्मसंज्ञा । पुष्पाणि स्पृहयति (कौ. पृ. १७८) एवं (पदमं, पृ. ५५३)

२. परत्वादिति। तेन 'परस्परेण स्पृहणीयशोभम्' 'स्पृहणीयगुणैर्महात्मभिः इत्यादौ कर्मण्यनीयर् सिध्यति । (कौ. पृ. १७८) इत्यत्र तत्त्वबोधिनी ॥

३. शेषत्वविवक्षायां तु 'कुमार्य इव कान्तस्य त्रस्यन्ति स्पृहयन्ति च' इत्यत्र षष्ठ्यपि सिध्यतीति हरदत्तादयः ॥ (कौ. पृ. १७८) इत्यत्र तत्त्वबोधिनी ॥

१-४-३६ સૂત્ર ઉપર 'પદમંજરી' ટીકામાં આવું કોઈ વાક્ય મળતું નથી. પરંતુ તત્ત્વબોધિનીકાર, (ઉપર મુજબ) હરદત્તનું નામ લઈને આ વિચાર રજૂ કરે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એકમતિ ધરાવે છે કે √સ્પૃહ ધાતુના યોગમાં પ્રકર્ષની વિવક્ષા (અર્થાત્ 'ઇપ્સિત' ને બદલે 'ઇપ્સિતતમ') હોય તો પુષ્પ જેવા પદાર્થની 'કર્મ' સંજ્ઞા પણ થઈ શકે. પરંતુ ભટ્ટોજિ દીક્ષિતનો આ મત ચિન્ત્ય છે.

૨.૦ पुष्पेभ्यः स्पृहयति । આ ઉદાહરણમાં स्पृहेरीप्सितः । ૧-૪-૩૬ સૂત્રથી પુષ્પની સમ્પ્રદાનસંજ્ઞા થઈને ચતુર્થી વિભક્તિ વપરાઈ છે. ભટ્ટોજિ દીક્ષિત કહે છે કે પુષ્પ અત્યંત ઇપ્સિતતમ છે એમ દર્શાવવાની ઇચ્છા હોય તો પુષ્પ ની 'કર્મ' સંજ્ઞા થશે. એટલે કે पुष्पाणि स्पृहयति । જેવો પ્રયોગ પણ થશે. ભટ્ટોજિ દીક્ષિતના મતે स्पृहेरीप्सितः । ૧-૪-૩૬ સૂત્ર કરતાં कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્ર પરસૂત્ર હોઈને—પરત્વને કારણે—'કર્મ' સંજ્ઞા પણ થઈ શકશે. આમ पुष्पेभ्यः स्पृहयति ।ની સાથે જ पुष्पाणि स्पृहयति । જેવા પ્રયોગને પણ સાધુ (પ્રયોગાર્હ) ગણી શકાય છે.

પરંતુ ભટ્ટોજિ દીક્ષિતે પોતાના મતના સમર્થન માટે જે परत्वात् એવો હેતુ આપ્યો છે તે અયુક્ત છે, શાસ્ત્રવિરુદ્ધ છે. 'પરત્વ'ની દલીલ અહીં લાગુ પાડી શકાય એમ નથી. કેમ કે स्पृहेरीप्सितः । ૧-૪-૩૬ અને कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ એ બે સૂત્રો સાવકાશ - કોઈક ઉદાહરણમાં ચરિતાર્થ - હોય તો જ विप्रतिषेधे परं कार्यम् । ૧-૪-૨ સૂત્ર પ્રવૃત્ત થઈને, પરત્વને ધ્યાનમાં લઈને નિર્ણય આપી શકે. [કારણ કે विप्रतिषेधेનો અર્થ "તુલ્ય બલવાળાં, અર્થાત્ કોઈક (ઉદાહરણમાં લાગુ પડી ચૂકેલાં (= ચરિતાર્થ થયેલાં, એટલે કે બે સાવકાશ) સૂત્રોની વચ્ચે બલાબલ ભાવ નક્કી કરતી વખતે જે પરસૂત્ર હોય તેને બળવાન ગણવું." એવો કરવામાં આવ્યો છે.] પરંતુ અહીં બંને સૂત્રો સાવકાશ નથી; માટે પૂર્વત્વ કે પરત્વનો વિચાર પ્રસ્તુત બનતો જ નથી.

कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્ર સાવકાશ છે, જ્યારે स्पृहेरीप्सितः । ૧-૪-૩૬ સૂત્ર નિરવકાશ છે. [એને ચરિતાર્થ થવા હજી કોઈ ઉદાહરણ મળ્યું નથી.) આથી સાવકાશ ૧-૪-૪૯ પરસૂત્ર હોવા છતાંય, ૧-૪-૩૬ એવું પૂર્વસૂત્ર નિરવકાશ હોઈને ૧-૪-૪૯નું બાધક બને છે. આથી કેવળ पुष्पेभ्यः स्पृहयति । એવો એક જ પ્રયોગ થશે. આમ પુષ્પની 'કર્મ' સંજ્ઞા થશે જ નહીં, (અને પરિણામે पुष्पाणि स्पृहयति । જેવો દ્વિતીયા વિભક્ત્યન્ત પ્રયોગ થશે નહીં અને તેનો કર્મણિ પ્રયોગ પણ થશે નહીં). ભટ્ટોજિ દીક્ષિતે જે લખ્યું છે તે સિદ્ધાન્તવિરુદ્ધ છે.

૨.૧ તત્ત્વબોધિનીકારે એક તરફથી ભટ્ટોજિ દીક્ષિતના મતનું સમર્થન કરવા, "स्पृहणीयशोभम् જેવા પ્રયોગોમાં 'કર્મ' અર્થમાં—अनीयर् પ્રત્યય લાગ્યો છે" એવું

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લખ્યું છે. પરંતુ બીજી તરફ, ભર્તૃહરિ અને હેલારાજના[1] ગ્રન્થોને આધારે એ પણ નોંધ્યું છે કે √સ્પૃહ ધાતુના યોગમાં આ ૧-૪-૩૬ સૂત્રવિહિત 'સમ્પ્રદાન' સંજ્ઞાથી 'કર્મ' સંજ્ઞાનો (અને શેષે-ષષ્ઠીનો પણ) બાધ થાય છે. આ દૃષ્ટિએ "परस्परेण स्पृहणीयशोभम्" । જેવાં ઉદાહરણોમાં दानीयो विप्रः ।ની જેમ બાહુલકથી 'સમ્પ્રદાન' અર્થમાં अनीयर् પ્રત્યય લાગ્યો છે એમ કહેવું રહ્યું. એ જ પ્રમાણે, "कुमार्य इव कान्तस्य स्पृहयन्ति ।"નો અર્થ "कुमार्य इव कान्ताय स्पृहयन्ति । કરવો રહ્યો.[2] અંતે તત્ત્વબોધિનીકાર ઉમેરે છે કે હરદત્તના મતે[3] क्रियया यमभिप्रैति०। ૧-૪-૩૨ સૂત્ર ઉપરના વાર્ત્તિકથી જ ઇષ્ટસિદ્ધિ થઈ જતી હતી. એવી સ્થિતિમાં स्पृहेरीप्सितः । १-४-३६ સૂત્રની જે રચના કરવામાં આવી છે તે વ્યર્થ થઈ જશે; (જો पुष्प ની 'સમ્પ્રદાન' સંજ્ઞા કરવાને બદલે, 'કર્મ' સંજ્ઞા કરીશું તો).[4]

[આ લેખ પ્રસિદ્ધ થયા પછી ડૉ. કમલેશકુમાર છ. ચોક્સીએ પણ આ વિષય ઉપર એક દ્રષ્ટવ્ય લેખ લખ્યો છે. જુઓ : स्पृह्‌ના યોગમાં પાણિનિએ પ્રયોજેલી

---

१. हेतुत्वे कर्मसंज्ञायां शेषत्वे वापि कारकम् ।
रुच्यर्थादिषु शास्त्रेण सम्प्रदानाख्यमुच्यते ॥ (वा. प. ३-७-१३०)
(अत्र हेलाराजः) – यथा संज्ञान्तरपूर्वकं 'कर्म' प्रागुक्तं, तथा इदमपि सम्प्रदान-मन्यपूर्वकं शास्त्रेण 'रुच्यर्थानां प्रीयमाणः (१-४-३३) इत्यादिना व्याख्यायते । .... यदा तु 'देवदत्ताय रोचते मोदक.' इति, अयमर्थो 'देवदत्तं मोदकः प्रीणयति' इति; तथा च प्रीयमाण इति विशेषणं तदा कर्मसंज्ञायां प्राप्तायां सम्प्रदानसंज्ञारम्भः । .... । 'पुष्पेभ्यः स्पृहयति' इति पुष्पाणामीप्सिततमत्वात् कर्मसंज्ञाप्रसङ्ग उक्तः ॥
આ ચર્ચાનો અર્થ એવો થાય છે કે પુષ્પ પહેલેથી જ 'ઇપ્સિતતમ' છે; અને એ સ્થિતિમાં कर्तुरीप्सिततमं कर्म । १-४-४९ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા થવા આવે છે. તેનો બાધ કરીને 'સમ્પ્રદાન' સંજ્ઞા કરવા માટે જ પાણિનિએ स्पृहेरीप्सितः । १-४-३६ સૂત્રની રચના કરી છે. આમ ભર્તૃહરિના મતે "પુષ્પ કોઈકવાર 'ઇપ્સિત' હોય અને બીજી કોઈકવાર 'ઇપ્સિતતમ' હોય." એવું શક્ય જ નથી.

२. वाक्यपदीयहेलाराजीयग्रन्थयोस्तु स्पृहयतियोगे कर्मसंज्ञायाः शेषषष्ठ्याश्च बाधिकेयं संप्रदानसंज्ञेति स्थितम् । ...तस्माद्वाक्यपदीयादिग्रन्थानुरोधेन 'परस्परेण स्पृहणीय शोभम्' इत्यादौ 'दानीयो विप्रः' इतिवत् बाहुलकात् संप्रदाने अनीयर् इति व्याख्येयम् । 'कुमार्य इव कान्तस्य' इत्यत्र तु... 'कान्ताय स्पृहयन्ति' इति व्याख्येयमिति केचित् ॥ (कौ. पृ. १७८) इत्यत्र तत्त्वबोधिनी॥

૩. 'કાશિકા' ઉપરની પદમંજરીમાં આવો કોઈ મત પ્રાપ્ત થતો નથી. જુઓ : કાશિકા-પદમંજરીસહિતા. પૃ. ૫૫૩.

४. युक्तं चैतत् – 'क्रियया यमभिप्रैति'. इत्यनेनैवेष्टसिद्धेः 'स्पृहेरीप्सितः' इत्येतत्सूत्रस्य हरदत्तादिमते वैयर्थ्यप्रसङ्गात् ॥ (कौ. पृ. १७८) इत्यत्र तत्त्वबोधिनी ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કારકવ્યવસ્થા" – સ્વાધ્યાય (૨૭.૧, ૨) ૧૯૯૦, પૃ. ૩૭-૪૨. તથા પૂજ્યશ્રી શીલ-ચન્દ્ર વિજયજી મહારાજ સાહેબે પણ મારી સાથે પરામર્શ કર્યો છે. હું તેમનો આભારી છું. પણ મારા લેખના સમર્થનમાં (૧) બાણભટ્ટ (ઇ.સ. ૭૦૦)ની એક પંક્તિ (મહાશ્વેતાવિલાપ કાદમ્બરી) ઉદધૃત કરું છું. प्रसृतविमलमणिकिरणाश्रुतया प्ररुदितैरिवोपेता तज्जीविताय इव आत्ममरणाय स्पृहयन्ती, मृतस्यापि सर्वात्मना हृदयं प्रवेष्टुमिवेच्छन्ती... (महाश्वेता)... मुहुर्मुहुरेतमन्वनयम् । – कादम्बरी, सं. Peter Peterson, Bombay Sanskrit Series No XXIV, A. D. 1885, page, 168) અહીં आत्ममरण ઈપ્સિતતમ અર્થ હોવા છતાંય બાણભટ્ટે स्पृह ધાતુના યોગમાં ચતુર્થી વિભક્તિ જ વાપરી છે. (૨) બાણની પણ પૂર્વે કાલિદાસે (ઇ.સ. પ્રથમ શતી) શાકુન્તલ (અંક-૭માં) દુષ્યન્ત સર્વદમન ભરતને જુવે છે, ત્યારે स्पृहयामि दुर्ललिताय अस्मै । એવો ચતુર્થી વિભક્તિનો પ્રયોગ કર્યો છે. અહીં અનપત્ય રાજાને માટે ચક્રવર્તીનાં લક્ષણાવાળો પુત્ર સર્વદમન અત્યંત ઈપ્સિત-તમ છે, પ્રકર્ષની જ વિવશા છે, છતાંય દ્વિતીયા નથી વપરાઈ ! इति दिक् ।]

वारणार्थक ધાતુને ઈપ્સિતતમ અને અપાદાન બન્ને કારકની અનિવાર્ય જરૂરિયાત છે. જ્યારે અકર્મક એવા स्पृह ધાતુને કેવળ સમ્પ્રદાનની જરૂર છે. જેમ કે, रामः रावणाय क्रुध्यति । આ क्रुध ને પણ કશું ઈપ્સિતતમ હોતું જ નથી. / હોઈ શકતું નથી. તેમ જ स्पृह् વિષે જાણવું. કાલાન્તરે ભાષકોએ स्पृह્ને સકર્મક માન્યો હોય તો જ દ્વિતીયાને માટે અવકાશ ઊભો થાય છે, અને એ સ્થિતિમાંય रामः धनाय पुष्पाणि स्पृहयति । એવું થઈ શકે કે નહીં ? – તે લક્ષ્ય (સાહિત્યના કોઈ ઉદાહરણ)થી સિદ્ધ કરવું પડે. વળી, ધનાયની ચતુર્થી તાદર્થ્યે કહેવાશે. જે स्पृह्ना 'ઈપ્સિત' અર્થ તરીકે જ છે એમ એકાન્તિકપણે કોણ કહી શકશે ? એમ કહેવામાં કશું વિનિગમક પ્રમાણ હોવું જોઈએ. (वादे वादे जायते तत्त्वबोधः ।ના આશયથી આટલો ઉમેરો કર્યો છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલા-૬

સન્ધ્યક્ષરો – ए, ओ, ऐ અને औ વર્ણો – વિષે મહાભાષ્યમાં પ્રાપ્ત થતી વિચારણા*

પતંજલિએ મહાભાષ્યમાં अइउण् ઇત્યાદિ માહેશ્વર સૂત્રો ઉપર વિગતે ચર્ચા કરી છે. આ ચર્ચાની અંતર્ગત તેમણે ए, ओ, ऐ અને औ – આટલા ચાર સન્ધ્યક્ષરો વિષે પણ શાસ્ત્રીય ચર્ચા કરી છે. આ ઉપરાંત, एच इग्घ्रस्वादेशे । (પા.સૂ. ૧-૧-૪૮) સૂત્રના અનુસન્ધાનમાં વાર્ત્તિકકાર અને ભાષ્યકાર વચ્ચે પણ બહુ માર્મિક ચર્ચાઓ થઈ છે.

લોકમાં એવું પ્રસિદ્ધ છે કે ए કાર અને ऐ કારના ઉચ્ચારણસ્થાન કંઠતાલુ છે, તથા ओ કાર અને औ કારના ઉચ્ચારણસ્થાન કંઠોષ્ઠ છે. ભટ્ટોજિ દીક્ષિતે પણ एકાર, ऐકારમાં अ + इ વર્ણ અને ओ કાર, औકારમાં अ + उ વર્ણ ભેગા થયેલા છે એમ માનીને एदैतोः कण्ठतालु । ओदौतोः कण्ठोष्ठम् । એવું નિરૂપણ કર્યું છે.[1] બીજી તરફ શિક્ષાગ્રન્થો પણ આવું જ વર્ણન કરે છે.[2]

આધુનિક ધ્વનિવિજ્ઞાન કદાચ આ સાથે સર્વાંશે સમ્મત ન થાય. કારણ કે તેમાં ए કાર અને ओ કારને સ્વતન્ત્ર વર્ણો માનવામાં આવ્યા છે. પરંતુ મહાભાષ્યની ચર્ચાનો સૂક્ષ્મ અભ્યાસ કરવાથી આધુનિક ધ્વનિવિજ્ઞાન સાથેનો આ વિરોધ દૂર કરી શકાય એમ છે.

પ્રાચીન સમયમાં ભારતીય વૈયાકરણોએ આ ચાર સન્ધ્યક્ષરો વિષે જે જે ચર્ચાઓ કરી છે, તેનો પરિચય મેળવવા આપણે મુખ્યત્વે एच इग्घ्रस्वादेशे । (૧-૧-૪૮) સૂત્ર ઉપરની ભાષ્યચર્ચાને કેન્દ્રમાં રાખીશું.

૦.૧ પાણિનિએ સ્વરાન્ત નપુંસકલિંગ નામોનાં રૂપાખ્યાનમાં ह्रस्वो नपुंसके प्रातिपदिकस्य । (૧-૨-૪૭) એવું સૂત્ર મૂક્યું છે. આ સૂત્રથી દીર્ઘ आ કારાન્ત, ई કારાન્તાદિ નપુંસકલિંગ નામોને હ્રસ્વ થાય છે. જેમ કે, श्रियं पाति इति श्रीपा। એવું સામાસિક શબ્દસ્વરૂપ હોય તો તેના નપુંકલિંગમાં રૂપો ચલાવતી વખતે આ સૂત્રથી श्रीप એવો હ્રસ્વ अ કારાન્ત શબ્દ બનાવવામાં આવે છે અને પછી હ્રસ્વ अ કારાન્ત कमल ઇત્યાદિ શબ્દોની જેમ તેનાં રૂપો ચલાવવામાં આવે છે.

---

* સ્વાધ્યાય : (૧૬.૪) મ.સ.યુનિ. ઑફ બરોડા, ઓગસ્ટ, ૧૯૭૯માં પ્રકાશિત લેખ.

૧. જુઓ : वैयाकरणसिद्धान्तकौमुदी, १० : तुल्यास्यप्रयत्नं सवर्णम् । ૧/૧/૯ સૂત્ર ઉપરની વૃત્તિ.

૨. एऐ तु कण्ठतालव्यौ ओऔ कण्ठोष्ठजौ स्मृतौ । पाणिनीय शिक्षा, १८(ख).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ સૂત્રથી દીર્ઘ આ કારાન્ત, ઈ કારાન્ત શબ્દોને હ્રસ્વાદેશ કરવામાં કોઈ મુશ્કેલી પડતી નથી. પરંતુ सुस्मृते, प्रद्यो, प्रै કે सुनौ[1] જેવાં एकारान्त, ओकारान्त અને ऐकारान्त અને औकारान्त શબ્દોનાં નપુંસકલિંગમાં રૂપો સાધતી વખતે આ સૂત્રથી કયા વર્ણને હ્રસ્વાદેશ રૂપે મૂકવો તે પ્રશ્ન થાય છે. કારણ કે આ ચારેય વર્ણોને સંસ્કૃત વ્યાકરણમાં સન્ધ્યક્ષર માનવામાં આવ્યા છે. અર્થાત્ આ વર્ણોના પૂર્વાંશમાં अकारની અને ઉત્તરાંશમાં इकार કે उकारની[2] માત્રા રહેલી છે એમ માનવામાં આવ્યું છે. આથી एकारान्तादि શબ્દોના હ્રસ્વાદેશ રૂપે ક્યારેક अ વર્ણ થશે અને ક્યારેક इ કે उ વર્ણ થશે. આવી અનિયમિત સ્થિતિને દૂર કરવા પાણિનિએ एच इग्घ्रस्वादेशे । (૧-૧-૪૮) સૂત્રને રજૂ કર્યું છે. આ સૂત્ર જણાવે છે કે ए, ओ, ऐ, औ કારને હ્રસ્વાદેશ કરવો હોય ત્યારે इ, उ, (ऋ लृ[3]) કાર જ કરવા. પરિણામે प्रै અને सुनौ જેવા શબ્દોમાં હ્રસ્વાદેશની પ્રવૃત્તિ થયા પછી प्ररि અને सुनु જેવા શબ્દો પ્રાપ્ત થશે.

૧.૦ एच इग्घ्रस्वादेशे (૧-૧-૪૮) સૂત્ર ઉપરના ભાષ્યમાં આ સૂત્રનાં પ્રયોજનોની વિચારણા કરવામાં આવી છે : (૧) ए કાર અને ओ કારનો હ્રસ્વાદેશ કરવાના પ્રસંગે તેમના સવર્ણ ભેદોની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ ए કાર અને ओકારના હ્રસ્વાદેશ રૂપે અર્ધા एકાર અને અર્ધા ओ કારની પ્રાપ્તિ થાય છે. તેમની નિવૃત્તિ કરવા માટે આ સૂત્રની જરૂર છે. (૨) ऐકાર અને औ કારમાં એક માત્રા अ કારની હોય અને બીજી એક માત્રા इકાર, उ કારની હોય છે. આથી તેમના હ્રસ્વાદેશ રૂપે ક્યારેક अ વર્ણ થશે અને ક્યારેક इ કે उ વર્ણ થશે. તે વખતે (હ્રસ્વાદેશ રૂપે પ્રાપ્ત થતા) अ કારની નિવૃત્તિ કરવા માટે આ સૂત્રની જરૂર છે.[4]

૧.૧ વાર્તિકકાર કાત્યાયનના મતે આ સૂત્ર કરવાની જરૂર નથી. કારણ કે આ સૂત્રના ઉપર્યુક્ત બે પ્રયોજનો સિદ્ધ જ છે. જેમ કે, (૧) एકાર અને ओકારનાં

---

૧. (१) स्मृतः इः येन स स्मृतेः । सु-शोभनः स्मृतेर्यस्य तत् सुस्मृति ।
(२) प्रकृष्टा द्यौः यस्य तत् प्रद्यो > प्रद्यु ।
(३) प्रकृष्टो राः (धनं) यस्येति बहुव्रीहौ प्रैशब्दः ।
प्रकृष्टो राः (धनं) यस्य तत् प्ररि ।
(४) सु-शोभना नौर्यस्य तत् सुनु । —
वैयाकरणसिद्धान्तकौमुदी, ३२३ एच इक्० । १/१/४८ સૂત્ર ઉપર 'બાલમનોરમા.'

૨. एકાર, ऐકારના પૂર્વાંશમાં अકારની અને ઉત્તરાંશમાં इકારની માત્રા રહેલી છે. ओકારના, औ કારના પૂર્વાંશમાં अ કારની અને ઉત્તરાંશમાં उ કારની માત્રા રહેલી છે.

૩. इक् પ્રત્યાહારમાં આ બે વર્ણો પણ આવી જાય છે. તથાપિ તેમનું કોઈ પ્રયોજન નથી. ન્યાસકારના મતે પાણિનિએ અસંદેહાર્થ इक् પ્રત્યાહાર પ્રયોજ્યો છે.

૪. एच इग्वचनं सवर्णाकारनिवृत्त्यर्थम् ॥ (વા.-૧)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જે ઉચ્ચારણ સ્થાનો છે તે જ સ્થાનો ઇકાર અને ઉકારના છે. અર્થાત્ એકાર, ઓકારના સસ્થાન વર્ણો ઇકાર, ઉકાર છે.[1] તેથી તેમના હ્રસ્વાદેશ રૂપે ઇકાર અને ઉકાર થઈ જશે; પણ અર્ધા એકાર અને અર્ધા ઓકાર થશે નહીં.[2]

અહીં કોઈને એવી શંકા થાય કે સ્થાનસામ્યને કારણે એકાર અને ઓકારના હ્રસ્વાદેશ રૂપે ઇકાર અને ઉકાર જ થશે, અને અર્ધા ए અને અર્ધા ઓકાર નહીં થાય એમ કહેવું સાચું નથી. કારણ કે જો એકાર અને ઓકારના ઇકાર અને ઉકાર સસ્થાન (સમાન સ્થાનવાળા) છે, તો અર્ધા એકાર અને અર્ધા ઓકાર સસ્થાનતર અર્થાત્ (સ્થાનસામ્યની દષ્ટિએ વધારે તત્સદશ) છે. માટે એકાર અને ઓકારના હ્રસ્વાદેશ રૂપે અર્ધા એકાર અને અર્ધા ઓકારની જ પ્રાપ્તિ થશે; અને એની નિવૃત્તિ કરવા માટે एच इग्घ्रस्वादेशे । (૧-૧-૪૮) સૂત્રની જરૂર છે.

પરંતુ આ શંકા ઉચિત નથી. કારણ કે લોકવ્યવહારમાં આવા અર્ધા એકાર અને અર્ધા ઓકાર સાંભળવા મળતા જ નથી.[3] જો મળતા હોત તો પાણિનિએ વર્ણસમામ્નાયમાં તેમનો ઉપદેશ કર્યો હોત.

(૨) આ સૂત્રના બીજા પ્રયોજનનું ખંડન કરતાં વાર્ત્તિકકારે જણાવ્યું છે કે ઐકાર અને ઔકારના ઉત્તરાંશમાં રહેલી ઇકાર અને ઉકારની માત્રા વધારે હોય છે, અને अ વર્ણની માત્રા ઓછી હોય છે.[4] તેથી 'બ્રાહ્મણ-ગ્રામ' ન્યાયથી[5] ઐકાર અને ઔકારના હ્રસ્વાદેશ રૂપે ઇકાર અને ઉકાર જ થશે. તેને માટે આ સૂત્ર કરવાની જરૂર નથી. અર્થાત્ વાર્ત્તિકકારના મતે ઐકારમાં અર્ધી માત્રા ઇકારની હોય છે અને દોઢ માત્રા ઇકારની હોય છે તથા ઔકારમાં પણ અર્ધી માત્રા અકારની હોય છે અને દોઢ માત્રા ઉકારની હોય છે. તેથી ઐકાર અને ઔકારનો હ્રસ્વાદેશ કરતી

---

૧. "એકાર, ઓકારના સસ્થાન વર્ણો ઇકાર, ઉકાર છે." એમ શી રીતે કહેવામાં આવ્યું છે ? તે વિષે જુદા જુદા મતો છે. આ મતો આપણે ૨.૦ માં જોઈશું.

૨. सिद्धमेङः सस्थानत्वात् । (वा.-४)

૩. વેદમાં આવા અર્ધા એકાર અને અર્ધા ઓકાર સાંભળવા મળે છે. સામવેદની સાત્યમુગ્રિ અને રાણાયનીય શાખાના અધ્યેતાઓ सुजाते एश्व सूनृ ते । अध्वर्यो ओद्रिभिः सुतम् । એવાં વાક્યોમાં અર્ધો ए કાર અને અર્ધો ओ કાર ઉચ્ચારે છે. પરંતુ લોકમાં તે સાંભળવા મળતા નથી. (૧-૧-૪૮ સૂત્રભાષ્ય)

૪. ऐचोश्चोत्तरभूयस्त्वात् । (वा.-५)

૫. કોઈ ગામમાં ઘણા બ્રાહ્મણ રહેતા હોય તો તેને 'બ્રાહ્મણગ્રામ' કહેવામાં આવે છે, પરંતુ તેમાં બધા જ બ્રાહ્મણો નથી રહેતા હોતા, તેમાં ઓછાવત્તા પ્રમાણમાં સુથાર, સોની ઇત્યાદિ કારીગરો પણ રહેતા હોય છે. છતાંય બ્રાહ્મણોની સંખ્યા વધારે હોવાથી તેને 'બ્રાહ્મણગ્રામ' કહેવામાં આવે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વખતે इकार અને उकारને જ સ્વીકારવાના રહેશે. તેને માટે આ સૂત્ર કરવાની જરૂર નથી. આ પ્રમાણે વાર્ત્તિકકારે આ સૂત્રનું પ્રત્યાખ્યાન કર્યું છે.

૨.૦ 'एकार અને ओकारના इकार અને उकार સસ્થાન છે.' એવા વાર્ત્તિકકારના વચનને બે રીતે સમજાવવામાં આવે છે : इकार અને उकारના અનુક્રમે તાલુ અને ઓષ્ઠ એ બે સ્થાનો છે, એ વિષે તો કોઈ વિપ્રતિપત્તિ નથી. પરંતુ एकार અને ओकारના સ્થાન વિષે મતભેદ છે. જેમ કે, કેટલાકના મતે एकारનું કેવળ તાલુ - સ્થાન છે અને ओकारનું કેવળ ઓષ્ઠ - સ્થાન છે.[૧] બીજા કેટલાકના મતે આ બે વર્ણોના અનુક્રમે કંઠતાલુ અને કંઠોષ્ઠ સ્થાન છે.[૨] કૈયટ જણાવે છે કે અહીં एकारને તાલુ અને ओकारને ઓષ્ઠસ્થાનવાળો ગણીને एकार અને ओकारના સસ્થાન વર્ણો તરીકે इकार અને उकारનો નિર્દેશ કરવામાં આવ્યો છે.[૩] જે લોકો एकार અને ओकारના અનુક્રમે કંઠતાલુ અને કંઠોષ્ઠ સ્થાનને માને છે, તેમના મતે વિપ્રતિષેધન્યાયથી[૪] આ વર્ણોના સસ્થાન વર્ણો इकार અને उकार થાય છે.

નાગેશ ભટ્ટે આ પક્ષનું ખંડન કર્યું છે. તેમણે જણાવ્યું છે કે લક્ષણ અર્થાત્ સૂત્રો વચ્ચેના પૂર્વત્વ-પરત્વનો નિર્ણય કરીને પરસૂત્રને विप्रतिषेधे । (१-४-२) સૂત્રથી બળવાન ગણવામાં આવે છે. પરંતુ લક્ષ્યગત અર્થાત્ પ્રક્રિયાની અવસ્થામાં આવેલા શબ્દો કે વર્ણો વચ્ચેનું પૂર્વત્વ-પરત્વ ધ્યાનમાં લઈને આ સૂત્રની પ્રવૃત્તિ કરવામાં આવતી નથી. એવું स्थानिवदादेशोऽनल्विधौ (૧-૧-૫૬) સૂત્ર ઉપરના ભાષ્યમાં પતંજલિએ સ્પષ્ટ કર્યું છે. બીજું, જો एकार અને ओकारમાં अ + इ અને

---

૧. इचशेयास्तालौ । ६६ उवोऽप्पा ओष्ठे । ७० શુકલયજુર્વેદ પ્રાતિશાખ્ય, અધ્યાય ૧. (इचशेयास्तालौ । ઉપર ઉવ્વટ જણાવે છે કે एकवर्णौ = एकप्रयत्ननिर्वर्त्यौ । અર્થાત્ આ બે વર્ણો સ્વતન્ત્ર વર્ણો છે અને એક જ પ્રયત્નથી નિષ્પન્ન થાય છે.)

૨. જુઓ : પાદટીપ-૨

૩. एकारस्य तालव्यस्य तालव्य इकारः, ओकारस्य चौष्ठ्यस्यौष्ठ्य उकारो भविष्यतीत्यर्थः । મહાભાષ્ય; ૧-૧-૪૮, વા.-૪ ઉપર 'પ્રદીપ'.

૪. પાણિનિએ विप्रतिषेधे परं कार्यम् । (૧-૪-૬) સૂત્રથી નિર્દેશ્યું છે કે પ્રક્રિયા દરમ્યાન એક સાથે ઉપસ્થિત થયેલા તુલ્ય બળવાળાં બે સૂત્રોમાંથી કોની પહેલી પ્રવૃત્તિ કરવી, તેવા સન્દેહના પ્રસંગે જે પરસૂત્ર (પાછળનું) હોય તેને બળવાન ગણીને; તેની પહેલાં પ્રવૃત્તિ કરવી. પ્રસ્તુત ચર્ચામાં આ સૂત્રનો ઉપયોગ કરીને નિર્ણય કરવામાં આવે છે. જેમ કે, ए કારમાં अ + इ અને ओ કારમાં अ + उ વર્ણો ભળેલા છે; તેમાંથી જે પરવર્ણ છે અર્થાત્ इ અને उ વર્ણ છે તેને જ ए કાર, ओ કારના અન્તરતમ (સદૃશતમ) ગણીને હ્રસ્વાદેશ રૂપે સ્વીકારવા.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अ + उ ભળેલા છે એમ માની પરત્વને કારણે इ અને उ વર્ણને સદૃશતમ ગણશો તો પરત્વ કરતાંય વિશેષ બળવાન એવા અંતરંગત્વને કારણે[1] એકાર અને ઓકારમાંના પૂર્વાવયવ अ વર્ણની જ સદૃશતમ વર્ણ તરીકે પ્રાપ્તિ થશે.[2]

આમ એકાર અને ઓકારના અનુક્રમે કંઠતાલુ અને કંઠોષ્ઠ સ્થાન સ્વીકારીને વિપ્રતિષેધન્યાયથી इ વર્ણ અને उ વર્ણને તેમના સદૃશતમ વર્ણો માનવા જોઈએ નહીં. પણ એકાર અને ઓકારને અનુક્રમે શુદ્ધ તાલવ્ય અને શુદ્ધ ઓષ્ઠ્ય ગણીને તેમના સસ્થાન વર્ણો તરીકે इ વર્ણને અને उ વર્ણને સ્વીકારવા જોઈએ.

૨.૧ ઐકાર અને ઔકારના હ્રસ્વાદેશ રૂપે इકાર અને उકાર જ થવાના છે, કારણ કે આ બે વર્ણોમાં જેટલી अકારની માત્રા છે તેની અપેક્ષાએ इકાર અને उકારની માત્રા વધારે છે, આવું કહીને વાર્ત્તિકકારે આ સૂત્રના ઉપર્યુક્ત બીજા પ્રયોજનનું પ્રત્યાખ્યાન કર્યું હતું; તે આપણે જોયું.[3]

પરંતુ ભાષ્યકારે આ પ્રત્યાખ્યાનનો સ્વીકાર કર્યો નથી; એમ નાગેશ જણાવે છે : प्लुतावैच इदुतौ । (૮-૨-૧૦૬) સૂત્ર ઉપરના ભાષ્યમાં પતંજલિએ આ બે વર્ણોનો સમપ્રવિભાગ (સરખું વિભાજન) કરી બતાવ્યો છે. અર્થાત્ ઐકારમાં એક માત્રા अ વર્ણની હોય છે અને બીજી એક માત્રા इ વર્ણની હોય છે. તથા ઔકારમાં એક માત્રા अ વર્ણની હોય છે અને બીજી એક માત્રા उ વર્ણની હોય છે.

વાર્ત્તિકકારે ઐકારમાં અર્ધી માત્રા अકારની અને દોઢ માત્રા इકારની છે, અને ઔકારમાં પણ અર્ધી માત્રા अકારની અને દોઢમાત્રા उકારની છે એમ કહ્યું છે. પરંતુ અહીં ઐકારમાં દોઢમાત્રા अકારની હોય છે અને इકારની અર્ધી માત્રા હોય છે, તથા ઔકારમાં દોઢમાત્રા अકારની હોય છે અને उકારની અર્ધી માત્રા હોય છે – એમ શા માટે ન કહેવું જોઈએ ? અર્થાત્ આ બે વર્ણોમાં ઉત્તરાંશની જ

---

૧. पूर्वपरनित्यान्तरङ्गापवादानामुत्तरोत्तरं बलीयः । ૩૮, પરિભાષેન્દુશેખર.

૨. शब्दपरविप्रतिषेधेनोत्तरभागसदृश इति विवरणोक्तं तु चिन्त्यम् । अन्तरङ्गत्वेन पूर्वसदृशस्यैवापत्तेः । મહાભાષ્ય; एओङ् । ऐऔच् । मा.सू. ३, ४ ઉપર 'ઉદ્દ્યોત', અને –

यत्तु कण्ठताल्वादिस्थानत्वेऽपि विप्रतिषेधेन पूर्वावयवो न स्वान्तरतमादेशप्रयोजकः, किन्तु परावयव एवेति न दोष इति ॥ तन्न । लक्ष्यगतपरत्वमादाय विप्रतिषेधशास्त्राप्रवृत्तेः स्थानिवत्प्रकरणभाष्ये स्पष्टत्वात् । किन्त्वन्तरङ्गत्वेन पूर्वावयव एव तथेति बोध्यम् ॥ મહાભાષ્ય; ૧/૧/૪૮. वा.-४ ઉપર 'ઉદ્દ્યોત'.

૩. જુઓ : ૧.૧ની ચર્ચા.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વધારે માત્રા હોય છે અને પૂર્વાંશની માત્રા ઓછી હોય છે એમ કહેવામાં કશું પ્રમાણ નથી.[1,2]

3.0 આ સમગ્ર ચર્ચા ઉપરથી જે નિષ્કર્ષ નીકળે છે તે આ પ્રમાણે છે : એકાર અને ઓકાર અનુક્રમે શુદ્ધ ઔષ્ઠ્ય છે, અને છતાંય ભાષ્યકારે તેમને માટે 'સન્ધ્યક્ષર' એવો શબ્દ પણ વાપર્યો છે. કારણ કે તેમાં અકાર પણ ભળેલો હોય છે, પરંતુ તે પ્રશ્લિષ્ટ; બીજા શબ્દોમાં કહીએ તો સંશ્લિષ્ટ હોય છે, એમ કૈયટ જણાવે છે.[3] અર્થાત્ આ બે વર્ણોમાં અ કાર એવી રીતે ભળી ગયેલો છે કે જેથી તેની સ્વતન્ત્રપણે પ્રાપ્તિ થતી નથી.

ઐકાર અને ઔકારને માટે પણ 'સન્ધ્યક્ષર' શબ્દ વાપરવામાં આવ્યો છે. પરંતુ તેમને માટે 'સમાહાર વર્ણ' એવું એક બીજું વિશેષણ પણ વાપરવામાં

---

૧. વાર્તિકકારે एच इग्घ्रस्वादेशे (૧-૧-૪૮) સૂત્રના પૂર્વોક્ત બીજા પ્રયોજનનું ખંડન કરવા ऐचोश्चोत्तरभूयस्त्वादिति । (वा. ५) એવું વાર્તિક રજૂ કર્યું હતું. પરંતુ ભાષ્યકારને આ ખંડન સ્વીકાર્ય નથી. તેથી તેમણે प्लुतावैच इदुतौ । (૮-૨-૧૦૬) સૂત્ર ઉપરની ભાષ્યચર્ચામાં તે વાર્તિકનું આ પ્રમાણે ખંડન કર્યું છે :

सिद्धं त्विदुतोदीर्घवचनात् । (वा. – ३)

सिद्धमेतत् । कथम् । इदुतोर्दीर्घो भवतीति वक्तव्यम् । तदेतत्—कथं कृत्वा सिद्धं भवति। यदि समः प्रविभागो—मात्राऽवर्णस्य मात्रेवर्णोवर्णयोः ॥

अथ ह्यर्द्धमात्राऽवर्णस्याऽध्यर्द्धमात्रेवर्णोवर्णयोरर्द्धतृतीयमात्रः प्राप्नोति । अथ ह्यध्यर्द्धमात्राऽवर्णस्याऽर्द्धमात्रेवर्णोवर्णयोरर्द्धचतुर्थमात्रः प्राप्नोति ।

(प्रदीपः) भाष्यकारो वार्त्तिककारं पर्यनुयुङ्क्ते । ऐचोश्चोत्तरभूयस्त्वादिति वदता वार्तिककारेण समप्रविभागत्वं नेष्टमिति भावः ।

(उद्योतः) एवञ्च वार्तिककारस्य पूर्वाऽपरविरोध इत्यर्थः । तत्रोत्तरस्य भूयस्त्वं पूर्वस्य वेत्यत्र विनिगमनाविरहस्य भाष्यकृतोक्ततया समप्रविभागपक्ष एव भगवतो भाष्यकारस्य सम्मत इति बोध्यम् ॥ મહાભાષ્ય; ૮-૨-૧૦૬ ઉપર ભાષ્ય, પ્રદીપ અને ઉદ્યોત.

૨. આમ ભાષ્યકારે एच इग्घ्रस्वादेशे । (૧-૧-૪૮) સૂત્રની આવશ્યક્તા સ્વીકારી છે. બીજું, તેમણે આ સૂત્રને નિયમપરક વર્ણવ્યું છે. અર્થાત્ આ સૂત્રથી હ્રસ્વાદેશ રૂપે इक् નું વિધાન કરવામાં આવતું નથી, પણ હ્રસ્વાદેશ રૂપે પ્રાપ્ત થતા इक् ભિન્ન વર્ણોની નિવૃત્તિ કરવામાં આવે છે.

૩. ऐचोर्विश्लिष्टावर्णत्वात्संश्लिष्टावर्णावधैंकाराधौंकारौ न भवतः । મહાભાષ્ય, एओङ् । ऐऔच् । मा.सू. ३, ४, वा.-५ ઉપર 'પ્રદીપ' અને — एङः प्रश्लिष्टावर्णत्वात्प्रश्लिष्टावर्णावर्द्धैकारार्द्धौकारौ प्राप्नुतः, न तु विश्लिष्टावर्णयोरेचोरिति भावः । મહાભાષ્ય ૧/૧/૪૮, वा.-१ ઉપર 'ઉદ્દ્યોત'.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આવ્યું છે. કારણ કે તેમાં જે અકાર ભળેલો છે; તે વિશ્લિષ્ટ[1] છે. અર્થાત્ તે અકારની સ્વતન્ત્ર વર્ણ તરીકે પ્રાપ્તિ થાય છે. અહીં ऐકારમાં એક માત્રા અકારની અને એક માત્રા इકારની ગણવામાં આવી છે. એ જ પ્રમાણે, औકારમાં પણ એક માત્રા अકારની અને એક માત્રા उકારની ગણવામાં આવેલી છે.[2]

૩.૧ મહાભાષ્યકારે આ ચારેય વર્ણો માટે સન્ધ્યક્ષર એવો શબ્દ વાપર્યો છે અને જણાવ્યું છે કે एકારમાં अ + इ વર્ણો છે, ओકારમાં अ + उ વર્ણો છે, ऐકારમાં પણ अ + इ વર્ણો છે અને औકારમાં પણ अ + उ વર્ણો છે. આ સંદર્ભમાં એક વિચારણા આવશ્યક છે. જેમ કે, વાગ્વ્યવહારમાં આપણે જોઈએ છીએ કે ઉપેન્દ્ર, તીર્થોદક જેવાં ઉદાહરણોમાં अ + इ અને अ + उ સ્વરો ભેગાં થતાં અનુક્રમે ए કાર અને ओકારની ઉત્પત્તિ થાય છે, પાણિનિના आद्गुणः । (६-१-८७) સૂત્રાનુસાર પણ આવી જ વ્યવસ્થા પ્રાપ્ત થાય છે. પરંતુ વાગ્વ્યવહારમાં ऐકાર અને औકારની ઉત્પત્તિ પ્રસંગે, ભાષ્યકારે વર્ણવ્યું છે તે મુજબ અર્થાત્ अ + इ અને अ + उ ભળીને ક્યારેય ऐ કાર અને औ કાર નિષ્પન્ન થતા હોય એમ જોવા મળતું નથી. ગંગા + ઓઘ કે કૃષ્ણ + એકત્વમ્ એવી સ્થિતિ હોય તો જ ગંગૌઘ અને કૃષ્ણૈકત્વમ્ એવી સન્ધિ થઈને औ કાર કે ऐ કાર અસ્તિત્વમાં આવે છે. આથી પ્રશ્ન થાય છે કે ભાષ્યકારે આ બે વર્ણોને પણ 'સન્ધ્યક્ષર'; બીજો એક ચોક્કસ શબ્દ વાપરીએ તો 'સમાહાર વર્ણ' કહીને તે બે વર્ણોમાં અનુક્રમે अ + इ અને अ + उ ભળેલા છે એમ શી રીતે કહ્યું હશે. આપણને આ પ્રશ્નનો ઉત્તર મહાભાષ્યના પ્રત્યાહારાહ્નિકમાંથી મળે છે. ત્યાં ભાષ્યકાર આ સન્ધ્યક્ષરોમાંના अ વર્ણ, इ વર્ણ અને उ વર્ણના 'પ્રયત્ન' વિષે ચર્ચા કરે છે;[3] તેમાંથી સૂચિત થાય છે કે ए કાર અને ओ કારમાં જે अ વર્ણ અને इ

---

૧. विश्लिष्टेति । उपलभ्यमानेत्यर्थः । संश्लिष्टेति । स्पष्टमनुपलभ्यमानेत्यर्थः । મહાભાષ્ય; एओङ् । ऐऔच् । मा.सू. ३, ४, वा.-५ ઉપર 'ઉદ્દ્યોત.'

૨. વાર્તિકકારથી જુદા પડીને ભાષ્યકારે ऐ કાર અને औ કારની બાબતમાં જે વ્યવસ્થા નિર્દેશી છે તેને શુક્લયજુર્વેદ – પ્રાતિશાખ્યનું પણ સમર્થન મળી રહે છે : ऐकारौकारयोः कण्ठ्या पूर्वा मात्रा तल्वोष्ठ्योरुत्तरा । ૭૩, શુક્લયજુર્વેદપ્રાતિશાખ્ય, અધ્યાય-૧

૩. सन्ध्यक्षरेषु विवृतस्वात् । (वा.-१०) यदत्रावर्णं विवृततरं तदन्यस्मादवर्णात् । ये अपीवर्णोवर्णे विवृततरे ते अन्याभ्यामिवर्णोवर्णाभ्याम् ॥

(प्रदीपः) विवृतत्वादिति । अकारस्य विवृतोपदेशादत्र प्रकर्षो विवक्षितः, तदाह – विवृततरमिति । तत्र प्रयत्नभेदादसावर्ण्यादकारेण सन्ध्यक्षरावयवस्य ग्रहणं नास्तीत्यर्थः ।

(उद्योतः) अकारस्येति । यद्यप्यैचौ विवृततमास्तथापि विवृततरत्वमस्त्येवेति भावः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વર્ણ કે ઉ વર્ણ ભળેલા છે તે વિવૃતતર છે અને, ઐકાર અને ઔકારમાં જે અ વર્ણ અને ઇ વર્ણ કે ઉ વર્ણ ભળેલા છે તે વિવૃતતમ છે. આથી વિવૃતતર એવા અ વર્ણ અને ઇ વર્ણ કે ઉ વર્ણ ભેગા થાય છે ત્યારે એ કાર કે ઓ કાર નિષ્પન્ન થાય છે. પરંતુ વિવૃતતમ એવા અ વર્ણ અને ઇ વર્ણ કે ઉ વર્ણ ભેગા થાય છે ત્યારે ઐ કાર કે ઔ કાર નિષ્પન્ન થાય છે.

प्रयत्नभेदादेव एङैचौः सावर्ण्याभावः। एङो विवृततरत्वात् ऐचां विवृततमत्वादिति बोध्यम्॥ મહાભાષ્ય; एओङ्। ऐऔच्। मा.सू. ३, ४ સૂત્ર ઉપર ભાષ્ય, 'પ્રદીપ' અને 'ઉદ્યોત.'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલા-૭

પરિભાષાસૂત્રોનું નિયમાર્થત્વ

૦.૦ પાણિનિકૃત 'અષ્ટાધ્યાયી'માં છ પ્રકારનાં સૂત્રો છે : સંજ્ઞા, પરિભાષા, વિધિ, નિયમ, અતિદેશ અને અધિકાર.[૧] તેમાંથી પરિભાષાસૂત્રો માટે કહેવાયું છે કે लिङ्गवती परिभाषा । અર્થાત્ પરિભાષા લિંગવતી હોય છે.[૨] આને એક ઉદાહરણથી સમજીશું. तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । ૧-૧-૬૬ એવા પરિભાષા-સૂત્રથી 'જ્યાં જ્યાં સૂત્રમાં સપ્તમ્યન્ત નિર્દેશ હશે ત્યાં અવ્યવહિત પૂર્વને કાર્ય જાણવું' એવી વ્યવસ્થા સૂચવાઈ છે. આથી इको यणचि । ૬-૧-૭૭ સૂત્રમાં अचि એવું લિંગ અર્થાત્ સપ્તમ્યન્ત પદ જોઈને ત્યાં तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य। ૧-૧-૬૬ સૂત્રની ઉપસ્થિતિ થાય છે. આ ચર્ચામાંથી 'પરિભાષાસૂત્રો પરાર્થ છે' એવો ધ્વનિ નીકળે છે. ભાષ્યકારે પરિભાષાસૂત્રોનું આ પરાર્થત્વ જોઈને કહ્યું છે કે પરિભાષા એક દેશમાં રહેવા છતાંય સમગ્ર શાસ્ત્રને અભિજ્વલિત કરે છે; જેવી રીતે ઘરના એક ભાગમાં રહેલો સુપ્રજ્વલિત પ્રદીપ સમગ્ર ઘરને અજવાળું આપે છે.[૩]

૦.૧ પરંતુ ભાષ્યકારની પણ પૂર્વે વાર્ત્તિકકારે પરિભાષાસૂત્રોનું નિયમાર્થત્વ પણ જોયું છે. આથી તેમણે षष्ठी स्थानेयोगो । ૧-૧-૪૯ સૂત્ર ઉપર षष्ठ्याः स्थानेयोगवचनं नियमार्थम् (वा-१) એવું વાર્ત્તિક રચ્યું છે. આના સમર્થનમાં नियमादिको गुणवृद्धी भवतो विप्रतिषेधेन । (१-१-३) એવાં ભાષ્યવચન[૪] ઉપર ભાષ્યપ્રદીપોદ્દ્યોતમાં નાગેશે પણ જણાવ્યું છે કે अलोऽन्त्यस्य । ૧-૧-૫૨ જેવાં પરિભાષાસૂત્રોની પૂર્વાચાર્યોએ 'નિયમ' એવી સંજ્ઞા પાડી છે.[૫] આથી વૈયાકરણ <u>પરંપરામાં પરિભાષા નિયમાર્થ</u> હોય છે એમ પ્રચલિત થયું છે. ન્યાસકારે પણ

૧. संज्ञा च परिभाषा च विधिर्नियम एव च ।
 अतिदेशोऽधिकारश्च षड्विधं सूत्रमुच्यते ॥

૨. तद्यथा—इको गुणवृद्धी । १-१-३ लिङ्गवती चेयं परिभाषा, लिङ्गञ्चास्याः गुणवृद्धिग्रहणं तत्रोपतिष्ठते । (न्यासः पृ. ७१)

૩. परिभाषा पुनरेदेशस्था सती सर्वं शास्त्रमभिज्वलयति प्रदीपवत् । तद्यथा प्रदीपः सुप्रज्वलित एकदेशस्थः सर्वं वेश्माभिज्वलयति ॥ (२-१-१ इत्यत्र भाष्यम्, पृ. ३५७)

૪. પ્રદીપોદ્યોત સહિતની મહાભાષ્યની આવૃત્તિઓમાં આ વચન વાર્ત્તિક સ્વરૂપે છાપેલું જોવા મળે છે. પરંતુ કીલહોર્નની સમીક્ષિત આવૃત્તિમાં તે કેવળ ભાષ્યકારના વચનરૂપે નોંધાયેલું છે.

૫. अलोऽन्त्यपरिभाषायाः पूर्वाचार्यसंज्ञा नियम इति । (उद्द्योतः पृ. ११२)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अणुदित्० । ૧-૧-૬૯ સૂત્ર સંજ્ઞાસૂત્ર છે, પરિભાષા નહીં, કેમ કે પરિભાષા તો નિયમાર્થા હોય છે એમ જણાવ્યું છે.[1]

૦.૨ હવે જો પરિભાષાસૂત્રો નિયમાર્થ હોય તો अनुदात्तङित आत्मनेपदम्। ૧-૩-૧૨ સૂત્રને પણ પરિભાષાસૂત્ર કહેવું કે નહીં ? કેમ કે તે સૂત્ર ઉપર आत्मनेपदवचनं नियमार्थम् । (વા-૧) એવું વાર્તિક મળે છે. તથા ભાષ્યકારે પણ જણાવ્યું છે કે આ સૂત્રનો નિયમાર્થ પ્રારંભ કરવામાં આવ્યો છે. આમ આ પ્રશ્નની ચર્ચા દ્વારા પરિભાષાસૂત્રમાં કયા પ્રકારનું નિયમાર્થત્વ રહેલું છે, જે પરિભાષાસૂત્રને નિયમસૂત્રથી જૂદું પાડવામાં કારણભૂત બને છે ? — તે શોધવાનો અહીં ઉપક્રમ સ્વીકાર્યો છે.

૧.૦ तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । ૧-૧-૬૬ અને तस्मादित्युत्तरस्य । ૧-૧-૬૭ એ પરિભાષાસૂત્રના સન્દર્ભમાં ભાષ્યકારે આ પ્રમાણે ચર્ચા કરી છે; સપ્તમી વિભક્તિ અને પંચમી વિભક્તિનો અવિશેષપણે પૂર્વની સાથે પણ યોગ અને પરની સાથે પણ યોગ છે. તેથી નિયમાર્થ આ સૂત્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ग्रामे देवदत्तः । એમ કહેતાં ગ્રામ સાથે દેવદત્તનો પૂર્વમાં યોગ છે કે પરમાં ? એ વિશે સંદેહ થાય છે. એ જ પ્રમાણે, અહીં इको यणचि । ૬-૧-૭૭ની પ્રવૃત્તિમાં સંદેહ થાય છે. दध्युदकम् । पचत्योदनम् । આ ઉદાહરણોમાં બન્ને इक् છે અને બન્ને अच् છે. તેથી સંદેહ થાય છે કે अचि पूर्वस्य કે अचि परस्य । તથા तिङ्ङतिङः ૮-૧-૨૮ સૂત્રમાં अतिङः पूर्वस्य કે अतिङःपरस्य। એવો સંદેહ થાય છે. અહીં ઈષ્ટ છે अचि पूर्वस्य અને अतिङः परस्य । પણ પ્રયત્ન વિના આ સિદ્ધ થવાનું નથી. તેથી 'નિયમાર્થ' આ સૂત્રનો પ્રારંભ કરવામાં આવે છે.[2] આ ભાષ્યચર્ચા ઉપરથી જણાય છે કે જ્યાં સંદેહ હોય છે એટલે કે અનિયમની સ્થિતિ હોય છે ત્યાં પરિભાષાસૂત્રથી નિયમ કરવામાં આવે છે. હરદત્તે આ મુદ્દાને નીચે મુજબ વિશદ કર્યો છે : લોકમાં જેવી રીતે અનિયમનો પ્રસંગ હોય ત્યારે નિયમ કરવામાં આવે છે તેમ શાસ્ત્રમાં પણ અનિયમનો પ્રસંગ હોય ત્યારે નિયમ કરવો જોઈએ. જેમ કે, લોકમાં બીજે ગામ જવાની ઈચ્છાવાળો

---

૧. संज्ञासूत्रमिदम् न परिभाषा । सा हि नियमार्था भवति । न्यासः, पृ. २४३)

૨. तस्मिंस्तस्मादिति पूर्वोत्तरयोर्योगयोरविशेषान्नियमार्थोऽयमारम्भः । ग्रामे देवदत्तः । पूर्वः पर इति संदेहः । ग्रामाद्देवदत्तः । पूर्वः पर इति संदेहः । एवमिहापीको यणचि । दध्युदकं पचत्योदनम् । उभाविकावुभावचौ । अचि पूर्वस्याचि परस्येति संदेहः । तिङ्ङतिङः (८-१-२८) इति अतिङः पूर्वस्यातिङः परस्येति संदेहः । इष्यते चात्रापि पूर्वस्य स्यादतिङ परस्येति तच्चान्तरेण यत्नं न सिध्यतीति नियमार्थं वचनम् । एवमर्थमिदमुच्यते ॥ (१-१-६६-६७ इत्यत्र भाष्यम्, पृ. १७२)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પુરુષ કોઈકને કહે છે – આપ મને રસ્તો બતાવો. ત્યારે જ્યાં બે માર્ગો હોવાને કારણે સંદેહ હશે ત્યાં જ રસ્તો બતાવશે કે આ તરફ જવું. એ જ પ્રમાણે અહીં अस्तेर्भूः । ૨-૪-૫૨ સૂત્ર ઉપસ્થિત થતાં સંદેહ થાય છે કે √अस् ધાતુને સ્થાને √भू આદેશ કરવો કે અનન્તરને ? ત્યારે षष्ठी स्थानेयोगा । ૧-૧-૪૯ સૂત્રથી નિયમ કરવામાં આવે છે; સ્થાને યોગા જ.[1] અર્થાત્ √अस् ધાતુને સ્થાને જ √भू આદેશ કરવો.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે અનિયમની સ્થિતિમાં જે સૂત્ર રજૂ કરવામાં આવે છે તે નિયમાર્થ બને છે અને આવા પ્રકારના નિયમાર્થ સૂત્રને જ પરિભાષાસૂત્ર કહે છે. આ અર્થમાં જ अनियमे नियमकारिणी परिभाषा । એવું લક્ષણ આપવામાં આવ્યું છે.

૧.૧ પરંતુ હવે પ્રશ્ન થશે કે નિયમસૂત્રોમાં કયા પ્રકારનું નિયમાર્થત્વ હોય છે ? અથવા તો અમુક સૂત્ર તે નિયમસૂત્ર છે એવું કેવી રીતે નક્કી થાય છે ? આ અંગે અષ્ટાધ્યાયીનું પર્યાલોચન કરતાં જણાય છે કે કેટલાંક સૂત્રોમાં एव કારનું ગ્રહણ કરવામાં આવ્યું છે.[2] ત્યાં एव કાર ગ્રહણના સામર્થ્યથી જ તે તે સૂત્રો નિયમસૂત્રો છે એમ નક્કી થઈ શકે છે. વિશેષમાં ભાષ્યકાર કહે છે કે જે સ્થિતિ સિદ્ધ જ હોય તેનું પુનઃવિધાન કરવા માટે આરંભવામાં આવેલો વિધિ एव કારના ઉચ્ચારણ વિના પણ નિયમાર્થ બની જશે,[3] આ ભાષ્યવચન ઉપરથી सिद्धे सत्यारम्भो नियमार्थः । એવો ન્યાય વૈયાકરણોએ સ્વીકાર્યો છે. આના આધારે અમુક સૂત્ર નિયમસૂત્ર છે કે નહીં તેનો નિર્ણય કરવાનો રહે છે.

અહીં અનિયમની સ્થિતિ હોતી નથી. પણ એથી ઊલટું કોઈ એક સ્થિતિ સિદ્ધ જ હોય છે. તેથી પુનઃવિધાનના સામર્થ્યથી તે વિધિ નિયમાર્થ બનતો હોય છે. આમ સિદ્ધ સ્થિતિમાં પુનઃવિધાનાર્થે આરંભાયેલું સૂત્ર નિયમ-સૂત્ર તરીકે ઓળખાય છે.

---

૧. अनियमप्रसंगे नियमः कर्तव्यो लोकवत् । तद्यथा लोके ग्रामान्तरं जिगमिषुः कश्चित् कञ्चिदाह पन्थानं मे भवानुपदिशत्विति । स यत्र संदेहः पथि द्वैविध्यात् तत्रैवोपदिशति अमुष्मिन्नवकाशेऽनेन पथा गच्छेति, एवमिहापि अस्तेर्भूः अस्तेः स्थानेऽनन्तरो वेति संदेहे नियमः क्रियते—स्थानेयोगैवेति ॥ (१-१-४९ इत्यत्र पदमञ्जरी, पृ. १६८)

૨. अमैवाव्ययेन । २-२-२०, अजादी गुणवचनादेव । ५-३-५८ વગેરે

૩. अथ एवकारः किमर्थः । नियमार्थः । नैतदस्ति प्रयोजनम् । सिद्धे विधिरारभ्यमाणोऽन्तरेणाप्येवकारं नियमार्थो भविष्यति ॥ (उपमानं शब्दार्थप्रकृतावेव । ६-२-८० इत्यत्र भाष्यम्, पृ. १३१)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૨.૦ અહીં પૂર્વમીમાંસાના 'નિયમ' અને 'પરિસંખ્યા' માં જે પ્રકારનું નિયમાર્થત્વ છે તેનો ઉપયોગ કરીને પાણિનિના પરિભાષાસૂત્રો અને નિયમસૂત્રોમાંના નિયમાર્થત્વને વધુ વિશદ કરી શકાય એમ છે. व्रीहीनवहन्ति । એવું વાક્ય છે. અહીં વૈતુષ્યાર્થે નખવિદલન પણ પ્રાપ્ત હતું અને અવહનન પણ. તેવી સ્થિતિમાં अवहन्ति કહેવાથી નખવિદલનનો નિષેધ થઈ જાય છે. આને પૂર્વમીમાંસામાં 'નિયમ' કહેવામાં આવે છે. આ પ્રકારનો નિયમ આપણને વ્યાકરણશાસ્ત્રનાં પરિભાષાસૂત્રોમાં પ્રાપ્ત થાય છે, જેમ કે, दधि + उदकम् । તેવી સ્થિતિમાં इको यणचि । ૬-૧-૭૭ સૂત્રથી यण्‌ની પ્રાપ્તિ છે. પરંતુ इ અને उ બન્ને इक् છે તથા अच् પણ છે. તેથી સંદેહ થાય છે કે કોને यण् કરવો ? અહીં तस्मिन्निति० ૧-૧-૬૬ પરિભાષાસૂત્રથી નિયમ રજૂ કરવામાં આવે છે કે अच् થી અવ્યવહિત પૂર્વને જ यण् થાય છે. આમ પૂર્વમીમાંસાનો નિયમ તે વૈયાકરણોની પરિભાષા છે.

૨.૧ આ જ પ્રમાણે મીમાંસકો જેને પરિસંખ્યાવિધિ તરીકે ઓળખે છે તેને વૈયાકરણો નિયમ કહે છે. નીચેના ભાષ્યવચનથી આને સમર્થન મળે છે :

"(શબ્દ કે અપશબ્દ) બેમાંથી ગમે તે એકના ઉપદેશથી કામ ચાલશે. જેમ કે, ભક્ષ્યનો નિયમ કરવાથી અભક્ષ્યનો પ્રતિષેધ સમજાઈ જાય છે. 'પાંચ પાંચ નખવાળા ભક્ષ્ય છે' એમ કહેતાં સમજાય છે કે આનાથી બીજાં જે છે તે અભક્ષ્ય છે અથવા તો અભક્ષ્યનો પ્રતિષેધ કરવાથી ભક્ષ્યનો નિયમ થાય છે. જેમ કે 'ગ્રામ્ય કુક્કુટ અભક્ષ્ય છે અને ગ્રામ્ય સૂકર (પણ) અભક્ષ્ય છે' એમ કહેતાં સમજાઈ જાય છે કે આરણ્ય ભક્ષ્ય છે."[1]

ભાષ્યપ્રદીપોદ્દ્યોતમાં આની સ્પષ્ટતા કરતાં નાગેશે લખ્યું છે કે આ ઉદાહરણ તો પરિસંખ્યાનું છે, તેનો નિયમસ્વરૂપે કેવી રીતે વ્યવહાર કરવામાં આવ્યો છે ? પરિસંખ્યા અને નિયમ વચ્ચે તો ભેદ છે. જેમ કે પાક્ષિક અપ્રાપ્તિપૂર્વક અપ્રાપ્તાંશપૂરક વિધિને નિયમવિધિ કહે છે. જ્યારે પરિસંખ્યા-વિધિ તો અન્યનિવૃત્તિફલા છે. આનું સમાધાન એ છે કે નિયમવિધિમાં પણ અપ્રાપ્તાંશ-પરિપૂરણરૂપ ફલબોધન દ્વારા આર્થી અન્યનિવૃત્તિ થાય છે.[2]

---

૧. अन्यतरोप्रदेशेन कृतं स्यात् । तद्यथा भक्ष्यनियमेनाभक्ष्यप्रतिषेधो गम्यते । पञ्च पञ्चनखा भक्ष्या इत्युक्ते गम्यत एतद्—अतोऽन्येऽभक्ष्या इति ॥ अभक्ष्यप्रतिषेधेन वा भक्ष्यनियमः। तद्यथा अभक्ष्यो ग्राम्यकुक्कुटोऽभक्ष्यो ग्राम्यशूकर इत्युक्ते गम्यत एतद्-आरण्यो भक्ष्य इति ॥ (भाष्ये प्रथममाह्निकम्, पृ. ५)

૨. આર્થી અન્યનિવૃત્તિ એટલે व्रीहीनवहन्ति । માં જેવી રીતે અવઘાતવિધિથી અર્થતઃ નખવિદલનની નિવૃત્તિ થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તેથી નિયમ અને પરિસંખ્યાનો અભેદ માની ઉપર્યુક્ત ભાષ્યચર્ચા કરવામાં આવી છે.[1]

૩.૦ ઉપરની ચર્ચામાં પાણિનિનાં પરિભાષાસૂત્રો અને નિયમસૂત્રો વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતી વખતે પૂર્વમીમાંસાના નિયમ અને પરિસંખ્યાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આથી કોઈને પ્રશ્ન થવા સંભવ છે કે પૂર્વમીમાંસાના 'વિધિ' નું લક્ષણ પાણિનિનાં વિધિસૂત્રોમાં લાગુ પડશે કે કેમ ? તો એનો જવાબ છે, હા. પૂર્વમીમાંસા અત્યન્ત અપ્રાપ્ત કાર્યનું વિધાન કરતા વાક્યને 'વિધિ' (અપૂર્વવિધિ) કહે છે.[2] દા.ત. यजेत स्वर्गकामः । (સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો જોઈએ.) અહીં સ્વાર્ગાર્થિક યાગની પ્રમાણાન્તરથી અપ્રાપ્તિ હતી; તેવી સ્થિતિમાં આ 'વિધિ' (અપૂર્વ વિધિ) બની રહે છે. આ જ રીતે सुधी+उपास्य। સ્થિતિમાં इको यणचि। ६-१-७७ સિવાય બીજા કોઈ પણ સૂત્રથી (६-१-७७) આદેશથી પ્રાપ્તિ નથી, માટે તે સૂત્ર (६-१-७७) પૂર્વમીમાંસાના 'વિધિ' જેવું જ વિધિસૂત્ર ગણાશે.

આપણે જ્યારે વૈયાકરણોનાં પરિભાષાસૂત્રોને પૂર્વમીમાંસાના 'નિયમ' સાથે સરખાવીએ છીએ ત્યારે બીજી એક સ્પષ્ટતા કરવાની પણ જરૂર રહે છે. જેમ કે, પૂર્વમીમાંસાના 'નિયમ' નું ઉદાહરણ છે : व्रीहीनवहन्ति । અહીં અવહનન ક્રિયાથી નખવિદલનની નિવૃત્તિ થાય છે. એ જ પ્રમાણે પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં दधि+उदकम् । એ સ્થિતિમાં इ અને उ બન્નેને यण् આદેશ (६-१-७७) પ્રાપ્ત હતો, ત્યારે, तस्मिन्० । १-१-६६ પરિભાષાસૂત્રથી उ ને પ્રાપ્ત થયેલા यण् આદેશની નિવૃત્તિ કરવામાં આવે છે. પરંતુ હવે પ્રશ્ન થશે કે પરિભાષાસૂત્રોથી કેવળ અન્ય નિવૃત્તિ જ થાય છે કે કાંઈક વિશેષ પણ ? તો નાગેશે એક સ્થળે જણાવ્યું છે કે પરિભાષા લિંગવતી હોય છે સાથે સાથે ફળવતી પણ. અહીં 'ફળ' એટલે ઈતર-

---

१. ननु अस्य परिसंख्यात्वात् कथं नियमत्वेन व्यवहारः। अस्ति च नियमपरिभाषयोः भेदः। पाक्षिकाप्राप्तिकाप्राप्तांशपरिपूरणफला नियमः । अन्यनिवृत्तिफला च परिसंख्येति चेन्न नियमेप्यप्राप्तांशपरिपूरणरूपफलबोधनद्वारार्थान्यनिवृतेः सत्त्वेन अभेदमाश्रित्योक्तेः ॥ (भाष्यप्रदीपोद्द्योते प्रथममाह्निकम, पृ. ४१-४२).

२. विधिरत्यन्तमप्राप्तौ नियमः पाक्षिके सति ।
तत्र चान्यत्र च प्राप्तौ परिसंख्येति गीयते ॥ (अर्थसङ्ग्रहणे तृतीयो मन्त्रविभागः)

('વિધિ' કોઈક અપૂર્વનું એટલે કે પ્રમાણાન્તરથી અપ્રાપ્ત-કાર્યનું વિધાન કરનાર હોય છે. બે કે તેથી વધારે વિકલ્પો પ્રાપ્ત હોય ત્યારે કોઈ એકને વિશે જ જે મર્યાદિત—સીમિત કરી નાંખે તેને 'નિયમ' કહે છે, અને બે વિકલ્પોમાંથી ગમે તે એકની નિવૃત્તિ કરી નાંખે તેને 'પરિસંખ્યા' કહે છે. આમ વિધિ એ injuction, નિયમ restriction અને પરિસંખ્યા એ exclusion છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વ્યાવૃત્તિ ઉપરાંત ઇતરસંગ્રહ પણ સમજવાનું છે.[1] આથી इ ને यण् આદેશની પ્રાપ્તિ પણ થાય છે. આમ પૂર્વમીમાંસાના નિયમ (व्रीहीनवहन्ति)ની સાથે પાણિનિનાં પરિભાષાસૂત્રોને નિઃસંદેહ સરખાવી શકાય છે.[2]

અંતે પૂર્વમીમાંસાની 'પરિસંખ્યા'ને પાણિનિનાં નિયમસૂત્રો સાથે કેટલે અંશે સરખાવી શકાય છે તે પણ વિચારી લઈશું : 'પૂર્વમીમાંસામાં પરિસંખ્યાને સમજાવવા માટે एकादश्यां फलाहारं कुर्यात् । એવું ઉદાહરણ આપવામાં આવે છે. પરિસંખ્યા ઈતરવ્યાવૃત્તિપરક હોય છે, પણ એનું સ્વાંશે ચારિતાર્થ્ય નથી. એટલે કે 'એકાદશીને દિવસે ફળાહાર કરવો જોઈએ' એવું વિધાન હોય ત્યાં ફળ સિવાયના આહારનો પ્રતિષેધ (વ્યાવૃત્તિ) કરવામાં આવે છે; પરંતુ ફળોનો આહાર કરવો કે નહીં ? એ વિશે કશું સ્પષ્ટ (વિધેયાત્મક) વિધાન નથી એમ સમજવાનું છે. અર્થાત્ એ દિવસે નિરાહાર પણ રહી શકાય. હવે જો પાણિનિનાં નિયમસૂત્રો એટલે પૂર્વમીમાંસાની પરિસંખ્યા એમ સ્વીકારીશું તો એક મુશ્કેલી આવશે. જેમકે, પાણિનિનાં નિયમસૂત્રોથી અન્યની નિવૃત્તિ થશે, પણ તેઓ સ્વાંશે ચરિતાર્થ રહેશે નહીં. ઉદાહરણ તરીકે – कृत्तद्धितसमासाश्च । ૧-૨-૪૬ સૂત્રમાંનું 'સમાસ' ગ્રહણ નિયમાર્થ ગણાયું છે.[3] તેથી (૧) વાક્યની પ્રાતિપદિક સંજ્ઞા થશે નહીં. આ થઈ અન્યનિવૃત્તિ. પણ (૨) તેનું સ્વાંશે ચારિતાર્થ્ય રહેશે નહીં. એટલે કે સમાસની 'પ્રાતિપદિક' સંજ્ઞા થશે નહીં. જો સમાસની પ્રાતિપદિક સંજ્ઞા નહીં થાય તો राजन् +ङस्+पुरुष + सु । એવી સ્થિતિમાં सुपो धातुप्रातिपदिकयोः। ૨-૪-૭૧ સૂત્રથી વિભક્તિપ્રત્યયોનો લુક્ નહીં થાય (અને પરિણામે એકપદત્વ પણ થશે નહીં.) પરંતુ આ મુશ્કેલીને દૂર કરવા વૈયાકરણોએ પોતાનાં નિયમસૂત્રોમાં પરિસંખ્યાથી પ્રાપ્ત અન્યનિવૃત્તિરૂપ નિયમાર્થત્વ સ્વીકારવાની સાથે જ તે નિયમસૂત્રો સ્વાંશે ચરિતાર્થ રહે એ માટે બીજો એક

---

૧. अनियमे नियमकारिणीत्वात्परिभाषाया इति भावः । अन्ये त्विति । अयं भावः – न ह्यनियम इति श्रुतिः स्मृतिर्वा, किन्तु परिभाषा लिङ्गवती फलवती चेति नियमः, फलं चेतरव्यावृत्तिवदितरसंग्रहोऽपि इति.... ॥

(१-१-३-वा-५ इत्यत्र भाष्यप्रदीपोद्द्योतः, पृ. १२१)

૨. કાશીની વૈયાકરણ પરંપરામાં પણ આ સ્વીકારાયું છે કે પાણિનિનાં પરિભાષાસૂત્રો એ પૂર્વમીમાંસાનો 'નિયમ' છે. આ સન્દર્ભમાં 'પ્રૌઢમનોરમા' ઉપરની 'શબ્દરત્ન' ટીકામાં હરિદીક્ષિતે લખ્યું છે કે –

अत एव भाष्ये परिभाषाणां नियमतया व्यवहारः कृतः । परिभाषाणां न परिसंख्याविधिरूपनियमत्वम् । अपि तु व्रीहीनवहन्ति इतिवद् आर्थनियमत्वम् । (प्रौढमनोरमायां शब्दरत्ने परिभाषाप्रकरणम् ।)

૩. कृत्तद्धितसमासाश्च । १-२-४६... समासग्रहणस्य नियमार्थत्वाद् वाक्यस्यार्थवतः संज्ञा न भवति । (काशिकावृत्तिः).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સિદ્ધાન્ત કામે લગાડ્યો છે : 'ઉદ્દેશ્યતાને વ્યાપીને રહેનારી વ્યાપકતા વિધેયમાં રહે છે.''[1] અહીં સમાસ ઉદ્દેશ્ય (Subject) છે અને પ્રાતિપદિકસંજ્ઞા વિધેય (Predicate) છે. પ્રાતિપદિકસંજ્ઞા વ્યાપક છે અને સમાસ વ્યાપ્ય છે. આથી વ્યાપ્યાધિકરણ (સમાસ)માં વ્યાપકીભૂત પ્રાતિપદિકત્વની ઉપસ્થિતિ નહીં રહે તો પ્રાતિપદિક સંજ્ઞામાં વ્યાપકત્વ જ ખપુષ્પાયમાન બની રહેશે. આમ ઉપર્યુક્ત સિદ્ધાન્તને આધારે વાક્યની પ્રાતિપદિકસંજ્ઞા નિવૃત્ત થવાની સાથે જ સમાસમાં (સ્વાંશમાં) તે પ્રાતિપદિક સંજ્ઞા ચરિતાર્થ પણ રહે છે.

બીજું, ભાષ્યકારે પોતે જ પાણિનિનાં નિયમસૂત્રોને સમજાવવા માટે पञ्च पञ्चनखा भक्ष्याः । એવા પૂર્વમીમાંસાના પરિસંખ્યા—ઉદાહરણને રજૂ કર્યું છે. આના અનુસન્ધાનમાં નાગેશ ભટ્ટે પણ સ્પષ્ટ કર્યું છે કે ભાષ્યકારે નિયમ અને પરિસંખ્યાનો અભેદ માનીને વ્યવહાર કર્યો છે.[2]

૩.૧ ઉપસંહાર : આમ ભાષ્યમાં પરિભાષાઓનો નિયમરૂપે વ્યવહાર કરવામાં આવ્યો છે. આપણે જોયું (૧.૨) તેમ આ નિયમાર્થત્વ અનિયમની સ્થિતિમાં પ્રવર્તે છે. બીજું, પરિભાષાઓનું પરિસંખ્યારૂપ નિયમાર્થત્વ નથી. કેવળ व्रीहीनवहन्ति । જેમ આર્થનિયમત્વ છે. એટલે કે પૂર્વમીમાંસાનો નિયમ તે વૈયાકરણોની પરિભાષા છે. બીજી તરફ, ભાષ્યકારે સ્પષ્ટ કર્યું છે કે જે સૂત્રમાં एव કારનું ગ્રહણ હોય છે તે નિયમસૂત્રો હોય છે, તથા एव કારગ્રહણની ગેરહાજરીમાં અમુક સ્થિતિ હોય ત્યારે જે પુનઃવિધાન કરવામાં આવે છે તે પણ નિયમાર્થ હોય છે. આમ एव કાર-ગર્ભિત—નિયમાર્થત્વ જે સૂત્રમાં હોય છે તે પણ નિયમસૂત્ર કહેવાય છે. વળી, આ સન્દર્ભમાં ભાષ્યકારે સૂચવ્યું છે કે પૂર્વમીમાંસાની પરિસંખ્યા તે વૈયાકરણોનાં નિયમસૂત્રો છે.

આ રીતે પાણિનિનાં પરિભાષાસૂત્રોમાં નિયમસૂત્રો કરતાં જુદા પ્રકારનું નિયમાર્થત્વ (व्रीहीनवहन्ति જેવું આર્થનિયમત્વ) હોવાથી જ संज्ञा च परिभाषा च विधिर्नियम एव च । એ કારિકામાં 'પરિભાષા' પદને 'નિયમ' કરતાં પૃથક્ મૂકવામાં આવ્યું છે.*

---

૧. उद्देश्यतावच्छेदकव्यापकत्वं विधेये भासते । अर्थात् उद्देश्यतावच्छेदकनिष्ठव्याप्यतानिरूपिता व्यापकता विधेये भासत इति अस्मद्गुरवः श्रीपञ्चोलिनः ॥

૨. જુઓ : ૨.૧

* ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના સાતમા અધિવેશન (૨૪-૨૬ જાન્યુ. '૮૧, નડિયાદ) ના એક ભાગ રૂપે યોજાયેલ જ્ઞાનસત્રમાં રજૂ કરેલો લેખ. [પ્રકા. સ્વાધ્યાય (૧૮.૪) મ. સ. યુનિ. સંવત ૨૦૩૭.]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલા - ૮

પતંજલિના મતે 'પદાર્થ' નું સ્વરૂપ*

[૧]

ભૂમિકા : પાણિનિકૃત 'અષ્ટાધ્યાયી'નાં સૂત્રો ઉપર પતંજલિએ 'વ્યાકરણ-મહાભાષ્ય'ની રચના કરી છે. આ મહાભાષ્યના પહેલા 'પસ્પશાહ્નિક'માં વ્યાકરણ-શાસ્ત્રના કેટલાક પ્રાસ્તાવિક મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી છે. જેમ કે, 'શબ્દ' નિત્ય છે કે કાર્ય (અનિત્ય) ? તથા આચાર્ય પાણિનિએ આ બે પક્ષમાંથી કયો પક્ષ સ્વીકારીને પોતાના શબ્દાનુશાસનનું પ્રવર્તન કર્યું છે ? આના પ્રત્યુત્તરમાં પતંજલિએ કાત્યાયનનું એક વાર્ત્તિક પ્રસ્તુત કર્યું છે : *सिद्धे शब्दार्थसम्बन्धे* ॥ અર્થાત્ "(જ્યારે) શબ્દ, અર્થ અને તેમનો સમ્બન્ધં સિદ્ધ છે (ત્યારે આ શબ્દાનુશાસનનું પ્રવર્તન કરવામાં આવ્યું છે.)"

આ વાર્ત્તિકમાંનો 'સિદ્ધ' શબ્દ નિત્યપર્ય્યાયવાચી છે એમ જાહેર કર્યા પછી, પતંજલિએ એ ચર્ચા ઉપાડી છે કે शब्दार्थसम्बन्धे એવા સામાસિક શબ્દનો (सिद्धे) शब्देऽर्थे सम्बन्धे चेति । એવો જે વિગ્રહ કરવામાં આવે છે, તેમાં કોને 'પદાર્થ' માનવાનો છે ? આ સન્દર્ભમાં વૈયાકરણોએ 'પદાર્થ' નો જે વિભાવ રજૂ કર્યો છે તે પ્રસ્તુત લેખનો વિષય છે.

[૨]

પતંજલિએ પૂર્વોક્ત વાર્ત્તિકમાં 'સિદ્ધ' શબ્દને નિત્યપર્ય્યાયવાચી લેવાનો છે એમ જાહેર કર્યું છે.[૧] તેથી सिद्धे शब्देऽर्थे सम्बन्धे चेति । એવા વિગ્રહવાક્યમાંના 'સિદ્ધ' પદનો વિશેષણભાવે 'શબ્દ', 'અર્થ' અને 'સમ્બન્ધ' એ ત્રણેયની સાથે અન્વય કરવાનો રહે છે, પરંતુ 'અર્થ' અર્થાત્ 'પદાર્થ'નો એવો કયો અર્થ કરવો જોઈએ કે જેથી તેની સાથે (નિત્યાર્થક) 'સિદ્ધ' શબ્દનો અન્વય સુસંગત ઠરે.

---

* સંસ્કૃત વિભાગ. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા આયોજિત "ભારતીય દર્શન" વિષયક રાજ્યકક્ષાના પરિસંવાદ (તા. ૨૨-૨૪ ફેબ્રુ. ૧૯૯૩)માં રજૂ કરેલો લેખ. પ્રકાશન : "પ્રદીપ", દ્વારકાધીશ સંસ્કૃત અકાદમી, દ્વારિકા, અંક-૨૪, ફેબ્રુ. નવે. ૧૯૯૩-'૯૪)

૧. पश्यति त्वाचार्यो मङ्गलार्थश्चैव सिद्धशब्द आदितः प्रयुक्तो भविष्यति, शक्ष्यामि चैनं नित्यपर्यायवाचिनं वर्णयितुमिति ॥ (व्याकरणमहाभाष्यम्, प्रदीपोद्द्योतसहितम् भाग-१, सम्पादकः द्वारिकादास शास्त्री, सुधी प्रकाशन, वाराणसी, १९८७, पृ. ५८).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

— એ પ્રસ્તુત ચર્ચાની આવશ્યકતામાંથી 'પદાર્થ' કોને કહેવો ? (અર્થાત્ એવો કયો પદાર્થ માનવો કે જે નિત્ય હોય) એ પતંજલિની શોધનો વિષય છે.[1]

એમણે અહીં ત્રણ પક્ષોની ઉદ્ભાવના કરી છે : જેમ કે, (क) આકૃતિને પદાર્થ ગણવો, કેમ કે તે નિત્ય છે. પરંતુ જો દ્રવ્ય (= વ્યક્તિ)ને પદાર્થ માનીશું તો દ્રવ્ય તો અનિત્ય હોય છે. તેથી પૂર્વોક્ત ચર્ચામાં તે 'સિદ્ધ' શબ્દના વિશેષ્ય તરીકે બંધ બેસશે નહીં. આ પક્ષમાં પતંજલિને 'આકૃતિ'નો અર્થ 'જાતિ' અને દ્રવ્યનો અર્થ 'વ્યક્તિ' અભિપ્રેત હોય એમ લાગે છે.

(ख) દ્રવ્યને પદાર્થ તરીકે માનીશું તો દ્રવ્ય અનિત્ય હોવાથી, તે 'સિદ્ધ' શબ્દનું વિશેષ્ય બની શકશે નહીં. આ સંજોગોમાં પૂર્વોક્ત વિગ્રહવાક્યનું સ્વરૂપ બદલવું પડશે. જેમ કે, सिद्धे शब्देऽर्थसम्बन्धे चेति । અર્થાત્ "(જ્યારે) શબ્દ નિત્ય છે, અને અર્થોનો સમ્બન્ધ = અર્થસમ્બન્ધ નિત્ય છે ત્યારે (આ શબ્દાનુશાસનનું પ્રવર્તન કરવામાં આવ્યું છે)." [અહીં 'અર્થ' શબ્દને સમ્બન્ધનું વિશેષણ બનાવી દઈને પહેલાં ષષ્ઠી તત્પુરુષ કરી લેવામાં આવે છે. આ પછી અર્થસમ્બન્ધ શબ્દની સાથે 'સિદ્ધ' શબ્દનો વિશેષણભાવે અન્વય કરવામાં વાંધો આવશે નહીં.[3]]

અહીં 'દ્રવ્ય'ને પદાર્થ કહીને જે ચર્ચા કરી છે તેમાં 'પદાર્થ' શબ્દનો અર્થ વસ્તુ પોતે (thing itself) (અર્થાત્ વ્યક્તિ પોતે) એવો કરવામાં આવ્યો છે. આ દ્રવ્ય ભલે અનિત્ય રહ્યું; પણ તે પદાર્થ હોઈ શકે છે એવા એક સંભવિત પક્ષને ધ્યાનમાં રાખીને પતંજલિએ આટલું નિરૂપણ કર્યું છે.

પરંતુ આ પક્ષના નિરૂપણમાં सिद्धे शब्दार्थसम्बन्धे । એવા વાર્ત્તિકના વિગ્રહવાક્યમાં જે ફેરફાર કરવો પડ્યો તે પતંજલિને, ઉપલક દૃષ્ટિએ કહીએ તો પસંદ પડ્યું નથી. પણ સૂક્ષ્મેક્ષિકાથી વિચારીએ તો, પદાર્થ તરીકે જે દ્રવ્યનો બોધ થાય છે, તે 'દ્રવ્ય'નો અર્થ 'વસ્તુ' એમ કરવો તે એમને માન્ય નથી. (કેમ કે આવી વસ્તુ કે વ્યક્તિ તે તો અનિત્ય હોય છે.) એમની દૃષ્ટિએ તો પદાર્થ તરીકે જે 'દ્રવ્ય'નો બોધ થાય છે તે 'દ્રવ્ય' તો નિત્ય છે ! [આથી પદાર્થ તરીકે દ્રવ્ય લઈએ તો પણ એમના મતે सिद्धे शब्देऽर्थ सम्बन्धे चेति । એવો વિગ્રહ જે ચાલુ રાખી શકાશે.]

આથી, હવે એ વિચારવાનું પ્રાપ્ત થાય છે કે એવું કયું દ્રવ્ય છે જે નિત્ય

---

૧. જુઓ : પરિશિષ્ટ - ૧.

૨. द्रव्यपक्षे द्रव्यस्यानित्यत्वादर्थग्रहणं सम्बन्धविशेषणार्थमुपात्तम ॥ अनित्येऽर्थे कथं सम्बन्धस्य नित्यतेति चेद्, योग्यतालक्षणत्वात्सम्बध्यस्य । तस्याश्च शब्दाश्रयत्वाच्छब्दस्य च नित्यत्वाद् अदोषः ॥ — इति भाष्यप्रदीपे कैयटः । (तत्रैव, पृ. ५८)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હોય ? ! તો પતંજલિ કહે છે કે માટીના કોઈક આકૃતિવાળા પિણ્ડમાંથી ઘડાઓ બનાવવામાં આવે છે; પછી કોઈ ચાહે તો ઘટાકૃતિને તોડીને તેમાંથી કુંડા પણ બનાવી શકે છે. એ જ પ્રમાણે સોનાનો કોઈક આકૃતિવાળો પિણ્ડ તોડીને તેમાંથી ગળાનો હાર બનાવવામાં આવે છે; તે હારની આકૃતિને બદલીને તેમાંથી કડાં પણ બનાવી શકાય છે અને કડાંની આકૃતિને તોડીને તેમાંથી સ્વસ્તિકો પણ ઘડવામાં આવે છે. વળી, એને ફરીથી પણ સોનાનો પિણ્ડ બનાવી શકાય છે અને પાછાં તેમાંથી કાનનાં કુંડળ પણ બનાવી શકાય છે. આમ આકૃતિ સતત બદલાતી રહે છે; પણ જે (સુવર્ણ) દ્રવ્ય છે તે તો યથાવત્—એનું એ જ રહે છે. એટલે કે આકૃતિને તોડ્યા પછી દ્રવ્ય જ અવશિષ્ટ રહે છે.[1]

ઉપરની ચર્ચામાં પતંજલિએ 'આકૃતિ' શબ્દનો અર્થ તદ્દન બદલી કાઢ્યો છે. અહીં 'આકૃતિ' શબ્દ 'આકાર' અર્થમાં વાપર્યો છે. પતંજલિએ અનેક ઉદાહરણોથી આકૃતિ અનિત્ય છે એમ પ્રતિપાદિત કરીને, દ્રવ્યને નિત્ય સિદ્ધ કર્યું છે ! પરંતુ એમણે આકૃતિને અનિત્ય સિદ્ધ કરીને જે 'દ્રવ્ય'ને નિત્ય કહ્યું છે તે 'દ્રવ્ય' કયું છે ? અથવા તો એનું શું સ્વરૂપ છે ? એ વિષે એમણે પોતે પ્રકટ સ્વરૂપે કશું જ કહ્યું નથી.

* * *

હવે જે દ્રવ્યને પતંજલિ નિત્ય કહે છે તે દ્રવ્યનું સ્વરૂપ સમજાવવાનું કામ ટીકાકારોએ કરવું પડ્યું છે. જેમ કે, 'ભાષ્યપ્રદીપ' નામની ટીકા લખનાર કૈયટ જણાવે છે કે "અહીં અસત્ય એવી ઉપાધિઓથી વ્યાપેલું જે બ્રહ્મતત્ત્વ છે, તેને જ 'દ્રવ્ય' કહ્યું છે."[2] વિશેષમાં કૈયટ ઉમેરે છે કે 'બ્રહ્મ તત્ત્વનું દર્શન થઈ ગયા પછી ગોત્વ, ઘટત્વ આદિ જાતિ પણ અનિત્ય બની જાય છે.' આથી આકૃતિ = જાતિ પણ અનિત્ય છે એમ સિદ્ધ થાય છે. કારણ કે શ્રુતિમાં કહ્યું છે કે 'આ બધું આત્મા જ છે.'[3] આમ પતંજલિ જ્યારે પદાર્થ તરીકે જે 'નિત્ય દ્રવ્ય' ને આગળ ધરે છે તે, કૈયટના મતે, અસત્યોપાધિથી યુક્ત એવું બ્રહ્મતત્ત્વ જ છે. તથા પતંજલિએ અહીં જે 'આકાર' ના અર્થમાં 'આકૃતિ' શબ્દ વાપર્યો છે, તેને કૈયટે ગોત્વાદિ જાતિ અર્થમાં લઈને તેને અનિત્ય કહી છે.

પરંતુ નાગેશે બ્રહ્મતત્ત્વ રૂપ દ્રવ્યની નિત્યતા કહેવા જતાં આકૃતિને અનિત્ય દર્શાવતા પક્ષમાં, આકૃતિનો અર્થ (કૈયટ મુજબનો 'જાતિ' અર્થ હોવા ઉપરાંત)

---

૧. જુઓ : પરિશિષ્ટ - ૧.

૨. असत्योपाध्यवच्छिन्नं ब्रह्मतत्त्वं द्रव्यशब्दवाच्यमित्यर्थः । आकृतिरिति संस्थानम् । ब्रह्म दर्शने च गोत्वादिजातेरप्यसत्यत्वादनित्यम्, "आत्मैवेदं सर्वम्" इति श्रुतिवचनात् ॥ (तत्रैव, पृ. ५८)

૩. સરખાવો : यथा सोम्यैकेन मृत्पिण्डेन सर्वं मृन्मयं विज्ञातं स्याद् वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् ॥ (छान्दोग्योपनिषद् ६-१-४, ५, ६)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

'આકાર' એવો અર્થ ભાષ્યકારને અભીષ્ટ છે એમ બતાવ્યું છે. જેમ કે, તે (પદાર્થ) કમ્બુગ્રીવાદિવાળો આકાર સ્વરૂપનો હોય; કે તેનાથી (= આકારથી) વ્યંગ્ય એવી ઘટત્વાદિ જાતિ સ્વરૂપનો પણ હોઈ શકે છે. [ભાષ્યમાં 'આકૃતિ' શબ્દ દ્વારા જો તેનાથી (આકૃતિ = આકારથી) વ્યંગ્ય (એવી 'જાતિ') કહેવાય છે એમ કોઈ કહે તો તે વ્યંગ્ય જાતિ આવિદ્યક (= કશાકથી જાણી શકાતી) હોઈને, વ્યંજક 'આકાર' = આકૃતિના અનિત્ય હોવાને કારણે, તે (જાતિ પણ) અનિત્ય જ સિદ્ધ થશે.] આ 'પદાર્થ' કોણ છે ?ની ચર્ચાવાળા પ્રકરણ = પ્રસંગમાં ભાષ્યકારે વાપરેલો 'આકૃતિ' શબ્દ આકારથી વ્યંગ્ય એવી 'જાતિ' પરક છે; અને જાતિના વ્યંજક આકાર પરક પણ છે (એમ કૈયટે સૂચવ્યું છે). આ આકૃતિ = આકાર પણ 'પદાર્થ'ની ગણતરીમાં સ્વીકૃત છે એવું (ભાષ્યકારની જેમ) ગૌતમે પણ ન્યાય-સૂત્રમાં કહ્યું છે. જેમ કે, जात्याकृतिव्यक्तयः पदार्थः ॥[1]

(ग) હવે 'પદનો અર્થ આકૃતિ (આકાર) છે' એવો ત્રીજો પક્ષ લઈએ તો પણ પૂર્વોક્ત વિગ્રહ જ ચાલુ રાખી શકાશે. એટલે કે દ્રવ્યને નિત્ય સિદ્ધ કરવા જતાં જે આકૃતિ (=આકાર)ની અનિત્યતા કહેવાઈ છે એ આકૃતિને પદાર્થ તરીકે સ્વીકારતાં પણ सिद्धे शब्देऽर्थे सम्बन्धे चेति। એવો વિગ્રહ ન્યાય્ય બની રહે છે. પરંતુ આ મત ત્યારે જ સ્વીકાર્ય બને કે જે 'આકૃતિ' (આકાર) એવા અર્થને અનિત્ય કીધો છે તે 'આકૃતિ' ને જ્યારે નિત્ય સિદ્ધ કરવામાં આવે. કારણ કે ઉપર્યુક્ત વિગ્રહવાક્યમાં આવેલું सिद्धे પદ, જે નિત્યપર્યાયવાચી છે, તેને વિશેષણભાવે અર્થેની સાથે જોડવાનું છે. આથી 'અર્થ'નો = પદાર્થનો અર્થ જો 'આકૃતિ' પણ કરવામાં આવતો હોય તો તે આકૃતિને કોઈક રીતે નિત્ય સિદ્ધ કરવી પડશે.

આથી પતંજલિ કહે છે કે "આકૃતિ (આકાર)ને પણ નિત્ય કહી શકાશે. કેમ કે કોઈ એક દ્રવ્ય—વ્યક્તિમાં તેનો નાશ થવાથી—વિચ્છેદ થઈ જવાથી તે બધેથી કાંઈ વિચ્છિન્ન થઈ જતી નથી. બીજા કોઈ દ્રવ્યમાં તો તે (જ) આકૃતિ પાછી ઉપલબ્ધ પણ થતી હોય છે." આમ આકૃતિની આવી પ્રવાહનિત્યતાને સ્વીકારીને પણ, એટલે કે, પદાર્થ તરીકે આકૃતિને પણ નિત્ય ગણીને પૂર્વોક્ત વિગ્રહને જ સુસંગત પણ ઠેરવી શકાશે.

* * *

[પ્રાસંગિકપણે અહીં એ પણ સ્મર્તવ્ય છે કે શબ્દના ઉચ્ચારણથી જાતિનો અને દ્રવ્યનો (વ્યક્તિનો) બોધ થવા ઉપરાંત જે તે દ્રવ્યની આકૃતિ = આકારનો પણ બોધ

१. स च कम्बुग्रीवादिमदाकारादिरूपस्तद्व्यङ्ग्यजातिरूपो वा। भाष्ये यद्याकृतिशब्देन तद्व्यंग्य-मुच्यते, तर्हि तदप्याविद्यकत्वेन चानित्यमित्याह — जातेरपीति। अनेनैतत्प्रकरणस्थाकृति-पदस्य व्यंग्य-व्यंजकोभयपरतां सूचयति। गौतमेनाप्युक्तं 'जात्याकृतिव्यक्तयः पदार्थः।' इति ॥ (व्याकरण-महाभाष्य, भाग-१, पृ. ५९).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

થાય છે એનું સૂચન ભાષ્યકારે જ અગાઉ પણ કર્યું છે. જેમ કે, 'शब्द' એવા શબ્દની વ્યાખ્યા કરતાં તેમણે લખ્યું છે કે येनोच्चारितेन सास्नालाङ्गूलककुदखुरविषाणिनां संप्रत्ययो भवति स शब्दः । (पस्पशाह्निकम्, तत्रैव, पृ. १६) "જેના ઉચ્ચારણ થકી સાસ્ના (ગળાની ગોદડી), પૂંછડું, ખૂંધ, ખરી અને શીંગડાવાળા (વ્યક્તિ)નો બોધ થાય તે શબ્દ (= વાચક સ્ફોટ) છે." અહીં શબ્દોચ્ચારણથી '(ગોત્વ–જાતિવિશિષ્ટ) અમુક અમુક આકારવાળા અમુક ચોક્કસ દ્રવ્યના– વ્યક્તિનો બોધ કરાવનારાને શબ્દ કહ્યો છે' એમ સ્પષ્ટ સમજાય છે. (આ શબ્દની વ્યાખ્યાને સમજાવતાં કૈયટાદિ ટીકાકારોએ શબ્દથી પ્રતીત થતા અર્થનું–પદાર્થનું સ્વરૂપ તારવવા તરફ ધ્યાન નથી આપ્યું; પણ તેમણે જેના ઉચ્ચારથી અમુક અમુક અર્થનો બોધ થાય છે તે શબ્દ કયો? જેમ કે, નિત્ય વર્ણાનુપૂર્વીવાળો ધ્વનિ તે શબ્દ છે; કે પછી અમુક અર્થનો પ્રત્યાયક એવો સ્ફોટ તે શબ્દ છે? કેવળ એ એક મુદ્દાને જ ચર્ચાનો વિષય બનાવ્યો છે.)]

* * *

આમ અહીં એક પદાર્થ તરીકે આકૃતિને પણ નિત્ય જાહેર કરી છે તેને વિશદ કરતાં કૈયટે લખ્યું છે કે 'ક્યાંક ઉપરત' થયેલી (ક્યાંક નાશ પામેલી) નો અર્થ 'અનભિવ્યક્ત' (= તિરોહિત) થયેલી એવો કરવાનો છે. હજુ આનેય વધુ વિશદ કરવાની જરૂર લાગતાં નાગેશ ઉમેરે છે કે 'ઉપરામ'નો અર્થ જો નાશ થતો હોય તો તેની તે જ આકૃતિ (જાતિ કે આકાર)ની અન્યત્ર (બીજા કોઈ દ્રવ્યમાં) ઉપલબ્ધિ ન થવી જોઈએ. આથી 'ઉપરામ'નો અર્થ 'અનભિવ્યક્ત થયેલી'–અવ્યક્ત બનેલી એવો કરવાનો છે.

* * *

ભાષ્યકાર પોતે આકૃતિની આવી '(પ્રવાહ)નિત્યતા'ને સ્વીકાર્ય ગણાવવા નિત્યતાનો જે પ્રચલિત વિભાવ છે [– કે જે ધ્રુવ, કૂટસ્થ, અવિચલ, અનપાય, અનુપજન, અવિકારી, અનુત્પન્ન, વૃદ્ધિ નહીં પામનારું અને વ્યય નહીં પામનારું હોય તે નિત્ય કહેવાય], તે ઉપરાંત, બીજા એક વિભાવ તરફ આંગળી ચિંધી છે. જેમ કે, तदपि नित्यं यस्मिंस्तत्त्वं न विहन्यते । 'તે પણ નિત્ય છે કે જેમાંથી તત્ત્વ તે પણાનો–ભાવનો નાશ ન થતો હોય. તો આકૃતિમાં પણ તત્ત્વનો નાશ થતો નથી. આને વિશદ કરતાં 'ઉદ્દ્યોત'માં નાગેશ લખે છે કે જેનો નાશ થવા છતાંય તદ્વૃત્તિધર્મનો (= તેમાં અર્થાત્ તે આકૃતિમાં રહેલા ધર્મનો) નાશ થતો નથી.[1] આમા પ્રવાહનિત્યતાવાળા (આકૃતિ રૂપ) પદાર્થને પણ 'નિત્ય' કહીને પૂર્વોક્ત વિગ્રહને સુસંગત બનાવવામાં આવ્યો છે.

१. यस्मिन्विहतेऽपि तद्वृत्तिधर्मो न विहन्यते इत्यर्थः । (प्रवाहनित्यता चानेनोक्ता । तन्नाशेऽपि तद्धर्मो न नश्यति । आश्रयप्रवाहाविच्छेदादिति भावः) ॥ (तत्रैव, पृ. ५९).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

[3]

ઉપર્યુક્ત ચર્ચાનો જે નિષ્કર્ષ છે તે એ છે કે પતંજલિએ *सिद्धे शब्दार्थ-सम्बन्धे*। વાર્ત્તિકને સમજાવતાં કોને પદાર્થ માનવાથી 'सिद्ध' એવું નિત્યપર્યાય-વાચી વિશેષણ 'સુસંગત ઠરે એને ચર્ચાનો વિષય બનાવ્યો છે. તથા ક્રમશઃ જે પક્ષોની ઉદ્ભાવના કરી છે તેમાં પહેલે તબક્કે આકૃતિ = જાતિને પદાર્થ કહ્યો; બીજે તબક્કે દ્રવ્ય (ઉપાધિયુક્ત બ્રહ્મ) ને પદાર્થ કહ્યો અને છેલ્લે આકૃતિને (= આકારને) પણ પદાર્થ કહ્યો છે.

હવે પ્રશ્ન થાય કે તો પદના અર્થો શું ત્રણ છે ? કે આમાંનો કોઈ એક જ અર્થ 'પદાર્થ' ગણાશે ? અથવા તો આ ત્રણેયના સમૂહ રૂપ એક જ પદાર્થ વિલસે છે ? તો આવા સંભવિત પ્રશ્નને મનમાં રાખીને નાગેશ કહે છે કે ન્યાયસૂત્રકાર ગૌતમે પણ આ જ કહ્યું છે કે जात्याकृतिव्यक्तयः पदार्थः ॥ न्या.सू. (૨-૨-૬૫) અર્થાત્ "જાતિ, આકૃતિ (આકાર) અને વ્યક્તિ (=દ્રવ્ય) — એ ત્રણેય મળીને (જ) એક પદાર્થ છે."

આમ પદાર્થના સ્વરૂપ બાબતે વ્યાકરણશાસ્ત્રપ્રવક્તા પતંજલિ અને ન્યાયશાસ્ત્રપ્રવક્તા ગૌતમની એકમતિ થતી હોય એમ જણાય છે !

*

ઉપરની ચર્ચાને એક દષ્ટિપાતમાં અવગત કરાવવી હોય તો —

પદાર્થ (= અર્થ)

↓

નિત્ય		અનિત્ય
૧. આકૃતિ (જાતિ)	—	દ્રવ્યં (વ્યક્તિ)
૨. દ્રવ્ય (બ્રહ્મતત્ત્વ)	—	આકૃતિ (આકાર)
૩. આકૃતિ (આકાર) (પ્રવાહનિત્યતા)	—	——

↓

जात्याकृतिव्यक्तयः पदार्थः ॥

[૪]

આ સમગ્ર ચર્ચાના અનુસન્ધાનમાં જે સમીક્ષ્ય મુદ્દાઓ છે તે નીચે મુજબ છે :

(૧) પતંજલિએ પહેલે તબક્કે सिद्धे શબ્દના વિશેષ્ય તરીકે જે 'આકૃતિ'ને નિત્ય કહી છે તે 'આકૃતિ'નો અર્થ, એમને 'જાતિ' એવો અભિપ્રેત છે કે 'આકાર' એવો અભિપ્રેત છે ? એ વિષે એમણે કશું જ કહ્યું નથી. પરંતુ તે દ્રવ્યને અનિત્ય કહીને, જે આકૃતિને 'નિત્ય' કહી રહ્યા છે, તે જાતિ હશે એવું પ્રાયઃ બધા જ ટીકાકારો માને છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એ જ પ્રમાણે, પતંજલિએ દ્રવ્યને પદાર્થ તરીકે સિદ્ધ કરતી વેળાએ દ્રવ્યના સ્વરૂપ બાબતે પણ મૌન સેવ્યું છે. પણ કૈયટે એને અદ્વૈત વેદાન્ત દર્શનના દૃષ્ટિ-કોણથી "અસત્ય ઉપાધિઓથી વ્યાપ્ત એવું બ્રહ્મતત્ત્વ" માન્યું છે (અને એ રીતે તે 'દ્રવ્ય' = વ્યક્તિનું પણ વાચક બને છે) તે અતીવ નોંધપાત્ર છે.

(૨) વ્યાકરણશાસ્ત્ર જ્યારે જે દાર્શનિક વિચારની જરૂર પડે છે ત્યારે તે કોઈ પણ પ્રકારના સંકોચ વિના એનું દર્શનાન્તરમાંથી ગ્રહણ કરે છે. સ્વયં પતંજલિએ, એક અન્ય સન્દર્ભમાં કહ્યું છે કે सर्ववेदपारिषदं हीदं शास्त्रम् । तत्र नैकः पन्थाः शक्य आस्थातुम् ॥ (૨-૧-૫૮ सूत्रभाष्यम्) અર્થાત્ વ્યાકરણશાસ્ત્ર એ બધા વેદોની પરિષદોને માટેનું પરિચારક એવું એક વેદાંગ છે. તેથી તેમાં કોઈ એક જ માર્ગને—દર્શનને વળગી રહેવું શક્ય નથી. (આથી જ્યાંથી (જે દર્શનમાંથી) જે વિચાર ઉપકારક જણાયો છે તે તેણે સ્વીકાર્યો છે.[1]

(૩) પતંજલિએ પદાર્થ તરીકે જાતિ, આકૃતિ અને વ્યક્તિ એ ત્રણેયનો યુગપત્ સ્વીકાર કર્યો છે. પરંતુ ઉત્તરકાલિક વૈયાકરણો—ભટ્ટોજિ અને કૌણ્ડ ભટ્ટાદિએ પ્રાતિપદિકાર્થની ચર્ચા કરતી વેળાએ જે पञ्चकं प्रातिपदिकार्थः ।ની સ્થાપના કરી છે તેમાં પ્રાતિપદિકાર્થ તરીકે મુખ્યત્વે ૧. જાતિ, ૨. વ્યક્તિ અને ૩. લિંગને રજૂ કર્યા છે; તથા (પ્રત્યયાર્થ તરીકે) ૪. સંખ્યા અને ૫. કારકાર્થને આગળ ધર્યા છે. પરંતુ એ પાંચ પ્રાતિપદિકાર્થોમાં ઉપર નિર્દિષ્ટ 'આકૃતિ' (= આકાર) વાળો અર્થ પડતો મૂકવામાં આવ્યો જણાય છે. એનું કારણ સંભવતઃ એવું જણાય છે કે દ્રવ્ય (= વસ્તુ કે વ્યક્તિ) ની આકૃતિ=આકારમાં પ્રવાહનિત્યતા માની છે તે શબ્દાન્તરે કહીએ તો 'સાધારણીકૃત આકાર' જ છે; અને આ સાધારણીકૃત આકૃતિ (= આકાર) ને જ તો 'જાતિ' કહી શકાય છે ! આથી જ્યારે પદાર્થ = પ્રાતિ-પદિકાર્થોની ગણતરી શરૂ થઈ હશે ત્યારે તે આકૃતિ=આકારનો 'જાતિ' અર્થવાળી 'આકૃતિ'માં અન્તર્ભાવ થઈ જાય છે એમ સમજીને તે 'આકૃતિ' = આકાર એ પણ એક પદાર્થ છે એમ પ્રકટ ભાષામાં બોલવાનું—ગણાવવાનું જરૂરી રહ્યું નહીં હોય.[2]

---

૧. વ્યાકરણશાસ્ત્રે લિંગવિચારણામાં સાંખ્યદર્શનના સત્ત્વ, રજસ્ અને તમોગુણની વિચારણા મદદે લીધી છે તથા કારકનું સ્વરૂપ નક્કી કરવા માટે शक्तिमत् कारकम्। વાળો પક્ષ પણ રજૂ કરીને ('ગુણ દ્રવ્યાશ્રિત જ હોય છે' એવા) વૈશેષિક દર્શનનો પણ ઉપયોગ કર્યો છે. इति दिक् ॥

૨. નાગેશે ઉપર (પાદટીપ ૭માં) ઉદ્ધૃત કરેલ ગૌતમસૂત્ર जात्याकृतिव्यक्तयः पदार्थः। એમ છે. પરંતુ ન્યાયસૂત્રમાં व्यक्त्याकृतिजातयस्तु पदार्थः । (૨-૨-૬૫) [न्यायसूत्रम्, भाष्यसमेतम्, काशीसंस्कृतसीरीझ-૪૩, ૧૯૪૨] એમ જોવા મળે છે. અહીં સ્થૂળ /

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

[૫]

'પદાર્થ' શબ્દનો વિગ્રહ થશે : पदस्य अर्थ इति पदार्थः । અર્થાત્ 'પદનો જે અર્થ તે પદાર્થ છે.' એટલે કે "પદ (= ધ્વનિશ્રેણી)થી જે વસ્તુનો બોધ થાય છે તે વસ્તુ (thing itself) પોતે 'પદાર્થ' કહેવાય છે." આવું પ્રાચીનકાળથી મનાતું આવ્યું છે. (આથી જ ન્યાયશાસ્ત્રે સાત પદાર્થોની ગણતરી કરાવતી વખતે દ્રવ્યને પણ એક 'પદાર્થ' કહ્યો છે.)

પરંતુ પાછળથી અનેક શાસ્ત્રોમાં 'પદનો અર્થ' તે વસ્તુ પોતે એ ખ્યાલ બદલવામાં આવ્યો છે ; અને અર્થને એક સંકેત રૂપે સમજવામાં આવ્યો છે. એટલે કે વ્યવહારકાળમાં (ધ્વનિશ્રેણી રૂપ) શબ્દ → અર્થ → દ્રવ્ય (વસ્તુ) એવી ત્રિસ્તરીય વ્યવસ્થા માનવામાં આવી છે. આમાં 'અર્થ' એટલે શબ્દથી સમજાતા દ્રવ્યના ઉપાધિ રૂપ જાતિ, વ્યક્તિ, આકાર અને લિંગાદિ વિષયક ખ્યાલો–વિભાગો (જેને 'સંકેત' એવું પારિભાષિક નામ આપ્યું છે) તે અર્થ.

અર્થ શબ્દની એક પ્રાચીન વ્યુત્પત્તિ મુજબ न ऋच्छति इति अर्थः । 'જે, (ધ્વનિશ્રેણીનો નાશ થયા પછીય શ્રોતાના મનમાંથી) જતો નથી તે અર્થ.' (જેવી રીતે સ્વામીના મર્યા પછીય જે ધનદોલત અહીં રહી જાય છે, પણ સ્વામીની પાછળ પાછળ ઉપરના લોકમાં જતી નથી તે ધનદોલત[= 'દીનાર' નામનું નાણું]ને પણ અર્થ કહેવાય છે !)[૧] આમ ધ્વનિશ્રેણી રૂપ 'શબ્દ; કે દ્રવ્ય પોતે નાશ પામવા છતાંય વક્તા અને શ્રોતાના મનમાં રહેલો તે દ્રવ્યસંબન્ધી જાતિ, વ્યક્તિ, આકૃતિ અને લિંગાદિનો જે ખ્યાલ (વિભાવ) તેને 'અર્થ' કહેવાય.

મૂર્તમાંથી ક્રમશઃ સૂક્ષ્મ / અમૂર્ત અર્થ તરફ ગતિ થતી જોઈ શકાય છે. આમ સાધારણીકૃત આકૃતિ (= આકાર) કાલાન્તરે 'જાતિ'માં જ સમાવિષ્ટ થઈ હશે એમ કલ્પી શકાય. અલબત્ત, ન્યાયદર્શનના ગ્રન્થોમાં પણ આ વિષે કશું પ્રકટપણે વિચારાયું છે કે કેમ ? એ તપાસવું રહ્યું.

૨. अर्थोऽर्तेः । अरणस्थो वा ॥ (निरुक्तम्, अ. १, षष्ठः पादः) अत्र दुगाचार्यः अर्थोऽर्तेः गतिकर्मणः । अर्यते हि असौ अर्थिभिः ॥ अरणस्थो वा । (अरणे गमते कृतेऽपि यः तिष्ठति ।) यदा हि अस्य स्वामी अरति गच्छतीतो लोकादमुं लोकं, तदायमिहैव तिष्ठति, नानेनैव सहामुं लोकं गच्छति, दीनारादिरर्थः । तत्सामान्यादितरोऽपि शब्दार्थोऽर्थ उच्यते ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરિશિષ્ટ - ૧

व्याकरणमहाभाष्यम् (पस्पशाह्निकम्)

अथ कं पुनः पदार्थं मत्वा एष विग्रहः क्रियते–सिद्धे शब्देऽर्थे संबन्धे चेति ॥ आकृतिम् इत्याह । कुत एतत् । आकृतिर्हि नित्या द्रव्यम् अनित्यम् ॥ अथ द्रव्ये पदार्थे कथं विग्रहः कर्तव्यः । सिद्धे शब्दे अर्थसम्बन्धे चेति । नित्यो ह्यर्थवतामर्थैरभिसम्बन्धः ॥ अथवा द्रव्ये एव पदार्थे एष विग्रहो न्याय्यः–सिद्धे शब्दे अर्थे सम्बन्धे चेति । द्रव्यं हि नित्यमाकृतिरनित्या । कथं ज्ञायते । एवं हि दृश्यते लोके मृत् कयाचिदाकृत्या युक्ता पिण्डो भवति, पिण्डाकृतिमुपमृद्य घटिकाः क्रियन्ते, घटिकाकृतिमुपमृद्य कुण्डिकाः क्रियन्ते । तथा सुवर्णं कयाचिदाकृत्या युक्तं पिण्डो भवति, पिण्डाकृतिमुपमृद्य रुचकाः क्रियन्ते, रुचकाकृतिमुपमृद्य कटकाः क्रियन्ते, कटकाकृतिमुपमृद्य स्वस्तिकाः क्रियन्ते । पुनरावृत्तः सुवर्णपिण्डः पुनरपरयाकृत्या युक्तः खदिराङ्गारसवर्णे कुण्डले भवतः। आकृतिरन्या चान्या च भवति, द्रव्यं पुनस्तदेव । आकृत्युपमर्देन द्रव्यमेवा-वशिष्यते ॥

आकृतावपि पदार्थ एष विग्रहो न्याय्यः–सिद्धे शब्दे अर्थे सम्बन्धे चेति। ननु चोक्तम्–आकृतिरनित्या इति । नैतदस्ति । नित्याऽऽकृतिः । कथम् । न क्वचिदुपरतेति कृत्वा सर्वत्रोपरता भवति । द्रव्यान्तरस्था तूपलभ्यते ॥

अथवा नेदमेव नित्यलक्षणम्–ध्रुवं कूटस्थमविचाल्यनपायोपजनविकार्य-नुत्पत्त्यवृद्ध्यव्यययोगि यत्तन्नित्यमिति । तदपि नित्ये यस्मिंस्तत्त्वं न विहन्यते॥ किं पुनस्तत्त्वम् । तस्य भावस्तत्त्वम् । आकृतावपि तत्त्वं न विहन्यते ॥ (व्याकरणमहाभाष्यम् भाग–१, पृ. ५८–५९)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલા - ૯

સ્ફોટની સિદ્ધિ અને સ્વરૂપ

અર્થબોધની પ્રક્રિયા વિષે ભારતીય માનસમાં અનેક પ્રશ્નો ઉદ્ભવ્યા છે. જેમ કે,

(૧) શાબ્દબોધ (શબ્દમાંથી / દ્વારા થતા અર્થબોધ)નું નિમિત્ત શું હશે ? અર્થાત્ શ્રોતા કોઈ એક વાક્ય સાંભળીને તેનો અર્થ શી રીતે સમજતો હશે ? વાક્યના અર્થનો બોધ કઈ પ્રક્રિયાથી થતો હશે ?

(૨) વાક્યનું પદોમાં, અને પદોનું વર્ણધ્વનિમાં પૃથક્કરણ થયા બાદ શું શ્રોતાને વાક્યનો અર્થબોધ થતો હશે (કે વાક્ય અખંડ રૂપે જ અર્થબોધ કરાવતું હશે) ?

(૩) શ્રોતા જ્યારે વાક્યનો અર્થ સમજતો હશે ત્યારે તેને પદક્રમનો કે પદાન્વયનો બોધ થતો હશે; અને તે પદોમાંના પ્રકૃતિ + પ્રત્યયનો, કે વર્ણધ્વનિની શ્રેણી (પૂર્વાપર ક્રમ)નો બોધ થતો હશે ?

(૪) અથવા તો – શું આખું એક વાક્ય જ અર્થવાચક એકમ હશે ? (અને તેમાં વાક્યનું સ્વરૂપ કેવું માનવું ? જેમ કે, વાક્ય એ શું જુદા જુદા વર્ણધ્વનિઓની નિશ્ચિતક્રમે થયેલી ગોઠવણીમાંથી જન્મેલ છે ? વગેરે)

આવા અનેકાનેક પ્રશ્નોના વિવિધ અને વૈકલ્પિક ઉત્તરો વિચારાયા છે. આમાંથી શબ્દ દ્વારા થતા અર્થબોધની પ્રક્રિયાને સમજાવવા સંસ્કૃત વૈયાકરણોએ જે વિચારણા કરી છે (અને પ્રાસંગિક રીતે, આ સન્દર્ભમાં નૈયાયિકોની વિચારણાનું જે ખંડન કર્યું છે) તેનો (અર્થાત્ ઉપર્યુક્ત પ્રથમ પ્રશ્નનો) એક સારભૂત અભ્યાસ આ લેખમાં રજૂ કરવાનો પ્રયત્ન છે :

આ પ્રશ્નની વિચારણા હાથ ધરતા વૈયાકરણોએ એક 'સ્ફોટવાદ'નો પુરસ્કાર કર્યો છે. આથી વૈયાકરણોને 'સ્ફોટવાદિન્' કહે છે. વૈયાકરણો માને છે કે 'વાક્યસ્ફોટ'માંથી જ વાક્યાર્થની પ્રાપ્તિ થાય છે–પ્રતીતિ જન્મે છે; અને આ વાક્યસ્ફોટ એક, અખંડ અને અર્થવાહક તત્ત્વ છે. આ વાક્યસ્ફોટનું પદોમાં કે વર્ણોમાં પૃથક્કરણ કરવું શક્ય નથી. બીજા શબ્દોમાં કહીએ તો અર્થાભિવ્યક્તિની કોટિમાં તો સ્ફોટ એક અને અખંડ હોય છે, પરંતુ ભાષાની વર્ણનાત્મક કોટિએ (= ભાષાને શીખવવા પૂરતું) આપણે વાક્યનું પદોમાં, કે પદોનું પ્રકૃતિ + પ્રત્યયમાં વિભાજન કરીએ એ જુદી વાત છે. અર્થાત્ વ્યાવહારિક દષ્ટિએ એની ઉપયોગિતા છે; પણ પારમાર્થિક દષ્ટિએ = અર્થાભિવ્યક્તિની ક્ષણોમાં તો 'સ્ફોટ' અખંડ જ રહે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભર્તૃહરિની द्वावुपादानशब्देषु... । (વાક્યપદીય, ૧-૪૪) કારિકાને આધારે, પાછળના વૈયાકરણોએ 'શબ્દ'નાં બે પાસાં વિષે (= 'ધ્વનિ' અને 'સ્ફોટ' વિષે) વાત કરી છે. શબ્દ[૧]નું જે ધ્વન્યાત્મક પાસું છે તે શબ્દની ઉચ્ચરિત સ્થિતિને રજૂ કરે છે; અને તે શબ્દ (= પદ કે વાક્ય)ની બાહ્ય સંરચના સાથે સંકળાયેલ છે. જ્યારે 'શબ્દ'નું જે બીજું સ્ફોટાત્મક પાસું છે તે અર્થની સાથે સંકળાયેલ છે.

શબ્દ

ઉચ્ચારણ ← ધ્વનિ   સ્ફોટ → અર્થ

આ દૃષ્ટિએ કોઈ પણ શબ્દનો કે ભાષાનો અભ્યાસ બે કોટિએથી કરવાનો રહે છે : ૧. ધ્વનિની દૃષ્ટિએ, અને ૨. અર્થાભિવ્યક્તિની પ્રક્રિયાથી. શબ્દની સાથે સંકળાયેલાં આ બે પાસાં પરસ્પરમાં સંબદ્ધ નથી, પણ તે બન્ને પાસાં એક-બીજાથી જુદાં જ રહે છે.

પાછળના વૈયાકરણોએ શબ્દનાં આ બે પાસાં – ધ્વનિ અને સ્ફોટ – ની વચ્ચે જે પ્રકારનો સંબંધ કલ્પ્યો છે તે નીચે મુજબ છે :

વક્તાના પક્ષે   શ્રોતાના પક્ષે

૧. ૨. (क)   ૨. (ख) ૩.

(વર્ણ) ધ્વનિ → સ્ફોટ   સ્ફોટ → અર્થ

↑ ↑ પછી ↑ ↑

અભિવ્યંજક અભિવ્યંગ્ય → વાચક વાચ્ય

આમ સ્ફોટ અને ધ્વનિની વચ્ચે વ્યંગ્ય-વ્યંજકભાવ રૂપ સંબંધ રહેલો છે.

(વર્ણધ્વનિથી અભિવ્યંજિત થયેલા) સ્ફોટ અને અર્થની વચ્ચે વાચક-વાચ્ય ભાવરૂપ સંબંધ રહેલો છે.

૨(क) આ સન્દર્ભમાં 'સ્ફોટ'ની આવી વ્યાખ્યાઓ અપાઈ છે :

(૧) स्फुटति सः स्फोटः। જે પોતે (વર્ણધ્વનિથી સ્ફુટ થાય છે, તે 'સ્ફોટ' (કર્તરિ અર્થમાં આ વ્યુત્પત્તિ વિચારાઈ છે.)

૨ (ख) આ સન્દર્ભમાં સ્ફોટની એક વ્યાખ્યા આમ અપાઈ છે :

(૩) स्फुटति अर्थः अस्मात्/यस्मात् सः स्फोटः ।
અર્થાત્ જેમાંથી અર્થનો સ્ફોટ (= અભિવ્યક્તિ) થાય છે તેને 'સ્ફોટ' કહે છે.

---

૧. અહીં શબ્દ એવા શબ્દથી 'પદ' અને 'વાક્યં' એવા બન્ને અર્થો અભિપ્રેત છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૨) स्फुट्यते (= व्यज्यते) वर्णैः यः, सः स्फोटः । વર્ણોથી જે સ્ફુટ થાય છે તે 'સ્ફોટ'. (કર્મણિ અર્થમાં આ વ્યુત્પત્તિ વિચારાઈ છે.)

[આ દૃષ્ટિએ સ્ફોટને 'વર્ણાભિ-વ્યંગ્ય' પણ કહે છે. આ બે વ્યાખ્યાઓ દ્વારા સ્ફોટ અને ધ્વનિની વચ્ચે અભિવ્યંગ્ય-અભિવ્યંજક ભાવ રૂપ સંબંધ રહેલો છે—એમ કહેવાય છે.]

[આ ત્રીજી વ્યાખ્યા દ્વારા અર્થ અને સ્ફોટની વચ્ચે વાચ્ય-વાચકભાવ રૂપ સંબંધ રહેલો છે એમ કહેવાય છે.]

આ જ મુદ્દાને બીજા એક ચિત્રથી સમજીશું :

ધ્વનિ ⟶ નિત્ય શબ્દતત્ત્વ ⟶ અર્થ
(જેનું બીજું નામ 'સ્ફોટ' છે.)
અને
તેને જ શબ્દબ્રહ્મ પણ કહે છે,

અભિવ્યંજક-અભિવ્યંગ્ય ભાવ રૂપ સંબંધ | વાચક-વાચ્ય ભાવ રૂપ સંબંધ

(વિષયાન્તર કરીને) એક આનુષંગિક મુદ્દાની સ્પષ્ટતા કરી લઈશું; વૈયાકરણોએ વર્ણધ્વનિથી અભિવ્યંગ્ય એવા (= અભિવ્યંજિત = અભિવ્યક્તિ થતા) 'નિત્ય શબ્દતત્ત્વ'ને જેમ 'સ્ફોટ' કહ્યો છે, તેમ આલંકારિકોએ (વૈયાકરણોએ કરેલી સ્ફોટની કલ્પનામાંથી જ સૂચન લઈને) કાવ્યમાં અભિધાર્થ = વાચ્યાર્થથી સ્ફુટ થતા = અભિવ્યક્ત = અભિવ્યંજિત થતા વ્યંગ્યાર્થને માટે "ધ્વનિ" શબ્દ વાપર્યો છે. (અને આવા ધ્વનિને = વ્યંગ્યાર્થને કાવ્યનો આત્મા માન્યો છે.) ટૂંકમાં, અર્થાભિવ્યક્તિની પ્રક્રિયાને સ્પષ્ટ કરવા માટે વૈયાકરણોએ ધ્વનિ અને અર્થની વચ્ચે એક અમૂર્ત, અખંડ, નિત્ય, શબ્દતત્ત્વ રૂપ 'સ્ફોટ' રહ્યો હોવાની કલ્પના કરી છે; તેને આધારે જ આલંકારિકોને 'કાવ્યનો આત્મા ધ્વનિ છે' એ ધ્વનિ-સિદ્ધાન્ત હાથ લાગ્યો છે. આથી જ આલંકારિકોએ વૈયાકરણોને પ્રથમે બુધાઃ (પહેલાવહેલા પ્રબુદ્ધ થયેલા) કહ્યા છે.

ઉપરના ચિત્રમાં વક્તાના પક્ષેથી સ્ફોટનું (અને ધ્વનિનું) કયું સ્વરૂપ છે તે કહ્યું; તથા શ્રોતાના પક્ષેથી સ્ફોટનું (અને અર્થનું) કયું સ્વરૂપ છે ? તે પણ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કહ્યું છે. હવે આ બન્ને પક્ષને એક જ વ્યાખ્યામાં જો ઉપનિબદ્ધ કરવા હોય તો કહી શકાય કે –

वर्णाभिव्यङ्ग्यत्वे सति, अर्थप्रत्यायकत्वं स्फोटत्वम् इति ॥ અર્થાત્

"વર્ણ (ધ્વનિ) થી અભિવ્યંગ્ય = અભિવ્યંજિત થતો હોવાની સાથે, જે અર્થનો વાચક પણ છે; (= અર્થ પ્રત્યાયક પણ છે) તેને 'સ્ફોટ' કહેવાય છે."

* * *

અર્થાભિવ્યક્તિની પ્રક્રિયાને સમજાવવા માટે નૈયાયિકોનો જે સિદ્ધાન્ત છે તે નીચે મુજબ છે :

આપણે घटम् आनय । 'ઘડો લાવ.' એવા વાક્યનું ઉચ્ચારણ કરીએ છીએ ત્યારે घ् કાર, अ કાર, ट् કાર વગેરે વર્ણો કંઠ-મૂર્ધાદિ સ્થાનોમાં વાયુનો આઘાત (સંયોગ) થવાથી ઉત્પન્ન થાય છે, અને घटम् એવી ધ્વનિશ્રેણી શ્રુતિગોચર થાય છે. આવા વર્ણો કે વર્ણસમૂહ ઉત્પન્ન થયા પછી તૃતીય ક્ષણે વિનાશ પામનારા હોય છે. પરંતુ આ વર્ણો કે વર્ણસમૂહને જ 'શબ્દ' કહે છે તથા, તે વર્ણાત્મક શબ્દ જ કમ્બુગ્રીવાદિમાન્ ઘટ વ્યક્તિનો (= ઘડો એવી વસ્તુનો) વાચક બને છે. આમ તાર્કિકોએ એક તરફ વર્ણાત્મક શબ્દ; અને બીજી તરફ વસ્તુ રૂપ અર્થને (= 'પદાર્થ'ને) જ સ્વીકાર્યા છે. આ સિવાય ત્રીજા કોઈ તત્ત્વની કલ્પના તેમણે કરી નથી.

જ્યારે વૈયાકરણોએ તો વર્ણ = ધ્વનિઓ અને અર્થની વચ્ચે એક ત્રીજા તત્ત્વ–નિત્ય એવા શબ્દતત્ત્વની (કે જેને તેમણે 'સ્ફોટ' નામ આપ્યું છે, તેની)–અપૂર્વ કલ્પના કરી છે. નૈયાયિકોએ આવા 'સ્ફોટ' રૂપ 'શબ્દ' નો અસ્વીકાર કર્યો છે. કારણ કે એમના મતે 'સ્ફોટ' તે પ્રત્યક્ષાદિ પ્રમાણોનો વિષય બની શકે એમ નથી. જેમકે,

(૧) (વૈયાકરણોના) 'સ્ફોટ'ને ઇન્દ્રિયના સંનિકર્ષથી પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય બનાવી શકાતો નથી (એટલે કે ઘડાને જેમ જોઈ શકાય છે = ચક્ષુરિન્દ્રિયનો વિષય બનાવી શકાય છે, તેમ 'સ્ફોટ'ને કોઈ જોઈ / અનુભવી શકતું નથી.

(૨) 'સ્ફોટ'માં 'વ્યાપ્તિ વિશિષ્ટ પક્ષધર્મતા' જોવા મળતી નથી. તેથી તે (સ્ફોટ) અનુમાનનો પણ વિષય બનતો નથી. તથા

(૩) આ સ્ફોટ આપ્તોપદેશ રૂપ વેદનો પણ વિષય બની શકે એમ નથી. તેથી તે 'શબ્દપ્રમાણ'નો પણ વિષય બનતો નથી.

આમ નૈયાયિકોના મતે 'સ્ફોટ'નો સ્વીકાર થઈ શકે એમ નથી.

* * *

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ નૈયાયિકોને જવાબ આપતાં વૈયાકરણોએ કહ્યું છે કે સ્ફોટ એ તો પ્રત્યક્ષ પ્રમાણનો જ વિષય બની શકે એમ છે. જેમકે, સૌ કોઈને 'આ એક પદ' અથવા 'આ એક વાક્ય' એમ એકત્વાર્થગ્રાહિની (= એકત્વવિશિષ્ટ = એકત્વવાળી) પ્રતીતિ થાય છે. વર્ણો અનેક હોઈને, આ એકત્વ વર્ણનિષ્ઠ છે એમ કહી શકાય એમ નથી. આથી આ એકત્વ જેના આશ્રયે રહી શકે, એવા કોઈક તત્ત્વની કલ્પના તો કરવી જ પડશે. તો વૈયાકરણો કહે છે કે 'આ એક પદ છે; કે 'આ એક વાક્ય છે' એવી એકત્વની પ્રતીતિનો આશ્રયભૂત [કે જે વર્ણો કે પદોના સમૂહથી અભિવ્યંગ્ય છે = અભિવ્યક્ત = અભિવ્યંજિત થાય છે.] તથા વર્ણધ્વનિથી અભિવ્યંગ્ય એવું 'કંઈક' તત્ત્વ તોં છે જ, જેને અમે—વૈયાકરણો 'સ્ફોટ' કહીએ છીએ.

વળી, ધ્વન્યાત્મક શબ્દના ઉચ્ચારણ પછી, શ્રોતાને જે પદાર્થની પ્રતીતિ થાય છે તે બીજી કોઈ રીતે સિદ્ધ—ઉપપન્ન પણ થતી નથી. આ દૃષ્ટિએ, સ્ફોટને અનુમાનથી પણ સિદ્ધ કરી શકાય છે. જેમકે; જો (વૈયાકરણોના કહેવા મુજબનો) વર્ણોથી અભિવ્યંગ્ય એવો કોઈ 'સ્ફોટ' રૂપ 'શબ્દ' જ ન હોય તો, એક વર્ણના ઉચ્ચારણ પછી, બીજા વર્ણનું ઉચ્ચારણ કરતાં પૂર્વ વર્ણનો નાશ થાય છે એ ક્રમે વિચારતાં અંતિમ વર્ણનું ઉચ્ચારણ થતાં સુધીમાં તો પૂર્વપૂર્વ વર્ણો નષ્ટ થઈ ગયા હશે - હવે આ સ્થિતિમાં તો 'અર્થબોધ' જ થશે નહીં. પરંતુ વર્ણો ઉચ્ચરિત પ્રધ્વંસિન્ (= ઉચ્ચારતાંની સાથે નાશ થનારા) હોવા છતાંય નૈયાયિકોને પણ અર્થબોધ તો થતો જ હોય છે ! આમ, વર્ણોનું ઉચ્ચારણ કર્યા પછી જો તેઓ તૃતીય ક્ષણે નાશ પામનારા હોય તો વર્ણોને તો સીધા અર્થના વાચક માની શકાશે નહીં. આથી વર્ણોથી અતિરિક્ત, અને છતાંય વર્ણોથી અભિવ્યંગ્ય એવા કોઈક સ્ફોટાત્મક શબ્દનું અનુમાન તો કરવું જ પડશે.

નૈયાયિકોએ વર્ણોને જ સીધા અર્થના વાચક માન્યા છે. પણ એમની એ વિચારણામાં જે જે દોષો જોવા મળે છે, તેની નીચે મુજબ વિશદ ચર્ચા કરવામાં આવી છે :

(૧) વર્ણો જ શ્રોત્રેન્દ્રિયનો વિષય બનીને અર્થબોધ કરાવે છે એવું કહી શકાય એમ નથી. કારણ કે પ્રત્યેક વર્ણ અર્થવાચક હોય તો પ્રથમ વર્ણનું ઉચ્ચારણ થતાં જ આખા પદનો, કે આખા વાક્યનો અર્થ મળી જશે (= અભિવ્યક્ત થઈ જશે), એ સ્થિતિમાં (પદમાં કે વાક્યમાં) બાકી રહેલા બીજા વર્ણોનું ઉચ્ચારણ કરવું વ્યર્થ બની રહેશે !

(૨) 'વર્ણોને વાચક માનીશું' તો એક પદમાં (કે વાક્યમાં) જેટલા વર્ણો હશે, તેટલી સંખ્યામાં અર્થોની પ્રતીતિ થશે ! આથી વર્ણોમાં પરસ્પરની દૃષ્ટિએ ભિન્નાર્થકતા રહેશે નહીં. તથા બીજી બાજુથી વિચારીશું તો, પદમાં વપરાયેલાં તમામ વર્ણો એક જ અર્થના વાચક બનશે. એટલે તે (વર્ણો) માં પરસ્પરની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દૃષ્ટિએ પર્ય્યાયતા આવી પડશે. આમ, આ ઉભય દોષાપત્તિને કારણે માનવું પડશે કે વર્ણોના સમૂહમાં પણ વાચકતા નથી.

(૩) ત્રીજી તરફથી જોઈએ તો– ઉચ્ચરિત થયા પછી 'વર્ણોને તૃતીય ક્ષણે વિનષ્ટ થનારા' માન્યા છે; તેથી ઉત્તર વર્ણનું ઉચ્ચારણ થતાં (ઉચ્ચરિત) પૂર્વ વર્ણનો નાશ થાય છે – એ ક્રમે પૂર્વપૂર્વ વર્ણોનો નાશ થતો રહે છે અને ચરમ વર્ણની ઉચ્ચારણ ક્ષણે[૧] 'પૂર્વ વર્ણસમૂહ'માં પણ વાચકતા રહેશે નહીં.

નૈયાયિકોના પક્ષમાં આવા ત્રિવિધ દોષ જોઈને વૈયાકરણોએ કહ્યું છે કે વર્ણોથી અતિરિક્ત અને છતાંય 'વર્ણોથી અભિવ્યંગ્ય' એવા અને અર્થનું પ્રત્યાયન કરાવનારા' એવા નિત્ય 'સ્ફોટ' રૂપ શબ્દની કલ્પના સૌ કોઈએ કરવી જ પડે છે.

હવે વૈયાકરણોના મતે વર્ણધ્વનિઓથી 'સ્ફોટ' (= એક નિત્ય શબ્દ) કેવી રીતે અભિવ્યક્ત = અભિવ્યંજિત થાય છે ? એ (પ્રક્રિયા)ને સમજી લઈશું : घटम् आनय । એ વાક્યમાંના પ્રથમ ધ્વનિ घ् કાર – अ કારથી અસ્પષ્ટ એવો 'સ્ફોટ' અભિવ્યંજિત થાય છે. ट् કાર – अ કાર રૂપ ઉત્તર ઉત્તર (વ્યંજક) ધ્વનિઓના ઉચ્ચારણથી થોડાક વધુ સ્પષ્ટ એવા સ્ફોટની અભિવ્યક્તિ થાય છે; અને છેલ્લે आ – न – य એવા ક્રમે ક્રમે વર્ણો ઉચ્ચારાતાં જતાં – છેલ્લે સ્ફુટતમ સમ્પૂર્ણ સ્ફોટની અભિવ્યક્તિ પૂરી થાય છે.

અહીં અન્ત્ય ધ્વનિની સાથે ઉચ્ચારેલા બધા જ પૂર્વપૂર્વ વર્ણોના ઉચ્ચારણથી શ્રોતાની બુદ્ધિમાં ક્રમે ક્રમે થોડો થોડો સંસ્કાર ઊભો થતો જાય છે. આમ પૂર્વપૂર્વ સંસ્કારના સહકારથી, સંસ્કારની આવૃત્તિ થતાં શ્રોતૃબુદ્ધિમાં શબ્દ (= સ્ફોટ રૂપ શબ્દ) નિશ્ચિત–અભિવ્યક્ત થાય છે; અને પછી તે 'સ્ફોટ રૂપ શબ્દ' અર્થનો વાચક બને છે. ભર્તૃહરિએ કહ્યું છે કે –

नादैराहितबीजायाम् अन्त्येन ध्वनिना सह ।
आवृत्तिपरिपाकायां बुद्धौ शब्दोऽवधार्यते ॥ वाक्यपदीयम्, १-८६

આમ કત્વ, ગત્વ આદિ ધર્મોવાળા વર્ણરૂપ ધ્વનિઓ જ ત્રિકાલાબાધિત શબ્દબ્રહ્મ = નિત્ય 'શબ્દ' રૂપ સ્ફોટને અભિવ્યક્ત કરે છે, અને વર્ણધ્વનિઓથી અભિવ્યંજિત થયેલો આ સ્ફોટ જ (શ્રોતાને) અર્થબોધ કરાવે છે. અર્થાત્ સ્ફોટ જ અર્થનો વાચક (= પ્રત્યાયક) બને છે. વૈયાકરણોના મતે આ શબ્દબ્રહ્મ રૂપ સ્ફોટનું સમ્યક્જ્ઞાન થતાં જીવનમુક્તિ મળે છે.

---

૧. 'ચરમ વર્ણોચ્ચારણ' પછી અર્થબોધ થાય છે' એમ જો નૈયાયિકો કહેતા હોય તો 'ચરમ વર્ણની પૂર્વે જે જે વર્ણો ઉચ્ચાર્યા હશે તે તો નાશ પામ્યા હશે અને નાશ પામેલા તે પૂર્વવર્ણોમાં અર્થવાચકતા નહોતી' એમ સ્વીકારવું પડશે; અને પરિણામે તે પૂર્વ વર્ણોચ્ચારણ વ્યર્થ પૂરવાર થઈ જશે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલા-૧૦

કર્મ—કારક

વૈયાકરણ ભર્તૃહરિને આપણે પ્રાચીન ભારતના ભાષાવિદોમાં અનિવાર્ય-પણે પાંક્તેય ગણવા પડશે. સંસ્કૃત ભાષા અને સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રવિષયક તેમના સૂક્ષ્મ ચિંતનનું ફળ તે 'વાક્યપદીય'. વાક્યપદીય બ્રહ્મ, વાક્ય અને પદ એમ ત્રણ કાંડોમાં વિભક્ત છે. પ્રથમ કાંડમાં સ્ફોટ અને ધ્વનિની ચર્ચાને મહત્ત્વ આપવામાં આવ્યું છે. દ્વિતીય કાંડમાં વાક્ય અંગેની ચર્ચા અને તેના આનુષંગિક વિષયોની ચર્ચા મળે છે. તૃતીય કાંડમાં પદવિભાગમાં જાતિ, ગુણ, દિક્, સાધન, ક્રિયા, લિંગ અને પંચવૃત્તિ અંગે ચર્ચા પ્રાપ્ત થાય છે. વાક્યપદીય ગ્રન્થમાં નિરૂપાયેલા આ વિષયો આધુનિક ભાષાવિજ્ઞાનને પણ અત્યંત ઉપયોગી છે. ત્રિમુનિવ્યાકરણમ્ એમ કહેનારી ભારતીય વ્યાકરણપરંપરાએ હવે ચતુર્મુનિ-વ્યાકરણમ્ તેમ કહી પાણિનિ, કાત્યાયન, પતંજલિ પછી વૈયાકરણશિરોમણિ ભર્તૃહરિને વ્યાકરણશાસ્ત્રના ચોથા મુનિ કહી તેમનું ગૌરવ કરવું જોઈએ.

વાક્યપદીય તૃતીય કાંડના 'સાધનસમુદ્દેશ'માં કર્મકારક અંગે જુદા જુદા કર્મભેદોની જે ચર્ચા કરવામાં આવી છે તેને અહીં સોદાહરણ રજૂ કરવામાં આવે છે.

પદાર્થમાં રહેલા ક્રિયાનિષ્પત્તિના સામર્થ્યને સાધન કહે છે : क्रियाणामभिनि-ष्पत्तौ सामर्थ्यं साधनं विदुः । (वा.प. ३.७.१) અર્થાત્ દ્રવ્ય તે સાધન નથી. પરંતુ તેમાં રહેલી શક્તિ તે ભર્તૃહરિના મતે 'સાધન' છે. બીજી તરફ, મહા-ભાષ્યકાર પતંજલિ द्रव्यं क्रियाभिनिर्वृत्तिं प्रति साधनभावमुपैति । (महा.भा.पा. ३.१.६७) અને હેલારાજ शक्तं हि द्रव्यं साधनं न तु निराधारा शक्तिः संभवति। (प्रकीर्णप्रकाश ३.७.१) એમ કહીને દ્રવ્યને સાધન કહે છે. આમ शक्तिः कारकम् અને शक्तिमत् कारकम् એવા બે પક્ષો જોવા મળે છે.

ઘટાદિ ભાવોમાં ઉદાહરણાદિ કાર્યસાધક શક્તિઓનો સમૂહ રહેલો છે. પરંતુ તેમાંની કોઈ એકાદ શક્તિ ક્યારેક ઉદ્‌ભૂત થતાં તે વિવક્ષિત બને છે :

शक्तिमात्रासमूहस्य विश्वस्यानेकधर्मणः ।
सर्वदा सर्वथा भावात् क्वचित् किञ्चिद् विवक्ष्यते ॥ — वा.प. ३.७.२

જેમકે, घटं पश्य, घटेनोदकमानय, घटे उदकं निधेहि । વગેરે. આમ પદાર્થમાંની જે જે શક્તિ ઉદ્‌ભૂત થાય છે તે મુજબ તેનો કર્મ-કરણાદિ વ્યવહાર સિદ્ધ થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભર્તૃહરિ કર્મના ત્રણ પ્રધાન ભેદ દર્શાવે છે : (૧) નિર્વર્ત્ય, (૨) વિકાર્ય અને (૩) પ્રાપ્ય. આ ત્રણ ભેદ ઈપ્સિતતમ કર્મના છે.

નિર્વર્ત્ય કર્મમાં પ્રકૃતિનો અપ્રયોગ હોય છે. અર્થાત્ જેમાંથી કાર્યની ઉત્પત્તિ થાય છે તે ઉપાદાનકારણ પ્રકૃતિનો વાક્યમાં અપ્રયોગ હોય છે. જેમકે, घटं करोति । ओदनं पचति । અથવા તો ક્યારેક જો તેનો નિર્દેશ વાક્યમાં હોય તો તે ભેદપૂર્વક આશ્રિત રહે છે. જેમ કે मृदा घटं करोति । અર્થાત્ मृदं घटं करोतिમાં જેવી રીતે નિર્વર્ત્યમાન ઘટાદિની પ્રકૃતિ મૃદાદિ અભેદથી આશ્રિત છે. તેમ मृदा घटं करोति । તે વાક્યમાં નથી. આમ નિર્વર્ત્ય કર્મમાં પ્રકૃતિનો અપ્રયોગ રહે છે. અથવા નિર્વર્ત્યમાન પદાર્થની પ્રકૃતિની સાથે ભેદની વિવક્ષા હોય છે.

બીજા પ્રકારના વિકાર્ય કર્મમાં પ્રકૃતિનો પ્રયોગ અર્થાત્ વિવક્ષા હોય છે. ભર્તૃહરિ કહે છે : પ્રકૃતિની વિવક્ષામાં વિકાર્ય કર્મ બને છે. प्रकृतेस्तु विवक्षायां विकार्यम् । (वा. प. ३. ७. ४८) પ્રકૃતિની અર્થાત્ કારણની પરિણામી તરીકે જ્યારે (અભેદપૂર્વક) વિવક્ષા કરવામાં આવે છે ત્યારે તેને વિકાર્ય કર્મ કહે છે. જેમ કે, मृदं घटं करोति । काशान् कटं करोति । अङ्गारान् भस्म करोति । વગેરે.

ભર્તૃહરિ વિકાર્ય કર્મને સૂક્ષ્મતાથી તપાસી તેના બે ભેદ બતાવે છે. काष्ठानि भस्म करोति । काण्डानि लुनाति । चर्म करोति । વગેરે ઉદાહરણોમાં પરિણામ પામતી પ્રકૃતિની અભેદથી વિવક્ષા કરવામાં આવી છે. પરંતુ તેમાં પ્રકૃતિનો નાશ થાય છે. જ્યારે બીજાં કેટલાંક એવાં વિકાર્યકર્મનાં ઉદાહરણ છે કે જેમાં પરિણામ પામતી પ્રકૃતિની અભેદપૂર્વક વિવક્ષા કરી હોય છતાંય તેમાં પ્રકૃતિનો ઉચ્છેદ ન થતો હોય, પરંતુ માત્ર તે ગુણાન્તરને જ પામતી હોય. જેમ કે सुवर्णं कुण्डले भवतः । આમ વિકાર્ય કર્મને પ્રકૃત્યુચ્છેદજ અને ગુણાન્તરોત્પત્તિપ્રાપ્ય એમ બે પ્રકારે સમજવું.

આમ બે પ્રકારના કર્મ ઉપરાંત એક ત્રીજું પ્રધાનકર્મ પણ ભર્તૃહરિ ગણાવે છે; તે છે 'પ્રાપ્યકર્મ'. આ પ્રકારના કર્મમાં 'ક્રિયાકૃત વિશેષ'ની સિદ્ધિ અર્થાત્ પ્રાપ્તિ થતી નથી.

क्रियाकृतविशेषाणां सिद्धिर्यत्र न गम्यते ।
दर्शनादनुमानाद्वा तत्प्राप्यमिति कथ्यते ॥ – वा.प. ३.७.५१

જેમકે, आदित्यं पश्यति । नगरमुपसर्पति । वेदमधीते । અહીં કર્તાની જોવાની ક્રિયાથી આદિત્યમાં કોઈ ફેરફાર કે વિકાર થતો નથી. અહીં ક્રિયાકૃત વિશેષથી પ્રકૃતિનો નાશ કે પરિણામ પ્રત્યક્ષ જોવા મળતાં નથી. કર્તાને માટે ક્રિયા કરવા જે ઈપ્સિતતમ હોઈ પ્રાપ્ય બને છે, તેને 'પ્રાપ્યકર્મ' કહે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પાણિનિના कर्तुरीप्सिततमं कर्म । (१-४-४९) સૂત્રથી આ ત્રણેય પ્રકારના કર્મનું ગ્રહણ થાય છે.

ભર્તૃહરિ બીજા ચાર પ્રકારનાં કર્મ ગણાવે છે. કર્તાને કેટલાંક કર્મ અનીપ્સિત હોય છે, તો કેટલાંક કર્મને વિષે તે ઉદાસીન હોય છે : औदासीन्येन यत्प्राप्य तच्च कर्तुरनीप्सितम् । (वा.प., ३.७.४६) विषं भुङ्क्ते । चोरं पश्यति । જેવાં ઉદાહરણોમાં કર્તાને માટે વિષ—ચોરાદિ દ્વેષ્ય હોઈ અનીપ્સિત કર્મ છે, જ્યારે ग्रामं गच्छन् तृणं स्पृशति । જેવા ઉદાહરણમાં તૃણાદિ કર્મ કર્તાને માટે ઔદાસીન્યપૂર્વક પ્રાપ્ય બને છે. આ બન્ને પ્રકારનાં કર્મનો સમાવેશ પાણિનિના तथायुक्तं चानीप्सितम्। (१-४-५०) સૂત્રથી થાય છે.

વળી, કેટલાંક કર્મ એવાં છે કે જે સંજ્ઞાન્તરથી અનાખ્યાત કારકો હોય છે. તો વળી બીજાં, પૂર્વે અન્ય કારકવાળાં કર્મો પણ મળે છે : संज्ञान्तरैरनाख्यातं यद्यच्चाप्यन्यपूर्वकम् । (वा. पा. ३. ७. ४६)

बलिं भिक्षते वसुधाम् । જેવાં ઉદાહરણમાં बलि તે 'અપાદાન' એવી સંજ્ઞાથી કહેવાયેલ નહિ હોવા છતાં તે ક્રિયામાં નિમિત્ત છે. તેથી તે કર્મસંજ્ઞક બને છે. તેનો ઉલ્લેખ अकथितञ्च । (१-४-२१) સૂત્રથી કરવામાં આવ્યો છે.

देवदत्तमभिक्रुध्यति अभिद्रुह्यति वा । જેવાં ઉદાહરણોમાં कुधद्रुहेर्ष्यासूयार्थानां यं प्रति कोपः (१-४-३७) સૂત્રથી, જેના ઉપર ક્રોધ કરવામાં આવે તે કારકની સંપ્રદાન સંજ્ઞા થતી હોવા છતાં પણ क्रुधद्रुहोरूपसृष्टयोः कर्म । (१-४-३८) સૂત્રથી તે કર્મકારક સંજ્ઞાવાળા બને છે. તે જ પ્રમાણે अक्षान् दीव्यति । (સોગટાથી જુગાર રમે છે.) જેવા ઉદાહરણમાં જે કારક પૂર્વે સાધકતમ હોઈ કરણકારક હતું તે પાછળથી કર્મસંજ્ઞક બને છે, તેનો નિર્દેશ પાણિનિએ दिवः कर्म च । (१-४-४४)થી કર્યો છે. આ ચોથા પ્રકારના કર્મમાં તો બીજાં અનેક ઉદાહરણો સમાવિષ્ટ થશે. જેમકે, गमयति देवदत्तम् । वैकुण्ठमध्यास्ते । વગેરે.

આમ કર્મના વિવિધ પ્રકારોની ચર્ચા કર્યા પછી હેલારાજ જણાવે છે કે કર્મ દ્વિવિધ છે : એક અંતરંગ અને બીજું બહિરંગ. દ્રવ્યકર્મને અંતરંગ જાણવું અને કાલાદિ લક્ષણવાળા કર્મને બહિરંગ જાણવું.

ભર્તૃહરિ ગૌણ અર્થાત્ બહિરંગ પ્રકારના કર્મની ચર્ચા કરતાં કહે છે કે અન્તર્ભૂત ક્રિયાન્તર વડે બધા અકર્મક ધાતુઓના યોગમાં કાલ-અધ્વાદિનું કર્મત્વ સિદ્ધ રહે છે –

कालभावाध्वदेशानामन्तर्भूतक्रियान्तरैः ।
सर्वैरकर्मकैर्योगे कर्मत्वमुपजायते ॥ – वा.प. ३.७.६७

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અર્થાત્ मासमास्ते જેવા ઉદાહરણમાં अभिव्याप्यादि જેવા કોઈ ક્રિયાન્તરનો અધ્યાહાર કરી લેતાં કાલનું કર્મત્વ સિદ્ધ બની રહે છે.

ભર્તૃહરિ કર્મની આ પ્રકારની ચર્ચામાં બીજા બે-ત્રણ નોંધનીય મુદ્દા ઉમેરે છે:

(૧) मासमास्ते । જેવા ઉદાહરણમાં अभिव्याप्यादि ક્રિયાન્તરનો અધ્યાહાર કરતાં, તેવા સ્થળે 'વ્યાપવાની' ક્રિયામાં જે ઈપ્સિતતમ કાલાદિ, તેની કર્મસંજ્ઞા તો कर्तुरीप्सिततमं कर्म (૧-૪-૪૯) સૂત્રથી જ પ્રાપ્ત થશે. તેને માટે कालभावाध्वगन्तव्याः कर्मसंज्ञा ह्यकर्मकाणाम् देशश्च । જેવાં વાર્તિક કરવાની જરૂર રહેતી નથી.

(૨) કાલાદિ ગૌણકર્મ હોઈ ભિન્ન કક્ષાનાં કર્મ છે અને તેઓ મુખ્ય કર્તૃવ્યાપારના આધારરૂપે રજૂ થાય છે :

आधारत्वमिव प्राप्तास्ते पुनर्द्रव्यकर्मसु ।
कालादयो भिन्नकक्ष्यं यान्ति कर्मत्वमुत्तरम् ॥ — वा.प. ३.७.६८

(૩) કાલાદિ તત્ત્વોનું કર્મત્વ વાર્તિકકારના કહેવા મુજબ માત્ર અકર્મક ધાતુના યોગમાં જ નથી રહેતું, તે સકર્મક ધાતુના યોગમાં પણ કર્મત્વ ધરાવે છે.

ભર્તૃહરિ આમ કર્મની વિગતે ચર્ચા પૂરી કર્યા પછી સૂક્ષ્મેક્ષિકાથી કર્મત્વનો અભ્યાસ કરી સિદ્ધાન્ત વિચાર રજૂ કરે છે.

જેવી રીતે શાસ્ત્રમાં અપાદાન એક જ હોવા છતાં ભેદપૂર્વક અનેક રૂપે દર્શાવ્યું છે તેમ કર્મ પણ એક જ હોવા છતાંય ભેદપૂર્વક તેને પ્રતિપાદિત કર્યું છે.

यथैवैकमपादानं शास्त्रे भेदेन दर्शितम् ।
तथैकमेव कर्मापि भेदेन प्रतिपादितम् ॥ — वा.प. ३.७.५८

અર્થાત્ ઉપર્યુક્ત કર્મના સાત પ્રકાર કે અન્તરંગ-બહિરંગ કર્મ જેવું કંઈ નથી. બધા જ પ્રકારમાં કર્મ कर्तुरीप्सिततमं कर्म । (૧-૪-૪૯) એવા એક જ સૂત્રથી ઉક્ત બને છે. પરંતુ માત્ર સ્પષ્ટ પ્રતિપત્યર્થે (અબુધ બોધનાર્થ) જ ઉત્તર-ઉત્તર સૂત્રોનો પ્રપંચ કરવામાં આવ્યો છે. ભર્તૃહરિનો તો આદર્શ છે કે —

शास्त्रेषु प्रक्रियाभेदैरविद्यैवोपवर्ण्यते ।
समारम्भस्तु भावानामनादिब्रह्म शाश्वतम् ॥ — वा.प. २-२३३

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલા-૧૧

'પસ્પશાહ્નિક'નો વિવેચનાત્મક અભ્યાસ

પતંજલિકૃત 'વ્યાકરણ મહાભાષ્ય'ના પ્રથમ આહ્નિકનું નામ 'પસ્પશાહ્નિક' છે. આ આહ્નિકમાં દશેક જેટલા વિષયોની ચર્ચા કરવામાં આવી છે. જેમ કે, (૧) બે પ્રકારના શબ્દોનું અનુશાસન, (૨) 'શબ્દ'નું લક્ષણ (૩) (ક) શબ્દાનુશાસનનું મુખ્ય પ્રયોજન, (ખ) ગૌણ પ્રયોજનો, (૪) શબ્દાનુશાસન રચવાની પદ્ધતિ, (૫) પદાર્થ શું છે ? (૬) શબ્દ નિત્ય છે કે અનિત્ય ? પાણિનિનું વ્યાકરણ કઈ માન્યતા ઉપર રચાયું છે ? (૭) લોકમાં અપ્રયુક્ત શબ્દો વિશે વ્યાકરણનો / વૈયાકરણોનો અભિગમ, (૮) સાધુ શબ્દોના જ્ઞાનમાં ધર્મોત્પત્તિ થાય છે કે પ્રયોગમાં ? (૯) 'વ્યાકરણ' એવા શબ્દનો શો અર્થ ? અને (૧૦) વર્ણોનો ઉપદેશ કરવાનાં પ્રયોજનો. પ્રસ્તુત લેખમાં, આ બધા જ વિષયોનું વિવરણ રજૂ કરીને, તેની સમીક્ષા કરીશું.

[૧]

બે પ્રકારના શબ્દોનું અનુશાસન

પતંજલિકૃત 'વ્યાકરણ મહાભાષ્ય'નું પ્રથમ વાક્ય છે : अथ शब्दानुशासनम्।' 'હવે શબ્દોનું અનુશાસન શરૂ કરવામાં આવે છે.[૧] (શબ્દાનુશાસન એટલે શબ્દ શિક્ષણ નામનું શાસ્ત્ર.) અહીં ૧. લૌકિક અને ૨. વૈદિક શબ્દોનું અનુશાસન રજૂ કરવાનું છે. 'લૌકિક એટલે લોકમાં પ્રસિદ્ધ એવા સાધુ શબ્દો (દા. ત. गौः । अश्वः। पुरुषः । हस्ती । शकुनिः । मृगः । ब्राह्मणः । વગેરે)નું,[૨] તથા 'વૈદિક' એટલે વેદમાં પ્રાપ્ત થતા शन्नो देवीरभिष्टये० । (अ०सं० १-१-१),[૩] इषे त्वोर्ज्जे त्वा० । (तै०सं० १-१-१-१), अग्निमीळे पुरोहितम्० । (ऋ०सं०

૧. કેટલાક વૈયાકરણોના મતે આ વાક્ય પતંજલિનું નથી. પરંતુ સૂત્રકાર પાણિનિની. અષ્ટાધ્યાયીનું તે પ્રથમ સૂત્ર છે. બીજા કેટલાક તેને કાત્યાયનનું પ્રથમ વાર્તિક પણ ગણે છે. પરંતુ આ બંને મત સ્વીકાર્ય બની શકે એમ નથી. કારણ કે પતંજલિએ જ वृद्धिरादैच् । ૨-૧-૧ સૂત્રસ્થ અને सिद्धे शब्दार्थसम्बन्धे । વાર્તિકસ્થ वृद्धि અને सिद्ध શબ્દોને, તે તે આચાર્યોની કૃતિના પ્રારંભિક મંગલવાચક શબ્દો ગણાવ્યા છે.

૨. લોકમાં તો અસાધુ – અપભ્રંશ શબ્દો પણ પ્રચલિત છે, પરંતુ અહીં તેમનું અનુશાસન કરવું અભીષ્ટ નથી.

૩. વૈદિક શબ્દોના ઉદાહરણ તરીકે પતંજલિએ દરેક વેદનો પ્રથમ મન્ત્ર ઉદ્ધૃત કર્યો છે. તેમાં સૌથી પહેલાં અથર્વવેદની પિપ્પલાદ શાખાનો મન્ત્ર ઉદ્ધૃત કર્યો છે. તેથી અનુમાન થાય છે કે સંભવતઃ પતંજલિ પિપ્પલાદ શાખાના અથર્વવેદી બ્રાહ્મણ હશે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

१-१-१), अग्न आयाहि वीतय० । सा०सं० १-१-१) જેવા શબ્દોનું અનુશાસન કરવામાં આવ્યું છે.

આ ચર્ચા દ્વારા પતંજલિએ એ સ્પષ્ટ કર્યું છે કે, પાણિનિએ અષ્ટાધ્યાયીમાં વૈદિક (સંસ્કૃત) ભાષાનું અને પ્રશિષ્ટ સંસ્કૃત ભાષાનું સંયુક્ત વ્યાકરણ રજૂ કર્યું છે. આમ તેમણે ભાષ્યારંભે પાણિનીય વ્યાકરણનો જે પ્રતિપાદ્ય વિષય છે, તેનો નિર્દેશ કરીને અનુબન્ધચતુષ્ટયમાંથી પ્રથમ અનુબન્ધને સ્પષ્ટ કરી આપ્યો છે. [અહીં ઉપર્યુક્ત બે પ્રકારના શબ્દોનો જિજ્ઞાસુ વ્યક્તિ આ શાસ્ત્રનો અધિકારી છે. (તે બીજો અનુબન્ધ થયો.) અષ્ટાધ્યાયી ગ્રન્થ અને બે પ્રકારના શબ્દોની વચ્ચે પ્રતિપાદ્ય- પ્રતિપાદક ભાવ રૂપ સંબંધ છે, તે ત્રીજો અનુબન્ધ છે. પ્રયોજન-નિર્દેશ રૂપ ચોથા અનુબન્ધની ચર્ચા આગળ ઉપર, સ્વતંત્ર રીતે કરવામાં આવી છે.)

[૨]

'શબ્દ'નું લક્ષણ (= સ્વરૂપ)

સામાન્ય રીતે લોકમાં 'અર્થબોધક વર્ણાત્મક ધ્વનિને 'શબ્દ' કહેવામાં આવે છે. પરંતુ સૂક્ષ્મતાથી વિચારતાં જણાય છે કે 'શબ્દ એટલે શું ? શબ્દનું સ્વરૂપ શું છે ?' એ પ્રશ્નનો જવાબ એટલો સરળ નથી. કારણ કે લોકમાં શબ્દ અને અર્થ (વસ્તુ)નો અભેદ કરીને વાગ્વ્યવહાર ચાલે છે. गौः (ગાય) એવો શબ્દ ઉચ્ચારવામાં આવે છે ત્યારે, શ્રોતાના મનમાં એકીસાથે નીચે મુજબના અર્થો / વિભાવો ઊભા થાય છે. ૧. ગળાની ગોદડી, પૂચ્છ, શીંગડા, ખૂંધ, આંચળવાળી કોઈ એક ગાય-વ્યક્તિ, ૨. તે ગાયની ચેષ્ટાઓ (ગતિવિધિઓ), ૩. તે ગાયનો ધોળો / કાળો / લાલ / કાબરચીતરો રંગ, ૪. તે ગાયનો (જાડી / પાતળી / લાંબી વગેરે) આકાર અને ૫. ग् औ स् એવી ધ્વનિશ્રેણી = વર્ણોની હારમાળા. આ બધામાંથી 'શબ્દ' કોને કહેવો ? અથવા આ બધામાંથી શબ્દ એટલે શું ? એ પ્રશ્નનો જવાબ મેળવવો મુશ્કેલ છે. આ જ વાતને ટૂંકમાં કહેવી હોય તો – શબ્દોચ્ચારથી જે વ્યક્તિ / વસ્તુનો (= દ્રવ્યનો) બોધ થાય છે, તે (દ્રવ્ય) માં જાતિ, ગુણ અને ક્રિયા પણ અભિન્નતયા—અભેદથી પ્રતીત થાય છે. આથી પ્રશ્ન થાય છે કે શું દ્રવ્ય (વ્યક્તિ)ની સાથે જાતિ, ગુણ અને ક્રિયાને પણ 'શબ્દ' કહેવાય ?

પતંજલિએ આ શંકાને દૂર કરતાં કહ્યું છે કે 'શબ્દ'નો ઉચ્ચાર કરવાથી જે વ્યક્તિ (= દ્રવ્ય)નો, જાતિનો, ક્રિયાનો કે ગુણનો બોધ થાય છે તેમાંથી એકેયને શબ્દ કહેવાય નહીં. તો શબ્દ કોને કહેવાય ? એ પ્રશ્નનો જવાબ આપવાનો બાકી રહે છે.

આથી પતંજલિ શબ્દની બે વ્યાખ્યાઓ / લક્ષણો રજૂ કરે છે : (क) येन उच्चारितेन सास्ना-लाङ्गूल-ककुद-खुर-विषाणिनां सम्प्रत्ययो भवति स

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

शब्दः ॥ અર્થાત્ "જે (વર્ણાત્મક ધ્વનિ)ના ઉચ્ચાર થકી ગળાની ગોદડી, પૂંછડી, ખૂંધ, ખરી અને શિંગડાંવાળીનો બોધ (सम्प्रत्यय = જ્ઞાન) થાય છે તેને (તે સાર્થક ધ્વનિને) શબ્દ કહેવાય છે." આમ પતંજલિની પહેલી વ્યાખ્યા અનુસાર 'સાર્થક ધ્વનિ–meaningful soundને શબ્દ કહેવાય."

પહેલી વ્યાખ્યાના વિરોધમાં, પતંજલિએ શબ્દની બીજી વ્યાખ્યા પણ આપી છે : (ख) अथवा-प्रतीतपदार्थको[1] लोके ध्वनिः शब्दः इति उच्यते । तस्माद् ध्वनिः शब्दः । આ વ્યાખ્યા મુજબ – "(સાર્થક કે) અનર્થક વર્ણરૂપ ધ્વનિસમૂહને પણ શબ્દ કહેવામાં આવે છે." દા.ત. લોકમાં કોઈક કોઈકને કહેતું હોય છે કે शब्दं कुरु । मा शब्दं कार्षीः । 'તું અવાજ કર', કે 'તું (નિરર્થક) (શબ્દ =) અવાજ ન કરીશ.' આમ બીજી વ્યાખ્યા મુજબ નિરર્થક ધ્વનિ પણ શબ્દ કહેવાય છે.

પતંજલિએ શબ્દ નું સ્વરૂપ સ્પષ્ટ કરવા માટ–શબ્દનું લક્ષણ બાંધવા માટે – ઉપરની ચર્ચામાં બે વ્યાખ્યાઓ આપી છે. આને સમજાવવા જે પ્રાચીન અને અર્વાચીન પ્રયત્નો થયા છે, તેનો પરિચય કરી લઈશું :

કૈયટ અને નાગેશનો મત : ભર્તૃહરિ પછી થયેલા ટીકાકારોએ, પતંજલિએ આપેલી શબ્દની પૂર્વોક્ત (क) વ્યાખ્યામાં સ્ફોટ સિદ્ધાન્તને વાંચવાનો પ્રયત્ન કર્યો છે. જેમ કે,

૨. જે "નિત્ય એવું શબ્દ તત્ત્વ (=સ્ફોટ વ્યંગ્ય બને છે.	૩. જે સ્ફોટ[2] અભિવ્યક્ત થાય છે.= વ્યંજિત થાય છે. તેમાંથી
↑	↓
૧. ઉચ્ચરિત શબ્દ (ધ્વનિશ્રેણી) = વ્યંજકથી (ઉચ્ચારાયા પછી તરત નાશ પામનાર) ધ્વનિથી	૪. અર્થ (meaning) શ્રોતાને અર્થબોધ થાય છે.

ભર્તૃહરિ એ (કેટલાકના મતે ભર્તૃહરિ પછી) વૈયાકરણોએ શબ્દને એક નિત્યતત્ત્વ (શબ્દબ્રહ્મ) માન્યું છે. આવું નિત્ય શબ્દતત્ત્વ (ઉચ્ચરિત) ધ્વનિઓથી અભિવ્યક્ત થાય છે / અભિવ્યંજિત થાય છે. वर्णैः = ध्वनिभिः यः स्फुट्यते स स्फोटः । આમ એક વાર અભિવ્યક્ત / અભિવ્યંજિત થયેલું શબ્દતત્ત્વ તે

૧. प्रतीतपदार्थकः એવો સામાસિક શબ્દ સમજાવવો મુશ્કેલ છે. प्रतीतः पदार्थः । એવો કર્મધારક સમાસ માનીને, તેને સ્વાર્થે क પ્રત્યય લાગ્યો છે એમ કેટલાક ટીકાકારો કહે છે. પરંતુ એનો અર્થ અહીં બંધબેસતો જણાતો નથી.

૨. स्फुटति अर्थः अस्माद् इति स्फोटः । એવી વ્યુત્પત્તિ અનુસાર "જેમાંથી અર્થનો સ્ફોટ (= બોધ) થાય, તેને (તે નિત્ય શબ્દતત્ત્વને) સ્ફોટઃ કહે છે."

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અર્થનો બોધ કરાવે છે. આમ, (स्फुटति अर्थोऽस्माद् इति । એ વ્યુત્પત્તિ અનુસાર) આ નિત્ય એવા શબ્દતત્ત્વમાંથી અર્થબોધ થતો હોઈને, તેને / તે નિત્ય શબ્દતત્ત્વને "સ્ફોટ" કહે.છે.

કૈયટ અને નાગેશના મતે, 'પતંજલિએ શબ્દ ના પ્રથમ લક્ષણમાં આ નિત્ય એવા શબ્દતત્ત્વની – સ્ફોટની વ્યાખ્યા આપી છે" એમ માન્યું છે. આથી येनोच्चारितेन सास्नालाङ्गूल-ककुद-खुर-विषाणिनां सम्प्रत्ययो भवति स शब्दः । એ વાક્યનો અનુવાદ આ પ્રમાણે કરવો પડે છે :

"ઉચ્ચરિત ધ્વનિઓથી જે અભિવ્યક્ત થઈને, ગલકમ્બલ, પૂંછડી, ખૂંધ, ખરી અને શીંગડાંવાળા ગો વ્યક્તિનો (અર્થ)બોધ કરાવે છે, તે (નિત્ય એવો સ્ફોટ નામનો) શબ્દ છે."

અહીં નાગેશે 'उच्चारितेन' નો અર્થ (शारीरमारुताभिहत-कण्ठादिस्थानैः अवयवद्वारा) अभिव्यक्तेन येन એવો કર્યો છે. [અર્થાત્ ઉચ્છ્વાસ રૂપે બહાર નીકળેલી હવાનો કંઠ, તાલુ વગેરે સ્થાનોમાં અભિઘાત થવાથી જન્મેલા ધ્વનિઓથી જે ('સ્ફોટ' નામનું નિત્યતત્ત્વ) અભિવ્યક્ત થાય છે; તેનાથી શિંગડાં, ખૂંધ, ખરી વગેરે વાળા ગો વ્યક્તિનો બોધ (સમ્પ્રત્યય - જ્ઞાન) થાય છે. તેને (= તે સ્ફોટને) શબ્દ કહે છે.)[૧]

પતંજલિએ આપેલી શબ્દ ની બીજી વ્યાખ્યાને સમજાવતાં કૈયટ અને નાગેશ કહે છે કે अन्यत्र ध्वनिस्फोटयोः भेदस्य व्यवस्थापितत्वाद् इह अभेदेन व्यवहारेऽपि न दोषः, द्रव्यादयो न शब्द-शब्दवाच्या इत्यत्र तात्पर्यात् । (प्रदीपः)

એટલે કે "અન્યત્ર (= तपरस्तत्कालस्य । સૂત્ર ઉપરના ભાષ્યમાં) ધ્વનિ અને સ્ફોટ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી આપ્યો હોઈને, અહીં (ભાષ્યારમ્ભે) ધ્વનિ અને સ્ફોટને અભિન્ન માનીને વ્યવહાર કરવામાં પણ કશો દોષ નથી (એવું માનીને શબ્દ ની ઉપર્યુક્ત બીજી વ્યાખ્યા આપી છે.) અહીં તો (= શબ્દ ની ઉપર્યુક્ત બીજી વ્યાખ્યા આપતી વખતે) દ્રવ્ય એ શબ્દ નથી, જાતિ એ શબ્દ નથી, ગુણ એ શબ્દ નથી, ક્રિયા એ શબ્દ નથી, (અર્થાત્ 'શબ્દ' એવા શબ્દથી દ્રવ્યાદિ (પદાર્થો) વાચ્ય નથી) એવું જ સૂચવવાનો ભાષ્યકારનો આશય છે."

---

૧. કૈયટ કહે છે કે વૈયાકરણો 'વર્ણ(ધ્વનિ)થી વ્યતિરિક્ત એવા પદ કે વાક્યમાં વાચકત્વ રહેલું છે" એમ માને છે. આવો વર્ણથી વ્યતિરિક્ત અને નાદ (ધ્વનિ) થી અભિવ્યક્ત થતો જે 'સ્ફોટ' નામનો શબ્દ છે, તે જ ખરો અર્થનો વાચક છે. અહીં શબ્દ ની, પતંજલિએ આપેલી વ્યાખ્યામાં આવા 'અર્થના વાચક' એવા સ્ફોટની જ વાત કરવામાં આવી છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નાગેશ આ મુદ્દાને વધારે સ્પષ્ટ કરતાં કહે છે કે लोके व्यवहर्तृषु पदार्थ-बोधकत्वेन प्रसिद्ध, श्रोत्रेन्द्रियग्राह्यत्वाद् वर्णरूपध्वनिसमूह एव शब्द इत्यर्थः। तस्य अर्थबोधकताऽपि अविचारितरमणीयस्य एव लोके सिद्धा तादृशस्य एव शास्त्रेण अन्वाख्यानम् इति तात्पर्यम् (उद्द्योतः)

અર્થાત્ – લોકમાં (વાગ્) વ્યવહાર કરનારાઓની વચ્ચે પદાર્થનો બોધ કરાવનાર રૂપે જે પ્રસિદ્ધ છે, અને કર્ણેન્દ્રિયથી ગ્રહણ થતો હોવાને કારણે જે વર્ણ રૂપ ધ્વનિસમૂહ (ધ્વનિશ્રેણી) છે તેને જ શબ્દ કહેવામાં આવે છે. આવો વર્ણાત્મક ધ્વનિ જ (મધ્યમાવસ્થામાં રહેલા નિત્ય સ્ફોટ રૂપ શબ્દને અભિવ્યક્ત કર્યા વિના, સીધો જ) અર્થબોધ કરાવે છે એવું વગર વિચારે જેમણે લોકમાં માની લીધું છે (તેમને માટે આ બીજી વ્યાખ્યા આપવામાં આવી છે); અને તેવા (અજ્ઞાની) ઓને માટે જ, અથવા વર્ણાત્મક ધ્વનિ રૂપ શબ્દોનું જ શાસ્ત્રથી અન્વાખ્યાન (= અનુશાસન) રજૂ કરવામાં આવી કહ્યું છે."

આમ, પતંજલિએ આપેલા શબ્દના બીજા લક્ષણમાં, કૈયટ, નાગેશાદિ પ્રાચીન ટીકાકારોના મતે ધ્વનિ અને સ્ફોટને ખોટેખોટા (કૃતકતયા) અભિન્ન માની લઈને; વર્ણાત્મક ધ્વનિસમૂહને શબ્દ કહ્યો છે. (કૈયટાદિના મતે આ બીજા લક્ષણમાં પણ શબ્દ 'અર્થ નો વાચક' તો છે જ.)

અર્વાચીન વ્યાખ્યાકારોમાં મૂર્ધન્ય સ્થાન ભોગવતા ડૉ. એસ. ડી. જોશી (યુનિ. ઑફ પૂના) પતંજલિની ઉપર્યુક્ત શબ્દ વિષયક ચર્ચાને સમજાવતાં લખે છે કે મહાભાષ્યના આરંભે પતંજલિએ શબ્દ ની બે વૈકલ્પિક વ્યાખ્યાઓ આપી છે. તેમાં પહેલી વ્યાખ્યા મુજબ શબ્દ એટલે "સાર્થક ધ્વનિ એકમ" (Meaning segment) અને બીજી વ્યાખ્યા મુજબ "સાર્થક અથવા નિરર્થક અવાજ (= ધ્વનિ) ને 'શબ્દ' કહી શકાય." આમ પતંજલિ શબ્દના બંને પાસાં / બંને બાજુઓને બરાબર જાણે છે. જેમ કે શબ્દની એક બાજુએ 'અવાજ' (Sound) છે; અને બીજી બાજુએ અર્થ (Content) છે. જ્યારે 'શબ્દ' ઉચ્ચારાય છે ત્યારે તેનો 'અવાજ' સંભળાય છે અને 'અર્થ' પ્રકટ થાય છે. આથી પતંજલિ પહેલી વ્યાખ્યામાં શબ્દને 'સાર્થક ધ્વનિ' (meaningful sound) રૂપે વ્યાખ્યાત કરે છે.

ત્યાર પછી, પહેલી વ્યાખ્યાના વિરોધમાં પતંજલિ 'શબ્દ'ની બીજી એક વ્યાખ્યા આપે છે; કે જે વ્યાખ્યા સામાન્ય જનસમૂહમાં પ્રચલિત છે. "(નિરર્થક) ધ્વનિને પણ શબ્દ કહે છે." આ વ્યાખ્યા મુજબ કોઈપણ ધ્વનિશ્રેણીને, (કે જે અનિવાર્યપણે અર્થબોધક ન પણ હોય, તેને) ય શબ્દ કહે છે. આવો શબ્દ તે 'કંઠ તાલ્વાદિ સ્થાનોમાંથી ઉચ્ચારાતો અવાજ' છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પતંજલિએ શબ્દની આવી બે પ્રકારની વ્યાખ્યા આપી છે, તેનું કારણ એ છે કે વ્યાકરણનાં સૂત્રો આવા બંને પ્રકારના શબ્દોને લાગુ પડે છે / શબ્દો ઉપર કામ કરે છે. જેમ કે, કેટલાંક સૂત્રો સાર્થક એકમો (પ્રકૃતિ-પ્રત્યયો) ઉપર પ્રવૃત્ત થાય છે. અને બીજાં કેટલાંક (સન્ધિ) સૂત્રો માત્ર ધ્વનિને (સ્વર વ્યંજનાત્મક ધ્વનિને) જ ધ્યાનમાં લઈને પ્રવૃત્ત થાય છે.[૧]

ડૉ. જોશીએ તેમના લખાણની પાદટીપ (૧૧)માં ઉમેર્યું છે કે કૈયટાદિના મતે બંને વ્યાખ્યાઓ મુજબ 'શબ્દ એટલે અર્થ-વાચક ધ્વનિ' એવો અર્થ થાય છે. પરંતુ આવાં અર્થઘટનમાંથી પતંજલિએ अथवा કહી એ શબ્દની જે વૈકલ્પિક વ્યાખ્યા આપી છે, તેનું કોઈ સ્વારસ્ય પ્રક્ટતું નથી. વળી प्रतीतपदार्थकः નું તેમણે (જોષીએ) કરેલું અર્થઘટન ભાષ્યમાં અન્યત્ર ત્રણવાર આવેલા प्रतीतपदार्थक શબ્દના તુલનાત્મક અભ્યાસથી પ્રમાણિત કરવામાં આવેલું છે. (See : A definition of a word, an interpretation BDCRI. Vol. XXV, pp. 65-70).

[3]

(क) 'શબ્દાનુશાસન'નું મુખ્ય પ્રયોજન

ભૂમિકા : સંસ્કૃત ભાષાનું 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ રચતાં પહેલાં પાણિનિએ વ્યાકરણાધ્યયનનું કોઈ પ્રયોજન બતાવ્યું / લખ્યું નથી. કારણ કે ब्राह्मणेन निष्कारणः षडङ्गो वेदोऽध्येयो ज्ञेयश्च । "જે બ્રાહ્મણ હોય તેણે, કોઈ ફળની અપેક્ષા રાખ્યા વિના છ વેદાંગો સહિત ચારેય વેદને કંઠસ્થ કરવા જોઈએ અને તેમના અર્થો પણ જાણવા જોઈએ." – એવી શ્રુતિ અનુસાર જે બ્રાહ્મણ હશે તે સંધ્યોપાસનાદિ કર્મની જેમ જ (નિત્યકર્મવત્) એક વેદાંગ તરીકે વ્યાકરણનો અભ્યાસ કરશે જ.

૧. કૈયટ અને નાગેશના પૂર્વોક્ત અર્થઘટન ઉપર ટીકા કરતાં ડૉ. એસ. ડી. જોશીએ આગળ ઉપર એમ પણ લખ્યું છે કે પ્રાચીન ટીકાકારોના મતે પ્રથમ વ્યાખ્યા 'સ્ફોટ'નો નિર્દેશ કરે છે. અને બીજી વ્યાખ્યામાં 'ધ્વનિ' અને 'સ્ફોટ' નો અભેદ કરવામાં આવ્યો છે. આમ આ કૈયટાદિ ટીકાકારોએ પતંજલિની ઉક્ત વ્યાખ્યાઓમાં પાછળના સમયમાં વિકસેલા સ્ફોટ સિદ્ધાન્તને વાંચવાનો/ ઓળખી બતાવવાનો પ્રયત્ન કર્યો છે. આ મુજબ, તેઓના મતે પહેલી વ્યાખ્યામાં "સાર્થક ધ્વનિ" એટલે કે સ્ફોટ 'શબ્દ'ને વર્ણવ્યો છે; પરંતુ પતંજલિએ પોતે ક્યાંય 'સ્ફોટ' એવો શબ્દ 'એક, અભિન્ન સાર્થક એકમ' એવા અર્થમાં વાપર્યો જ નથી. પતંજલિ જ્યારે 'સ્ફોટ' એવો શબ્દ વાપરે છે ત્યારે, ત્યાં તે એવા શબ્દ માટે વાપરે છે કે જે શબ્દનો અર્થ હોય પણ ખરો અને અર્થ ના પણ હોય. 'સાર્થક ધ્વનિ એ સ્ફોટ" એવો અર્થ પ્રકટ રૂપે કે અપ્રકટ રૂપે ક્યારેય પતંજલિના શબ્દોમાંથી નીકળતો નથી. "સાર્થક ધ્વનિને સ્ફોટ કહેવાય" એવો વિભાવ તો ઘણો પાછળથી વિકસેલો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બ્રાહ્મણે નિષ્કારણ (પ્રયોજનને લક્ષ્યમાં રાખ્યા વિના જ) વ્યાકરણ ભણવાનું છે. આથી સૂત્રકારે ઉત્તમાધિકારીને ધ્યાનમાં લેતાં પ્રયોજન-નિર્દેશ કરવાની જરૂર જ રહેતી નથી.

બીજી તરફ મધ્યમાધિકારીને ધ્યાનમાં રાખીને વાર્ત્તિકકારે શાસ્ત્રપૂર્વકે પ્રયોગે ધર્મઃ । "શાસ્ત્રજ્ઞાનપૂર્વક સાધુ શબ્દોનો પ્રયોગ કરવાથી ધર્મોત્પત્તિ-પુણ્યપ્રાપ્તિ થાય છે." એમ કહીને, વ્યાકરણાધ્યયનનું પ્રયોજન નિર્દેશ્યું છે. ત્રીજી તરફ, પતંજલિએ મન્દાધિકારીઓને ધ્યાનમાં રાખીને આરંભે જ કહ્યું છે કે અથ શબ્દાનુ-શાસનમ્ । આ વાક્યથી પ્રતિપાદ્ય વિષયનો નિર્દેશ થવાની / કરવાની સાથે જ વ્યાકરણાધ્યયનનું સાક્ષાત્ પ્રયોજન પણ કહેવાઈ ગયું છે.

હવે, "વ્યાકરણના—શબ્દાનુશાસનનાં કયાં પ્રયોજનો છે ?" એવો પ્રશ્ન કરીને, તેનો જવાબ ચર્ચવામાં આવે છે : रक्षा-ऊह-आगम-लघु-असंदेहाः-प्रयोजनम् ।[1]

આ પાંચેય મળીને વ્યાકરણાધ્યયનનું એક મુખ્ય પ્રયોજન બને છે. આ પ્રયોજનને ક્રમશઃ આ પ્રમાણે સમજાવી શકાય :

૧. વેદોની રક્ષા કરવા માટે વ્યાકરણ ભણવું જોઈએ. લોપ, આગમ, વર્ણવિકારાદિને જાણનારો (વૈયાકરણ) જ સમ્યક્તયા વેદનું પરિપાલન કરી શકે છે, માટે વ્યાકરણ ભણવું જોઈએ.

૨. ઊહ (તર્ક, વિભક્તિ, વિપરિણામ) કરતાં આવડે માટે વ્યાકરણ ભણવું જોઈએ. વેદની અંદર જે મન્ત્રો આવેલા છે, તે બધી વિભક્તિઓમાં અને બધાં લિંગોમાં ઉચ્ચારી નથી બતાવ્યા. આ સંજોગોમાં જે કોઈ વ્યક્તિ બીજા કોઈના યજ્ઞમાં ઋત્વિજ્ બનીને જાય છે તેણે જરૂર પ્રમાણે મંત્રોમાંનાં અમુક રૂપોમાં વિભક્તિ વિપરિણામાદિ કાર્યો કરી લેવાં પડે છે. દા. ત. વેદમાં એક મન્ત્ર છે : अग्नये त्वा जुष्टं निर्वपामीति । હવે બીજી તરફ એમ કહેવાયું છે કે सौर्यं चरु निर्वपेद् ब्रह्मवर्चसकामः । જેને બ્રહ્મવર્ચસ્ મેળવવાની કામના હોય તેણે સૂત્રને ઉદ્દેશીને હવિષાન્ન આપવું." આથી ઋત્વિજે अग्नये त्वा जुष्टं निर्वपामि । એ મન્ત્રમાં સમુચિત ફેરફાર કરીને सूर्याय त्वा जुष्टं निर्वपामीति । એ રીતે બોલવો પડશે. આવું ઊહ-કાર્ય(=વિભક્તિ વિપરિણામ)નું કામ અવૈયાકરણ કરી શકતો નથી.

---

૧. વૈયાકરણ પરંપરામાં અને 'વ્યાકરણ-મહાભાષ્ય'ના સંપાદક પ્રોફે. કીલહોર્ને આ વાક્યને ભાષ્યકારનું વાક્ય ગણ્યું છે. પરંતુ ડૉ. એસ.ડી. જોશી આ વાક્યમાંના પ્રયોજનમ્ એવા એકવચનાન્ત પ્રયોગને જોઈને કહે છે કે આ વાક્ય 'વાર્ત્તિક' છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩. આગમવાક્ય પણ છે કે વ્યાકરણ ભણવું જોઈએ. જેમ કે ब्राह्मणेन निष्कारणो धर्मः षडङ्गो वेदोऽध्येयो ज्ञेयश्च । હવે, છ વેદાંગ સહિત વેદ ભણવાની આજ્ઞા આપતા આ શ્રુતિવાક્યમાં જે છ વેદાંગોનો ઉલ્લેખ છે. તેમાં વ્યાકરણ વેદાંગ તો પ્રધાન છે. આવા પ્રધાન વેદાંગને વિષે જો કોઈએ યત્ન કર્યો હોય છે, તો તે નિષ્ફળ જતો નથી.

અહીં "ब्राह्मणेन निष्कारणः... એવા વાક્યમાં વ્યાકરણાધ્યયનનું કોઈ પ્રયોજન દર્શાવાયું નથી, પણ એ વાક્ય તો વ્યાકરણાધ્યયનનું પ્રયોજકવાક્ય છે / પ્રવર્તક-વાક્ય છે એમ સમજવાનું છે" એવું કૈયટે સ્પષ્ટ કર્યું છે.[1]

૪. લાઘવાર્થે વ્યાકરણ ભણવું જોઈએ. કારણ કે સ્મૃતિમાં કહ્યું છે કે ब्राह्मणेन अवश्यं शब्दाः ज्ञेयाः । 'બ્રાહ્મણે બધા (સાધુ) શબ્દો અવશ્ય જાણવા જોઈએ.' હવે વ્યાકરણ વિના, બીજો એકેય એવો ઉપાય નથી, કે જે લાઘવપૂર્વક બધા જ સાધુ શબ્દોનું જ્ઞાન કરાવી આપે.

અહીં પ્રશ્ન થાય કે વ્યાકરણ કેવી રીતે સાધુ-શબ્દોને જાણવાનો લાઘવયુક્ત માર્ગ પૂરો પાડે છે ? તો નાગેશ કહે છે કે લોકમાં વપરાતી ભાષાના તમામ શબ્દોને એક એક કરીને, વારાફરતી બધાને સમજાવવા બેસીએ તો (એટલે કે પ્રતિપદનો પાઠ કરીએ તો) ક્યારેય પાર ન આવે. પણ એને બદલે જો સાધુ- શબ્દોના પ્રકૃતિ-પ્રત્યયનું વર્ણન કરીએ તો ટૂંકમાં ભાષામાં વપરાતા બધા શબ્દોને આવરી લઈ શકાય. માટે વ્યાકરણથી જ લાઘવપૂર્વક બધા સાધુ-શબ્દો જાણી શકાય છે.[2]

૫. સંદેહની અપ્રાપ્તિ થાય એટલા માટે વ્યાકરણ ભણવું જોઈએ. (પતંજલિએ असंदेहार्थं च अध्येयं व्याकरणम् । એવું કહ્યું છે. અહીં असंदेहार्थम् । પદમાં नञ् (નિષેધાર્થક अ) નો અર્થ 'સંદેહની નિવૃત્તિ કરવા માટે (વ્યાકરણ ભણવું જોઈએ)' એવો કરવાનો નથી. પરંતુ 'સંદેહની અપ્રાપ્તિ થાય એટલા માટે (વ્યાકરણ ભણવું જોઈએ) એવો અર્થ કરવાનો છે. વૈયાકરણને પહેલાં સંદેહ થાય છે; અને પછી વ્યાકરણની મદદથી તેની નિવૃત્તિ કરવામાં આવે છે એવો असंदेहार्थम् નો અર્થ નથી. પણ જે વૈયાકરણ હોય છે તેને સંદેહની પ્રાપ્તિ જ થતી નથી એવો અર્થ કરવાનો છે.

દા.ત., स्थूलपृषतीमाग्निवारुणीमनड्वाहीमालभेत इति । 'स्थूलपृषती ગાયનું અગ્નિ તથા વરુણ દેવતાઓને ઉદ્દેશીને આલભન કરવું જોઈએ. (બલિ ચઢાવવો

---

૧. आगमः प्रयोजनः प्रवर्तको नित्यकर्मतां व्याकरणाध्ययनस्य दर्शयति । प्रयोजनशब्देन च फलं प्रयोजकश्च उच्यते (प्रदीपः) ॥ प्रयोजनशब्दः करणव्युत्पत्त्या प्रयोजकपरोऽपि ॥ (उद्द्योतः ।) ॥

१०. लाघवं च प्रतिपदपाठापेक्षया प्रकृत्यादिविभागेन अन्वाख्यानस्य विवक्षितम् ॥ (उद्द्योतः)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જોઈએ), અહીંયા ગાયના વિશેષણ તરીકે વપરાયેલો स्थूलपृषतीम् એવો સામાસિક શબ્દ જોઈને, નીચે મુજબનો સંદેહ અવૈયાકરણને ઊભો થાય છે :

(क) स्थूला चासौ पृषती च इति स्थूलपृषती । 'જાડી અને કાબરચીતરી એવી (ગાય)' — એવો કર્મધારય (તત્પુરુષ) સમાસ ગણવો ? કે —

(ख) स्थूलानि पृषन्ति यस्याः सा स्थूलपृषती । 'મોટાં એવાં કાબર-ચીતરા ડાઘા છે જેને, તેવી ગાય' એવો બહુવ્રીહિ સમાસ ગણવો ?

પણ, જે વ્યાકરણ ભણ્યો હશે તે વૈયાકરણને આવો (ઉપર્યુક્ત) સંદેહ થશે જ નહીં. કેમ કે તે વૈયાકરણ જોશે કે આ स्थूलपृषतीम् શબ્દ અન્તોદાત્ત છે, કે તે स्थूलपृषतीम શબ્દ આદ્યુદાત્ત છે ? જો આ શબ્દ અન્તોદાત્ત હોય તો તેનો અર્થ (क) કર્મધારય પરક લેવાનો છે, અને જો આ શબ્દ આદ્યુદાત્ત હોય તો તેનો અર્થ (ख) બહુવ્રીહિ પરક લેવાંનો છે. અહીં તે વૈયાકરણને ખબર હોય છે કે समासस्यान्तोदात्तः સૂત્રથી "કર્મધારય / તત્પુરુષ સમાસમાં અન્તોદાત્ત સ્વર થાય છે.", અને बहुव्रीहौ प्रकृत्या पूर्वपदम् । ૬-૨-૧ સૂત્રથી "બહુવ્રીહિ સમાસમાં આદ્યુદાત્ત સ્વર થાય છે."

અવૈયાકરણને સ્વરજ્ઞાન હોતું નથી, તેથી તેને સંદેહ જન્મે છે, પરંતુ જે વૈયાકરણ હોય છે તેને વ્યાકરણનાં સૂત્રોથી સ્વરજ્ઞાન પ્રાપ્ત થયેલું હોય છે, તેથી તેને કદાપિ સંદેહ થતો જ નથી. આમ અસંદેહાર્થ (= સંદેહથી અપ્રાપ્તિ રહે) એટલા માટે વ્યાકરણ ભણવું જોઈએ.

[3]

(ख) શબ્દાનુશાસનનાં અન્ય તેર ગૌણ પ્રયોજનો

૧. तेऽसुराः ।

એક વખત દેવો અને અસુરો વચ્ચે ઉપસ્થિત થયેલા સંગ્રામના અનુસંધાનમાં, અસુરોએ યજ્ઞ કર્યો. તેમાં તેમણે "हे अरयः । हे अरयः ।" એવું સાધૂચ્ચારણ કરવાને બદલે, हेलयो हेलय इति । એવું અસાધૂચ્ચારણ કર્યું. આવા અપભાષણ રૂપ મ્લેચ્છકર્મથી અસુરોનો દેવો સામે પરાજય થયો. આમ જો આપણે વ્યાકરણ ભણ્યા હોઈએ તો, અસાધુ શબ્દો ના બોલીએ અને મ્લેચ્છ કર્મથી ના લેપાઈએ.

૨. दुष्टः शब्दः ।

જો ઉદાત્તાદિ સ્વરની બાબતમાં કે વર્ણની બાબતમાં દુષિત થયેલો શબ્દ વાપરીએ તો તે દુષ્ટ શબ્દ અભિપ્રેત અર્થનો વાચક બનતો નથી. આવો દુષ્ટ શબ્દ તો વાણી રૂપી વજ્ર બનીને યજમાનનો નાશ કરનારો બની રહે છે. દા.ત. એક

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વાર વૃત્રાસુરે 'ઇન્દ્રનું શમન (હનન) કરનાર (= ઇન્દ્રશત્રુ)' પુત્રને જન્માવવા યજ્ઞ આરંભ્યો.

પરંતુ યજ્ઞ કરાવનારા ઋત્વિજોએ જે મંત્ર इन्द्रशत्रुर्वधस्व । બોલવાનો હતો, તેમાં इन्द्रशत्रुः । इन्द्रस्य शत्रुः । = 'ઇન્દ્રનો નાશ કરનાર શત્રુ' એવો (ષષ્ઠી તત્પુરુષ સમાસનો અર્થ જેમાંથી નીકળે તેવો) અન્તોદાત્ત સ્વર ઉચ્ચારવાને બદલે; इन्द्रशत्रुः । इन्द्रः शातयिता यस्य अस्ति / इन्द्र अस्ति शत्रुः यस्य । = 'ઇન્દ્ર છે જેને મારનારો' એવો (બહુવ્રીહિ સમાસનો અર્થ જેમાંથી નીકળે તેવો) આદ્યુદાત્ત સ્વર ઉચ્ચાર્યો. પરિણામે વૃત્રાસુરને ઘરે એવો પુત્ર જન્મ્યો, કે જેનો શત્રુ ઇન્દ્ર હતો (એટલે કે ઇન્દ્ર જેને મારનાર હતો.) આમ વ્યાકરણજ્ઞાનના અભાવમાં થતા, સ્વરદોષ થવાથી અહિત થાય છે. તેને રોકવા માટે વ્યાકરણ ભણવું જોઈએ.

૩. यद् अधीतम् ।

અર્થજ્ઞાન મેળવ્યા વિના જે વેદાધ્યયન કરવામાં આવે છે (વેદને કંઠસ્થ કરવામાં આવે છે), તે કોઈ રીતે ફળદાયી બનતું નથી. જેવી રીતે અગ્નિ વિનાના સ્થાનમાં શુષ્ક ઇંધણાં પડ્યાં રહે, તેમ અર્થજ્ઞાન વિનાનું વેદાધ્યયન વ્યર્થ જાય છે. હવે વેદાર્થનું જ્ઞાન તો વ્યાકરણને અધીન છે, માટે વ્યાકરણ ભણવું જોઈએ.

૪. यस्तु प्रयुङ्क्ते ।

કાત્યાયન પ્રણીત મનાતો એક ભ્રાજા શ્લોક ઉદ્‌ધૃત કરીને જણાવ્યું છે કે જે કુશળ વાગ્‌યોગવિદ્ છે (એટલે કે જે વૈયાકરણ છે) તે વ્યવહારકાલમાં યોગ્ય (સાધુ) શબ્દોનો પ્રયોગ કરે છે, અને તેના ફળ સ્વરૂપે અનન્ત વિજયને પામે છે. પરંતુ જે અવાગ્ યોગવિદ્ હોય છે (જે અવૈયાકરણ હોય છે) તે અપશબ્દોનો પ્રયોગ કરે છે અને પરિણામે અધર્મ લાગવાથી દૂષિત થાય છે.[૧]

૫. अविद्वांसः ।

આપણે જ્યારે કોઈ વિદ્વાનને ઘરે જઈએ ત્યારે તેનું અભિવાદન કરીએ છીએ. જેમ કે अभिवादये देवदत्तोऽहम, भोः ३ । "અરે ઓ ! (આપશ્રીને હું દેવદત્ત પ્રણામ કરું છું." પરંતુ વિદ્વાનને કે વડીલને અભિવાદન કરીએ છીએ,

૧. અવૈયાકરણ અસાધુ શબ્દો વાપરવાથી અધર્મથી લેપાય છે. પરંતુ અહીં પ્રશ્ન થઈ શકે છે કે આવા લોકોને માટે તેમનું અજ્ઞાન શરણ ના બની શકે ? એટલે કે તેમને સાધુ-શબ્દોનું જ્ઞાન જ નથી, માટે શું ભગવાન તેમને માફ ના કરી દે ? બીજી બાજુ, જે વૈયાકરણને સાધુ-શબ્દોનું જ્ઞાન હોય છે; તે જ્ઞાન પણ 'અપશબ્દોના જ્ઞાનપૂર્વક જ સાધુ-શબ્દોનું જ્ઞાન થતું હોય છે' એ નિયમાનુસાર અધર્મની પ્રાપ્તિ કરાવનાર ના બની શકે ? આ બંને પ્રશ્નોની ચર્ચા આગળ ઉપર વિસ્તારથી કરવામાં આવી છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ત્યારે સામેથી એ અપેક્ષા રહે છે કે તે વિદ્વાન આપણને પ્રત્યભિવાદન કરે, જેમાં પ્લુતીકરણ સહિત આપણું નામ ઉચ્ચારે. જેમ કે, भो देवदत्त ३ । एधि । "અરે દેવદત્ત ૩, તું વૃદ્ધિ પામ." પરંતુ જો કોઈ વિદ્વાન્ કે વડીલ પ્રત્યભિવાદનમાં, આપણા નામમાં ક્યાં પ્લુત ઉચ્ચારણ કરવું ? એ ન જાણતો હોય તો સ્ત્રીઓને જેમ અભિવાદન કરતી વખતે अयम् अहम् अभिवादये । 'આ હું તમને પ્રણામ કરું છું' એમ નામવિહીન સાદું વાક્ય જ ઉચ્ચારવામાં આવે છે, તેમ પ્રત્યભિવાદનમાં પ્લુત કરવાનું નહિ જાણનાર વિદ્વાન્ કે વડીલને પણ સાદી રીતે જ अयम् अहम् अभिवादये – 'આ હું તમને પ્રણામ કરું છું' એમ કહેવું.

પતંજલિ કહે છે કે વ્યાકરણ ભણ્યા હોઈએ તો જ કોઈ આપણને અભિવાદન કરે ત્યારે, આપણે પ્રત્યભિવાદનમાં તેના નામમાં પ્લુતીકરણ કરી શકીએ. અન્યથા, આપણો મોભો જળવાય નહીં. જો પ્રત્યભિવાદનમાં ત્રિમાત્રિક પ્લુત ઉચ્ચારતાં ના આવડે તો લોકો આપણને સ્ત્રીઓને કરે તેમ સાદગીવાળું જ અભિવાદન કરે.

૬. विभक्तिं कुर्वन्ति ।

યજુર્વેદનાં બ્રાહ્મણો કહે છે કે, 'પ્રયાજ' નામના મન્ત્રોને જુદી જુદી વિભક્તિમાં મૂકીને વાપરવા જોઈએ. દા. ત. એક જ 'અગ્નિ' શબ્દને અગ્ને અગ્ને, અગ્નાવગ્ને અગ્નિના અગ્ને, અગ્નિમ્ અગ્ને । વગેરે પ્રકારે જુદી જુદી વિભક્તિમાં ફેરવીને બોલવામાં આવે છે. પરંતુ વ્યાકરણના જ્ઞાન વિના, આવા પ્રયાજ મંત્રોને સવિભક્તિક ઉચ્ચારવા શક્ય નથી. માટે વ્યાકરણ ભણવું જોઈએ.

૭. यो वा इमाम् ।

જે વ્યક્તિ આ વાણીને પદશઃ, સ્વરશઃ અને અક્ષરશઃ શુદ્ધ ઉચ્ચારી શકે છે તેને જ લોકો ઋત્વિજ્ કર્મ કરાવનાર અધિકારી યાજક (યાજ્ઞિક) ગણે છે. આવું ઋત્વિજ્પણું–આર્ત્વિજીનત્વ આપણને પણ પ્રાપ્ત થાય એટલા માટે વ્યાકરણ ભણવું જોઈએ.

૮. चत्वारि ।

(क) चत्वारि शृङ्गा त्रयो अस्य पादा द्वे शीर्षे सप्तहस्तासो अस्य ।
त्रिधा बद्धो वृषभो रोरवीति महो देवो मर्त्यां आ विवेश ॥
(ऋ०सं० ४-५८-३)

નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત – એવાં ચાર પદોરૂપી ચાર શિંગડાવાળો; ભૂત, ભવિષ્યત્ અને વર્તમાન એવા ત્રણ કાળરૂપી ત્રણ પગવાળો; નિત્ય અને કાર્ય (ઉત્પાદ્ય) એવા બે શબ્દાત્મા (બે શબ્દસ્વરૂપ) રૂપી બે મસ્તકોવાળો; પ્રથમાદિ સાત વિભક્તિઓરૂપી સાત હાથવાળો અને ત્રણ (ઉચ્ચારણમાં સહયોગી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બનતાં) સ્થાનો (જેવાં કે હૃદય, કંઠ અને મસ્તક)માં બંધાયેલો એ મહાન્ વૃષભ દેવ (નિત્ય શબ્દતત્ત્વ–શબ્દબ્રહ્મ) અવાજ કરે છે, અને મર્ત્યોમાં પ્રવેશેલો છે. – આવા મહાન્ શબ્દબ્રહ્મ રૂપ દેવની સાથે આપણું સામ્ય–સાયુજ્ય થાય એટલા માટે વ્યાકરણ ભણવું જોઈએ.

(ख) ઋગ્વેદમાં चत्वारि० પદથી શરૂ થતો બીજો એક મન્ત્ર પણ મળે છે. પતંજલિએ તેને પણ ઉપયોગમાં લીધો છે. અને તેનો પણ વ્યાકરણપરક અર્થ ઘટાવ્યો છે :

चत्वारि वाक्यरिमिता पदानि तानि विदुर्ब्राह्मणा ये मनीषिणः ।
गृहा त्रीणि निहिता नेङ्गयन्ति तुरीयो वाचो मनुष्या वदन्ति ॥
(ऋ०सं० १-१६४-४५)

વાણી ચાર પદો – નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાતમાં પરિચ્છિન્ન છે. આ ચારેય પદોને મનીષી બ્રાહ્મણો જાણે છે. વાણીનાં ત્રણ પદો ગુફામાં સંતાડવામાં આવેલાં છે, જે ચેષ્ટા કરતાં નથી. વાણીનું ચોથું પદ મનુષ્યો શબ્દ-વ્યવહારમાં – બોલચાલમાં ઉપયોગમાં લે છે.

*

નાગેશે 'ભાષ્યપ્રદીપોદ્દ્યોત'માં चत्वारि पदजातानिનો અર્થ જુદી રીતે ઘટાવ્યો છે : વાણીનાં ચાર પદો એટલે પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરીરૂપ ચાર પ્રકારની વાણી, તથા નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત એવાં ચાર પદો પણ અહીં સમજી શકાય. 'વાણીનું ચોથું પદ મનુષ્યો બોલે છે – વાપરે છે'નો અર્થ એ થાય કે આ નામ, આખ્યાતાદિ ચાર પ્રકારનાં પદોમાંથી તે દરેકનો ૧/૪ ભાગ જ મનુષ્યો વાપરી શકે છે. વાણીનો બાકીનો ૩/૪ ભાગ અજ્ઞાનરૂપી ગુફામાં સંતાઈને પડ્યો છે. પરંતુ જે વૈયાકરણો હોય છે તે શાસ્ત્રબળથી આ અજ્ઞાનનો નાશ કરીને બધું જાણી શકે છે. આ વાતને બીજી રીતે સમજીએ તો – પરા, પશ્યન્તી અને મધ્યમા એવી ત્રણ પ્રકારની વાણીને સામાન્ય મનુષ્યો સમજી શકતા નથી. તેઓ તો કેવળ ચોથી વૈખરી વાણીનો જ ઉપયોગ કરે છે. ભર્તૃહરિએ પણ કહ્યું છે કે –

वैखर्या मध्यमायाश्च पश्यन्त्याश्चैतदद्भुतम् ।
अनेकतीर्थभेदायास्त्रय्या वाचः परं पदम् ॥ – वा०प० १-१४२

ભર્તૃહરિએ ઉલ્લેખેલી આ ત્રણ પ્રકારની વાણીમાંથી જે કર્ણેન્દ્રિયનો વિષય છે તે 'વૈખરી' છે. પદ રૂપે પ્રત્યક્ષ નહીં થતી પણ (શબ્દ) વ્યવહારનું કારણ બનતી હૃદયદેશમાં રહેલી જે વાણી તેને 'મધ્યમા' કહેવામાં આવે છે. જ્યારે જે ત્રીજી 'પશ્યન્તી' વાણી છે તે લોકવ્યવહારથી અતીત છે. જોકે યોગીઓ તો તે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પશ્યન્તીવાક્માં પણ પ્રકૃતિ-પ્રત્યયનો વિભાગ જોઈ શકે છે. જ્યારે નાગેશ કહે છે કે જે ચોથી વાણીનો ભર્તૃહરિએ નામોલ્લેખ કર્યો નથી તે 'પરા' વાક્માં તો યોગીઓની પણ ગતિ નથી. (આથી જ ભર્તૃહરિએ ત્રય્યાઃ વાચઃ એવા પદોથી ત્રણ જ વાણીનો નિર્દેશ કર્યો છે.)[1]

૯. उत त्वः ।

કોઈ એક (અવૈયાકરણ) વ્યક્તિ વાણીને જોવા છતાંય (સાચા અર્થમાં અર્થાત્ પ્રકૃતિપ્રત્યયાદિ વિભાગપૂર્વક) જોતો નથી. એવો જ બીજો (અવૈયાકરણ) વ્યક્તિ વાણીને સાંભળવા છતાંય (સાચા અર્થમાં) સાંભળતો નથી. જ્યારે ત્રીજા એક (વૈયાકરણ) વ્યક્તિની પાસે, જેવી રીતે કોઈ એક સુન્દર વસ્ત્રોવાળી પત્ની પોતાના પતિને માટે પોતાના શરીરને પ્રકટ કરે છે તેવી રીતે વાણી પણ પોતાનું રૂપ (= પદમાં રહેલા પ્રકૃતિપ્રત્યયોને) પ્રકટ કરે છે,

વાણી પોતાના અન્તરંગ સ્વરૂપને આપણી પાસે પ્રકટ કરે એટલા માટેં વ્યાકરણ ભણવું જોઈએ.

૧૦. सक्तुमिव ।

જેમ કોઈ વ્યક્તિ ચાળણીથી લોટને સાફ કરે તેમ ધીર (વૈયાકરણ) વ્યક્તિ વાણીને સાફ કરે છે, (અસાધુ શબ્દોને દૂર કરીને, સાધુ શબ્દોનો સંગ્રહ કરે છે.) આવા ધીર વૈયાકરણોના સખ્યને—શાસ્ત્રજ્ઞાનને બીજા સખાઓ (વૈયાકરણો) જાણતા હોય છે; અને આવા વૈયાકરણોની જ વાણીમાં કલ્યાણકારિણી લક્ષ્મી (અભ્યુદયકારિણી શક્તિ) રહેલી હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો, શિષ્ટમાન્ય ભાષાનો (= સાધુ શબ્દોનો) પ્રયોગ કરવાથી સામાજિક મોભો વધે છે. આટલા માટે વ્યાકરણ ભણવું જોઈએ.

૧૧. सारस्वतीम् ।

અગ્નિહોત્રી બ્રાહ્મણ જો યજ્ઞક્રિયા દરમિયાન અપશબ્દ (અસાધુ શબ્દ)નો પ્રયોગ કરે તો, તેણે એના પ્રાયશ્ચિત્ત માટે 'સારસ્વતી ઇષ્ટિ' કરવી પડે છે. પરંતુ

૧. पदजातानि । परापश्यन्तीमध्यमावैखर्यः । नामादीनि च । नामादिमध्ये च एकैकं चतुष्पादम्। .... एकैकस्य नामादिरूपस्य चतुर्थ भागम् । एकैकस्य चतुरंशत्वात् ॥ परादीनां वा त्रयोंशा मध्यमान्ताः । गुहा अज्ञानं हृदयादिरूपा च । वैयाकरणस्तु शास्त्रबलेन तद्बललब्धयोगेन च गुहान्धकारं विदार्य सर्वं जानातीति मावः ॥......... हरिरप्याह

वैखर्या मध्यमायाश्च पश्यन्त्याश्चैतदद्भुतम् ।
अनेकतीर्थभेदायास्त्रय्या वाचः परं पदम् ॥

तत्र श्रोतविषया वैखरी । मध्यमा हृदयदेशस्था पदप्रत्यक्षानुपपत्त्या व्यवहारकारणम्। पश्यन्ती तु लोकव्यवहारातीता । योगिनां तु तत्रापि प्रकृतिप्रत्ययविभागावगतिरस्ति । परायां तु नेति 'त्रय्या' इत्युक्तम् ॥ (उद्द्योतः)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પતંજલિ કહે છે કે જો આપણે વ્યાકરણ ભણ્યા હોઈએ તો આવું પ્રાયશ્ચિત્ત કરવું પડતું નથી.

૧૨. दशम्यां पुत्रस्य ।

યાજ્ઞિકો કહે છે કે પુત્રજન્મ થયા પછી દશમે દિવસે તેનું નામકરણ કરવું. આ નામ ૧. ઘોષ વર્ણોવાળું, ૨. શરૂમાં અન્તઃસ્થ વર્ણો હોય તેવું, ૩. 'વૃદ્ધિ' સંજ્ઞક વર્ણો વિનાનું, ૪. પિતાની ત્રણ પેઢીમાં ન વપરાયેલું અને ૫. શત્રુઓમાં પ્રતિષ્ઠિત ના હોય તેવું પાડવું જોઈએ. વળી, તેવું નામ ૬. બે કે ચાર અક્ષરોવાળું કૃદન્ત નામ પાડવું જોઈએ. તદ્ધિતાન્ત નામ કદાપિ ન પાડવું. પરન્તુ વ્યાકરણ ભણ્યા વિના કોને કૃદન્ત નામ કહેવાય અને કોને તદ્ધિતાન્ત નામ કહેવાય ? તેની ખબર પડતી નથી. માટે નામકરણ જેવાં વ્યવહારિક પ્રયોજનોને ધ્યાનમાં રાખીને પણ વ્યાકરણ ભણવું જોઈએ.

૧૩. सुदेवो असि ।

હે વરુણ ! તું સત્યદેવ છે. જેવી રીતે અગ્નિ પોલાણવાળી સુન્દર મૂર્તિમાં પ્રવેશીને (કચરાને) બાળે છે તેવી રીતે તારી સાત વિભક્તિઓ રૂપી સાત સિન્ધુ (નદી)ઓ તાલ્વાદિ સ્થાનોમાં વહે છે. આ મન્ત્રમાં વર્ણવ્યા પ્રમાણે, વ્યાકરણના જ્ઞાનથી વરુણદેવ સત્યદેવ બન્યો છે અને તેની વાણીમાં સાતેય વિભક્તિઓનો પ્રયોગ થતો જોવા મળે છે. આપણે પણ વ્યાકરણના જ્ઞાનથી સત્યદેવ બનીએ એટલા માટે વ્યાકરણ ભણવું જોઈએ.

*

આ પ્રમાણે, વ્યાકરણાધ્યયનના મુખ્ય પાંચ પ્રયોજન અને ગૌણ તેર પ્રયોજનોની ચર્ચા પૂરી થઈ, (પ્રયોજન રૂપ ચોથા અને અન્તિમ અનુબન્ધનો પણ નિર્દેશ સમ્પન્ન થયો.) અહીં પ્રસંગતઃ એ પણ વિચારવાનું પ્રાપ્ત થાય છે કે—કેમ વ્યાકરણ ભણનારાને જ આવાં પ્રયોજનો કહેવાં પડે છે ? જે લોકો વેદોનો અભ્યાસ કરે છે, તેમને કોઈ પ્રયોજન બતાવવું પડતું નથી ? બીજા શબ્દોમાં કહીએ તો વેદાધ્યયનની જેમ જ લોકો વ્યાકરણાધ્યયન પણ, કોઈ પણ પ્રયોજન વિના જ કરશે. માટે વ્યાકરણાધ્યયનનો વિચાર કરવો વ્યર્થ જ છે,

આવી શંકાનું સમાધાન કરતાં પતંજલિએ, કાલાન્તરે સમાજમાં થયેલા એક ફેરફાર તરફ ધ્યાન દોર્યું છે : પહેલાંના સમયમાં તો બ્રાહ્મણ લોકો ઉપનયન સંસ્કાર થયા પછી, (પહેલાં) વ્યાકરણ ભણતા હતા. આવા વ્યાકરણના અભ્યાસથી જેમને તે તે ઉચ્ચારણસ્થાનો અને અને નાદ-અનુપ્રદાનાદિનું જ્ઞાન થઈ ગયું છે. તેવાઓને જ (બીજા તબક્કે) વૈદિક શબ્દોનો ઉપદેશ કરવામાં આવતો હતો. પરંતુ આજકાલ (= પતંજલિના સમયમાં) લોકો ઉપનયન સંસ્કાર થયા પછી,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(પહેલાં) વેદપાઠ શરૂ કરી દે છે (અને વ્યાકરણ ભણવાનું માંડી વાળે છે.) એટલું જ નહીં, તેઓ એમ પણ બોલવા લાગે છે કે "વેદનો અભ્યાસ કરવાથી અમને વૈદિક શબ્દો આવડી ગયા છે; અને સમાજમાંથી લૌકિક શબ્દો પણ અમને સિદ્ધ છે. આવી સ્થિતિમાં વ્યાકરણ ભણવાની જરૂર રહેતી નથી." આવી અવળી બુદ્ધિના અધ્યેતાઓને ઉદ્દેશીને, આચાર્ય (પાણિનિ / કાત્યાયન) મિત્રભાવે કહે છે કે આ રહ્યાં (૫ + ૧૩) પ્રયોજનો. એમને ધ્યાનમાં રાખીને પણ વ્યાકરણ ભણવું જોઈએ.

[૪

શબ્દાનુશાસન રચવાની પદ્ધતિ

અગાઉની ચર્ચામાં, ૧. કયા કયા શબ્દોનું અનુશાસન કરવામાં આવશે ? ૨. શબ્દ નું સ્વરૂપ / લક્ષણ શું છે ? અને ૩. શબ્દાનુશાસન ભણવાનાં કયાં કયાં પ્રયોજનો છે ? તે કહેવામાં આવ્યું છે. હવે તે વિચારવાનું પ્રાપ્ત થાય છે કે કઈ પદ્ધતિએ આ શબ્દોનું અનુશાસન રચવામાં આવશે ? (શબ્દાનુશાસન રચવાની કઈ પદ્ધતિ ઈષ્ટ અને લાઘવપૂર્ણ છે ?) આ પ્રશ્નનો જવાબ શોધવા વિવિધ પદ્ધતિઓને પહેલાં ધ્યાનમાં લેવામાં આવે છે. જેમ કે,

૧. (કેવળ) સાધુ શબ્દોનો (જ) ઉપદેશ કરવો;

૨. (કેવળ) અસાધુ શબ્દોનો ઉપદેશ કરવો; અથવા

૩. સાધુ અને અસાધુ એવા બન્ને પ્રકારના શબ્દોનો ઉપદેશ કરવો.

આમ વ્યાકરણ રચવાના ત્રણ રસ્તા હોઈ શકે. પરંતુ તર્કથી વિચારતાં એમ જણાય છે કે આમાંથી જે પહેલા બે રસ્તાઓ (પદ્ધતિઓ) છે, તે બેમાંથી ગમે તે એક રસ્તે જવાથી, શબ્દાનુશાસન રચવાનું કામ સિદ્ધ થઈ શકે એમ છે.

પતંજલિએ આ મુદ્દાને એક ઉદાહરણથી સમજાવ્યો છે : (૧) पञ्च पञ्चनखा भक्ष्याः । (પાંચ નખોવાળા પાંચ પ્રાણીઓ – શશક, શલ્યકી, ગોધા, ખડ્ગી અને કૂર્મ ભક્ષ્ય છે / ખાવાયોગ્ય છે) એમ કોઈ સ્મૃતિકાર જાહેર કરે તો, એનાથી તરત જ એ સિદ્ધ થઈ જાય છે કે આ સિવાયનાં (ચાર કે છ નખવાળાં) પ્રાણીઓ અભક્ષ્ય છે. એટલે કે भक्ष्यनियमेन अभक्ष्यप्रतिषेधो गम्यते ॥ તેવી જ રીતે જો કેવળ સાધુશબ્દોનો જ ઉપદેશ કરવામાં આવશે, તો એનાથી એ સ્વાભાવિક રીતે જ સિદ્ધ થઈ જશે કે આ સિવાયનાં (= નહીં ઉપદેશેલા) શબ્દો અસાધુ છે (= વ્યાકરણ સમ્મત નથી). દા.ત. गौः । એ શબ્દ સાધુ છે. (= વ્યાકરણ સમ્મત છે) એમ શીખવ્યા પછી, શિષ્યને એ તરત જ ખબર પડી જશે કે આ (गौः) સિવાયના, બાકી રહેલા (નહીં ઉપદેશેલા) गावि, गोणी, गोपोतलिका વગેરે શબ્દો અપશબ્દો છે, અપભ્રંશ શબ્દો છે, વ્યાકરણથી અસમ્મત શબ્દો છે..

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૨) अभक्ष्यो ग्राम्यकुक्कुटः अभक्ष्यो ग्राम्यसूकरः । (ગામનો કૂકડો અને સૂવ્વર અભક્ષ્ય છે) એમ જો કોઈ સ્મૃતિવચન કહેતું હોય તો, એનાથી એવું સમજાય છે કે જંગલનો કૂકડો કે જંગલનો સૂવ્વર ખાઈ શકાય છે. એટલે કે अभक्ष्यप्रतिषेधेन वा भक्ष्यनियमः । 'અભક્ષ્ય પદાર્થોનો નિષેધ કરવાથી ભક્ષ્યનો નિયમ / કથન થઈ જાય છે.[૧] એવી જ રીતે જો આ વ્યાકરણશાસ્ત્રમાં ગાવી, ગોણી, ગોપોતલિકા વગેરે અપભ્રંશ—અસાધુ શબ્દોનો ઉપદેશ કરવામાં આવશે તો, શિષ્યને એ આપોઆપ સમજાઈ જશે કે આ અપભ્રંશ શબ્દો સિવાયનો ગૌઃ । એવો શબ્દ જ સાધુ છે.

આમ (૧) કેવળ સાધુ શબ્દોનો ઉપદેશ કરીને, અથવા (૨) કેવળ અસાધુ શબ્દોનો ઉપદેશ કરીને શબ્દાનુશાસનની રચના થઈ શકે એમ છે. [એટલે કે બંને પ્રકારના શબ્દોનો એકી સાથે ઉપદેશ કરવાની જરૂર નથી. અને તેમ કરવામાં ગૌરવ પણ છે. (બંને પ્રકારના શબ્દોનો ઉપદેશ કરવામાં ઘણો વિસ્તાર અને બહુ પરિશ્રમ થાય એમ છે.)] પરંતુ આ બંને પ્રકારની પદ્ધતિઓમાંથી, કઈ પદ્ધતિ પસંદ કરવા જેવી છે ? પતંજલિ આનો જવાબ આપતાં કહે છે કે આ બંને પદ્ધતિઓમાંથી 'કેવળ સાધુ શબ્દોનો ઉપદેશ કરનારી' પહેલી પદ્ધતિ જ પસંદ કરવા યોગ્ય છે. તેમાં બે કારણો રહેલાં છે :

(क) लघुत्वात् शब्दोपदेशः ।

(ख) इष्टान्व्याख्यानं खलु अपि भवति ।

એટલે કે (क) કેવળ સાધુ શબ્દોનો ઉપદેશ કરવો તેમાં લાઘવ રહેલું છે. ટૂંકાણથી અને ઓછા પરિશ્રમે ભાષામાં વપરાતા સાધુશબ્દો શીખવી શકાય એમ છે. જો બીજી પદ્ધતિ મુજબ અપશબ્દોનો ઉપદેશ કરવા બેસીશું તો, ભાષામાં ગૌઃ। એવા એક સાધુ શબ્દને બદલે ગાવી, ગોણી, વગેરે અનેક અસાધુ શબ્દો

---

૧. विधिरत्यन्तमप्राप्तौ नियमः पाक्षिके सति ।
तत्र चान्यत्र च प्राप्तौ परिसंख्येति गीयते ॥

(अर्थसङ्ग्रहे तृतीयो मन्त्रविभागः) "વિધિ" કોઈક અપૂર્વનું એટલે કે પ્રમાણાન્તરથી અપ્રાપ્ત કાર્યનું વિધાન કરનાર હોય છે. બે કે તેથી વધારે વિકલ્પો પ્રાપ્ત હોય ત્યારે કોઈ એકને વિશે જ જે મર્યાદિત—સીમિત કરી નાંખે તેને 'નિયમ' કહે છે. અને બે વિકલ્પોમાંથી ગમે તે એકની નિવૃત્તિ કરી નાંખે તેને 'પરિસંખ્યા' કહે છે. આમ વિધિ એ injuction, નિયમ restriction અને પરિસંખ્યા એ exclusion છે."

પતંજલિએ પૂર્વમીમાંસાના આ નિયમ અને પરિસંખ્યાને ધ્યાનમાં રાખીને ઉપર્યુક્ત ચર્ચા કરી છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વપરાય છે. માટે ભાષામાં સાધુ શબ્દોની સંખ્યા ઓછી હોઈને, તે જ (માત્ર) શીખવવા જોઈએ. (ख) વળી, એમ કરવામાં જે (સાધુ શબ્દો)નો ઉપદેશ કરીશું, તે શબ્દો જ શીખવવા ઈષ્ટ છે, લક્ષ્ય છે. એટલે જે બિનજરૂરી છે, ઉપયોગમાં લેવાના નથી તે (અસાધુ = અપભ્રંશ શબ્દો)નો ઉપદેશ કરવો વ્યર્થ છે.

શબ્દાનુશાસન રચવાની પૂર્વોક્ત દ્વિવિધ પદ્ધતિઓમાંથી, 'કેવળ સાધુ શબ્દોનો ઉપદેશ કરનારી' પહેલી પદ્ધતિ જ સ્વીકાર્ય છે એવું ઉપર્યુક્ત ચર્ચાને આધારે નક્કી થાય છે. પરંતુ હવે એ વિચારવાનું પ્રાપ્ત થાય છે કે "કેવળ સાધુ શબ્દોનો ઉપદેશ" કરવા માટે શું ભાષામાં વપરાતા તમામ શબ્દો લઈને, તેમને એક એક કરીને વારાફરતી સમજાવવા બેસવું પડશે ? એટલે કે गौः । अश्वः । पुरुषः । हस्ती । शकुनिः । मृगः । ब्राह्मणः। એમ બધા જ શબ્દોના–પ્રતિપદનો પાઠ કરવો પડશે ?

પતંજલિ આનો જવાબ આપતાં કહે છે કે સાધુ શબ્દોને શીખવવા માટે પ્રતિપદનો પાઠ કરવા બેસવું, તે તો સાચો ઉપાય નથી. કારણ કે એક પુરાણકથા એવી સાંભળવા મળે છે કે દેવોના ગુરુ બૃહસ્પતિએ એકવાર દેવાધિદેવ ઈન્દ્રને એક હજાર દિવ્ય વર્ષો સુધી "શબ્દપારાયણ" શીખવવાનો પ્રયત્ન કરેલો / ઉપદેશ કરેલો. તેમાં બૃહસ્પતિએ સંસ્કૃત ભાષાના બધા જ શબ્દોનો એક એક શબ્દ કરીને (પ્રતિપદનો) પાઠ શરૂ કરેલો. પણ તેનો અન્ત આવ્યો જ ન હતો ! આ ઉદાહરણમાં બૃહસ્પતિ જેવો ભણાવનારો હતો, ઈન્દ્ર જેવો મેધાવી શિષ્ય ભણનાર હતો અને એક હજાર દિવ્ય વર્ષોનો અધ્યયનકાળ હતો, તો પણ અન્ત નહોતો આવ્યો.

આ ઉદાહરણ સાંભળીને આપણે વિચારવું જોઈએ કે આજકાલ માણસો જીવી જીવીને કેટલું જીવવાના ? કોઈ માણસ બહુ જીવે તો'ય સો વર્ષ જીવે છે. આ સો વર્ષના જીવનકાળમાં તેણે પહેલાં પચ્ચીસ વર્ષ 'આગમકાળ' રૂપે વિદ્યા મેળવવામાં ખર્ચવાના હોય છે, પછીના પચ્ચીસ વર્ષ 'સ્વાધ્યાયકાળ રૂપે' તે કંઠસ્થ કરેલી વિદ્યાને સમજવામાં ગાળવાનાં હોય છે; પછી ત્રીજી પચ્ચીસી 'પ્રવચનકાળ' રૂપે ક્યાંક પાઠશાળામાં શિષ્યોને ભણાવવામાં પસાર કરવાની હોય છે. અને છેલ્લાં પચ્ચીસ વર્ષ 'વ્યવહારકાળ' રૂપે યજમાનને ઘરે યાજ્ઞિક બનીને યજ્ઞાદિ કર્મો કરાવવામાં વીતાવવાના હોય છે. હવે જો આજે કોઈ ગુરુ પેલા બૃહસ્પતિની જેમ શિષ્યની સામે પ્રતિપદનો પાઠ કરવા બેસે તો શિષ્યનું આખું સો વર્ષનું આયુષ્ય માત્ર 'આગમકાળ'માં જ પસાર થઈ જાય ! માટે આ ટૂંકા ગાળાના જીવનમાં આવો પ્રતિપદનો પાઠ કરવા બેસવું તે 'સાધુ શબ્દો ભણવા-ભણાવવા' બેસવાનો સાચો ઉપાય નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તો બીજો કયો સાચો ઉપાય હોઈ શકે ? આ પ્રશ્નનો જવાબ આપવાનો બાકી રહે છે. આ સન્દર્ભમાં, પતંજલિએ નીચે મુજબનો ઉપાયાન્તર બતાવ્યો છે :

સાધુ શબ્દોનો ઉપદેશ કરવા માટે પાણિનિના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં જે ઉપાય – શબ્દાનુશાસનની રચનાપદ્ધતિનો સ્વીકાર કરવામાં આવ્યો છે, તેમાં કેટલાંક સામાન્ય સૂત્રો રચવામાં આવ્યાં છે અને બીજા કેટલાંક વિશેષ સૂત્રો રચવામાં આવ્યાં છે. એટલે કે ઉત્સર્ગસૂત્રો અને અપવાદસૂત્રવાળું વ્યાકરણ રચવામાં આવે તો, તે જ એક એવી સાચી પદ્ધતિ છે કે જેનાથી ઓછામાં ઓછા પ્રયત્ને સાધુ શબ્દોના મોટામાં મોટા શબ્દસમુદાયને આવરી લઈ શકાય છે.

સાધુ શબ્દોનું ઓછા પ્રયત્નોવાળું, અદોષ, લાઘવપૂર્ણ અને છતાંય સર્વાંગીણ વ્યાકરણ લખવાની પાણિનિએ અજમાવેલી પ્રયુક્તિ સફળ થઈ છે, એનું કારણ એ છે કે તેમાં સામાન્ય સૂત્રો અને વિશેષ સૂત્રો રચવાની પદ્ધતિ અનુસરવામાં આવી છે.[1]

[૫]

'પદાર્થ' શું છે ?

'પદનો અર્થ આકૃતિ (જાતિ) છે કે 'પદનો અર્થ દ્રવ્ય (વ્યક્તિ) છે (અર્થાત્ પદોચ્ચારણથી જાતિનો બોધ થાય છે, કે વ્યક્તિનો બોધ થાય છે) એ બેમાંથી કયો પક્ષ સ્વીકાર્ય છે ? બીજા શબ્દોમાં કહીએ તો પાણિનિનું શબ્દાનુશાસન આ બેમાંથી કઈ માન્યતા ઉપર રચાયું છે ?

પતંજલિએ આનો જવાબ આપતાં કહ્યું છે કે એકી સાથે ઉભય પક્ષને સ્વીકારીને આ શાસ્ત્રની રચના કરવામાં આવી છે. કારણ કે આચાર્ય પાણિનિએ બંને પ્રકારનાં સૂત્રો રચ્યાં છે. એટલે કે 'અષ્ટાધ્યાયી'માં કેટલાંક સૂત્રો એવાં મળે છે (દા.ત. जात्याख्यायाम् एकस्मिन् बहुवचनम् अन्यतरस्याम् । १-२-५८ કે

---

૧. કૃદન્ત શબ્દોની સિદ્ધિ બતાવતાં પાણિનિએ જે સૂત્રો રચ્યાં છે, તેમાંથી ઉત્સર્ગ (સામાન્ય) સૂત્રનું અને અપવાદ (વિશેષ) સૂત્રનું ઉદાહરણ સમજીશું ;

(૧) ઉત્સર્ગ સૂત્ર : कर्मण्यण् । ૩-૨-૧ 'કર્મકારક વાચક શબ્દ ઉપપદમાં રહે ત્યારે (કોઈ પણ) ધાતુને अण् પ્રત્યય લાગે છે." જેમ કે, कुम्भं (કર્મવાચક શબ્દ) करोति । कुम्भ + अम् + कृ + अण् > कुम्भ + कृ + अ > कुम्भ + क् आर् + अ = कुम्भकार ॥

(૨) અપવાદ સૂત્ર : आतोऽनुपसर्गे कः ३-२-३. "કર્મ કારકવાચક શબ્દ ઉપપદમાં રહે ત્યારે, ઉપસર્ગરહિતના આ કારાન્ત ધાતુને (अण् પ્રત્યય નહીં લાગતાં) / क / પ્રત્યય લાગે છે", જેમ કે, गाम् ददाति इति । गो + अम् + √दा (આકારાન્ત ધાતુ) क > अ । गो + दा + अ > गो + द् आ > ० + अ । गो + द् + अ = गोद ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જેમાં 'પદથી જાતિનો બોધ થાય છે' એવો પક્ષ સ્વીકારવામાં આવ્યો છે.[1] બીજી તરફ, એવાં પણ સૂત્રો મળે છે.

(દા. ત. सरूपाणाम् एकशेष एकविभक्तौ । १-२-६४) કે જેમાં 'પદથી વ્યક્તિનો બોધ થાય છે' એવો પક્ષ સ્વીકારવામાં આવ્યો છે.[2] વ્યાકરણશાસ્ત્રમાં કોઈ એક જ પક્ષને માનવાથી સર્વત્ર ઇષ્ટ વ્યવસ્થા થઈ શકે એમ નથી. એટલા માટે પાણિનિએ ક્યાંક 'પદનો અર્થ જાતિ છે' એમ માન્યું છે; અને ક્યારેક 'પદનો અર્થ વ્યક્તિ છે' એમ પણ માન્યું છે. પતંજલિએ ઘણે સ્થાને કહ્યું છે કે વૈયાકરણોને માટે કોઈ એક જ માન્યતાને વળગી રહેવું શક્ય નથી.[3]

[૬]

વ્યાકરણશાસ્ત્રનું ગૃહીત અને કાર્ય

શબ્દને નિત્ય માનીને કે કાર્ય (અનિત્ય) માનીને આ શાસ્ત્રની રચના થઈ હશે ? એવો જો કોઈના મનમાં પ્રશ્ન ઊભો થાય તો, પતંજલિ કહે છે કે (વ્યાડિએ

---

૧. ૮૧૭, जात्याख्याम्० । १-२-५८ एकोऽप्यर्थो वा बहुवद्भवति । ब्राह्मणाः पूज्याः ॥ (सिद्धान्तकौमुदी)

आकृत्यधिकरणन्यायेन घटादिशब्दानां जातिवाचकत्वाज्जातेश्चैकत्वादेकवचनमेव स्यादित्यारम्भः । जातिशब्दे एकत्वे बहुवचनं वा स्यादित्यक्षरार्थः । तथा सति ब्राह्मणाः भोज्या इत्यादौ विशेषणान्न स्यादित्याशङ्क्य एकस्मिन्नर्थे विद्यमानः शब्दो बहूनर्थान् वक्ति, एकार्थो बहुवद्भवतीति लभ्यते इत्यभिप्रेत्याह — एकोऽप्यर्थ इति । बहुत्वप्रयुक्तं कार्यं लभते इत्यर्थः ॥ (तत्त्वबोधिनी) ।

સામાન્ય રીતે ઘટ, બ્રાહ્મણાદિ શબ્દો જાતિવાચક હોઈ, તેમનો એકવચનમાં જ પ્રયોગ થવો જોઈએ. પરંતુ પાણિનિ આ સૂત્ર દ્વારા કહે છે કે પદો જાતિના વાચક હોય ત્યારે તેમને વિકલ્પે બહુવચનમાં પણ વાપરી શકાય.

૨. रामश्च रामश्च रामश्च इति रामाः । અહીં "એક જ વિભક્તિમાં રહેલા 'राम' એવા સરૂપ શબ્દોમાંથી એક राम શબ્દનો એકશેષ થાય છે અને બાકીના બે राम શબ્દોનો લોપ થાય છે" એવું આ सरूपाणाम० । १-२-६४ સૂત્ર કહે છે.

હવે જો, સર્વત્ર પદનો અર્થ જાતિ જ થતો હોત, અનેક राम વ્યક્તિઓનો બોધ કરાવવા માટે અનેક राम શબ્દોના પ્રયોગો કરવાનો પ્રસંગ જ ઊભો ના થતો હોત, (કેમ કે રામ એવા એક જ શબ્દથી रामत्व જાતિવાળા અનેક રામોનો એક સાથે બોધ થઈ જ જવાનો હતો), તો તેવી સ્થિતિમાં પાણિનિએ આ सरूपाणाम्० १-२-६४ સૂત્રથી "અનેક સરૂપ राम શબ્દોનો પ્રયોગ કરવાના પ્રસંગે એક राम શબ્દનો શેષ કરવો, ને બીજાઓનો લોપ કરવો જોઈએ" એવું કહ્યું જ ના હોત. પરંતુ પાણિનિ આ સૂત્ર રચે છે ત્યારે, એવું માનવું જ રહ્યું કે તેમના મતે એક राम શબ્દથી रामत्व જાતિનો બોધ થતો જ નથી, પણ એક राम વ્યક્તિનો જ બોધ થાય છે.

૩. तत्र नैकः पन्थाः शक्य आस्थातुम् । — २-१-५८ सूत्रभाष्यम्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રચેલા મનાતા) 'સંગ્રહ' ગ્રન્થમાં આ વિષયની ચર્ચા કરવામાં આવી છે. ત્યાં શબ્દને નિત્ય માનવાના દોષો પણ બતાવ્યા છે અને પ્રયોજનો પણ નિર્દેશ્યાં છે. ત્યાર પછી એવો નિર્ણય તારવવામાં આવ્યો છે કે શબ્દ નિત્ય હોય કે અનિત્ય– બેમાંથી કોઈ પણ માન્યતાને સ્વીકારો પણ વ્યાકરણશાસ્ત્ર તો લખવું જ પડશે.[1]

અહીં પ્રશ્નકર્તાનો આશય સમજવા જેવો છે. જો શબ્દો નિત્ય હોય (અને શબ્દો સાથે સંકળાયેલા અર્થ, અને શબ્દાર્થનો સંબંધ પણ નિત્ય હોય) તો તેને માટે શાસ્ત્રારમ્ભ કરવાની જરૂર નથી. અથવા જો શબ્દો અનિત્ય હોય (અને તે શબ્દો સાથે સંકળાયેલા અર્થ, અને શબ્દાર્થનો સંબંધ પણ અનિત્ય હોય) તો પણ શાસ્ત્રારમ્ભ નિરર્થક છે. ટૂંકમાં, શબ્દ નિત્ય હોય કે અનિત્ય પણ શાસ્ત્ર સર્વથા અનારમ્ભણીય જ છે. પૂર્વપક્ષીના આવા મંતવ્યને સમજી જઈને પતંજલિએ 'સંગ્રહ' ગ્રન્થનો આધાર આપીને જાહેર કર્યું છે કે વ્યાકરણશાસ્ત્ર તો લખવું જ જોઈશે.

'શબ્દ નિત્ય હોય કે અનિત્ય, પણ શાસ્ત્ર તો લખવું જ' એવો સંગ્રહકારનો નિર્ણય સાંભળ્યા પછી ય એ જાણવાની ઈચ્છા તો રહેવાની જ, કે આચાર્ય પાણિનિએ શું ગૃહીત લઈને (કઈ માન્યતા ઉપર) પોતાનું 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ રચ્યું છે ? આનો જવાબ આપતાં કાત્યાયને પોતાના પ્રથમ વાર્ત્તિકમાં જ કહ્યું છે કે, सिद्धे शब्दार्थसम्बन्धे । વા. ૧. "શબ્દો, અર્થો અને તે બેના સંબન્ધો નિત્ય છે. [ત્યારે (– તેમ માનીને) આ વ્યાકરણશાસ્ત્રની રચના કરવામાં આવી છે.]"[2]

*

આ વાર્ત્તિકમાં વપરાયેલો સિદ્ધ શબ્દ ક્યારેક 'નિત્ય' અર્થમાંય વપરાય છે અને ક્યારેક 'અનિત્ય' અર્થમાં પણ વપરાય છે. દા.ત. (૧) सिद्धा द्यौः । सिद्धा पृथिवी । सिद्धम् आकाशम् । 'દ્યુલોક સિદ્ધ (નિત્ય) છે; પૃથિવી સિદ્ધ છે; આકાશ સિદ્ધ છે'. જેવા પ્રયોગોમાં કૂટસ્થ અવિચલ પદાર્થો માટે 'સિદ્ધ' શબ્દ વપરાય છે. (૨) બીજી તરફ सिद्ध ओदनः । सिद्धः सूपः । सिद्धा यवागूः । 'ભાત સિદ્ધ થઈ ગયો (રંધાઈ ગયો, તૈયાર થઈ ગયો); સૂપ તૈયાર થઈ ગયો, દાળ સિદ્ધ–તૈયાર થઈ ગઈ છે' જેવા પ્રયોગોમાં કાર્ય–ઉત્પાદ્ય' અનિત્ય પદાર્થોને માટે 'સિદ્ધ' શબ્દ વપરાય છે. આથી પ્રશ્ન થાય છે કે, અહીં પ્રસ્તુત વાર્ત્તિકમાં તે 'સિદ્ધ' શબ્દનો શો અર્થ કરવો ?

---

૧. यद्येव नित्याः, अथापि कार्यः, उभयथापि लक्षणं प्रवर्त्यम् इति ।

૨. शब्दार्थसम्बन्धे એ સમાહાર દ્વન્દ્વ છે. शब्दश्च अर्थश्च, सम्बन्धश्चेति शब्दार्थसम्बन्धम्; तस्मिन् शब्दार्थसम्बन्धे । આ ત્રણેયનો ત્રણેય કાળમાં અબાધિત અવિયોગ (= નિત્યત્વ) દર્શાવવા માટે તેમનો સમાહાર દ્વન્દ્વ કર્યો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પતંજલિ કહે છે કે અહીં 'નિત્ય'ના પર્યાયવાચી શબ્દ તરીકે જ 'सिद्ध' શબ્દનો પ્રયોગ થયો છે. કારણ કે –

(क) 'સંગ્રહ' ગ્રન્થમાં પણ કાર્ય (અનિત્ય) શબ્દના વિરોધી શબ્દ તરીકે (અર્થાત્ નિત્ય અર્થમાં) 'सिद्ध' શબ્દનો પ્રયોગ થયો છે. તેની જ જેમ આ વાર્ત્તિકમાં પણ 'सिद्ध' શબ્દ નિત્ય અર્થમાં જ વપરાયો છે.

(ख) अब्भक्षः । वायुभक्षः । જેવાં એકપદના અવધારણવાળાં વાક્યોનો અર્થ अप एव भक्षयति । वायुमेव भक्षयति । 'પાણી જ પીવે છે; પવન જ ખાય છે' એવો કરવામાં આવે છે. એવી જ રીતે આ વાર્ત્તિકમાં 'सिद्ध'નો અર્થ સિદ્ધ (નિત્ય) જ કરવાનો છે, સાધ્ય અર્થ કરવાનો નથી.

(ग) अत्यन्तसिद्धः । જેવા સામાસિક શબ્દમાંથી પૂર્વપદનો લોપ થઈ કેવળ सिद्ध શબ્દ બાકી રહ્યો છે. જેવી રીતે देवदत्त ને दत्त । કે सत्यभामा ને भामा । રૂપે પણ બોલવામાં આવે છે, તેવી રીતે વાર્ત્તિકકારે પણ अत्यन्तसिद्धः શબ્દને બદલે, પૂર્વપદનો લોપ કરીને કેવળ सिद्ध શબ્દ જ વાપર્યો છે.

(घ) અથવા व्याख्यानतो विशेषप्रतिपत्तिः, न हि संदेहाद् अलक्षणम् । "વ્યાખ્યાન દ્વારા વિશેષ સમજૂતી મળી રહે છે; પણ સંદેહ થવાથી, શાસ્ત્ર અશાસ્ત્ર બની જતું નથી / શાસ્ત્રરચના અટકાવી દેવી એવું નક્કી થતું નથી." માટે હું પતંજલિ 'આ વાર્ત્તિકમાં 'सिद्ध' શબ્દ નિત્યના પર્યાયવાચી શબ્દ તરીકે જ વપરાયો છે.' એવું આગળ ઉપર વ્યાખ્યાનથી સાબિત કરી બતાવીશ.

પરંતુ અહીં પ્રશ્ન થઈ શકે છે કે વાર્ત્તિકકારે 'सिद्ध'ને બદલે 'नित्य' શબ્દ જ ઉક્ત વાર્ત્તિકમાં કેમ ના વાપર્યો ? તેમણે જો नित्ये शब्दार्थसम्बन्धे । એવું વાર્ત્તિક લખ્યું હોત તો કોઈ સન્દેહ જ ના ઊભો થાત. પતંજલિ કહે છે કે नित्य શબ્દને બદલે सिद्ध શબ્દ જ વાર્ત્તિકકારે વાપર્યો એનાં બે કારણો છે : ૧. વાર્ત્તિકકારે મંગલાર્થે सिद्ध શબ્દનો પ્રયોગ કર્યો છે. મંગલની કામનાવાળા આચાર્યે (કાત્યાયને) મહાન્ એવા વ્યાકરણશાસ્ત્રની નિર્વિઘ્ને સમાપ્તિ થાય એટલા માટે सिद्ध શબ્દનો પહેલાં પ્રયોગ કર્યો છે. શ્રુતિવાક્ય પણ છે કે मङ्गलादीनि हि शास्त्राणि प्रथन्ते वीरपुरुषाणि च भवन्ति, आयुष्मत्पुरुषाणि चाध्येतारश्च सिद्धार्था यथा स्युरिति॥ વળી, ૨. માની લો કે અસંદેહાર્થે વાર્ત્તિકકારે नित्य શબ્દ અહીં વાપર્યો હોય, તો પણ તે नित्य શબ્દ હમેશાં કૂટસ્થ–અવિચલ અર્થ આપનારો જ હોત એમ કહી શકાય એવું નથી. કારણ કે नित्य શબ્દ ક્યારેક આભીક્ષ્ણ્ય (= વારંવાર પુનરાવૃત્તિ) અર્થમાં પણ વપરાતો જોવા મળે છે. જેમકે, नित्यप्रहसितः । नित्यप्रजल्पित इति। 'વારંવાર હસનારો છે, વારંવાર બબડાટ કરનારો છે.' આમ 'नित्य' શબ્દ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પણ જો નિત્ય અર્થમાં અને અનિત્ય અર્થમાં વપરાતો જોવા મળતો હોય તો, नित्ये शब्दार्थसम्बन्धे । એવું વાર્ત્તિક લખ્યું હોત તો પણ મારે (પતંજલિએ) વ્યાખ્યાન કરવાની જરૂર રહેત જ (કે, આ વાર્ત્તિકમાં વપરાયેલો નિત્ય શબ્દ કૂટસ્થ—અવિચલ અર્થમાં વાપર્યો છે; આભીક્ષ્ણ્ય અર્થનો તે અહીં વાચક નથી). માટે મંગલાર્થે અહીં સિદ્ધ શબ્દ જ વાપર્યો છે એમ માનવું ઉચિત છે.

*

सिद्धे शब्दार्थसम्बन्धे । એવા વાર્ત્તિકનો सिद्धे शब्दे, अर्थे सम्बन्धे च ।' એવો વિગ્રહ કરવામાં આવ્યો છે. હવે, અહીં સિદ્ધ શબ્દનો અર્થ 'નિત્ય' કરવામાં આવ્યો છે; તેથી શિષ્યને એ જિજ્ઞાસા થાય છે કે પદાર્થ (= પદના અર્થ રૂપે) તરીકે જે જાતિ, વ્યક્તિ કે આકૃતિ (આકાર)નો બોધ થાય છે,[1] તેમાંથી—તે ત્રણમાંથી કોણ નિત્ય છે કે જેને પદાર્થ માનીને આવો (=सिद्धे शब्दे अर्थे सम्बन्धे च ।) વિગ્રહ કરવામાં આવે છે ?

પતંજલિ કહે છે કે પદના અર્થ તરીકે ૧. જે જાતિનો બોધ થાય છે, તેને નિત્ય માનીને ઉપર્યુક્ત વિગ્રહ કરવામાં આવ્યો છે; ૨. જે દ્રવ્ય = વ્યક્તિનો બોધ થાય છે, તેને નિત્ય માનીને ઉપર્યુક્ત વિગ્રહ કરવામાં આવ્યો છે; તથા ૩. જે આકૃતિ (= અવયવસંસ્થાન = આકાર)નો બોધ થાય છે, તેને પણ નિત્ય માનીને ઉપર્યુક્ત વિગ્રહ કરવામાં આવ્યો છે. આ મુદ્દાને જરા વિગતે સમજીશું.

૧. પદના અર્થ તરીકે જાતિનો બોધ થાય છે એમ માનીશું ત્યારે सिद्धे शब्दे अर्थे सम्बन्धे च । એવો વિગ્રહ થઈ શકશે. કારણ કે જાતિ નિત્ય હોય છે (અને દ્રવ્ય = વ્યક્તિ અનિત્ય હોય છે) એ વિશે સૌ સમ્મત છે. એથી 'નિત્ય' અર્થવાળા સિદ્ધ શબ્દનો શબ્દ, અર્થ અને સમ્બન્ધ જોડે અન્વય થશે ત્યારે તે વિગ્રહનો અર્થ આ પ્રમાણે થશે – "શબ્દો જ્યારે નિત્ય છે ત્યારે, અર્થો જ્યારે નિત્ય છે ત્યારે અને સમ્બન્ધ નિત્ય છે ત્યારે (આ પાણિનીય વ્યાકરણશાસ્ત્રનો આરંભ કરવામાં આવ્યો છે.)"

૨. પદના અર્થ તરીકે દ્રવ્ય(વ્યક્તિ)નો બોધ થાય છે એમ માનીશું ત્યારે—

(क) <u>सिद्धे शब्दे अर्थसम्बन्धे च</u> । એવો વિગ્રહ કરવો પડશે[2] એટલે કે

---

૧. जात्याकृतिव्यक्तयः पदार्थः । ૨-૨-૬૫ એવું ગૌતમનું ન્યાયસૂત્ર છે.

૨. આ વિગ્રહમાં (अर्थवताम् शब्दानाम्) अर्थैः सह सम्बन्धः । એવા અર્થમાં અર્થને સમ્બન્ધનું વિશેષણ બનાવી દેવામાં આવ્યો છે. કારણ કે દ્રવ્ય (વ્યક્તિ)ને પદાર્થ માનીએ તો (અને સિદ્ધનો અર્થ 'નિત્ય' કરવાનો હોય તો) અર્થ (= વસ્તુ, વ્યક્તિ) તો નિત્ય હોતી નથી. માટે અર્થસમ્બન્ધેમાં અર્થને વિશેષણ બનાવી દેવામાં આવે છે/ દેવો પડે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

"શબ્દો નિત્ય છે ત્યારે, અને અર્થની સાથેનો સંબંધ નિત્ય (હોય) છે ત્યારે (આ પાણિનીય વ્યાકરણશાસ્ત્રનો આરંભ કરવામાં આવ્યો છે." કારણ કે દ્રવ્યને નિત્ય માનવાનું હોય અને સિદ્ધ શબ્દનો અર્થ 'નિત્ય' કરવાનો હોય તો, सिद्धे (द्रव्यवाचके) शब्दे (इदं लक्षणं प्रवृत्तम्) = દ્રવ્યના વાચક શબ્દો નિત્ય છે ત્યારે" એવો વિગ્રહ તર્કસંગત બની રહે છે. પરંતુ सिद्धे अर्थे એમ બોલી શકાતું નથી (= એવો વિગ્રહ થઈ શકતો નથી), કારણ કે અર્થ = વસ્તુ = દ્રવ્ય તો હકીકતમાં અનિત્ય હોય છે, આથી अर्थे (= દ્રવ્ય - વસ્તુ) नित्ये सति (इदं लक्षणं प्रवृत्तम्) એવો વિગ્રહ અતાર્કિક બની રહે છે. આથી પતંજલિએ सिद्धे (नित्ये) अर्थसम्बन्धे । એવો વિગ્રહ કર્યો છે.[१]

(ख) અથવા, પદનો અર્થ દ્રવ્ય થાય છે એમ માનીશું ત્યારે પણ सिद्धे शब्दे अर्थे सम्बन्धे च । એવો જ વિગ્રહ કરીશું. કારણ કે દ્રવ્યને પણ નિત્ય સાબિત કરી શકાય છે. [જેમ કે, "દ્રવ્ય જ નિત્ય છે. અને આકૃતિ (આકાર) અનિત્ય છે." દા.ત. સુવર્ણપિંડની આકૃતિ (આકાર) ને તોડીને, તેમાંથી રુચક બનાવવામાં આવે છે. પછી રુચકને ઓગાળીને (રુચકોની આકૃતિ તોડીને) તેમાંથી કટકાકૃતિ બનાવાય છે, વળી તે કટકાકૃતિને તોડીને તેમાંથી સ્વસ્તિકાકૃતિ બનાવાય છે. આમ આકૃતિ જ એકમાંથી બીજી બન્યા કરે છે; પણ સુવર્ણદ્રવ્ય તો એનું એ જ રહે છે. માટે દ્રવ્યને નિત્ય કહેવું પડશે અને આકૃતિ (આકાર) ને અનિત્ય કહેવી પડશે], આથી પદનો અર્થ દ્રવ્ય થતો હશે ત્યારે અને સિદ્ધ શબ્દનો અર્થ 'નિત્ય' કરવાનો હશે ત્યારે પણ सिद्धे शब्दे अर्थे (= द्रव्ये) सम्बन्धे च । એવો વિગ્રહ સુસંગત ઠરશે.

---

१. अर्थसम्बन्धे चेति । द्रव्यपक्षे द्रव्यस्यानित्यत्वादर्थग्रहणं सम्बन्धविशेषणार्थमुपात्तम् ॥ अनित्येऽर्थे कथं सम्बन्धस्य नित्यतेति चेद्, योग्यतालक्षणत्वात्सम्बन्धस्य । तस्याश्च शब्दाश्रयत्वाच्छब्दस्य च नित्यत्वाददोषः॥ (प्रदीपः) 'नन्वेवमर्थग्रहणं व्यर्थमत आह– द्रव्यपक्षे इति योग्यता बोधजनकत्वायोग्यता तादात्म्यम्। तदुक्तं भाष्ये नित्यो ह्यर्थवता-मिति। शब्दानामित्यर्थः ॥ ननु तादात्म्यस्य सम्बन्धत्वे कथं तस्य नित्यत्वमिति चेन्न । नष्टभाविवस्तुनोऽपि शब्देन बोधाद्बौद्धार्थेन तस्य तादात्म्यं नित्यमित्याशयात् । शब्दवृत्तिधर्मस्यैवार्थवृत्तिधर्माभेदमापन्नस्य तादात्म्यत्वेनादोषाच्च ॥ (उद्द्योतः) અર્થાત્ દ્રવ્ય અનિત્ય હોવાથી અર્થ ને સમ્બન્ધનું વિશેષણ બનાવવામાં આવેલ છે. પરંતુ અનિત્ય અર્થો–વસ્તુઓની સાથે શબ્દોનો સંબંધ નિત્ય કેવી રીતે હોઈ શકે ? એવો પ્રશ્ન થાય છે. તેનો જવાબ એ છે કે શબ્દમાં અર્થબોધનની યોગ્યતા સહજ છે. આ યોગ્યતા એટલે શબ્દનો અર્થની સાથે તાદાત્મ્ય સંબંધ. આવો સંબંધ અર્થ અનિત્ય હોવા છતાંય અનિત્ય હોતો નથી. નષ્ટ અને ભવિષ્યમાં ઉત્પન્ન થનાર વસ્તુઓ પણ શબ્દથી જ બોધ થતો હોઈ બૌદ્ધ અર્થની સાથે સંબંધ નિત્ય થઈ શકે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩. પદના અર્થ તરીકે આકૃતિ (અવયવસંસ્થાન—આકાર)નો બોધ થાય છે એમ માનીશું ત્યારે પણ सिद्धे शब्दे अर्थे सम्बन्धे च । એવો વિગ્રહ થઈ શકશે. કારણ કે પદના અર્થ તરીકે જે (આકૃતિ = આકાર) નો બોધ થાય છે, તે આકૃતિ (પણ) નિત્ય છે એવું સાબિત કરી શકાય છે. જેમકે, એક કટક કે એક રુચકને ઓગાળી નાખવાથી બીજા કટક કે બીજા રુચકમાં રહેલી તે તે આકૃતિ નાશ પામી ગઈ હોતી નથી.[1] द्रव्यान्तरમાં તો તેની ઉપલબ્ધિ થાય છે જ. આથી જો પદનો અર્થ આકૃતિ (આકાર) થતો હોય, અને सिद्धનો અર્થ 'નિત્ય' લેવાનો હોય તો પણ ઉપર્યુક્ત વિગ્રહ કરી શકાશે. [અહીં જો કોઈને પ્રશ્ન થાય કે આકૃતિ = આકારને 'નિત્ય' કેવી રીતે સિદ્ધ કરી શકાય ? તો પતંજલિ કહે છે કે "જે કૂટસ્થ, અવિચલ, અનપાયી વગેરે હોય તેને જ નિત્ય કહેવાય" એવું જ લક્ષણ કરવાની જરૂર નથી. "જેમાં તત્ત્વ (= તે પણાનો ભાવ) નાશ ન પામતું હોય તેને પણ નિત્ય કહેવાય" એવું પણ નિત્યનું લક્ષણ કરી શકાય. એ મુજબ આકૃતિમાં પણ તત્ત્વનો નાશ થવાનો નથી. (અહીં સંભવતઃ પતંજલિએ 'આકૃતિ'નો અર્થ જાતિ કરી નાખ્યો લાગે છે.) માટે આકૃતિને પણ નિત્ય કહી શકાય.]

આમ પતંજલિએ પદના અર્થ તરીકે જે જાતિ, વ્યક્તિ કે આકૃતિ (આકાર)નો બોધ થાય છે તે ત્રણેયને નિત્ય દર્શાવીને/ગણીને[2] सिद्धे शब्दार्थसम्बन्धे એવા વાર્ત્તિકનો सिद्धे शब्दे अर्थे सम्बन्धे च । એવો વિગ્રહ કરવાનો છે એમ જાહેર કર્યું છે. (એક તબક્કે પતંજલિએ એમ પણ કહ્યું છે કે જાતિને નિત્ય માનવી કે દ્રવ્યને નિત્ય માનવું કે આકૃતિ (આકાર)ને નિત્ય માનવી એ અંગે મતભેદો હોઈ શકે, અને તે મતભેદો ભલે રહ્યા. જેને જે નિત્ય માનવું હોય તે માને, પણ વિગ્રહ તો ઉપર મુજબ જ થશે.) અહીં सिद्ध શબ્દનો અર્થ નિત્ય કરવાનો છે એમ તો પૂર્વે કહી ચૂક્યા છે. હવે, બીજો મુદ્દો એ ઉમેરવાનો છે કે આ सिद्ध શબ્દ शब्दार्थसम्बन्धे એવા દ્વન્દ્વ સમાસની આગળ આવેલો છે માટે <u>द्वन्द्वादौ द्वन्द्वान्ते द्वन्द्वसमीपे च श्रूयमाणं पदं प्रत्येकम्</u> अभिसम्बध्यते । એ નિયમાનુસાર, सिद्ध

---

૧. (क) આશ્રયપ્રવાહ અવિચ્છિન્ન ગણીને, આ આકૃતિ (આકાર)ને પણ નિત્ય કહી છે.
   (ख) 'ઉદ્દ્યોત'માં નાગેશે અહીં 'આકૃતિ'નો અર્થ 'જાતિ' કર્યો છે તે ચિન્ત્ય છે. (જુઓ : કલા ૮)

૨. પતંજલિએ જાતિ, દ્રવ્ય અને આકૃતિ (આકાર) એ ત્રણેયને નિત્ય સાબિત કરેલ છે. પરંતુ તેમાં જાતિને કૂટસ્થ અવિચલ તરીકે નિત્ય માની છે, દ્રવ્યને અનપાયી પદાર્થ તરીકે (द्रव्यं पुनस्तदेव) નિત્ય સિદ્ધ કર્યું છે, અને આકૃતિ (અવયવસંસ્થાન—આકાર)માં પ્રવાહનિત્યતા (આશ્રયપ્રવાહની અવિચ્છિન્નતા)ને આગળ ધરીને (द्रव्यान्तरस्था तु उपलभ्यते) નિત્ય સિદ્ધ કરેલી છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શબ્દનો દ્વન્દ્વ સમાસના પ્રત્યેક પદની સાથે સંબંધ (અન્વય) કરવાનો રહેશે, જેમકે, सिद्धे शब्दे, सिद्धे अर्थे, सिद्धे सम्बन्धे च (इदं लक्षणम् प्रवृत्तम्) । "શબ્દો સિદ્ધ = નિત્ય છે ત્યારે, અર્થો નિત્ય છે ત્યારે અને તેમના સંબંધો પણ નિત્ય છે ત્યારે (એમ માનવામાં આવ્યું છે ત્યારે) પાણિનિનું આ વ્યાકરણશાસ્ત્ર પ્રવૃત્ત કરવામાં આવ્યું છે. આમ પાણિનીય વ્યાકરણનું આ ગૃહીત છે કે શબ્દો, અર્થો અને તેમના સંબંધો નિત્ય જ છે, અને આ ત્રણેય નિત્ય હોય તો જ વ્યાકરણશાસ્ત્ર લખવાનો અર્થ છે, નિત્ય છે માટે લખવું જરૂરી છે.

*

અહી જો કોઈને પ્રશ્ન થાય કે, પાણિનિએ શબ્દ, અર્થ અને સંબંધને નિત્ય માનીને આ વ્યાકરણશાસ્ત્ર શરૂ કર્યું છે" એમ તમે (કાત્યાયન) કહો છો તે તો સમજ્યા. પણ 'શબ્દો, અર્થો અને તેમના સંબંધો નિત્ય છે' એમ કેવી રીતે જાણ્યું? શબ્દ વગેરેને નિત્ય માનવા પાછળ કંઈ પ્રમાણ છે ખરું? તો કાત્યાયન કહે છે लोकतः (इदं सिद्धम्) લોકવ્યવહારને આધારે જણાય છે કે આ શબ્દ, અર્થ અને તેમનો સંબંધ નિત્ય છે, સિદ્ધ છે (–સાધ્ય, ઉત્પાદ્ય નથી). પતંજલિએ વાર્ત્તિકકારની આ વાત એક ઉદાહરણથી સમજાવી છે –

લોકની અંદર મનુષ્યો પોતાના વિવક્ષિત અર્થોને માટે યથેચ્છ શબ્દવ્યવહાર કરે છે. કારણ કે તેમને આ ભાષા તો અનાદિ–વૃદ્ધવ્યવહાર પરંપરાથી પ્રાપ્ત થયેલી છે. માટે કોઈ ભાષા ઘડવા બેસતું નથી. પરંતુ જે ઉત્પાદ્ય-કાર્ય પદાર્થો છે, તેમને તો તૈયાર કરવા / કરાવવા પડે છે. જેમકે, ઘડાથી જલાહરણની ક્રિયા કરવી છે. તો તમે કુમ્ભકારને ઘરે જઈને કહો છો કે ઘડો બનાવી આપો, (અમારે પાણી લાવવાનું કામ કરવું છે.)' પરંતુ કોઈ વ્યક્તિ ક્યારેય વૈયાકરણને ઘરે જઈને કહેતો નથી કે તમે થોડા શબ્દો બનાવી આપો, મારે તેને વાપરવા છે. કારણ કે દરેક વ્યક્તિને ભાષા તો સમાજ પાસેથી વારસામાં મળેલી જ હોય છે. આમ (ભાષા એટલે) શબ્દો, અર્થો અને તેમના સંબંધો તો સિદ્ધ જ છે; નિત્ય જ છે એવું લોકવ્યવહાર ઉપરથી જ દેખાઈ આવે છે.

*

હવે, જો શબ્દો, અર્થો અને તેમના સંબંધો નિત્ય હોય તો, આ વ્યાકરણ-શાસ્ત્રનું શું કાર્ય છે ? શાસ્ત્ર દ્વારા શું કરવામાં આવે છે ? એ પ્રશ્નો જવાબ આપવાનો રહેશે. આને માટે કાત્યાયને એક વાર્ત્તિક રજૂ કર્યું છે :

लोकतोऽर्थप्रयुक्ते शब्दप्रयोगे, शास्त्रेण धर्मनियमः । અર્થાત્ "લોકવ્ય-વહાર ઉપરથી જ સિદ્ધ થાય છે કે મનુષ્યો અર્થને નિમિત્તે (– અભિપ્રેત અર્થનો બોધ કરાવવા માટે) (વૃદ્ધપરંપરાથી પ્રાપ્ત થયેલા) શબ્દોનો (યથેચ્છ)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રયોગ કરે છે, એવી સ્થિતિમાં વ્યાકરણશાસ્ત્ર દ્વારા તો માત્ર 'ધર્મનિયમ' રજૂ કરવામાં આવે છે."

'ધર્મનિયમ' શબ્દને સમજાવતાં પતંજલિએ લખ્યું છે કે ૧. धर्माय नियमो धर्मनियमः । २. धर्मार्थो नियमो धर्मनियमः । ३. धर्मप्रयोजनो वा नियमो धर्मनियमः। એટલે કે ૧. ધર્મને માટેનો નિયમ, ૨. ધર્મરૂપ નિયમ અથવા ૩. ધર્મ છે પ્રયોજન (પ્રયોજક) જેનું તેવા નિયમને "ધર્મનિયમ" કહેવાય છે. પાણિનીય વ્યાકરણશાસ્ત્ર દ્વારા આવો (ત્રિવિધ) ધર્મનિયમ રજૂ કરવામાં આવે છે.

જેવી રીતે લૌકિક વ્યવહારોમાં અને વૈદિક વ્યવહારોમાં અમુક ધર્મનિયમો જોવા મળે છે, (તેવી રીતે વ્યાકરણશાસ્ત્રથી પણ અમુક ધર્મનિયમ રજૂ કરવામાં આવે છે.) દા.ત. (क) સ્મૃતિગ્રન્થો દ્વારા ભક્ષ્ય-અભક્ષ્યનો નિયમ રજૂ કરવામાં આવ્યો છે. જેમકે, "ગામનો કૂકડો અને ગામનો સૂવ્વર અભક્ષ્ય છે (અને જંગલનો કૂકડો કે સૂવર ભક્ષ્ય છે)" હવે, ભૂખ લાગી હોય તો કૂતરા-કૂકડા વગેરેમાંથી ગમે તેનું માંસ ખાઈને પણ ભૂખ મટાડી શકાય છે. એટલે કે ક્ષુધા શાન્ત કરવા ગમે તે ખાઈ શકાય છે. પણ આપણે ગમે તે ખાતા/ખાઈ લેતા નથી. આપણે સ્મૃતિ વચનાનુસાર ભક્ષ્ય-અભક્ષ્યનો નિયમ ધ્યાનમાં લઈને, કેવળ જે (જંગલનો કૂકડા કે સૂવર) ભક્ષ્ય પદાર્થો ગણાયા હોય તે જ ખાઈએ છીએ: એ જ પ્રમાણે સાધુ (સંસ્કૃત) શબ્દોથી પણ અર્થબોધ કરાવી શકાય છે અને અસાધુ (પ્રાકૃત-વ્યાકરણ સમ્મત નહીં તેવા) શબ્દોથી પણ અર્થબોધ તો કરાવી શકાય છે. પરંતુ વ્યાકરણશાસ્ત્ર જે 'ધર્મનિયમ' જાહેર કરે છે (કે અમુક સાધુ શબ્દોથી જ શ્રોતાને અર્થબોધ કરાવવો; અસાધુ શબ્દોથી નહીં), તેનું પાલન કરવાથી અભ્યુદય (=ધર્મ)ની પ્રાપ્તિ થાય છે. આમ લૌકિક વ્યવહારોમાં ધર્મનિયમ જોવા મળે છે.

(ख) હવે, વૈદિક વ્યવહારોમાં જે ધર્મનિયમ જોવા મળે છે તેનું ઉદાહરણ જોઈશું. યજ્ઞક્રિયા દરમિયાન જમીનમાં એક યૂપ ખોડવાનો હોય છે. આ યૂપ (=યજ્ઞશાળામાં બલિનો પશુ બાંધવા માટેનો એક થાંભલો) બિલાના ઝાડનો અથવા ખાખરાના ઝાડનો હોવો જાઈએ એવું શ્રૌતગ્રન્થોમાં કહ્યું છે. હવે પશુને બાંધવાનું જ કામ લેવાનું હોય તો ગમે તે ઝાડનો (અને તેય છોલેલો કે છોલ્યા વિનાનો) થાંભલો ચાલી શકે; એ બિલાનો કે ખાખરાનો જ હોવો અનિવાર્ય નથી. છતાંય ત્યાં વેદવચનથી એનો જ આગ્રહ સેવવામાં આવ્યો છે. એટલે કે ધર્મનિયમ કરવામાં આવ્યો છે. તેથી બિલાનો કે ખાખરા સિવાયનો યૂપ વાપરવામાં આવતો નથી. બિલાનો કે ખાખરાનો યૂપ વાપર્યો હોય તો તેનાથી ધર્મની—અભ્યુદયથી પ્રાપ્તિ થાય છે. એ જ પ્રમાણે સાધુ શબ્દો અને અસાધુ શબ્દોમાંથી ગમે તે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકારના શબ્દો વાપરીએ તો'ય અર્થાવગતિ–શ્રોતાને અર્થબોધ તો એકસરખો જ થાય છે. (गौः गच्छति । બોલો કે ગાવી/ગોણી ગછછથી । બોલો, પણ અર્થ તો એક જ સરખો સમજાય છે.) પરન્તુ વ્યાકરણનું કાર્ય જ એ છે કે, તે આવી સ્થિતિમાં ધર્મનિયમ કરે છે. જેમકે, "સાધુ (વ્યાકરણ સમ્મત) શબ્દોથી જ અર્થબોધ કરાવવો; અપશબ્દો/અસાધુ શબ્દોથી નહીં. અને આવું કરવાથી જ અભ્યુદયની પ્રાપ્તિ થાય છે."

વૈયાકરણોએ એ વાત તો સ્પષ્ટ રીતે કબૂલી છે કે અર્થબોધ તો સાધુ શબ્દોથી પણ કરાવી શકાય છે અને અસાધુ શબ્દોથી પણ કરાવી શકાય છે." પ્રાકૃત = વ્યાકરણથી સમ્મત નહીં તેવા શબ્દો વાપરવાથી અર્થબોધ થતો નથી' એવું અસત્ય તેમણે કદાપિ ઉચ્ચાર્યું નથી. વૈયાકરણોનું તો એટલું જ કહેવું છે કે વ્યાકરણને/થી સમ્મત એવા સાધુ શબ્દો વાપવાથી અર્થબોધ કરવવા ઉપરાંત ધર્મોત્પત્તિ પણ થાય છે, અભ્યુદયની સિદ્ધિ થાય છે. આમ પ્રસ્તુત પાણિનીય વ્યાકરણશાસ્ત્ર વડે ધર્મનિયમ રજૂ કરવામાં આવે છે કે 'સાધુ શબ્દોથી જ અર્થબોધ કરાવવો; અસાધુ શબ્દોથી નહીં" આવો 'ધર્મનિયમ' રજૂ કરવો તે જ વ્યાકરણનું કાર્ય છે.[1]

[૭]

લોકમાં અપ્રયુક્ત શબ્દો વિષે વૈયાકરણોનો અભિગમ

અગાઉ વાર્તિકમાં (लोकतोऽर्थप्रयुक्ते शब्दप्रयोगे शास्त्रेण धर्मनियमः । તેમાં) કહ્યું કે અર્થબોધ કરાવવા માટે જે (સાધુ કે અસાધુ) શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે, (તેમાંથી સાધુ શબ્દોનો જ પ્રયોગ કરવો; અસાધુ શબ્દોનો

---

૧. एवमिहापि समानायामर्थावगतौ शब्देन चापशब्देन च ।
धर्मनियमः क्रियते–शब्देनैवार्थोऽभिधेयो नापशब्देन इति ॥
एवं क्रियमाणमभ्युदकारि भवतीति ॥ – पतञ्जलिः पस्पशाह्निके
આ જ મુદ્દાને ભર્તૃહરિએ પણ 'વાક્યપદીય'માં કહ્યો છે :
असाधुरनुमानेन वाचकः कैश्चिदिष्यते ।
वाचकत्वाविशेषे वा नियमः पुण्यपापयोः ॥ – वा.प. ३-३-३०

અર્થાત્ નૈયાયિકોએ અસાધુ શબ્દોને અર્થના (સીધા) વાચક ગણ્યા નથી. તેમના મતે અસાધુ શબ્દોના શ્રવણથી શ્રોતા સાધુ શબ્દોનું અનુમાન કરે છે, અને તે રીતે તે (અસાધુ શબ્દો) પરોક્ષ તથા અર્થના વાચક બને છે. પરંતુ વૈયાકરણો કહે છે કે સાધુ શબ્દો અને અસાધુ શબ્દો અર્થના વાચક બનવા બાબતે એકસરખા છે. (એટલે કે બંને પ્રકારના શબ્દોથી અર્થબોધ તો – સીધેસીધો-પ્રત્યક્ષતયા એકસરખો જ કરાવી શકાય છે.) પરંતુ તે બેમાં ફરક એટલો જ છે કે સાધુ શબ્દો વાપરવાથી પુણ્ય થાય છે અને અસાધુ શબ્દો વાપરવાથી પાપ લાગે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નહીં તેવો) તેમાં ધર્મનિયમ કરવામાં આવ્યો છે. અહીં 'સાધુ શબ્દોના પ્રયોગમાં ધર્મ રહેલો છે' એવું સાંભળીને શિષ્યને (કે કોઈ પૂર્વપક્ષીને) પ્રશ્ન થાય છે કે પ્રયોગને આધારે જ (– જો અમુક શબ્દો વપરાતા હોય તો જ) તે તે શબ્દોના સાધુત્વનો નિર્ણય કરવામાં આવતો હોય તો, શું જે કેટલાક શબ્દો (દા.ત ऊष । तेर । चक्र । पेच । વગેરે) સમ્પ્રતિ વપરાતા જ નથી, તેમને સાધુ ગણવાના નથી ? આ (પૂર્વપક્ષને કે) શિષ્યની શંકાને अस्त्यप्रयुक्तः । એવા વાર્તિકથી રજૂ કરવામાં આવી છે.

આ જ શંકાને બીજા શબ્દોમાં કહીએ તો–પ્રયોગ બાબતે જ, જો આ વ્યાકરણસ્મૃતિથી ધર્મનિયમ રજૂ કરવા માટે શબ્દોનું અનુશાસન લખવામાં આવ્યું હોય તો જે શબ્દો 'છે' છતાં આજકાલ લોકમાં વપરાતા નથી, અપ્રયુક્ત છે. તેમને આ શબ્દાનુશાસનમાંથી (અસાધુ ગણીને) કાઢી નાખવામાં આવશે, કે (સાધુ ગણીને) તેમનું પણ અન્વાખ્યાન કરવામાં આવશે ?

સિદ્ધાન્તી ભાષ્યકારે (પતંજલિએ) આ પ્રશ્નનો જવાબ અનેક રીતે આપ્યો છે:

૧. અર્થવિશેષનો બોધ કરાવવા માટે શબ્દો પ્રયોજાતા હોય છે. આથી જે શબ્દોના અર્થો મળતા હોય તે શબ્દો 'વપરાતા નથી (અપ્રયુક્ત છે) એમ કહી શકાય નહીં. આમ ऊष, तेर, चक्र, पेच । વગેરે શબ્દોના અર્થો (મળે) છે, માટે શબ્દો અપ્રયુક્ત (પ્રયોગબાહ્ય) ગણાય નહીં. (अस्त्यप्रयुक्त इति चेन्नार्थे शब्दप्रयोगात्।)

૨. વળી, આ (ઉષ, तेर વગેરે) શબ્દોનો આજકાલ પ્રયોગ જોવા મળતો નથી, તે પણ ન્યાય્ય (ઉચિત) છે/સકારણ છે. આ ऊष । વગેરે શબ્દોના જે અર્થો છે, તે અર્થોનો બોધ કરાવવા માટે આજકાલ નવા શબ્દો વપરાવા લાગ્યા છે. દા.ત. (अप्रयोगः प्रयोगान्यत्वात्)

(क) ऊष । ને બદલે તે જ અર્થનો બોધ કરાવવા क्व यूयम् उषिताः। વપરાય છે.

(ख) तेर । ને બદલે તે જ અર્થમાં क्व यूयं तीर्णाः । વપરાય છે.

(ग) चक्र । ને બદલે તે જ અર્થમાં क्व यूयं कृतवन्तः । વપરાય છે.

(घ) पेच । ને બદલે, તે જ અર્થમાં क्व यूयं पक्ववन्तः વપરાય છે.

ભાષા એ સતત વહેતા નદીના જલપ્રવાહ જેવી હોય છે. તેમાં સતત પરિવર્તન આવતું હોય છે. પતંજલિ પણ ભાષામાં આવતા આવા પરિવર્તનથી સભાન છે અને તેની નોંધ તેમણે લીધી છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩. જેવી રીતે કેટલાક યજ્ઞો સો વર્ષ સુધી ચાલનારા હોય છે, તો બીજા કેટલાક એક હજાર વર્ષ સુધી ચાલનારા હોય છે.[૧] આવાં દીર્ઘસત્રોનું આયોજન આજકાલ કોઈ કરતું કે કરાવતું નથી. તથાપિ પૂર્વમીમાંસાનો અધ્યેતા 'ઋષિઓએ ઊભો કરેલો આ સમ્પ્રદાય છે અને તેના અધ્યયનથી તથા જ્ઞાનમાત્રથી જ ધર્મ થશે–પુણ્ય મળશે, એમ' માનીને તેનો અભ્યાસ કરે જ છે. તેવી રીતે ऊष । तेर। चक्र। पेच । જેવા શબ્દો ભલે આજે ન વપરાતા હોય, પણ તેવા શબ્દોની વ્યાકરણમાં બતાવવામાં આવેલી પ્રક્રિયા શીખવામાત્રથી ય ધર્મની પ્રાપ્તિ થાય છે. માટે શાસ્ત્ર દ્વારા તેનું જ્ઞાન કરવું જ જોઈએ. (अप्रयुक्ते दीर्घसत्रवत्)

૪. વળી, આ ऊष । तेर । चक्र । पेच । જેવા શબ્દો અહીં નહીં વપરાતા હોય, તો બીજે ક્યાંક–દેશાન્તરમાં તો વપરાતા જ હશે. શિષ્યને (કે પૂર્વપક્ષીને) જો આ શબ્દો ન મળતા હોય તો તેને શોધવા પ્રયત્ન કરવો જોઈએ. શબ્દનો પ્રયોગવિષય (ભૂગોળ) ઘણો મોટો હોય છે. જેમકે, સાત દ્વીપોવાળી પૃથ્વી, ત્રણ લોક, ચાર વેદ, છ વેદાંગ, ઉપનિષદ્ રૂપી રહસ્યો સહિત અનેક પ્રકારે વહેંચાયેલી એક સો એક જેટલી તો યજુર્વેદની શાખાઓ છે, સામવેદની ૧૦૦૦ શાખા છે, બહ્વૃચોનો (ઋગ્વેદ) ૨૧ શાખાવાળો છે. અથર્વવેદની નવ શાખા છે, વાકોવાક્ય રૂપ પ્રશ્નોત્તર ગ્રન્થ, રામાયણ–મહાભારત જેવા ઈતિહાસગ્રંથો, પુરાણો, આયુર્વેદ વગેરે આટલા મોટા ક્ષેત્રમાં શબ્દો વપરાય છે. આ બધાય ગ્રન્થો, જોયા/વાંચ્યા વિના અમુક શબ્દો 'છે' છતાં વપરાતા નથી' એવું કહેવું તે તો માત્ર સાહસ (મૂર્ખામી) છે. (सर्वे देशान्तरे)

પતંજલિ ઉમેરે છે કે શિષ્યે (અથવા પૂર્વપક્ષીએ) જે શબ્દો વપરાતા નથી એમ કહ્યું છે તે શબ્દો ક્યાં વપરાયા છે ? એમ જો જાણવું હોય તો જુઓ આ રહ્યાં તેમનાં પ્રયોગસ્થળો :

(૧) सप्तास्ये रेवती रेवदूष । – ऋ० ४–५१–४
यद्वो रेवती रेवत्यं तदूष ।

(२) यन्मे नरः श्रुत्यं ब्रह्म चक्र ।
यत्रा नरचक्रा जरसं तनूनाम् । – ऋ० १–८९–१

શબ્દોના પ્રયોગ બાબતે પતંજલિએ બીજું પણ એક ભાષાશાસ્ત્રીય સત્ય પ્રકટ કરતાં લખ્યું છે કે (જેમ ભાષામાં ૧. ધ્વનિવિકારને કારણે, ૨. એક પ્રયોગને

૨૬. दीर्घसत्त्राणि वार्षशतिकानि वार्षसहस्रिकाणि च । એવા ભાષ્યવચનને સમજાવતાં નાગેશે લખ્યું છે કે वर्षशब्दो दिवसपरः । यथाश्रुत एव वा ॥ (उद्द्योतः) આમ 'સો વર્ષ સુધી ચાલનારા'નો અર્થ 'સો દિવસ ચાલનારા' એવો પણ કરી શકાય.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સ્થાને પ્રયોગાન્તરનું પ્રચલન થવાને કારણે પરિવર્તન આવે છે; તેમ) ૩. ક્યારેક અર્થસંકોચ, અર્થપરિવર્તન કે સીમિત આ મર્યાદિત દેશમાં જ પ્રયોગ થતો જોવા મળે એવું પણ થતું હોય છે. દા.ત.

૧. शवति । એવું ક્રિયાપદ 'ગતિ' અર્થમાં કેવળ કમ્બોજમાં જ આજકાલ વપરાય છે. હવે આ જ ક્રિયાપદ ઉપરથી વિકાર અર્થમાં સાધવામાં આવેલો શવ (શબ) એવો શબ્દ ('જતું રહેલું' અર્થમાં) આર્યો વાપરે છે.

૨. √हम्म् । ધાતુ કેવળ સૌરાષ્ટ્રમાં બોલાય છે; √रंह ધાતુ પૂર્વના અને મધ્યના દેશોમાં જ બોલાય છે, તો વળી આર્યો કેવળ √गम् ધાતુનો જ પ્રયોગ કરે છે.

૩. दाति (लुनाति, લણે છે, કાપે છે અર્થમાં) ક્રિપાપદ પૂર્વમાં વપરાય છે. તો એ જ ધાતુ ઉપરથી સાધવામાં આવેલું કુદન્ત નામ—दात्रम् એવો શબ્દ જ કેવળ ઉત્તરના પ્રદેશોમાં વપરાય છે.

આમ ઉપર્યુક્ત ચર્ચા દ્વારા પતંજલિએ એ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો કે ऊष । तेर । चक्र । पेच । વગેરે શબ્દોના ૧. અર્થો મળે છે, ૨. તે વેદમાં વપરાયા પણ છે, ૩. અને આજે પણ પ્રયોગાન્તર રૂપે (ऊषને उषिता રૂપે) મળે છે. માટે "આ શબ્દો અપ્રયુક્ત છે, અને અપ્રયુક્ત હોવાને કારણે તેઓ અસાધુ છે તથા વ્યાકરણમાં તેમનું અન્વાખ્યાન કરવાની જરૂર નથી." એવું સ્વીકારી શકાતું નથી. વળી, ૪. દીર્ઘસત્રવત્ તેમનો અભ્યાસ પણ કરવો જોઈએ.

[૮]

સાધુ શબ્દોના જ્ઞાનમાં ધર્મોત્પત્તિ થાય છે કે પ્રયોગમાં ?

એક શ્રુતિવાક્ય સાંભળવા મળે છે કે एकः शब्दः सम्यग्ज्ञातः शास्त्रान्वितः सुप्रयुक्तः स्वर्गे लोके च कामधुग् भवति । "એક જ (સાધુ) શબ્દ, કે જે શાસ્ત્રા-ન્વિત (શાસ્ત્રસમ્મત) હોય તેને સમ્યગ્તયા જાણ્યો હોય અને સારી રીતે તેનો પ્રયોગ કર્યો હોય તો તે એક શબ્દ (જ) સ્વર્ગલોકમાં અને આ (પૃથિવી)લોકમાં કામધુગ્ (કામનાઓ પૂરી કરનાર) બની રહે છે." આથી એ જાણવાની ઈચ્છા થાય છે કે ધર્મોત્પત્તિ (પુણ્ય પ્રાપ્તિ) માટે –

૧. સાધુ શબ્દોનું (માત્ર) જ્ઞાન મેળવવું જ પૂરતું છે,

૨. સાધુ શબ્દોનો (કેવળ) પ્રયોગ કરવો જ જરૂરી છે, કે

૩. સાધુ શબ્દોનું જ્ઞાન અને પ્રયોગ એ બંને જરૂરી છે ?

(૧) સિદ્ધાન્તી ભાષ્યકાર પતંજલિનું માનવું છે કે સાધુ શબ્દોના કેવળ જ્ઞાનમાં જ ધર્મની (પુણ્યની) પ્રાપ્તિ થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરંતુ આ સિદ્ધાન્ત પક્ષનો સ્વીકાર કરવામાં શિષ્યને એક ભીતિ છે. જેમકે, જો સાધુ શબ્દોના (કેવળ) જ્ઞાનમાં જ ધર્મ થતો હશે તો, ધર્મની સાથે બહુ મોટો અધર્મ ઊભો થવાની પણ શક્યતા છે. કારણ કે સાધુ શબ્દોનું જ્ઞાન કરવા જતાં અસાધુ-અપશબ્દો પણ જાણવા જ પડે છે અને સાધુ શબ્દોની સંખ્યા અને અસાધુ-શબ્દોની સંખ્યાનો વિચાર કરીએ તો, એક गौः જેવા સાધુ શબ્દના ગાવી, ગોણી, ગોતા, गोपोतलिका । જેવા અનેક અપભ્રંશો—અસાધુ શબ્દો વપરાતા હોય છે. આમ થોડોક ધર્મ કરવા જતાં (થોડુંક પુણ્ય મેળવતાં) બહુ મોટો અધર્મ (મોટું પાપ) લાગવાની ભીતિ છે.

(૨) 'સાધુ શબ્દોનો (કેવળ) પ્રયોગ કરવામાં જ ધર્મોત્પત્તિ થાય છે' એવો બીજો પક્ષ પણ અહીં વિચારણીય છે. આચાર (અર્થાત શબ્દપ્રયોગ)ની બાબતમાં ઋષિઓએ એક નિયમનું પ્રદર્શન કરતાં કહ્યું છે કે तेऽसुरा हेलयो हेलय इति कुर्वन्तः पराबभूवुः । "તે અસુરોએ हे अरयः । हे अरयः । એમ સાધુ સંબોધન કરવાને બદલે) 'हेलयो हेलय' એવું અસાધુ-ઉચ્ચારણ કર્યું. આથી તેઓ દેવતાઓ સામે હારી ગયા." આમ અસાધુ શબ્દના પ્રયોગથી અનિષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે એવું દર્શાવીને ઋષિઓએ "સાધુ શબ્દોનો પ્રયોગ કરવામાં જ ધર્મોત્પત્તિ થાય છે" એવું સૂચવ્યું છે.

પતંજલિ કહે છે કે આ પક્ષ સ્વીકારી શકાય એમ નથી જ, કારણે કેવળ 'પ્રયોગમાં જ ધર્મ' માનવાથી જે લોકોએ વ્યાકરણ ભણવાનો પરિશ્રમ કર્યો છે તેમનો પ્રયત્ન અનર્થક બની જશે. અહીં વ્યાકરણ ભણ્યા વિના (સાધુ શબ્દોનું જ્ઞાન મેળવ્યા વિના) સાધુ શબ્દોના પ્રયોગમાં જે લોકો પ્રવીણ છે એમનો પણ (તેમને ધર્મ—પુણ્યપ્રાપ્તિ થવાથી) અભ્યુદય થઈ જશે એ બાબતની ઈર્ષ્યા નથી; પણ જે વ્યાકરણ ભણ્યા છે અને છતાંય સાધુ શબ્દોનો પ્રયોગ કરવામાં અપ્રવીણ રહી ગયા છે તેમનો વ્યાકરણ ભણવાનો પ્રયત્ન વ્યર્થ બની જશે એની પતંજલિને ચિન્તા છે ! કારણ કે એવું નથી કે જે ભણ્યા છે તે સમ્યગ્ પ્રયોગ કરશે જ (અને તેમનો પણ અભ્યુદય થશે જ.) અહીં તો એવું પણ જોવા મળે છે કે (વ્યાકરણ-શાસ્ત્રમાં) કૃતપ્રત્ન પણ, (સાધુ શબ્દોનો પ્રયોગ કરવાની બાબતમાં અપ્રવીણ હોય છે. (પતંજલિ વાસ્તવિકતાથી સુપરિચિત લાગે છે!) માટે વ્યાકરણ ભણનારના—સાધુ શબ્દોનું જ્ઞાન મેળવનારનો પ્રયત્ન વ્યર્થ ન જવો જોઈએ. (અને એટલે જ સિદ્ધાન્તી ભાષ્યકારનો આગ્રહ છે કે પહેલા પક્ષ મુજબ કેવળ સાધુ શબ્દોના જ્ઞાનમાં જ ધર્મોત્પત્તિ થાય છે' એવું માનવુ જોઈએ.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૩) પ્રથમ પક્ષમાં ૧. થોડોક ધર્મ મેળવવા જતાં બહુ મોટો અધર્મ ઊભો થવાની ભીતિ છે, અને દ્વિતીય પક્ષમાં ૨. વ્યાકરણ ભણનારનો પ્રયત્ન ક્યારેક વ્યર્થ જવાની ભીતિ છે. આથી પૂર્વપક્ષી ત્રીજું પક્ષાન્તર રજૂ કરે છે – સાધુ શબ્દોના કેવળ જ્ઞાનમાં પણ ધર્મ થતો નથી અને સાધુ શબ્દોના કેવળ પ્રયોગમાં પણ ધર્મ થતો નથી. ધર્મોત્પત્તિ માટે તો સાધુ શબ્દોનું જ્ઞાન અને સમ્યગ્ પ્રયોગ બંનેની જરૂર છે એમ કહેવું જોઈએ.

જેવી રીતે 'વેદશબ્દો' કહે છે કે योऽग्निष्टोमेन यजते, य उ चैनमेवं वेद। योऽग्निं नाचिकेतं चिनुते, य उ चैनमेवं वेद ॥ "જે અગ્નિષ્ટોમ યજ્ઞ કરે છે અને જે શાસ્ત્રપૂર્વક તે યજ્ઞ વિશે જાણે છે (તે જ અભ્યુદયથી યુક્ત થાય છે) તથા "જે નાચિકેત નામના અગ્નિનું ચયન કરે છે – યજ્ઞવેદીમાં સ્થાપે છે અને જે શાસ્ત્રપૂર્વક તે નાચિકેત અગ્નિનું જ્ઞાન મેળવે છે (તેને જ ધર્મની પ્રાપ્તિ થાય છે.)" આવા વેદશબ્દોને આધારે જણાય છે કે સાધુશબ્દોનું જ્ઞાન મેળવવું અને તેમનો પ્રયોગ કરવો એ બંને જરૂરી છે.[૧]

*

(વાર્ત્તિકસ્થ) 'વેદશબ્દ'ની બીજી પણ એક વ્યાખ્યા કરવામાં આવી છે. તદનુસાર જે વ્યક્તિ નિયમપૂર્વક વેદની સંહિતાઓને કંઠસ્થ કરે છે, અને સાથે સાથે તે દરેક મન્ત્રના અર્થ પણ જાણે છે તથા સ્વરસહિત ઉચ્ચારે છે (પ્રયોગ કરે છે) તેને જ વેદમન્ત્રો ફળ આપનાર બની રહે છે એવું જે કહેવામાં આવ્યું છે તેને આધારે આ ત્રીજો પક્ષ ઊભો થાય છે કે વ્યાકરણશાસ્ત્ર દ્વારા જે સાધુ શબ્દોને પહેલાં જાણે છે અને પછી તેમનો સમ્યક્ પ્રયોગ કરે છે, તે જ વ્યક્તિ અભ્યુદયથી યુક્ત થાય છે, તેને જ ધર્મોત્પત્તિ થાય છે.

*

પરન્તુ પતંજલિ આ ત્રીજા પક્ષાન્તરમાં પણ અરુચિ બતાવે છે, અને ફરી વખત જાહેર કરે છે કે અમારા મતે તો કેવળ સાધુ શબ્દોના જ્ઞાનમાં જ ધર્મોત્પત્તિ થાય છે. આ પહેલો પક્ષ જ સિદ્ધાન્ત પક્ષે સ્વીકાર્ય છે એનાં કારણો રજુ કરતાં તેઓ કહે છે કે –

(क) અમે (પતંજલિ વગેરે) વૈયાકરણો તો શબ્દને જ પ્રમાણ માનનારા છીએ એટલે કે શબ્દ(ના પ્રકૃતિ પ્રત્યય) માંથી જ નીકળતા/પ્રાપ્ત થતા અર્થને સ્વીકારનારા/પ્રમાણભૂત ગણનારા છીએ. આ દષ્ટિએ વાત્તિકકારે ज्ञाने धर्मः (भवति) ! એવા જે શબ્દો ઉચ્ચાર્યા છે તેમાંથી જે અને જેટલા અર્થ નીકળે છે

---

૧. शास्त्रपूर्वके प्रयोगेऽभ्युदयस्तत्तुल्यं वेदशब्देन ॥ – महाभाष्ये पस्पशाह्निकम्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તે એ જ છે કે 'સાધુ શબ્દોના જ્ઞાનમાં જ ધર્મોત્પત્તિ થાય છે. વાર્તિકકારના ઉપર્યુક્ત શબ્દોમાંથી એવો અર્થ નીકળતો નથી કે 'અપશબ્દોના જ્ઞાનથી અધર્મ પણ થાય છે.' વળી, જે (અસાધુ) શબ્દોનું અનુશાસન જ કરવામાં આવ્યું નથી (એટલે કે જે શબ્દો અશિષ્ટ છે) અને જે (અસાધુ) શબ્દોનો પ્રતિષેધ પણ કરવામાં આવ્યો નથી તે (અસાધુ શબ્દો)ના જ્ઞાનથી દોષ પણ લાગતો નથી અને અભ્યુદય પણ થતો નથી. જેવી રીતે હેડકી ખાવી, હસવું કે ખંજવાળવું વગેરે ક્રિયાઓ કરવાથી દોષ પણ લાગતો નથી અને પુણ્ય પણ થતું નથી. આમ પતંજલિ કહે છે કે સાધુ શબ્દોનું જ્ઞાન મેળવવા જતાં, અનિવાર્યપણે જે અસાધુ શબ્દો પણ જાણવા પડે.છે, તેનું જ્ઞાન નિર્દોષ છે.

(ख) અથવા સાધુ શબ્દોનું જ્ઞાન કરવામાં (મેળવવામાં) અપશબ્દોનું પહેલાં જ્ઞાન કરવું પડે છે તે જ સાચો ઉપાય છે. કારણ કે સાધુ શબ્દોના જ્ઞાનમાં અપશબ્દોનું જ્ઞાન સહકારી બને છે. गावी । गोणी । गोता । गोपोतलिका । વગેરે અસાધુ શબ્દોને જાણી લીધા હોય તો જ ખબર પડે કે આ સિવાયનો गौः શબ્દ જ સાધુ છે. આવા (गौः જેવા) સાધુ શબ્દોના જ્ઞાનથી ધર્મ (પુણ્ય) રૂપ ફલ ઉત્પન્ન થાય છે, અને તદ્ અંગભૂત (અનિવાર્યપણે જોડાયેલું) અપશબ્દોનું જ્ઞાન કોઈ અધર્મ રૂપ ફલ ઉત્પન્ન કરતું જ નથી.

(ग) અથવા (જો શિષ્યના મનમાં હજીય 'અપશબ્દોના જ્ઞાનથી ખૂબ અધર્મ થવાની' ભીતિ ચાલુ જ હોય તો પતંજલિ કહે છે–) કૂપ-ખાનક ન્યાયે અપશબ્દોના જ્ઞાનથી ઊભો થનારો અધર્મ જ્યારે સાધુ શબ્દોનું જ્ઞાન થશે ત્યારે ધોવાઈ જશે એમ ખાતરીપૂર્વક જાણવું. (જેવી રીતે કૂવો ખોદનારો માણસ પરસેવા અને કાદવ વગેરેથી ગંદો થઈ જાય છે. પણ જમીનમાંથી પાણી નીકળે ત્યારે તેમાં જ સ્નાન કરીને ચોખ્ખો થઈને બહાર આવે છે, તેવી રીતે સાધુ શબ્દોનું જ્ઞાન મેળવવા પ્રવૃત્ત થયેલો અભ્યાસી પહેલાં તો અપશબ્દોના જ્ઞાનથી અધર્મયુક્ત બને છે પણ જ્યારે સાધુ શબ્દોનું જ્ઞાન થાય છે ત્યારે તેનાથી જન્મેલા ધર્મથી તેના અધર્મનો નાશ થાય છે.)

આમ 'સાધુ શબ્દોના કેવળ જ્ઞાનમાં જ ધર્મોત્ત્પત્તિ થાય છે' એવા પૂર્વોક્ત પ્રથમ સિદ્ધાન્ત પ્રક્ષનું સમર્થન કરવામાં આવ્યું છે. પરંતુ અહીં એક ('સાધુ શબ્દોના પ્રયોગમાં ધર્મ છે' એમ કહેનાર) દ્વિતીય પક્ષની માન્યતા જે પુરાણકથાના આધાર ઉપર રચાઈ હતી તે અંગે એક સ્પષ્ટતા કરવાની બાકી છે : हेलयो हेलयः એવા અપશબ્દો બોલનારા અસુરોનો પરાજય થયો હતો એવી કથામાંથી 'સાધુ શબ્દોનો પ્રયોગ કરવામાં જ ધર્મોત્પત્તિ થાય છે' એવું જે સૂચન તારવ્યું છે, તે પણ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બરાબર નથી. કારણ કે યાજ્ઞિક ક્રિયાઓ દરમિયાન જ આવો પ્રયોગનિયમ હોઈ શકે. પતંજલિ બીજું એક ઉદાહરણ ટાંકે છે – જેમ કે, પહેલાંના વખતમાં 'યર્વાણ' અને 'તર્વાણ' નામના ઋષિઓ થઈ ગયા. તેઓને ધર્મ–વેદજ્ઞાન પ્રત્યક્ષ હતો. તેઓ સમાજમાં यद्वा नः । तद्वा नः । ને બદલે 'યર્વાણં' 'તર્વાણ' એમ બોલતા હતા (અને એથી જ લોકોએ તેમનું તેવું નામ પાડ્યું હતું !) પરંતુ આ ઋષિઓ જ્યારે યજ્ઞ કરાવવા બેસતા ત્યારે यद्वा नः । तद्वा नः । જ બોલતા, કદાપિ અસાધુ 'યર્વાણ, તર્વાણ' શબ્દો બોલતા નહીં. આથી તેમને અધર્મ પ્રાપ્ત નહોતો થતો. જ્યારે પેલા અસુરોએ તો યજ્ઞક્રિયા દરમિયાન જ हेलयो हेलयः એવો અસાધુ શબ્દ ઉચ્ચાર્યો હતો, માટે તેમનો પરાજય થયો હતો. આથી શબ્દપ્રયોગની બાબતમાં જે ધર્મનિયમ જોવા મળે છે, તે કેવળ યજ્ઞક્રિયાઓ પૂરતો સીમિત છે, અન્યત્ર આવો નિયમ નથી.

આમ પતંજલિના મતે પૂર્વોક્ત ત્રણેય પક્ષોમાંથી, માત્ર પહેલો પક્ષ જ સ્વીકાર્ય છે. આ પક્ષ મુજબ એવો નિર્ણય તારવવામાં આવે છે કે " સાધુ શબ્દોના કેવળજ્ઞાનમાં જ ધર્મોત્પતિ રહેલી છે. (પ્રયોગમાં નહીં)"

[૯]

'વ્યાકરણ' શબ્દનો અર્થ

પાણિનિનાં સૂત્રો ઉપર ભાષ્ય લખવાનું શરૂ કરે તે પહેલાં પતંજલિએ 'વ્યાકરણ' શબ્દનો શો અર્થ કરવો ? એ અંગે નીચે મુજબ વિચારણા કરી છે :

'વ્યાકરણ' એટલે (૧) (પાણિનિનાં) સૂત્ર, (૨) શબ્દો કે (૩) લક્ષ્ય અને લક્ષણનો સમુદાય.

આવા ત્રણ સંભવિત જવાબોમાંથી કયો જવાબ સ્વીકાર્ય હશે ? તે જાણવું રસપ્રદ બની રહેશે. (૧) સિદ્ધાન્તી ભાષ્યકારનું મન્તવ્ય છે કે 'વ્યાકરણ એટલે સૂત્ર'. પરંતુ પૂર્વપક્ષીને આ મત સ્વીકારવામાં બે આપત્તિ દેખાય છે, જેમકે, (क) 'વ્યાકરણ એટલે સૂત્ર' એમ જો માનીશું તો व्याकरणस्य सूत्रम् "વ્યાકરણનાં સૂત્રો" એવું જે બોલવામાં આવે છે તેમાં ષષ્ઠી વિભક્તિનો અર્થ બંધબેસતો નહીં થાય.[૧] કેમકે પષ્ઠી વિભક્તિ જ્યાં વપરાય ત્યાં સામાન્ય રીતે બે સંબંધી પદાર્થો

૨૮. સામાન્ય રીતે પષ્ઠી વિભક્તિનો પ્રયોગ 'સંબંધ' અર્થ કહેવા માટે થાય છે. આ સંબંધ જે બે સંબંધી પદાર્થો વચ્ચેનો કહેવાનો હોય છે, તે બે સંબંધી પદાર્થો પરસ્પરથી ભિન્ન હોય છે. દા.ત राज्ञः पुरुषः । 'રાજાનો (સેવક) પુરુષ' અહીં 'રાજા' અને 'સેવક' એવા બે સંબંધી પદાર્થો – વ્યક્તિઓ વચ્ચેનો સ્વ-સ્વામિભાવ સંબંધરૂપી અર્થ કહેવા માટે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થયો છે. અહીં જે–બે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વચ્ચે ભેદ રહેલો હોય છે; તે અહીં ('વ્યાકરણનાં સૂત્રો' એવા પ્રયોગમાં) જોવા મળતો નથી. એટલે કે (આ વ્યાકરણ જો સૂત્રાત્મક જ હોય તો) "સૂત્રથી ભિન્ન એવું શું/કયું વ્યાકરણ છે, કે 'જેનું તે સૂત્ર છે' એવું કહેવાય છે ? सूत्रे व्याकरणे षष्ठ्यर्थोऽनुपपन्नः । (ख) વળી, 'વ્યાકરણ એટલે સૂત્ર' એવો અર્થ કરીશું તો શબ્દોનું જ્ઞાન/બોધ થશે નહીં. કારણ કે આપણે (વ્યાખ્યાનાત્મક) વ્યાકરણથી જ શબ્દો સમજીએ છીએ; કેવળ સૂત્રોથી જ આપણે કદાપિ શબ્દો સમજી શકતા નથી.

**

આક્ષેપ કરનારો પૂર્વપક્ષી અહીં એ પણ સ્પષ્ટ કરે છે કે સૂત્રોથી તો શબ્દો સમજાતા નથી જ, પણ वृद्धिरादैच् १-१-१ જેવા સૂત્રને વિગૃહીત કરીને, वृद्धिः आत्, ऐच् રૂપે મૂકેલાં સૂત્રોથી પણ શબ્દો સમજાતા નથી, પરંતુ જ્યારે ઉદાહરણ પ્રત્યુદાહરણ, (સ્વરિતત્વની નિશાનીથી પ્રાપ્ત થતાં અધિકાર સૂત્રોનાં પદો રૂપી) વાક્યાધ્યાહારો એ બધુંય ભેગું મળીને જે સૂત્રોનું વ્યાખ્યાન કરવામાં આવે, તેનાથી (એટલે કે આવા વ્યાખ્યાનાત્મક વ્યાકરણથી) શબ્દોનો બોધ થાય છે. પણ કેવળ સૂત્રોથી શબ્દો સમજાતા નથી. (शब्दाप्रतिपत्तिः)

માટે 'વ્યાકરણ એટલે સૂત્ર' એવો અર્થ લઈ શકાય એમ નથી. તેમાં પૂર્વપક્ષી ઉપર્યુક્ત બે દોષ જુએ છે.

(૨) હવે પૂર્વપક્ષી કહે છે કે 'વ્યાકરણ એટલે શબ્દ' એવો મારો બીજો પક્ષ સ્વીકારવો જોઈએ. પરંતુ સિદ્ધાન્તીને આ બીજા પક્ષમાં ત્રણ આપત્તિઓ દેખાય છે! જેમ કે,

(क) व्याक्रियन्ते शब्दा अनेन इति व्याकरणम् । એવી વ્યુત્પત્તિ અનુસાર [वि + आ + √कृ + लयुट् (કરણકારક અર્થમાં) > अन = व्या + कृ > कर् + अन = व्याकरण] વ્યાકરણ એટલે જેના વડે શબ્દોનો પ્રકૃતિ-પ્રત્યયાદિ વિભાગ (પૃથક્કરણ) કરવામાં આવે તે. આમ વ્યાકરણ શબ્દમાં જે 'કરણ' અર્થમાં લ્યુટ્ > अन પ્રત્યય જોડાયો છે, તેને ધ્યાનમાં લેતાં– "વ્યાકરણ એટલે એવું એક સાધન (કરણ) કે જેનાથી શબ્દોને પ્રકૃતિ-પ્રત્યયમાં પૃથક્કૃત કરી શકાય." એવો અર્થ પ્રાપ્ત થાય છે.

'રાજા' અને 'સેવક' સંબંધી પદાર્થોનો ઉલ્લેખ છે તે બન્ને પરસ્પરથી ભિન્ન છે એ જોઈ શકાય છે. પરંતુ જ્યારે 'વ્યાકરણનાં સૂત્રો' એવો ષષ્ઠી વિભક્તિ પ્રયોગ કરવામાં આવે છે ત્યારે ષષ્ઠી વિભક્તિનો 'ભેદ' રૂપી અર્થ બંધબેસતો નથી. એટલે કે પાણિનિનું વ્યાકરણ જો સૂત્રાત્મક (કેવળ સૂત્રોનું જ બનેલું) હોય, તો 'વ્યાકરણ' અને 'સૂત્ર' વચ્ચે ભેદ ક્યાં રહ્યો ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હવે જો 'વ્યાકરણ એટલે શબ્દ' એવો પૂર્વપક્ષીએ સૂચવેલો બીજો પક્ષ લઈએ તો, (સિદ્ધાન્તી કહે છે કે) "શબ્દો વડે" તો કશાયનું વ્યાકરણ–પૃથક્કરણ રજૂ કરી શકાતું નથી. માટે જો 'વ્યાકરણ એટલે શબ્દ' એવો અર્થ લઈશું તો તે સ્થિતિમાં 'વ્યાકરણ' શબ્દમાં જોડાયેલા ल्युट् > अन પ્રત્યયનો 'કરણ'–સાધનરૂપ અર્થ બંધ બેસશે નહીં. (કારણ કે શબ્દોથી/વડે તો કોઈનું વ્યાકરણ રજૂ કરી શકાતું નથી. કેવળ સૂત્રોથી જ વ્યાકરણ રજૂ કરી શકાય છે.) (शब्दे ल्युडर्थः ।)

(ख) तत्र भवः । અર્થમાં 'व्याकरण' શબ્દને अण् એવો જે તદ્ધિત પ્રત્યય લાગે છે; તે પણ 'વ્યાકરણ એટલે શબ્દ' એવો અર્થ લેવાથી લાગુ પડી શકશે નહીં.

तदधीते तद्वेद । ૪–૨–૫૯ સૂત્રથી "व्याकरणम् अधीते वेद वा" એ અર્થમાં वैयाकरणः શબ્દની સિદ્ધિ થાય છે, એ જ રીતે, व्याकरणे भवो योगः। (વ્યાકરણમાં જેનો યોગ થયો છે તે) તે અર્થમાં પણ वैयाकरणः । શબ્દની સિદ્ધિ થાય છે. અહીં,

(व्याकरणम् + अण् તદ્ધિતનો પ્રત્યય)

(वि + आ + √कृ + √ल्युट् + अम् > ० + अण्)

व्या + कृ > कर् + यु > अन > अण + अण्

व् या करण + (अण् >) अ । એ સ્થિતિમાં न य्वाभ्यां पदान्ताभ्यां, पूर्वौ तु ताभ्यामैच् । ७–३–३ સૂત્રથી તદ્ધિતનો अण् પ્રત્યય પરમાં રહેતા, य्ની પરમાં આવેલા આકારની વૃદ્ધિ થતી નથી; પણ य् કારની પૂર્વમાં ऐકાર આગમરૂપે ઉમેરાય છે : व् ऐ या करण (+ अ > લોપ૦) આમ = वैयाकरण । શબ્દની સિદ્ધિ થાય છે.

*

કૈયટ આ મુદ્દાને સમજાવતાં લખે છે કે 'વ્યાકરણ એટલે શબ્દ' એવો અર્થ સ્વીકારીએ તો મીમાંસા વગેરે શાસ્ત્રો પણ 'શબ્દ'નો વિચાર કરનારા છે, આથી મીમાંસકોને પણ 'વૈયાકરણ' કહેવાનો પ્રસંગ ઊભો થશે।[1] આમ, આપણે શબ્દમાં જેનો યોગ હોય તેને 'વૈયાકરણ' કહેવો નથી, પણ (પાણિનિનાં) સૂત્રોમાં જેનો યોગ હોય એને જ 'વૈયાકરણ' કહેવો (ઈષ્ટ) છે. આથી "વ્યાકરણ એટલે (શબ્દ નહીં, પણ) સૂત્ર" એવો પૂર્વોક્ત પ્રથમ મત જ સ્વીકારવો જોઈએ. (भवे च तद्धितः)

---

१. भवे चेति । शब्देऽप्यन्वाख्यापकत्वेन भवो योग इति चेन्मीमांसादियोगस्यापि शब्दं प्रति विचारकत्वाद्वैयाकरणत्वप्रसङ्गः ॥ (प्रदीपः)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ग) વળી, तेन प्रोक्तम् । ४-३-१०१ સૂત્રોથી 'तेन प्रोक्तम्' અર્થમાં જે अण्-छ વગેરે પ્રત્યયો કહેવામાં આવ્યા છે, તે પણ ઉપપન્ન નહીં થાય—સુસંગત નહીં ઠરે.

पाणिनिना प्रोक्तम् इति पाणिनीयम् ।

पाणिनि + छ > ईय । पाणिनीयम् ॥

आपिशलिना प्रोक्तम् इति आपिशलम् ।

आपिशलि + अण् । आपिशलम् ॥

पाणिनि શબ્દને तेन प्रोक्तम् અર્થમાં ઉપર્યુક્ત अणादि પ્રત્યયો લાગીને, पाणिनीय શબ્દની સિદ્ધિ થઈ શકશે નહીં. કારણ કે પાણિનિએ શબ્દનો ઉપદેશ કર્યો નથી, તેમણે તો 'સૂત્રો' કહ્યાં છે. આમ 'વ્યાકરણ એટલે શબ્દ' એવો તમે (પૂર્વપક્ષી) અર્થ લેશો તો પાણિનિએ તો શબ્દો કહ્યા નથી, એથી पाणिनीय શબ્દની સિદ્ધિ થશે નહીં. (प्रोक्तादयश्च तद्धिताः)

આમ સિદ્ધાન્તી ભાષ્યકારે 'વ્યાકરણ એટલે શબ્દ' એવા દ્વિતીય પક્ષમાં ઉપર્યુક્ત (क), (ख) અને (ग) માં ત્રણ આપત્તિઓ દર્શાવી છે. અલબત્ત પૂર્વ-પક્ષીએ આ ત્રણ દોષાપત્તિમાંથી પહેલી (क) આપત્તિનો અસ્વીકાર કરતાં કહ્યું છે કે 'વ્યાકરણ એટલે શબ્દ' એવો પક્ષ સ્વીકારતાં ल्युट्>अन પ્રત્યયનો 'કરણકારક રૂપી અર્થ બંધ બેસશે નહીં' એવું જે સિદ્ધાન્તીએ કહ્યું છે તે યોગ્ય નથી. કારણ કે – ૧. પાણિનિએ कृत्यल्युटो बहुलम् । સૂત્રથી (કરણકારક ઉપરાંત) અન્ય કારકાર્થોમાં પણ ल्युट् પ્રત્યયનું વિધાન કર્યું છે, તથા ૨. કરણકારક અર્થમાં પણ 'વ્યાકરણ' શબ્દમાં ल्युट् નો યોગ બંધ બેસી શકે છે. કારણ કે શબ્દથી પણ શબ્દોનું વ્યાકરણ (પૃથક્કરણ) જુદા કરવાની ક્રિયા સિદ્ધ થઈ શકે છે. જેમકે, गौः એવું બોલ્યા પછી 'આ અશ્વ નથી' કે 'આ ગર્દભ નથી' એવું અસંદિગ્ધ જ્ઞાન થતું હોય છે. પરંતુ સિદ્ધાન્તી કહે છે કે (क)માં અમે દર્શાવેલી આપત્તિનો તમે પરિહાર કર્યો. છતાંય હજી (ख) અને (ग)માં દર્શાવેલી આપત્તિ તો ઊભી જ છે. માટે પૂર્વપક્ષીએ અમારો પૂર્વોક્ત પ્રથમ મત ('વ્યાકરણ એટલે સૂત્ર' તેનો) સ્વીકાર કરી લેવો જોઈએ. પણ પૂર્વપક્ષી ત્રીજું પક્ષાન્તર સૂચવે છે.

(૩) 'લક્ષ્ય અને લક્ષણનો સમુદાય એ વ્યાકરણ છે' એમ માનવું જોઈએ. (લોક-વ્યવહારમાં પ્રયોજાતા શબ્દોને 'લક્ષ્ય' કહેવાય, અને પાણિનિનાં સૂત્રોને 'લક્ષણ' કહેવાય. આ બંનેનું જ્ઞાન થાય ત્યારે ભાષાનું વ્યાકરણ જાણ્યું એમ કહેવાય.) પરંતુ સિદ્ધાન્તી ભાષ્યકાર કહે છે કે લક્ષ્ય+લક્ષણના સમૂહને જો 'વ્યાકરણ' કહેવાનું ઠરાવીશું/સ્વીકારીશું તો પણ वैयाकरण શબ્દની સિદ્ધિ નહીં થાય. કારણ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કે, હવે આ નવા (ત્રીજા) મત મુજબ તો 'વ્યાકરણ' શબ્દ 'લક્ષ્ય-લક્ષણના સમુદાય'ને માટે વાપરવાનું ઠરાવ્યું છે. એટલે એકલાં પાણિનિનાં સૂત્રોને (લક્ષણને) જ ભણનારાને વૈયાકરણ કહી શકાશે નહીં. જ્યારે અમને તો એ પણ ઇષ્ટ છે કે કેવળ સૂત્રોને શીખનારાને ય 'વૈયાકરણ' કહેવામાં આવે. (આમ દ્વિતીય પક્ષમાં (ગ)ની અંદર भवे च तद्धितः । થી કહેવામાં આવેલી આપત્તિ, અહીં ત્રીજા પક્ષાન્તરમાં પણ આવીને ઊભી રહે છે.) પૂર્વપક્ષી [ત્રીજા પક્ષાન્તરનો આગ્રહી] સમજાવે છે કે, તમે (સિદ્ધાન્તી) કહો છો તે વાંધો નહીં આવે કારણ કે "સમુદાયને માટે વપરાતો શબ્દ, ક્યારેક તેના એકાદ અવયવને માટે પણ વાપરી શકાય છે." એવો રિવાજ છે. દા.ત. એક સફેદ સાડીમાં બીજા રંગની થોડીક ડિઝાઈન હોય તો પણ આપણે તેને 'સફેદ સાડી' કહીએ છીએ. ઘીવાળી મીઠાઈઓ ખાધી હોય તો 'ઘી ખાધું' એમ બોલીએ છીએ. આ દષ્ટિએ 'લક્ષ્ય અને લક્ષણ' એ બંનેના સમુદાયને માટે 'વ્યાકરણ' શબ્દ વાપરવો એવું ઠરાવ્યા પછી, ક્યારેક એકલા 'લક્ષણ' (સૂત્ર)ને માટે પણ 'વ્યાકરણ' શબ્દ વાપરવામાં વાંધો નથી. આમ "વ્યાકરણ એટલે લક્ષ્ય અને લક્ષણનો (= શબ્દ અને સૂત્રનો) સમુદાય" એવો ત્રીજો પક્ષ જ સ્વીકાર્ય જણાય છે. (એવું પૂર્વપક્ષીનું કહેવું છે.)

*

સિદ્ધાન્તી ભાષ્યકાર આ બધુંય સાંભળી લીધા પછી આવેશપૂર્વક પોતાનો (પૂર્વોક્ત પ્રથમ) પક્ષ જ સાચો છે એમ જાહેર કરે છેઃ अथवा पुनरस्तु सूत्रम् । 'ફરી એક વખત કહું છું કે વ્યાકરણ એટલે સૂત્ર જ; (બીજું કશુંય નહીં).' પરંતુ પૂર્વપક્ષી યાદ કરાવે છે કે અમે તમને બે દોષ [(क) 'વ્યાકરણનાં સૂત્ર' એવા પ્રયોગમાં ષષ્ઠી વિભક્તિનો અર્થ બંધબેસતો નથી, અને (ख) સૂત્રોથી તો શબ્દોની અપ્રતિપત્તિ રહે છે] બતાવ્યા હતા. તેનો શો જવાબ છે ?

સિદ્ધાન્તી પૂર્વોક્ત બે આપત્તિઓનો પરિહાર કરતાં જણાવે છે કે (क) 'વ્યાકરણ એટલે સૂત્ર' એવો પક્ષ સ્વીકારવાથી 'व्याकरणस्य सूत्रम् । એ પ્રયોગમાં ષષ્ઠી વિભક્તિ અનુપપન્ન રહે છે' એવો જે દોષ આપવામાં આવ્યો છે તેને અમે વ્યપદેશિવદ્ભાવથી નિવૃત કરીશું.[૧] એટલે કે જેવી રીતે राहोः शिरः । 'રાહુનું

૧. અમુક નિમિત્તોના સદ્ભાવમાં જેને વિશે 'વિશિષ્ટ અપદેશ' અર્થાત્ મુખ્ય વ્યવહાર થતો જોવા મળે છે, તેને 'વ્યપદેશી' કહેવાય છે. પરંતુ જ્યારે વ્યપદેશ (મુખ્ય વ્યવહાર)ને માટે જરૂરી એવાં નિમિત્તોના અભાવમાં પણ, અમુકને વિષે કાર્ય થાય તો તેને વ્યપદેશિવદ્કાર્ય થયું એમ ગણાય છે. જેમકે, દેવદત્તને અનેક પુત્રો હોય તો તે જ્યેષ્ઠપુત્રને વિષે 'મધ્યમ' કે 'કનિષ્ઠ' પુત્ર એવા શબ્દોનો વ્યવહાર

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

મસ્તક' એ પ્રયોગમાં 'રાહુ' અને 'તેનું મસ્તક' જુદા (ભિન્ન) નથી (રાહુ એ જ મસ્તક છે, અને મસ્તક એ જ રાહુ છે; અર્થાત મસ્તકાત્મક જ રાહુ છે.) તથાપિ રાહુ અને મસ્તક જુદા જુદા હોય તેમ માનીને, 'ભેદ' અર્થમાં ષષ્ઠી વપરાય છે. તેવી રીતે પાણિનિનું વ્યાકરણ પણ સૂત્રાત્મક જ છે એટલે કે "વ્યાકરણ જુદું અને તેનાં સૂત્રો જુદાં" એવું જોવા મળતું નથી. છતાંય व्याकरणस्य सूत्रम् । એવો (કલ્પિત) ભેદમૂલક ષષ્ઠી પ્રયોગ થઈ શકશે.

(ख) 'વ્યાકરણ એટલે સૂત્ર' એવું માનવાથી શબ્દોની અપ્રતિપત્તિ થશે (કેમકે કેવળ સૂત્રોથી શબ્દો સમજાતાં નથી) એવો આપેક્ષ પણ, સિદ્ધાન્તી કહે છે કે, સ્વીકારી શકાય એમ નથી. પૂર્વપક્ષી ભલે એમ માનતો હોય કે શબ્દોને સમજવા માટે તો 'ઉદાહરણ, પ્રત્યુદાહરણ, વાક્યાધ્યાહાર' વગેરે પ્રકારનું વ્યાખ્યાન અનિવાર્ય છે; પણ સિદ્ધાન્તી કહે છે કે આવા વ્યાખ્યાનની જરૂર તો અજ્ઞાનીને માટે છે. (અથવા તો જેના મનમાં આવી—વ્યાકરણ વ્યાખ્યાનાત્મક હોવું જોઈએ. એવી ગેરસમજ હોય તેને માટે તે હશે). અમે (સિદ્ધાન્તી) તો એવું જ માનીએ છીએ કે સૂત્રોથી જ – કેવળ સૂત્રોથી જ—શબ્દો સમજાય છે. (શબ્દોને સમજવા બીજા કશાની જરૂર નથી.) આમ વ્યાકરણ એટલે સૂત્ર જ. હવે વ્યાકરણ એટલે સૂત્ર સિવાય બીજું 'કંઈક/કે કંઈ પણ' એમ જો કોઈ જાહેર કરશે/બોલશે તો તે અમારે (સિદ્ધાન્તીને) મન ઘોંઘાટ છે (અનર્થક પ્રલાપ છે) !!

[૧૦]

अइउण् । ઈત્યાદિ વર્ણોનો ઉપદેશ કરવાનાં પ્રયોજનો

'વ્યાકરણમહાભાષ્ય'ના પ્રથમ આહ્નિકમાં સૌથી છેલ્લે, પતંજલિએ એ ચર્ચા હાથ ધરી છે કે પાણિનિએ માહેશ્વર સૂત્રો (વર્ણ-સમામ્નાય)માં अ, इ, उ, ऋ, लृ વગેરે વર્ણોનો ઉપદેશ શા માટે કર્યો છે ? આ વર્ણોપદેશ કરવાનાં કોઈ પ્રયોજનો છે ખરાં ?

કરી શકતો નથી. પરંતુ જો તેને એક જ પુત્ર હોય તો તેને 'વ્યપદેશિવદ્કાર્ય' થઈ શકે છે, એટલે કે તે એકના એક પુત્રને માટે તે 'આ જ મારો જ્યેષ્ઠ પુત્ર', આ જ મારો મધ્યમ' કે 'આ જ મારો કનિષ્ઠ પુત્ર' એવા શબ્દોનો વ્યવહાર કરી શકે છે. એમ રાહુને તેના મસ્તક સિવાય બીજાં કોઈ અંગો જ નથી. તેથી તેમાં વ્યપદેશિવદ્ભાવથી 'રાહુનું મસ્તક' એમ બોલી શકાય છે. એટલે કે ત્યાં અભેદમાં પણ ષષ્ઠી વિભક્તિ વાપરી શકાય છે. એવી રીતે व्याकरणस्य सूत्रम् । એવા પ્રયોગમાં પણ ષષ્ઠી વિભક્તિનો (ભેદ એવો) અર્થ (વ્યપદેશિવદ્ ભાવથી) ઉપપન્ન થશે—બંધ બેસી શકશે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પતંજલિએ વર્ણોપદેશનાં ત્રણ પ્રયોજનો દર્શાવ્યાં છે :

૧. (વ્યાકરણ) શાસ્ત્રની પ્રવૃત્તિ થઈ શકે એટલા માટે, (વર્ણસમામ્નાયમાં) अ, इ, उ ઈત્યાદિ) વર્ણોનો અનુક્રમે સંનિવેશ કરવામાં આવ્યો છે.

*

આ પ્રથમ પ્રયોજનને સમજાવતું વાર્તિક આ પ્રમાણે છે : वृत्तिसमवायार्थ उपदेशः। અહીં 'वृत्ति'નો અર્થ 'શાસ્ત્રની પ્રવૃતિ' કરવાનો છે. 'સમવાય'નો અર્થ (વર્ણોનો અનુક્રમે) સંનિવેશ' કરવાનો છે. તથા 'वृत्तिसमवाय' એવા સામાસિક શબ્દનો અર્થ (क) શાસ્ત્રની પ્રવૃત્તિને માટેનો સમવાય (ख) શાસ્ત્રપ્રવૃત્તિને ઉપકારક એવો સમવાય અને (ग) શાસ્ત્રપ્રવૃત્તિનો પ્રયોજક એવો સમવાય (= વર્ણોની આનુક્રમિક ગોઠવણી) એવા ત્રણ પ્રકારનો થઈ શકે છે. (વાર્તિકકારને આ ત્રણે અર્થો અભિપ્રેત હશે.) વળી, વાર્તિકમાંના उपदेशः શબ્દનો અર્થ 'ઉચ્ચારણ' કરવાનો રહેશે. કારણ કે दिशि ધાતુ 'ઉચ્ચારણ કરવું' એવી ક્રિયાનો વાચક છે. આમ વાર્તિકનો સમગ્રતયા અર્થ થશે : "શાસ્ત્રપ્રવૃત્તિને માટે/શાસ્ત્રપ્રવૃત્તિને ઉપકારક/અને શાસ્ત્રપ્રવૃત્તિને પ્રયોજનાર એવા (अ, इ, उ ઈત્યાદિ) વર્ણોને અનુક્રમે ગોઠવીને ઉચ્ચારવામાં આવ્યા છે." (वृत्तिसमवायार्थ उपदेशः)

૨. अ, इ, उ ઈત્યાદિ વર્ણો ઉચ્ચારતી વખતે પાણિનિના મનમાં, બીજું પ્રયોજન એ પણ હતું કે "હું તે વર્ણોને વચ્ચે વચ્ચે ण् क् ङ् च વગેરે (इत् સંજ્ઞક) અનુબન્ધો જોડીશ." આમ અનુબન્ધકરણાર્થે પણ વર્ણોનો ઉપદેશ કરવામાં આવ્યો છે. અંહીં अ इ उ એવા વર્ણો ઉચ્ચાર્યા વિના ण् એવો અનુબન્ધ કોને લગાડશે ? એટલે કે વર્ણો ઉચ્ચાર્યા વિના ण्–क्–ङ्– च् વગેરે અનુબન્ધો લગાડવા શક્ય જ નથી. આમ (૧) શાસ્ત્રની પ્રવૃત્તિ કરવા માટે વર્ણોની આનુક્રમિક ગોઠવણી કરવામાં આવી છે; અને (૨) અનુબન્ધો લગાડવા માટે પણ તે વર્ણો ઉચ્ચારવામાં આવ્યા છે. હવે આ બંને ભેગા મળીને (એટલે કે, પહેલાં अ इ उ વગેરે વર્ણો ઉચ્ચારીને પછી તેમને ण् વગેરે જે અનુબન્ધો લગાડ્યા છે, તે બે ભેગા મળીને) જે अ इ उ ण्। એવી રચના થશે, તેનાથી अण्, अच् વગેરે પ્રત્યાહારોની સિદ્ધિ થશે. આવા પ્રત્યાહારો સિદ્ધ થયા પછી જ શાસ્ત્રની પ્રવૃત્તિ (इको यणचि... જેવાં સૂત્રોમાં इक्–यण्–अच् વગેરે પ્રત્યાહારોવાળાં સૂત્રોનું પ્રણયન) શરૂ થઈ શકશે. (अनुबन्धकरणार्थश्च)

(૩) વર્ણોપદેશનું ત્રીજું પણ એક પ્રયોજન છે. જેમકે, પાણિનિએ જો अ, इ, उ, ऋ, लृ વગેરે વર્ણો નહિ ઉચ્ચાર્યા હોય તો શિષ્યને 'સંસ્કૃત ભાષાના શિષ્ટમાન્ય ધ્વનિઓ કયા કયા છે?' એની ખબર પણ નહીં પડે. માટે પાણિનિએ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

'(સંસ્કૃત ભાષામાં) ઇષ્ટ (= શિષ્ટમાન્ય) વર્ણોનો હું બોધ કરાવું' એવી સદ્‌ઇચ્છાથી આ વર્ણોનો ઉપદેશ કર્યો છે. (इष्टबुद्ध्यर्थश्च ।)

શંકા ૧ : ઉપર્યુક્ત ત્રીજું પ્રયોજન સાંભળ્યા પછી જો કોઈ (શિષ્યને કે પૂર્વ-પક્ષી)ને શંકા થાય કે (સંસ્કૃત ભાષાના) ઇષ્ટ એટલે કે શિષ્ટમાન્ય વર્ણોનો બોધ કરાવવા માટે આ વર્ણો ઉપદેશવામાં આવ્યા છે એમ જો કહેતા હો તો अ इ उ વગેરે વર્ણોના ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, અનુનાસિક, દીર્ઘ, પ્લુત વગેરે ભેદોનો પણ કેમ ઉપદેશ (ઉચ્ચારણ) કરતા નથી ? પાણિનિએ તો વર્ણસમામ્નાયમાં अ इ उ વગેરે વર્ણોના કેવળ હ્રસ્વભેદો જ ઉચ્ચાર્યા છે, પણ आ-ई-ऊ કે अ-३-इ, ३-उ-३ જેવા દીર્ઘ કે પ્લુત ભેદો ઉચ્ચાર્યા નથી. જ્યારે ઇષ્ટ તો આ દીર્ઘાદિ ભેદો પણ છે. એમનો ઉપદેશ શા માટે કરવામાં આવ્યો નથી ? પતંજલિએ આ શંકાનો જવાબ આપતાં કહ્યું છે કે પાણિનિએ તો કેવળ अ इ उ ण्। એવાં સૂત્રમાં अ બોલીને अत्व જાતિ (अ આકૃતિ)નો ઉચ્ચાર કર્યો છે (એમ માનવાનું છે); પરિણામે તે 'अ' એવા ઉચ્ચારથી અઢારેય પ્રકારનો अ ઉપદેશાઈ ગયો એમ સમજી લેવાનું છે. એ જ પ્રમાણે, इ બોલીને કે उ બોલીને इत्व જાતિનો, उत्व જાતિનો ઉપદેશ કર્યો છે એમ સમજવાનું છે.

શંકા ૨ : કોઈને એવી પણ શંકા થાય છે કે ઇષ્ટ વર્ણોનો ઉપદેશ કરવાની સાથે કયા કયા વર્ણો અથવા કેવા કેવા ગુણધર્મો (ધ્વનિગુણો)વાળા વર્ણો અનિષ્ટ છે (= શિષ્ટોને માન્ય નથી) એ પણ કેમ જાહેર કરતા નથી ?

આવી શંકા થવાનું કારણ એ છે કે ઘણા પ્રકારના સ્વરદોષો અને વ્યંજનદોષો સાંભળવા મળે છે. જેમકે,

(क) સ્વરદોષો : સંવૃત[1] કલ, ધ્માત, એણીકૃત, અમ્બૂકૃત, અર્દ્ધક, ગ્રસ્ત, નિરસ્ત પ્રગીત, ઉપગીત, ક્ષ્વિણ્ણ અને રોમશ વગેરે. બીજા કેટલાકના મતે –

---

૧. સંવૃત એ ધ્વનિગુણ છે, હ્રસ્વ अમાં આવો સંવત સાંભળવા મળે છે, પણ તે દોષ નથી. (છતાંય પ્રકિયા દશામાં તેની જરૂર નથી; એટલે જ તેને અહીં ગણાવ્યો છે.) કલ—યોગ્ય સ્થાનમાંથી નહીં ઉચ્ચારાયેલો, ધ્માત—શ્વાસની અધિકતાથી હ્રસ્વ પણ દીર્ઘ ઉચ્ચારાય, એણીકૃત—સંદિગ્ધ, અમ્બૂકૃત-અવ્યક્ત, સમાન, અર્ધક—દીર્ઘ હ્રસ્વ જેવો સંભળાય, ગ્રસ્ત—જિહ્‌વામૂલમાં નિગૃહીત, અવ્યક્ત, નિરસ્ત—કર્કશ અથવા ઝડપી, પ્રગીત—સામગાનની જેમ ગેય બનેલો—ઉપગીત, સમીપસ્થ વર્ણના ગાનથી અનુરક્ત, ક્ષ્વિણ્ણ—કમ્પયુક્ત, રોમશ—ગમ્ભીર, અવલમ્બિત, વર્ણાન્તરની જોડે મળી ગયેલો, નિર્હત—રૂક્ષ, સન્દષ્ટ—વધારીને ઉચ્ચારેલો (?), વિકીર્ણ, એક જ વર્ણ અનેકવાર ઉચ્ચારાયેલો લાગે તે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ग्रस्तं निरस्तमवलम्बितं निर्हतमम्बूकृतं ध्मातमथो विकम्पितम् ।
सन्दष्टमेणीकृतमर्धकं द्रुतं विकीर्णमेताः स्वरदोषभावनाः ॥

એ શ્લોકમાં વર્ણવેલ સ્વરદોષો છે. આ ઉપરાંત,

(ख) વ્યંજનદોષો પણ અનેક છે. (પતંજલિએ તેમનો નામ સાથે નિર્દેશ કર્યો નથી.)

પતંજલિએ આવા સંવૃતાદિ ધ્વનિગુણોવાળા અનિષ્ટવર્ણોનો પ્રતિષેધ કરવા માટે 'કોઈ વિશેષ વિધાન કરવાની જરૂર નથી.' એમ જાહેર કર્યું છે. એટલે કે 'શિષ્ટમાન્ય ઇષ્ટ વર્ણો કયા કયા છે ?' એનો ઉપદેશ કરવાની સાથે સાથે, 'કેવા વર્ણો અનિષ્ટ છે ?' એનો પણ ઉપદેશ કરવાની જરૂર નથી. કારણ કે પાણિનિએ ગણપાઠમાં જે गर्गादि ગણ કે बिदादि વગેરે ગણોનો પાઠ કર્યો છે, તેનાથી જ આવા સંવૃતાદિ ધ્વનિગુણોવાળા અનિષ્ટ વર્ણોનો પ્રતિષેધ કે નિવૃત્તિ થઈ જશે. પાણિનિએ આ ગણપાઠમાં જે શબ્દો ઉચ્ચાર્યા છે ત્યાં આવા સંવૃત, એણીકૃત અમ્બૂકૃતાદિ (અનિષ્ટ) વર્ણો ઉચ્ચાર્યા જ નથી. આથી માલુમ પડે છે કે તે વર્ણો ઇષ્ટ નથી.

*

પૂર્વોક્ત શંકાકાર (શંકા-૨) પૂર્વપક્ષી પતંજલિના ઉપર્યુક્ત સમાધાનને સ્વીકારવા માંગતો નથી. પૂર્વપક્ષી કહે છે કે गर्गादि–बिदादि વગેરે ગણપાઠમાં જે શબ્દો ઉચ્ચાર્યા છે, તેનાથી સંવૃતાદિ ધ્વાનિગુણોવાળા અનિષ્ટ વર્ણોની નિવૃત્તિ થતી નથી, કારણ કે એ ગણપાઠને ઉચ્ચારવાનું પ્રયોજન તો એ છે કે " તે गर्गादि – बिदादि ગણમાં—સમુદાયમાં આવેલા તે તે શબ્દો સાધુ છે." એમ પાણિનિને જાહેર કરવું છે. પાણિનિએ અનિષ્ટ વર્ણોની નિવૃત્તિ માટે તે ગણપાઠ ઉચ્ચાર્યો નથી. માટે મારે (પૂર્વપક્ષીએ) અષ્ટાધ્યાયીનાં તમામ સૂત્રો પૂરાં થઈ જાય પછી, એક વિશેષ (અપૂર્વ) વિધાન ઉમેરવું પડશે કે "જેમાંથી સંવૃત-કલાદિ ધ્વનિગુણો નીકળી ગયા છે તેવા શુદ્ધ—શિષ્ટમાન્ય ધ્વનિગુણોવાળો અઢાર પ્રકારનો अ, इ, उ વગેરે ઇષ્ટ છે."

પૂર્વપક્ષી એક નવો મુદ્દો એ પણ ઉમેરે છે કે કલ, ધ્માત આદિ ધ્વાનિગુણોવાળા अ, इ, उની નિવૃત્તિ કરવા ક્યાં તો અષ્ટાધ્યાયીને અંતે વિશેષ વિધાન ઉમેરીએ; અથવા તો પાણિનિએ જે સમગ્ર અષ્ટાધ્યાયી અને ધાતુપાઠમાં इत् સંજ્ઞક અનુબન્ધો જોડ્યા છે/વાપર્યા છે, તેને બદલે અમે (પૂર્વપક્ષી) આ કલ, ધ્માત આદિ ધ્વનિગુણોને અનુબન્ધ રૂપે જોડીશું. આનાથી એક ફાયદો એ થશે કે પાણિનિની જેમ અનેક અનુબન્ધો નહીં જોડવા પડે. તેમની इत् સંજ્ઞા નહીં કરવી પડે અને તેમનો લોપ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પણ કરવો નહીં પડે. બીજો ફાયદો એ થશે કે આવા કલ, ધ્માત, આદિ ધ્વનિગુણો અનિષ્ટ હોઈને તેને નિવૃત્ત કરીને જ (इत् સંજ્ઞક અનુબન્ધોનો જેમ લોપ કરીએ છીએ, તેમ તે કલ, ધ્માતાદિનો પણ લોપ કરીને જ) કેવળ ઇષ્ટ વર્ણોને પ્રક્રિયામાં ઉપયોગમાં લઈશું. આવી વ્યવસ્થા મુજબ, હવે अनुदात्तङित आत्मनेपदम् । १-३-१२ સૂત્રને બદલે कलादात्मनेपदम् । એવું નવું સૂત્ર બનાવીશું.

*

પૂર્વપક્ષીની ઉપર્યુક્ત વાત સાંભળી લીધા પછી સિદ્ધાન્તી ભાષ્યકાર પતંજલિ કહે છે કે આ વાત બરાબર છે. આ રીતે અનિષ્ટ કલ, ધ્માતાદિને નિવૃત્ત કરી શકાશે. પણ પૂર્વપક્ષીએ બતાવેલી વાત સ્વીકારવાથી તો અષ્ટાધ્યાયીનાં તમામ સૂત્રોમાં ફેરફાર કરવો પડશે. એટલે કે પાણિનિની ન કહેવાય તેવી અપાણિનીય વ્યવસ્થા ઊભી કરવી પડશે. માટે પૂર્વપક્ષીની વાત અમને અસ્વીકાર્ય છે. હવે જો પૂર્વપક્ષીને એ ભીતિ હોય કે, તો કલ, ધ્માતાદિ ધ્વનિગુણોવાળા અનિષ્ટ વર્ણોની નિવૃત્તિ કેવી રીતે કરી શકાશે ? તો આના બે જવાબ છે :

(क) गर्गादि-बिदादि ગણપાઠથી તેવા અનિષ્ટ વર્ણોની નિવૃત્તિ થઈ જશે. અહીં "ગર્ગાદિ, બિદાદિ ગણમાં આવેલા શબ્દસમૂહનું સાધુત્વ કહેવા માટે આ ગણપાઠ છે." એવું એકાંગી પ્રયોજન જો કોઈને લાગતું હોય તો તે ઠીક નથી. આ ગણપાઠથી બીજું પણ એક દા.ત સંવૃત કલ, ધ્માતાદિની નિવૃત્તિ રૂપ પ્રયોજન પણ સિદ્ધ થાય છે તથા એક જ પ્રયત્નથી બે પ્રયોજન સિદ્ધ થાય એમાં વાંધો પણ ન હોઈ શકે. જેમકે, આપણે શ્રાદ્ધાદિ ક્રિયામાં પિતૃતર્પણ માટે આમ્રવૃક્ષનાં મૂળિયાં પાસે ઊભા રહીએ છીએ; કે જેથી પિતૃઓને તર્પણ પણ થાય અને આમ્રવૃક્ષોને જલસિંચન પણ થઈ જાય !

એ જ પ્રમાણે, કેટલાંક વાક્યો પણ એવાં હોય છે કે જેમાંથી બે અર્થો નીકળી શકતા હોય છે. દા.ત.,

(૧) श्वेतो धावति । = (क) श्वा इतः धावति । 'કૂતરો અહીંથી દોડે છે.' અથવા (ख) श्वेतः (अश्वः) धावति । સફેદ (ઘોડો) દોડે છે.'

(૨) अलम्बुसानां याता । = (क) अलम् बुसानां याता । 'બુસોના નગરમાં જનારો સમર્થ છે.' અથવા (ख) अलम्बुसानां याता । = 'અલમ્બુસ દેશમાં જનારો'. એવી રીતે ગર્ગાદિ, બિદાદિ ગણપાઠોથી ૧. સમુદાયનું (= તે ગણમાં આવેલા બધા શબ્દોનું) સાધુત્વ પણ કહેવાઈ જાય છે. અને ૨. તેમાં સંવૃત, કલ, ધ્માતાદિ, ધ્વનિગુણોવાળા વર્ણો વપરાયા નથી. (= પાણિનિએ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તેવા વર્ણો ઉચ્ચાર્યા નથી.) માટે તેની નિવૃત્તિ પણ આપોઆપ થઈ જાય છે. એટલે કે તેવા અનિષ્ટ વર્ણોની નિવૃત્તિ કરવા માટે કોઈ નવા પ્રતિષેધ-વચનને કરવાની જરૂર પણ રહેતી નથી.

'અનિષ્ટ વર્ણોની નિવૃત્તિ કેવી રીતે થશે ?' તેવી પૂર્વોક્ત (શંકા-૨)ના બીજી રીતે જવાબ આપતાં પતંજલિ કહે છે કે –

(ख) આવા સંવૃત કલ, ધ્માતાદિ અનિષ્ટ ધ્વનિગુણોવાળા વર્ણો ક્યાં સાંભળવા મળે છે ? પાણિનિએ તો જે આગમો, વિકારો, ધાતુઓ, પ્રત્યયો, પ્રાતિપદિકો ઉચ્ચાર્યા છે તેમાં ક્યાંય આવા સંવૃત કલ, ધ્માતાદિ, ધ્વનિગુણોવાળા અનિષ્ટ વર્ણો ઉચ્ચાર્યા જ નથી. તે ધાતુ, પ્રાતિપદિક, પ્રત્યય વગેરે બધા જ પાણિનિએ શુદ્ધ–શિષ્ટમાન્ય રૂપે જ ઉચ્ચાર્યા છે, માટે "અનિષ્ટ વર્ણોની નિવૃત્તિ કેવી રીતે થશે ?" એવી પૂર્વપક્ષીએ ભીતિ રાખવાની જરૂર જ નથી.

ઉપસંહાર :

ઉપર્યુક્ત દશ મુદ્દાઓની ચર્ચા કરીને, પતંજલિએ 'વ્યાકરણ-મહાભાષ્ય' ના પ્રથમાહ્નિકની સમાપ્તિ કરી છે. આ પ્રથમાહ્નિકનું તેમણે પસ્પશાહ્નિકમ્ એવું નામ રાખ્યું છે.

√स्पश् બાધને એવા ધાતુનું યङ्लुगन्त એટલે કે (પૌનઃપુન્યાર્થક) રૂપ બનાવીને તેમાં પૃષોદરાદિ ગણની પ્રક્રિયાનો આશ્રય કરીને पस्पशा શબ્દ સિદ્ધ કરવામાં આવે છે. આમ पस्पशा શબ્દ 'ચૂર્ણિકા'નો સમાનાર્થક બનીને ઊભો રહેશે. એટલે કે જે આહ્નિકમાં પૂર્વપક્ષીનાં મન્તવ્યોનો અતિશયપણે બાધ કરવામાં આવ્યો છે, ખંડન કરવામાં આવ્યું છે, તેને 'પસ્પશા' કહેવામાં આવે છે.[1]

---

૧. કવિ માઘે 'શિશુપાલવધમ્' મહાકાવ્યમાં એક જગ્યાએ શ્લિષ્ટ પદરચના કરીને આ 'પસ્પશાહ્નિક'ની પ્રશંસા કરી છે : शब्दविद्येव नो भाति राजनीतिरपस्पशा ॥ (૨-૧૨ब) "રાજનીતિ જેમ જાસૂસો (સ્પશ) વિના શોભતી નથી તેમ શબ્દવિદ્યા (=વ્યાકરણશાસ્ત્ર) પણ પસ્પશાહ્નિક વિના શોભતી નથી." વળી, 'મહાભાષ્ય-પ્રદીપોદ્દ્યોતન' નામની ટીકામાં અન્નંભટ્ટ લખે છે કે –

शास्त्रस्यारम्भको ग्रन्थ उपोद्घात इतीरितः ।
स एव ग्रन्थसन्दर्भः पस्पशः कथितो बुधैः ॥

પ્રકાશન : વિદ્યા-સી-લેંગ્વેજીસ, Vol. xxvi (પૃ. ૭૭-૧૧૪) ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ૧૯૮૩.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલા—૧૨

समर्थः पदविधिः । (पा.सू. २-१-१) સૂત્રનું અર્થઘટન

૦.૦ મહર્ષિ પાણિનિકૃત અષ્ટાધ્યાયીના બીજા અધ્યાયના પહેલા પાદનું પહેલું સૂત્ર પ્રસ્તુત અધ્યયનનો વિષય છે. પાણિનીય વ્યાકરણશાસ્ત્રના અધ્યેતાઓ જાણે છે કે અષ્ટાધ્યાયીના બીજા અધ્યાયનો પહેલો અને બીજો પાદ સામાસિક શબ્દો કેવી રીતે બનાવવા તથા દ્વન્દ્વાદિ સમાસમાં કયા પદનો પૂર્વનિપાત કરવો (સમાસમાં કયા પદને પૂર્વપદ તરીકે મૂકવું અને ક્યા પદને ઉત્તરપદ તરીકે મૂકવું ?) વગેરેની વિધિઓ બતાવે છે.[1] પરંતુ આ બધાં સૂત્રોની પૂર્વે આવેલું समर्थः पदविधिः । २-१-१ સૂત્ર ખૂબ જ મહત્ત્વનું છે. વ્યાકરણ-મહાભાષ્યમાં આ એક જ સૂત્ર ઉપરના વ્યાખ્યાને પૂરા એક આહ્નિકનો વિસ્તાર રોક્યો છે.[2] બીજું, આ સૂત્રનો પ્રવૃત્તિ-પ્રદેશ ઘણો મોટો છે. સમાસવિધાન ઉપરાંત તે કૃત્-તદ્ધિતાદિ વૃત્તિઓમાં પણ પ્રવૃત્ત થાય છે.

પ્રસ્તુત સૂત્રના અર્થઘટન માટે મુખ્યત્વે વ્યાકરણ-મહાભાષ્ય અને તેની બે પ્રમુખ ટીકાઓ 'પ્રદીપ' અને 'ઉદ્યોત'નો ઉપયોગ કરીશું. પ્રાસંગિક રીતે 'વાક્યપદીય', કાંણ્ડ : ૩ના 'વૃત્તિસમુદ્દેશ'ની પણ સાહાય્ય લઈશું.

૧.૦.૦

समर्थः पदविधिः । २-१-१ સૂત્રમાં બન્ને પદો પ્રથમા વિભક્તિમાં હોવાથી પ્રશ્ન થાય છે કે અહીં ઉદ્દેશ્ય (Subject) કોણ છે અને વિધેય (Predicate) કોણ છે ? તદુપરાંત, समर्थः પદનો શો અર્થ કરવો અને पदविधिः પદનો શો અર્થ કરવો ? કાશીની વૈયાકરણ પરંપરાએ समर्थः નો અર્થ લક્ષણાથી समर्थाश्रितः કર્યો છે,[3] અને समर्थाश्रितः માંના समर्थः શબ્દમાં ફરીથી લક્ષણા માનીને सामर्थ्याश्रितः એવો અર્થ કર્યો છે.[4] પરંતુ આવો અર્થ શા માટે કરવામાં આવ્યો છે તે મહાભાષ્ય (૨-૧-૧) ના પરિપ્રેક્ષ્યમાં તપાસીએ.

---

१. अव्ययं विभक्तिसमीपसमृद्धि० । २-१-६

राजदन्तादिषु परम् । २-२-३१

૨. આને 'સમર્થાહ્નિક' એવું નામ આપવામાં આવ્યું છે.

૩. ૬૪૮ समर्थः पदविधिः । २-१-१ पदसम्बन्धी यो विधिः स समर्थाश्रितो बोध्यः ।

— वै०सि०कौ० भा.-२, पृ० १

૪. ... वृत्ति में समर्थाश्रितः । इस समर्थाश्रित में भी समर्थ पद सामर्थ्य में लाक्षणिक है।

— वै०सि०कौ० भा०-२, हिन्दी 'रत्नप्रभा' टीका, पृ. १.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧.૧.૦

પ્રસ્તુત (૨-૧-૧) સૂત્રોમાં સમર્થ ગ્રહણનું પ્રયોજન વિચારતાં ભાષ્યમાં પ્રશ્ન કર્યો છે કે શા માટે સમર્થ ગ્રહણ કરવામાં આવ્યુ છે ? ભાષ્યકારે આનો જવાબ આપતાં જણાવ્યું છે કે द्वितीया श्रितातीतपतितगतात्यस्तप्राप्तापन्नैः । ૨-૧-૨૪ સૂત્રથી 'દ્વિતીયાન્ત-સુબન્ત-પદનો શ્રિતાદિ સુબન્ત પદોની સાથે સમાસ થાય છે.' એવું કહેવામાં આવશે. તેનાથી कष्टं श्रितः > कष्टश्रितः । नरकं श्रितः > नरकश्रितः। એવા સમાસ થશે પરંતુ ૨-૧-૧ સૂત્રમાં સમર્થઃનું ગ્રહણ કર્યું હોવાથી पश्य देवदत्तः कष्टं, श्रितो विष्णुमित्रो गुरुकुलम् । એવાં બે વાક્યોમાં પાસે પાસે આવેલા कष्टम् અને श्रितः પદોનો સમાસ થશે નહીં.[1]

આ ભાષ્યચર્ચાને આધારે સમજાય છે કે समर्थः એટલે '(માત્ર પાસે પાસે આવેલાં નહીં, પણ) અર્થની દષ્ટિએ પરસ્પર સંકળાયેલા—Semantically connected (પદોનો સમાસ થાય છે.)'

૧.૧.૧

પરંતુ समर्थः આવો અર્થ કરીશું તો महत् कष्टं श्रितः । એવા વાક્યમાં પણ कष्टम् અને श्रितः અર્થની દષ્ટિએ પરસ્પર સંકળાયેલા હોઈ महत् कष्टश्रितः એવો સમાસ થવા આવશે જે અનિષ્ટ છે. કેમકે कष्टम् એવું પદ સાપેક્ષ છે. (બીજા શબ્દોમાં કહીએ તો महत् એવા વિશેષણની સાથે પણ તે જોડાયેલું છે) આમ कष्टम् એવું પદ श्रितःની સાથે અર્થની દષ્ટિએ સંકળાયેલુ હોવા છતાંય, તે कष्टम्નો महत्ની સાથે પણ સંબંધ છે. આથી તે સાપેક્ષ પદનો श्रितःની સાથે પહેલાં સમાસ કરવાથી ઈષ્ટ રૂપની પ્રાપ્તિ થતી નથી.[2] આમ समर्थः પદની સાથોસાથ જ सापेक्षसमर्थं भवति । એવું વિશેષવિધાન ઉમેરવું પડતું હોઈને समर्थः પદનો 'અર્થની દષ્ટિએ પરસ્પર સંકળાયેલા' એવો અર્થ અપર્યાપ્ત જણાય છે.

---

૧. अथ समर्थग्रहणं किमर्थम् । वक्ष्यति द्वितीया श्रितादिभिः समस्यते । कष्टश्रितः नरकश्रित इति । समर्थग्रहणं किमर्थम् । पश्य देवदत्त कष्टं श्रितो विष्णुमित्रो गुरुकुलम्। समर्थः०। २-१-१ इत्यत्र भाष्यम्। पृ. ३५९ कीलहोर्न आवृत्तिः।

૨. અહીં ઈષ્ટ રૂપ છે : महाकष्टश्रितः । પરંતુ એવા રૂપની સિદ્ધિ કરવા માટે પહેલાં महत् અને कष्टम् નો સમાસ કરવો પડશે. महत् कष्टम् > महाकाष्टम् । અને ત્યાર પછી તેનો श्रितःની સાથે સમાસ કરવાનો રહેશે. महाकष्टं श्रितः → महाकष्टश्रितः ॥ कष्टं અને श्रितःનો પહેલાં સમાસ કરી લઈશું તો महत् અને कष्टश्रितःની વચ્ચે સામાનાધિકરણ્ય નહીં રહેવાથી आन्महतः० । ६-३-४६ની સૂત્રથી आत्वની પ્રવૃત્તિ થશે નહીં.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હવે समर्थः પદની સાથે ઉમેરવામાં આવતું सापेक्षमसमर्थं भवति । એવું વિશેષવિધાન પણ પર્યાપ્ત છે કે નહીં ? — તે અહીં સમીક્ષ્ય છે. 'સાપેક્ષ પદો અર્થની દૃષ્ટિએ પરસ્પર સંકળાયેલાં ગણતાં નથી.' એમ સ્વીકારીશું તો राजपुरुषो-ऽभिरूपः । એ ઉદાહરણમાં જે સમાસ થયેલો છે તે ન થવો જોઈએ. કેમકે ત્યાં पुरुष પદ સાપેક્ષ છે. અર્થાત્ पुरुष પદનો राजन् અને अभिरूप એ બન્ને પદો સાથે સંબંધ છે, પરંતુ આવો સમાસ થાય છે અને તે સાધુ પણ છે, કારણ કે અહીં महत्कष्टं श्रितः । કરતાં જુદા પ્રકારનું સાપેક્ષપણું છે, राजपुरुषोऽभिरूपः । માં पुरुष એવું પ્રધાન પદ अभिरूप સાથે જોડાયેલું છે. જ્યારે महत्कष्टं श्रितः ।માં તો कष्टम् એવું ઉપસર્જન (ગૌણ) પદ અન્ય પદ (महत्) સાથે સંકળાયેલું હતું. આથી सापेक्षमसमर्थं भवति । એ વિધાનને સુધારવું પડશે. જેમકે, प्रधानस्य सापेक्षस्यापि समासः भवति । અર્થાત્ સાપેક્ષ પદોનો સમાસ થતો નથી, પણ જ્યાં પ્રધાનપદ સાપેક્ષ હોય ત્યાં તો સમાસ થાય છે.

પરંતુ આ વ્યવસ્થા પણ પર્યાપ્ત જણાતી નથી. કેમ કે આ વિશેષ વ્યવસ્થાથી જ્યાં અપ્રધાન પદ સાપેક્ષ હશે ત્યાં સમાસ થશે નહીં. પણ देवदत्तस्य गुरुकुलम्। જેવાં કેટલાંક ઉદાહરણો લોકમાં પ્રચલિત છે કે જેમાં गुरुकुलम्માનું गुरु એવું અપ્રધાન પદ સાપેક્ષ છે, તથાપિ સમાસ થયો છે. અહીં देवदत्त પદને ષષ્ઠી વિભક્તિનો પ્રત્યય લાગ્યો છે, તે સમુદાય (गुरुकुलम्)ની અપેક્ષાએ લાગ્યો છે, કેવળ गुरुની અપેક્ષાએ નહીં, એમ જો કોઈ કહે તો તે પણ દૂષિત છે. જેમ કે,

(૧) किमोदनः शालीनाम् । એવા ઉદાહરણમાં, કે જેમાં ષષ્ઠી વિભક્તિ સમુદાયાપેક્ષ નથી.[૧] ત્યાં સમાસ ન થવો જોઈએ; છતાંય થાય છે અને તે સાધુ પણ ગણાય છે.

(૨) देवदत्तस्य गुरुकुलम् । એ વાક્યમાંથી 'દેવદત્તનો જે ગુરુ, તે (ગુરુ)નું કુળ' એવો ચોક્કસ અર્થ મળે છે.[૨] આથી गुरु એવું અપ્રધાન પદ સાપેક્ષ જ (અર્થાત્ દેવદત્તની સાથે સંબંધિત) છે એમ કહેવાશે. આ સ્થિતિમાં गुरुकुलम् સમાસ ન થવો જોઈએ.

માટે 'અર્થની દૃષ્ટિએ પરસ્પર સંકળાયેલા' એ અર્થવાળા समर्थः પદને અપર્યાપ્ત ગણીને, તેને બદલે सापेक्षमसमर्थं भवति । प्रधानस्यापि सापेक्षस्य समासः भवति ।

---

૧. किमोदनः शालीनाम् । નો અર્થ केषां शालीनाम् ओदनः । એવો થાય છે. અહીં किमोदनः એવા સમુદાયની અપેક્ષાએ (शालीनाम् એ પદમાં) ષષ્ઠી આવેલી નથી. કેવળ અપ્રધાન किम्ની અપેક્ષાએ આવેલી છે. એ સ્થિતિમાં સમાસ ન થવો જોઈએ.
૨. નહીં કે અચોક્કસ અર્થ, જેમકે "કોઈ પણ અ... બ... ક... ગુરુનો પુત્ર તે દેવદત્તનો કાંઈક છે" એવો અચોક્કસ અર્થ મળતો નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વગેરે જે કહ્યું તે પણ પર્યાપ્ત નથી. અર્થાત્ समर्थः પદમાં ઉપર્યુક્ત વિશેષવિધાનો ઉમેરવા છતાંય ઇષ્ટ વ્યવસ્થા પ્રાપ્ત થતી નથી.

૧.૧.૨

આ સ્થિતિમાં समर्थः કે सापेक्षमसमर्थम् । ઇત્યાદિ કહેવાને બદલે જો सविशेषणानां वृत्तिर्न वृत्तस्य वा विशेषणं न प्रयुज्यतेऽगुरुकुलपुत्रादीनाम् । એવું કહેવામાં આવશે તો (૧) महत्कष्टं श्रितः ।માં महत् વિશેષણથી વિશિષ્ટ એવા कष्टम् નો श्रितः સાથે સમાસ થશે નહીં; (૨) राजपुरुषः એવો સમાસ થઈ ગયા પછી राज्ञः (રાજા)નું ऋद्धस्य એવું વિશેષણ જોડાશે નહીં; અને (૩) देवदत्तस्य गुरुकुलम् ।માં અપ્રધાન (गुरु) સાપેક્ષનો પણ સમાસ થઈ શકશે.

પરંતુ ભાષ્યકારે સૂચવ્યું છે કે જેવી રીતે समर्थः ને બદલે सापेक्षमसमर्थम् । વગેરે કહેવું વ્યર્થ છે, એવી રીતે सविशेषणानां वृत्तिर्न वृत्तस्य वा विशेषणं न प्रयुज्यतेऽगुरुकुलपुत्रादीनाम् । એવું કહેવાની પણ જરૂર નથી. કેમ કે લોકમાં પ્રચલિત ગમકત્વનો સિદ્ધાન્ત સ્વીકારવાથી महत्कष्टं श्रितः । વગેરેમાં 'અગમકત્વ'ને કારણે જ સમાસ થશે નહીં. અહીં ગમકત્વ એટલે વૃત્તિ (સમાસ) અને વાક્યનો અર્થ સમાન હોવો. અર્થાત્ महत्कष्टं श्रितः । (મોટા કષ્ટને પામેલો) એવા વાક્યથી જે અર્થ સમજાય છે તે महत्ष्टश्रितः । એવો (અનિચ્છનીય) સમાસ કરવાથી પ્રાપ્ત થતો નથી.[૧] જ્યાં ગમકત્વ છે ત્યાં સમાસ થાય છે. જેમ કે देवदत्तस्य गुरुकुलम्।

હવે 'વૃત્તિ' અને વાક્યોનો અર્થ સમાન હોય' એને જો ગમકત્વ કહીશું અને એ ગમકત્વાગમકત્વને આધારે જ અમુક સમાસ થશે કે નહીં એનો નિર્ણય કરીશું તો ૨-૧-૧ સૂત્રમાં समर्थः પદની જરૂર નથી.[૨] આપણે અગાઉ જોયું છે કે ૨-૧-૧ સૂત્રમાં समर्थः પદ મૂકવાથી पश्य देवदत्तः कष्टं, श्रितो विष्णुमित्रो गुरुकुलम्। भार्या राज्ञः, पुरुषो देवदत्तस्य । જેવાં વાક્યોમાં कष्टम् અને श्रितः તથા राज्ञः

---

૧. अगमकत्वात् । इह समानार्थेन वाक्येन भवितव्यं समासेन च । यश्चेहार्थो वाक्येन गम्यते महत्कष्टं इति न जातुचित्समासेनासौ गम्यते महत्कष्टश्रित इति ।

— समर्थः० २-१-१ इत्यत्र भाष्यम्, पृ. ३६१ ।

૧. From Patañjali's discussion it appears that another term namely *gamaka*, was current among the grammarians to express more or less the same idea as conveyed by the word *samartha*. But it seems that the word *gamaka* belongs to the non-technical language, *Gamakatva :* 'ability to express (the same meaning)', as the non-technical principle underlying compound-formation in daily usage must have been silently assumed by grammarians also.
(Joshi S.D., Vyā. Samarhāhnika, Introduction : 4.3 (ii), p. vi-vii)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અને पुरुषः પદો પાસે પાસે આવેલાં હોવા છતાંય, તેઓ અર્થની દૃષ્ટિએ પરસ્પર સંકળાયેલાં નહીં હોવાથી તેમનો સમાસ થઈ શકતો નથી, પરંતુ હવે જો ગમકત્વાદિને આધારે જ કામ લેવાનું હશે તો (પણ) ઉપરનાં વાક્યોમાં कष्टम् અને श्रितः તથા राज्ञः અને पुरुषःનો સમાસ થશે નહીં. કેમ કે અહીં पश्य देवदत्तः कष्टं, श्रितो विष्णुमित्रो गुरुकुलम् । भार्या राज्ञः, पुरुषो देवदत्तस्य । એ વાક્યોથી જે અર્થ સમજાય છે તે पश्य देवदत्तः कष्टश्रितो विष्णुमित्रो गुरुकुलम् । भार्या राजपुरुषो देवदत्तस्य । થી સમજાતો નથી. આમ ગમકત્વના અભાવમાં (એટલે કે વૃત્તિ અને વાક્યનો અર્થ સમાન નહીં હોવાથી) સમાસ થશે નહીં; અને પરિણામે ૨-૧-૧ સૂત્રમાં समर्थः પદનું ગ્રહણ કરવાની જરૂર રહેશે નહીં.

समर्थः ગ્રહણ વ્યર્થ છે એમ સ્વીકારતાં પહેલાં સ્થૂણાનિખનનન્યાયે તે (समर्थः ગ્રહણ)નું પ્રયોજન વિચારી લઈએ – अकिञ्चत्कुर्वाणम् । आमषं हरमाणम् । अगाधादुत्सृष्टम्! જેવા ગમક નञ् સમાસો કે જે અસમર્થ છે તેમનું સાધુત્વ ન થઈ જાય એ માટે समर्थ०નું ગ્રહણ કર્યું હશે ? ના, આ પ્રયોજન ન હોઈ શકે, કેમકે પાણિનિએ सुड् अनपुंसकस्य । ૧-૧-૪૩ એવા સૂત્રમાં અસમર્થ નञ् સમાસનો, કે જે ગમક છે તેનો પ્રયોગ કર્યો છે તે નિયમાર્થ બની રહેશે. એટલે કે असूर्यं पश्यानि मुखानि । अपुनर्गेया श्लोकाः । अश्राद्धभोजी ब्राह्मणः । अलवणभोजी ब्राह्मणः । એ અસમર્થ નञ् સમાસો કે જે ગમક છે તેમનું જ સાધુત્વ ગણાશે.[1] (પરંતુ બીજા अकिञ्चित्कुर्वाणम् વગેરે પૂર્વોક્ત અસમર્થ નञ् સમાસો કે જે ગમક છે તેમનું સાધુત્વ ગણાશે નહીં.[1] માટે "ગમક, પરંતુ જે સમમર્થ નञ् સમાસો હોય તેમનું સાધુત્વ ન થઈ જાય માટે समर्थः પદનું ગ્રહણ કર્યું હશે" એવું પ્રયોજન દર્શાવવું પણ અસંગત બની જાય છે.

૧.૨.૦

'વાક્યરચનામાં સહાયક બનતા વિભિક્તિપ્રત્યયોથી સૂચવાતો બે પદો વચ્ચેનો અર્થગત સંબંધ-समर्थ પદથી અપેક્ષિત છે' એમ કહેવા જતાં सापेक्षमसमर्थम् । વગેરે વિધાનો ઉમેરવાં પડે છે. सविशेषणानां वृत्तिर्न वृत्तस्य वा विशेषणं न प्रयुज्यतेऽगुरुकुलपुत्रादीनाम् । એવું વચન કરવા વિષે પણ ભાષ્યકારે અરુચિ બતાવી છે, કેમ કે તેમના મતે ગમકત્વ—અગમકત્વને કારણે જ સમાસ થાય છે કે નથી થતો. અહીં समर्थः નો અક્ષરશઃ અર્થ समः अर्थः यस्य । એવો થાય છે[2] અને

૧. આ ઉદાહરણોમાં ગમકત્વનો સિદ્ધાન્ત કામ કરતો નથી.
૨. प्रोपाभ्यां समर्थाभ्याम् । ૧-૩-૪૨ एवं, व्यवहृपणोः समर्थयोः । ૨-૩-૫૭ આ સૂત્રોમાં समर्थ શબ્દ 'तुल्यार्थ समानार्थ'માં પ્રયોજાયો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ગમકત્વનો અર્થ પણ ભાષ્યકારે એ જ લીધો છે : इह समानार्थेन वाक्येन भवितव्यम्, समासेन च । (૨-૧-૧ इत्यत्र भाष्यम् પૃ. ૩૨૦) આમ નાગેશના સૂચવ્યા પ્રમાણે ભાષ્યકારે જો લોકમાં પ્રચલિત એવો ગમકત્વનો સિદ્ધાન્ત જ અન્તે સ્વીકાર્યો હોય[1] તો સૂત્રકારે જે समर्थः ગ્રહણ કર્યું છે તે વ્યર્થ બની જશે. કારણ કે भार्या राज्ञः, पुरुषो देवदत्तस्य । એવાં વાક્યોનો જે અર્થ છે તે भार्या राजपुरुषः देवदत्तस्य । એવા સમાસથી સૂચવાતો નથી, માટે તે राज्ञः અને पुरुषःનો સમાસ થવાનો જ નથી અને તેમનો સમાસ ન જ થવાનો હોય તો તેને રોકવા માટે समर्थः પદની જરૂર રહેવાની નથી.[2]

આમ લોકપ્રચલિત ગમકત્વ—અગમકત્વ સિદ્ધાન્તને આધારે શબ્દવ્યવહારમાં જો અમુક સમાસ થતા હોય કે ન થતા હોય તો સૂત્રકારે કેવળ અબુધ-બોધનાર્થ समः अर्थः यस्य । એ અર્થમાં અહીં (૨-૧-૧)માં समर्थःનો પ્રયોગ કર્યો હોય એવું ન બની શકે. અર્થાત્ અહીં समर्थः શબ્દનો કોઈ ગૂઢ આશય અથવા તો કોઈક પારિભાષિક અર્થ હોવો જોઈએ.

વાર્તિકકારે આનો જવાબ આપતાં જણાવ્યું છે કે ૨-૧-૧ સૂત્રમાં समर्थः શબ્દ 'સામર્થ્ય'નો વાચક છે. આ સામર્થ્યના બે પ્રકાર છે : (૧) એકાર્થી ભાવરૂપ સામર્થ્ય અને (૨) વ્યપેક્ષાભાવરૂપ સામર્થ્ય.[3] આમાંથી પહેલા પ્રકારનું સામર્થ્ય વૃત્તિ (સમાસ)માં જોવા મળે છે અને બીજા પ્રકારનું સામર્થ્ય વાક્યમાં જોવા મળે છે. બીજું, સૂત્રકારને આ બન્ને પ્રકારનું સામર્થ્ય समर्थः पदविधिः । ૨-૧-૧ એવા એક જ સૂત્રથી અભિપ્રેત છે.

---

૧. कृतेऽपि क्वचित्परम्परोपदेशगम्यगमकत्वादिनैव सर्वप्रयोगनिर्वाह इति बोध्यम् । (उद्द्योतः પૃ. ૩૨૧) । "સૂત્રમાં 'સમર્થ' શબ્દ વાપર્યો હોય કે ન વાપર્યો હોય, બધા સાધુ પ્રયોગો ગમકત્વ—અગમકત્વનો વિચાર કરીને જ આ શાસ્ત્રમાં પરપંરાથી પ્રાપ્ત બને છે." – (નાગેશ)

નાગેશે કરાવેલું આ અર્થદર્શન પાણિનિએ સૂત્રમાં 'સમર્થ' શબ્દ વાપર્યો છે એ હકીકત ઉપર ભાર મૂકતું નથી, પરંતુ ગમકત્વના મુદ્દા ઉપર ભાર મૂકે છે. એટલા પૂરતું આ અર્થદર્શન કૈયટથી વેગળું અને સ્વતંત્રપ્રજ્ઞ છે. ડૉ. જે.એમ. શુક્લ (ભાષાવિમર્શ, પુસ્તક ૧, અંક ૧, જાન્યુ. ૧૯૭૮). (પૃ. ૬૪)

૨. अथ समर्थग्रहणं किमर्थम् । એવો પ્રશ્ન કરીને ભાષ્યકારે પ્રારંભે જે પ્રયોજન બતાવ્યું છે, તે હવે ગમકત્વથી જ સિદ્ધ થશે.

૩. (૧) पृथगर्थानामेकार्थीभावः समर्थवचनम् ।

(૨) परस्परव्यपेक्षां सामर्थ्यमेके । ૨-૧-૧, वा ૧ एवं ४ भाष्यम् પૃ. ૩૬૧ एवं ३६५.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧.૨.૧

વાર્ત્તિકકારના મતે "પૃથગ્ અર્થોવાળાં પદોના એકાર્થીભાવને 'સમર્થ' કહે છે (૨-૧-૧, वा.-૧)" વાક્યમાં પૃથગ્ અર્થોવાળાં પદો હોય છે, જેમ કે राज्ञः पुरुषः। અહીં राजन् શબ્દ રાજાર્થને કહે છે અને पुरुष શબ્દ પુરુષાર્થને કહે છે. આવાં પૃથગ્ અર્થોવાળાં પદોનો વૃત્તિ (સમાસ)માં 'એકાર્થીભાવ' જોવા મળે છે. જેમકે, राजपुरुषः। અહીં पुरुष શબ્દ તો પુરુષાર્થને કહે જ છે, પણ राजन् શબ્દ પણ પુરુષાર્થને જ કહેનાર છે.[૧] આમ વૃત્તિમાં બે પદોનો 'એકાર્થીભાવ' થાય છે.[૨] અથવા તો અહીં (વૃત્તિમાં) અવયવાર્થો જેમાં અન્વિત થયેલાં છે તેવો એક અલગ જ સમુદાયાર્થ પ્રાદુર્ભાવ પામે છે.[૩] એ સન્દર્ભમાં 'એકાર્થીભાવ' કહેવાયો છે. અહીં પૃથગ્ અર્થો પાંસુ—ઉદકવત્[૪] એક થયેલા હોય છે.[૫] અર્થાત્ વૃત્તિમાં અર્થોની અપૃથગ્ ઉપસ્થિતિ થાય છે, આવું એકાર્થીભાવ રૂપ સામર્થ્ય ૨-૧-૧ સૂત્રસ્થ समर्थः પદથી વાચ્ય છે.

વાર્ત્તિકકારે બીજો મત પણ નોંધ્યો છે : "કેટલાક વૈયાકરણો પરસ્પરની વ્યપેક્ષાને સામર્થ્ય કહે છે (૨-૧-૧ वा.-૪)" અર્થાત્ ૨-૧-૧ સૂત્રમાંના समर्थः પદથી વ્યપેક્ષા રૂપ સામર્થ્ય સમજવાનું છે. ભાષ્યકારે આ વ્યપેક્ષા-સામર્થ્યને વિશદ કરતાં

---

૧. અજહત્ સ્વાર્થાવૃત્તિપક્ષમાં. અહીં राजन् શબ્દ વિશેષણ રૂપ અર્થ આપ્યા પછી પુરુષાર્થને કહેનાર બની રહે છે. અહીં राज શબ્દ 'રાંજસંબંધવાન' એ અર્થમાં ઊભો છે એમ કહેવાનું તાત્પર્ય છે.

૨. આમ બન્ને પદોની એકાર્થકતા બની રહે છે. અર્થાત્ બે પદો ભેગાં મળીને એક જ (સમાન) અર્થને કહેનારાં બને છે.

૩. જહત્ સ્વાર્થાવૃત્તિપક્ષમાં, અહીં राजन् અને पुरुषના અર્થો સમુદાયાર્થમાં ભળી ગયા હોઈ અલગ અલગ અર્થની ઉપસ્થિતિ કરતા નથી. વળી આ સમુદાયાર્થમાંથી કોઈ એક ભાગનો અર્થ અલગ પાડી શકાતો નથી, જેવી રીતે કાદવમાં માટીને કે પાણીને અલગ અલગ જોઈ શકાતા નથી.

૪. એટલે કે એકવાર પાંસુ અને ઉદકનું સંમેલન થઈ ગયા પછી પાંસુની કે ઉદકની અલગ અલગ પ્રતીતિ થતી નથી, પણ 'પિંડ' નામનું દ્રવ્યાન્તર જ પ્રતીત થાય છે, તેવી રીતે એકાર્થીભાવ(સમાસ)માં અવયવાર્થોની અલગ પ્રતીતિ થતી નથી, પણ સમુદાયાર્થની જ પ્રતીતિ થાય છે. આ અપૃથગ્ ઉપસ્થિતિનું નામ જ એકાર્થીભાવ છે.

૫. पृथगर्था येषां पदानां तानि पृथगर्थानि पदानि । वाक्ये हि राज्ञः पुरुष इत्यत्र राजशब्दो राजार्थमेवाचष्टे, पुरुषशब्दोऽपि पुरुषार्थमेव । वृत्तौ तु राजपुरुष इत्यत्र राजशब्दोऽपि पुरुषार्थमेवाचष्टे इति द्वयोरेकार्थीभावो भवति । अथवान्य एवावयवार्थान्वितः समुदायार्थः प्रादुर्भवतीति तदपेक्षयैकार्थीभाव उच्यते पांसूदकवदेकभावापन्नत्वात् ॥ प्रदीपः, पृ. ३२१

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લખ્યું છે કે राज्ञः पुरुषः । એમ કહેતાં રાજા પુરુષની 'આ મારો છે' એમ અપેક્ષા રાખે છે અને પુરુષ પણ રાજાની 'હું આનો છું' એમ અપેક્ષા રાખે છે. આ બંનેના (સેવ્ય-સેવકભાવ રૂપ) સંબંધની ષષ્ઠી વિભક્તિ વાચિકા બને છે.[૧] આમ વિશિષ્ટ અપેક્ષાને વ્યપેક્ષા કહે છે. આવી વ્યપેક્ષા વાક્યમાં જોવા મળે છે.[૨]

અહીં 'વાક્યમાં પદો પૃથગ્ અર્થોવાળાં હોય છે' અને 'વૃત્તિમાં પૃથગ્ અર્થોવાળાં પદોનો એકાર્થીભાવ હોય છે' એમ કહેવાથી કોઈને શંકા થાય કે જો વાક્યમાં પદોનું પૃથગર્થત્વ હશે તો વિશિષ્ટાર્થની (એટલે કે राज्ञः पुरुषः માંથી 'રાજસંબંધી પુરુષ' એવા અર્થની) પ્રતીતિ થશે નહીં; તથા વૃત્તિમાં એકાર્થીભાવ હશે (એટલે કે સંખ્યાની દૃષ્ટિએ એક અર્થની પ્રતીતિ થતી હશે) તો राजपुरुषः। માંથી પુરુષમાત્રની પ્રતીતિ થશે. પરિણામે ત્યાં પણ વિશિષ્ટાર્થની પ્રતીતિ થશે નહીં. પરંતુ આ શંકા ઉચિત નથી, કેમ કે (क) અહીં વાક્યમાંથી પણ વિશિષ્ટાર્થની પ્રતીતિ થાય છે, જેમ કે, વાક્યમાં 'પદો કેવળ પૃથગ્ અર્થોવાળાં હોય છે' એટલું જ નથી કહ્યું, બલ્કે પૃથગ્ અર્થો આપી ચુકેલાં પદોનો આકાંક્ષાદિવશાત્ જે પરસ્પર સંબંધ તેને વ્યપેક્ષા કહે છે. અહીં (વાક્યમાં) આકાંક્ષાદિવશાત્ વિશિષ્ટાર્થની પ્રતીતિ થાય છે. (ख) 'એકાર્થીભાવ'નો જે અર્થ શંકાકારે ઉપર કર્યો છે તે વિકૃત અર્થ છે. અહીં 'એકાર્થીભાવ' શબ્દથી પૂર્વોક્તાર્થ જ અભીષ્ટ છે. વૃત્તિમાં જુદા જુદા અર્થોવાળાં ભેગાં થયેલા પદોના સમુદાયમાંથી—સમુદાયશક્તિથી વિશિષ્ટાર્થની પ્રતીતિ થાય છે. આમ વાક્ય અને વૃત્તિ એ બન્નેમાંથી વિશિષ્ટાર્થની પ્રતીતિ થાય છે પણ તે બન્નેમાં કારણ અલગ અલગ છે. એકમાં આકાંક્ષદિવશાત્ એ અર્થ મળે છે અને બીજામાં તે અર્થ સમુદાયશક્તિથી પ્રાપ્ત થાય છે.[૩]

---

૧. इह राज्ञः पुरुष इत्युक्ते राजा पुरुषमपेक्षते ममायमिति पुरुषोऽपि राजानमपेक्षतेऽहमस्येति। तयोरभिसंबन्धस्य षष्ठी वाचिका भवति। २-१-१ इत्यत्र भष्यम, पृ. ३६५

૨. राज्ञः पुरुषः। राज्ञः પદ 'રાજાનો' એવો અર્થ અને पुरुषः પદ 'માણસ' એવો અર્થ પહેલે તબક્કે આપે છે. પરંતુ राजन् શબ્દની પરમાં આવેલી સંબંધવાચિકા ષષ્ઠી વિભકિત સંબંધી પદાર્થની આકાંક્ષા રાખે છે. તેથી આકાંક્ષા થાય કે राज्ञः किम् ? આ આકાંક્ષા पुरुषः પદથી સંતોષાય છે. એ જ પ્રમાણે, पुरुषः કહેતાં પ્રશ્ન થશે કે कस्य ? તેની આકાંક્ષા राज्ञः પદથી સંતોષાય છે. આમ પદો પરસ્પરની જે અપેક્ષા રાખે છે તેને વ્યપેક્ષા કહે છે; આવી વ્યપેક્ષા વાક્યમાં રહે છે.

૩. અહીં કોઈને પ્રશ્ન થાય કે વાક્યમાં કલ્પેલી અવયવશક્તિ જ વૃત્તિમાં પણ વિશિષ્ટાર્થની પ્રતીતિ થઈ જશે. તો પછી શકત્યન્તર (સમુદાયશક્તિ)ની કલ્પના શા શા માટે કરવી જોઈએ ? 'વૈયાકરણભૂષણસાર'માં આની ચર્ચા કરવામાં આવી છેઃ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧.૨.૨

અહીં એકાર્થીભાવ રૂપ સામર્થ્ય અને વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્યનો ભેદ વિચારવા માટે એક પ્રશ્ન કરવામાં આવે છેઃ પૃથગ્ અર્થોવાળાં અસામાસિક પદોનો અર્થ અને સામાસિક પદનો અર્થ એક જ જોવા મળે છે. દા.ત. राज्ञः पुरुषमानय । કહો કે राजपुरुषमानय । એમ કહો પણ એક ચોક્કસ વ્યક્તિને જ લાવવામાં આવે છે. આમ અર્થબોધની દૃષ્ટિએ તો કશો ફરક પડતો નથી. આ સ્થિતિમાં જો વૃત્તિ અને વાક્યથી એક જ અર્થ પ્રતીતિ થતો હશે તો સામર્થ્યભેદ (બે પ્રકારનું સામર્થ્ય છે એમ) કેવી રીતે કહેવાશે ? કૈયટે આનો પ્રત્યુત્તર આપતાં જણાવ્યું છે કે વાક્યમાં પદોનું પૃથગર્થત્વ હોવા છતાંય આકાંક્ષાદિવશાત્ વિશેષ્ય-વિશેષણભાવથી વિશિષ્ટાર્થની પ્રતિપત્તિ થાય છે તથા વૃત્તિમાં પણ राजपुरुषः । શબ્દમાંથી (સમુદાયશક્તિથી) વિશિષ્ટાર્થની જ પ્રતિપત્તિ થાય છે. આ સ્થિતિમાં અન્યનું આનયન કેવી રીતે થાય ? અર્થાત્ राज्ञः पुरुषः । કહો કે राजपुरुषः । કહો, પણ એક ચોક્કસ વ્યક્તિનું જ આનયન થશે. પરંતુ આટલામાત્રથી વૃત્તિ અને વાક્યનું એકાર્થત્વ છે એમ ન કહી શકાય. જેવી રીતે ब्राह्मणानां शतं भोज्यताम् । शतं ब्राह्मणा भोज्यन्ताम्। ('બ્રાહ્મણોમાંથી સોને જમાડો' અને 'સો બ્રાહ્મણો જમાડો') એમ કહેતાં અમુકને જમાડવાનું કાર્ય એકનું એક હોવા છતાંય તે બન્ને વાક્યોનો શબ્દાર્થ જુદો પડે છે, તેમ અહીં પણ (આનયન કોઈ એક ચોક્કસ વ્યક્તિનું થાય છે તો પણ) राज्ञः पुरुषः। (રાજસંબંધી પુરુષ) અને राजपुरुषः । (રાજસંબંધવાન પુરુષ) એ બન્નેનો શબ્દાર્થ જુદો જુદો જ પ્રાપ્ત થાય છે.[1]

समासे खलु भिन्नैव शक्तिः पङ्कजशब्दवत् ।
बहूनां वृत्तिधर्माणां वचनैरेव साधने ।
स्यान्महद्गौरवं तस्मादेकार्थीभाव आश्रितः ॥४॥ (३१) – समासशक्तिनिर्णयः ।

१. (क) नापि ब्रूमः-अन्यस्यानयनं भवतीति । वाक्ये पृथगर्थत्वेऽपि पदानामाकाङ्क्षा-योग्यतावशाद्विशेषणविशेष्यभावाद्विशिष्टार्थप्रतीतिः । वृत्तावपि विशिष्ट एवार्थो राजपुरुषशब्दाभ्यामभिधीयत इति कुतोऽन्यस्यानयनम् । यथा ब्राह्मणानां शतं भोज्यताम्, शतं ब्राह्मणा भोज्यन्तामिति सत्यपि कार्यस्याभेदे शब्दार्थो भिद्यते तथेहापीत्यर्थः । – प्रदीपः पृ. ३२२

(ख) કૈયટના 'शब्दार्थो भिद्यते' એ વચનને સમજવા માટે (किञ्च पिक पदशक्तिग्रहवतः 'अयं कोकिलः' इत्यनुव्यवसायापत्तिः', तव पिकत्वकोकिलत्वयोरभेदात् । मम तु तत्तत्पदभानान्न दोषः । .... शाब्दज्ञाने शब्दभानस्याङ्गीकाराच्च । ... साहचर्यञ्च शब्दानुविद्धस्यैवार्थस्यावगमाद् इति । किञ्च प्रत्यक्षादावपि विषयताभाननियमनिर्वाहाय पदभानमावश्यकं, यज्ज्ञानं यत्पदादिविषयं तत तज्जन्यबोधविषयतासमानविषयता-कमिति नियमात् ॥ बौद्धार्थनिरूपणम्, पृ. ३३०-३३५)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભાષ્યકારે પણ સ્વીકાર્યું છે કે राज्ञः पुरुषमानय । કહો કે राजपुरुषमानय। કહો, પણ અન્યનું આનયન થતું નથી; રાજપુરુષનું જ આનયન થાય છે. આથી વૃત્તિ અને વાક્યનો ભેદ અહીં બીજી રીતે વિચારવાનો છે : પૃથગ્ અર્થોવાળા પદોથી બનેલા વાક્ય કરતાં સમાસ બે રીતે જુદો પડે છે. આ સન્દર્ભમાં 'એકાર્થીભાવકૃત વિશેષ કયા કયા છે ?' એવો પ્રશ્ન કરીને ભાષ્યકારે જણાવ્યું છે કે (क) सुबलोपो व्यवधानं यथेष्टमन्यतरेणाभिसम्बन्धः स्वर इति । અર્થાત્ (૧) વાક્યમાં સુપ્ વિભક્તિનો લોપ થતો નથી. જેમકે, राज्ञः पुरुषः । પરંતુ સમાસમાં તેનો લોપ થાય છે. જેમકે, राजपुरुषः । (૨) વાક્યમાં બે પદોની વચ્ચે ત્રીજા પદનું વ્યવધાન આવી શકે છે. જેમકે, राज्ञः ऋद्धस्य पुरुषः । પરંતુ સમાસમાં આવું શક્ય નથી. જેમકે, राजपुरुषः । (૩) વાક્યમાં ઇચ્છા મુજબ પદોનો એકબીજા સાથે સંબંધ થઈ શકે છે. જેમકે, राज्ञः पुरुषः । પણ કહેવાય અને पुरुषो राज्ञः પણ કહી શકાય. પરંતુ સમાસમાં આમ થઈ શકતું નથી. (અર્થાત્ ત્યાં પૂર્વપદ કોણ અને ઉત્તરપદ કોણ તે નિશ્ચિત હોય છે.) જેમકે, राजपुरुषः । (૪) વાક્યમાં બે પદોના બે સ્વરો હોય છે. જેમકે, राज्ञः पुरुषः । પરંતુ સમાસમાં એક જ સ્વર હોય છે. જેમકે, राजपुरुष। (ख) संख्याविशेषो व्यक्ताभिधानमुपसर्जनविशेषणं च योगः इति। અર્થાત્ (૧) વાક્યમાં સંખ્યાનાવિશેષનું ભાન થાય છે. જેમકે, राज्ञः पुरुषः । राज्ञोः पुरुषः । राज्ञां पुरुषः । પરંતુ સમાસમાં સંખ્યાવિશેષનો અર્થબોધ થતો નથી. જેમકે, राजपुरुषः । (૨) વાક્યમાં સ્પષ્ટ અભિધાન થઈ શકે છે. જેમકે, ब्राह्मणस्य- कम्बलस्तिष्ठति । પરંતુ સમાસમાં આવું સ્પષ્ટ અભિધાન થઈ શકતું નથી. જેમકે, ब्राह्मणकम्बलतिष्ठति । અહીં સંદેહ થાય છે કે ब्राह्मण પદ સંબોધન હશે કે ષષ્ઠી સમાસ ? (૩) વાક્યમાં ઉપસર્જન પદને વિશેષણ લાગી શકે છે. જેમકે, ऋद्धस्य राज्ञः पुरुषः । પરંતુ સમાસમાં આવું શક્ય નથી. જેમકે, राजपुरुषः । અહીં ऋद्धस्य राजपुरुषः । એવું વિશેષણ મૂકી શકાતું નથી. (૪) વાક્યમાં પ્રધાન-પદ અને ઉપસર્જન-પદ એ બન્ને પદોને च કારનો યોગ થઈ શકે છે. જેમકે,

---

વૈયાકરણસિદ્ધાન્તલઘુમંજૂષા જોવી, ત્યાં સ્પષ્ટ કર્યું છે કે શાબ્દબોધમાં શબ્દભાન પણ થાય છે.

(ગ) અહીં વૃત્તિ-વાક્યનો અર્થબોધ એકસરખો છે, પણ અગાઉ જોયું તેમ તે અર્થબોધ કરાવવાની રીત જુદી જુદી છે. આપણે (૬.૦.૦માં) જોઈશું કે વૃત્તિ અને વાક્ય પરસ્પરના પર્યાય નથી. કેવળ સાદૃશ્યને કારણે જ વૃત્તિ અને વાક્ય એક જ છે એવી ભ્રાંતિ થાય છે. સિદ્ધાન્તપક્ષે તો વૃત્તિ અને વાક્યનો અત્યંત ભેદ છે જ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

राज्ञो गौश्चाश्वश्च पुरुषश्च । અને देवदत्तस्य च यज्ञदत्तस्य च विष्णुमित्रस्य च गौः । પરંતુ સમાસમાં ચકારનો યોગ થતો નથી. જેમકે, राज्ञो गवाश्वपुरुषाः । અને देवदत्त-यज्ञदत्तविष्णुमित्राणां गौः ।

અહીં વાક્ય અને સમાસના શબ્દસ્વરૂપમાં જે જુદાપણું છે તે બે પ્રકારનું છે— (क)માં જે ઉદાહરણો છે તે વ્યાકરણની દૃષ્ટિએ અસામાસિક અને સામાસિક પદોમાં જે જુદાપણું છે તેને વર્ણવે છે. તથા (ख)માં જે ઉદાહરણો છે તે અર્થવિજ્ઞાન (Semantics)ની દૃષ્ટિએ અસામાસિક અને સામાસિક પદોમાં જે જુદાપણું છે તેને વર્ણવે છે.

૧.૨.૩

વાર્તિકકારે ૨-૧-૧ સૂત્રમાંના समर्थः પદથી (૧) એકાર્થીભાવ રૂપ સામર્થ્ય અને (૨) વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્ય સમજવાનું છે એવું દર્શાવ્યું છે..આથી પ્રશ્ન થાય છે કે અહીં એકાર્થીભાવ રૂપ સામર્થ્ય અને વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્ય એ બંનેનું શું આ એક જ સૂત્રથી ગ્રહણ થઈ શકે છે કે બીજા પક્ષમાં નવું સૂત્ર કરવું પડશે ? ભાષ્યકારે જ આ પ્રશ્ન ઊભો કરીને તેનો જવાબ આપતાં જણાવ્યું છે કે હા, આ એક જ સૂત્રથી બંને પ્રકારનું સામર્થ્ય લઈ શકાય છે. सम्નો અર્થ શબ્દની સાથે સમાસ થયો છે, અને सम् એ ઉપસર્ગ છે. હવે જેવી રીતે ધુમાડાને જોઈને 'અહીં અગ્નિ હશે' એવું અનુમાન થાય છે તેવી રીતે અહીં सम् ઉપસર્ગ હોય તો તેની સાથે કોઈક ક્રિયાવાચી શબ્દનો પ્રયોગ હોવો જોઈએ. તેથી પ્રશ્ન થાય છે કે सम्ની સાથે કયા શબ્દનો પ્રયોગ હોવો ઘટે છે ? તો સંગતાર્થને પણ સમર્થ કહી શકાય. સંસૃષ્ટાર્થને પણ સમર્થ કહી શકાય. સંપ્રેક્ષિતાર્થને પણ સમર્થ કહી શકાય અને સંબદ્ધાર્થ પણ સમર્થ કહી શકાય. હવે જ્યારે ૨-૧-૧ સૂત્રમાંના समर्थः પદથી **એકાર્થીભાવ રૂપ સામર્થ્ય લેવું હશે ત્યારે संगतार्थः समर्थः, संसृष्टार्थः समर्थः।** એવો વિગ્રહ કરવામાં આવશે. જેવી રીતે 'ઘી સંગત થયું છે' કે 'તેલ સંગત થયું છે' એમ કહેતાં ઘી કે તેલ એકીભૂત થયું છે એમ સમજાય છે. એ જ રીતે 'અગ્નિ સંસૃષ્ટ કર્યો' એમ કહેતાં અગ્નિ ભેગો કર્યો એમ સમજાય છે. હવે જ્યારે **૨-૧-૧ સૂત્રસ્થ સમર્થ પદથી વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્ય લેવું હશે ત્યારે संप्रेक्षितार्थः समर्थः, संबद्धार्थः समर्थः** । એવો વિગ્રહ કરવામાં આવશે. અહીં રજ્જુ કે લોખંડથી ખીલે બંધાયેલાને સંબદ્ધ કહે છે.[1] અથવા તો 'અમારે ગર્ગોની સાથે

૧. અર્થાત્ દોરીથી બાંધીને બે પદાર્થને સંબદ્ધ કરવામાં આવે છે ત્યારે તે બે પદાર્થો પરસ્પર ભિન્ન છે એવું સ્પષ્ટ દેખાય છે. આમ પૃથગ્ પૃથગ્ અર્થોની ઉપસ્થિતિને વ્યપેક્ષા સામર્થ્ય કહે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સંબંધ છે એમ કહેતાં सम् ઉપસર્ગપૂર્વક √बध ધાતુનો 'સંયોગ' એવો અર્થ પણ મળે છે.[1]

આમ ભાષ્યકારે समर्थः શબ્દના संगतार्थ, संसृष्टार्थ, संप्रेक्षितार्थ અને संबद्धार्थ- એવા અર્થો કરી બતાવીને આ ૨-૧-૧ એક જ સૂત્રથી બંને પ્રકારનું સામર્થ્ય લઈ શકાય છે એમ સાબિત કર્યું છે. આથી સમાસ કરવા માટે એકાર્થીભાવ રૂપ સામર્થ્ય લેવું હોય ત્યારે समर्थः પદના संगतार्थः કે संसृष्टार्थः એવા અર્થો કરવા, અને વાક્યની સિદ્ધિ કરવા માટે વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્ય લેવું હોય ત્યારે समर्थः પદના संप्रेक्षितार्थः કે संबद्धार्थः એવા અર્થો કરવા.

૧.૩.૦

ઉપરની સુદીર્ઘ-ચર્ચામાં આપણે પ્રસ્તુત ૨-૧-૧ સૂત્રમાંના એક समर्थः પદની અર્થવિચારણા કરી. પરંતુ આ વિચારણાનો (૨-૧-૧) સૂત્રમાંના અન્ય (पदविधिः) પદ સાથે અન્વય કરતાં સમગ્ર સૂત્રનો શો અર્થ પ્રાપ્ત થાય છે ? તે આપણી ગવેષણાનો મુખ્ય વિષય છે. અહીં समर्थः અને पदविधिः એવાં બે પદોનો સમુદિતાર્થ ધારીએ એટલો સરળ નથી. અન્ય સૂત્રોના અર્થની સરખામણીમાં આ સૂત્રનો અર્થ દુઃસાધ્ય છે. કારણ કે, समर्थः पदविधिः । ૨-૧-૧ સૂત્રમાં બંને પદોનો એક જ (પ્રથમા) વિભક્તિમાં નિર્દેશ છે. એથી ઉદ્દેશ્ય-વિધેયભાવનો નિર્ણય થઈ શકતો નથી. આ સન્દર્ભમાં જ વાર્ત્તિકકારે "સમર્થાધિકારનો વિધેયની સાથે સામાનાધિકરણ્ય હોવાથી (समर्थः એવો) નિર્દેશ અનર્થક છે"[2] એવું વાર્ત્તિક રજૂ કર્યું છે. આ મુશ્કેલીને દૂર કરવા ત્રણ રીતે સૂત્રાર્થ કરવાનો પ્રત્યન થયો છે. હવે પછીની ચર્ચામાં તેનો વિચાર કરીશું.

૧.૩.૧

ઉપર જણાવ્યું તેમ વાર્ત્તિકકારે ૨-૧-૧ સૂત્રમાં વિધેયની સાથે સમર્થાધિકારનું સામાનાધિકરણ્ય હોવાથી (समर्थः એવા) નિર્દેશનું આનર્થક્ય કહ્યું છે. અહીં વિધેય पदविधिः છે. पदविधिः શબ્દમાંનો विधि શબ્દ કર્મસાધન છે.[3] આથી 'પદસંબંધી સમાસ વગેરે' તે (વિધિ)નો અર્થ થશે. સૂત્રકારે આ 'સમાસ'ના સામાનાધિકરણ્યમાં

---

૧. अथ यद्येवैकार्थीभावः सामर्थ्यमथापि व्यपेक्षा सामर्थ्यं किं गतमेतदियता सूत्रेण ... अस्ति नौ गर्गैः संबन्धः । अस्ति नो वत्सैः संबन्ध इति । संयोग इत्यर्थः । २-१-१, वा.-४, इत्यत्र भाष्यम्, पृ. ३६५

२. समर्थाधिकारस्य विधेयसामानाधिकरण्यन्निर्देशानर्थक्यम् । २।१।१, वा १७, पृ. ३६९

૩. विधिरिति कोऽयं शब्दः । विपूर्वाद् धाञः कर्मसाधन इकारः । विधीयते विधिरिति । २-१-१ इत्यत्र भाष्यम् पृ. ३५७

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(સમાનવિભક્તિવચન્ધાદિમાં) समर्थः પદનો ઉપન્યાસ કર્યો છે. પરિણામે समर्थः समासः। (સમાસ સમર્થ છે) એવો સૂત્રાર્થ થશે. આવા સૂત્રમાંના समर्थः પદથી અસમર્થ પદોનો જે સમાસ થયો હશે તેની નિવૃત્તિ થઈ શકશે નહીં. કેમકે "સમાસ સમર્થ છે" એમ કહેવાથી અર્થની દૃષ્ટિએ જોડાયેલાં પદોનો જે સમાસ થયો હશે, દા.ત. राज्ञः पुरुषः→राजपुरुषः । તે સમર્થ કહેવાશે અને અર્થની દૃષ્ટિએ પરસ્પર નહીં જોડાયેલાં પદોનો જે સમાસ થયો હશે, દા.ત, भार्या राज्ञः पुरुषो देवदत्तस्य → भार्या राजपुरुषोः देवदत्तस्य । તે પણ સમર્થ કહેવાશે. અહીં અસમર્થ (અર્થની દૃષ્ટિએ પરસ્પર નહીં જોડયેલાં) પદોનો જે સમાસ થયો હશે તેની નિવૃત્તિ પ્રસ્તુત સૂત્રના समर्थः પદથી થઈ શકશે નહીં. કોઈ એમ કહે કે આવાં અસમર્થ પદોનો સમાસ થઈ ગયા પછી તે સમાસની ભલે નિવૃત્તિ ન થઈ શકે, પણ તેના સાધુત્વની નિવૃત્તિ કરવા માટે ૨-૧-૧ સૂત્રસ્થ समर्थः પદ કામે લાગશે, તો આ પણ શક્ય નથી. કારણ કે અસમર્થ પદોનો સમાસ એકવાર થઈ ગયા પછી असूर्यललाट-योर्दशितपोः । ૩-૨-૩૬ જેવા સૂત્રાન્તરથી[1] તેનું સાધુત્વ પણ કહેવાઈ જશે. એ જ પ્રમાણે अकिञ्चित्कुर्वाणम् । ઇત્યાદિ અસમર્થ नञ् સમાસોને પણ सुडनपुंसकस्य। ૨-૧-૪૩ એવા સૂત્રનિર્દેશને નિયમાર્થ ગણીને નિવૃત્ત કરી દેવામાં આવ્યાં છે.[2] એથી એમની (अकिञ्चित्कुर्वाणम् વગેરેની) નિવૃત્તિ કરવા માટે समर्थः પદ કામે લાગશે એવું પણ નહીં કહી શકાય.[3] આમ ૨-૧-૧ સૂત્રમાં समर्थः અને पदविधिः એ બન્ને પદો પ્રથમાન્ત હોવાથી ઉચિત સૂત્રાર્થની કે ઇષ્ટવ્યવસ્થાની પ્રાપ્તિ થતી નથી.

આ મુશ્કેલીને દૂર કરવા માટે વાર્તિકકારે ૨-૧-૧ સૂત્રના समर्थः પદમાં समर्थानाम् એવો ફેરફાર સૂચવ્યો છે.[4] આથી समर्थानां पदविधिः । એવો સૂત્રન્યાસ

---

૧. असूर्यम्पश्या राजदाराः । .... असूर्य इति चासमर्थसमासोऽयम् दृशिना नञः सम्बन्धात्। सूर्यं न पश्यन्तीति ॥ ३-२-३६ इत्यत्र काशिकावृत्तिः ।

૨. જુઓ : ૧.૧.૨

૩. विधिशब्द इह कर्मसाधन एव उपात्तः, तस्य पदसम्बन्धी समासादिरर्थो वाच्यः ॥ तसमानाधिकरणं च समर्थ इत्युपात्तम् । तत्र असमर्थानां पदानां समासस्यानिवर्तितत्वात् समर्थवचनेन न किंचित् कृत्यमित्यर्थः । तथा हि समर्थानां यः समासः स समर्थ एव । योऽप्यसमर्थानां भार्या राज्ञः पुरुषो देवदत्तस्येत्यादौ सोऽपि नियमाभावान्निर्वृत एव । तस्यासमर्थस्यापि अनेन समर्थवचनेन न किंचित्क्रियते । निष्पन्नत्वाल्लक्षणान्तरेण साधुत्वव्यवस्थापनाच्च । अकिंचित् कुर्वाणमित्यादयोऽप्यसमर्था नञ् समासाः परिगणनेन निरस्ता इति तदर्थमप्येतन्न भवति ॥ प्रदीपः पृ. ३४०-३४१

૪. सिद्धं तु समर्थनामिति वचनात् ॥ २-१-१, वा. १८ पृ. ३६९

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

થતાં "સમર્થ (અર્થ દૃષ્ટિએ પરસ્પર જોડાયેલાં) પદોનો વિધિ (અર્થાત્ સમાસ વગેરે) થાય છે" એવો ઇષ્ટ સૂત્રાર્થ પ્રાપ્ત થાય છે.

પરતુ વાર્તિકકારે (૨-૧-૧ સૂત્રમાં) સૂચવેલા ફેરફારમાં समर्थानाम् એવું બહુવચન વપરાયું છે, તેથી એક કે બે સમર્થ પદોનો વિધિ થશે નહીં. કેમકે જેવી રીતે पशुना यजेत । એ વાક્યમાં સંખ્યા વિવક્ષિત છે તેવી રીતે અહીં समर्थानाम् પદમાં પણ બહુત્વની વિવક્ષા રહેલી છે. આથી વાર્તિકકારે वा.-૧૮માં આપેલું સમાધાન સ્વીકાર્ય બનતું નથી. વળી, આ સમાધાન સ્વીકારી લેવાથી સૂત્રભેદ (પાણિનિએ રજૂ કરેલા સૂત્રમાં ફેરફાર) પણ કરવો પડે છે, એ બીજી મુશ્કેલી છે.[૧]

આ સન્દર્ભમાં, પૂર્વોક્ત મુશ્કેલીને દૂર કરવા માટે एकशेषनिर्देशाद्वा । (૨-૧-૧, वा. ૧૯) 'અથવા, એકશેષ-નિર્દેશ માનવાથી' એવું વાર્તિક રજૂ કરવામાં આવ્યું છે. પતંજલિએ આ સમાધાન સ્વીકાર્યું છે. તેમણે આ વાર્તિકને આધારે જણાવ્યું છે કે ૨-૧-૧ સૂત્રમાં समर्थः એવું પદ એકશેષથી પ્રાપ્ત થયેલું છે એમ માનવાથી ઇષ્ટ સૂત્રાર્થની પ્રાપ્તિ થાય છે.[૨] પતંજલિએ समर्थः અને पद શબ્દનો विधि શબ્દની સાથે સર્વવિભક્ત્યન્ત સમાસ માન્યો છે – एवं तर्हि समर्थपदयोरयं विधिशब्देन सर्वविभक्त्यन्तः समासः । समर्थस्य विधिः समर्थविधिः। समर्थयोर्विधिः समर्थविधिः । समर्थानां विधिः समर्थविधिः । समर्थाद्विधिः समर्थविधिः । समर्थे विधिः समर्थविधिः। पदस्य विधिः पदविधिः । पदयोर्विधिः पदविधिः । पदानां विधिः पदविधिः । पदाद्विधिः पदविधिः । पदे विधिः समर्थविधयः पदविधयश्च । पदविधिश्च पदविधिश्च पदविधिश्च पदविधिश्च पदविधयः। समर्थविधयश्च पदविधयश्च समर्थः पदविधिः । ૨-૧-૧ इत्यत्र भाष्यम्, पृ. ३६९) અહીં समर्थविधयःમાં ઉત્તરપદનો લોપ કરીને તેને યાદચ્છિકી (દા.ત. પ્રથમા) વિભક્તિ લગાવીને समर्थः એવો એકશેષ નિર્દેશ સૂત્રકારે કર્યો

---

૧. આપણે જાણીએ છીએ કે પતંજલિ સૂત્રભેદ કરવા મહદંશે તૈયાર હોતા નથી. प्रमाणभूत आचार्यो दर्भपवित्रपाणिः शुचावकारो प्राङ्मुख उपविश्य महता यत्नेन सूत्रं प्रणयति स्म तत्राशक्यं वर्णेनाप्यनर्थकेन भवितुं किं पुनरियता सूत्रेण ॥ १-१-१ इत्यत्र भाष्यम्, पृ. ३९

૨. અહીં કોઈને એમ થાય કે વા. ૧૯ એ તો વા. ૧૮ના સમર્થનમાં જ છે (અર્થાત્ વા. ૧૯ એ કોઈ નવું સમાધાન આપનાર નથી.) તો એ ઉચિત નથી. કેમ કે એમ કરવાથી વા. ૧૯માંનું वा પદ અનર્થક બની જશે. બીજું, વા. ૧૮ના જ સમર્થનમાં વા. ૧૯ છે એમ માન્વાથી વા. ૧૮માં સૂચવેલો સૂત્રભેદ માન્ય રાખવો પડશે. (પણ આપણે ઉપર જોયું તેમ પતંજલિને મહદંશે સૂત્રભેદ કરવો કે સ્વીકારવો ગમતો નથી.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છે.[1] આથી ૨-૧-૧, વા. ૧૭માં બતાવેલી (પ્રસ્તુત મુદ્દા ૧.૩.૧ને પ્રારંભે વર્ણવેલી) મુશ્કેલી દૂર થઈ જાય છે.

૧.૩.૨

૨-૧-૧ સૂત્રમાં સમર્થઃ અને પદવિધિઃ એ બન્ને પદો પ્રથમાન્ત હોઈ સમગ્ર સૂત્રનો શો અર્થ કરવો ? તેવો પ્રશ્ન ઊભો થયો છે અને આપણે જોયું તેમ વાર્ત્તિકકારે અને ભાષ્યકારે તેનું સમાધાન કરવા માટે ક્રમશઃ સૂત્રભેદ સૂચવ્યો અને ઘણા આયાસપૂર્વક સમર્થઃ અને પદનો વિધિ શબ્દની સાથે સર્વવિકૃત્યન્ત સમાસ કરી બતાવ્યો. પરંતુ ડૉ. એસ.ડી. જોશીએ તેનું સરળ સમાધાન સૂચવ્યું છે : સમર્થને બદલે સમર્થાનામ્ એમ સૂત્રભેદ કરવાના વાર્ત્તિકકારના સૂચનથી આરંભીને (આજદિન સુધીના) બધા જ વ્યાખ્યાતાઓનું વ્યાખ્યાન એમ માનીને ચાલે છે કે ૨-૧-૧ સૂત્રમાં પદવિધિઃ શબ્દ વિધેય (Predicate) છે અને સમર્થઃ શબ્દ ઉદ્દેશ્ય (Subject) છે. એકવાર સૂત્રનું આ પ્રમાણે પૃથક્કરણ કર્યા પછી સમર્થ પદને સમર્થાનામ્ રૂપે ફેરવ્યા સિવાય સૂત્રમાંથી અર્થ કાઢવાનો બીજો કોઈ રસ્તો રહેતો નથી. પરંતુ જો સમર્થઃ શબ્દને વિધેય રૂપે લઈને અને પદવિધિઃ શબ્દને ઉદ્દેશ્ય રૂપે લઈએ તો સૂત્રનો અર્થ આ પ્રમાણે થશે – यत्र पदविधिः तत्र समर्थः इति उपतिष्ठते । "જ્યાં જ્યાં પદવિધિ કહેવામાં આવે છે ત્યાં ત્યાં સમર્થઃ (અર્થની દૃષ્ટિએ પરસ્પર જોડાયેલાં) (Semantically connected) એવું પદ ઉપસ્થિત થાય છે." આ રીતે ૨-૧-૧ સૂત્રમાંના સમર્થઃ પદનું અર્થઘટન કરવા માટે વાર્ત્તિકકાર દ્વારા સૂચવાયેલ સૂત્રભેદ અને ભાષ્યકાર પતંજલિને કરલું પડેલું વિસ્તૃત વ્યાખ્યાન અનાવશ્યક બની જાય છે.[2]

સમર્થઃ પદવિધિઃ ૨-૧-૧ સૂત્રનો અર્થ કરવા માટે ડૉ. એસ.ડી. જોશીએ સૂચવેલો ઉપર્યુક્ત ઉપાય યોગ્ય છે, પરંતુ નવીન નથી. કેમ કે બૃહચ્છબ્દેન્દુશેખરમાં નાગેશ ભટ્ટે એનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.[3]

---

૧. અહીં સમર્થઃ એવા નિર્દેશને ઈષ્ટાર્થનો વ્યવસ્થાપક સાબિત કરવા માટે પતંજલિએ બધાં વચનો અને બધી વિભક્તિઓનો એકશેષ કરી બતાવ્યો છે; એ ખેંચી-તાણીને કરેલું સમાધાન છે એમ કેટલાક વિદ્વાનોને લાગ્યું છે. જુઓ : Joshi, S.D., Vyā. M. Bhā. Samarthāhnika, Introduction : 4.12 (i) Page- XV.

૨. See : Joshi S. D., Vyā. M. Samarthāhnika, Introduction 4.12 (ii) Page – XVI and Notes, page 142.

૩. यत्र शास्त्रेण पदसम्बन्धिविधिस्तत्र समर्थ इत्युपतिष्ठते इत्यन्ये ॥

– बृ.छ.शे. भा. २, पृ. ९४९

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧.3.3.

કાશીની વૈયાકરણ-પરંપરામાં પ્રસ્તુત ૨-૧-૧ સૂત્રમાંનું સમર્થઃ પદ લાક્ષણિક માનવામાં આવ્યું છે. ભટ્ટોજિ દીક્ષિતે આ સૂત્રનો અર્થ આ પ્રમાણે કર્યો છે– पदसम्बन्धी यो विधिः स समर्थाश्रितो बोध्यः ।[१] અહીં સમર્થઃ શબ્દનો સમર્થાશ્રિતઃ અર્થ કર્યો છે; તેને સમજાવતાં નાગેશ ભટ્ટ લખે છે કે સૂત્રમાં 'પદવિધિ' શબ્દ વડે તેના સહચરિત વિધિનું પણ ગ્રહણ થાય છે. આથી સન્નન્તાદિ વિધિઓમાં પણ એકાર્થીભાવનું પ્રતિપાદન કરનાર ભાષ્ય સંગત બની રહે છે. (પણ) અહી અર્થતઃ સમજાય છે કે પદવિધિ એટલે સમાસ-સંજ્ઞા વગેરે. પરંતુ सामर्थ्यम् એવું પદ તે (સમાસ)નું સાક્ષાત્ વિશેષણ થઈ શકતું નથી. કેમકે (સમાસઃ અને सामर्थ्यम् એમ બંને શબ્દો વિભિન્ન લિંગમાં હોવાથી) તે શક્ય જ નથી. માટે ભટ્ટોજિએ સમર્થાશ્રિતઃ એમ કહ્યું છે. ટૂંકમાં ૨-૧-૧ સૂત્રમાં સમર્થઃ શબ્દ લાક્ષણિક છે,[૨] એમ કહેવાનું તાત્પર્ય છે.[૩] આપણે અગાઉ (૧.૨.૦)માં જોયું છે કે સમર્થઃ શબ્દ બે પ્રકારના સામર્થ્યનો નિર્દેશ કરે છે. આ સન્દર્ભમાં, હવે સમર્થાશ્રિતઃ એવા લાક્ષણિક શબ્દનો સામર્થ્યાશ્રિતઃ અર્થ થશે. આથી 'પદસંબંધી વિધિ સામર્થ્યાશ્રિત છે' એટલે કે પદસંબંધી વિધિ = સમાસાદિ એકાર્થીભાવ રૂપ સામર્થ્યને આશ્રયે રહેનાર હોય છે એવો સૂત્રાર્થ મળે છે. राजन् + ङस् + पुरुष + सु । એવી અલૌકિક વિગ્રહવાક્યની અવસ્થામાં એકાર્થીભાવ રૂપ સામર્થ્ય રહે–અર્થાત્ પૃથગ્ અર્થોવાળાં પદો એકત્ર થઈને વિશિષ્ટ એકાર્થકની ઉપસ્થિતિ કરાવનારાં બને છે ત્યારે राजपुरुषः એવો સમાસ થાય છે. અહીં વિશેષ્ય અને વિશેષણભાવથી જોડાયેલાં પદોની 'રાજ સંબંધવાન પુરુષ' એમ એકાર્થક ઉપસ્થિત થાય છે. જ્યાં જ્યાં આવી વિશિષ્ટૈકાર્થકત્વની ઉપસ્થિતિ કરાવવા માટે પદો શક્તિમાન ન હોય ત્યાં સમાસ થતો નથી. કાશીની વૈયાકરણ પરંપરામાં ભટ્ટોજિએ જ્યારે 'પદસબંધી વિધિ=સમાસાદિ એકાર્થીભાવ રૂપ સામર્થ્યને આશ્રયે રહેનાર હોય છે' એવો સૂત્રાર્થ કર્યો ત્યારે ત્યાં પણ 'પદવિધિ' એ ઉદ્દેશ્ય છે અને 'સામર્થ્યાશ્રિત' એ વિધેય છે એમ જાણવું.

*

સમર્થઃ પદને વિધેય ગણવું અને પદવિધિઃ પદને ઉદ્દેશ્ય ગણવું એ બાબતમાં તો ઉપર્યુક્ત મત અગાઉના (૧-૩-૨માં દર્શાવેલા) મત કરતાં જુદો પડતો નથી.

---

૧. ૬૪૭ समर्थः पदविधिः ૨-૧-૧ । वै.सि.कौ. इत्यस्य वृत्तिः ।

૨. લક્ષણાથી સમર્થઃનો અર્થ સમર્થાશ્રિતઃ થાય છે.

૩. अत्र पदविधिशब्देन तत्सहचरितो विधिरपि गृह्यते । अत एव सन्नन्तादावेकार्थीभावप्रतिपादकं भाष्यं सङ्गच्छते । स चार्थात्समाससंज्ञादिः । तस्य च न सामर्थ्यं साक्षाद्विशेषणम्, असम्भवादित्याशयेनाऽऽह–समर्थाश्रितः इति । सूत्रे च 'समर्थ'– शब्दो लाक्षणिक इति भावः । वृ.छ.शे. भा. २ पृ. ९४९)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરંતુ ત્યાં જે અર્થ (यत्र पदविधिस्तत्र समर्थः इति उपतिष्ठते ।) કહેવાયો છે તે વાક્યાવસ્થાને ધ્યાનમાં રાખીને કહેવાયો છે, અને ત્યાં સમર્થઃનો અર્થ "અર્થની દૃષ્ટિએ પદો પરસ્પર જોડાયેલાં હોવાં જોઈએ. (Semantically connected)" એવો થાય છે. બીજી તરફ, ભટ્ટોજિ દીક્ષિતે ૨-૧-૧ સૂત્રનો पदसम्बन्धी यो विधिः स समर्थाश्रितो बोध्यः । (પદસંબંધી જે વિધિ તે એકાર્થીભાવ રૂપ સામર્થ્યને આશ્રયે રહેનારો હોય છે) એવો જે અર્થ કર્યો છે તે અલૌકિકવિગ્રહ વાક્યાવસ્થાને ધ્યાનમાં રાખીને કર્યો છે.[૧] તેમણે અહીં સમર્થઃનો પૂર્વોક્ત[૨] અર્થ છોડી દઈને 'સામર્થ્યાશ્રિત'[૩] અર્થ કર્યો છે એનું કારણ એ છે કે સમર્થઃનો પૂર્વોક્ત અર્થ કરવાથી सापेक्षसमर्थम् भवति । વગેરે અનેક વચનો કરવાં પડે છે અને 'આવાં અનેક વચનો કરવાની જરૂર નથી, તે માટેની વ્યવસ્થા તો ગમકત્વના સિદ્ધાન્તથી જ થઈ જશે' એમ કહીને ભાષ્યકારે સૂત્રકારનો ગૂઢ આશય સ્પષ્ટ કરતાં 'એકાર્થીભાવ રૂપ સામર્થ્ય અને/અથવા વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્ય એવો (સમર્થઃ પદનો) પારિભાષિક અર્થ બતાવ્યો છે. આમ ભટ્ટોજિ દીક્ષિતે કરેલો અર્થ વધુ ભાષ્યસમ્મત છે.

૨.૦.૦

૨-૧-૧ સૂત્રમાં આવેલા पदविधिः શબ્દનો અર્થ પણ અહીં વિચારણીય છે. આ શબ્દમાંના પદ ગ્રહણનું પ્રયોજન અને તેનો અર્થ ધ્યાનમાં લીધા પછી જ નક્કી થઈ શકશે કે (૧) સમર્થઃ એવી શરત 'પદવિધિ' પૂરતી મર્યાદિત કેમ રાખવામાં આવી છે ? અને (૨) આ (૨-૧-૧) સૂત્રની પ્રવૃત્તિ કયા કયા પ્રકારની પદ-વિધિઓમાં થશે ? પદ ગ્રહણના પ્રયોજનની ચર્ચા તો ભાષ્યમાં કરેલી જ છે પરંતુ અહીં પદ શબ્દનો અર્થ સવિશેષ સમીક્ષ્ય છે.

૨.૧.૦

આપણે જાણીએ છીએ કે પાણિનિએ सुप्तिङन्तं पदम् । ૧-૪-૧૪ સૂત્રથી સુબન્ત અને તિઙન્ત શબ્દસ્વરૂપોની 'પદ' સંજ્ઞા કરવામાં આવી છે. હવે વાર્તિકકારે પદ ગ્રહણનું પ્રયોજન દર્શાવતાં કહ્યું છે કે વર્ણાશ્રિત કાર્યોમાં આનન્તર્ય માત્રથી જ કામ થઈ શકે એ માટે સૂત્રકારે પદવિધિમાં 'સમર્થ'નો અધિકાર કર્યો છે.[૪] ઉદાહરણ

---

૧. एकार्थीभावसामर्थ्यकल्पना चाऽलौकिकविग्रहवाक्ये एव द्रष्टव्या ।

— बृ.छ.शे.भा. २, पृ. ९५५

૨. Semantically connected.

૩. एकार्थीभाव means 'Single integreed meaning' lireally it means 'emergence of single meaninng'

૪. पदविधौ समर्थवचनं वर्णाश्रये शास्त्र आनन्तर्यविज्ञानात् ।

— २-१-१, भाष्यम् वा. १६, पृ. ३६९

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તરીકે, तिष्ठतु दधि, अशान त्वं शाकेन । એવી સ્થિતિમાં इको यणचि ૬-૧-૭૭ સૂત્રની પ્રવૃત્તિ થઈને तिष्ठतु दध्वशान त्वं शाकेन । એવી સન્ધિ થઈ શકે છે. એ જ પ્રમાણે, तिष्ठतु कुमारी, छत्त्रं हर देवदत्त। એવી સ્થિતિમાં दीर्घात्, पदान्ताद्वा। ૬-૧-૭૫, ૭૬ સૂત્રોક્ત तुक् આગમની પ્રવૃત્તિ થઈને तिष्ठतु कुमारीच्छत्त्रं हर देवदत्त। એવી સન્ધિ પ્રાપ્ત થાય છે. આ બન્ને ઉદાહરણોમાં यण् આદેશ અને तुक् આગમ રૂપ કાર્યો વર્ણાશ્રિત છે, વર્ણવિધિ છે. હવે જો ૨-૧-૧ સૂત્રમાં पदविधि શબ્દનું (અર્થાત્ पद શબ્દનું ઉચ્ચારણ ન કર્યું હોય તો ઉપર્યુક્ત વર્ણવિધિઓમાં પણ સમર્થ– Semantically connected) એવી શરત પ્રવૃત્ત થાત, અને પરિણામે પૂર્વોક્ત ઉદાહરણોમાં કે જ્યાં दधि અને अशान, તથા कुमारी અને छत्त्रम् એવા શબ્દો અર્થની દૃષ્ટિએ પરસ્પર જોડાયેલા નથી, ત્યાં (ઈષ્ટ એવા) यण् આદેશ અને तुक् આગમની પ્રવૃત્તિ ન થઈ શકી હોત. આમ વર્ણાશ્રિત કાર્યોમાં (Phonological operations) માત્ર આનન્તર્યની (વર્ણો પાસે પાસે આવેલા હોય એટલાની) જ જરૂર છે, ત્યાં અર્થગત જોડાણ અપેક્ષિત નથી એ સૂચવવા માટે સૂત્રકારે पद શબ્દનું ૨-૧-૧ સૂત્રમાં ગ્રહણ કર્યું છે.[1]

૨.૨.૦

હવે આપણે પહેલાં पदविधिः શબ્દનો અર્થ વિચારીને पद શબ્દથી શું અભિપ્રેત છે ? તેની ચર્ચા કરીશું : ૨-૧-૧ સૂત્ર ઉપર ભાષ્યકારે પ્રારંભે જ પ્રશ્ન કર્યો છે કે विधि શબ્દ કયા પ્રકારનો છે ?[2] 'विधि' શબ્દને ભાવવાચક માનીશું તો पदानां विधानम् (Prescription of finished words) એવો અર્થ થશે. અને પરિણામે ૨-૧-૧ સૂત્ર જ્યાં સિદ્ધ પદોનું વિધાન હશે (દા.ત. ૨-૧-૧૭ વગેરે નિપાતન સૂત્રો હશે) ત્યાં જ લાગુ પડશે, પરંતુ ભાષ્યકારે કહ્યું છે वि ઉપસર્ગપૂર્વક √धाञ् ને કર્મ અર્થમાં (उपसर्गे घोः किः। ૩-૩-૯૨ સૂત્રોક્ત) कि>इ પ્રત્યય લાગીને 'विधि' શબ્દ બન્યો છે.[3] पदानां विधि पदविधिः ।[4] આમ विधि શબ્દને કર્મવાચક માનવાથી 'જેનું' વિધાન થાય તે' એવો અર્થ થશે. આ સન્દર્ભમાં 'પદવિધિનો અર્થ 'પદકાર્ય'

---

૧. બીજા શબ્દોમાં કહીએ તો પદવિધિ (Syntactic operation)માં જ સામર્થ્યની જરૂર છે; વર્ણવિધિ (phonological operation) માં નહીં – એમ સૂચવવા માટે સૂત્રકારે ૨-૧-૧ સૂત્રમાં पद ગ્રહણ કર્યું છે.

૨. તે શબ્દ ભાવસાધન છે કે કર્મસાધન છે ? એવો પ્રશ્ન થાય છે.

૩. આ જવાબથી √विध विधाने ઉપરથી સાધિત ઔણાદિક इन् પ્રત્યયાન્ત શબ્દની નિવૃત્તિ થાય છે.

૪. અહીં શેષ ષષ્ઠી (૨-૩-૫૦) થઈ છે. 'વિધિ' શબ્દ જો ભાવવાચક હોત તો કર્મ અર્થમાં (૨-૩-૬૫) ષષ્ઠી આવી હોત.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(Grammatical operation) થશે. આવું પદકાર્ય સમાસાદિમાં કે જ્યાં સુબન્ત પદોને કાર્ય થતું હોય છે ત્યાં જોવા મળે છે. અહીં पदानां विधिः એટલે पदानां कार्यम् એવો થાય છે.

પદવિધિઃમાંના વિધિ શબ્દનો અર્થ જોયા પછી પદ શબ્દનો અર્થ જોઈશું : અગાઉ જણાવ્યું છે તેમ પાણિનિએ सुप्तिङन्तं पदम् । ૧-૪-૧૪ સૂત્રથી સુબન્ત અને તિઙન્ત શબ્દસ્વરૂપની પદ એવી સંજ્ઞા કરી છે. તેથી અહીં ૨-૧-૧ સૂત્રમાં પણ તેનું જ ગ્રહણ થશે એમ કોઈને થાય. દા.ત. ડૉ. એસ.ડી. જોશીએ પદ એટલે finished word અર્થાત્ સુબન્ત કે તિઙન્ત 'પદ' એવો અર્થ કર્યો છે.[૧] પરંતુ આ અર્થ ચિન્ત્ય છે. કારણ કે ભાષ્યકારે 'વિધિ' શબ્દના અર્થનો નિર્ણય કર્યા પછી પ્રશ્ન કર્યો છે કે "શેનું વિધાન કરવામાં આવે છે ? – સમાસ, વિભક્તિવિધાન અને પરાઙ્ગવદ્ભાવ"[૨] અર્થાત્ ભાષ્યકારે આ ત્રણને પદકાર્યોનાં ઉદાહરણો ગણ્યાં છે. પરંતુ જો પદ એટલે 'સુબન્ત' કે 'તિઙન્ત' એવો માત્ર પારિભાષિક અર્થ કરીશું તો અહીં પ્રશ્ન થશે કે વિભક્તિવિધાનને પદકાર્ય કેવી રીતે ગણવું ? કેમકે પ્રાતિપદિક અને ધાતુને અનુક્રમે સુપ્ વિભક્તિના અને તિઙ્ વિભક્તિના પ્રત્યયો લાગ્યા પછી જ તે અનુક્રમે સુબન્ત અને તિઙન્ત થશે અને તેમની 'પદ' સંજ્ઞા (૧-૪-૧૪થી) થશે. આમ (વિભક્ત્યન્ત શબ્દસ્વરૂપને જ પદત્વની પ્રાપ્તિ થતી હોઈ) વિભક્તિ-વિધાનને પદકાર્ય ('પદ'ને ઉદ્દેશીને થનાર વિધિ) ગણી શકાય એમ નથી. આ સન્દર્ભમાં નાગેશે એક સમાધાન નોંધ્યું છે તે સૂચક છે. તેમણે જણાવ્યું છે કે કેટલાકના મતે 'પદ'ને ઉદ્દેશીને થનાર વિધિ અને પદત્વની પ્રાપ્તિ કરાવનાર બધા જ વિધિઓ પદસંબંધી વિધિઓ હોઈને પદવિધિ જ કહેવાય છે.[૩] આમ पदानां विधिः>पदानां कार्यम् =पदसम्बन्धि कार्यम् । એવો અર્થ થશે.[૧] બીજું, નાગેશ

---

૧. 'Wherever) an operation conerning a finished word (is prescribed), (the word) *samarthah* : 'Semantically connected' (is to be supplied).'

Foot Note : 1. The term 'finished' is used for those words which end either in a case–termination or in a finite verb ending, i.e those words which have undergone the complete process of grammatical derivation (see p. 1.4.14) Joshi S.D., Vyā. M. Bhā. Samar-thāhnika; Translation and Explanatory Notes : page.1.

૨. किं पुनर्विधीयते । समासो विभक्तिविधानं पराङ्गवद्भावश्च ।

— २-१-१ इत्यत्र भाष्यम्, पृ. ३५९

૩. केचित्तु पदोद्देश्यकः पदत्वसंपादको वा सर्वोऽपि पदसम्बन्धित्वात्पदविधिरेवेति वदन्ति ॥ उद्द्योतः पृ. ३१३ ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભટ્ટે ઉપર્યુક્ત ભાષ્યોક્તિમાંના 'સમાસ' શબ્દને વૃત્તિમાત્રનું ઉપલક્ષણ ગણ્યો છે.[૨] આથી પણ સાબિત થાય છે કે ૨-૧-૧ સૂત્રમાંના પદ નો અર્થ 'પદસંબંધી' એવો કરવાનો છે. અન્યથા, ક્યારેક કોઈને (દા.ત, એકશેષ) વૃત્તિમાં ૧-૪-૧૪ સૂત્રોક્ત પદત્વ નથી હોતું ત્યાં પદવિધિ ગણાશે નહીં અને પરિણામે ત્યાં ૨-૧-૧ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં અને તેની પ્રવૃત્તિ નહીં થાય તો એકશેષને 'વૃત્તિ' જ કહેવાશે નહીં. એવી સ્થિતિમાં નાગેશે 'સમાસ પદ વૃત્તિમાત્રનું ઉપલક્ષણ છે' એવું જે કહ્યું છે તે અસંગત બની જશે.

આમ પદવિધિ શબ્દથી પદોદ્દેશ્યક અને પદત્વસંપાદક એવા બધા જ પદસંબંધી વિધિઓ સમજવાના હોય તો હવે એ વિચારવાનું પ્રાપ્ત થાય છે કે કયા કયા પ્રકારની પદવિધિઓમાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે ? બીજા શબ્દોમાં આ પ્રશ્નને રજૂ કરીએ તો પૂર્વોક્ત ભાષ્યોક્તિમાંનું જે 'સમાસ' પદ વૃત્તિમાત્રનું ઉપલક્ષણ ગણાવાયો છે તે કઈ કઈ છે ? વૃત્તિઓ[૩] પાંચ છે : (૧) કૃત્ (૨) તદ્ધિત (૩) સમાસ (૪) એકશેષ અને (૫) સનાદ્યન્ત ધાતુઓ. આ પાંચેય વૃત્તિઓમાં समर्थः पदविधिः। ૨-૧-૧ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. દા.ત. कुम्भं करोति । આ સ્થિતિમાં બે પદો અર્થની દૃષ્ટિએ પરસ્પર સંકળાયેલા હોઈ कर्मण्यण् । ૩-૨-૧ની પ્રવૃત્તિ થતાં कुम्भकारः । એવી વૃત્તિ થઈ શકે છે. પરંતુ જ્યાં પદો અર્થની દૃષ્ટિએ પરસ્પર જોડાયેલાં નહિ હોય ત્યાં વૃત્તિ થશે નહીં. જેમકે, पटं करोति, कुम्भं आनय । અહીં कर्मण्यम् । ૩-૨-૧ની પ્રવૃત્તિ થઈ શકે નહીં. એ જ પ્રમાણે, ऋद्धस्य उपगोः अपत्यण्। અહીં तस्यापत्यम् । ૪-૧-૯૨।ની પ્રવૃત્તિ થઈ શકશે નહીં.

---

૧. વૈયાકરણસિદ્ધાન્તકૌમુદીમાં પણ पदसम्बन्धी यो विधिः स समर्थाश्रितो बोध्यः (૨-૧-૧ इत्यत्र वृत्तिः) એવો અર્થ કરવામાં આવ્યો છે.

૨. समासपदं वृत्तिमात्रोपलक्षणम् । उद्द्योतः, पृ. ३१३, વૃત્તિઓ પાંચ છે : કૃત્ તદ્ધિત, સમાસ, એકશેષ અને સનાદ્યન્ત ધાતુઓ.

૩. वर्तनम् वृत्तिः । तथा –

The term Vṛtti literally means 'turning something into something else.' It is used with regard to the process of word-formation in which a meaningful unit of a structurally higher order is built up from meaningful elements, i.e integration. the term Vṛtti is also used to denote the resulting integrated form. see : Sidddhānta-kaumudi, p. 209. Sarvasamāspraveśa.
– Joshi S.D., Vyā. M. Bhā. Samarthāhnika, Translation and Notes : page 9, (Foot Note - 19)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કૃત્તદ્ધિતાદિ પાંચ વૃત્તિઓમાંથી એકશેષને બાદ કરતાં બીજા બધા પદવિધિઓ 'વૃત્તિ' કહેવાશે એમ સમજવામાં મુશ્કેલી પડતી નથી. પરંતુ એકશેષને કેવી રીતે વૃત્તિ કહેવાશે ? એવો પ્રશ્ન કોઈને થઈ શકે. તેનો જવાબ આ પ્રમાણે છે – દ્વન્દ્વ સમાસને પદવિધિ ગણવામાં આવી છે અને "અનવકાશ એકશેષ દ્વન્દ્વનો બાધ કરશે" એવું ભાષ્યવચન છે,[1] આથી દ્વન્દ્વ સમાસ ઉત્સર્ગ થયો અને એકશેષ અપવાદ થયો ગણાય. હવે ઉત્સર્ગ અને અપવાદની સમાનવિષયતા હોય છે એમ સૌ જાણે છે. આથી બાધ્ય-ઉત્સર્ગ દ્વન્દ્વ સમાસ એ જો પદવિધિ ગણાતો હોય તો બાધક–અપવાદ એકશેષને પણ પદવિધિ કહેવો પડશે અર્થાત્ એકશેષને પણ વૃત્તિ ગણાશે. આમ પદવિધિ = પદસંબંધિ કાર્યો અર્થાત્ પાંચ વૃત્તિઓ ૨-૧-૧ સૂત્રનો પ્રવૃત્તિ-પ્રદેશ છે એમ નક્કી થાય છે. [અથવા, राम+राम+राम+जस् ।ની સ્થિતિમાં सरूपाणामेकशेषः० । સૂત્રની પ્રવૃત્તિ કરીને रामाः । બનવાય છે, તેને પણ 'એકશેષ'વૃતિ કહેવાય.]

3.0.0

ઉપરની ચર્ચામાં આપણે समर्थः पदविधिः । ૨-૧-૧ સૂત્રનો અર્થ જોયો. તે અર્થ મુજબ સમાસાદિ પદસંબંધી કાર્યો કરનારાં દા.ત. द्वितीया श्रितातीत० । ૨-૧-૨૪ સૂત્રોમાં समर्थः એવા પદની ઉપસ્થિતિ થાય છે. તેથી ૨-૧-૨૪ સૂત્રનો અર્થ આ પ્રમાણે થશે. "द्वितीया विभक्त्यन्त (सुबन्त) પદ અર્થની દૃષ્ટિએ श्रितादिની સાથે જોડાયેલું હોય ત્યારે સમાસ થાય છે." આમ જોઈ શકાય છે કે ૨-૧-૧ સૂત્ર પોતે કોઈ ચોક્કસ વિધિ કે કાર્ય કરનારું નથી. કેવળ તે ૨-૧-૧ સૂત્ર પરસૂત્રોને ઉપકાર કરવા માટે છે; અર્થાત્ તે સૂત્ર परार्थ છે. એથી એક શંકા થાય છે : છ પ્રકારનાં[2] સૂત્રોમાંથી બે પ્રકારનાં સૂત્રો, જેવાં કે અધિકારસૂત્ર અને પરિભાષાસૂત્રમાં પરાર્થત્વ હોય છે.[3] તો આ સૂત્રને અધિકારસૂત્ર ગણવું કે પરિભાષાસૂત્ર ? ભાષ્યકારે આ પ્રશ્નની વિચારણાની સાથે સાથે જ બીજો પ્રશ્ન પણ વિચારણીય ગણ્યો છે. જેમકે, આ સૂત્રથી એકાર્થીભાવ રૂપ સામર્થ્ય લેવું કે વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્ય લેવું ? – ભાષ્યકારે આ બન્ને પ્રશ્નોની સાથે વિચારણા કરીને પ્રસ્તુત સૂત્રનો મુખ્ય પ્રવૃત્તિપ્રદેશ અને સૂત્રનો પ્રકાર નક્કી કરી આપ્યાં છે.

---

૧. अनवकाश एकशेषो द्वन्द्वं । बाधिष्यते ॥ १-२-६४, वा. १२, १९ इत्यत्र भाष्यम्, पृ. २३६ एवं २३८ ।

२. संज्ञा च परिभाषा च विधिर्नियम एव च ।
अतिदेशोऽधिकारश्च षड्विधं सूत्रमुच्यते ॥

૩. સંજ્ઞાસૂત્રોમાં પણ પરાર્થત્વ હોય છે. તથાપિ સંજ્ઞાસૂત્ર રૂપે આ ૨-૧-૧ સૂત્રનો ક્યાંય પ્રયોગ થતો નથી; માટે એ પક્ષ અહીં પ્રસ્તુત નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩.૧.૦

જો આ સૂત્રને અધિકારસૂત્ર ગણીશું તો તે (૨-૧-૧ પછીના) દરેક સૂત્રમાં અર્થાત્ પાદ કે અધ્યાયની સમાપ્તિ પર્યન્તનાં સૂત્રોમાં ઉપસ્થિતિ થશે. અને જો તેને પરિભાષાસૂત્ર ગણીશું તો તે પોતાના (૨-૧-૧) સ્થાને રહીને જ સમગ્ર શાસ્ત્રમાં પ્રકાશ ફેલાવશે. અર્થાત્ ઇષ્ટ વ્યવસ્થા કરી આપશે.[૧] પરંતુ આને અધિકારસૂત્ર ગણવાથી સમર્થઃ પદ ઉપર સ્વરિતની નિશાની કરવી પડશે.[૨] અને પદવિધિઃ શબ્દને સૂત્રમાં લખવાની જરૂર રહેશે નહીં. (એટલું લાઘવ થશે). પણ જો તેને પરિભાષાસૂત્ર ગણીશું તો સ્વરિતની નિશાની નહીં કરવી પડે, (એ લાઘવ ગણાશે.) અને પદવિધિઃ એવા શબ્દને સૂત્રમાં લખવાની જરૂર રહેશે. આમ લાઘવની દષ્ટિએ તો બન્ને પક્ષ સરખા છે. માટે આ પ્રશ્નની વિચારણા પૂર્વોક્ત બીજા પ્રશ્નના અનુસંધાનમાં કરવી પડશે. એટલે કે –

(૧) આ સૂત્રથી એકાર્થીભાવ રૂપ સામર્થ્ય લેવું અને તેને અધિકારસૂત્ર ગણવું ?
(૨) આ સૂત્રથી એકાર્થીભાવ રૂપ સામર્થ્ય લેવું અને તેને પરિભાષાસૂત્ર ગણવું ?
(૩) આ સૂત્રથી વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્ય લેવું અને તેને અધિકારસૂત્ર ગણવું ?
(૪) આ સૂત્રથી વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્ય લેવું અને તેને પરિભાષાસૂત્ર ગણવું ?
(૫) આ સૂત્રથી બન્ને પ્રકારનું સામર્થ્ય લેવું અને તેને અધિકારસૂત્ર ગણવું ? કે
(૬) આ સૂત્રથી બન્ને પ્રકારનું સામર્થ્ય લેવું અને તેને પરિભાષાસૂત્ર ગણવું ?

આમ કુલ છ પક્ષો ઊભા થાય છે.[૩] હવે શાસ્ત્રીય દષ્ટિએ આમાંથી કયા પક્ષનો સ્વીકાર કરવો ઇષ્ટ છે તે વિચારણીય છે. (૧) પહેલો પક્ષ લેવાથી સમાસવિધિનું ગ્રહણ થાય છે. પણ વિભક્તિવિધાન[૪] અને પરાઙ્ગવદ્ભાવનું[૫] ગ્રહણ થતું નથી.

---

૧. परिभाषा पुनरेकदेशस्था सती सर्वं शास्त्रमभिज्वलयति प्रदीपवत् ।
तद्यथा । प्रदीपः सुप्रज्वलित एकदेशस्थः सर्वं वेश्माभिज्वलयति ॥
२-१-१ इत्यत्र भाष्यम्, ३१४.

૨. स्वरितेनाधिकारः । १-३-११ स्वरितेनेति इत्थंभूतलक्षणे तृतीया ।
'स्वरितो नाम स्वरविशेषो वर्णधर्मः तेन चिह्नेनाधिकारो वेदितव्यः ।
अधिकारो विनियोगः । स्वरितगुणयुक्तं शब्दरूपमधिकृतत्वादुत्तरत्रोपतिष्ठते ॥
(काशिकावृत्तिः)

૩. અહીં છેલ્લા બે પક્ષો ભાષ્યકારે કંઠરવથી ઉચ્ચાર્યા નથી તે કૈયટે બતાવ્યા છે.
एकार्थीभावः सामर्थ्यमधिकारः इत्येकः पक्षः । व्यपेक्षा सामर्थ्यमधिकार इति द्वितीयः पक्षः ।
द्विविधं सामर्थ्यमधिकार इति तृतीयः । एवं परिभाषायामपि त्रयः पक्षा इति ।
—प्रदीपः पृ. ३१५

૪. ૨-૩-૪.

૫. ૨-૧-૨.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૨) ત્રીજો પક્ષ લઈશું તો વિભક્તિવિધાન અને પરાઙ્ગવદ્ભાવનું ગ્રહણ થશે, સમાસવિધિનું ગ્રહણ થશે નહીં. (૩) ચોથો પક્ષ લઈશું તો સમગ્ર શાસ્ત્રમાં જે કાંઈ પદવિધિ સંબંધી હશે તેનું ગ્રહણ થશે, પણ સમાસવિધિનું ગ્રહણ થશે નહીં. (૪) પાંચમો અને છઠ્ઠો પક્ષ લેવાથી અર્થાત્ ઉભયવિધ સામર્થ્ય લેવાથી અર્થભેદ થાય છે. અર્થભેદ થવાથી સૂત્રભેદ (સૂત્રાક્ષરમાં ફેરફાર) કરવો પડશે.[1] માટે (૫) બીજો પક્ષ એટલે કે, "આ સૂત્રથી એકાર્થીભાવ રૂપ સામર્થ્ય લેવું અને આ સૂત્રને પરિભાષાસૂત્ર ગણવું" એ પક્ષ લેવાથી સૂત્રભેદ કરવાની જરૂર પડતી નથી. આમ ભાષ્યકારે तत्रैकार्थीभावः सामर्थ्यं परिभाषा चैत्येवं सूत्रमभिन्नतरकं भवति । (અહીં એકાર્થીભાવ રૂપ સામર્થ્ય અને પરિભાષાસૂત્ર ગણવાથી ૨-૧-૧ સૂત્ર પૂર્ણપણે યથાવત્ રહે છે.) એવો નિર્ણય જાહેર કર્યો છે. કૈયટ સ્પષ્ટ કરે છે કે આ સૂત્રથી વ્યપેક્ષા રૂપ સામર્થ્ય (અને પરિભાષાસૂત્ર) લેવાથી પણ સૂત્ર અભિન્ન રહે છે, તથાપિ એકાર્થીભાવ રૂપ સામર્થ્યમાં દોષનો અભાવ હોઈને પ્રકર્ષ પ્રયોગને કારણે ૨-૧-૧ સૂત્ર 'અભિન્નતરક' રહેશે એમ (ભાષ્યકારે) કહ્યું છે.[2]

આ સૂત્રથી એકાર્થીભાવરૂપ સામર્થ્ય લેવું અને તેને પરિભાષા પ્રકારનું સૂત્ર ગણવું એવો ભાષ્યકારે નિર્ણય જાહેર કર્યો છે.[3] પરંતુ આ પક્ષમાં કોઈને પ્રશ્ન થાય કે એકાર્થીભાવ રૂપ સામર્થ્ય લેવાથી સમાસનો સંગ્રહ થાય છે, પણ પરાઙ્ગવદ્ભાવ અને વિભક્તિવિધાનનો સંગ્રહ કેવી રીતે થશે ? આનું સમાધાન કરતાં કૈયટે જણાવ્યું છે કે –

(૧) પરાઙ્ગવદ્ભાવ કરનાર સૂત્ર (૨-૧-૨) ઉપર વાર્ત્તિકકારે तन्निमित्तग्रहणं (વા. ૨) એવું વાર્ત્તિક રજૂ કર્યું છે. તેથી દોષનો અભાવ રહેશે.

(૨) વિભક્તિવિધાનનો સંગ્રહ થતો નથી, છતાંય કોઈ દોષ આવશે નહીં. કારણ કે –

(क) કારકવિભક્તિઓમાં ક્રિયા અને કારકનો વ્યપેક્ષાભાવ રૂપ સંબંધ

---

૧. उभयविधे सामर्थ्ये आश्रीयमाणेऽर्थस्य भेदात्सूत्रस्य भेदः स्यात् । भिन्नेनः सामर्थ्येन भिन्नेषु वाक्येषूपस्थानात् ॥ – प्रदीपः पृ. ३१५

૨. व्यपेक्षायामपि सामर्थ्ये यद्यपि सूत्रमभिन्नं भवति, तथाप्येकार्थीमावे सामर्थ्ये । दोषाऽभावात्प्रकर्षयोगादभिन्नतरकमित्युच्यते ॥ – प्रदीप, पृ. ३१५.

૩. આપણે અગાઉ (૧.૨.૩) જોયું છે કે 'આ ૨-૧-૧ સૂત્રથી બંને પ્રકારનું સામર્થ્ય લઈ શકાય છે.' એવું ભાષ્યકારે સાબિત કર્યું છે. તેની સાથે આ વિધાન વિરોધમાં આવીને ઊભું રહે છે. પરંતુ અહીં ભાષ્યકારે નોંધેલો આ મત (આ ૨-૧-૧ સૂત્રને પરિભાષાસૂત્ર ગણવું અને તેનાથી એકાર્થીભાવ સામર્થ્ય લેવું–એ) જ સિદ્ધાન્ત પક્ષે સ્વીકાર્ય ગણાયો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અવિનાભાવે રહેતો હોવાથી ત્યાં (કારક વિભક્તિઓના વિધાનમાં) ૨-૧-૧ની અનુપસ્થિતિ રહેશે તો પણ કોઈ વાંધો નથી.

(ख) ઉપપદ વિભક્તિઓમાં યુક્ત કે યોગ એવા શબ્દોનું સૂત્રકારે ગ્રહણ કર્યું હોવાથી[1] અને ક્યારેક તૃતીયા વિભક્તિનો પ્રયોગ કર્યો છે. તેથી અમુકના યોગનો આક્ષેપ થઈ જતાં ત્યાં (ઉપપદ વિભક્તિઓના વિધાનમાં) ૨-૧-૧ ની અનુપસ્થિતિ રહેશે, તો પણ કોઈ દોષ આવશે નહીં.

વિશેષમાં કૈયટ ઉમેરે છે કે ભાષ્યકારે આ સૂત્રને પરિભાષાસૂત્ર ગણ્યું હોવાથી સુપ્ ધાતુ વગેરે બધી (પૂર્વોક્ત પાંચ) વૃત્તિઓનો પણ સંગ્રહ થઈ જાય છે.[2] વળી, એકાર્થીભાવનું આશ્રયણ કર્યું હોવા છતાંય અન્યત્ર યુક્ત (૮-૧-૨૪) ગ્રહણ કે समर्थः (૮-૩-૪૪) ગ્રહણ છે (તેથી) ત્યાં પણ કશો દોષ નથી.[3]

૪.૦.૦

કાર્યશબ્દવાદીઓ વૃત્તિ અને વાક્યનો સમાન અર્થ હોય છે એમ માને છે. તેમના મતે વાક્યનો નાશ કરીને વૃત્તિ (સમાસ) કરવામાં આવે છે.[4] આથી તેઓ समर्थः પદનો समः अर्थः यस्य । (સમાન છે અર્થ જેનો) એવો અર્થ કરે છે.

૪.૧.૧

આ મતના સમર્થનમાં તેઓએ પાણિનિના विभाषा । ૨-૧-૧૧ એવા અધિકારસૂત્રને આગળ ધર્યું છે. વૈયાકરણ પરંપરામાં આ સૂત્રને 'મહાવિભાષા' ગણવામાં આવે છે. આ સૂત્રથી વાક્ય (राज्ञः पुरुषः) અને વૃત્તિ (राजपुरुषः) બન્નેનું સાધુત્વબોધન થાય છે. અર્થાત્ બન્નેનો અર્થ એક જ છે.અને બન્ને વૈકલ્પિક રૂપો વ્યવહારમાં સ્વીકાર્ય છે એમ સૂત્રકારે સૂચવ્યું છે. આ મહાવિભાષાને આધારે

---

૧. (૧) नमः स्वस्तिस्वाहास्वधा.. योगाच्च । २-३-१६
(२) सहयुक्तेऽप्रधाने । २-३-१९

૨. પાંચ વૃત્તિઓમાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય એ માટે નાગેશે (પાદટીપ : ૫૪) 'સમાસ' પદને વૃત્તિમાત્રનું ઉપલક્ષણ ગણ્યો છે. બીજી તરફ, કૈયટે આ સૂત્ર પરિભાષાસૂત્ર હોવાથી તે ઇષ્ટ કાર્યની સિદ્ધિ થશે એમ માન્યું છે.

૩. तत्र पराङ्गवद्भावे तन्निमित्तग्रहणाद् दोषाभावः । विभक्तिविधानेऽपि कारक–विभक्तिषु कियाकारकयोर्व्यपेक्षाऽविनाभावित्वादुपपदविभक्तिषु युक्तयोगग्रहणसद्भावात् क्वचित तृतीयया योगस्याक्षेपादेतदनुपस्थानेऽपि न दोषः । परिभाषायां च सुब्धातुप्रभृतयः सर्वा वृत्तयः संगृहीता भवन्ति । एकार्थीभावे चेहाश्रिकेऽन्यत्र युक्तग्रहणं समर्थग्रहणं च कृतमेवेति तत्रापि न दोषत् ॥ – प्रदीपः, पृ. ३१५

૪. समसनं समासः, भावे घ्रञ् । अनेकस्य पदस्य एकपदीभवनमित्यर्थ इत्येके ॥ ६४७ समर्थः पदविधिः । – २-१-१ वै.सि.कौ., तत्त्वबोधिनी, भा. २, पृ. ३

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કહી શકાય કે समर्थः पदविधिः । ૨-૧-૧ સૂત્રનો અર્થ "પદવિધિ (અર્થાત્ વૃત્તિ) સમાન અર્થવાળી (વાક્યના જેવા જ અર્થવાળી) હોય છે" એવો થાય છે.

૪.૧.૨

કાર્યશબ્દવાદીઓ બીજું પણ પ્રમાણ રજૂ કરે છે : પાણિનિએ नित्यं क्रीडाजीविकयोः । ૨-૨-૧૭ એવું સૂત્ર રચ્યું છે, તેનાથી उद्दालकपुष्पभञ्जिका । दन्तलेखकः । જેવાં રૂપોનું સાધુત્વબોધન થાય છે. અહીં પાણિનિએ સૂત્રમાં नित्यम् એવો શબ્દ મૂક્યો હોઈ વાક્યની નિવૃત્તિ થાય છે. જેમ કે उद्दालकस्य पुष्पाणि भज्यन्ते यस्यां क्रीडायाम्। કે दन्तानां लेखनेन जीवति । એવાં વાક્યો થતાં નથી.[1] અન્યથા પૂર્વોક્ત મહાવિભાષાને કારણે આવાં વાક્યોની પણ પ્રાપ્તિ થતી હતી. આમ नित्यम् ગ્રહણથી સાબિત થાય છે કે અન્યત્ર વૃત્તિ અને વાક્ય બન્ને સમાન અર્થમાં થાય છે.

૪.૨.૦

આપણે અગાઉ (૧.૧.૨) જોયું છે કે ગમકત્વનો સિદ્ધાન્ત સ્વીકારતાં સમર્થ ગ્રહણ અનર્થક છે એમ માનવાની સ્થિતિ ઊભી થાય છે.[2] ત્યારે વાર્તિકકારે સૂચવ્યું છે કે, ૨-૧-૧ સૂત્રમાં समर्थः શબ્દનો કોઈ ગૂઢ પારિભાષિક અર્થ છે : અહીં समर्थः પદથી એકાર્થીભાવ રૂપ સામર્થ્ય અને વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્ય સમજવાનું છે. આમ समर्थः એટલે સમાન છે અર્થ જેનો' એમ નહીં, પણ 'એકાર્થીભાવ રૂપ સામર્થ્ય.' આ એકાર્થીભાવ રૂપ સામર્થ્યને આશ્રયે રહેનારી વૃત્તિ દ્વારા સ્વાભાવિક રીતે જ અર્થાભિધાન થાય છે, એવો વાર્ત્તિકકારનો અભિપ્રાય છે.[3] આથી તેમણે કાર્યશબ્દવાદીઓએ રજૂ કરેલાં પૂર્વોક્ત બંને પ્રમાણોનું ખંડન પણ કર્યું છે.[4]

---

૧. અહીં વૃત્તિથી 'અમુક ક્રીડા' અને 'જીવિકા' અર્થો મળે છે, પણ વાક્યથી મળતા નથી. માટે સૂત્રકારને नित्यम् ગ્રહણ કરીને મહાવિભાષાથી વિકલ્પે પ્રાપ્ત થયેલાં વાક્યોની નિવૃત્તિ કરી છે.

૨. કારણ કે સૂત્રકારને समर्थः પદથી 'વૃત્તિ અને વાક્યનો સમાન અર્થ હોય છે' એટલું જ જો કહેવાનું હશે તો તે કહેવાની જરૂર નથી. કેમ કે લોકમાનસમાં ગમકત્વનો જે સિદ્ધાન્ત કામ કરી રહ્યો છે તેને આધારે જ ઇષ્ટ વ્યવસ્થા થશે.

૩. अथैतस्मिन्नेकार्थीभावकृते विशेषे किं स्वाभाविकं शब्दैरर्थाभिधानमाहोस्विद्वाचनिकम् । स्वाभाविकमित्याह । .... वावचनानर्थक्यं च स्वभावसिद्धत्वात् ॥ (वा. २) २-१-१ इत्यत्र भाष्यम्, ३६३ एवं ३६४

૪. આ (૪.૦.૦) ચર્ચાનો પ્રારંભ કર્યો ત્યારે આપણે જોયું હતું કે કાર્યશબ્દવાદીઓ 'વાક્યનો નાશ કરીને સમાસ કરવામાં આવે છે' એમ માને છે. આના સમર્થનમાં अथ समर्थग्रहणं किमर्थम् ? वक्ष्यति द्वितीया श्रितादिभिः समस्यते । એવું જે ભાષ્યવચન

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૪.૨.૧

સમર્થઃ પદથી એકાર્થીભાવ રૂપ સામર્થ્ય અને વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્ય અભીષ્ટ હોય તો મહાવિભાષા અનર્થક બની જાય છે. કેમ કે જો સૂત્રકારને આવો અર્થ અભિપ્રેત હોય તો મહાવિભાષાની જરૂર નથી.[૧] કેમ કે જ્યાં વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્ય હશે ત્યાં સમાસ થશે નહીં, અને જ્યાં એકાર્થીભાવ રૂપ સામર્થ્ય હશે ત્યાં વાક્ય થશે નહીં – આમ બંનેનો વિષય અલગ અલગ હોવાથી તે બેની વચ્ચે બાધ્યબાધકભાવ ઊભો થશે નહીં. આ સન્દર્ભમાં વિકલ્પની (મહાવિભાષાની) પણ જરૂર રહેશે નહીં. કેમ કે એકાર્થક (સમાનાર્થક)નો જ વિકલ્પ હોઈ શકે.[૨]

૪.૨.૨

કાર્યશબ્દવાદીઓએ અમુક સૂત્રના नित्यम् ગ્રહણને વાક્યની નિવૃત્તિ અર્થે વર્ણવ્યું છે. પરતું વાર્તિકકારે જેમ મહાવિભાષાનું ખંડન કર્યું છે. તેમ આવા 'नित्यम्' ગ્રહણોનું પણ ખંડન કર્યું છે. દા.ત. नित्यं कौटिल्ये गतौ । ૩-૧-૨૩ અને लुपसदचरजपजभदहदशगृभ्यो भावगर्हायाम् । ૩-૧-૨૪ એ બંને સૂત્રોમાં नित्यम् ગ્રહણ કરવાની જરૂર નથી કારણ કે, चङ्क्रम्यते એવી વૃત્તિમાંથી જે અર્થ મળે છે તે कुटिलं क्रामति । એવા વિગ્રહવાક્યમાંથી મળતો નથી.[૩] એ જ પ્રમાણે नित्यं क्रीडाजीविकयोः। ૨-૨-૧૭ સૂત્રસ્થ 'नित्य' ગ્રહણનું પણ પ્રત્યાખ્યાન કરવું જોઈએ.[૪]

૪.૩.૦

ભર્તૃહરિએ ઉપર્યુક્ત ચર્ચાના અનુસન્ધાનમાં જણાવ્યું છે કે –

(૨-૧-૧) છે, તેમાં સમસ્યતે એટલે 'બે પદોનું એકપદ થવું' એવો કોઈ કાર્યશબ્દવાદી અર્થ કરે તો તે ઉચિત નથી. કારણ કે કૈયટ જણાવે છે કે અહીં (द्वितीया श्रितातीत० ૨-૧-૨૪ સૂત્રથી) કેવળ સમાસસંજ્ઞાનું વિધાન થાય છે. તથાપિ અબુધોના બોધ માટે 'બે ભિન્ન શબ્દોનો પ્રક્રિયામાં સંશ્લેષ કરવામાં આવે છે' એ અર્થમાં સમસ્યતે કહ્યું છે. (જુઓ પ્રદીપ, પૃ . ૩૧૬)

૧. वावचनानर्थक्यं च स्वाभावसिद्धित्वात् । २-१-१, वा. २, पृ. ३६४

૨. वावचनानर्थक्यं चेति । इह व्यपेक्षायां समासो न भवति, एकार्थीभावे वाक्यं नेति विविक्त-विषयत्वादनयोर्बाध्यबाधकभावो न भविष्यतीति नार्थो विकल्पेन । एकार्थानां विकल्पनात् ॥ – प्रदीपः, पृ. ३२७

३. उत्तरयोर्विग्रहेण विशेषासंप्रत्ययान्नित्यग्रहणानर्थक्यम् । ३-१-२२, वा. ६,
– कीलहोर्न, भा. २, पृ. ३०

४. क्रीडायां जीविकायां च वाक्येनावचनात्तथा ।
न नित्यग्रहणं युक्तं कौटिल्ये यङ्विधौ यथा ॥ – वाक्यपदीयम्, वृत्तिसमुद्देशः, का. ४०

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(१) सामर्थ्यमविशेषोक्तमपि लोकव्यवस्थया ।
वृत्त्यवृत्त्योः प्रयोगज्ञैर्विभक्तं प्रतिपत्तृभिः ॥

— वा.प., वृत्तिसमुद्देशः, का. ४३

સૂત્રકારે समर्थः पदविधिः । २-१-१ એવા સૂત્રમાં અવિશેષપણે સામર્થ્યનો ઉલ્લેખ કર્યો છે. તથાપિ પ્રયોગને જાણનારા પ્રતિપત્તાઓએ લોકવ્યવસ્થાને આધારે વૃત્તિ અને અવૃત્તિનો વિષયવિભાગ કર્યો છે. અર્થાત્ સૂત્રકારે તો સામાન્યપણે જ સામર્થ્યનો નિર્દેશ કર્યો છે. પરંતુ વાર્ત્તિકકારે તે સામર્થ્યના બે ભેદ કરી બતાવ્યા છે : (૧) એકાર્થીભાવ રૂપ સામર્થ્ય અને (૨) વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્ય. આમાંથી પહેલા પ્રકારનું સામર્થ્ય રહે ત્યાં વૃત્તિ થાય છે અને બીજા પ્રકારનું સામર્થ્ય રહે ત્યાં વાક્ય થાય છે.

(२) व्यवस्थितविभाषा च सामान्यं कैश्चिदिष्यते ।
तथा वाक्यं व्यपेक्षायां, समासोऽन्यत्र शिष्यते ॥

— वा. प., वृत्तिसमुद्देशः, का. ४५

સૂત્રકારે समर्थः पदविधिः । २-१-१ સૂત્રમાં સામાન્યપણે સામર્થ્ય કહ્યું છે માટે કેટલાક વૈયાકરણોના મતે विभाषा । २-१-११ એવા (મહાવિભાષા) સૂત્રને 'વ્યવસ્થિતવિભાષા' માનવું જોઈએ. જેથી વ્યપેક્ષા સામર્થ્યમાં વાક્યનું અને અન્યત્ર (અર્થાત્ એકાર્થીભાવ માનવાથી સામર્થ્યમાં) સમાસનું અનુશાસન થશે. અહીં મહાવિભાષાને વ્યવસ્થિતવિભાષા માનવાથી વૃત્તિ અને વાક્યનું સમાનાર્થકત્વ દૂર થઈ જાય છે અને ૨-૧-૧ સૂત્રથી જ બંને પ્રકારનું સામર્થ્ય આપણને સમજાશે છતાંય કોઈ વિપ્રતિપત્તિ ઊભી નહીં થાય, કેમ કે હવે વિકલ્પ (મહાવિભાષા) વ્યવસ્થિત-વિષયવાળો થઈ જતાં એવી ચોક્કસ વ્યવસ્થા પ્રાપ્ત થશે કે (ક) એકાર્થીભાવ રૂપ સામર્થ્યમાં સમાસ થશે અને (ખ) વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્યમાં વાક્ય થશે.

*

ભર્તૃહરિની ઉપર્યુક્ત બંને કારિકાઓ નોંધપાત્ર છે કારણ કે —

(क) २-१-१ સૂત્રમાં समर्थः પદનો Sameness of meaning કે Semantically connected એવો અર્થ અભિપ્રેત નથી, પણ એકાર્થીભાવ રૂપ સામર્થ્ય અને/અથવા વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્ય જ અભિપ્રેત છે-એ. પૂર્વપ્રતિપાદિત મુદ્દાનું સમર્થન થાય છે.

(ख) प्रमाणभूत आचार्यो दर्भपवित्रपाणिः शुचावकाशे प्राङ्मुख उपविश्य महता यत्नेन सूत्रं प्रणयति स्म, तत्राशक्यं वर्णेनाप्यनर्थकेन भवितुं किं

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

पुनरियता सूत्रेण । १-१-१ इत्यत्र भाष्यम्, पृ. ३९ એવા ભાષ્યકારના વચનનું ભર્તુહરિએ જાણે કે અનુસરણ કર્યું છે. જેમ કે,

૧. ડૉ. એસ.ડી. જોશીએ સૂચવ્યું છે કે અર્થવિજ્ઞાનની દષ્ટિએ કાત્યાયને પહેલવહેલાં સામર્થ્યના એકાર્થીભાવ રૂપ સામર્થ્ય અને વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્ય એવા બે ભેદો પાડ્યા છે. આ ભેદો પાણિનિને જ્ઞાત ન હતા.[1] પરંતુ ભર્તૃહરિએ આ વાતને બીજી રીતે રજૂ કરી કે 'સૂત્રકારે સામર્થ્યનો અવિશેષપણે ઉલ્લેખ કર્યો છે !'

૨. વળી, વાર્ત્તિકકારે 'વા વચનનું આનર્થક્ય છે.' એમ કહીને સૂત્રકારે રજૂ કરેલા મહાવિભાષાનું ખંડન કર્યું છે. પરંતુ ભર્તૃહરિએ "મહાવિભાષાને વ્યવસ્થિત વિભાષા ગણવી અને 'એકાર્થીભાવ રૂપ સામર્થ્ય'માં વૃત્તિ થશે અને વ્યપેક્ષાભાવ રૂપ સામર્થ્યમાં વાક્ય થશે" એવો વિષય-વિભાગ કરી બતાવ્યો છે. આમ ૨-૧-૧૧ સૂત્રનું ખંડન કરવું પડતું નથી.

ટૂંકમાં, ભર્તૃહરિએ મૂળ સૂત્રકારનાં સૂત્રોમાંથી જ સકલ ઈષ્ટસિદ્ધિ કરી આપી છે.

૫.૦.૦

પ્રસંગતઃ ૨-૧-૧ ની સાહાય્યથી પ્રાપ્ત થતા સમાસમાંથી કેવી રીતે અર્થબોધ થાય છે તેની કાર્યશબ્દવાદીઓ અને નિત્યશબ્દવાદીઓની દષ્ટિએ વિચારણા કરી લઈએ. કાર્યશબ્દવાદીઓના મતે જહત્ સ્વાર્થાવૃત્તિ અને અજહત્સ્વાર્થાવૃત્તિથી અર્થબોધ થાય છે. નિત્યશબ્દવાદીઓના મતે વાક્ય કરતાં વૃત્તિપદ તદ્દન જુદું (અન્ય) જ છે. જેવી રીતે गौः । અને अश्वः । એ બંને જુદા જુદા શબ્દો છે. તેવી જ રીતે અહીં વાક્ય અને વૃત્તિ એ બંને પરસ્પરથી તદ્દન ભિન્ન છે. બીજું, વૃત્તિ વડે સ્વાભાવિકપણે જ અર્થાભિધાન થાય છે. આ વિષયનો ઊહાપોહ આપણને ૨-૧-૧ સૂત્ર ઉપરના ભાષ્યમાં અને 'વાક્યપદીય'ના વૃત્તિસમુદેશમાં પ્રાપ્ત થાય છે.

કાર્યશબ્દવાદીઓના મતે પ્રક્રિયા-અવસ્થામાં વાક્યનો નાશ કરીને વૃત્તિ વ્યુત્પન્ન કરવામાં આવે છે. આવી વૃત્તિ વાક્યપ્રકૃતિકા (વાક્ય છે પ્રકૃતિ જેની) કહેવાશે.

---

૧. 5.1 From the foregoing discussion it will be clear that Kātyāyana maintanis the tradition of Pāṇini so far its technique is concerned but tries to improve upon that tradition by means of its philosophical interpretation. He defines *sāmarthya* in terms of semantics as, ekārthibhāva and vyapekṣā the concepts wnich seem to have been unknown to Pāṇini,
– Joshi, S.D., Vyā. M. Bhā. Samarthāhnika, Introduction : 5.1, page *xvii.*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વૃત્તિ ઉપસર્જન પદ વડે પર = અન્ય પ્રધાન પદના અર્થનું બોધન થાય છે.[૧] આથી કાર્યશબ્દવાદીઓએ વૃત્તિનું લક્ષણ આ પ્રમાણે આપ્યું છે : परार्थभिधानं वृत्तिः । આ પરાર્થનું અભિધાન કરાવનારી વૃત્તિ બે પ્રકારની છે. (૧) જહત્સ્વાર્થાવૃત્તિ અને (૨) અજહત્સ્વાર્થાવૃત્તિ.[૨]

૫.૧.૦

વાક્યાવસ્થામાં રહેલા (પોતાના) અર્થનો ત્યાગ કરીને ઉપસર્જન પદ વૃત્તિમાં પરાર્થ (અન્યાર્થ)ને કહે છે. જેવી રીતે કોઈ એક કળશમાં દહીં ભરેલું હોય તો તેને કાઢી નાખીને તેમાં દૂધ ભરવામાં આવે છે. અહીં દહીં રહેલું હોય એ જ અવસ્થામાં દૂધ ભરી શકાતું નથી. આને જહત્સ્વાર્થાવૃત્તિ કહે છે.[૩] જો કે શબ્દાર્થસંબંધ અપૌરુષેય (નિત્ય) છે. માટે 'વાક્યગત પદોના અર્થનો ત્યાગ થાય છે' એમ તો નહીં કહી શકાય. એટલે અહીં 'ત્યાગ થાય છે' નો અર્થ 'અનુપાદાન-અગ્રહણ' એવા જ કરીશું. આ સંદર્ભમાં ભાષ્યમાં જે ઉદાહરણ આપ્યું છે તે જોઈએ – तक्षा राजकर्मणि प्रवर्तमानः स्वं कर्म जहाति । २-१-१ इत्यत्र भाष्यम् । રાજ્યની તિજોરીમાં પૈસા એકઠા કરવા વગેરે રાજકાર્યોમાં વ્યાપૃત કરવામાં આવેલો તક્ષા (સુથાર) પોતાની લાકડું કાપવું વગેરે અન્ય ક્રિયાઓનો ત્યાગ કરે છે. કેમ કે પોતાની એ અન્ય ક્રિયાઓનો ત્યાગ કર્યા વિના તેને માટે રાજકર્મો કરવાં શક્ય નથી. આમ સ્વાર્થનું

---

૧. राजपुरुषः । એવી વૃત્તિ (સમાસ)માં, વાક્યાવસ્થામાં અનુક્ત એવો, 'पुरुष' રૂપ અર્થ राज શબ્દથી કહેવાય છે. આથી राज શબ્દ વૃત્તિમાં પરાર્થ (પુરુષ રૂપ અર્થ) નું અભિધાન કરે છે એમ કહેવાશે.

૨. આ બે પ્રકારની વૃત્તિઓના સન્દર્ભમાં ડૉ. એસ. ડી. જોશીએ જણાવ્યું છે કે એકાર્થીભાવ રૂપ સામર્થ્યના બે અથઘટનો-જહત્ સ્વાર્થાવૃત્તિ અને અજહત્ સ્વાર્થાવૃત્તિ–પતંજલિના સમયથી પ્રચલિત થયા લાગે છે. આ અર્થઘટનો કાત્યાયનને વિદિત ન હતા. પતંજલિએ તેમના કોઈ પુરોગામી વૈયાકરણ પાસેથી વૃત્તિના આ બે પ્રકારો પ્રાપ્ત કર્યા હોય એમ બનવા સભંવ છે. અલબત્ત, એ પુરોગામી વૈયાકરણનું નામ પતંજલિએ આપ્યું નથી. (જુઓ : Joshi S. D., Vyā. M. Bhā. Samarthāhnika, Introduction 4.7 *(vii) page xi.*

૩. जहति पदानि स्वार्थं यस्यां सा जहत्स्वार्था । અહીં जहति એવું રૂપ લડન્ત (વર્તમાન કાળ) ક્રિયાપદ નથી, પણ शत्रन्त વર્તમાનકૃદન્ત છે. सप्तमी विशेषणे । २-२-३५ એવા સૂત્રમાં સપ્તમીગ્રહણ કર્યું છે. તેથી જ્ઞાપિત થાય છે. ક્યારેક વ્યધિકરણ-પદોનો પણ બહુવ્રીહિસમાસ થાય છે. એ રીતે કેટલાકના મતે "જહત્સ્વાર્થા"માં વ્યધિકરણ બહુવીહિ સમાસ થયો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુપાદાન કરીને વૃત્તિમાં ઉપસર્જન પદો પદાન્તરાર્થનું ઉપાદાન કરે છે એમ કહી શકાશે.

૫.૧.૧

આ જહત્સ્વાર્થાવૃત્તિના સ્વીકારમાં કેટલાક દોષ રહેલા છે. જહત્સ્વાર્થાવૃત્તિ પક્ષમાં राजपुरुषमानय । એમ કહેવાથી પુરુષમાત્રનું આનયન થશે અથવા તો औपगवमानय । એમ કહેવાથી કોઈ પણ વ્યક્તિના અપત્યનું આનયન થશે. કેમ કે જહત્સ્વાર્થાવૃત્તિપક્ષમાં અવયવો પોતાના અર્થનો ત્યાગ કરે છે એમ માનવામાં આવ્યું છે.

અહીં કોઈ એવો પણ દોષ બતાવી શકે કે જહત્સ્વાર્થાવૃત્તિ પક્ષમાં ઉપસર્જન પદો જો અર્થત્યાગ કરતાં હોય તો તે (ઉપસર્જન) પદોનો વૃત્તિ (સમાસ)માં પ્રયોગ જ શા માટે કરવામાં આવે છે ? પરંતુ આ પ્રશ્ન યોગ્ય નથી. કેમ કે यावः। यावकः ॥ वृषः । वृषभः । गजः । मतङ्गजः ॥ એવા બંને પ્રયોગો સમાન અર્થમાં વપરાય છે, તેથી જેમ पुरुषः અને राजपुरुषः એવા બંને પ્રયોગો પર્યાય રૂપે ઉપસ્થિત થઈ શકે. તથાપિ राजपुरुषः એવો ઉપસર્જન પદ સહિતનો પ્રયોગ હશે તો એકાર્થીભાવ રૂપ સામર્થ્યને આધારે 'સમાસ' સંજ્ઞા પણ થઈ શકશે. એ માટે ઉપસર્જન પદની ગેરહાજરીવાળો કેવળ पुरुषः એવો પ્રયોગ કરવામાં આવતો નથી.

જો કે ભાષ્યમાં, જહત્સ્વાર્થાવૃત્તિ પક્ષના ઉપર્યુક્ત પ્રથમ દોષનું નિરાકરણ સામાન્યપણે આ પ્રમાણે કરવામાં આવ્યું છે : जहदप्यसौ स्वार्थं नात्यन्ताय जहाति। ...अथवाऽन्वयाद् विशेषणं भविष्यति । (२-१-१ इत्यत्र भाष्यम् पृ. ३६४) અર્થાત્ ઉપસર્જન પદ પોતાના અર્થનો ત્યાગ કરે છે, તથાપિ આત્યંતિકપણે અર્થનો ત્યાગ કરવામાં આવતો નથી. અથવા તો અન્વયને કારણે ઉપસર્જનાર્થ વિશેષણ બનશે. એટલે કે જેમ અગ્નિસંયોગથી પરમાણુઓમાં જે વિશેષની ઉત્પત્તિ થાય છે તે અગ્નિસંયોગ નિવૃત્ત થાય પછી પણ ચાલુ રહે છે. એ જ રીતે ઉપસર્જન પદોનો અર્થ, પ્રધાનાર્થને વિશેષિત કરીને નિવૃત્ત થાય છે પણ ઉપસર્જન પદે જે વિશેષનું નિધાન કર્યું તેના અનુગમથી વિશિષ્ટ પુરુષની પ્રતીતિ થાય છે; કેવળ પુરુષની નહીં. ભાષ્યકારે આ સન્દર્ભમાં मल्लिकापुटः । એવું દૃષ્ટાન્ત આપ્યું છે. અહીં કુસુમોના સંપર્કને કારણે ગન્ધવિશેષનો અનુભવ થાય છે. પરંતુ તે પુટમાંથી કુસુમો કાઢી લીધા પછી પણ તે પુટ "मल्लिकापुटः" એવા (વિશેષણથી યુક્ત) શબ્દ દ્વારા વ્યવહૃત થાય છે.

હજી કોઈને વિશેષ પ્રશ્ન થાય કે અર્થનો ત્યાગ થવા છતાંય 'અર્થનો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આત્યંતિક ત્યાગ થતો નથી' એમ કેવી રીતે કહી શકાય ? કેમ કે અંશતઃ અર્થનો ત્યાગ થાય અને અંશતઃ ચાલુ રહે એવું ન બની શકે.[૧] ભર્તૃહરિએ આનું સમાધાન કરતાં જણાવ્યું છે કે ઉપસર્જનનો પોતાનો પ્રધાનભૂત અર્થ, કે જે સમુદાયગત પ્રધાનાર્થનો વિરોધી છે તે નિવૃત્ત થાય છે. કેમ કે સમાસમાં બન્ને પદોનું પ્રાધાન્ય હશે તો તેમનો પરસ્પર સંબંધ નહીં થઈ શકે અને પરિણામે વિશિષ્ટ એવા પ્રધાનાર્થની પ્રતીતિ થશે નહીં. માટે ઉપસર્જન પદનું પોતાનું પ્રાધાન્ય નિવૃત્ત થાય છે એમ કહી શકાય.[૨] અને આથી જ તે ઉપસર્જન પદ (राजपुरुषः માં राजन् <राज्ञः એવું પદ) પોતાના ऋद्धस्य ઇત્યાદિ વિશેષણોની સાથે અન્વિત થતું નથી. પણ પ્રધાનાર્થને ઉપકાર કરવા માટેનું તે (ઉપસર્જન)નું પોતાનું જે વિશેષણતાત્મક રૂપ છે તે અવિરોધી હોવાને કારણે નિવૃત્ત થતું નથી. આ સંદર્ભમાં જ ભાષ્યકારે नात्यन्ताय जहाति । એમ કહ્યું છે. જો ઉપસર્જન પદ સર્વથા સ્વાર્થનો પરિત્યાગ કરતું હોત તો પોતાના અર્થથી (સ્વ-પદાર્થથી) પ્રધાનાર્થને કોઈ રીતે ઉપકારક નહીં બની શકતાં ઉપસર્જનપદ સ્વરૂપનો જ ત્યાગ કરી બેસશે. વળી, ઉપસર્જન પદ જો પરોપકાર ન કરતું હોય તો ઉત્તરપદ (પુરુષમાત્ર)થી જ પ્રધાનાર્થની પ્રતીતિ થઈ જતાં તેનું પ્રયોગવૈયર્થ્ય આવી પડે. બીજું, ઉપસર્જન પદ જો તદ્દન અનર્થક હોય તો તેનો અન્ય પદ સાથે સંબંધ જ ન થઈ શકે અને પરિણામે સામર્થ્યને કારણે થનારી 'સમાસ' સંજ્ઞા પણ ન થાય. માટે ઉપસર્જન સકલ અર્થનો ત્યાગ કરે છે એમ તો ન કહેવાય. જેવી રીતે રાજકર્મોમાં નિયુક્ત થનાર તક્ષા (સુથાર) હેડકી ખાવી, હસવું વગેરે પ્રાણીકર્મો પણ રાજકર્મની સાથોસાથ જ કરે છે; ત્યજતો નથી.[૩] આમ જહત્સ્વાર્થાવૃત્તિમાં પ્રાપ્ત થતા દોષોનું નિરાકરણ થઈ જાય છે.

---

૧. હવે પછીની ચર્ચામાં अथवाऽन्वयाद् विशेषणं भविष्यति । એવા પૂર્વોક્ત ભાષ્યોક્ત સામાન્ય સમાધાનથી આગળ વધીને ભર્તૃહરિ વિશેષ સમાધાન કરે છે.

૨. अन्वयाद् गम्यते सोऽर्थो विरोधी वा निवर्तते ।
द्व्यर्थमर्थान्तरे वापि तत्राहुरुपसर्जनम् ॥९५॥

(हेलाराजस्य वृत्तिः) .... द्वयोर्हि प्राधान्ये परस्परसंबन्धाभावाद् विशिष्टोऽवच्छिन्नः प्रधानार्थो न प्रतीयेतेति स्वप्राधान्यमुपसर्जनस्य निवर्तते । अत एव स्वविशेषणेन समृद्धादिना न युज्यते । प्रधानोपकाराय तु यद्रूपं विशेषणतात्मक तन्नापैत्यविरोधादिति नात्यन्ताय जहातीत्युक्तिः ॥ – वा.प., वृत्तिसमुद्देशः, का. ९५

૩. यः परार्थविरोधी स्वार्थस्तं जहाति । तद्यथा । तक्षा राजकर्मणि प्रवर्तमानः स्वं तक्षकर्म जहाति, न हिक्कितहसितकण्डूयितानि ॥

– २-१-१ इत्यत्र भाष्यम्, पृ. ३६४

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ.૨.૦

બીજા કેટલાકના મતે ઉપસર્જન પદોમાં પોતાનો (વાક્યાવસ્થાવાળો જૂનો) અર્થ રહેવાની સાથે જ અર્થાન્તરનો ઉમેરો થાય છે; આ અર્થાધિક્યને પરાર્થ કહે છે. દા.ત. જેવી રીતે માટી ભરેલા કળશમાં જળ રેડવામાં આવે તો તે રહી શકે છે. અથવા તો જેવી રીતે તન્તુઓના કાર્ય (પટ)માં લાખ વગેરેથી જન્મેલો રાગાતિશય – કોઈ રંગ–રહી શકે છે. એ જ પ્રમાણે, અહીં ઉપસર્જન પદોના સ્વાર્થમાં અર્થાન્તરનું ઉપાદાન (ઉમેરો) થઈ શકે છે. આ સન્દર્ભમાં ભાષ્યમાં કહ્યું છે– ભિક્ષુક બીજી ભિક્ષા મળ્યા પછી, પૂર્વે મેળવેલી ભિક્ષાનો ત્યાગ કરતો નથી, પણ બંને ભિક્ષાઓનો સંગ્રહ જ કરે છે.[1] આને અજહત્સ્વાર્થાવૃત્તિ કહે છે.

પ.૨.૧

આ અજહત્સ્વાર્થાવૃત્તિમાં પણ કેટલાક દોષ રહેલા છે. પહેલા તે દોષોનું ઉદ્ભાવન કરી પછી તેનો પરિહાર કરીશું : राजपुरुषः । એવા વૃત્તિ (સમાસ) પદમાં રાજાર્થ પુરુષાર્થનું વિશેષણ બન્યો હોઈ વિશિષ્ટ-અર્થની પ્રતીતિ થાય છે. પરંતુ અહીં શંકા થાય છે કે જો વૃત્તિમાં પ્રધાન પુરુષાર્થની સાથે રાજાર્થ પણ રહેતો હોય તો धवखदिरौ ।ની જેમ राजपुरुषः । એવા પદમાં દ્વિવચનની પ્રાપ્તિ થવી જોઈએ.

આ શંકા ઉચિત નથી. (ઇતરેતર) દ્વન્દ્વ સમાસમાં તો બન્ને (પૂર્વોત્તર) પદોનું સરખું પ્રાધાન્ય હોઈ બન્ને પદોના એ સમુદાયમાં અવયવો જુદા જુદા છે એવું જ્ઞાન થાય છે. માટે ત્યાં દ્વિવચન યોગ્ય છે. પરંતુ અહીં राजपुरुषः । માં વિશેષણ-વિશેષ્યભાવથી અવચ્છિન્ન એવા જે અર્થાન્તરનું બોધન થાય છે. તેનું સમુદાયથી ઉપાદાન થયું છે, જુદા જુદા અવયવોથી તે કહેવાયું નથી. આવાં ઉદાહરણોમાં સમુદાયથી પરમાં આવનારી વિભક્તિ સમુદાયાર્થમાં રહેલી સંખ્યાનું ઉપાદાન કરે છે. એટલે કે राजपुरुषः । વગેરેમાં સમુદાયગત એકત્વને ધ્યાનમાં લઈને એકવચનનો જ પ્રયોગ થાય છે. આ સન્દર્ભમાં, મહાભાષ્યમાં પણ (અવયવાર્થ નહીં, પણ) સમુદાય અર્થવાન્ હોઈ દ્વિવચન કે અનેકવચનની પ્રાપ્તિ થશે નહીં એમ જણાવ્યું છે.[2]

બીજું, અજહત્સ્વાર્થાવૃત્તિમાં તો ઉપસર્જન પદનો અર્થ સર્વથા હોય છે જ, અને તે પોતે વિશેષણ બનીને પ્રધાનાર્થને વિશેષિત કરી વિશિષ્ટાર્થને કહે છે. આમ

---

૧. एवं हि दृश्यते लोके। भिक्षुकोऽयं द्वितीयां भिक्षामासाद्य पूर्वां न जहाति संचयाय प्रवर्तते॥
 – २-१-१ इत्यत्र भाष्यम्, पृ. ३६५

२. संघातस्यैकार्थ्यान्नावयवसंख्यातः सुबुत्पत्तिः । – २-१-१, वा-३, पृ. ३६५

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ પક્ષમાં (અજહત્સ્વાર્થાવૃત્તિ પક્ષમાં) ઉપસર્જન પદ દ્વ્યર્થને કહે છે. અહીં પ્રધાનાર્થમાં ઉપસર્જન પદનો અર્થ પાંસૂદકવત્ અભિન્ન થઈ ગયો હોવાને કારણે તેમની વચ્ચે વિવેક થઈ શકતો નથી. અને આથી જ ત્યાં ઉપસર્જન પદ પોતાના વિશેષણ (ऋद्धस्य ઇત્યાદિ)ની સાથે જોડાતું નથી.

૫.૩.૦

કાર્યશબ્દવાદીઓએ वर्तनं वृत्तिः । (turning something into something else) એવો અર્થ લઈને તેના જહત્સ્વાર્થાવૃત્તિ અને અજહત્સ્વાર્થાવૃત્તિ એવા બે ભેદ પાડ્યા. પરંતુ આ મતમાં પણ વૃત્તિ દરમિયાન સમર્થઃનો અધિકાર તો કરવામાં આવે જ છે. આથી અહીં કાર્યશબ્દવાદીઓના મતે સામર્થ્યનો શો અર્થ કરવો તે જોઈશું : ભાષ્યકારે કહ્યું છે કે સામર્થ્ય એટલે ભેદ, સંસર્ગ કે ઉભય.[૧] અહીં કૈયટ જણાવે છે કે વૃત્તિમાં ભેદ અને સંસર્ગ નહીં હોય તો 'સામર્થ્ય' છે એમ નહીં કહેવાય. કારણ કે સામર્થ્ય (હમેશાં) ભેદસંસર્ગાત્મક જ હોય છે.[૨] અર્થાત્ ભેદ, સંસર્ગ કે ઉભયનું જ નામ સામર્થ્ય છે. ભાષ્યકારે ભેદ અને સંસર્ગને સમજાવતાં લખ્યું છે કે, राज्ञः (રાજાનો) એમ કહ્યા પછી રાજાની સાથે સંબંધ ધરાવતા ઘોડો, હાથી, મહેલ વગેરે અનેક સંબંધી પદાર્થ મનમાં ઉપસ્થિત થાય છે. એ જ પ્રમાણે, पुरुषः (સેવક) એમ કહેતાં સેવક પરતંત્ર હોવાથી રાજા, નગરપતિ એમ અનેક સ્વામીઓ (માલિકો)ની મનમાં ઉપસ્થિતિ થાય છે. હવે राजपुरुषमानय । એમ કહેતા 'રાજા' એવો શબ્દ અન્ય સ્વામીઓ પાસેથી 'પુરુષ'ની નિવૃત્તિ કરે છે. અર્થાત્ શ્રોતાના મનમાં રાજા સિવાય અન્ય માલિકોની ઉપસ્થિતિ થતી નથી. 'પુરુષ' (સેવક) શબ્દ પણ સ્વામી (રાજા)ની અન્ય ઘોડો વગેરે વસ્તુઓ પાસેથી નિવૃતિ કરે છે. અર્થાત્ શ્રોતાના મનમાં પુરુષ (સેવક) સિવાય અન્ય ઘોડો, હાથી, મહેલ વગેરે સંબંધી પદાર્થની ઉપસ્થિતિ થતી નથી.[૩]

કૌણ્ડ ભટ્ટે 'સમાસશક્તિનિર્ણય' પ્રકરણમાં ભેદસંસર્ગાદિને આ પ્રમાણે વિશદ કરી બતાવ્યા છે : અહીં ભેદોનો અર્થ અન્યોન્યાભાવ છે. જેમ કે, राजपुरुषः । એવા

---

૧. अथवा समर्थाधिकारोऽयं वृत्तौ क्रियते । सामर्थ्यं नाम भेदः संसर्गो वा । अपर आह । भेदसंसर्गौ वा सामर्थ्यमिति ॥ – २-१-१ इत्यत्र भाष्यम् पृ. ३६४

२. यदि च वृत्तौ भेदसंसर्गौ न स्याताम्, तदा सामर्थ्यमेव न स्यात् तदात्मकत्वात् सामर्थ्यस्येत्यर्थः ॥ प्रदीपः पृ. ३३०

૩. कः पुनर्भेदः संसर्गो वा । इह राज्ञ इत्युक्ते सर्व स्वं प्रसक्तं, पुरुष इत्युक्ते सर्वः स्वामी प्रसक्तः । इहेदानीं राजपुरुष इत्युक्ते राजा पुरुषं निवर्तयत्यन्येभ्यः स्वामिभ्यः, पुरूषोऽपि राजानमन्येभ्यः स्वेभ्यः ॥ – २-१-१ इत्यत्र भाष्यम्, पृ. ३६४

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વૃત્તિપદની 'અરાજકીય ભિન્ન'[1] એવો અર્થબોધ થાય છે. 'વૃત્તિથી ભેદ વાચ્ય છે' એમ નહીં માનીએ તો राजपुरुषः सुन्दरः ।ની જેમ राजपुरुषो देवदत्तस्य । એવો પણ પ્રયોગ થવા આવશે. પરંતુ અહીં राजपुरुषः એવી વૃત્તિથી ભેદ વાચ્ય હોઈ 'રાજાનો પુરુષ' એમ કહ્યા પછી 'દેવદત્તનો' પુરુષ' એમ નહીં કહી શકાય. બીજા કેટલાક કાર્યશબ્દવાદીઓના મતે राजपुरुषः । એવા વૃત્તિપદમાંથી 'રાજસંબંધવાન્' એવો પહેલાં સંસર્ગાત્મક અર્થ મળ્યા પછી જ ભેદની પ્રતીતિ થાય છે; માટે 'વૃત્તિથી સંસર્ગ વાચ્ય છે' એમ માનવું જોઈએ. અહીં વૃત્તિથી પહેલા ભેદની પ્રતીતિ થાય કે સંસર્ગની – એ બાબતમાં કશું વિનિગમક (નિશ્ચાયક, પ્રમાણ) નહીં હોવાથી એક ત્રીજો મત પણ ઉપસ્થિત થાય છે. 'વૃત્તિથી ભેદ અને સંસર્ગ – એ બંને વાચ્ય છે'. આ મત મુજબ राजपुरुषः શબ્દથી 'અરાજકીય ભિન્ન રાજસંબંધવાન્ આ પુરુષ છે' એવો બોધ થાય છે.[2]

અહીં ભેદ સંસર્ગનો અવિનાભાવી છે તથા સંસર્ગ પણ ભેદનો અવિનાભાવી છે. આથી જ્યારે વૃત્તિથી ભેદ વાચ્ય છે એમ માનીએ ત્યારે સંસર્ગ અનુમેય જાણવો. આમ 'સામર્થ્ય ભેદ સર્ગાત્મક છે' એમ કહેવાથી राज्ञः पुरुषाश्वश्च । राज्ञः पुरुषो, भार्यायाश्च । એની જેમ राजपुरुषोऽश्वश्च । राजपुरुषो भार्यायाश्च એવા પ્રયોગો થશે નહીં. આ ઉદાહરણોમાં अश्वश्च भार्यायाश्च પદો અનુક્રમે ભેદ અને સંસર્ગની પ્રતીતિમાં બાધક બને છે. માટે વૃત્તિ વડે ભેદ અને સંસર્ગવાળો જ અર્થ કહેવામાં આવે છે તથા ભેદ અને સંસર્ગવાળા અર્થનું પ્રતિપાદન કરવું એનું જ નામ એકાર્થીભાવ રૂપ સામર્થ્ય છે.

૫.૩.૧

કાર્યશબ્દવાદીઓના મતે વૃત્તિપદ કેવી રીતે અર્થબોધ કરાવે છે એ સમજાવવા માટે જહત્સ્વાર્થાવૃત્તિ પક્ષ અને અજહત્સ્વાર્થાવૃત્તિ પક્ષ – એવા વિભાગો પાડ્યા છે, આ સન્દર્ભમાં ભર્તૃહરિ જણાવે છે કે વૃત્તિ અને વાક્યને અભિન્ન ગણનારા કાર્યશબ્દવાદીઓ પ્રકૃતિ રૂપ વાક્યમાંથી વિકાર રૂપ વૃત્તિપદ તૈયાર થાય છે એમ

---

૧. અર્થાત્ રાજાથી ભિન્ન બીજો કોઈ સ્વામી નથી જેનો, એવો પુરુષ.

૨. भेदोऽन्योन्याभावः । तथा च राजपुरुष इत्यादावराजकीयभिन्न इति बोधः । अस्यावाच्यत्वे च राजपुरुषः सुन्दर इतिवद्राजपुरुषो देवदत्तस्य चेत्यपि स्यात् । वाच्यत्वे तद्विरोधान्नैवं प्रयोग इति भावः । राजसंबन्धवानित्येव शाब्दं भानं, भेदस्तूत्तरकालमुपतिष्ठते इत्याशयेनाऽऽह–संसर्ग इति । विनिगमनाविरहमस्वामिकेऽपि राजपुरुष इत्यादिप्रयोगापत्तिं च मनसि कृत्वोभियं वाच्यमित्याह–उभयं वेति । तथा चाराजकीयभिन्नो राजसंबन्धवांश्चायमिति बोधः । – वै.भू.सारः, समासशक्तिनिर्णयः, पृ. २५९–२६२

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

માને છે, તેઓ અબુધ છે. वर्तनं वृत्तिः । એવું જે કહેવાય છે તે કેવળ અબુધ-પ્રતિપત્તિને અર્થે જ છે. આ વૃત્તિપદ તૈયાર કરતાં ઉપાયો જુદા જુદા સંબોધન (નામ)થી પુરુષોમાં વ્યવહૃત થાય છે. અર્થાત્ કોઈ આ વૃત્તિને જહત્સ્વાર્થાવૃત્તિ કહે છે તો કોઈ અજહત્સ્વાર્થાવૃત્તિ કહે છે. અહીં રુચિવૈચિત્ર્યને કારણે ઉપાયો હમેશાં અનવસ્થિત જ રહેવાના.[1] આમ ભર્તૃહરિના મતે राजपुरुषः । એવો સમૂહ (ઉપેય) તો એકનો એક જ અને એને સમજાવવા માટે અલગ અલગ એવા જહત્સ્વાર્થાવૃત્તિ અને અજહત્સ્વાર્થાવૃત્તિ એ બે પક્ષો કેવળ ઉપાયભૂત છે.[2]

૬.૦.૦

નિત્યશબ્દવાદીઓ વૃત્તિ અને વાક્યને પરસ્પરના પર્યાય ગણતા નથી. તેઓના મતે વૃત્તિ અને વાક્ય વચ્ચે અત્યંત ભેદ છે. પરંતુ પ્રક્રિયા-અવસ્થામાં વાક્યનો નાશ કરીને सुपो धातुप्रातिपदिकयोः । ૨-૪-૭૧, उपसर्जनं पूर्वम् । ૨-૨-૩૦ ઇત્યાદિ સૂત્રોથી વૃત્તિનું અન્વાખ્યાન કરવામાં આવ્યું છે, એવી સ્થિતિમાં વૃત્તિ અને વાક્યની વચ્ચે અત્યંત ભેદ છે એમ કેવી રીતે માની શકાય ? ભર્તૃહરિએ આનો જવાબ આપતાં જણાવ્યું છે કે राजपुरुषः । વગેરે વિશિષ્ટાર્થ વૃત્તિવાળા સંઘાતો (સમુદાયો) પરમાર્થતઃ નિરંશ જ છે, તથાપિ તેમાં અમુક પૂર્વપદ અને અમુક ઉત્તરપદ એવા અવયવોની કલ્પના કરીને તેને વ્યુત્પન્ન કરવામાં આવે છે. આવે પ્રસંગે મન્દમતિવાળા લોકો શ્રુતિસારૂપ્યને કારણે ઉપાય (વાક્ય) અને ઉપેય (વૃત્તિ)નું ઐક્ય માની લે છે. હકીકતમાં તો રેખાગવય (ચિત્રમાંના ગવય)થી સાચા ગવયનું જ્ઞાન થાય છે ત્યારે ત્યાં ચિત્રમાંના ગવય અને વાસ્તવિક ગવય બંને ભિન્ન જ છે એમ પ્રતિપત્તા જાણે છે. આવી રીતે અહીં ધૂળમાં દોર્યા સમું પ્રક્રિયાવાક્ય અને સમાસ—બન્ને અલગ અલગ જ છે એમ જાણવું. અર્થાત્ વ્યપેક્ષાથી નિયત એવું વાક્ય એકાર્થીભાવના વિષયવાળા સમાસથી જુદું જ છે. વળી, એક નિયમ પણ છે : "અર્થભેદે શબ્દભેદ." અહીં સંખ્યાવિશેષાદિ અર્થભેદો (૧.૨.૨) પૂર્વે દર્શાવ્યા જ છે. માટે શબ્દાન્તર હોવાને કારણે વાક્ય અને સમાસ વચ્ચે અત્યંત ભેદ છે એમ સિદ્ધ થાય છે. કેવળ અબુધોની પ્રતિપત્તિ અર્થે અર્થાત્ કાર્યશબ્દવાદીઓને માટે જ વિચિત્ર ઉપાયો દર્શાવવામાં આવ્યા છે. આ લોકો વાક્ય અને વૃત્તિમાં ભેદ સંસર્ગના લક્ષણવાળા પ્રધાનાર્થનો અભેદ માને છે, તથા

---

૧. वृत्तिं वर्तयतामेवमबुधप्रतिपत्तये ।
भिन्नाः संबोधनोपायाः पुरुषेष्वनवस्थिताः ॥ — वा.प., वृत्तिसमुद्देशः, का.-९७

૨. જિજ્ઞાસુએ..."Bhartṛhari on grammatical analysis (Apoddhāra)" by K. A. Subramania Iyer (Vishveshvaranand Indological Journal, Vol, *xviii*, pts. *i-ii*, Hoshiarpur, 1980) એ લેખ જોવો.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વૃત્તિને 'વાક્ય પ્રકૃતિકા' કહીને વ્યુત્પન્ન કરે છે. આવા અબુધ લોકોની દૃષ્ટિએ વાક્યમાં વિભક્તિઓ રહેલી હોઈ પ્રક્રિયા અવસ્થામાં સમાસ કરતી વખતે લુગ્ વગેરેનું[1] અન્વાખ્યાન કરવામાં આવ્યું છે.[2]

વૃત્તિ અને વાક્યના અત્યંત ભેદને સમર્થિત કરતાં ભર્તૃહરિ વિશેષમાં જણાવે છે કે વૃક્ષઃ વગેરે પદોમાં વર્ણોનું આનર્થક્ય છે અને તેથી નિરંશ અને અવિભક્તાર્થનું પ્રત્યાયક તથા સ્ફોટના સ્વભાવવાળું 'પદ' જેવી રીતે પોતાની શક્તિની અમુક અર્થને વિશે પ્રવર્તે છે, તેવી રીતે नीलोत्पलम् । राजपुरुषः । વગેરે વગેરે સમાસપદો પણ અવિભક્ત અવયવોવાળા અભિન્નસંવિત્‌થી સિદ્ધ એવા (વિશિષ્ટ) એકાર્થના પ્રત્યાયક છે.[3] પરંતુ જેમ વૃક્ષઃ વગેરે પદોમાં પ્રકૃતિ-પ્રત્યયનો (વૃક્ષ + સુ એવો) વિભાગ વાસ્તવમાં નહીં હોવા છતાંય અન્વાખ્યાન અર્થે કલ્પવામાં આવે છે, તેમ વૃત્તિ(સમાસ)માં પણ અવયવોના ભેદની કલ્પના કરવામાં આવે છે.

વૃત્તિ અને વાક્ય વચ્ચે અત્યંત ભેદ હોવા છતાંય ક્યારેક કેટલાક અંશોમાં દા.ત. राज्ञः पुरुषः । એવા વાક્યમાંના પહેલા અને બીજા પદ સાથે राजपुरुषः । માંના પૂર્વપદ અને ઉત્તરપદના સાદશ્યનો જે ભાસ થાય છે તે ભ્રમ છે. બીજું, राजपुरुषः । વગેરેમાં જેવો સાદશ્યનો ભાસ થાય છે તેવો બધે જ સ્થળે, વૃત્તિ અને વાક્યના સાદશ્યનો ભાસ થતો નથી. જેમ કે, वासिष्ठः । गार्ग्यः । વગેરે तद्धित-વૃત્તિના વિષયમાં (અર્થાત્ તે तद्धितान्त શબ્દોમાંથી) અન્વાખ્યાન અર્થે ઉપયોગમાં લીધેલ પ્રકૃતિ પ્રત્યયનો બોધ થાય છે. તેવી રીતે श्रोत्रियः । क्षेत्रियः । વગેરે तद्धितान्त શબ્દોમાંથી[4] પ્રકૃતિ-પ્રત્યયનો બોધ થતો નથી. કારણ કે श्रोत्रियः । क्षेत्रियः । વગેરે વૃત્તિપદોમાંથી સીધો જ છન્દસ, પરક્ષેત્ર આદિ શબ્દોનો અનુગમ થતો નથી. અહીં વાક્યનું સ્વરૂપ જે પ્રકારનું છે તેનાથી જુદા જ સ્વરૂપનું વૃત્તિપદ

---

૧. सुपो धातुप्रातिपादिकयोः । २-४-७१

૨. अबुधान् प्रत्युपायाश्च विचित्राः प्रतिपत्तये ।
शब्दान्तरत्वादत्यन्तभेदो वाक्यसमासयोः ॥ – वा.प., वृत्तिसमुद्देशः, का.-४९

૩. पदं यथैव वृक्षादि विशिष्टेऽर्थे व्यवस्थितम् ।
नीलोत्पलाद्यपि तथा भागाभ्यां वर्तते विना ॥ – तदेव, का- ५३

૪. (१) श्रोत्रियश्छन्दोऽधीते । ५-२-८४ । ... श्रोत्रियो ब्राह्मणः । श्रोत्रियश्छन्दोधीते इति वाक्यार्थे पदवचनम् ... ।

(२) क्षेत्रियच् परक्षेत्रे चिकित्स्यः । ५-२-९२ क्षेत्रियजिति निपात्यते । परक्षेत्रे चिकित्स्य इत्येतस्मिन् वाक्यार्थे पदवचनम् । .... परक्षेत्रं जन्मान्तरशरीरं, तत्र चिकित्स्यः क्षेत्रियः, असाध्योऽप्रत्याख्येयो व्याधिरुच्यते । (काशिकावृत्तिः)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છે. આવાં ઉદાહરણો વૃત્તિ-વાક્યનો અત્યંત ભેદ છે એ હકીકતમાં લિંગ બને છે. આમ नीलोत्पलम् । राजपुरुषः । ઈત્યાદિ સમાસોમાં અવયવાર્થોનું ગ્રહણ થતું નથી. તેમાં અવયવભેદોની કલ્પના કરીને કેવળ તેને અબુધપ્રતિપત્તિને અર્થે વ્યુત્પન્ન કરવામાં આવે છે. તાત્ત્વિક રીતે તો વૃત્તિ વાક્યથી ભિન્ન જ છે. આમ વૃત્તિ અને વાક્યનો અત્યંત ભેદ સિદ્ધ થાય છે.

૬.૧.૦

નિત્યશબ્દવાદીઓના મતે વૃત્તિ અને વાક્યનો અત્યંત ભેદ સિદ્ધ કર્યા પછી એક મહત્ત્વના પ્રશ્નની વિચારણા કરીશું : વૃત્તિ (સમાસ) પદથી અર્થાભિધાન સ્વાભાવિકપણે જ થાય છે તે વાચનિક (અર્થાત્ સૂત્ર દ્વારા તેનું—અર્થનું અનુશાસન કરવામાં આવે) છે ?[1] કાર્યશબ્દવાદીઓના મતે સૂત્રકારે પ્રકૃતિ-પ્રત્યયના સંમેલનથી પદસિદ્ધિ કેવી રીતે તૈયાર થાય છે તથા તે પદોના સંમેલનથી સમાસાદિ વૃત્તિપદો કેવી રીતે તૈયાર થાય છે. એનું તો વર્ણન કર્યું જ છે, પણ તેની સાથે તે સમાસાદિ પદો કયા અર્થમાં વાપરવા તેનું પણ અનુશાસન કર્યું છે. દા.ત. अनेकमन्यपदार्थे । २-२-२४, चार्थे द्वन्द्वः । २-२-२९, तस्यापत्यम् । ४-१-९२, तेन रक्तं रागात् । ४-२-१, तेन निर्वृत्तम् । ४-२-६८ અર્થાત્ કાર્યશબ્દવાદીઓના મતે સમાસાદિ પદોનું અર્થાભિધાન વાચનિક છે. પરંતુ પતંજલિ જણાવે છે કે આ મત યોગ્ય નથી. કેમકે સમાસાદિ પદોથી અર્થાભિધાન સ્વાભાવિકપણે જ થાય છે. પાણિનિએ अनेकमन्यपदार्थे । २-२-२४ જેવાં સૂત્રોથી અર્થોનું અનુશાસન કર્યું નથી, પણ તેનું નિમિત્ત રૂપે અન્વાખ્યાન કર્યું છે. પતંજલિએ આને સમજાવવા માટે એક દૃષ્ટાંત આપ્યું છે. દા.ત. કોઈ કહે કે 'કૂવાને જમણે હાથે રસ્તો છે' અથવા 'વાદળમાં ચન્દ્રમાને જો' તો ત્યાં રસ્તાનું કે ચન્દ્રમાનું નવું વિધાન થતું નથી. પરંતુ કૂવા અને વાદળની નિશાનીઓની મદદથી તે ક્યાં રહેલો છે એ જ કહેવામાં આવે છે. એ જ રીતે, ચાર્થમાં જે સમાસ હોય છે તે દ્વન્દ્વ સમાસ છે, અન્ય પદાર્થમાં જે સમાસ હોય છે તે બહુવ્રીહિ છે' એટલું સૂત્રકારને કહેવાનો આશય છે. આમ નિત્યશબ્દવાદીઓના મતે સમાસાદિ પદોથી અર્થાભિધાન સ્વાભાવિકપણે થાય છે એમ માનવામાં આવ્યું છે.

પતંજલિએ વિશેષમાં એ પણ જણાવ્યું છે કે અર્થોનો આદેશ કરવો (અર્થોનું અનુશાસન કરવું) એ શક્ય જ નથી. કેમ કે अनो અર્થ જણાવવા बनो પ્રયોગ કરીશું તો बनो અર્થ શો ? એવો પ્રશ્ન થશે. હવે बनो અર્થ જણાવવા कनो પ્રયોગ કરીશું તો कनो અર્થ શો ? એમ અનવસ્થા ઊભી થશે. માટે પાણિનિએ લાઘવાર્થે

૧. अथैतस्मिन्नेकार्थीभावकृते विशेषे किं स्वाभाविकं शब्दैरर्थाभिधानमाहोस्विद्वाचनिकम् ।
— २-१-१ इत्यत्र भाष्यम्, पृ. ३६३

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આદેશ કર્યો નથી. બીજું, બધા જ શબ્દોના અર્થો બતાવવા શક્ય પણ નથી. ધાતુ, પ્રાતિપદિક, પ્રત્યય, નિપાતાદિના અર્થો બતાવવા શક્ય પણ નથી. ધાતુ, પ્રાતિપદિક, પ્રત્યય, નિપાતાદિના અર્થો બતાવવા કોણ શક્તિમાન હોય ? વળી, કેટલાક એવા પણ શબ્દો છે દા.ત. जुर्भरीं । तुर्फरीत् । કે જેના અર્થો વિદિત નથી. એ સિવાય, ક્યારેક શબ્દપ્રયોગ કર્યા વિના પણ આંખના પલકારા, હાથ હલાવવો વગેરે અનેક આંગિક ચેષ્ટાઓથી પણ અમુક અર્થો કહી શકાય છે. તથા અમુક અર્થો સુવિદિત હોય એ અવસ્થામાં અર્થોનો ઉપદેશ કરવાનું કોઈ પ્રયોજન નથી. દા.ત. કોઈ કહે કે 'પૂર્વમાં સૂર્ય ઊગે છે, પશ્ચિમમાં આથમે છે', અથવા તો 'ગોળ મધુર છે', 'આદુ તીખું છે' તો આવાં વાક્યોનું કોઈ પ્રયોજન નથી. આમ નિત્યશબ્દ-વાદીઓના મતે સમાસાદિ પદોનું અર્થાભિધાન સ્વાભાવિક જ થાય છે; તે વાચનિક નથી.

પરંતુ આમ જો અર્થોનું અભિધાન સ્વાભાવિકપણે થતું હોય તો નિત્યશબ્દવાદીઓના મત મુજબ શું વ્યાકરણશાસ્ત્ર માત્ર સમાસપદોને વર્ણવે છે કે કાર્યશબ્દવાદીઓના મત મુજબ સમાસપદો તૈયાર કરે છે ? એવો પ્રશ્ન થશે. પતંજલિ જણાવે છે કે બેમાંથી ગમે તે પક્ષ લો પણ 'અષ્ટાધ્યાયી' ની રચના નિરર્થક બની જતી નથી; किं पुनर्नित्यः शब्द आहोस्वित्कार्यः । संग्रह एतत्प्राधान्येन परीक्षितं नित्यो वा स्यात्कार्यो वेति । तत्रोक्ता दोषाः प्रयोजनान्यप्युक्तानि । तत्र त्वेष निर्णयो यद्येव नित्योऽथापि कार्य उभयथापि लक्षणं प्रवर्त्यमिति ॥ (व्याकरण-महाभाष्ये प्रथमस्याध्यायस्य प्रथमे पादे प्रथममाह्निकम्, पृ. ६).

---

* Published in The "VIDYA, 'C'-Languages", a journal of the Gujarat University, Ahmedabad, Vol. XXV, Aug 1982 No. 1-2 (Pub. in Aug 1985), pp. 117-170

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલા-૧૩

વર્ણસમામ્નાયમાં લૃકારોપદેશ*

૦.૦ સંસ્કૃત ભાષામાં કેવળ એક જગ્યાએ જ લૃ સ્વરનો પ્રયોગ થયો છે. જેમકે, √क्लृपि अवकल्पने-चिन्तने (चुरादिगण) > कल्पयति । सामर्थ्ये च (भ्वादिगणः) > कल्पते । ધાતુમાં. આમ આ લૃકારનો પ્રયોગવિષય અત્યલ્પ છે. આથી પાણિનિ પછીના સમયમાં, વાર્ત્તિકકાર કાત્યાયને આ લૃ વર્ણના પરંપરાગત પ્રયોજનોની અન્યથા-સિદ્ધિ સૂચવીને લૃકારોપદેશનું ખંડન કરવાનો પ્રયત્ન કર્યો છે. 'વ્યાકરણ-મહાભાષ્ય'માં પતંજલિએ વાર્ત્તિકકારના આ પ્રયત્નનો ઉપહાસ કર્યો છે અને લૃકારોપદેશની જરૂરિયાત સ્વીકારી છે. પ્રસ્તુત લેખમાં 'વ્યાકરણમહાભાષ્ય'ને આધારે વર્ણસમામ્નાયમાં કરવામાં આવેલા લૃકારોપદેશના પ્રયોજનની ચર્ચા કરવામાં આવી છે.

૦.૧ અકારાદિ અન્ય વર્ણોના ઉપદેશનું પ્રયોજન પૂછવામાં આવતું નથી; પણ કેવળ લૃકારોપદેશનું જ પ્રયોજન એટલે પૂછવું પડે છે કે કેવળ क्लृपि ધાતુમાં જ લૃકારનો પ્રયોગ થયેલો જોવા મળે છે. વળી, તે √ क्लृप ધાતુમાં પણ લત્વ અસિદ્ધ છે.[૧] પરિણામે લકારને બદલે ઋકારને જ अच् કાર્યો (=अच् સ્થાનિક અને अच् નિમિત્તક કાર્યો) હશે. આ દૃષ્ટિએ અમને—પૂર્વપક્ષીને લૃકારોપદેશની જરૂર લાગતી નથી.

૧.૦ યદચ્છાશબ્દાર્થ (પ્રયોજન ૧) :

યદચ્છા પ્રકારના શબ્દોને માટે[૨] લૃકારોપદેશની જરૂર છે.

પ્રકાશન : 'સ્વાધ્યાય', પુ.૨૪, અંક ૩-૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭ – ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૨૭૧-૨૮૨.

* સંસ્કૃત-વિભાગ, મ.સ. યુનિ. ઑફ બરોડા, વડોદરાના ઉપક્રમે યોજાયેલા 'ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળ'ના અગિયારમા અધિવેશન (૨૪, ૨૫ ડિસેમ્બર, ૧૯૮૫) માં રજૂ કરેલો લેખ.

૧. कृपो रो लः ८-२-१८ સૂત્રથી √कृप् ધાતુના ઋકારની र् શ્રુતિને ल् શ્રુતિ થાય છે: √कृप् > क्लृप । આ સૂત્ર ત્રિપાદીનું હોઈને તેનાથી કહેવામાં આવેલું લત્વકાર્ય, પૂર્વત્ર (= સપાદ સપ્તાધ્યાયીની દૃષ્ટિએ) અસિદ્ધ રહેશે.

૨. लृकारोपदेशो यदृच्छा-ऽशक्तिजानुकरण-प्लुत्याद्यर्थः । (वार्त्तिक १)
અહીં द्वन्द्वान्ते श्रूयमाणम्पदम्प्रत्येकमभिसम्बद्ध्यते ॥
એ નિયમાનુસાર અર્થ શબ્દનો પ્રત્યેકમાં અન્વય છે. જેમકે, 'યદચ્છાશબ્દાર્થ', 'અશક્તિજાનુકરણાર્થ" અને 'પ્લુત્યાદ્યર્થ'.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧.૧.૦ "ભાષામાં ચાર પ્રકારના જાતિવાચક શબ્દો, ગુણવાચક શબ્દો, ક્રિયાવાચક શબ્દો અને યાદચ્છિક શબ્દો હોય છે." એમ માનીએ તો લૃતક જેવાં યાદચ્છિક નામોમાં अच् નિમિત્તક કાર્યો, દા.ત.

(अ) दध्य्लृतकाय देहि । અહીં इको यणचि । ६-१-७७ સૂત્રથી[1] લૃ સ્વર अच् પરમાં રહેતાં दधि>इના સ્થાનમાં यण् આદેશ થાય છે.

(ख) उदङ्ङ्लृतकोऽगमत् । અહીં ङमो ह्रस्वादचि ङमुण्नित्यम् । ८-३-३२ સૂત્રથી લૃ સ્વર પરમાં રહેતાં લૃ આગમ થયો છે. થઈ શકે એટલા માટે વર્ણસમામ્નાયમાં લૃકારોપદેશ હોવો જોઈએ. આવું પ્રયોજનવાદી સિદ્ધાન્તી જાહેર કરે છે.

૧.૧.૧ ઉપર્યુક્ત પ્રયોજનનો અસ્વીકાર કરતાં વાર્ત્તિકકાર કહે છે કે न्याय्यभावात्कल्पनं संज्ञादिषु । (વા. ૨) "ન્યાય્ય એવો ऋतक શબ્દ જ્યાં સુધી ભાષામાં મળતો હોય ત્યાં સુધી (યદચ્છા પ્રકારના =) સંજ્ઞાદિ શબ્દોમાં તેનું જ કલ્પન કરવું ઉચિત ગણાશે." (૧) તદનુસાર ऋतक શબ્દ જ ન્યાય્ય છે, લૃતક નહીં. આમ લૃતક શબ્દને બદલે ऋतक શબ્દ કલ્પીને, दध्य् ऋतकाय देहि । જેવાં ઉદાહરણોમાં अच् (નિમિત્તક) કાર્યો કરી લેવાં. આ સ્થિતિમાં લૃકારોપદેશની જરૂર રહેશે નહીં.

અહીં 'ન્યાય્ય' શબ્દનો અર્થ 'શિષ્ટો દ્વારા પ્રયોજાતો શબ્દ' એવો કરવો જોઈએ એમ લાગે છે. આવો 'ન્યાય્ય' શબ્દ અવ્યુત્પન્ન પણ હોઈ શકે. આવા અવ્યુત્પન્ન, પણ ન્યાય્ય અર્થાત્ શિષ્ટપ્રયુક્ત ऋतक શબ્દને યદચ્છા પ્રકારના સંજ્ઞા શબ્દ તરીકે સ્વીકારવાથી લૃતક શબ્દ અપ્રસ્તુત બની જશે અને લૃરોપદેશની જરૂર રહેશે નહીં.

* * *

અથવા ઉપર્યુક્ત વાર્ત્તિકમાં વપરાયેલા 'ન્યાય્ય' શબ્દને ભાષ્યકારે अपर आह કહીને બીજી રીતે ઘટાવ્યો છે : 'ન્યાય્ય ऋतक શબ્દ શાસ્ત્રાન્વિત છે,[2] માટે સંજ્ઞાદિ શબ્દોમાં 'સાધુ-શબ્દ' તરીકે તેની (જ) કલ્પના કરવી જોઈએ, લૃતકની નહીં." (૨) અહીં 'ન્યાય્ય' શબ્દનો 'શાસ્ત્રાન્વિત અર્થાત્ વ્યુત્પન્ન' એવો અર્થ અભિપ્રેત છે.[3]

---

૧. અહીં ઉદ્ધૃત કરેલાં તમામ સૂત્રોના અર્થો માટે જુઓ : પરિશિષ્ટ ૧.

૨. √ऋति ધાતુ સૌત્ર (પાણિનિનિર્દિષ્ટ) છે. તેને क्वुन् शिल्पिसंज्ञयोरपूर्वस्यापीति । (२-२००) ઉણાદિ સૂત્રથી/क्वुन्/એવો ઔણાદિક પ્રત્યય લાગીને ऋतक શબ્દ બન્યો છે.

૩. न्याय्यभावात्कल्पनं संज्ञादिषु । (વા. १) આ વાર્ત્તિકને ભાષ્યકારે બે રીતે સમજાવ્યું છે : (१) न्याय्यस्य ऋतकशब्दस्य भावात्कल्पनं संज्ञादिषु साधु मन्यन्ते । ऋतक एवासौ, न लृतक इति । (२) अपर आह—न्याय्य ऋतकशब्दः शास्त्रान्वितोऽस्ति, स कल्पयितव्यः साधुः संज्ञादिषु ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આમ વાર્ત્તિકકાર કહે છે કે ન્યાય્ય ऋतक શબ્દનું જ કલ્પન કરવું, लृतक શબ્દનું નહીં. આ રીતે લૃકારોપદેશની જરૂર રહેતી નથી.

૧.૨.૦ પૂર્વપક્ષી વાર્ત્તિકકારે 'ન્યાય્ય' = વ્યુત્પન્ન ऋतक શબ્દનું જ કલ્પન કરવાનું સૂચવ્યા પછી, પ્રયોજનવાદી બીજા એક યદચ્છા પ્રકારના શબ્દને ઉદાહરણ તરીકે રજૂ કરે છેઃ लृफिड । लृफिड्डः । આ યાદચ્છિક નામો—સંજ્ઞાવાચક શબ્દો અપરિહાર્ય છે. તેમને अच् કાર્યો થાય એટલા માટે વર્ણસમામ્નાયમાં લૃકારોપદેશ હોવો જોઈએ.

૧.૨.૧. પરંતુ પૂર્વપક્ષીને આ શબ્દ પણ અવ્યુત્પન્ન=યદચ્છા શબ્દ તરીકે માન્ય નથી. તેમના મતે लृफिडः અને लृफिड्डः શબ્દો પણ ऋफिडः અને ऋफिड्डः જ છે. તેમાં ✓ऋ ધાતુને ઉણાદિના—फिड/અને/फिड्ड/ પ્રત્યયો લાગ્યા છે. એટલે કે આ બે શબ્દો પણ વ્યુત્પન્ન—ક્રિયાશબ્દો (=કૃદન્ત નામ) છે એમ નક્કી થાય છે. પૂર્વપક્ષી વિશેષમાં ઉમેરે છે કે (અવ્યુત્પન્ન) યદચ્છા પ્રકારના શબ્દો ભાષામાં છે જ નહીં. જાતિશબ્દો, ગુણશબ્દો અને ક્રિયાશબ્દો એવા ત્રણ પ્રકારના શબ્દો જ ભાષામાં છે.

૧.૩.૦. પ્રયોજનવાદી સિદ્ધાન્તી પોતાની વાત સ્વીકારાવવા માટે બે મુદ્દા રજૂ કરે છે :

(क) યદચ્છા પ્રકારના શબ્દો હોય છે' એ પક્ષ સ્વીકારીને અમે પ્રયોજન રજૂ કર્યું

ऋतक एवासौ, न लृतक इति ॥ — व्याकरणमहाभाष्ये प्रथमः खण्डः पृ. ७३)

આમાંથી પહેલા અર્થઘટનને સમજાવતાં કૈયટે 'પ્રદીપ'માં લખ્યું છે કે :

न्याय्यभावादिति । ऋतकशब्दो न्याय्यः 'कृदन्तं नाम कुर्यादिति' स्मृतावुक्तत्वात् । ऋतिः सौत्रो धातुः, तत औणादिकः क्वन्शिल्पिसंज्ञयोरपूर्वस्यापीति क्वुन् प्रत्ययः ॥ संज्ञादिष्विति। आदिशब्देनैतद्दर्शयति—जातिगुणक्रियानिमित्ता अपि शास्त्रान्विता एव प्रयोक्तव्य इति ॥ (तत्रैव, पृ. ७३)

અર્થાત્, અહી 'ન્યાય્ય'નો અર્થ કૃદન્ત—નામ (=વ્યુત્પન્ન નામ) એવો કર્યો છે. બીજા અર્થઘટનને સમજાવતાં કૈયટે 'પ્રદીપ'માં લખ્યું છે કે :

अपर आहेति । पूर्वमुक्तम् ऋतक एव न्याय्यत्वात् नियोक्तव्यः न तु लृतकशब्द इति, इदानीं तु ऋतकशब्दस्यैवायमपभ्रंशोऽशक्तिजत्वाद् लृतक शब्द इत्युच्यते ॥

— तत्रैव, पृ. ७३

અહી પણ 'ન્યાય્ય'નો અર્થ શાસ્ત્રાન્વિત-વ્યુત્પન્ન એવો કર્યો છે અને लृतक શબ્દને અપભ્રંશ-અશક્તિજ કહ્યો છે, પરંતુ ભાષ્યોક્ત બન્ને અર્થઘટનોમાં 'ન્યાય્ય'નો જો 'વ્યુત્પન્ન' એવો જ અર્થ થતો હોય તો બે અર્થઘટનો આપવાનું કોઈ સ્વારસ્ય રહેતું નથી. આથી મેં 'પ્રદીપ' (અને ઉદ્દ્યોત)થી જુદા પડીને પહેલા અર્થઘટનમાં 'ન્યાય્ય'નો અર્થ 'શિષ્ટપ્રયુક્ત પણ અવ્યુત્પન્ન' એવો કર્યો છે, અને अपर आहथी નોંધાયેલા બીજા અર્થઘટનમાં 'ન્યાય્ય'નો અર્થ 'વ્યુત્પન્ન' કર્યો છે. (જેને ભાષ્યકારે શાસ્ત્રાન્વિત કહીને સમજાવ્યો છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છે. જ્યારે તમે (પૂર્વપક્ષી) 'ત્રણ પ્રકારના જ શબ્દો હોય છે' એમ કહીને અમે કહેલા પ્રયોજનનું ખંડન કરો છો.

(ख) વળી, સમાન અર્થની અવગતિ થતી હોય ત્યારે (જ) શાસ્ત્રાન્વિત શબ્દ અશાસ્ત્રાન્વિત શબ્દની નિવૃત્તિ કરી શકે છે. દા.ત. देवदत्तः અને देवदिण्ण બન્ને શબ્દોનો અર્થ એકસરખો છે. તે સ્થિતિમાં શાસ્ત્રાન્વિત देवदत्तः શબ્દ અશાસ્ત્રાન્વિત देवदिण्णની નિવૃત્તિ કરી શકે છે; પણ તે देवदत्त શબ્દ ગવ્યાદિની નિવૃત્તિ કરી શકતો નથી. કેમ કે તે બન્ને શબ્દોના અર્થો જુદા જુદા છે. એવી જ રીતે, યાદચ્છિક—અવ્યુત્પન્ન लृफिड કે लृफिड्ड શબ્દોના જે અર્થો છે તે શાસ્ત્રાન્વિત—વ્યુત્પન્ન ऋफिड કે ऋफिड्ड શબ્દોના અર્થોથી જુદા છે. એટલે કે ऋफिड અને ऋफिड्ड શબ્દો ક્રિયાશબ્દો—ધાતુસાધિત નામ છે; અને लृफिड તથા लृफिड्ड શબ્દો યદચ્છા પ્રકારના શબ્દો છે. આથી ऋफिड અને ऋफिड्ड શબ્દો लृफिड અને लृफिड्डની નિવૃત્તિ કરી શકશે નહીં.

૧.૩.૧ પરંતુ પૂર્વપક્ષી કહે છે કે ઉપર (ख) માં રજૂ કરવામાં આવેલી દલીલ દોષરૂપ બનતી નથી, કેમકે અમારા મતે તો 'ત્રણ પ્રકારના જ શબ્દો હોય છે' એવા પક્ષાન્તરથી જ लृफिड અને लृफिड्ड જેવા યદચ્છા શબ્દોનો અસ્વીકાર થઈ જાય છે. પરિણામે વર્ણસમામ્નાયમાં લૃકારોપદેશની જરૂર રહેતી નથી.

***

વાર્તિકકારે વ્યુત્પત્તિપક્ષનું આશ્રયણ કરીને જાહેર કર્યું છે કે 'શબ્દોની ત્રિવિધ પ્રવૃત્તિ' જ જોવા મળે છે. જેમકે, જાતિવાચક શબ્દો, ગુણવાચક શબ્દો અને ક્રિયાવાચક શબ્દો તરીકે. આ સિવાય, ચોથા પ્રકારના (અવ્યુત્પન્ન) યદચ્છા શબ્દો હોતા (જ) નથી.'[૬] વળી, અભિનિવેશબુદ્ધિથી ઉમેર્યું કે પક્ષાન્તરનું આશ્રયણ કરીને પણ સામા પક્ષનું ખંડન થઈ શકે છે.[૭]

૨.૦ અશક્તિજાનુકરણાર્થ (પ્રયોજન-૨) :

કોઈ સ્ત્રી અશક્તિને કારણે ઋકારને બદલે લૃકારનું ઉચ્ચારણ કરે અને તે લૃકારનું અનુકરણ કરી બતાવવા માટે અર્થાત્ અનુકરણાવસ્થામાં લૃકાર ઉચ્ચારવા માટે, (દા.ત. ब्राह्मण्यूलृतक इत्याह । આ ઉદાહરણમાં લૃને સ્વર—अच् માનીને यण् આદેશ થયો છે.) આમ વર્ણસમામ્નાયમાં લૃકારનો ઉપદેશ હોવો જોઈએ.

---

૬. त्रयी च शब्दानां प्रवृत्तिः—जातिशब्दा गुणशब्दा क्रियाशब्दा इति । न सन्ति यदृच्छाशब्दाः ॥ — ऋलृक् । मा.सू. २. इत्यत्र भाष्यम् । (तत्रैव पृ. ७३)

૭. पक्षान्तरैरपि परिहारा भवन्ति ॥ — तत्रैव पृ. ७४

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૨.૦.૧ ઉપર્યુક્ત દ્વિતીય પ્રયોજનનો પરિહાર કરવા માટે વાર્તિકકાર એક વાર્તિક રજૂ કરે છે : अनुकरणं शिष्टा । (વા. ૩).

* * *

લોકમાં દેવદત્ત કરે છે, યજન કરે છે અથવા વિદ્યાભ્યાસ કરે છે. તેનું અનુકરણ કરતો યજ્ઞદત્ત પણ જો તે ક્રિયાઓ કરે તો તેનો પણ અભ્યુદય થાય છે અથવા તો વેદમાં દેવદત્ત વિસૃજ્નો યજ્ઞ કરે છે અને યજ્ઞદત્ત પણ તેનું અનુકરણ કરીને તે યજ્ઞ કરે છે તો તેનો પણ અભ્યુદય થાય છે. આ ઉદાહરણથી 'અભ્યુદયજનક—અનુકરણ'ને સ્પષ્ટ કરવામાં આવ્યું.

૨.૦.૨ કોઈ વ્યક્તિ હેડકી ખાય છે, હસે છે કે ખંજવાળે છે તો તેનું અનુકરણ કરતો કોઈ વ્યકિત હેડકી ખાય, હસે કે ખંજવાળે તો તે અનુકરણક્રિયા અભ્યુદયજનક પણ નથી અને દોષજનક પણ નથી.

૨.૧.૦ પરંતુ કોઈ વ્યક્તિ બ્રાહ્મણને હણે છે કે મદિરા પીએ છે. આનું અનુકરણ કરતી બીજી જે કોઈ વ્યક્તિ બ્રાહ્મણને હણશે કે મદિરા પીશે તો તે બન્ને દોષિત ઠરશે. અનુકરણના આ ત્રીજા ઉદાહરણથી પૂર્વપક્ષી વાર્તિકકાર એવું સૂચવવા માંગે છે કે 'અનુકાર્ય જો દૂષિત હશે તો અનુકરણ પણ દૂષિત ગણાશે.' અર્થાત્ કોઈ સ્ત્રી અશક્તિથી ऋतक ને બદલે लृतक બોલી હોય અને તેનું અનુકરણ કરી બતાવવા કોઈ જ્ઞાની પુરુષ ब्राह्मण्यलृतक इत्याह । એમ બોલે તો તે અનુકરણ પણ દૂષિત જ ગણવું. આમ જો અનુકાર્યનું અસાધુત્વ અનુકરણમાં પણ સંક્રાન્ત થતું હોય તો, તેવા અનુકરણાત્મક શબ્દોને માટે લૃકારોપદેશ ન કરવો જોઈએ.

૨.૧.૧ પ્રયોજનવાદી સિદ્ધાન્તી કહે છે કે કોઈ વ્યક્તિ બ્રાહ્મણને હણે છે. બીજી વ્યક્તિ તેનું અનુકરણ કરીને બીજા કોઈ બ્રાહ્મણને હણી કાઢે છે. તો આવા પ્રસંગે તે બન્ને દોષિત થાય છે. એ જ પ્રમાણે, જે વ્યક્તિ અપશબ્દનો પ્રયોગ કરે તે દોષિત થાય છે; તથા તેની જેમ જ બીજી કોઈ વ્યક્તિ પણ જો અપશબ્દ વાપરે તો તે પણ દોષિત થાય છે; પરંતુ બ્રાહ્મણનું હનન કરનાર વ્યક્તિનું અનુકરણ કરીને કોઈ કદલીવૃક્ષનું છેદન કરી નાંખે; કે સુરાપાન કરનાર વ્યક્તિનું અનુકરણ કરીને પયઃપાન કરે તો તે દોષિત થતો નથી, એવી રીતે અપશબ્દનો પ્રયોગ કરનાર વ્યક્તિનું અનુકરણ કરી બતાવનાર વ્યક્તિ દોષિત થતી નથી. અર્થાત્ સિદ્ધાન્તીના મતે 'અનુકાર્ય દૂષિત હોવા છતાંય અનુકરણ દૂષિત ગણાતું નથી. અનુકાર્યનું અસાધુત્વ અનુકરણમાં સંક્રાન્ત થતું નથી.

સિદ્ધાન્તી પોતાની વાત જરા વધારે વિશદ કરે છે : 'અપશબ્દ છે અર્થ જેનો' એવા (અનુકરણાત્મક અપશબ્દ) શબ્દને માટે લૃકારોપદેશ કરવો જોઈએ. અહીં એ સમજી લેવાની જરૂર છે કે 'અપશબ્દ છે અર્થ જેનો' એવો (અનુકરણાત્મક) શબ્દ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અપશબ્દ ગણાતો નથી. કેમકે 'અપશબ્દ છે અર્થ જેનો' એવો (અનુકરણાત્મક) શબ્દ પણ અપશબ્દ છે" એવું જે માને છે તેને માટે તો अपशब्दः શબ્દ પોતે જ અપશબ્દ બની જશે. પરંતુ अपशब्दः પોતે અપશબ્દ (અસાધુ) શબ્દ નથી એ તો સુવિદિત છે. આમ અશક્તિથી ઉચ્ચારાયેલા અપશબ્દોના અનુકરણને માટે લૃકારોપદેશ કરવાની જરૂરી છે જ.

૨.૧.૨. 'અપશબ્દોના અનુકરણ માટે લૃકારોપદેશની જરૂર છે' એવું કહ્યા પછી પ્રયોજનવાદી સિદ્ધાન્તી બીજા એક અપશબ્દ નહીં એવા શબ્દના અનુકરણને માટે લૃકારોપદેશની જરૂર છે એમ દર્શાવે છે : કોઈ એક વ્યક્તિએ √क्लृपि ધાતુમાંના લૃકારનું ઉચ્ચારણ કરી બતાવ્યું. હવે તે ઉચ્ચારણ કેવું હતું તે કહેવા માટે જે વાક્ય બોલશે साधु 'लृकारम्' अधीते । मधु 'लृकारम्' अधीते । તેમાં તેણે પૂર્વોચ્ચરિત લૃકારનું અનુકરણ કરવું પડશે. આવા (અપશબ્દ નહીં તેવા) √क्लृपि ધાતુમાંના-લૃકારના ઉચ્ચારણનું અનુકરણ કરવા માટે વર્ણસમામ્નાયમાં લૃકારોપદેશની જરૂર છે.

૨.૨.૦ પ્રયોજનવાદીના મતે √क्लृपि ધાતુના લૃકારનું અનુકરણ કરવા માટે જો લૃકારોપદેશની જરૂર હોય' તો પૂર્વપક્ષી કહે છે કે √क्लृपि ધાતુનું लत्व તો અસિદ્ધ છે. આથી √क्लृप् ધાતુના લૃકારને જ अच् કાર્યો થશે.

૨.૨.૧ સિદ્ધાન્તી કહે છે કે "√क्लृपि ધાતુના લૃકારને માટે જ જો વર્ણસમામ્નાયમાં લૃકારોપદેશ કરવાની જરૂર હોત તો, (તો પૂર્વપક્ષી કહે છે તે દૃષ્ટિએ) લૃકારોપદેશ કરવાની જરૂર રહેતી નથી.[1] પણ √क्लृपि ધાતુનો લૃકાર છે અર્થ જેનો' એવા (અનુકરણાત્મક) લૃકારને માટે વર્ણસમામ્નાયમાં લૃકારોપદેશ કરવાની જરૂર છે એમ અમારું કહેવું છે. અર્થાત્ અનુકાર્ય શબ્દના અર્થથી અનુકરણાત્મક શબ્દોનો અર્થ ભિન્ન હોય છે. આમ જો અર્થભેદ થતો હોય તો તે —અનુકાર્ય અને અનુકરણ—એમ બન્ને શબ્દો જુદા જુદા છે એવું સિદ્ધ થાય છે. આવા અનુકરણાત્મક શબ્દોને માટે લૃકારોપદેશની જરૂર છે જ.[2]

૨.૩.૦ ઉપરની ચર્ચામાં 'અપશબ્દ છે અર્થ જેનો એવો શબ્દ પોતે અપશબ્દ નથી. એવું કહીને સિદ્ધાન્તીએ (૨-૧-૧માં) ब्राह्मण्यलृतक इत्याह । જેવા ઉદાહરણને માટે લૃકારોપદેશની જરૂર છે એવું સિદ્ધ કર્યું હતું. હવે પૂર્વપક્ષી એ મુદ્દાને શિથિલ

---

૧. भवेत्तदर्थेन नार्थः स्यात् ॥ (तत्रैव पृ. ७५)

૨. ૨.૧.૨, ૨.૨.૦ અને ૨.૨.૧માં એક મુદ્દો થયો, હવે ૨.૧.૧માં કહેલ ब्राह्मण्य, लृंतक इत्याह જેવા ઉદાહરણને માટે લૃકારોપદેશની જરૂર છે એમ ૨.૩.૦ અને ૨.૩.૧ની ચર્ચાથી સિદ્ધ કરવામાં આવે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કરવાનો પ્રયત્ન કરી જુવે છે : સિદ્ધાન્તીએ प्रकृतिवदनुकरणं भवति। 'પ્રકૃતિની જેમ અનુકરણ થાય છે. અર્થાત્ પ્રકૃતિના ધર્મોનો અનુકરણદશામાં અતિદેશ થાય છે' એવી એક પરિભાષા સ્વીકારી છે, એનું સ્મરણ કરાવીને પૂર્વપક્ષી કહે છે કે कुमारी 'लृतक' इत्याह। ब्राह्मणी 'लृतक' इत्याह।માં મૂળ–અનુકાર્ય શબ્દ लृतक જો અપશબ્દ હોય, તો તે અપશબ્દત્વ અનુકરણાવસ્થામાં પણ આવી જશે. કેમકે, પૂર્વોક્ત પરિભાષા દ્વારા પ્રકૃતિના ગુણધર્મોનો અનુકરણમાં અતિદેશ જાહેર કરવામાં આવ્યો છે. આમ અનુકરણાત્મક શબ્દો પણ જો અપશબ્દ હોય તો તેને માટે લૃકારોપદેશ કરવાની જરૂર રહેતી નથી.

૨.૩.૧ સિદ્ધાન્તી કહે છે કે હા, प्रकृतिवदनुकरणं भवति। એવી પરિભાષા છે અને તેનો અમે સ્વીકાર પણ કર્યો છે. પરંતુ જે પ્રકૃતિ હોય તેના જ ધર્મોનો અનુકરણમાં અતિદેશ થાય છે. અપશબ્દો કોઈ દિવસ પ્રકૃતિ હોતા નથી. કેમ કે પાણિનિએ અપશબ્દોનો કદાપિ ઉપદેશ કર્યો નથી, અને જેનો ઉપદેશ કર્યો નથી એવા શબ્દો પ્રકૃતિ ગણાતા નથી. આમ અશક્તિને કારણે ઉચ્ચારાયેલા (लृतक) શબ્દમાં શાસ્ત્રીય પ્રકૃતિત્વનો અભાવ રહે છે. અને તે કારણે તેવા અશક્તિજ શબ્દોના અનુકરણમાં પૂર્વોક્ત (प्रकृतिवदनुकरणं भवति।) અતિદેશની પ્રવૃત્તિ થતી નથી. પરિણામે ब्राह्मण्य्लृतक इत्याह। એવા અનુકરણાત્મક વાક્યમાં વપરાયેલા 'लृतक' શબ્દમાં અપશબ્દત્વનો અભાવ રહે છે. આથી ત્યાં अच् નિમિત્તક કાર્યોની સિદ્ધિ ब्राह्मणी 'लृतक' इत्याह > ब्राह्मण्य्लृतह इत्याह। ને અર્થે વર્ણ-સમામ્નાયમાં લૃકારોપદેશની જરૂર છે.[1] આમ સિદ્ધાન્તીએ ૨.૧.૧ અને ૨.૧.૨માં નોંધેલાં બન્ને ઉદાહરણોને માટે લૃકારોપદેશની જરૂર છે એવું સિદ્ધ કર્યું.

3.0 પ્લુત વગેરે કાર્યો કરવા અર્થે (પ્રયોજન-૩) :

3.0.૧ कलृ३प्तशिख। આ ઉદાહરણમાં, गुरोरनृतोऽनन्त्यस्याप्येकैकस्य प्राचाम्। ૮-૨-૮૬ સૂત્રથી (अनृतः=) ऋकार ભિન્ન अच् -લૃકારને પ્લુતાદેશ થયો છે.

3.0.૨ क्लृप्प्तः। આ ઉદાહરણમાં, अनचि च। ૮-૪-૪૭ સૂત્રથી अच् -લૃકાર-ની પરમાં આવેલા यर्–प्कारनुं (વિકલ્પે) દ્વિત્વ થયું છે.

3.0.3 प्रक्लृं प्तः। આ ઉદાહરણમાં, गतिरनन्तरः। ૬-૨-૪૯ સૂત્ર મુજબ प्र ઉપસર્ગનો પ્રકૃતિસ્વર-ઉદાત્ત-છે. તેને શેષનિઘાત થતાં, उदात्तादनुदात्तस्य स्वरितः। ૮-૪-૬૬ સૂત્રથી क्लृं (સ્વર) સ્વરિત થાય છે.

* * *

૧. अशक्तिजस्य शास्त्रीयप्रकृतित्वाभावात्, न तदनुकरणेऽतिदेशप्रवृत्तिः इति (अनुकरणस्य) अपशब्दत्वाभावात् अच्कार्यसिद्ध्यर्थं लृकारोपदेश इत्यर्थः ॥
— वार्तिक-२ इत्यत्र उद्द्योतः। (तत्रैव, पृ ७६)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીં ऌ વર્ણનો જો અચ્‌માં ઉપદેશ નહીં હોય તો ૧ પ્લુત, ૨ દ્વિર્વચન અને ૩ સ્વરિત જેવાં કાર્યો નહીં થઈ શકે. (આમાંથી દ્વિર્વચનરૂપ કાર્ય અચ્ નિમિત્તક છે અને બીજાં બે કાર્યો અચ્‌ને આશ્રિત છે.)

૩.૦.૧ પૂર્વપક્ષી વાર્ત્તિકકાર ઉપર્યુક્ત ત્રણેય કાર્યોની અન્યથા સિદ્ધિ દર્શાવવા માટે એક વાર્ત્તિક રજૂ કરે છે.

एकदेशविकृतस्यानन्यत्वात् प्लुत्यादयः । (વા૦ ૪) અહીં एकदेशविकृतमनन्यवद् भवति । 'કોઈ સ્થાનિન્/વસ્તુ/ પ્રાણીના એકદેશમાં વિકાર ઉત્પન્ન થવાથી તે સ્થાનિન્/વસ્તુ/પ્રાણી અન્ય બની જતું નથી ! (દા.ત. કૂતરાની પૂંછડી કપાવા છતાંય તે અશ્વ કે ગર્દભ બની જતો નથી; પણ કૂતરો જ રહે છે.) આવી પરિભાષાનું આશ્રયણ કરવાથી પૂર્વોક્ત પ્લુતાદિ કાર્યો થઈ જશે. જેમ કે ऋ કારની એકદેશ રૂપા र् શ્રુતિમાં વિકાર આવવાથી ल् શ્રુતિ સંભળાય છે-ऌકાર બન્યો છે એમ માનીશું તો તે ऌકાર ऋકાર જ છે એમ માની શકાશે અને તે ऋકારનો અચ્ માં ઉપદેશ છે જ, તેને આધારે પ્લુતાદિ કાર્યો કરી લઈશું માટે ऌકારોપદેશની જરૂર નથી.

૩.૧.૧ પૂર્વપક્ષીએ एकदेशविकृतम्० । પરિભાષા આગળ ધરીને પ્લુતાદિ પ્રયોજનોની અન્યથા સિદ્ધિ થશે એવું સૂચવ્યું છે. પરંતુ સિદ્ધાન્તી કહે છે કે આ પરિભાષાની राजकीयम् । જેવા ઉદાહરણમાં અતિપ્રવૃત્તિ થશે.[1] જેમ કે, अल्लोपोऽनः । ૬-૪-૧૩૪ સૂત્રથી राजक्‌માં अन्‌નો એકદેશ વિકૃત થયો છે એમ માનીને) क्‌નો લોપ થવા આવે છે.

આ અતિપ્રવૃત્તિરૂપ દોષની નિવૃત્ત્યર્થે પૂર્વપક્ષીએ પૂર્વોક્ત પરિભાષામાં एकदेशविकृतमनन्यवद् भवति षष्ठीनिर्दिष्टस्य । ('એકદેશમાં વિકૃત સ્થાનિન્ અનન્યવત્ થાય છે, જો તે સ્થાનિન્‌ને ષષ્ઠી વિભક્તિ લગાવીને કોઈ કાર્ય કહ્યું હોય તો') એવો ઉમેરો સૂચવ્યો છે. આ ઉમેરાથી એવું નક્કી થાય છે કે अल्लोपोऽनः । ૬-૪-૧૩૪ સૂત્રમાં આવેલા अनः એવા ષષ્ઠ્યન્ત પદથી अन् ના अ કારનો લોપ કરવાનો કહ્યો છે પરંતુ राजन् શબ્દમાં अन् ના न् કારને क्‌નું વિધાન થયું નથી, પણ राजन् ના न् ને क् નું વિધાન થયું છે. (૪-૨-૧૪૦) તેથી अन्‌નો એકદેશ વિકાર પામીને अक् બન્યો છે એમ કહેવાશે નહીં. (એટલે કે अन्‌માં अक्‌બુદ્ધિ થશે નહીં.) આથી राजक्+ईय‌માં अल्लोपोऽनः । ૬-૪-૧૩૪થી લોપ થવા નહીં આવે.

---

૧. राजन् + छ । < वृद्धाच्छ । ४-२-११४ થી शैषिक तद्धित छ ।
राजन् > क + छ । < राज्ञः क च । ४-२-१४० थी न् > क् ।
राजक् + छ > ईय । < टिड्ढाणञ्० । ४-१-१५ थी छ > इय ।
राजक् + ईय > राजकीय ॥ તદ્ધિતાન્ત પ્રાતિપદિકની સિદ્ધિ થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain. Digitized by eGangotri.

૩.૧.૨ પ્રયોજનવાદી સિદ્ધાન્તી કહે છે કે પૂર્વોક્ત પરિભાષામાં ०षष्ठी-निर्दिष्टस्य । એવો ઉમેરો કરશો તો क्लृप्तशिख । ઉદાહરણમાં પ્લુતની સિદ્ધિ થશે નહીં. કેમ કે कृपो रो लः । ८-२-१८ સૂત્રથી र् શ્રુતિને સ્થાને ल् શ્રુતિનું વિધાન થયું છે. એટલે કે આ સૂત્રમાં रोः પદથી રેફ ષષ્ઠી વિભક્તિમાં નિર્દેશેલ છે, ऋકાર નહીં. આથી 'ऋનો એકદેશ વિકૃત થઈને ऌ થયો છે; અને તે ऋ નું अच्त्व ऌમાં પણ છે' એવો અતિદેશ થઈ શકશે નહીં અને પરિણામે अच् આશ્રિત પ્લુતકાર્ય પણ થઈ શકશે નહીં.

૩.૧.૩ પૂર્વપક્ષી વાર્ત્તિકકાર કહે છે કે कृपो रो लः । ८-२-१८ સૂત્રમાં ऋ પણ ષષ્ઠીમાં નિર્દેશેલો છે. જેમ કે, આ સૂત્રમાં અવિભક્તિક નિર્દેશ માનીને कृप उः रः लः । ८-२-१८ એવો પદચ્છેદ કરીશું તો ऋકાર પણ ષષ્ઠી વિભક્તિમાં નિર્દિષ્ટ છે એવું સિદ્ધ થશે અને તે રીતે क्लृप्तशिख।માં પ્લુતની સિદ્ધિ થઈ જશે.

૩.૨.૦ પૂર્વપક્ષી કહે છે કે एकदेशविकृतमनन्यवद् भवति । પરિભાષામાં કોઈ ઉમેરો નહીં કરીએ તો પણ अल्लोपोऽनः । ६-४-१३४ સૂત્રની राजकीयम् । ની સિદ્ધિમાં અતિપ્રવૃત્તિ થવા નહીં આવે. કેમ કે श्वयुवमघोनामतद्धिते । ६-४-१३३ સૂત્ર ઉપર એ સ્પષ્ટ કરવામાં આવવાનું જ છે કે "श्वन्, युवन् આદિ શબ્દોને સમ્પ્રસારણકાર્યનું વિધાન કરતી વખતે 'નકારાન્તને' એવા પદનું વિશેષ ગ્રહણ એટલા માટે કરવામાં આવ્યું છે કે 'અનકારાન્ત'નું સમ્પ્રસારણ ન થાય."[1] આ ઇષ્ટિવચન अल्लोपोऽनः । ६-४-१३४માં પણ અનુવૃત્ત થશે. પરિણામે, राजक् + ईयમાં राजक् નકારાન્ત નથી, તેથી अ કાર લોપની પ્રાપ્તિ જ થશે નહીં.

૩.૨.૧ પ્રયોજનવાદી સિદ્ધાન્તી કહે છે કે તો પછી एकदेशविकृतमनन्यवद् भवति । એવી જ પરિભાષાથી તમારે પ્લુતાદિ કાર્યો સિદ્ધ કરવાનાં રહેશે અને આમ કરવા જતાં क्लृप्तशिख । ઉદાહરણમાં તમે પ્લુતકાર્ય સિદ્ધ નહીં કરી શકો. કેમ કે क्लृप्तशिख । માં ऋકારનો એકદેશ વિકૃત થઈને ऌ રૂપે સાંભળવા મળે છે, માટે ऌ કાર એ ऋ કાર જ છે એમ માનવાથી તો गुरोरनृतः० । ८-२-८६ સૂત્રોક્ત अनृतः = 'ऋ કાર સિવાયના अच् ને પ્લુત થાય છે એવો નિષેધ લાગુ પડવા આવશે અને પ્લુતકાર્ય થશે નહીં.

૩.૨.૨ પૂર્વપક્ષી વાર્ત્તિકકાર કહે છે કે તો અમે 'गुरोररवतः०' એવો સૂત્રન્યાસ કરીને (= પાણિનિના સૂત્રમાં गुरोरनृतः० ને બદલે गुरोररवतः० એવો ફેરફાર કરીને

---

૧. श्वादीनां सम्प्रसारणे नकारान्तग्रहणमनकारान्तप्रतिषेधार्थम्। ६-४-१३३ इत्यत्र वार्त्तिक-१ ॥ (व्याकरणमहाभाष्ये खण्डः, पृ. ९५९)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

क्लृ३प्तशिख । માં પ્લુતની સિદ્ધિ કરી બતાવીશું (रवत्प्रतिषेधाच्च । વા. ૫) જેમ કે, गुरोररवतः० એવો સૂત્રન્યાસ કરવાથી 'જે રેફવાળો ગુરુ અક્ષર ના હોય તેને પ્લુત થાય છે' એવો સૂત્રાર્થ થતાં क्लृ ના लृ સ્વરને પ્લુત થઈ શકશે.

*

પ્રયોજનવાદી સિદ્ધાન્તી કહે છે કે गुरोः अनृतः० । ૮-૨-૮૬ સૂત્રમાં જો अरवतः એવો ફેરફાર કરશો તો होतृ + ऋकार । માં સવર્ણ-દીર્ઘ થયા પછી होतॄ३कार । માં દીર્ઘ ॠ કારને પ્લુત નહીં થાય. તે ॠ કાર રેફવાન્ છે, તેથી તેમાં अरवतः એવો નિષેધ પ્રવૃત્ત થવા આવશે. (પાણિનિનું સૂત્ર જ જો યથાવત્ હશે તો अनृतः એવા પદથી હ્રસ્વ ऋ કારમાં જ પ્લુતકાર્યનો નિષેધ થશે; દીર્ઘમાં નહીં.)

3.2.3

પૂર્વપક્ષી વાર્ત્તિકકાર પ્લુતકાર્યની સિદ્ધિ કરવા માટે ઝનૂની બને છે ! गुरोरनृतोऽनन्त्यस्यापि एकैकस्य प्राचाम् । ૮-૨-૮૬ સૂત્રને બદલે गुरोररवतो ह्रस्वस्य० । એવું સૂત્રાન્તર કરીને ('રેફવાન્ હ્રસ્વ ऋ કારને પ્લુતકાર્ય થતું નથી; પણ દીર્ઘ ॠકારને તો પ્લુતકાર્ય થાય છે' એવું ઉમેરીને) होतॄ ३ कार । માં પ્લુત કરી બતાવવા તૈયાર થાય છે.

3.3.0

પૂર્વપક્ષી વાર્ત્તિકકારે પ્લુતાદિ કાર્યોની અન્યથાસિદ્ધિ દર્શાવવા માટે एकदेशविकृतमनन्यवद् भवति । પરિભાષાનું આશ્રયણ કર્યું અને તેના પરિણામે ઉપસ્થિત થતી આપત્તિઓ દૂર કરવા માટે ત્રણવાર સૂત્રભેદ કરવાનો ઉપાય હાથ ધર્યો. જેમ કે :

(૧) क्लृ३प्तशिख । માં પ્લુત સિદ્ધ કરવા कृपो रो लः । ૮-૨-૧૮ ને બદલે कृप उः रः लः । કરવાનું કહ્યું.

(૨) क्लृ३प्तशिख । માં ०अनृत० । ૮-૨-૮૬ નિષેધને નિવૃત્ત કરી, પ્લુત સિદ્ધ કરવા માટે गुरोरनृतोऽनन्त्यस्य० । ને બદલે गुरोररवतः ० । સૂત્રભેદ કરવાનું કહ્યું.

(૩) होतॄ३कार । માં પ્લુત કરવા માટે પોતે જ ફેરવેલા गुरोररवतः० પદમાં નવું ह्रस्वस्य પદ ઉમેરવાનું કહ્યું.

આખરે પ્રયોજનવાદી સિદ્ધાન્તીને કહેવું પડે છે કે આટલી બધી જગ્યાએ પાણિનિનાં સૂત્રોમાં તોડફોડ કરવા કરતાં વધારે સારું તો એ જ છે કે ऋलृक् । મા. સૂ. ૨ માં જે લૃકારોપદેશ છે, તે જ સ્વીકારી લેવો તે લાઘવપૂર્ણ ઉપાય છે ! કોઈ વ્યક્તિ મોટો વાંસડો લઈને (જંગલમાં આખો દિવસ રખડીને) એક બોર કે ચકલી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પાડી લાવે તો તે–બહ્વાયાસ સાધ્ય અલ્પફળ–જેમ ઉપહાસપાત્ર છે તેમ આ પ્લુતાદિ–કાર્યોને માટે પાણિનિએ જે ઋલૃક્ । મા. સૂ. ૨ માં લૃ કારોપદેશ કર્યો છે; તેનું સૂત્રભેદ કરી કરીને ખંડન કરવાનો તું પૂર્વપક્ષી (વાર્તિકકાર) જે પ્રયત્ન કરે છે તે પણ ઉપહાસપાત્ર છે.[1]

૪.૦

નિષ્કર્ષ : આમ સિદ્ધાન્તીએ વર્ણસમામ્નાયમાં લૃકારોપદેશનાં ત્રણ પ્રયોજનો છે એમ સિદ્ધ કર્યું છે. આમાંથી 'યદચ્છા પ્રકારના–અવ્યુત્પન્ન શબ્દોમાં વપરાતા લૃકારને અચ્ કાર્યો થાય એટલા માટે વર્ણસમામ્નાયમાં તેના ઉપદેશની જરૂર છે (પ્રયોજન ૧)' એવું પ્રયોજનવાદી સિદ્ધાન્તીએ કહ્યું છે. આનો પરિહાર કરવા માટે પૂર્વપક્ષીએ પક્ષાન્તર (ચતુષ્ટયી શબ્દાનાં પ્રવૃત્તિઃ–ને બદલે ત્રયી ચ શબ્દાનાં પ્રવૃત્તિઃ–પક્ષ)નો આશ્રય કર્યો હતો. તે પક્ષાન્તર મુજબ ભાષામાં યદચ્છા પ્રકારના (એટલે કે અવ્યુત્પન્ન શબ્દો) હોતા જ નથી' એવો દુરાગ્રહ દાખવ્યો હતો. પરંતુ આચાર્ય પાણિનિએ જ અર્થવદધાતુરપ્રત્યયઃ પ્રાતિપદિકમ્ । ૧–૨–૪૫ સૂત્રમાં અર્થવદ્ શબ્દ મૂકીને ભાષામાં વપરાતા અવ્યુત્પન્ન યદચ્છા પ્રકારના શબ્દો, કે જે અર્થવાન્ હોય છે) તેમને પ્રાતિપદિક – સંજ્ઞક બનાવીને પોતાના વ્યાકરણક્ષેત્રની મર્યાદામાં સમાવી લીધા છે. આવા શબ્દોનો અસ્વીકાર કરવો પાણિનિને પણ ઉચિત લાગ્યો નથી. બીજું, સંસ્કૃત ભાષામાં માત્ર √ક્લૃપિ ધાતુમાં જ સચવાઈ રહેલા લૃકારનું, એક ક્ષણ માટે માની લઈએ કે કોઈ જ પ્રયોજન નથી, તો પણ તેનો વર્ણસમામ્નાયમાં ઉપદેશ કરીને આપણે સાચવી રાખવો જોઈએ. કેમ કે 'તેના પારાયણમાત્રથી અદૃષ્ટની ઉત્પત્તિ થાય છે' એવું વૈયાકરણપરંપરાનું માનવું છે. આ જ વાતને બીજા શબ્દોમાં કહીએ તો આ લૃકારને એક museum piece તરીકેય સાચવી રાખવા જેવો છે! કેમ કે ૧૯ મી સદીમાં વિકસેલા comparative philology–ભાષાશાસ્ત્ર આપણને કહે છે કે ભારત-યુરોપીય ભાષામાં પણ આવો લૃ સ્વર હશે;[2] અને આમાંથી જ તે સ્વર (માત્ર) સંસ્કૃતમાં ઉતરી આવ્યો છે.

આમ ઐતિહાસિક દૃષ્ટિએ સંસ્કૃત ભાષાના ધ્વનિસમૂહમાં– phonology માં લૃસ્વરનું સ્થાન અતિ મહત્ત્વનું છે. આવો લૃસ્વર ભાષામાં હોય તો, તેની સાહાય્યથી

---

૧. स एष सूत्रभेदेन लृकारोपदेशः प्लुत्याद्यर्थः सन् प्रत्याख्यायते । सैषा महतो वंशस्तम्बाल् लट्वानुकृष्यते ॥ ऋलृक् । मा. सू. २, इत्यत्र भाष्यम् । (व्याकरणमहाभाष्ये प्रथमः खण्डः, पृ. ७७).

૨. ભારત-યુરોપીય Wḷkw O-H માંથી * સંસ્કૃતમાં Vṛka wolf', અવેસ્તામાં Vahrka, લિથુઆનિયનમાં Vilkas અને ગોથિકમાં Wulfs શબ્દો ઉતરી આવ્યા છે. (જિજ્ઞાસુએ T. Burrow, The Sanskrit Language માં પૃ. ૧૦૩ અને પૃ. ૨૩૧ જોવાં.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઘડાતા યદચ્છા પ્રકારના શબ્દોમાં – સંજ્ઞાવાચક morpheme–માં અન્ય સન્ધિવિષયક morphophonemic rules સૂત્રોની પ્રવૃત્તિ પણ અનાયાસે– તાન્ત્રિક દૃષ્ટિએ થાય એટલા માટે પાણિનિએ તેને વર્ણસમામ્નાયમાં મૂકવો જ પડે.

પરિશિષ્ટ-૧

(આ લેખમાં વપરાયેલાં સૂત્રો અને તેમના અર્થો)

१. अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । पा. सू. १-२-४५

(काशिका) अर्थवच्छब्दरूपं प्रातिपदिकसंज्ञं भवति, धातुप्रत्ययौ वर्ज्जयित्वा। डित्थः, कपित्थः कुण्डम्, पीठम् ॥

२. टिड्ढाणञ्द्वयसज्दघ्नञ्मात्रच्तयप्ठक्ठञ्कञ्क्वरपः । ४-१-१५

(का०) टिदादिभ्यः प्रातिपादिकेभ्यः स्त्रियां ङीप् प्रत्ययो भवति ॥

३. वृद्धाच्छः । ४-२-११४

(का०) वृद्धात्प्रातिपदिकाच्छः प्रत्ययो भवति शैषिकः ॥

४. राज्ञः क च । ४-२-१४०

(का०) राज्ञः ककारश्चान्तादेशो भवति छश्च प्रत्ययः ॥

५. इको यणचि । ६-१-७७

(का०) अचि परत इको यणादेशो भवतिं ॥

६. गतिरनन्तरः । ६-२-४९

(का०) कर्मवाचिनि क्तान्त उत्तरपदे गतिरनन्तरः पूर्वपदं प्रकृतिस्वरं भवति॥

७. श्वयुवमघोनामतद्धिते । ६-४-१३३

(का०) श्वन् युवन् मघवन् इत्येतेषामङ्गानामतद्धिते प्रत्यये परतः सम्प्रसारणं भवति ॥ श्वादीनामेतत् सम्प्रसारणं नकारान्तानाम् इष्यते ॥

८. अल् लोपोऽनः । ६-४-१३४

(का.) अनित्येवमन्तस्य भस्य अकारलोपो भवति ॥

९. कृपो रो लः । ८-२-१८

(का०) कृपेर्द्धातो रेफस्य लकारादेशो भवति । र इति श्रुतिसामान्यमुपादीयते। तेन यः केवलो रेफो, यश्च ऋकारस्थस्तयोर्द्वयोरपि ग्रहणम् । ल इत्यपि सामान्यमेवोपादीयते। ततोऽयं केवलस्य रेफस्य स्थाने लकारादेशो विधीयते, ऋकारस्याप्येकदेशविकारद्वारेण लृकारस्तथा लृटि च क्लृप इत्येवमादयो निर्देशा उपपद्यन्ते ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

१०. गुरोरनृतोऽनन्त्यस्याप्येकैकस्य प्राचाम् । ८-२-८६
(का०) ऋकारवर्जितस्य गुरोरनन्त्यस्य, अपिशब्दादन्त्यस्यापि टेरैकैकस्य सम्बोधने वर्त्तमानस्य प्लुतो भवति प्राचामाचार्याणां मतेन ॥

११. ङमो ह्रस्वादचि ङमुण्नित्यम् । ८-३-३२
(का०) ह्रस्वात्परो यो ङम् तदन्तात्पदादुत्तरस्याचो ङमुडागमो भवति नित्यम् ॥

१२. अनचि च । ८-४-४७
अच उत्तरस्य यरो द्वे वा भवतोऽनचि परतः ॥

१३. उदात्तादनुदात्तस्य स्वरितः । ८-४-६६
उदात्तादुत्तरस्यानुदात्तस्य स्वरितादेशो भवति ॥

१४. क्वुन् शिल्पिसंज्ञयोरपूर्वस्यापि । (उणादिसूत्र २-२००)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલા-૧૪

સ્વતન્ત્ર સ્વરિત—એક અભ્યાસ

(કમ્પ અને તેનું અંકન)

ભૂમિકા : શૌનકકૃત "ઋગ્વેદ પ્રાતિશાખ્ય"ના ત્રીજા 'સ્વર પટલ'માં ઉદાત્તાદિ સ્વરોના ઉચ્ચારણ સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે. આમાં મુખ્યત્વે સ્વતન્ત્ર સ્વરિતોના ઉત્તરાર્ધનું ઉચ્ચારણ કેવી રીતે—કેવા પ્રકારનું થાય છે ? એની વિગતે ચર્ચા થઈ છે. પ્રસ્તુત લેખમાં આ 'સ્વરપટલ'નો પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં જે રીતે પડઘો ઝીલાયો છે તેની સાથે એનો તુલનાત્મક અભ્યાસ રજૂ કરવામાં આવશે, તથા પ્રાસંગિકપણે ઋગ્વેદમાં જોવા મળતાં સ્વતંત્ર સ્વરિતનાં કેટલાંક વિશિષ્ટ ઉદાહરણોનું પૃથક્કરણ પણ રજૂ કરવામાં આવશે.

[૧]

ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એ ત્રણ સ્વરો (= સ્વરધર્મો) છે, તથા એમનું ઉચ્ચારણ ક્રમશઃ આયામ, વિશ્રમ્ભ અને આક્ષેપ દ્વારા થતું હોય છે.

उदात्तश्चानुदात्तश्च स्वरितश्च त्रयः स्वराः ।
आयामविश्रम्भाक्षेपैस्त उच्यन्ते ॥ (ऋ०प्रा० ३-१)

શૌનકની આ કારિકાને સમજાવતાં ભાષ્યકાર ઉવટે લખ્યું છે કે – ૧. વાયુના નિમિત્તે ગાત્રોનું જે ઊર્ધ્વગમન થાય છે તેને 'આયામ' કહે છે. આવા આયામથી જે સ્વરધર્મ ઉચ્ચારાય છે તેને 'ઉદાત્ત' કહે છે. ૨. વાયુના નિમિત્તે ગાત્રોનું જે અધોગમન થાય તેને 'વિશ્રમ્ભ' કહે છે. આવા વિશ્રમ્ભથી જે સ્વરધર્મ ઉચ્ચારાય છે તેને 'અનુદાત્ત' કહે છે. તથા ૩. વાયુના નિમિત્તે ગાત્રોનું જે તિર્યગ્ગમન થાય તેને 'આક્ષેપ' કહે છે. આવા આક્ષેપથી જે સ્વરધર્મ ઉચ્ચારાય છે તેને 'સ્વરિત' કહે છે.[૧]

પાણિનિએ આ ઉદાત્તાદિ સ્વરોને સ્પષ્ટ કરતાં उच्चैरुदात्तः । १-२-२९, नीचैरनुदात्तः । १-२-३० અને समाहारः स्वरितः । १-२-३१ એવાં સૂત્રો આપ્યાં છે. અહીં उच्चैः અને नीचैः એવા શબ્દોથી કોઈને એમ લાગે કે શ્રુતિના પ્રકર્ષને

---

૧. १. आयमो नाम वायुनिमित्तमूर्ध्वगमनं गात्राणाम्, तेन य उच्यते स उदात्तः । आ॒ ये॒ । २. विश्रम्भो नामाधोगमनं गात्रणां वायुनिमित्तम् । – नु॒ः, नौ॒ ॥ ३. आक्षेपो नाम तिर्यग्गमनं गात्राणां वायुनिमित्तम् । क्व न्यंक् ॥ (द्रष्टव्यम् ऋग्वेदप्रातिशाख्यम्, सं. वीरेन्द्रकुमार वर्मा, काशी हिन्दू विश्वविद्यालय शोधप्रकाशन, वाराणसी, १९७० पृ. २१३)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

'ઉદાત્ત' અને અપકર્ષને 'અનુદાત્ત' જાણવો — તો તેવી સમજ અનવસ્થા ઊભી કરે એમ છે. કેમ કે કેટલે ઊંચેથી બોલવાથી 'ઉદાત્ત' ઉચ્ચારાય અને કેટલે નીચેથી બોલવાથી 'અનુદાત્ત' ઉચ્ચારાય ? એ હમેશાં વિવાદાસ્પદ જ રહેવાનું. આમ 'ઉચ્ચૈઃ', અને 'નીચૈઃ' એ શબ્દો સાપેક્ષ હોવાથી તેનું બીજું કોઈ વિવરણ કરવું જરૂરી છે. આથી ભાષ્યકાર પતંજલિએ ઉદાત્તાદિનું લક્ષણ આ પ્રમાણે રજૂ કર્યું છે :

(૧) આયામ, દારુણ્ય અને 'ખ'ની અણુતા તે શબ્દોનું ઊંચેથી થતું ઉચ્ચારણ છે. આમાં આયામ તે ગાત્રોનો નિગ્રહ છે; દારુણ્ય તે સ્વરની દારુણતા કે રુક્ષતા છે અને 'ખ'ની અણુતા એ કંઠની સંવૃતતા છે.

(૨) અન્વવસર્ગ, માર્દવ અને 'ખ'ની ઉરુતા-એ શબ્દોનું નીચેથી થતું ઉચ્ચારણ છે. આમાં અન્વવસર્ગ તે ગાત્રોની શિથિલતા છે; સ્વરની મૃદુતા એ માર્દવ છે; સ્નિગ્ધતા છે અને 'ખ'ની ઉરુતા એ કંઠની મહત્તા છે.[૧]

પરંતુ આવું લક્ષણ પણ અનૈકાન્તિક છે; અને પરિણામે વિવાદાસ્પદ જ છે. તેથી કૈયટે એક સૂચક વાત રજૂ કરી છે : अभ्यासससमधिगम्यश्चायं स्वरविशेषः, षड्जादिवद्विज्ञेयः । (व्याकरणमहाभाष्यम्, भाग १; पृ. २६) અર્થાત્ આ ઉદાત્તાદિ સ્વરવિશેષ તો સંગીતના ષડ્જ, ઋષભ, ધૈવતાદિ સૂરોની જેમ અભ્યાસથી જ સમજી—ઓળખી શકાય એવો છે.

ટૂંકમાં, ઉદાત્તાદિ સ્વરોના ઉચ્ચારણ માટે ગાત્રોના આયામ, વિશ્રમ્ભાદિ કેવી રીતે થતાં હશે ? એ અત્યંત દુર્બોધ છે, અને વિવાદાસ્પદ છે.

[૨]

આ ઉદાત્તાદિ સ્વરો એક પ્રકારના ઉચ્ચારણ ધર્મો છે, અને આથી તે 'અક્ષર'ને આશ્રયે રહેનાર છે એમ શૌનક બીજા સૂત્રમાં કહે છે : अक्षराश्रयाः । (ऋग्वेद-प्रातिशाख्यम् ३-२) અર્થાત્ अ, इ, उ ઇત્યાદિ સ્વર વર્ણો અને क, का, कि ઇત્યાદિ સસ્વર વ્યંજન વર્ણો; આ બન્નેને 'અક્ષર' કહેવાય છે. આવા અક્ષરોના આશ્રયે આ ઉદાત્તાદિ સ્વરધર્મો રહેલા છે. અહીં અક્ષર તે ધર્મી છે; અને ઉદાત્તાદિ

૧. एवं तर्हि लक्षणं करिष्यते—आयामो दारुण्यमणुता खस्यति उच्चैःकराणि शब्दस्य । आयामो गात्राणां निग्रहः । दारुण्यं स्वरस्य दारुणता रक्षता । अणुता खस्य कण्ठस्य संवृतता । उच्चैःकराणि शब्दस्य ॥ अन्ववसर्गो मार्दवमुरुता खस्येति नीचैःकराणि शब्दस्य । अन्ववसर्गो गात्राणां शिथिलता । मार्दवं स्वरस्य मृदुता स्निग्धता । उरुता खस्य महत्ता कण्ठस्येति नीचैःकराणि शब्दस्य ॥ — व्याकरणमहाभाष्यम् १-२-२९, ३० इत्यत्र सूत्रभाष्यम्, भाग-१, पृ. २६, (प्रका० मोतीलाल बनारसीदास, दिल्ली, १९६७). પતંજલિએ આપેલાં આ લક્ષણોની સાથે, "તૈત્તિરીય પ્રતિશાખ્ય (૨૨.૬) (ત્રિભાષ્યરત્ન ટીકા સાથે)"નાં લક્ષણો તુલનીય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સ્વરો તે ધર્મો છે.[1] (આ સ્વરધર્મો કેવળ વ્યંજનના क्, ख् વગેરેના આશ્રયે રહેતા નથી.)

[૩]

આ સ્વરિત-સ્વર બે પ્રકારનો હોય છે : (૧) પરતન્ત્રી સ્વરિત અને (૨) સ્વતન્ત્ર સ્વરિત. મહર્ષિ પાણિનિએ अनुदात्तं पदमेकवर्जम् । ६-१-१५२ સૂત્રથી એવું નિરીક્ષણ રજૂ કર્યું છે કે વૈદિક સંસ્કૃત ભાષાના મહદંશે દરેક પદમાં ઓછામાં ઓછો એક અક્ષર ઉદાત્ત સ્વરવાળો હોય છે. આવા ઉદાત્ત સ્વરવાળા અક્ષરનો જે પુરોગામી અક્ષર હોય છે, તે અનુદાત્ત સ્વરવાળો હોય છે; અને જે અનુગામી અક્ષર હોય છે, તે સ્વરિત સ્વરવાળો હોય છે. બલ્કે પૂર્વવર્તી ઉદાત્તને કારણે તે અનુગામી અક્ષર, કે જે મૂળમાં અનુદાત્ત સ્વરવાળો જ હોય છે. જેમકે, य॒ज्ञेन॒ → य॒ज्ञेनं अहीं ज्ञे એવા પૂર્વવર્તી અક્ષરમાંના ઉદાત્તના પ્રભાવથી, તેનો અનુગામી नं એવો અક્ષર (અનુદાત્તમાંથી) સ્વરિત સ્વરવાળો બન્યો છે. આથી આવા સ્વરિત સ્વરને "આશ્રિત સ્વર" (= ઉદાત્તસ્વરને આશ્રયે રહેનારો) કે "પરતન્ત્રી સ્વરિત સ્વર" કહેવાય છે. જ્યારે બીજા પ્રકારનો જે 'સ્વતન્ત્ર સ્વરિત હોય છે, તે કોઈ અન્ય સ્વરને આશ્રયે રહેલો હોતો નથી. તથા જે પદમાં આવો સ્વતન્ત્ર સ્વરિત રહેલો હોય છે તે પદમાં તે ઉદાત્ત સ્વર જેટલો જ પ્રધાન–મુખ્ય સ્વર ગણાય છે.

આ બન્ને પ્રકારના સ્વરિત સ્વરોના ચાર-ચાર પેટાભેદ પડે છે :

(क) પરતન્ત્રી સ્વરિત	(ख) સ્વતન્ત્ર સ્વરિત
૧. તૈરો વ્યંજન	૧. જાત્ય
૨. તૈરો વિરામક	૨. ક્ષૈપ્ર
૩. પાદવૃત્ત	૩. અભિનિહિત
૪. તાથાભાવ્ય	૪. પ્રશ્લિષ્ટ

પરંતુ પ્રસ્તુત લેખમા઼ મુખ્યત્વે "સ્વતન્ત્ર સ્વરિત સ્વર"ના કમ્પ અને અંકન વિશે જ વિચારવાનું હોઈને, "પરતન્ત્રી સ્વરિત" વિષે વિગતે કશી ચર્ચા કરવામાં આવશે નહીં.

* * *

શૌનકે 'સ્વર પટલ'ના ત્રીજા સૂત્રથી (સ્વતન્ત્ર) સ્વરિત સ્વરની ચર્ચા શરૂ કરી છે. તેઓ જણાવે છે કે एकाक्षरसमावेशे पूर्वयोः स्वरितः स्वरः । (ऋ०प्रा० ३-३)

---

૧. स्वरोऽक्षरमित्युक्तम् । अक्षरमाश्रयीभूतं येषां ते तथोक्ताः । स्वराणाम् अक्षरैः धर्मधर्मिसम्बन्धो, न तु व्यञ्जनैः ॥ – ऋग्वेदप्रातिशाख्यम् ३-२ इत्यत्र उवटभाष्यम् पृ. २१४

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

"પૂર્વે વર્ણવેલા બે સ્વરો–ઉદાત્ત અને અનુદાત્ત–જ્યારે કોઈ એક અક્ષરમાં સમાવિષ્ટ થાય ત્યારે 'સ્વરિત સ્વર' નિષ્પન્ન થાય છે." અર્થાત્ બે સ્વરવર્ણો વચ્ચે સન્ધિ થતાં, તે બે સ્વરવર્ણોમાં રહેલા સ્વરધર્મો જેમકે, અનુક્રમે ઉદાત્ત અને અનુદાત્ત– એમનો પણ સન્ધિ થાય છે; અને એમાંથી જન્મે છે : "(સ્વતન્ત્ર) સ્વરિત સ્વર". આ સ્વરિતના ચતુર્વિધ પેટાપ્રકારોને[1] સોદાહરણ નીચે પ્રમાણે સમજી શકાય.

(૧) જાત્ય સ્વતન્ત્ર સ્વરિતની ઓળખ આ પ્રમાણે આપી શકાય : એક જ પદમાં સંયુક્ત વ્યંજનાન્ત य्કાર કે व्કાર સહિતના (अ, इ વગેરે) સ્વરો (= અક્ષરો)ને આશ્રયે રહેલા જે સ્વરિત સ્વરની પૂર્વેના અક્ષરમાં અનુદાત્ત સ્વર હોય, અથવા અનુદાત્ત સ્વર ન પણ હોય, ત્યારે તેને જાત્ય સ્વતન્ત્ર સ્વરિત કહે છે. (આનું બીજું એક નામ 'નિત્ય સ્વરિત' પણ છે.) દા.ત. कु॒न्या॑। वी॒र्य॑म् । स्व॑ः। આ ઉદાહરણ રૂપ પદોમાં પ્રધાન સ્વર તરીકે (ઉદાત્ત સ્વર નહિ, પણ) 'જાત્ય' સ્વતન્ત્ર સ્વરિત વિરાજમાન છે. અહીં कु॒न्या॑ શબ્દમાં (न्+य्+आ=न्या) સંયુક્ત (વ્યંજનાન્ત य् કાર સહિતના આ સ્વર [અર્થાત્ न्या એવા અક્ષર]ને આશ્રયે જાત્ય સ્વતન્ત્ર સ્વરિત (न्या) રહેલો છે. [તથા તેવા સ્વતન્ત્ર સ્વરિતવાળા અક્ષર (न्या)ની પૂર્વે આવેલા कु॒ અક્ષરમાં અનુદાત્ત સ્વર રહેલો છે.]

ઋગ્વેદ પ્રાતિશાખ્ય (૩.૮) ઉપરના ભાષ્યમાં ઉવટે લખ્યું છે કે जात्या स्वरूपेण एव उदात्तानुदात्तसंगत्तिं विना जातो, जात्यः । અર્થાત્ જે સ્વર (=ઉચ્ચારણ ધર્મ) જાતિ=જન્મથી જ માંડીને, સ્વરૂપથી જ - સ્વભાવથી જ ઉદાત્ત અને અનુદાત્તના મિશ્રણ વિના જન્મ્યો હોય, તે સ્વરને 'જાત્ય' સ્વતન્ત્ર સ્વરિત કહેવામાં આવે છે.

બીજા કેટલાક વિદ્વાનોના મતે (જુઓ : (W.D. whitney, SANSKRIT GRAMMAR, rule No, 84 b; p. 29) આ જાત્ય સ્વરિત ભલે એક જ પદમાં રહેતો હોય તથાપિ શબ્દના ગઠનકાળ પૂર્વે, તે શબ્દમાં જે પ્રકૃતિ + પ્રત્યય જોડાયા હોય છે, તેમાંના ઉદાત્ત અને અનુદાત્તનું પણ તે સમયે મિશ્રણ થઈને આ જાત્ય સ્વતન્ત્ર સ્વરિત બન્યો હોય છે. કેમકે वीर्यम् । અહીં બે પ્રકારની સન્ધિ થઈ છે–

(१) वीरि॑ + अ॒म् । इ > य् + अ॒ = य

(२) रि॑ + अ॒ } य॑

(ઉદાત્ત + અનુદાત્ત) } → = સ્વરિત

એટલે કે અહીં પૂર્વવર્તી અક્ષરમાંનો ઉદાત્તસ્વર ધર્મ અને ઉત્તરવર્તી અક્ષરમાંનો અનુદાત્ત સ્વરધર્મ – તે બેની સન્ધિ થઈને 'સ્વતન્ત્ર સ્વરિત-સ્વર' જન્મ્યો છે.

૧. અલબત્ત, આ ચાર પેટાપ્રકારોનું 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય'માં ૩-૩ પછી તરત જ નિરૂપણ કરવામાં આવ્યું નથી એ પણ નોંધપાત્ર છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૨) ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત : બે પદો યણાદેશવાળો[1] સન્ધિ થાય છે ત્યારે સંહિતામાં સંયુક્ત વ્યજનાન્ત ય્ કે વ્ કારવાળા અક્ષરને આશ્રયે જે સ્વતન્ત્ર સ્વરિત આવીને ઊભો રહે છે, તેને 'ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત" કહેવામાં આવે છે. અહીં જે બે પદો વચ્ચે સન્ધિ થાય છે તેમાં અનુક્રમે પહેલા પદાન્તીય इ/उ કાર ઉદાત્ત સ્વરયુક્ત હોય છે, અને પછીના પદાદિ અક્ષરમાં અનુદાત્ત સ્વર હોય છે. દા.ત.,

(સંહિતા પાઠ) सुसा॒द॒ कृ॒त्वा॒ ह्य १ ग्नि॒र॒मृता॑ँ० । (ऋ०सं, ७-૪-५/६)

(પદપાઠ) सु॒सा॒द॑ । कृ॒त्वा । हि॒ । अ॒ग्निः॒ । अ॒मृता॑न् ।

અહીં हि (ह् + इ) માંના પદાન્તીય इकार અને अग्नि ના પદાદિ अकार—તે બેની વચ્ચે યણાદેશ વાળો સન્ધિ થયો છે.[2] તથા તે જ સમયે તે બે અક્ષરોના આશ્રયે રહેલા (હિ॒માંના) ઉદાત્ત, અને (અ॒માંના) અનુદાત્ત સ્વરોનો પણ સન્ધિ= સમાહાર થાય છે. પરિણામે તેમાંથી (સંહિતામાં) ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે.[3]

(૩) પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત : પદાન્તીય સ્વર અને પદાદિ સ્વર જો એક-સરખા જ હોય (= સવર્ણ હોય) તો તે સ્વરોના સ્થાનમાં સવર્ણ દીર્ઘ સન્ધિ થાય છે, જેને 'પ્રશ્લિષ્ટ સવર્ણ સન્ધિ' પણ કહેવામાં આવે છે. દા.ત. अ+अ = आ। इ + इ = ई । आ + आ = आ । વગેરે.[1]

---

૧. યણાદેશ વાળો સન્ધિ એટલે પાણિનીય સૂત્ર इको यणचि । ६-१-७७ અનુસાર કોઈ પણ (અસવર્ણ) સ્વરની બરાબર પૂર્વમાં આવેલા इ, उ, ऋ, लृ વર્ણોના સ્થાને અનુક્રમે य्, व्, र्, ल् એવા આદેશો (=ધ્વનિ પરિવર્તનો) થાય છે. જેમકે, सुधी + उपास्य । અહીં उ સ્વર વર્ણની બરાબર પૂર્વમાં આવેલા धीના ઈકારને સ્થાને य् આદેશ થાય છે : (१) सुध्य् + उपास्य = सुध्युपास्य । २. मधु + अत्र → मध्व् + अत्र = मध्वत्र । વગેરે.

૨. એક જ પદમાં યણાદેશ વાળો સન્ધિ થાય ત્યારે 'જાત્ય' પ્રકારનો સ્વતન્ત્ર સ્વરિત બને છે. પણ જ્યારે બે પદો વચ્ચે યણાદેશ વાળો સન્ધિ થાય છે ત્યારે ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત બને છે. (આ જ રીતે, પ્રશ્લિષ્ટ અને અભિનિહિત પ્રકારના ત્રીજા અને ચોથા પ્રકારના સ્વતન્ત્ર સ્વરિતોમાં પણ બે પદો વચ્ચે જ સન્ધિ થયો હોય છે.)

૩. અહીં એ પણ ધ્યાનાસ્પદ છે કે ઉદાત્ત + અનુદાત્ત (કે પરતન્ત્રી સ્વરિત)ના સમાહારથી જ સ્વતન્ત્ર સ્વરિત જન્મી શકે છે; પણ જો પહેલાં (પૂર્વમાં) અનુદાત્ત હોય અને તેની પાછળ ઉદાત્ત આવેલો હોય તો, તેવા બે સ્વરધર્મોના સમાહારથી કોઈ પણ પ્રકારનો સ્વતન્ત્ર સ્વરિત જન્મતો નથી. (અનુદાત્ત + ઉદાત્તથી તો ઉદાત્ત જ બને છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હવે, અહીં પદાન્તીય સ્વર જો ઉદાત્ત હોય અને તેની પાછળ કોઈ પદાદિ સ્વર અનુદાત્ત (અથવા પરતન્ત્રી સ્વરિત) હોય તો તેમનો પણ સમાહાર થાય છે (= તે બે સ્વર પરસ્પર ભેગા મળે છે); તેમાંથી જે સ્વર જન્મે છે તેને "પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત" કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો બે પદો વચ્ચે સવર્ણ દીર્ઘ સન્ધિ થઈને જે સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો હોય તેને "પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત" કહે છે. દા.ત.,

(સંહિતા પાઠ) प्र जाता अभीऽइ मं यज्ञं० (ऋ०सं० ३-४-५)

(પદપાઠ) प्र । जाता । अभि । इमम् । यज्ञम् ।

અહીં, ૧. अ [मि + इ] मम् । इ + इ = ई તથા
૨. [· + –] નો સમાહાર થઈને = '।'

અર્થાત્ ઉદાત્ત + અનુદાત્ત થઈને સ્વતન્ત્ર સ્વરિત (भीं) જન્મ્યો છે.

આમ પહેલો પદાન્તીય इ અને બીજો પદાદિ इ — એ બેની વચ્ચે 'સવર્ણદીર્ઘ' સન્ધિ થઈ છે, અને સાથે ને સાથે તે બે અક્ષરોમાં રહેલા (અનુક્રમે) ઉદાત્ત+ અનુદાત્તનું પણ મિશ્રણ થયું છે અને તેમાંથી भीं અક્ષરમાં જે સ્વરિત જન્મ્યો છે, તે "પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત" પ્રકારનો ગણાય છે.

(૪) **અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત :** અભિનિહિત સન્ધિમાં પદાન્તે આવેલા ઉદાત્ત સ્વરવાળા एકાર કે ઉદાત્ત ओકાર રૂપ અક્ષરમાં પરવર્તી પદાદિ અનુદાત્ત સ્વરવાળો હ્રસ્વ अકાર ભળી જાય; એટલે કે 'પૂર્વરૂપ એકાદેશ સન્ધિ'[२] થાય ત્યારે પદાન્તે આવેલા एકાર કે ओકાર ઉપર જે સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે તેને 'અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત' કહે છે.

દા.ત.

(સંહિતાપાઠ) विश्पतिं दुरोणेऽ ग्निर्मन्द्रो० । ऋ०सं० ७-७-४

---

૧. अकः सवर्णे दीर्घः । पा.सू. ६-१-१०१ સૂત્રથી अ, इ, उ, ऋ, लृ ની પાછળ તેવા જ સવર્ણ સ્વરો (દા.ત. अ ની પાછળ अ, इ ની પાછળ इ) આવેલા હોય તો, તે બે વર્ણોના સ્થાનમાં એક સવર્ણ દીર્ઘ એકાદેશ થાય છે. જેમકે, दैत्य + अरिः → दैत्यारिः । श्री + ईशः = श्रीशः । विष्णु + उदयः = विष्णूदयः ॥ વગેરે.

૨. एङः पदान्तादति । ६-१-१०९ સૂત્રથી "પદના અન્તે આવેલા एकार કે ओ કારની પાછળ હ્રસ્વ अકાર આવેલો હોય તો, તે હ્રસ્વ अકારનો "પૂર્વરૂપ એકાદેશ' થાય છે. અર્થાત્ પોતાની પૂર્વમાં આવેલા एકાર કે ओકારમાં તે હ્રસ્વ अકાર ભળી જાય છે. દા.ત. हरे + अव → हे हरेऽव । विष्णो + अव → विष्णोऽव । (અહીં પૂર્વવર્તી ए કે ओમાં પાછળનો હ્રસ્વ अ ભળી ગયો છે તે દર્શાવવા લિપિમાં (ऽ) અવગ્રહનું ચિહ્ન વપરાય છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(પાદપાઠ) વि॒श्प॒तिः । दु॒रो॒णे॑ । अ॒ग्निः॑ । म॒न्द्रः ।

અહીં दुरोणे + अग्निः એવાં બે પદોની વચ્ચે પૂર્વરૂપ એકાદેશ સન્ધિ થઈ છે. આ સન્ધિમાં પદાન્તે આવેલા णे અક્ષરમાં, પરવર્તી अ॒ અક્ષર ભળી ગયો છે (= 'અભિનિહિત' થયો છે). આ સન્ધિ દરમ્યાન તે णे અક્ષરને આશ્રયે રહેલા ઉદાત્ત સ્વર અને अ॒ અક્ષરને આશ્રયે રહેલા અનુદાત્ત સ્વરનો પણ સમાહાર થયો છે; જેના પરિણામે णे॑ અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો છે.

[૪]

હવે આવા ઉદાત્ત અને અનુદાત્તના સમાહારથી જન્મેલા (સ્વતન્ત્ર) સ્વરિત સ્વરનું ઉચ્ચારણ કેવું થાય છે? એની સ્પષ્ટતા કરતાં શૌનકે આ પ્રમાણે સૂત્ર આપ્યું છે : तस्योदात्ततरोदात्ताद् अर्धमात्राऽर्धमेव वा । (ऋ० प्रा० ३-४) "આ સ્વરિતની (આરંભિક) અર્ધી માત્રા (અર્થાત્ $\frac{1}{2}$) ઉદાત્ત કરતાં ઉદાત્તતર હોય છે; અથવા આ સ્વરિતનો (આરંભિક) અર્ધો ભાગ (અર્થાત્ ૫૦%) ઉદાત્ત કરતાં ઉદાત્તતર હોય છે."

આમાં સ્વરિતના પૂર્વાર્ધમાં સમાહાર—સમાવેશ પામેલા ઉદાત્તનું ઉચ્ચારણ કેવી રીતે થાય છે? એ વિષે બે પ્રકારના મત મૂક્યા છે : જેમકે, સ્વરિતની આંરભિક અર્ધી = $\frac{1}{2}$ માત્રા ઉદાત્તતર સંભળાય છે. પરિણામે હ્રસ્વ સ્વરિત સ્વરમાં આરંભિક $\frac{1}{2}$ માત્રા ઉદાત્તતર સંભાળાશે. દીર્ઘ સ્વરિત સ્વરમાં $\frac{1}{2}$ માત્રા ઉદાત્તતર સંભાળશે અને પ્લુત સ્વરિત સ્વરમાં પણ $\frac{1}{2}$ માત્રા ઉદાત્તતર સંભળાશે.

પણ બીજા મત મુજબ-સ્વરિતનો આરંભિક બરાબર અર્ધો ભાગ ઉદાત્તતર સંભળાય છે. પરિણામે હ્રસ્વ સ્વરિત સ્વરમાં $\frac{1}{2}$ માત્રા ઉદાત્તતર સંભાળાશે. દીર્ઘ સ્વરિત સ્વરમાં આરંભિક આપી ૧ માત્રા ઉદાત્તતર સંભળાશે અને પ્લુત સ્વરિત સ્વરમાં આરંભિક ૧$\frac{1}{2}$ માત્રા ઉદાત્તતર સંભળાશે.

પાંચમા સૂત્રથી, શૌનક કહે છે કે બાકીની, ઉત્તરાર્ધમાં આવેલા અનુદાત્ત સ્વરની અવશિષ્ટ માત્રા (ઓ) 'ઉદાત્ત' સ્વરૂપે સંભળાશે : अनुदात्तः परः शेषः स उदात्तश्रुतिः । (ऋ० प्रा० ३-५)

અહીં કોઈને પ્રશ્ન થાય કે સ્વરિતમાં મૂળભૂત રીતે તો ઉદાત્ત અને અનુદાત્તનો સમાવેશ—સમાહાર થયો હોય છે; તો પછી તેનું (તે બે અંશોનું) શ્રવણ અનુક્રમે 'ઉદાત્તતર' અને 'ઉદાત્ત' રૂપે કેવી રીતે થતું હશે? તો એનું સમાધાન કરતાં ઉવટે તેના ભાષ્યમાં લખ્યું છે કેવી રીતે ત્રપુ (લોખંડ ?) અને તામ્ર (તાંબા)નો સંયોગ થતાં જેમ એક જુદી જ 'કાંસ્ય' ધાતુ નિષ્પન્ન થાય છે તેમ અહીં પણ ઉદાત +

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુદાત્તનો સમાહાર થતાં જુદી જ શ્રુતિ ઊભી થાય છે.[૧]

પરંતુ સ્વરિતની આવી વિશિષ્ટ શ્રુતિ ત્યારે જ થશે કે જ્યારે આવા (સ્વતન્ત્ર) સ્વરિતની પાછળ જો બીજો કોઈ ઉદાત્ત સ્વરધર્મવાળો કે સ્વતન્ત્ર સ્વરિત સ્વરધર્મવાળો અક્ષર ન આવેલો હોય તો (જ). બીજા શબ્દોમાં કહીએ તો સ્વતન્ત્ર સ્વરિતની વિશિષ્ટ શ્રુતિ થવા માટે પરવર્તી અક્ષર અનુદાત્ત સ્વરધર્મવાળો જ હોવો જોઈએ.

* * *

હવે ઉપર્યુક્ત तस्योदात्ततरोदात्ताद् अर्धमात्राऽर्धमेव वा । ऋ०प्रा० ३-४) સૂત્રનો પ્રતિધ્વનિ પાણિનીય સૂત્રમાં કેવી રીતે સંભળાય છે ? એ પણ જોવું રસપ્રદ રહેશે.

પાણિનીય 'અષ્ટાધ્યાયી'માં उच्चैरुदात्तः। १-२-२९, नीचैरनुदात्तः। १-२-३०, समाहारः स्वरितः । १-२-३१ અને तस्यादित उदात्तम् अर्धह्रस्वम्। १-२-३२ એવાં સૂત્રો રજૂ થયાં છે. પાણિનિએ અહીં ૧-૨-૩૧ થી કહ્યું છે કે જ્યાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ એવા બે સ્વરધર્મોનો સમાહાર–ઉપશ્લેષ થાય ત્યાં સ્વરિત સ્વરધર્મ નિષ્પન્ન થાય છે. હવે જો સ્વરિત સ્વરમાં બે સ્વરધર્મોનો સમાહાર થયો હોય તો કયા ભાગમાં/કેટલા ભાગમાં ઉદાત્ત, અને કયા ભાગમાં/ કેટલા ભાગમાં અનુદાત્ત રહે છે ? એ પ્રશ્ન થવાનો. આથી ૧-૨-૩૨ સૂત્ર દ્વારા પાણિનિએ કહ્યું કે "તે (સ્વરિતનો)નો શરૂઆતનો અર્ધહ્રસ્વ ભાગ ઉદાત્તનો હોય છે, (અને પરિશેષ ભાગ અનુદાત્તનો હોય છે." પરંતુ અહી અર્ધહ્રસ્વ' એ સામાસિક શબ્દનો વિગ્રહ કેમ કરવો ? તે વિવાદાસ્પદ છે. अर्धञ्च तद् ह्रस्वम् इति अर्धह्रस्वम् । (કર્મધારય), કે ह्रस्वस्य अर्धम् इति अर्धह्रस्वम् । (મયૂરવ્યંસકાદિત્વથી ह्रस्व' શબ્દનો પરનિપાત કરીને, ષષ્ઠી તત્પુરુષ માનવો) એવા દ્વિવિધ અર્થઘટનોને વિચારવામાં આવે છે.

પરંતુ 'હ્રસ્વ' શબ્દના અર્થને ધ્યાનમાં લઈને આ વિગ્રહોને વિચારીશું તો આ લક્ષણ કેવળ હ્રસ્વ સ્વરિત સ્વરને જ લાગુ પડશે. દીર્ઘ કે પ્લુત સ્વરિત સ્વરને લાગુ પડશે નહીં. આ મુશ્કેલીને ધ્યાનમાં લઈને પ્રદીપકાર કૈયટે કહ્યું કે "अर्धह्रस्व શબ્દ તો અમુક પ્રમાણનો વાચક છે એવું રૂઢિથી જણાય છે."[૨] આને વિશદ કરતાં નાગેશે 'ઉદ્દ્યોત'માં લખ્યું કે "રૂઢિથી 'અર્ધહ્રસ્વ' એવો શબ્દ 'અર્ધમાત્રા' રૂપ પ્રમાણ-

---

૧. यथा त्रपुताम्रयोः संयोगे सति कांस्यस्य धात्वन्तरस्योत्पत्तिरेवमिहापि द्रष्टव्या ॥
(ऋ०प्रा० ३-५ इत्यत्र उवटभाष्यम्, पृ. २१६)

२. अर्धह्रस्व शब्दः प्रमाणवाची रूढिशब्दः । – व्याकरणमहाभाष्य प्रदीपः, भाग-१, पृ. २८

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વિશેષનો વાચક છે; પરંતુ અહીં ह्रस्वस्य अर्धम् । એવો અર્થ/વિગ્રહ લેવાનો નથી.[1]

નાગેશે અર્ધહ્રસ્વનો અર્થ 'અર્ધી માત્રા' લેવાનો છે એમ જણાવ્યું એનો ફલિતાર્થ એવો થાય કે (૧) હ્રસ્વ સ્વરિતની આરંભિક ½ માત્રા ઉદાત્તની રહેશે અને ઉત્તરાર્ધની ½ માત્રા અનુદાત્તની રહેશે. (૨) દીર્ઘ સ્વરિતની આરંભિક ½ માત્રા ઉદાત્તની રહેશે અને અવશિષ્ટ ૧½ માત્રાઓ અનુદાત્તની રહેશે. (૩) પ્લુત સ્વરિતની આરંભિક ½ માત્રા ઉદાત્તની રહેશે તથા અવશિષ્ટ ૧½ માત્રા અનુદાત્તની રહેશે.

બીજી તરફ, 'સિદ્ધાન્તકૌમુદી'માં ભટ્ટોજિ દીક્ષિતે अर्धह्रस्वम् શબ્દનો વિગ્રહ દુષ્કર છે એમ જોઈને "આ સૂત્ર (૧-૨-૩૨)માં જે 'હ્રસ્વ' શબ્દનું ગ્રહણ કર્યું છે તે અતન્ત્ર છે." એમ કહ્યું છે. અર્થાત્ 'હ્રસ્વ' શબ્દનો પ્રધાનાર્થ/વાચ્યાર્થ અવિવક્ષિત છે. આથી આ (૧-૨-૩૨) સૂત્રનો અર્થ "સ્વરિતનો આદિ અર્ધો ભાગ ઉદાત્ત હોય છે; (અને અવશિષ્ટ અર્ધો ભાગ અનુદાત્ત હોય છે.)" એવો કરવો.

આમ પાણિનિના तस्यादित उदात्तम् अर्धह्रस्वम् । १-२-३२ સૂત્રના પાણિનીય પરંપરામાં જ દ્વિવિધ અર્થઘટનો ઊભાં થયા. પરંતુ અહીં વિશેષ ઉલ્લેખનીય મુદ્દો એ બની રહે છે કે આ બન્ને અર્થઘટનોને ऋग्वेद प्रातिशाख्यकारे પણ પ્રકટપણે પોતાના तस्योदात्ततरोदात्ताद् अर्धमात्राऽर्धमेव वा । (ऋ०प्रा० ३-४) એ સૂત્રમાં શબ્દબદ્ધ કર્યા છે.

[૫]

હવે સ્વરિતના ઉચ્ચારણ સ્વરૂપનું જે બીજું પાસું છે તેની ચર્ચા કરવી અપેક્ષિત છે. અગાઉ (મુદ્દા-૪માં) કહ્યું હતું તે અનુસાર સ્વતન્ત્ર સ્વરિતના ઉત્તરાર્ધમાં (ઉપર્યુક્ત અર્થઘટન અનુસાર) જુદી જુદી માત્રામાં રહેલા અનુદાત્તત્વનું (ऋ० प्रा० ૩-૬ માં કહ્યા મુજબનું) ઉદાત્ત રૂપે શ્રવણ તો જ થાય કે જો તેની પાછળ બીજો કોઈ ઉદાત્તસ્વર કે સ્વતન્ત્ર સ્વરિત સ્વર ન આવેલો હોય તો. જેમકે,

अनुदात्तः परः शेषः स उदात्तश्रुतिः, न चेत् ।
उदात्त वोच्यते किंचित्स्वरितं वाक्षरं परम् ॥ – ऋ०प्रा० ३-६

આથી હવે એ તપાસવાનું રહેશે કે જ્યારે સ્વતન્ત્ર સ્વરિતની પાછળ આવેલો અક્ષર ઉદાત્ત સ્વરધર્મવાળો હોય (કે સ્વતન્ત્ર સ્વરિત સ્વરધર્મવાળો હોય) તો તે પુરોવર્તી સ્વતન્ત્ર સ્વરિતના ઉત્તરાર્ધનું શ્રવણ કેવું થતું હશે ? પ્રસંગસંગતિને

---

૧. रूढ्याऽर्धमात्रारूपप्रमाणविशेषोऽनेनोच्यते; न ह्रस्वस्य अर्धमित्यर्थ इति भावः । व्याकरणमहाभाष्यप्रदीपोद्द्योतः, भाग-१, पृ. २८

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જોતાં, આ પ્રશ્નનો જવાબ 'સ્વરપટલ'ના આ છઠ્ઠા સૂત્રની તરત જ પાછળ સાતમા સૂત્રમાં રજૂ થવો જોઈતો હતો. પરંતુ આ પ્રશ્નનો જવાબ તો આ પટલના છેક છેલ્લા ૩૪મા સૂત્રમાં રજૂ થયો છે.[૧]

जात्योऽभिनिहित क्षैप्रः प्रश्लिष्ट एव च ।
एते स्वराः प्रकम्पन्ते यत्रोच्चस्वरितोदयाः ॥ – ऋ०प्रा० ३-३४

અર્થાત્ "જાત્ય, અભિનિહિત, ક્ષૈપ્ર અને પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત સ્વરો(ના ઉત્તરાર્ધમાં આવેલો અનુદાત્તનો અંશ) 'કમ્પ' અનુભવે છે; જો તે સ્વતન્ત્ર સ્વરિતોની પાછળના અક્ષરમાં ઉચ્ચ = ઉદાત્તસ્વર કે બીજો સ્વતન્ત્ર સ્વરિત સ્વર આવેલો હોય તો."

આ સ્વતન્ત્ર સ્વરિતના ઉત્તરાર્ધનું કમ્પ સાથેનું ઉચ્ચારણ કેવી રીતે થાય છે; અને એનાં કયાં ઉદાહરણો છે એની ચર્ચા ભાષ્યકાર ઉવટે કરી છે. જેમકે,

સ્વતન્ત્ર સ્વરિતની પાછળ જે ઉદાત્ત કે બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત આવેલો હોય તો તે પુરોવર્તી સ્વતન્ત્ર સ્વરિતના ઉત્તરાર્ધનું શ્રવણ (ઉદાત્ત રૂપે નહીં થતાં) અનુદાત્ત રૂપે જ થાય છે; અને આ અનુદાત્તને બાહ્વૃચો 'કમ્પ' એવા નામે ઓળખે છે.[૨]

* * *

હવે આવા જાત્ય વગેરે ચારેય સ્વતન્ત્ર સ્વરિતોની પાછળ આવેલા અક્ષરમાં જો ઉદાત્ત સ્વર પડેલો હોય તો, (પુરોવર્તી) તે સ્વતન્ત્ર સ્વરિતના ઉત્તરાર્ધના અનુદાત્તત્વ સ્વરધર્મ(નું 'ઉદાત્ત' રૂપે શ્રવણ થવાને બદલે તે)માં જે કમ્પ જન્મે છે તેનાં ક્રમશઃ ઉદાહરણો જોઈશું : [અગાઉ (મુદ્દા-૨ માં) ચારેય પ્રકારના સ્વતન્ત્ર સ્વરિતોની સમજૂતી રજૂ કરી છે. પણ હવે આમાં 'કમ્પ' શા માટે જન્મે છે ? અને તેનું અંકન (= નોંધ) કેવી રીતે કરવામાં આવે છે ? તેની વિશદ સમજૂતી આપવી જરૂરી છે.]

(૧) હ્રસ્વ સ્વતન્ત્ર સ્વરિતની પાછળ ઉદાત્ત આવેલો હોય તો ઉત્તરાર્ધના અનુદાત્તત્વ સ્વરધર્મમાં જે કમ્પ જન્મે છે તેનું ઉદાહરણ જોઈએ તો –

---

૧. પ્રસંગસંગતિનો આવો ભંગ એમ વિચારવા પ્રેરે છે કે મૂળના કોઈ 'સૂત્રાત્મક ઋગ્વેદ-પ્રાતિશાખ્ય'નું પુનર્ગઠન થાય પછી હાલનું કારિકાબદ્ધ ઋગ્વેદપ્રાતિશાખ્ય તૈયાર થયું હશે. પરંતુ આ મુદ્દો એક અલગ અભ્યાસ માંગે એવો હોવાથી કેવળ અંગુલિનિર્દેશ કરીને અટકીએ છીએ.

૧. यदि तूदात्तं स्वरितं वा परं स्यात्तदाऽनुदात्तः पर शेषः स्यात् । स च कम्प इत्युच्यते बह्वृचैः। (ऋ० प्रा० ३-६ इत्यत्र उवटभाष्यम्) (पृ. २१७)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ए॒ना पत्या॑ त॒न्वं॑ १॒ सं सृ॑ज॒स्वाधा॑० । — ऋ १०-८५-२७

ए॒ना । पत्या॑ । त॒न्व॑म् । सम् । सृ॒ज॒स्व॒ । अध॑ ।

↑ ↑

જાત્ય સ્વ. સ્વરિત | ઉદાત્ત સ્વરવાળો અક્ષર પાછળ આવેલો છે.

અહીં તુ॒નુ + અ॒મ્ = त॒न्व॑म् ।માં 'ત્વ' અક્ષરમાં (ઉદાત્ત + અનુદાત્તનો સમાહાર થવાથી) 'જાત્ય સ્વતન્ત્ર સ્વરિત' જન્મ્યો છે; અને ત્યાર પછી, તેની પાછળ स॒म् અક્ષરમાં ઉદાત્ત સ્વર આવેલો છે. તેથી न्व॑म्ના ઉત્તરાર્ધમાં આવેલો અનુદાત્ત અંશ કમ્પ અનુભવે છે.

न्वं — પૂર્વાર્ધમાં ૦॥ માત્રા ઉદાત્તની + ઉત્તરાર્ધમાં ૦॥ માત્રા અનુદાત્તની

सं — આ અક્ષરમાં 'ઉદાત્ત' સ્વર છે.

ઉપર દર્શાવ્યું છે તેમ એક તરફ 'જાત્ય સ્વ. સ્વરિત'ના પૂર્વાર્ધની ૦॥ માત્રા ઉદાત્તની છે; અને બીજી તરફ स॒म् અક્ષરમાં પણ (પૂરી ૧ માત્રા) ઉદાત્તની પડી છે. આ બે ઉદાત્તત્વની વચ્ચે જાત્ય સ્વ. સ્વરિતના ઉત્તરાર્ધની ૦॥ માત્રા, જે અનુદાત્તની બનેલી છે તે ભીંસ અનુભવે છે; અને તેથી તે (અનુદાત્તની અર્ધી માત્રા)નું ઉચ્ચારણ 'કમ્પ' સાથે થાય છે, [એટલે કે પૂર્વવર્તી ઉદાત્તની ૦॥ માત્રાનું આરોહયુક્ત ઉચ્ચારણ શરૂ કર્યા પછી બાકીની ૦॥ માત્રાનું અનુદાત્ત ઉચ્ચારણ કરવા સ્વરનો અવરોહ કરવો પડે છે અને તરત જ તેની પાછળના सम् અક્ષરનું આરોહયુક્ત ઉદાત્ત ઉચ્ચારણ શરૂ કરી દેવું પડે છે. ઉ. ઉ આમ બે ઉદાત્તની
અનુ
વચ્ચેનો અનુદાત્ત જે ભીંસ અનુભવે છે, તેને 'કમ્પ' કહેવામાં આવે છે.]

અહીં ઉદાહરણમાં લીધેલો જાત્ય સ્વ. સ્વરિત न्व॑म् હ્રસ્વ સ્વરથી બનેલો છે. તેથી તેની બે અર્ધી-અર્ધી માત્રાઓમાંની ઉત્તરાર્ધમાં આવેલી અનુદાત્તની એક ૦॥ માત્રાએ કમ્પ અનુભવ્યો છે એમ દર્શાવવા માટે, સંહિતાપાઠની અંદર न्वंની પાછળ १॒નું ચિહ્ન મૂકાય છે. અહીં (૧) હ્રસ્વ સ્વરની એક જ અર્ધી માત્રાએ કમ્પ અનુભવ્યો છે તેથી એકડો લખવાનો છે; (૨) પાદપાઠમાં न्वं॑ ઉપર દર્શાવેલો સ્વરિતની નિશાની રૂપ ઊભો લીટો સંહિતાપાઠમાં તે એકડાની ઉપર ખસેડવાનો છે અને (૩)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુદાત્તની એક અર્ધી માત્રાએ કમ્પ અનુભવ્યો છે એમ પ્રકટ કરવા માટે તે એકડાની નીચે અનુદાત્તની નિશાની રૂપે આડો લીટો પણ મુકાય છે : ૧. (તથા પેલા ન્વંની નીચે ઉપર કશી નિશાની મુકાતી નથી.)

(૨) 'દીર્ઘ સ્વતન્ત્ર સ્વરિત'ની પાછળ ઉદાત્ત આવેલો હોય તો ઉત્તરાર્ધના અનુદાત્તત્વ સ્વરધર્મમાં જે કમ્પ જન્મે છે તેનું ઉદાહરણ જોઈએ તો –

(સંહિતા) अ॒भी ३ मं य॒ज्ञं॰ । ऋ॰ सं॰ ३-४-५

(પાદપાઠમાં) अ॒भि॒ + इ॒मम् । આમાં સવર્ણ સ્વર

इ + इની સન્ધિ થઈને भी એવો દીર્ઘ ई થયો છે. પણ તે સમયે પૂર્વવર્તી इ॒માંનો ઉદાત્ત અને ઉત્તરવર્તી इ॒માંનો અનુદાત્ત પણ પરસ્પરમાં સમાહાર પામે છે. આથી भीમાંના દીર્ઘ ईમાં 'પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત' પ્રકારના સ્વધર્મના જન્મ થાય છે. ત્યાર પછીના તબક્કે તપાસ આગળ વધારીએ તો इ॒मम्‌નો म॒કાર = म અક્ષર ઉદાત્ત સ્વર યુક્ત છે. એટલે કે દીર્ઘ પ્રશ્લિષ્ટ સ્વ. સ્વરિતની પાછળ આવેલા म અક્ષરમાં ઉદાત્તત્વ પડેલું છે. તેની भीના ઉત્તરાર્ધમાં રહેલી અનુદાત્તત્વની માત્રાઓ કમ્પ અનુભવશે. જેમકે,

↓

भी ↓ मम् ↓

પૂર્વાર્ધમાં	ઉત્તરાર્ધમાં	આ અક્ષરમાં
૦॥ માત્રા	૧½ માત્રાઓ	ઉદાત્ત સ્વર
ઉદાત્તની +	અનુદાત્તની	

ઉપર દર્શાવ્યું છે તેમ અહીં પણ એક તરફ સ્વતન્ત્ર સ્વરિતના પૂર્વાર્ધની ૦॥ માત્રા ઉદાત્તની છે અને બીજી તરફ म॒અક્ષરની પૂરી એક માત્રા પણ ઉદાત્તની છે. આ બેની વચ્ચે દીર્ઘ સ્વતન્ત્ર સ્વરિતના ઉત્તરાર્ધની ત્રણ અર્ધી-અર્ધી માત્રાઓ, કે જે અનુદાત્તની બનેલી છે તે ભીંસ અનુભવે છે; જેથી તે ત્રણ અર્ધી અનુદાત્તની માત્રાઓનું ઉચ્ચારણ પણ 'કમ્પ' યુક્ત થાય છે.

આ બીજા ઉદાહરણમાં આપણે દીર્ઘ (અર્થાત્ દ્વિમાત્રિક હોય એવો) સ્વતન્ત્ર સ્વરિત લીધો છે. તેથી તેના ઉત્તરાર્ધમાં આવેલી ત્રણ અર્ધી-અર્ધી માત્રાઓ કમ્પ અનુભવે છે એમ દર્શાવવા સંહિતાપાઠમાં (૧) તે भीની પાછળ ત્રગડાનું '३' નિશાન મુકાય છે; (૨) તે भीं ઉપરની સ્વતન્ત્ર સ્વરિતની નિશાની ખસીને ત્રગડા ઉપર મુકાય છે, અને (૩) કમ્પ અનુભવનારી ત્રણ અર્ધી માત્રાઓ અનુદાત્તની છે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એમ પ્રકટ કરવા તે ત્રગડાની નીચે અનુદાત્તની નિશાની પણ મૂકાય છેઃ ३ (તથા આ ભી દીર્ઘ સ્વતન્ત્ર સ્વરિતની નીચે પણ અનુદાત્તની નિશાની રૂપે આડી લીટી રૂઢિથી મુકાય છે : अ॒ भी॒ ३॒ म् ॥

નોંધ : પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત અને અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિતનાં ઉદાહરણો હમેશાં દીર્ઘ સ્વરવાળાં (= દ્વિમાત્રિક) જ મળશે. (એટલે કે કેવળ ३॒ વાળાં જ ઉદાહણો મળશે.) તથા જાત્ય સ્વ. સ્વરિત કે ક્ષૈપ્ર સ્વરિતનાં ઉદાહરણો હ્રસ્વ સ્વરનાં અને દીર્ઘ સ્વરનાં એમ બન્ને પ્રકારનાં મળશે. (એટલે કે १॒ અને ३॒ વાળાં બન્ને મળશે.)

[६]

હવે આવા જાત્ય સ્વતન્ત્ર સ્વરિત (કે અન્ય કોઈ પ્રકારના સ્વતન્ત્ર સ્વરિત)ની પાછળ આવેલા અક્ષરમાં બીજો એક સ્વતન્ત્ર સ્વરિત સ્વર આવેલો હોય તો પણ પુરોવર્તી સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મે છે એનું ઉદાહરણ રજૂ કરવું જોઈએ. પરંતુ એ ઉદાહરણ આપતાં પહેલાં આપણા પુરોગામી પ્રાધ્યાપકોના આ દિશાના પ્રયત્નોની એક પ્રાસંગિક નોંધ લેવી જોઈએ –

પ્રોફે. વ્હીટનીએ જાત્ય વગેરે પ્રકારના સ્વતન્ત્ર સ્વરિતની પાછળ ઉદાત્ત કે બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત આવેલો હોય તો પુરોવર્તી સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મે છે એવો નિયમ જરૂર તારવ્યો છે. પણ તેનું કોઈ ઉદાહરણ આપ્યું નથી. (જુઓ : SANSKRIT GRAMMAR, by Whitney, page 30) પણ પ્રોફે. મેકડોનલ અને (કદાચ તેમને અનુસરીને) પ્રોફે. હરિ દામોદર વેલણકરને આવી બીજી શરતવાળા સ્વતન્ત્ર સ્વરિતની સંભાવના સરખી પણ દેખાઈ નથી. (Vedic Grammar by A. A. Macdonell, page. 78-79). હવે પ્રોફે. વેલણકરને આવું ઉદાહરણ નહીં મળવા તરફ પ્રોફે. જી. સી. ઝાલાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું છે.[1] કેમકે પ્રોફે. વેલણકરે ઋગ્વેદસંહિતાના જે ૭મા મણ્ડળનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે[2] તે મણ્ડળમાં જ આનું ઉદાહરણ મળી આવે છે. જેમકે,

स॒मी॒के॒ ३॒ भींतिम् । (ऋ० सं० ७–२१–९)

---

૧. ડૉ. ગૌરીશંકર ચુ. ઝાલાનો "Kampa in the accent system of the Ṛgveda"– આ લેખ તેમના "Aśvina in the Ṛgveda and other Indological Essays", Pub. Munshiram Manoharlal Publishers Pvt. Ltd, Delhi, 1978, Section–I, pp. 102 ઉપર સંગૃહીત કરવામાં આવ્યો છે.

૨. Ṛgveda Maṇḍala VII by H. D. Velankar, Pub. Bharatiya Vidya Bhavan, Bombay 1963.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રોફે. જી. સી. ઝાલા એક સ્વતન્ત્ર સ્વરિતની પાછળ બીજો એક સ્વતન્ત્ર સ્વરિત આવતાં પુરોવર્તી સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મી શકે છે, અને જ્યાં આવો કમ્પ જન્મ્યો છે તેના એક ઉદાહરણ તરફ કેવળ અંગુલિનિર્દેશ કરીને એકદમ અટકી ગયા છે, અને તેની કોઈ સમજૂતી આપી નથી, તથા એ બન્ને સ્વતન્ત્ર સ્વરિત કયા પ્રકારના છે ? વગેરેનું કશું વિવરણ કર્યું નથી. તથા ઋગ્વેદમાં આવું બીજું કોઈ ઉદાહરણ છે ખરું કે નહીં ? એ પણ સંદિગ્ધ રાખ્યું છે. તેમણે દર્શાવેલા ઉદાહરણનું પૃથક્કરણ આ પ્રમાણે છે :

तेऽवंसा समीके ३ भींतिमर्यो वनुषांं० । (ऋ० सं० ७-२१-९)

ते । अवंसा । सम्ऽईके । अभिऽइंतिम् । अर्यः । वनुषाम् ।

क्ेऽ | भी

(અભિનિહિત સ્વ. સ્વ.) | (પ્રશ્લિષ્ટ સ્વ. સ્વ.)

* * *

હવે આવું એક બીજું ઉદાહરણ ઉવટે જે નોધ્યું છે તેનો અભ્યાસ કરીશું :—

शतचंक्रं यो ३ ह्यों वर्तनिः० ॥ (ऋ० सं० १०-१४४-४)

અહીં शतचंक्रम् । यः । अह्यः । वर्तनिः । એવો પદપાઠ છે. તેમાં અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિતની પાછળ ह्यः એવો જાત્ય સ્વતન્ત્ર સ્વરિત આવવાથી કમ્પ જન્મ્યો છે એ નોંધપાત્ર છે.

[૭]

સ્વતન્ત્ર સ્વરિતની પાછળ ઉદાત્ત કે બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત આવતાં જે કમ્પ જન્મે છે એને નોંધવા માટે १ અને ३ એવા આંકડાઓનું અંકન કરવામાં આવે છે. (પુનરુક્તિ સાથે કહીએ તો) એનું કારણ એવું છે કે હ્રસ્વ સ્વરિતના ઉત્તરાર્ધની એક અર્ધી માત્રા, જે અનુદાત્તત્વની હોય છે તે કમ્પ અનુભવે છે એમ દર્શાવવા १ મુકાય છે, અને જો દીર્ઘ સ્વરિત હોય તો તેના ઉત્તરાર્ધની અનુદાત્તત્વની ૧½ માત્રાઓ, એટલે કે ત્રણ અર્ધી માત્રાઓ કમ્પ અનુભવે છે એમ નોંધવા ३નું અંકન કરાય છે. આમ, એ પૂર્વોક્ત तस्योदात्ततरोदात्ताद् अर्धमात्राऽर्धमेव वा । ऋ० प्रा० ३-४) સૂત્રમાંના પહેલા પક્ષને (એટલે કે ‘अर्धमात्रा’વાળા પક્ષને) સ્વીકારીને १ અને ३નું નિશાન શાંકલ્યે સ્વીકારેલી ઋગ્વેદ સંહિતામાં મૂકવામાં આવેલું જોવા મળે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરંતુ 'ઋગ્વેદપ્રાતિશાખ્ય'માં (૩-૪માં) નોંધયેલા अर्धमेव वा–વાળા પક્ષનું કોઈ ઉદાહરણ મળે ખરું ? એવો પ્રશ્ન વેદના સંનિષ્ઠ અભ્યાસીને થવાનો. કેમકે આ દ્વિતીય પક્ષનું અનુસરણ કરીને ભટ્ટોજિ દીક્ષિતે પણ 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી"માં तस्यादितः उदात्तम् अर्धह्रस्वम् । १–२–३२ એવા પાણિનીય સૂત્રમાં 'હ્રસ્વ' ગ્રહણને 'અવિવક્ષિત'–અતન્ત્ર જાહેર કરીને સ્વરિતનો શરૂઆતનો, બરાબર અર્ધો ભાગ (એટલે કે ૫૦% ભાગ) ઉદાત્તનો બનેલો હોય છે; અને પરિશેષન્યાયથી બાકીનો-ઉત્તરાર્ધનો ૫૦% ભાગ અનુદાત્તનો હોય છે એવો મત ઉચ્ચાર્યો છે. પરંતુ આ બીજા પ્રકારના વિભાગીકરણવાળું કોઈ ઉદાહરણ ઋગ્વેદપ્રાતિશાખ્યમાં, કે ઉવટના ભાષ્યમાં નોંધાયું નથી; (કોઈ આધુનિક વિદ્વાને પણ આ દિશામાં કોઈ પ્રયત્ન કર્યો હોય તો તે જાણમાં નથી). 'ઋગ્વેદ સંહિતા'નું પરીક્ષણ કરતાં અમને ઋગ્વેદના દશમા મણ્ડળમાંથી એક ઉદાહરણ હાથ લાગ્યું છે :

જેમાં र॒थाना॒ं न ये १॒ राः सना॑भयो० । (ऋ० १०–७८–४) અહીં ये + अ॒राः એવા પદોમાં અભિનિહિત સન્ધિ થઈને એકારમાં પરવર્તી હ્રસ્વ અકાર ભળી ગયો છે; પરિણામે એકારમાંનું ઉદાત્તત્વ અને અકારમાંનું અનુદાત્તત્વ પણ સમાહાર પામે છે = જોડાય છે. તેથી यें માં સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે, અને તેની પાછળનો राः અક્ષર ઉદાત્તસ્વરવાળો હોવાથી, તેના પુરોવર્તી यें માં કમ્પ જન્મશે. પરંતુ હવે આ यें માં સ્વરિત તો દીર્ઘ છે; તેથી તેની પૂર્વાર્ધમાં આવેલી એક ૦।। માત્રા ઉદાત્તત્વની છે, અને ઉત્તરાર્ધમાંની ૧½ માત્રા = ત્રણ અર્ધી માત્રાઓ અનુદાત્તની છે એમ વિભાગીકરણ કર્યું હોય તો यैंની પાછળ ३॒નું અંકન થવું જોઈતું હતું. પરંતુ એવું નથી થયું. પ્રાપ્ત ઋગ્વેદસંહિતામાં તો १॒ નું અંકન થયું છે. આ એકડાનું અંકન ત્યારે જ સમજાવી શકાય કે જ્યારે આપણે પૂર્વોક્ત 'ઋગ્વેદપ્રાતિશાખ્ય' (३–४) સૂત્રમાંના 'अर्धमेव वा' વાળા પક્ષને પણ સ્વીકારીએ તો. એટલે કે ભટ્ટોજિ દીક્ષિતના અર્થઘટનને અનુરૂપ એવું આ ઉદાહરણ रथानां न ये १॒ राः । છે; કે જેમાં દીર્ઘ સ્વરિતનું એકસરખી એક એક માત્રામાં વિભાજન વિચારાયું છે અને ઉત્તરાર્ધની અનુદાત્તની બરાબર એક પૂરી માત્રા કમ્પ અનુભવે છે એમ દર્શાવતું આ १॒ એકનું અંકન થયું છે.

*

અહી ઉદ્‌ભવતા બે-ત્રણ પ્રશ્નો તરફ ધ્યાન દોરીને અટકું છું :

(૧) ઋગ્વેદ સંહિતામાં સર્વત્ર અર્ધમાત્રાવાળું જ પક્ષાન્તર સ્વીકાર્યું છે. તે સ્થિતિમાં આ ऋ० सं० १०–७८–४નું ઉદાહરણ કેવી રીતે સ્થાન પામ્યું ? એટલે કે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બહ્વૃચો જેને 'કમ્પ' તરીકે ઓળખાવે છે (એવું ઉવટ કહે છે.) તેમનાથી ભિન્ન એવી બીજા કોઈની ઋગ્વેદની શાખાનો આ મન્ત્ર આમાં આવી પડ્યો હશે ?

(૨) ભટ્ટોજિ દીક્ષિતની 'સિદ્ધાન્તકૌમુદી'માં જે क्व १ वोँऽश्वाः । रथानां न ये ३ राः અને शतचक्र यो ३ ह्यः ० । એવાં ઉદાહરણો છપાયાં છે.[1] તેનું શું સમાધાન શોધવું ?

---

૧. જુઓ : वैयाकरणसिद्धान्तकौमुदी प्रका० मोतीलाल बनारसीदास, दिल्ली, १९७५ भाग-१, पृ. १२.

• સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા આયોજિત 'વેદવિમર્શ' પરિસંવાદ (તા. ૨૯-૩૧ માર્ચ, ૧૯૯૩)માં રજૂ કરેલો લેખ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલા-૧૫

પણ્ડિતરાજ જગન્નાથકૃત 'પ્રૌઢમનોરમાકુચમર્દિની' ટીકાનો અભ્યાસ*

૦.૦ ભૂમિકા :

૦.૧ પાણિનિએ 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં જે ક્રમે સૂત્રોની રચના કરી છે, તે જ ક્રમને વળગી રહીને 'કાશિકાવૃત્તિ' (ઇ.સ. ૬૦૦-૭૦૦)માં પાણિનિનાં સૂત્રોની સમજૂતી રજૂ કરવામાં આવી છે. પાણિનિનાં સૂત્રોની મદદથી જ્યારે કોઈ વાક્ય કે વાક્યના એક એકમ રૂપ નામપદ કે ક્રિયાપદની રૂપસિદ્ધિ વર્ણવવી હોય ત્યારે પાણિનિનાં સૂત્રોનો ઉપસ્થિતિક્રમ બદલાય છે. આવી રૂપસિદ્ધિમાં જે ક્રમે સૂત્રોની ઉપસ્થિતિ થાય છે તેને 'પ્રક્રિયાક્રમ' પણ કહે છે. કાલક્રમે 'કાશિકાવૃત્તિ', કે જેમાં 'અષ્ટાધ્યાયી'નાં સૂત્રોની પાણિન્યુચ્ચરિત ક્રમે વ્યાખ્યા કરવામાં આવી છે, તેવા વૃત્તિગ્રંથોની, (કે જેમાં રૂપસિદ્ધિમાં જે ક્રમે સૂત્રો ઉપસ્થિત કરવામાં આવતાં હોય છે તે પ્રક્રિયાક્રમાનુસાર સૂત્રોની વ્યાખ્યા કરવામાં આવતી હોય તેવા ગ્રન્થોની) રચના થવી શરૂ થઈ છે. આમાં ધર્મકીર્તિ (ઇ.સ. ૧૧૦૦-૧૧૫૦)ના 'રૂપાવાતાર' અને વિમલ સરસ્વતી (ઇ.સ. ૧૩૫૦)ના 'રૂપમાલા' જેવા ગ્રન્થો પછી, ઇ. સ. ૧૫૦૦માં રામચન્દ્રાચાર્યકૃત પ્રક્રિયાકૌમુદી' અસાધારણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. (કારણ કે આ પ્રક્રિયાગ્રન્થોની પરંપરામાં જ, અને 'પ્રક્રિયાકૌમુદી'માંથી જ વિપુલ પ્રેરણા મેળવીને કાલક્રમે ભટ્ટોજિ દીક્ષિતે (ઇ.સ. ૧૬૫૦) 'વૈયાકરણ-સિદ્ધાન્ત-કૌમુદી' ગ્રન્થની રચના કરી છે.)

૦.૨ રામચન્દ્રાચાર્યકૃત 'પ્રક્રિયાકૌમુદી' ઉપર 'પ્રકાશ' અને 'પ્રસાદ' નામની બે નોંધપાત્ર ટીકાઓ મળે છે. આમાંથી પહેલી 'પ્રકાશ' (અથવા 'પ્રક્રિયાકૌમુદીવૃત્તિ') નામની ટીકા શેષવંશમાં જન્મેલા શ્રીકૃષ્ણ પંડિતે રચી છે; અને બીજી 'પ્રસાદ' નામની ટીકા પ્રક્રિયાકૌમુદીકાર રામચન્દ્રાચાર્યના જ પૌત્ર વિઠ્ઠલે રચી છે.

૦.૩ પ્રક્રિયાકૌમુદીકાર રામચન્દ્રાચાર્યનું દ્વિવિધ વંશવૃક્ષ નીચે પ્રમાણે હોય એમ જણાય છે.

---

* તા. ૧૭-૧૯ ડિસેમ્બર, ૧૯૯૧ના દિવસોએ સંસ્કૃત વિભાગ, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા આયોજિત 'પંડિતરાજ જગન્નાથ વિષયક રાજ્યકક્ષાનો પરિસંવાદ'માં રજૂ કરેલ સંશોધન લેખ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧) જન્મ વંશવૃક્ષ :

કૃષ્ણાચાર્ય (પિતા)

નૃસિંહ (પુત્ર-૧) → પુત્ર શ્રીકૃષ્ણ (પ્રક્રિયાકૌમુદીપ્રકાશ)

રામચન્દ્રાચાર્ય (પુત્ર-૨) (પ્રક્રિયાકૌમુદી) → નૃસિંહ (પૌત્ર) → વિઠ્ઠલ (પ્રપૌત્ર) (પ્રક્રિયાકૌમુદીપ્રસાદ)

પ્રક્રિયાકૌમુદીકાર રામચન્દ્રાચાર્યનો વંશ 'શેષ'- વંશ એવા નામથી પણ પ્રખ્યાત બન્યો છે; આ વંશમાં ઘણા વૈયાકરણો પાક્યા છે અને તેમણે પાણિનીય વ્યાકરણશાસ્ત્રના પ્રચારમાં ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

(૨) વિદ્યાવંશવૃક્ષ :

ગોપાલાચાર્ય ← ભ્રાતા → કૃષ્ણાચાર્ય

રામચન્દ્રાચાર્ય

(બન્નેના શિષ્ય, પણ કૃષ્ણાચાર્યના પુત્ર અને 'પ્રક્રિયાકૌમુદી'ના કર્તા)

શ્રીકૃષ્ણ (શેષ)

(શિષ્ય)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રક્રિયાકૌમુદી પ્રકાશટીકાના કર્તા
↓
શ્રીકૃષ્ણ શેષ
↓

- ભટ્ટોજિ દીક્ષિત (શિષ્ય) —વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી અને —પ્રૌઢમનોરમા-ના કર્તા
- નૃસિંહ (શિષ્ય)
- રામેશ્વર = વીરેશ્વર[1] (પુત્ર અને શિષ્ય)
  - વિઠ્ઠલ (શિષ્ય)
  - જગન્નાથ (શિષ્ય)
    — રસગંગાધર
    — મનોરમાકુચમર્દિની
    — શબ્દકૌસ્તુભખંડન
  - ચક્રપાણિ (શિષ્ય) —પ્રૌઢમનોરમાખંડન

* * *

પંડિત શ્રી યુધિષ્ઠિર મીમાંસકજીએ આ ગુરુ-શિષ્ય પરંપરાનું એક ચિત્ર નીચે પ્રકારે આપ્યું છે :

ગોપાલાચાર્ય — કૃષ્ણચાર્ય
↓
રામચન્દ્રાચાર્ય
કૃષ્ણ

- નૃસિંહ
- રામેશ્વર (વીરેશ્વર)
  - વિઠ્ઠલ
  - જગન્નાથ
  - ભટ્ટોજિ દીક્ષિત
  - ચક્રપાણિ દત્ત

આ ચિત્રમાં[2] જગન્નાથ અને ભટ્ટોજિ દીક્ષિતને સતીર્થ્ય (સમાન ગુરુના શિષ્યો) બતાવ્યા છે; તે ચિન્ત્ય છે.

* * *

---

૧. 'પ્રૌઢમનોરમાખંડન'ના કર્તા ચક્રપાણિ દત્તે પોતાના ગુરુ તરીકે શેષવંશના 'વટેશ્વર'નું નામ આપ્યું છે. (જુઓ : ૧.૫માં ઉદ્ધૃત કરેલા શ્લોકો). આ વડેશ્વર તે જ 'વીરશ્વેર શેષ' છે.

૨. જુઓ : संस्कृत व्याकरणशास्त्र का इतिहास (भाग-१) पं. युधिष्ठिर मीमांसक प्रका० रामलाल कपूर ट्रस्ट, सोनीपत (हरयाणा), तृतीय संस्करण, सं. २०३०, पृष्ठ : ४०८

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રોફે. શ્રી આર.બી. આઠવલે સાહેબે લખ્યું છે કે "ભટ્ટોજિ દીક્ષિતે પોતાના 'પ્રૌઢમનોરમા' ગ્રન્થમાં વ્યાકરણશાસ્ત્રના પોતાના ગુરુ શ્રીકૃષ્ણશેષના પ્રક્રિયાકૌમુદી (=પ્રક્રિયાકૌમુદીપ્રકાશ) નામના વ્યાકરણ ગ્રન્થમાંના કેટલાક મુદ્દાઓ ખંડન કરેલું છે. વીરેશ્વર શાસ્ત્રી શેષ જગન્નાથરાયના પિતાના વ્યાકરણશાસ્ત્રના ગુરુ હતા. એટલે જગન્નાથરાયને ભટ્ટોજિ દીક્ષિત ઉપર બે રીતે રોષ હતો, એ ઉઘાડું છે. એક તો પોતાના ગુરુના ગુરુના (પિતાના) [ખરેખર 'ગુરુના (પિતાના) ગુરુના' એમ પ્રોફે. આઠવલેએ લખવું જોઈતું હતું.] ગ્રંથનું ખંડન કર્યું એ પોતાના પિતાનું જ અપમાન થયું, એવી લાગણીથી થનારો રોષ, અને બીજો, ભટ્ટોજિ દીક્ષિતે પ્રત્યક્ષ પોતાના ગુરુના ગ્રંથનું ખંડન કરી ગર્વથી ગુરુદ્રોહ કર્યો એનો રોષ."[1] અહીં પ્રોફે. આઠવલેએ વીરેશ્વર શેષને જગન્નાથના સાક્ષાત્ ગુરુ નહીં કહેતાં, જગન્નાથના પિતા (પેરમભટ્ટ/પેરુભટ્ટ) ગુરુ કહ્યા છે તે અનવધાન-પ્રયુક્ત પ્રસાદ હશે ?

૦.૪ ભટ્ટોજિ દીક્ષિતે 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી'ની રચના કર્યા પછી, તેની ઉપર 'પ્રૌઢમનોરમા' નામનો એક ટીકાગ્રન્થ પણ લખ્યો. આ ગ્રન્થમાં તેમણે પોતાના પરમગુરુ (પ્રક્રિયાકૌમુદીકાર) રામચન્દ્રાચાર્યના મતોનું તથા પોતાના સાક્ષાત્ ગુરુ (પ્રક્રિયાકૌમુદીપ્રકાશ ટીકાકાર) શ્રીકૃષ્ણ શેષના અનેક મતોનું પ્રૌઢિવાદપૂર્વક સયુક્તિક ખંડન કર્યું છે. ભટ્ટોજિ દીક્ષિતના આ 'પ્રૌઢમનોરમા' ગ્રન્થે વૈયાકરણસમૂહમાં ભારે ઊહાપોહ જગાડ્યો છે; અને તેનું પ્રકટપણે ખંડન કરવા માટે ત્રણેક વૈયાકરણોએ પ્રયત્નો પણ કર્યા છે. જેમકે,

(૧) પ્રક્રિયાકૌમુદીપ્રકાશકાર શેષકૃષ્ણના પૌત્ર અને વીરેશ્વરના પુત્ર, (કે જેનું નામ અજ્ઞાત છે, તેમણે) 'પ્રૌઢમનોરમા'નું ખંડન કરતો કોઈ ગ્રન્થ લખ્યો હતો.[2] પણ સમ્પ્રતિ આ ગ્રન્થ અપ્રાપ્ય છે.

(૨) ચક્રપાણિ દત્ત નામના બીજા એક વૈયાકરણે 'પ્રૌઢમનોરમાખંડન' નામનો ગ્રન્થ લખ્યો છે. એમાંથી કેટલોક અંશ 'લાજરસ કંપની, બનારસ, ઇ.સ.૧૯૧૯' દ્વારા પ્રકાશિત થયો છે.[3]

---

૧. જુઓ : 'રસગંગાધરની ભૂમિકા', લેખક : રા. બ. આઠવલે, અનુવાદક : નગીનદાસ પારેખ, યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૨; પૃ. ૧૧૨.

૨. सा च प्रक्रियाप्रकाशकृतां पौत्रैरखिलशास्त्रमहार्णवमन्थाचलायमानमानसानामस्मद्-गुरुवीरेश्वरपण्डितानां तनयैर्दूषिता अपि स्वमतिपरीक्षार्थं पुनरस्माभिरपि निरीक्ष्यते ॥ प्रौढमनोरमा; सं. सदाशिव जोशी, चौखम्बा संस्कृत सीरिज आफिस, बनारस, १९३४; परिशिष्ट–१, पृ. १

૩. ચક્રપાણિકૃત 'પ્રૌઢમનોરમાખંડન'નો ઉદ્ધાર ભટ્ટોજિ દીક્ષિતના પૌત્ર હરિ દીક્ષિતે 'પ્રૌઢમનોરમા' ઉપરની ટીકા 'શબ્દરત્ન'માં કર્યો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૩) પંડિતરાજ જગન્નાથે 'પ્રૌઢમનોરમાકુચમર્દિની' નામની ટીકા રચીને ભટ્ટોજિ દીક્ષિતની 'પ્રૌઢમનોરમા'નું ખડંન કર્યું છે.

૦.૫ પંડિતરાજ જગન્નાથે 'પ્રૌઢમનોરમા'નું ખંડન કરવા માટે જે 'કુચમર્દિની' ટીકા લખી છે, તેનાં બે પ્રેરક પરિબળો નીચે પ્રમાણે છે –

(ક) ભટ્ટોજિ દીક્ષિત પોતાના પરમગુરુ શ્રીરામચન્દ્રાચાર્યના 'પ્રક્રિયાકૌમુદી' માંથી જ ઘણીબધી પ્રેરણા લઈને 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી'ની રચના કરી છે; તથાપિ ભટ્ટોજિ દીક્ષિતે 'પ્રૌઢમનોરમા'માં પોતાના સાક્ષાત્ ગુરુ શ્રીકૃષ્ણ શેષની 'પ્રક્રિયાકૌમુદીપ્રકાશ' ટીકામાં ચર્ચેલા અનેક મતોનું પણ ખંડન કર્યું છે ! આથી પંડિતરાજ જગન્નાથની દૃષ્ટિએ ભટ્ટોજિ દીક્ષિતે 'પ્રૌઢમનોરમા' લખીને ગુરુદ્રોહ જ કર્યો છે. વળી, પંડિતરાજ જગન્નાથને માટે આ ગુરુદ્રોહ અક્ષમ્ય બની રહ્યાનું એક કારણ એ પણ છે કે ભટ્ટોજિ દીક્ષિત જે સાક્ષાત્ ગુરુ છે – પ્રક્રિયાપ્રકાશકાર શ્રીકૃષ્ણ શેષ-તે જગન્નાથના સાક્ષાત્ ગુરુ શેષ વીરેશ્વરના પિતા છે. આથી પોતાના ગુરુના પિતાની કોઈ માનહાનિ કરી જાય. તે પંડિતરાજ જગન્નાથથી કેવી રીતે સહન થઈ શકે ? આમ જગન્નાથે ગુરુદ્રોહી ભટ્ટોજિ દીક્ષિતની 'પ્રૌઢમનોરમા'નું ખંડન કરવા એક ટીકાની રચના કરી, અને તેને 'પ્રૌઢમનોરમાકુચમર્દિની' એવું અસભ્ય શીર્ષક આપીને, ભટ્ટોજિ દીક્ષિતની ટીખળ ઉડાવી છે.

(ख) 'પ્રૌઢમનોરમાકુચમર્દિની'ની રચના પાછળ બીજો પણ એક પ્રસંગ બન્યો હોય એમ લાગે છે. આ પ્રસંગની વિગત તરફ ધ્યાન દોરતાં પંડિત યુધિષ્ઠિર મીમાંસકે નીચે પ્રમાણે લખ્યું છે : પંડિતરાજ જગન્નાથને ભટ્ટોજિ દીક્ષિત સાથે જે અહિનકુલવૈર જેવું સહજ વૈર ઊભું થઈ ગયું હતું એ વિષે એક કવિએ લખ્યું છે કે - ગર્વિષ્ઠ દ્રાવિડ (અપ્પયદીક્ષિત)ના દુરાગ્રહ રૂપી ભૂતાવેશથી (પ્રેરાયેલા) ગુરુદ્રોહી ભટ્ટોજિ દીક્ષિતે ભરી સભામાં, વગર વિચારે પંડિતરાજને 'મ્લેચ્છ' કહી દીધા. ધૈર્યનિધિ પંડિતરાજે આ (વચન)ને તેમની 'પ્રૌઢમનોરમા'નું કુચમર્દન કરીને સાચું કરી દેખાડ્યું; અને અપ્પયદીક્ષિતાદિ (ભટ્ટોજિના સમર્થકો) જોતા જ રહી ગયા.

પંડિત યુધિષ્ઠિર મીમાંસકે કાશીમાં પ્રકાશિત થયેલી 'રસંગગાધર'ની કોઈ હિન્દી ટીકામાંથી એક ઉદ્ધરણ આપ્યું છે, જેમાં ઉપર્યુક્ત પ્રસંગ નોંધ્યો છે :

दृप्यद् द्रविडदुर्ग्रहग्रहवशान्म्लिष्टं गुरुद्रोहिणा यन्म्लेच्छेति वचोऽविचिन्त्य सदसि प्रौढेऽपि भट्टोजिना । तत्सत्यापिमेव धैर्यनिधिना यत्स व्यमृद्नात्, कुचम्, निर्बध्याऽस्य मनोरमामवशयन्नप्पयाद्यान्' स्थितान् ॥[1]

* * *

૧. જુઓ : संस्कृत व्याकरणशास्त्र का इतिहास, भाग-१ तृतीय संस्करण, वि. सं. २०३०,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આપણે જાણીએ છીએ કે પંડિતરાજ જગન્નાથે યવનકન્યા સાથે લગ્ન કર્યા હતા. આ હકીકતથી ખીજાયેલા કાશીના તત્કાલિક સમાજમાં, જગન્નાથને 'મ્લેચ્છ' જાહેર કરનારો કોઈ પ્રસંગ બન્યો હોવાની પૂરી સંભાવના છે. અલબત્ત જગન્નાથે પોતે આવા કોઈ પ્રસંગની વાત 'પ્રૌઢમનોરમાકુચમર્દિની'ની પ્રસ્તાવનામાં લખી નથી.

૧.૦ 'પ્રૌઢમનોરમાકુચમર્દ્દિ' ટીકાગ્રન્થનો પરિચય :

૧.૧ પં. જગન્નાથકૃતમનોરમાખંડનરૂપા–કુચમર્દિની નામની ટીકા સમ્પ્રતિ પૂર્ણ રૂપે મળતી નથી. પણ શ્રી સદાશિવ જોશી શાસ્ત્રીએ સમ્પાદિત કરેલી 'પ્રૌઢમનોરમા'માં પૃ. ૫૬૬ પછી, પરિશિષ્ટ રૂપે (પૃ.૧થી ૨૬) આ ટીકા જોડવામાં આવી છે.[૧]

આ ટીકામાં કુલ છ પ્રકરણો આવેલાં છે :

૧. સંજ્ઞાપ્રકરણ	૨. હલ્સન્ધિ પ્રકરણ,
૨. પરિભાષાકરણ	૫. વિસર્ગસન્ધિપ્રકરણ અને
૩. અચ્સન્ધિપ્રકરણ	૬. સ્વાદિસન્ધિપ્રકરણ.

આની આગળનો ગ્રન્થ મળતો નથી. પરંતુ છઠ્ઠા 'સ્વાદિ સન્ધિપ્રકરણ'ને અન્તે નીચે મુજબની પુષ્પિકા વાંચવા મળે છે :

श्रीमत्पदवाक्यप्रमाणपारावारीणपण्डितराजजगन्नाथकृतौ मनोरमाखण्डनकुचर्द्दिन्यां पञ्चसन्धिप्रकरणं समाप्तिम् अगमत् ॥

"પદ (વ્યાકરણશાસ્ત્ર), વાક્ય (મીમાંસાશાસ્ત્ર) અને પ્રમાણ (ન્યાયશાસ્ત્ર)ના બન્ને છેડાઓને સ્પર્શી જનાર શ્રીમાન પંડિતરાજ જગન્નાથની રચેલી 'મનોરમાખંડન કુચમર્દ્દિની'માં આવેલું 'પંચસન્ધિપ્રકરણ' સમાપ્તિને પામ્યું.'

આવી પુષ્પિકા વચ્ચેનાં બીજાં કોઈ પ્રકરણોને અન્તે જોવા મળતી નથી, તેથી સંભવ છે કે જગન્નાથે સ્થાલીપુલાકન્યાયે જ મનોરમા'ની પરીક્ષા કરીને, આટલા પ્રકરણ પૂરતી જ પોતાની ટીકા રચી હોય. આના સમર્થનમાં જગન્નાથની જ એક પ્રાસ્તાવિક નોંધ અહીં ઉલ્લેખનીય છે :

"....शपः प्रवृत्तिं समर्थयमानानां गुरुद्वेषदूषितमतीनां यद्यपि पुरुषायुषेणापि

પૃ. ૪૮૯-૪૯૦. વળી, આ શ્લોક "हिन्दी-रसगंगाधर", લેખક–પુરુષોત્તમ શર્મા ચતુર્વેદી (પ્રકા. ઇન્ડિયન પ્રેસ લિમિટેડ, પ્રયાગ, સંવત ૧૯૮૬)ની પ્રસ્તાવનામાં પૃ. ૨૧ ઉપર આવેલો છે.

૧. प्रभा-विभा-ज्योत्स्ना-कुचमर्द्दिनी-संवलित सशब्दरत्न-प्रौढमनोरमाः संपादक–सदाशिव जोशी शास्त्री, प्रकाशक–चौखम्बा संस्कृत सीरीझ ऑफिस, बनारस सीटी, १९३४ A. D.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

न शक्यन्ते गणयितुं प्रसमादास्तथापि दिङ्मात्रेणापि कानपि कुशाग्रधिषणेषु निरूपयामः । (पृ. २)

"... शप्‌ની પ્રવૃત્તિનું સમર્થન કરનાર એવા, અને ગુરુ (શ્રીકૃષ્ણ શેષ)નો દ્વેષ કરવાથી દૂષિત થયેલી મતિવાળા (ભટ્ટોજિ દીક્ષિત)ના પ્રમાદો જો કે સમગ્ર પુરુષાયુષને ખરચવાથી પણ ગણી શકવા શક્ય નથી; તો પણ દિશામાત્રનું સૂચન કરવા પૂરતું તેમાંના કેટલાક દોષોને અમે કુશાગ્ર બુદ્ધિવાળાઓને વિષે—ની સમક્ષ રજૂ કરીએ છીએ.'

આમાંથી એવું સ્પષ્ટ સૂચવાય છે કે પં. જગન્નાથે સમગ્ર પ્રૌઢમનોરમા ઉપર તો 'કુચમર્દિની' ટીકા નહીં લખી હોય.

૧.૨ 'કુચમર્દિની' ટીકાના આરંભે પં. જગન્નાથે એક મંગલશ્લોક મૂક્યો છે :

लक्ष्मीकान्तपदाम्भोजं प्रणम्य श्रेयसां पदम् ।
पण्डितेन्द्रो जगन्नाथः स्यति गर्वं गुरुद्रुहाम् ॥

"કલ્યાણોનું જે ધામ છે તેવા લક્ષ્મીકાન્ત (વિષ્ણુ)ના ચરણકમળને પ્રમાણ કરીને પંડિતેન્દ્ર જગન્નાથ (શેષકૃષ્ણ) ગુરુનો દ્રોહ કરનારાઓના ગર્વનો અન્ત આણે છે."

આ મંગલશ્લોકના અન્તિમ ચરણ स्यति गर्वं गुरुद्रुहाम् । માં √ षो अन्तकर्मणि ધાતુનું લટ્ લકાર—વર્તમાનકાળમાં 'પ્રથમ' પુરુષ એકવચનનું स्यति । એવું રૂપ વપરાયું છે. એનો અર્થ છે : अन्तकर्म प्रापयति । दूरीकरोति । આથી ગ્રન્થકર્તાનો આશય તરત જ સ્પષ્ટ થઈ જાય છે કે ગુરુનો દ્રોહ કરનાર ભટ્ટોજિ દીક્ષિતના ગર્વનું ખંડન કરવા માટે જ આ ગ્રન્થની રચના કરવામાં આવી છે.

આ મંગલશ્લોક પછી જગન્નાથે પોતાના આ ગ્રન્થની પ્રસ્તાવના કરતાં કહ્યું છે કે –

"અહીં અખિલ વિદ્વાનોના મુકુટમણિનાં કિરણોની હારમાળાથી જેમના ચરણકમળ લાલિત કરાયા છે તેવા, દેવગુરુના ગૌરવનો પણ ગ્રાસ કરી જનારા સુદઢ મહિમા વડે જેમણે સકળ પૃથિવીમંડળને સુશોભિત કર્યું છે તેવા 'શેષ' વંશના આભૂષણ રૂપ 'શ્રી કૃષ્ણ' નામના પંડિતશ્રીની લાંબા સમય સુધી પૂજેલી પાદુકાઓના પ્રસાદથી જ જેમને શબ્દનુશાસન જાણવા મળ્યું છે તેવા કેટલાક વૈયાકરણો, કે જેઓ કલિકાલની આજ્ઞામાં રહીને બોલતા થયા છે તેમણે, તેમના—શેષ કૃષ્ણ ગુરુના સ્વર્ગે સીધાવ્યા પછી તેમણે (શેષકૃષ્ણે) ઉલ્લાસિત કરેલા 'પ્રક્રિયાપ્રકાશ'ને (પ્રક્રિયાપ્રકાશ)ના આશયોના અજ્ઞાનમાંથી ઊભા કરેલા દોષો વડે પોતે રચેલી (પ્રૌઢ)મનોરમા'માં આકુળવ્યાકુળ કરી નાખ્યો છે અર્થાત્ ડહોળી નાખ્યો છે. આવી આ (પ્રૌઢમનોરમા)ને પ્રક્રિયાપ્રકાશકાર (=શ્રીકૃષ્ણ શેષ)ના પૌત્રે, કે જે બધાં જ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શાસ્ત્રો રૂપી મહાસમુદ્રનું આલોડન કરનાર (મેરુ) પર્વત જેવા મનવાળા અમારા ગુરુ વીરેશ્વર પંડિતના પુત્ર છે તેમણે દુષિત તો કરી જ કાઢી છે; તથાપિ અમારી (=પંડિતરાજ જગન્નાથની) બુદ્ધિની પરીક્ષા કરવા માટે ફરી એકવાર અમારા વડે પણ તપાસવામાં આવે છે.[૧] આ વિસ્તૃત પ્રસ્તાવનામાંથી નીચેના મુદ્દાઓ સવિશેષ ધ્યાન ઉપર ચઢે છે :

૧. ('પ્રક્રિયાકૌમુદી ઉપર 'પ્રકાશ' ટીકા લખનારા) શ્રીકૃષ્ણ શેષ અસાધારણ પાંડિત્ય ધરાવનારા હતા.

૨. ભટ્ટોજિ દીક્ષિતે તેમના અન્તેવાસી બનીને જ પાણિનીય શબ્દાનુશાસનનું જ્ઞાન મેળવ્યું હતું.

૩. શ્રીકૃષ્ણ શેષના અવસાન પછી, ભટ્ટોજિ દીક્ષિતે પોતાની 'પ્રૌઢમનોરમા'માં તે 'પ્રક્રિયાપ્રકાશ'ના ઘણા મતોનું, આશયો નહીં સમજી શકવાને કારણે, તેમાં દોષોદ્ભાવન કરીને ખંડન કર્યું છે. આ રીતે તેમણે ગુરુદ્રોહ કર્યો છે.

૪. આવી 'પ્રૌઢમનોરમા'નું ખંડન તો શ્રીકૃષ્ણ શેષના પૌત્ર અને જગન્નાથના ગુરુ શ્રી વીરેશ્વર પંડિતના પુત્રે, (કે જેનું નામ અજ્ઞાત છે, તેમણે) કર્યું જ છે.

૫. તથાપિ જગન્નાથે પોતાની મતિની પરીક્ષા કરવા માટે ફરી એકવાર 'પ્રૌઢમનોરમા'ની નિરીક્ષા શરૂ કરી છે.

૬. ભટ્ટોજિ દીક્ષિતે કરેલા ગુરુદ્રોહનો અન્ત લાવવા માટે જ આ 'કુચમર્દિની'ની રચના કરવામાં આવી છે. પણ તેમાં ભટ્ટોજિ દીક્ષિતે જગન્નાથનું મ્લેચ્છાદિ શબ્દથી અપમાન કર્યાનો ક્યાંય નિર્દેશ મળતો નથી.

૧.૩ અગાઉ (૧.૧માં) જણાવ્યું છે તેમ જગન્નાથના મતે ભટ્ટોજિ દીક્ષિતે 'પ્રૌઢમનોરમા'માં જે દોષો કર્યા છે તેને આખા આયુષ્ય દરમ્યાન શોધ્યા કરીએ અને ગણ્યા કરીએ તો ય પાર આવે એમ નથી. તથાપિ જગન્નાથે इति दिक् ન્યાયે જે કેટલાક દોષો શોધી બતાવ્યા છે તેની સંખ્યા લગભગ પચ્ચીસ જેટલી થવા જાય છે. જગન્નાથે જે જે સૂત્રો (કે વાર્ત્તિકો) ઉપરની 'પ્રૌઢમનોરમા'ના મતોની સમીક્ષા કરી, તેનું ખંડન કર્યું છે તે પચ્ચીસ સૂત્રો નીચે મુજબ છે :

---

૧. इह खलु केचिन्निखिलविद्वन्मुकुटमणिमयूखमालालालितचरणकमलानां गीर्वाणगुरुगौरवग्रासमांसलमहिममण्डिताखण्डमहीमण्डलानां शेषवंशावतंसानां श्रीकृष्णाख्यपण्डितानां चिरायार्चितयोः पादुकयोः प्रसादादासदितशब्दानुशासनास्तेषु च पारेश्वरं पदं प्रयातेषु कलिकालवशंवदीभवन्तस्तत्रभवद्भिरुल्लासितं प्रक्रियाप्रकाशमाशयानवबोधनिबन्धनैर्दूषणैः स्वयं निर्मितायां मनोरमायाम् आकुल्यकार्षुं; सा च प्रक्रियाप्रकाशकृतां पौत्रैरखिलशास्त्रमहार्णवमन्थाचलायमांनमानसानाम् अस्मद्गुरुवीरेश्वरपण्डितानां तनयैर्दूषिता अपि स्वमतिपरीक्षार्थं पुनरस्माभिरपि निरीक्ष्यते॥ (જુઓ : પ્રૌઢમનોરમકુચમર્દિની ટીકા, પૃ. ૧)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

१. हलन्त्यम् । पा. सू. १-३-३
२. उपदेशेऽजनुनासिक इति । १-३-२
३. ऊकालोऽज्झस्वदीर्घप्लुतः । १-१-२७
४. तस्यादित उदात्तमर्धह्रस्वम् । १-२-३२
५. ऋलृवर्णयोर्मिथः सावर्ण्यम् वाच्यम् । वार्त्तिकम्
६. अणुदित्सवर्णस्य चाप्रत्ययः । १-१-६९
७. तपरस्तत्कालस्य । १-१-७०
८. स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । १-१-६८
९. मिदचोऽन्त्यात्परः । १-१-४७
१०. तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । १-१-६६
११. अनेकाल्शित्सर्वस्य । १-१-५५
१२. इको यणचि । ६-१-७७
१३. न पदान्तद्विर्वचनवरेयलोप० । १-१-५८
१४. एत्येधत्यूठ्सु । ६-१-८९
१५. स्वादीरेरिणोः । (वार्त्तिकम्)
१६. प्रादूहोढोढ्येषैष्येषु । (वार्त्तिकम्)
१७. उपसर्गादृत्ति धातौ । ६-१-९१
१८. निपात एकाजनाङ् । १-१-१३
१९. ईदूतौ च सप्तम्यर्थे । १-१-१९
२०. सम्बुद्धौ शाकल्यस्योतावनार्षे । १-१-१६
२१. स्तोः श्चुना श्चुः । ८-४-४०
२२. ष्टुना ष्टुः । ८-४-४१
२३. शि तुक् । ८-३-३१
२४. ङमो ह्रस्वादचि ङमुण्नित्यम् । ८-३-३२
२५. शर्परे विसर्जनीयः । ८-३-३५

૧.૪ જગન્નાથની 'પ્રૌઢમનોરમાકુચમર્દિની' ટીકામાંથી કેટલાક સન્દર્ભોમાં એવું પણ વાંચવા મળે છેં કે જેમ ભટ્ટોજિ દીક્ષિતની 'પ્રૌઢમનોરમા'માં અમુક મતો દોષયુક્ત છે તેમ ભટ્ટોજિ દીક્ષિતના 'શબ્દકૌસ્તુભ'માં રજૂ થયેલા અમુક મતો પણ ભૂલભરેલા છે. જેમકે, તેમણે 'પ્રૌઢમનોરમાકુચમર્દિની'માં કેટલાંક સ્થળોએ લખ્યું છે કે –

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧) .....ग्राहकताप्रसंग एव नास्तीति निष्कर्ष एति कौस्तुभेन निर्णीतम् तदसत् ॥ (पृ. ११)

(२) एतेन छन्दोऽनुवृत्त्यभावानास्य छन्दोविषयत्वमिति कौस्तुभोक्तमशुद्धमेव ॥ (पृ. २३)

આથી જગન્નાથે ભટ્ટોજિ દીક્ષિતના 'શબ્દકૌસ્તુભ'નું પણ ખંડન કરતો એક ગ્રન્થ રચ્યો હોય એમ જણાય છે. તેમણે આ 'પ્રૌઢમનોરમાકુચમર્દિની' ટીકામાં જ લખ્યું છે કે –

(१) अमुं चार्थम्–'अणुदित्' सूत्रगतकौस्तुभखण्डनावसरे व्यक्तमुपपादयिष्यामः ॥ (पृ. २)

(२) इत्थं चोत्सूत्रगतकौस्तुभग्रन्थः सर्वेऽप्यसंगत इति ध्येयम् । अधिकं कौस्तुभ-खण्डनादवसेयम् ॥ (पृ. २१)

આ સન્દર્ભો એવું સૂચવે છે કે પં. જગન્નાથે ભટ્ટોજિ દીક્ષિત જેવા ગુરુદ્રોહીનું ગર્વખંડન કરવા તેમના રચેલા 'પ્રૌઢમનોરમા' અને 'શબ્દકૌસ્તુભ' જેવા ગ્રન્થોનો પહેલાં ખૂબ સૂક્ષ્મતાથી અભ્યાસ કરી લીધો છે; અને એક આરૂઢ વૈયાકરણ જેટલી જ સજ્જતા કેળવીને પછી, પોતાના 'પ્રૌઢમનોરમાકુચમર્દિની' કે 'શબ્દકૌસ્તુભખંડન' (ઉર્ફે 'શબ્દકૌસ્તુભ શાણોત્તેજન)' જેવા ટીકાગ્રન્થોની રચના કરી છે. જગન્નાથે રચેલા વ્યાકરણવિષયક આ બે ગ્રન્થોમાંથી દુર્ભાગ્યે 'શબ્દકૌસ્તભખંડન' ગ્રન્થ આજે ઉપલબ્ધ થતો નથી.

*

૧.૫ 'પ્રૌઢમનોરમાકુચમર્દિની' શીર્ષક : અગાઉ (૦.૫માં) આપણે જોયું છે કે જગન્નાથે ભટ્ટોજિ દીક્ષિતની 'પ્રૌઢમનોરમા'નું ખંડન કરવા માટે જે ટીકાગ્રન્થ રચ્યો, તેની પાછળ બે પ્રેરક પરિબળો હોઈ શકે : જેમકે, એક તો ભટ્ટોજિ દીક્ષિતે કરેલો ગુરુદ્રોહ અને બીજું જગન્નાથનું 'મ્લેચ્છ' એવા શબ્દથી કરવામાં આવેલું અપમાન.

પરંતુ આ બે પ્રેરક પરિબળો ઉપરાંત, એક ત્રીજો પ્રેરક સન્દર્ભ પણ અમને હાથ લાગ્યો છે, જે અહીં ઉલ્લેખનીય છે : ચક્રપાણિ દત્તે પોતાના 'પ્રૌઢમનોરમા ખંડન' ગ્રન્થનું મંગલાચરણ કરતી વખતે લખ્યું છે કે –

विरोधिनां तिरोभावभव्यो यद्भारतीभरः ।
वटेश्वरं गुरुं शेषवंशोत्तंसं भजामि तम् ॥१॥
दारित–रिपु–वक्षोजं सच्चक्रपाणिर्नरहरिं नत्वा ।
विद्वन्मण्डलहृद्यं तत्परमतखण्डनं तनुते ॥२॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

"વિરોધીઓના તિરસ્કારથી વધી પડેલા એવા, વાણીના ભારવાળો હું (ચક્રપાણિ) શેષવંશના આભૂષણ રૂપ ગુરુ વડેશ્વર (=વીટેશ્વર ?) ને ભજું છું. જેમણે શત્રુઓની છાતીને ચીરી કાઢી છે એવા નરહરિને પ્રણામ કરીને આ ચક્રપાણિ વિદ્વાનોની મંડલીને ગમી જાય એવા પારકાઓના મતના ખંડનને વિસ્તારે છે.'

આ શ્લોકમાં 'પ્રૌઢમનોરમાખંડન'ના કર્તા ચક્રપાણિએ નૃસિંહનું રૂપ લેનારા વિષ્ણુને માટે दारितरिपुवक्षोजम् એવું જે વિશેષણ વાપર્યું છે તેમાં શત્રુઓની છાતીનું ઉત્પાટન/વિદારણ કરવાની વાત ઉલ્લેખાઈ છે. કદાચ આમાંથી સૂચન લઈને પંડિતરાજ જગન્નાથે જ્યારે પોતે 'પ્રૌઢમનોરમાં'નુ ખંડન કરતી ટીકા રચી ત્યારે તેનું શીર્ષક 'મનોરમાકુચમર્દિની' આપવાનું સૂઝ્યું હોય તો નવાઈ નહીં.

૨.૦ પા.સૂ. ૬-૧-૭૭ સૂત્રોક્ત યણાદેશના પ્રવૃત્તિનિયામક બાબતે વિવાદ:

અગાઉ (૧.૩માં) નોંધ્યું છે તેમ જગન્નાથે 'પ્રૌઢમનોરમા'માંથી પચ્ચીસેક સૂત્રો લઈને તેની ઉપર 'કુચમર્દિની' ટીકા પ્રસ્તુત કરી છે. તેમાંથી આપણે इको यणचि । ૬-૧-૭૭ સૂત્ર ઉપરના પ્રૌઢમનોરમાકાર ભટ્ટોજિ દીક્ષિતનાં વિધાનોનો પરિહાર કરતો પં. જગન્નાથનો શાસ્ત્રાર્થ ઉદાહરણ રૂપે તપાસીશું.

૨.૧ 'પ્રક્રિયાકૌમુદી'માં રામચન્દ્રાચાર્યની રજૂઆત :

પાણિનિની 'અષ્ટાધ્યાયી'નાં સૂત્રોને આધારે પ્રક્રિયાગ્રન્થો રચવાની શરૂઆત થઈ તેમાં રામચન્દ્રાચાર્યનો પ્રયાસ અત્યંત નોંધપાત્ર પુરવાર થયો છે; (કેમકે કાલાન્તરે એમાંથી જ વિપુલ પ્રેરણા મેળવીને ભટ્ટોજિ દીક્ષિતે 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી'ની રચના કરી છે). રામચન્દ્રાચાર્યે 'પ્રક્રિયાકૌમુદી'માં[1] આરંભે માહેશ્વર સૂત્રો મૂક્યાં પછી પહેલું 'સંજ્ઞાપ્રકરણ' રજૂ કર્યું છે; અને તેની તરત જ પાછળ 'अच् सन्धि પ્રકરણ'ની શરૂઆત કરી છે. અહીં सुध्युपास्य । એવા ઉદાહરણની સિદ્ધિ કરવા માટે નીચેના ક્રમે સૂત્રો રજૂ કર્યાં છે :

(१) इको यणचि । ६-१-७७

(प्रक्रियाकौमुदी वृत्तिः)—इकः स्थाने यण् स्यादचि संहितायां विषये ॥

(२) यथासंख्यमनुदेशः समानाम् । १-३-१०

(प्र. कौ. वृत्तिः) — समेषूद्देशिषु समानां विधानं यथाक्रमं स्यात् ॥

सुध्य् उपास्य इति स्थिते —

(३) अनचि च । ८-४-४७

(प्र. कौ. वृत्तिः)—अचः परस्य यरोऽनचि परे द्वे स्तः ॥ .... વગેરે.

सुधिय उपास्यः (विष्णुः) એ પદોનો તૃતીયા તત્પુરુષ સમાસ કરીએ તો सुधी + उपास्यની સન્ધિ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. આ સ્થિતિમાં, ઉપર જોયું

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તે મુજબ રામચન્દ્રાચાર્ય તેમની 'પ્રક્રિયાકૌમુદી'માં સૌથી પ્રથમ इको यणचि। ૬-૧-૭૭ સૂત્રને ઉપસ્થિત કરીને, इक्‌ના સ્થાનમાં यणादेशનું વિધાન કરે છે. પ્રકૃત ઉદાહરણમાં इक् વર્ણ તરીકે સુધીનો ઈ છે. એના સ્થાનમાં यण् પ્રત્યાહારના ચાર વર્ણો આદેશ તરીકે પ્રવૃત્ત થવા આવે છે એમ જોઈને તેમણે यथासंख्यामनुदेशः समानाम् । ૧-૩-૧૦ સૂત્રને ઉપસ્થિત કર્યું છે. આ સૂત્ર જણાવે છે કે "ઉદ્દેશ્ય અને અનુદેશ (અર્થાત્ વિધાન = આદેશ)ની સંખ્યા એકસમાન હોય તો ત્યાં વિધાનની=આદેશની પ્રવૃત્તિ યથાક્રમે કરવી." આ સૂત્રની આવી સૂચના મળતાં, પ્રક્રિયાકૌમુદીકાર કહે છે કે સુધીના ઈના સ્થાનમાં यण् પ્રત્યાહારનો પહેલો य् વર્ણ જ આદેશ તરીકે પ્રવૃત્ત થશે. પરિણામે सुध्य् + उपास्य । એવું બની જશે.

આ પ્રક્રિયાકૌમુદીકારે 'अच् પરમાં રહેતાં સ્થાનિભૂત इक्‌ના સ્થાને यण् આદેશની પ્રવૃત્તિ કરવા માટે ૧-૩-૧૦ સૂત્રોક્ત યથાસંખ્યન્યાયને નિયામક દર્શાવ્યો છે' એટલું નોંધીને અટકીશું.

૨.૨ શ્રીકૃષ્ણ શેષે 'પ્રકાશ' ટીકામાં રજૂ કરેલું વિવરણ :

सुधी + उपास्य । એ સ્થિતિમાં इको यणचि । ૬-૧-૭૭થી यणादेशનું વિધાન થયા પછી, ઈના સ્થાનમાં यणादेशની પ્રવૃત્તિ કરવા માટે, રામચન્દ્રાચાર્યે यथासंख्यमनुदेशः समानाम् । ૧-૩-૧૦ સૂત્રને પુરસ્કાર્યું છે. એ વિષે ચર્ચા કરતાં શ્રીકૃષ્ણ શેષે પોતાની 'પ્રક્રિયાકૌમુદીપ્રકાશ' ટીકામાં નીચે મુજબની રજૂઆત કરી છે –

શંકા (૧) : અહીં स्थानेऽन्तरतमः ૧-૧-૫૦ એ સૂત્રથી જ (इक्‌ના સ્થાનમાં ઈષ્ટ यणादेशની) સિદ્ધિ થઈ શકવાની હતી. જેમકે, સ્થાનિભૂત તાલવ્ય ઈકારના સ્થાને સ્થાનસામ્ય ધરાવતો તાલવ્ય य्કાર આદેશ રૂપે પ્રવૃત્ત થશે; ઔષ્ઠ્ય ઉકારના સ્થાનમાં તેવો જ, એટલે કે ઔષ્ઠ્ય ऋકાર, મૂર્ધન્ય ऋકારના સ્થાનમાં મૂર્ધન્ય રેફ અને દન્ત્ય लृકારના સ્થાનમાં એવો જ સ્થાનસામ્ય ધરાવતો ल्કાર આદેશ રૂપે પ્રવૃત્ત થઈ જશે. તો પછી, એ કાર્ય કરવા આ यथासंख्यमनुदेशः समानाम् । ૧-૩-૧૦ સૂત્રને શા માટે પ્રક્રિયાકૌમુદીકારે આગળ ધર્યું છે ?[2]

---

१. प्रक्रियाकौमुदी (रामचन्द्राचार्यप्रणीता), भाग-१, श्रीकृष्णविरचितया 'प्रकाश' व्याख्यया संवलिता, सं० श्री मुरलीधरमिश्रः सरस्वतीभवनग्रन्थमाला १११, प्रका० सम्पूर्णानन्द संस्कृतविश्वविद्यालय, वाराणसी, १९७७ A. D.

२. नन्वत्र 'स्थानेऽन्तरतम' (१-१-५०) इत्येव सिद्धम् । तथा हि स्थानसाम्यादिकारस्य तालव्यस्य तालव्यो यकारः । उकारस्यौष्ठ्यस्य तादृश एव वः । ऋकारस्य मूर्धन्यस्य तादृश एव रः । लृकारस्य दन्तस्य तादृश एव लः, तत्किमर्थमिदम् ॥ (प्रक्रियाकौमुदीप्रकाशटीका पृ. ७५)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સમાધાન : આ શંકા સાચી છે. પણ तस्थस्थमिपां तान्तन्तामः । ૩-૪-૧૦ જેવાં સ્થાન્યાદેશનું વિધાન કરનારાં સૂત્રોમાં, (કે જેમાં तस् આદિ પ્રત્યયના સ્થાનમાં ताम् વગેરે આદેશ કહ્યા છે તેમાં) સ્થાનકૃતાદિ સામ્ય મળવાનો સંભવ નહીં હોવાથી, તેવાં સ્થળોને માટે આ यथासंख्यमनुदेशः समानाम् । ૧-૩-૧૦ સૂત્રને પુરસ્કાર્યું છે. વળી અહીં इको यणचि । ૬-૧-૭૭ સૂત્રમાં પણ આ (પરિભાષા) સૂત્રનો અનવરુદ્ધ વિષય હોવાથી; અને આ સૂત્રથી (સ્થાન્યાદેશનો) નિર્ણય કરવા રૂપી) કાર્ય સરળ બની રહેતું હોવાથી આચાર્યે અર્થાત્ રામચન્દ્રાચાર્યે તે(૧-૩-૧૦)ને અહીં પણ રજૂ કર્યું છે.[1]

શંકા (૨) : सुधी + उपास्य । જેવા ઉદાહરણમાં इको यणचि । ૬-૧-૭૭ની પ્રવૃત્તિ કરવા માટે જો यथासंख्यमनुदेशः समानाम् । ૧-૩-૧૦ સૂત્રની મદદ લેવાનું વિચારશો તો પણ અહીં યથાસંખ્યત્વ મળવાનું નથી. કારણ કે (अणुदित् सवर्णस्य चाप्रत्ययः । ૧-૧-૬૯ સૂત્રોક્ત વ્યવસ્થાનુસાર) સવર્ણ વર્ણોનું પણ ગ્રહણ કરવાનું હોવાથી इक् પ્રત્યાહારથી કુલ ૬૬ વર્ણો (સ્થાનિભૂત વર્ણો તરીકે) લેવાના છે; અને यण् પ્રત્યાહારથી કુલ ૭ વર્ણો (આદેશભૂત વર્ણો તરીકે) લેવાના છે.[2] આમ સ્થાનિભૂત વર્ણોની અને આદેશભૂત વર્ણોની સંખ્યા એકસરખી નહીં હોવાથી, તેમની વચ્ચેના સ્થાન્યાદેશ ભાવમાં યથાસંખ્યત્વ = આનુક્રમિકતા નહીં ગોઠવી શકાય.[3]

સમાધાન : ઉપર્યુક્ત બીજી શંકા પણ નિર્મૂળ કરી શકાય એમ છે. કારણ કે જો શબ્દમૂલક સામ્યની મેળવણી કરવાનો માર્ગ સ્વીકારીએ તો અહીં કોઈ દોષ આવશે નહીં. 'શબ્દસામ્ય અને એકની સાથે એકનો યોગ કરવો.' એવા પક્ષનું આશ્રયણ કરવું એમ કૈયટે પણ કહ્યું છે.[4] અને આવું માનવાથી જ स्यतासी लृलुटोः।

---

૧. सत्यम् । 'तस्थस्थमिपां तान्तन्तामः' (૩-૪-૧૦૧) इत्यादावान्तर्यासम्भवात् तदर्थमिदमारब्धम् । अवञ्वेहाप्यप्रतिहतविषयत्वात् सौकर्यवशाच्चाचार्यैरुपन्यस्तम् ॥ (प्रक्रियाकौमुदी-प्रकाशटीका, पृ. ૭૫-૭૬)

૨. इना ૧૮ સવર્ણભેદો + उना ૧૮ સવર્ણભેદો + ऋના ૧૮ સવર્ણભેદો + लृના ૧૨ સવર્ણભેદો = એમ કુલ ૬૬ વર્ણો તથા રેફ સિવાયના य्, व् અને ल्ना સાનુ-નાસિક અને નિરનુનાસિક ભેદો ૨ + ૨ + ૨ અને ૧ નિરનુનાસિક રેફ = ૭ વર્ણો.

૩. अथ पठ्यमानेऽप्यस्मिन् यथासंख्यमत्र न लभ्यं सवर्णग्रहणात् षट्षष्ठिरिकः, यण सप्तेति वैषम्यादिति चेन्न । (प्रक्रियाकौमुदीप्रकाश टीका, पृ. ૭૬)

૪. नैतदस्ति । संख्यातानुदेशेनाप्येतत्सिद्धम् इति । ૧-૧-૪૭ इत्यत्र भाष्यम् । अत्र प्रदीपः – "प्रत्याहारपाठे शब्दतः साम्यमस्तीति भावः ॥ – व्याकरणमहाभाष्यम् भाग-૧, पृ. ૨૬૬, प्रका० मोतीलाल बनारसीदास, दिल्ली, ૧૯૬૭

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩-૧-૩૩ સૂત્રોક્ત વિકરણ પ્રત્યયોની ઇષ્ટ ગોઠવણી કરી શકાય છે. (જેમકે, લૃવાળા લકાર પરમાં રહેતાં ધાતુને स्य પ્રત્યયઃ અને लुट् લકાર પરમાં રહેતાં, ધાતુને तास् પ્રત્યય લાગે છે. અહીં લૃવાળા લકાર लुट् અને लृङ् એમ કુલ બે છે. પણ શબ્દસામ્યને ધ્યાનમાં લઈને; પાણિનિએ કુલ ત્રણ લકારો પરમાં રહેતાં, બે પ્રત્યયો કહ્યા છે.) એ જ પ્રમાણે, परस्मैपदानां णलतुसुस्थलथुसुस्णल्वमाः । ૩-૪-૮૨ સૂત્રમાં; અને एचोऽयवायावः । ૬-૧-૭૮ સૂત્રમાં અનુક્રમે 'પરસ્મૈપદ' એવા સંજ્ઞા શબ્દથી तिप्तसझि० । ૩-૪-૭૩ સૂત્રોક્ત तिप् વગેરે નવ પ્રત્યયો; અને एच् એવા સંજ્ઞા શબ્દથી અક્ષરસમામ્નાય (एआङ्। ऐऔच्) સૂત્રોક્ત ए, ओ, ऐ અને औ વર્ણોની જ પ્રતીતિ થાય છે; અને તે તે (=तिप्तस्झि० ૩-૪-૭૮); ए औङ् — ऐऔच्) સૂત્રોમાં આવેલા ક્રમનું જ આશ્રયણ થાય છે. આમ (પરસ્મૈપદ કે एच् એવા) સંજ્ઞાશબ્દોથી ચોક્કસ વર્ણોની જ અનુક્રમે ઉપસ્થિતિ થાય છે'.[1]

*

આ ચર્ચા દ્વારા પ્રક્રિયાકૌમુદીપ્રકાશકાર શ્રીકૃષ્ણ શેષે પણ इको यणचि । ૬-૧-૭૭ સૂત્રોક્ત સ્થાન્યાદેશમાં શબ્દસામ્યમૂલક इक् સંજ્ઞાવાચ્ય इ, उ, ऋ, लृ એવા ચાર સ્થાનિભૂત વર્ણો; અને यण् સંજ્ઞાવાચ્ય य् व् र् ल् એવા ચાર આદેશ-ભૂત વર્ણો જ ઉપસ્થિત થશે; અને તેમાં યથાસંખ્ય ન્યાયથી જ સ્થાન્યાદેશભાવ નક્કી કરવાનો રહેશે એમ કહીને પ્રક્રિયાકૌમુદીમાંના રામચન્દ્રાચાર્યોક્ત ક્રમનું જ અનુમોદન કર્યું છે.

૨.૩ ભટ્ટોજિ દીક્ષિતનું મતાન્તર અને 'પ્રક્રિયાપ્રકાશ'નું ખંડન :

'પ્રક્રિયાકૌમુદી'માંથી જ પ્રેરણા લઈને કાલાન્તરમાં જ્યારે ભટ્ટોજિ દીક્ષિતે 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી'ની રચના કરી ત્યારે તેમણે सुधी + उपास्य । ની સ્થિતિમાં इको यणचि । ૬-૧-૭૭ સૂત્રોક્ત यणादेशने પ્રવૃત્ત કરવા માટે લખ્યું કે स्थानत आन्तर्याद् ईकारस्य यकारः ।[2] અર્થાત્ सुधी + उपास्य એ સ્થિતિમાં, તાલવ્ય ईના

---

૧. शब्दतः साम्यस्य सत्त्वाभ्युपगमान्न दोषः । शब्दसाम्यम् एकयोगश्चेत्येष पक्ष आश्रयितव्य इति कैयटोक्तेः । अत एव 'स्यतासी लृलुटोः' (३-१-३३) इत्यत्रापीष्टसिद्धिः । परस्मैपदानां णलादयः, एचोऽयवायावः, (६-१-७८) इत्यादौ च तिबादि सूत्रेऽक्षरसमाम्नाये च तिबादय एचश्च क्रमेण प्रतीता इति तद्गत एव क्रम आश्रीयते संज्ञाशब्देन तादृशानामेवोपस्थितेः ॥ (प्रक्रियाकौमुदीप्रकाश टीका, पृ. ७६)

૨. जुओ : वैयाकरणसिद्धान्तकौमुदी, पृ. १२ (संपा० वासुदेव पणशीकर, निर्णयसागर प्रेस, मुम्बयी, 1929)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સ્થાનમાં, સ્થાનકૃતસામ્યને આધારે यण् – य् व् र् ल् વર્ણોમાંથી તાલવ્ય યકાર જ આદેશ રૂપે પ્રવૃત્ત કરીશું. આ રીતે ભટ્ટોજિ દીક્ષિતે 'પ્રક્રિયાકૌમુદી'થી જુદા પડીને સુધી + उपास्य । માં इको यणचि । ૬-૧-૭૭ સૂત્રની પ્રવૃતિ કરવા માટે यथासंख्यमनुदेशः समानाम् । ૧-૩-૧૦ સૂત્રને બદલે स्थानेऽतरतमः । ૧-૧-૫૦ સૂત્રની મદદ લેવી એમ જાહેર કર્યું.

હવે, ભટ્ટોજિ દીક્ષિતે 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' ઉપર પોતે 'પ્રૌઢમનોરમા' ટીકાની રચના હાથ ધરી ત્યારે, પ્રકૃત સન્દર્ભમાં યણાદેશને પ્રવૃત્ત કરવા માટે સ્થાનકૃત સાદૃશ્યની જ મદદ કેમ લેવી; અને યથાસંખ્યન્યાયને કામે કેમ ન લગાડવો એની ચર્ચા હાથ ધરી છે. જેમકે, તેમણે 'પ્રૌઢમનોરમા'માં કહ્યું છે કે –

दीर्घाज्जसि च । ૬-૧-૧૦૫ સૂત્રમાંથી નીકળતા જ્ઞાપકને આધારે, અને ल्वादिभ्यः । ૮-૨-૪૪ સૂત્રમાં કરેલા નિર્દેશને આધારે એવું સૂચવાય છે કે इको यणचि । ૬-૧-૭૭ જેવા સૂત્રમાં જે इक्, यण्, अच् જેવા પ્રત્યાહારોનું ગ્રહણ કર્યું છે તેમાં તદ્‌વાચ્યવાચ્યમાં નિરૂઢા લક્ષણા માનવાની છે. [અર્થાત્ જેમ 'દ્વિરેફ' પદથી 'ભ્રમર' શબ્દનો બોધ થાય છે; અને પછી 'ભ્રમર' શબ્દથી અલિ = ભમરા એવા જન્તુનો બોધ થાય છે. તેમ इको यणचि । ૬-૧-૭૭ સૂત્રથી अ इ उ ण्। આદિ માહેશ્વર સૂત્રસ્થ इक् વર્ણોનો બોધ થાય છે, અને તે પછી इक् પ્રત્યાહારસ્થ इ, उ, ऋ અને लृ એવા ચાર વર્ણોથી इत्वादि જાતિ જેમાં જેમાં રહેલી છે તેવા ૧૮ પ્રકારના (સવર્ણ) इकारोનો બોધ થાય છે.][1] આથી કરીને ૬-૧-૭૭ સૂત્રસ્થ इक् પ્રત્યાહારથી ૬૬ સવર્ણ વર્ણોનું ગ્રહણ કરવાનું છે. એ જ રીતે यण् શબ્દથી = પ્રત્યાહારથી સાત સવર્ણ વર્ણોનો બોધ કરવાનો છે. આ દૃષ્ટિએ, અહીં સ્થાનિભૂત ૬૬ इक् વર્ણો અને આદેશભૂત સાત यण् વર્ણોમાં યથાસંખ્યન્યાયથી (=૧-૩-૧૦ સૂત્રથી) સ્થાન્યાદેશ ભાવની ગોઠવણી થઈ શકશે નહીં. આથી જ (અમે = ભટ્ટોજિ દીક્ષિતે 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી'માં કહ્યું છે કે) स्थानेऽन्तरतमः । ૧-૧-૫૦ સૂત્રથી જ ઇષ્ટસિદ્ધિ કરવી. એટલે કે સ્થાનકૃત સાદૃશ્યની દૃષ્ટિએ જ સુધી ના ઈ સ્થાનમાં તાલવ્ય य् કારને આદેશ રૂપે પ્રવૃત્ત કરવો.[2]

---

૧. પ્રકૃત સૂત્રમાં નિરૂઢા લક્ષણા કેવી રીતે સિદ્ધ થાય છે એ સમજાવતાં 'વિભા' ટીકામાં લખ્યું છે કે – गङ्गायां घोषः इत्यत्र घोषादिपदप्रयोगानन्तरमेव लक्ष्यार्थोपस्थितिः, इह तु पदान्तराप्रयोगेऽपि सर्वासां व्यक्तिनामुपस्थितिः । इदमेव निरूढत्वस् ॥ प्रौढमनोरमा पृ. ६१

૨. इको यणचि । ૬-૧-૭૭ प्रत्याहारग्रहणेषु तद्वाच्यवाच्ये निरूढा लक्षणा, 'दीर्घाज्जसि च' (૬-૧-૧૦૫) इति ज्ञापकात् 'ल्वादिभ्यः' (૮-૨-૪૪) इति निर्देशाच्च । तेनेक्शब्देन षट्षष्टिर्गृह्यन्ते, यण्शब्देन सप्त । ...अतो नास्ति यथासंख्यम् ॥ ..तस्मादिह 'स्थानेऽ-

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આમ ભટ્ટોજિ દીક્ષિતે સુધી + उपास्य । માં યણાદેશની પ્રવૃત્તિ કરવા માટે સ્થાનકૃત સાદૃશ્યને નિયામક જાહેર કર્યું. અને એમના પૂર્વસૂરિઓ, અર્થાત્ એમના જ પરમગુરુ રામચન્દ્રાચાર્યે 'પ્રક્રિયાકૌમુદી'માં અને એમના સાક્ષાત્‌ગુરુ શ્રીકૃષ્ણ શેષે 'પ્રક્રિયાપ્રકાશ'માં પ્રકૃત ઉદાહરણમાં કહેલી તથા સંખ્યાન્યાયની પ્રવૃત્તિનો પરિહાર કરી દીધો.

૨.૪ પં. જગન્નાથે કરેલું 'પ્રૌઢમનોરમા'નું ખંડન :

આમ इको यणाचि । ૬-૧-૭૭, સૂત્રોક્ત યણાદેશની પ્રવૃત્તિ કરતી વખતે (क) (પ્રક્રિયા કૌમુદીકાર અને તેમના ટીકાકાર મુજબ) यथासंख्यमनुदेशः समानाम् । ૧-૩-૧૦ સૂત્રોક્ત યથાસંખ્યન્યાયની મદદ લેવી; અથવા (ख) (ભટ્ટોજિ દીક્ષિતના કહેવા મુજબ) स्थानेऽन्तरतमः । ૧-૧-૫૦ સૂત્રની મદદ લેવી એવા બે વિભિન્ન મતો ઉપસ્થિત થયા. જ્યારે પં. જગન્નાથે ગુરુદ્રોહી ભટ્ટોજિ દીક્ષિતના ગ્રન્થોનું આલોડન કરીને એના દોષોની પરીક્ષા કરવાની શરૂ કરી ત્યારે ઉપર્યુક્ત મુદ્દા પરત્વે પણ એમનું ધ્યાન ગયું અને તેમણે એ વિષે પોતાની 'પ્રૌઢમનોરમાકુચમર્દિની' ટીકામાં લખ્યું કે –

इको यणचि । ૬-૧-૭૭ સૂત્રોક્ત इक् શબ્દથી ૬૬ સવર્ણ વર્ણો લેવાના છે; અને यण् શબ્દથી સાત સવર્ણ વર્ણો લેવાના છે; તથા એ સંજોગોમાં યથાસંખ્યન્યાયે સ્થાન્યાદેશભાવની વ્યવસ્થા કરવાની નથી'. એવું જે (પ્રૌઢમનોરમા'માં ભટ્ટોજિ દીક્ષિતે) કહ્યું છે તે ઉચિત નથી.[1] અહીં, જગન્નાથે પાંચ-છ કારણો આપીને ભટ્ટોજિ દીક્ષિતની વાત સ્વીકારી શકાય એમ નથી એમ જાહેર કર્યું છે. જેમકે,

(૧) ભટ્ટોજિ દીક્ષિતનું કહેવું જો સ્વીકારીએ તો स्थानेऽन्तरतमः । ૧.૧.૫૦ સૂત્ર ઉપરનો ભાષ્ય ગ્રન્થ ડહોળાઈ જવાની પરિસ્થિતિ ઊભી થાય છે. જેમકે, ત્યાં કહ્યું છે કે –

स्थानेऽन्तरतमः । पा०सू० १-१-५०

– किमुदाहरणम् ?

– 'इको यणाचि' – दध्यत्र मध्वत्र । तालुस्थानस्य तालु स्थानः, ओष्ठस्थानस्य ओष्ठस्थान यथा स्यादिति ॥

न्तरमः । १-१-५० इति सूत्रैणैवेष्टसिद्धिरित्याभिप्रेत्याह–स्थानत आन्तर्यादिति ॥ (प्रौढमनोरमा, संपा. सदाशिव शास्त्री जोशी, चौखम्बा संस्कृत सीरिज आफिस, बनारस, १९३४, पृ. ५९-६३)

१. "इको यणचि" (६-१-७७) । यत्तु * इक्शब्देन षट्षष्टिर्वर्णा गृह्यन्ते यण्शब्देन सप्तेति नास्ति यथासंख्यम् * इति, तन्न ॥ (प्रौढमनोरमा, परिशिष्ट कुचमर्दिनी पृ. १४)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

— नैतदस्ति । संख्यातानुदेशेनाप्येतत्सिद्धम् ॥[1]

અહીં સ્વયં ભાષ્યકારે दधि + अत्र । જેવા ઉદાહરણમાં इको यणचि । ૬-૧-૭૭ સૂત્રોક્ત यणादेशની પ્રવૃત્તિમાં યથાસંખ્યન્યાયથી પણ કામ ચાલી શકશે; (અર્થાત્ આવા ઉદાહરણમાં स्थानेऽन्तरतमः । ૧-૧-૫૦ સૂત્રની જરૂર નથી)' એમ કહ્યું છે. હવે જો ભટ્ટોજિ દીક્ષિતની વાત સ્વીકારીએ તો ઉપર્યુક્ત ભાષ્યચર્ચા વિસંગત થઈ જશે.[2]

(૨) એમ પણ કહી શકાય એમ નથી કે 'इक् શબ્દથી બોધ્ય એવી જે इ, उ વગેરે ચાર સંજ્ઞાઓ અને તેનાથી બોધ્ય એવા ૬૬ સવર્ણ વર્ણોને (તેમના સ્થાનમાં) અનુક્રમે यण् શબ્દથી બોધ્ય એવી य् व् र् અને ल् એવી ચાર સંજ્ઞાઓ; અને તેનાથી બોધ્ય એવા સાત સવર્ણ વર્ણો (આદેશ રૂપે) થાય છે—' એવું કહેનારો ભાષ્યગ્રન્થ છે. કારણ કે એવું કહેશો તો પણ 'પ્રકૃતસૂત્રમાં (૬-૧-૭૭માં) यथासंख्यमनुदेशः समानाम् । ૧-૩-૧૦ સૂત્રની પ્રવૃત્તિ ના કરવી' એવું કહેનારી તમારી (=ભટ્ટોજિ દીક્ષિતની' "नास्ति यथासंख्यम्" — વાળી ઉક્તિ તો ભાષ્યવિરુદ્ધ જ બની રહેવાની છે; એમાં કશો ફેર પાડવાનો નથી.[3]

(૩) વળી, તમારા (ભટ્ટોજિ દીક્ષિતના) કહેવા મુજબ જો इक् વગેરે પ્રત્યાહારોમાં તદ્વાચ્યવાચ્યને વિષે લક્ષણા કરવામાં આવશે તો ऋકારથી જેમ તેના ૧૮ સવર્ણભેદોનો પણ બોધ થશે, તેમ (ऋलृवर्णयोः मिथः सावर्ण्यम् वाच्यम्। એ વાર્ત્તિક અનુસાર) ऋકારથી लृકારનો પણ બોધ થશે; અને પછી સ્થાનિભૂત लृ કારના સ્થાને આદેશ રૂપે રેફની પ્રસક્તિ થશે. — તો એ રીતે પણ તમારા કહેલા અર્થમાં (= વિવરણમાં) દૂષણ આવીને ઊભું જ રહેશે.[4]

(૪) પહેલી દૃષ્ટિએ જોઈને જ; ઉપર્યુક્ત ભાષ્યસન્દર્ભ પૂર્વપક્ષીની ઉક્તિ છે એમ કહેવું પણ તમારે માટે (=ભટ્ટોજિ દીક્ષિતને માટે) યોગ્ય નથી. કારણ કે જ્યારે

---

१. व्याकरणमहाभाष्यम् (प्रदीपोद्द्योतसहितम्। भाग १, पृ. २६६, प्रका० मोतीलाल बनारसी-दास, दिल्ली, पृ. १९६७)

२. स्थानेऽन्तरतमः । १-१-५० इति सूत्रगतस्य भाष्यग्रन्थस्याकुलीभावप्रसङ्गात् । तथा च तत्रोक्तं 'किमुदाहरणम् १ इको यणचि (६-१-७७) दध्यत्र, संख्यातानुदेशेनाप्येतत् सिद्धमिति॥ प्रौढमनोमरमा, परिशिष्टे कुचमर्द्दिनी, पृ. १४.

३. न चेक्शब्दबोध्यसंज्ञाचतुष्टयबोध्यानां क्रमेण यण्शब्दबोध्यसंज्ञाचतुष्टयबोध्या भवन्तीत्येवंपरो भाष्यग्रन्थ इति वाच्यम् । एवमपि प्रकृतसूत्रे यथासंख्यपरिभाषाप्रवृत्तिनिरासपराया 'नास्ति यथासंख्यम्' इति भवदुक्तेर्भाष्यविरुद्धताया अपरिहारात् । — तत्रैव पृ. १४

४. ऋकारबोध्यस्य लृकारस्य रेफप्रसक्त्यां प्रागुक्तस्यार्थस्य दुष्टत्वाच्च ॥ -तत्रैव पृ. १४

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભાષ્યવિવરણની કોઈક રીતે સંગતિ કરી શકાતી હોય એ સ્થિતિમાં 'પ્રથમ દષ્ટિએ જ' (આ ભાષ્યોક્તિ પૂર્વપક્ષીની છે) એવી (આક્ષેપાત્મક) વાણી મહર્ષિના વચનને વિષે—ને માટે—વાપરવી તે અત્યંત અસંગત છે.

(પ્રસ્તુત સન્દર્ભમાં યથાસંખ્યાન્યાયને પુરસ્કારનારા) ભાષ્યવિવરણની સંગતિ અહીં કેવી રીતે કરી શકાશે એને સમજાવતાં પં. જગન્નાથ ઉમેરે છે કે "इक् શબ્દથી બોધ્ય इत्व વગેરે જાતિચતુષ્ટયથી યુક્ત એવા સ્થાનિઓના સ્થાનમાં અનુક્રમે यण् શબ્દથી બોધ્ય यत्वादि જાતિ ચતુષ્ટયથી વ્યાપ્ત એવા વર્ણો આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે.' – એમ જાતિગત સંખ્યાને લઈને યથાસંખ્યાન્યાયને પ્રવૃત્ત કરવો એવું ભાષ્યકારને અભિપ્રેત છે ![1] (આથી ભાષ્યકારના મતે પણ પ્રકૃત સન્દર્ભમાં स्थानेऽन्तरतमः । ૧-૧-૫૦થી કામ લેવાની જરૂર નથી.)

(૫) ઉપર્યુક્ત દૃષ્ટિએ ભાષ્યવિવરણને સમજ્યા પછી તમે = ભટ્ટોજિ દીક્ષિતે કહેલી નિરૂઢા લક્ષણા પણ માનવાની જરૂર રહેશે નહીં; અને એ રીતે પરમલાઘવ સિદ્ધ થઈ રહેશે. એ પણ એક મોટો ફાયદો જ છે ![2]

(૬) વળી, ભાષ્યોક્ત વ્યવસ્થાને (= યથાસંખ્યન્યાયને ઉપર્યુક્ત રીતે જો સમજીશું તો अणुदित्० ॥ ૧-૧-૬૯ સૂત્ર ઉપરનું सवर्णेऽण्ग्रहणमपरिभाष्यम्; आकृतिग्रहणात्" ॥ [= સવર્ણ વર્ણોનું ગ્રહણ થાય છે એમ જાહેર કરતી વખતે अण् ગ્રહણ કરવાની જરૂર નથી, કેમકે ત્યાં તો આકૃતિનું = જાતિનું (= अकारથી अत्व જાતિનું) ગ્રહણ થતું હોવાથી જ ઈષ્ટસિદ્ધિ થઈ રહેશે.] એવું વાર્તિક પણ અનુગૃહીત થશે. અને એ રીતે ભાષ્યગ્રન્થની પૂર્વાપરની અર્થચ્છાયા સાથે પ્રસ્તુત અર્થઘટનનો અન્વય પણ પરિપુષ્ટ થશે.[3] આમ યથાસંખ્યન્યાયની જાતિપક્ષમાં વ્યવસ્થા જાણવી.

* * *

પંડિતરાજ જગન્નાથ કહે છે કે વ્યક્તિપક્ષમાં પણ શક્યતાવચ્છેદક (ઇકાર 'શક્ય' છે, તેમાં રહેલ इत्व શક્યતાવચ્છેદક કહેવાશે, તેની) સંખ્યાને આગળ

---

૧. नाप्यापातत एवायं पूर्वपक्षगतो भाष्यग्रन्थ इति युक्तं वक्तुम्, शक्यक्रियायां गतावापातत इति गिर महर्षिवचनेऽत्यन्तमसङ्गतेः ॥ गतिश्चेत्थं इक्शब्दबोध्येत्वादिजातिचतुष्टयावच्छिन्नानां क्रमेण यण् शब्दबोध्ययत्वादिजातिचतुष्टयावच्छिन्ना भाव्यन्ते; इति जातिसंख्यामादाय संख्यतानुदेशो भाष्यकृतामभिप्रेतः । (तत्रैव, पृ. १५)

२. निरूढलक्षणाप्येवं सति भवदुक्ता नाङ्गीकर्तव्येति परं लाघवम् । (तत्रैव, पृ. १५)

३. 'सवर्णेऽण्ग्रहणमपरिभाष्यमाकृतिग्रहणात्' इति 'अणुदिन्' (१-१-६९) सूत्रगतं वार्त्तिकमप्यनुगृहीतं भवतीति ग्रन्थच्छायान्वयपरिपुष्टा भवति । एवं जातिपक्षे व्यवस्था । (तत्रैव, पृ. १५)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કરીને, ત્યાં (પણ) યથાસંખ્યન્યાયની પ્રવૃત્તિ અવ્યાહત = નિર્બાધ રીતે કરી લેવી. (અર્થાત્ इक् માં ચાર इत्व, उत्वादि શક્યતાવચ્છેદકો છે, તેમના સ્થાનમાં અનુક્રમે વ્યક્તિશઃ એક એક શક્યાતાવચ્છેદક यत्वादि વિશિષ્ટ આદેશોની પ્રવૃત્તિ કરી લેવી.) અને અહીં નિરૂઢ લક્ષણા વગેરેની પ્રવૃત્તિ કરવી (એટલે કે इक् – इ, उ, ऋ, लृथी વાચ્ય જે इत्वादि ચાર શક્યતાવચ્છેદક, અને તે ચાર શક્યાતાવચ્છેદકોથી વાચ્ય એવા જે ૧૮ સવર્ણભેદો—એમ નિરૂઢ લક્ષણાથી પ્રાપ્ત એવો અર્થ લેવો) તો જરૂરી જ બની રહેશે.[1]

અહીં (क) इक् પ્રત્યાહારાન્તર્ગત સ્થાનિભૂત ચાર इत्वादिना સ્થાનમાં, यण् પ્રત્યાહારાન્તર્ગત ચાર यत्वादि રૂપ આદેશોનું સંખ્યાસામ્ય આગળ ધરીને; તથા (ख) स्थानेऽन्तरतमः । १-१-५०ની અપેક્ષાએ यथासंख्यम् अनुदेशः समानाम् । १-३-१० સૂત્ર પરસૂત્ર હોવાથી તે १-१-५०નો બાધ કરી દેશે—એ બે દૃષ્ટિએ વિચારીએ તો પ્રકૃત ઉદાહરણમાં; તે(स्थानेऽन्तरतमः १-१-५०) પરિભાષાસૂત્રથી વ્યવસ્થા થઈ શકતી હોવા છતાંય १-३-१० સૂત્રોક્ત યથાસંખ્યાન્યાયને પ્રવૃત્ત થતો કોઈ રીતે રોકી શકાશે નહીં.[2]

આથી सुधी + उपास्य ।માં इको यणचि । ६-१-७७ની પ્રવૃત્તિ કરવા માટે यथासंख्यमनुदेशः समानाम् । १-३-१० સૂત્રની જ મદદ લેવી એમ પ્રાચીન પ્રક્રિયા કહેનારા = પ્રક્રિયાકૌમુદીકાર રામચન્દ્રાચાર્યનો; અને તેમના વ્યાખ્યાતા = પ્રક્રિયા-પ્રકાશકાર શ્રીકૃષ્ણ શેષનો કહેવાનો આશય હતો એમ સમજવું જોઈએ.[3]

* * *

सुधी + उपास्य ।ની પ્રક્રિયા બાબતે જ વિશેષ ચર્ચા કરતાં કરતાં પંડિતરાજે એમ પણ કહ્યું છે કે तस्मात् भाष्यग्रन्थ इव गुरुग्रन्थोऽपि रमणीय एव । (प्रौढमनोरमा-कुचमर्द्दिनी; पृ. १७) અર્થાત્ 'ભાષ્યગ્રન્થના જેવો જ શ્રીકૃષ્ણ શેષ ગુરુનો 'પ્રક્રિયાપ્રકાશ' નામક ટીકાગ્રન્થ પણ રમણીય જ છે.' આ રીતે પંડિતરાજ જગન્નાથે સ્થાલીપુલાકન્યાયે ભટ્ટોજિ દીક્ષિતની 'પ્રૌઢમનોરમા'ના અમુક મતોનું સયુક્તિક અને વિસ્તારથી મર્દન કર્યું છે.

---

१. व्यक्तिपक्षेऽपि शक्यतावच्छेदकसंख्यामादाय यथासंख्यप्रवृत्तिरव्याहता । निरूढलक्षणादिकं तु न वार्यते । (तत्रैव, पृ. १५)

२. एवमपि स्थानिगतेत्वादिचतुष्टयस्यादेशगतयत्वादिजातिचतुष्टयसंख्यासाम्यमादाय परत्वादन्तरतमपरिभाषाबाधेन प्रवर्तमानाया 'यथासंख्यम्' इति परिभाषायाः प्रकृते, तया (१-१-५०) गतार्थत्वेऽपि दुष्परिहारत्वात् ॥ (तत्रैव, पृ. १५)

३. अयमेव 'इको यणचि' इत्यत्र 'यथासंख्यम्' इति परिभाषायाः प्रवृत्तिमाचक्षाणानां प्राचीनप्रक्रियाकृतां तद्व्याख्यातृणां चाशयः ॥ (तत्रैव, पृ. १६)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩.૦ ઉપસંહાર : ભટ્ટોજિ દીક્ષિતે 'પ્રૌઢમનોરમા' લખીને 'ગુરુદ્રોહ' કર્યો છે અને / અથવા પોતાને ભટ્ટોજિ દીક્ષિતે 'મ્લેચ્છ' કહેલ છે એના ક્રોધાવેશમાં પંડિતરાજ જગન્નાથ ભલે 'પ્રૌઢમનોરમાં'નું મર્દન કરવા ઉદ્યત થયા હોય, તથાપિ એ કહેવું જોઈએ કે આ બે વ્યક્તિત્વ વચ્ચેના સંઘર્ષથી અન્તે તો વ્યાકરણશાસ્ત્રને જ લાભ થયો છે. વળી, પંડિતરાજ જગન્નાથે ભટ્ટોજિ દીક્ષિત તરફનો પોતાનો ક્રોધ કેવળ 'પ્રૌઢમનોરમાંકુચમર્દિની' એવા શીર્ષક પૂરતો જ સીમિત રાખ્યો છે. પણ જ્યારે તેઓ 'પ્રૌઢમનોરમા'ની અમુક અમુક ઉક્તિઓને લઈને એની પ્રામાણિકતા વિષે ચર્ચા હાથ ધરે છે ત્યારે તેઓ કટુતા કે અસભ્યતા ભરી ભાષા ફરીવાર ક્યાંય વાપરતા નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલા-૧૬

વૈયાકરણ શ્રીહેમચન્દ્રાચાર્ય*

[૧]

શ્રી હેમચન્દ્રાચાર્યની વ્યાકરણવિષયક કૃતિઓ :

'કલિકાલસર્વજ્ઞ' તરીકે પ્રસિદ્ધિ પામેલા આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરિ (ઇ.સ. ૧૦૮૮ થી ૧૧૯૨)[1]એ જ્ઞાનવિજ્ઞાનની અનેક શાખાઓને આત્મસાત્ કરીને, તે તે શાંખાઓ સમ્બધિત વિપુલ ગ્રન્થરાશિની રચના કરી છે.[×] એમ કહેવાય છે કે શ્રીહેમચન્દ્રાચાર્યે 'સાડા ત્રણ કરોડ શ્લોક[2] પ્રમાણ' સાહિત્યની રચના કરી હતી. પરંતુ કમનસીબે તેમના સાહિત્યનો આ મહાનિધિ પૂરેપૂરો સચવાઈ શક્યો નથી. કેવળ સંસ્કૃત ભાષાના અને પ્રાકૃત ભાષાના વ્યાકરણ સમ્બન્ધિ ગ્રન્થોની રચનાઓ જ જોઈએ તો તે નીચે પ્રમાણે છે :

૧. **સિદ્ધહેમશબ્દાનુશાસન,** જેમાં સંસ્કૃત ભાષાનું અને પ્રાકૃત ભાષાનું વ્યાકરણ રજૂ કરતાં સૂત્રો અનુક્રમે ૩૫૬૬ અને ૧૧૧૯ છે. આ વ્યાકરણસૂત્રોને સમજાવવા તેમણે પોતે જે (સ્વોપજ્ઞ) વૃત્તિઓની રચના કરી છે તે ત્રણ પ્રકારની છે :

(क) **સિદ્ધહેમ લઘુવૃત્તિ,** જે ૬૦૦૦ શ્લોક પ્રમાણ છે.

(ख) **સિદ્ધહેમ બૃહદ્વૃત્તિ,** જેનું બીજું નામ 'તત્ત્વપ્રકાશિકા' પણ છે. આ બૃહદ્વૃત્તિ ૧૮,૦૦૦ શ્લોકપ્રમાણ છે.

(ग) **સિદ્ધહેમ બૃહન્ન્યાસ,** જેનું બીજું નામ 'શબ્દમહાર્ણવન્યાસ' પણ છે. તે ૮૪,૦૦૦ શ્લોકપ્રમાણ હતો. (પરંતુ હાલમાં તે આંશિક રૂપે જ મળે છે. જેમકે, પહેલા અધ્યાયના પ્રથમ પાદના કુલ ૪૨ સૂત્રોમાંથી ૩૮ સૂત્રો; ત્રીજો અને ચોથો પાદ આખો, બીજા અધ્યાયના ચારેય પાદો, ત્રીજા અધ્યાયનો ચોથો પાદ અને સાતમા અધ્યાયના ત્રીજા પાદ ઉપરની 'બૃહન્ન્યાસ' ટીકા મળે છે. ઉપલબ્ધ અંશ લગભગ ૨૦,૦૦૦ શ્લોકપ્રમાણ છે.)[3]

---

* 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ્, અમદાવાદ. 'હેમચન્દ્રાચાર્ય વિશેષાંક', ૧૯૮૯, પૃ. ૫૫ થી ૮૬.

× જુઓ : પરિશિષ્ટ-૧

૧. વિક્રમ સંવત ૧૧૪૫ થી ૧૨૨૯

૨. એક 'શ્લોક' એટલે ૮ અક્ષર

૩. અનુપલબ્ધ અંશે ઉપર વિજયલાવણ્યસૂરિએ 'ન્યાયાનુસન્ધાન' ટીકા નામની લખી છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ ઉપરાંત, (घ) સિદ્ધહેમ રહસ્યવૃત્તિ નામની એક ચોથી વૃત્તિ પણ હેમચન્દ્રાચાર્યે પોતે રચેલી મનાય છે. કારણ કે તેમાં બે વાર 'સ્વોપજ્ઞ' શબ્દનો પ્રયોગ થયો છે. તે પ્રાયઃ ૨૫૦૦ શ્લોકપ્રમાણ છે.

(ङ) **સિદ્ધહેમ પ્રાકૃતવૃત્તિ :** સિદ્ધહેમશબ્દનુશાસન'ના આઠમા અધ્યાયમાં પ્રાકૃત ભાષાનું વ્યાકરણ રજૂ કરતાં ૧૧૧૯ સૂત્રો છે. તેની ઉપર આ પ્રાકૃતવૃત્તિ લખવામાં આવી છે જે ૨૨૦૦ શ્લોકપ્રમાણ છે.

૨. **ઉણાદિસૂત્રપાઠ :** સિ.હે.શ.ના જ એક અંગ તરીકે ઉણાદિ પ્રત્યયોનું વિધાન કરતાં ૧૦૦૬ ઉણાદિ સૂત્રો, અને તેનું વિવરણ પણ હેમચન્દ્રાચાર્યે પોતે રચેલું છે. તે ૩૨૫૦ શ્લોકપ્રમાણ છે.

૩. **ધાતુપારાયણ :** સંસ્કૃત ભાષામાં વપરાતા ક્રિયાવાચક ધાતુઓનો પાઠ, અને તેની ઉપર ૫૬૦૦ શ્લોકપ્રમાણવાળી સ્વોપજ્ઞ વિસ્તૃત ટીકા લખી છે.

૪. **લિંગાનુશાસન :** આમાં સંસ્કૃત ભાષાના શબ્દો કયા લિંગમાં વપરાય છે/ વપરાવા જોઈએ તેનું અનુશાસન કરતા ૧૩૮ શ્લોકો છે. તથા તેની ઉપર ૩૬૮૪ શ્લોકપ્રમાણવાળી વિસ્તૃત ટીકા પણ લખી છે.

૫. **કોશગ્રન્થો :** હેમચન્દ્રાચાર્યે કેટલાક કોશગ્રન્થો પણ રચ્યા છે. જેમકે,

૧. અભિધાન ચિંતામણિકોશ (સ્વોપજ્ઞ ટીકા અને પરિશિષ્ટ સાથે).

૨. અનેકાર્થ કોશ

૩. નિઘણ્ટુ શેષ (વનસ્પતિવિષયક)

૪. દેશીનામમાલા (સ્વોપજ્ઞ ટીકા સાથે)

૬. **ગણપાઠ :** (આને 'બૃહદ્‌વૃત્તિ'માં જ સમાવી લીધો છે.)

*

'પ્રબન્ધચિંતામણિ' ગ્રન્થમાં જણાવ્યું છે કે હેમચન્દ્રાચાર્યે જે વ્યાકરણગ્રન્થની રચના કરી હતી તે ૧. 'સવા લાખ શ્લોકપ્રમાણ' હતો અને ૨. એક જ વર્ષમાં તેનું રચનાકાર્ય પૂરું થયું હતું.[૧]

*

શ્રી હેમચન્દ્રાચાર્યે એક વૈયાકરણ તરીકે જે રચનાઓ કરી છે તેનું કેવળ નામસંકીર્તન જ ઉપર કર્યું છે. આ વ્યાકરણવિષયક રચનાઓની સાથે જ આનુષંગિકપણે તેમના ૧. 'સંસ્કૃત દ્વયાશ્રય' મહાકાવ્યને અને ૨. 'પ્રાકૃત દ્વયાશ્રય'

---

૧. श्री हेमचन्द्राचार्यैः श्रीसिद्धहेमाभिधानं पञ्चाङ्गमपि व्याकरणं सपादलक्षप्रमाणं संवत्सरेण रचयांचक्रे ॥ – प्रबन्धचिन्तामणिः (३-२७) पृ. ९७

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

મહાકાવ્યને પણ યાદ કરવું જોઈએ. સંસ્કૃત દ્વયાશ્રય મહાકાવ્યમાં સિદ્ધરાજ જયસિંહના ચૌલુક્યવંશનું વિસ્તૃત વર્ણન છે, અને પોતાના સિ. હે શ. નાં સૂત્રોથી સિદ્ધ થતાં રૂપોનો પ્રયોગ પણ તેમાં કરી બતાવ્યો છે. આમ તેનું 'દ્વયાશ્રય' એવું નામ અન્વર્થ છે. સિદ્ધરાજના મૃત્યુ પછી રાજા કુમારપાળ શ્રી હેમચન્દ્રચાર્યના શિષ્ય બન્યા હતા. આથી તેમણે પોતાના 'સિ.હે.શ.'ના આઠમા અધ્યાયમાં જે પ્રાકૃત ભાષાનું વ્યાકરણ રજૂ કરતાં સૂત્રો મૂક્યાં છે, તે સૂત્રોથી સિદ્ધ થતાં પ્રાકૃત ભાષાનાં રૂપોનો પ્રયોગ કરી બતાવતાં બીજા એક 'પ્રાકૃત દ્વયાશ્રય' કાવ્યની પણ રચના કરી છે. તેમાં રાજા કુમારપાળના જીવનચરિત્રનું વર્ણન છે. (આથી તેને 'કુમારપાળચરિત' એવું નામ આપવામાં આવ્યું છે.) આમ 'પ્રાકૃત દ્વયાશ્રય' નામ પણ સાર્થક છે.

[૨]

'સિદ્ધહેમશબ્દાનુશાસન'નો વિષયાનુક્રમ

સિ.હે.શ. (અધ્યાય ૧ થી ૭)નો વિષયાનુક્રમ આ પ્રમાણે છે :

(૧) વર્ણધ્વનિઓનો પરિચય (અ. ૧. પા. ૧)
(૨) નામપદને લાગતાં પ્રત્યયો (૧.૧)
(૩) સ્વર-વ્યંજન સન્ધિ (૧.૨, ૧.૩)
(૪) નામપદની રૂપક્રિયા (૧.૪, ૨.૧)
(૫) કારકસંજ્ઞાઓ અને વિભક્તિવિધાન (૨.૨)
(૬) સત્વ, षत्व, णत्वादि વિધિઓ (૨.૩)
(૭) સ્ત્રી પ્રત્યયવિધિ (૨.૪)
(૮) ઉપસર્ગ-ગતિસંજ્ઞાનો પ્રદેશ (૩.૧)
(૯) સમાસવિધિ (૩.૧) સમાસતદ્ધિતવિધિમાં ધ્વનિવિકારો (૩.૨)
(૧૦) ક્રિયાપદોની રૂપસિદ્ધિ (૩.૩, ૩.૪ અને ચોથો અધ્યાય પૂરો)
(૧૧) કૃદન્ત રૂપસિદ્ધિ (આખો પાંચમો અધ્યાય)
(૧૨) ઉણાદિ પ્રત્યયો (પાંચમા અધ્યાયના અંતે પૂરક વિભાગ તરીકે)
(૧૩) તદ્ધિતવિધિ (આખો છઠ્ઠો અધ્યાય, ૭.૧, ૭.૨, ૭.૩/૬૮)
(૧૪) સમાસાન્તવિધિ (૭.૩/૬૯ થી ૧૮૨)
(૧૫) દ્વિત્વ-પ્લુતવિધિ (૭.૪)
(૧૬) અંતે, પરિભાષા સૂત્રોની યાદી (૭.૪/૧૦૪ થી ૧૨૨)
(૧૭) પછી ૫૭ ન્યાયો-પરિભાષાવચનો-નો સંગ્રહ રજૂ કર્યો છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

[૩]

'સિદ્ધહેમશબ્દાનુશાસન'ની રચનાપદ્ધતિ

શ્રી હેમચન્દ્રચાર્યે મહર્ષિ પાણિનિ વગેરેના આઠેક વ્યાકરણોનો અભ્યાસ કરીને, પછી પોતાના 'સિ.હે.શ.'ની રચના કરી છે. આ પુરોગામી વ્યાકરણોમાં પાણિનિનું 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ જ પ્રાચીનતમ અને અનવદ્ય હોઈને, તેમને માટે તે મહદંશે અનુકરણીય બની રહ્યું હોય એ સ્વાભાવિક છે. જેમકે, પાણિનિએ પોતાનું વ્યાકરણ સૂત્રશૈલીમાં રચ્યું છે, અને 'સૂત્ર' મુખ્યત્વે સ્વલ્પાક્ષર – અર્થાત્ બને એટલું ટૂંકું, લાઘવયક્ત હોવું જોઈએ એવી એક શરત પ્રાચીન સમયથી પ્રચલિત થઈ હતી.[1] પરિણામે પાણિનિએ પોતાનાં સૂત્રોને 'સ્વલ્પાક્ષર' બનાવવા માટે કેટલીક સ્વ-તન્ત્રગત સ્વોપજ્ઞ યુક્તિઓ અજમાવી છે. શ્રી હેમચન્દ્રાચાર્યે પોતાના વ્યાકરણને પણ સૂત્રશૈલીમાં લખ્યું છે, અને તેના પરિણામે જ પાણિનિએ ઊભી કરેલી કેટલીક યુક્તિઓનો પણ તેમને સ્વીકાર કરવો પડ્યો છે. દા.ત.,

(૧) વ્યાકરણનાં સૂત્રોને ટૂંકાં બનાવવા માટે તેમણે અનુવૃત્તિની યુક્તિનો સ્વીકાર કર્યો છે. જેમકે,

१. संयोगस्यादौ स्कोर्लुक् । सि. हे. श. २–१–८८

२. पदस्य । २–१–९०

३. रात्सः । २–१–९०

४. नाम्नो नोऽनहनः । २–१–९१

५. नामन्त्र्ये । २–१–९२

६. क्लीबे वा । २–१–९३

७. माऽवर्णान्तोपान्ताऽपञ्चमवर्गान्मतोर्मो वः । २–१–९४

અહીં ૨–૧–૮૮ સૂત્રમાંથી लुक् પદની અનુવૃત્તિ ૨–૧–૯૩ સૂત્રો સુધી જાય છે. અહીં અનુવૃત્તિનો નિષેધ કે વિકલ્પ સૂચવનારાં સૂત્રોને (પ્રાયઃ) ઉત્તર ઉત્તર સૂત્રોમાં ગોઠવવામાં આવે છે; તથા નવા વિધિનો પ્રસ્તાવ કરવાથી, (જેમકે, ૨–૧–૯૪માં वः = વકારાદેશની વિધિ મૂકવાથી) તે लुक् પદની અનુવૃત્તિ બંધ થઈ જાય છે એમ સ્વીકારવામાં આવ્યું છે.

સિ.હે.શ.માં આ અનુવૃત્તિની યુક્તિનો સ્વીકાર કર્યો હોવા છતાંયે ક્યાંક તેમાં ક્ષતિ પણ જોવા મળે છે. જેમકે,

अधातुविभक्तिवाक्यमर्थवन्नाम । सि.हे.स. १–१–२७ शिर्घुट् । १–१–२८

---

१. स्वल्पाक्षरमसंदिग्धं सारवत्विश्वतोमुखम् ।
अस्तोभमनवद्यञ्च सूत्रं सूत्रविदो विदुः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(આ સૂત્રની બૃહદ્‌વૃત્તિમાં લખ્યું છે કે जसृशसादेशः शिर्घुट्संज्ञो भवति । અહીં પૂર્વસૂત્ર (૧-૧-૨૭)માં જે जस् शस् પ્રત્યયોનો નિર્દેશ (કે અનુવૃત્તિ) નથી, એવા પ્રત્યયોની અનુવૃત્તિ ૧-૧-૨૮માં માનીને વૃત્તિમાં સૂત્રાર્થ આપ્યો છે.

(૨) જ્યારે કોઈ એકાદ પદ કે સમગ્ર સૂત્રની આખા પાદ કે અધ્યાય સુધી અનુવૃત્તિ લઈ જવી હોય છે, ત્યારે તે પદનો કે સૂત્રનો 'અધિકાર' જાહેર કરવામાં આવે છે. જેમકે,

(क) शेषे । સિ. હે. શ. ૬-૩-૧ સૂત્ર ઉપરની બૃહદ્‌વૃત્તિમાં લખ્યું છે કે अधिकारोऽयम्, यदित ऊर्ध्वमनुक्रमिष्यामः शेषेऽर्थे तद्वेदितव्यम् ॥

(ख) गौणात् समया-निकषा-हा-धिगन्तराऽन्तरेणाति येन-तेनैर्द्वितीया । ૨-૨-૩૩ સૂત્રસ્થ गौणात् પદની અનુવૃત્તિ છેક ૨-૨-૧૧૯ સુધી જાય છે. (૨-૨-૧૨૦) સૂત્રથી બૃહદ્‌વત્તિમાં જાહેર કર્યું છે કે गौणादिति निवृत्तम् ।

(૩) પાણિનિએ પોતાના વ્યાકરણને આરંભે अ इ उ ण् । ऋ ऌ क् । ઇત્યાદિ ૧૪ માહેશ્વર સૂત્રોને મૂક્યાં છે; જેને 'વર્ણસમામ્નાય' કહેવામાં આવે છે. આ ૧૪ સૂત્રોના અંતિમ વ્યંજનોની (=અનુબન્ધોની) इत् સંજ્ઞા કરીને તેમણે अच्। हल् । વગેરે પ્રત્યાહારોની સિદ્ધિ કરી છે, જેના પરિણામે તેમનાં સૂત્રોમાં લાઘવની સવિશેષ સિદ્ધિ થયેલી જોવા મળે છે. પરંતુ હેમચન્દ્રચાર્યે પોતાના વ્યાકરણને આરંભે આવા કોઈ વર્ણસમામ્નાયને મૂક્યો નથી.[1] અને પ્રત્યાહારની યુક્તિ પુરસ્કારી નથી. તેમણે તો સંસ્કૃત ભાષાના વર્ણોનો પરિચય કરાવવા, અને તેમાંના અમુક અમુક જૂથોને માટે કેટલીક કૃત્રિમ સંજ્ઞાઓ જ સીધી જાહેર કરી છે. જેમકે, औदन्ताः स्वराः । ૧-૧-૪ થી શરૂ કરીને अ अः ⨯ क) (पशषसाः शिद् । ૧-૧-૧૬ સૂત્રોમાં વર્ણ, તેના પ્રકારો, તેની પારિભાષિક સંજ્ઞાઓ અને વર્ણોના સ્થાનપ્રયત્નાદિ જાહેર કર્યા છે.

(૪) હેમચન્દ્રાચાર્યે પોતાના વ્યાકરણતન્ત્રમાં સરલતા લાવવાના આશયથી પાણિનિપુરસ્કૃત પ્રત્યાહાર યુક્તિનો સ્વીકાર કર્યો નથી. પરંતુ તેમણે ધાતુ, પ્રત્યય વગેરેમાં અનુબન્ધ લગાડવાની યુક્તિનો તો સ્વીકાર કર્યો જ છે. કારણ કે આ યુક્તિનું આશ્રયણ કર્યા વિના તો ક્રિયાપદ વગેરેની રૂપસિદ્ધિ વર્ણવવામાં ભારે ગ્રન્થવિસ્તાર થવાનો ભય ઊભો થાય છે. ઉદા. ત. ईंगितः । ૩-૩-૯૫ સૂત્ર ઉપરની બૃહદ્‌વૃત્તિમાં લખ્યું છે કે –

૧. તેમના મતે તો આવા 'વર્ણસમામ્નાય'ની સિદ્ધિ લોકમાંથી જ થઈ જાય છે. જુઓ: लोकात् । ૧-૧-૩ સૂત્ર ઉપરની બૃહદ્‌વૃત્તિ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ईकारेतो गकारेतश्च धातोः फलवति कर्तर्यात्मनेपदं भवति । यजीं यजते, डुपचींष्—पचते, लक्षीण्—लक्षयते; डुकृंग-कुरुते ॥

આમ √યજીં ધાતુમાં ઈકારને અનુબન્ધ રૂપે જોડ્યો છે. પરિણામે તન્નિમિત્તક કાર્યો કરવામાં ઉક્તિલાઘવ સિદ્ધ કરી શકાય છે.

(૫) સિ. હે. શ. માં સૂત્રશૈલી અને કેટલીક યુક્તિઓ, કે જેમાંની કેટલીકનો ઉપર નિર્દેશ કર્યો છે, તેમનો પ્રયોગ કર્યો હોવાથી સૂત્રાર્થની વિશદ સમજૂતી માટે તે સૂત્રો ઉપર વૃત્તિ લખવાની પણ જરૂર જણાઈ છે. આથી તેમણે (क) સિદ્ધહેમ લઘુવૃત્તિ ઊર્ફે લઘુન્યાસ, (ख) સિદ્ધહેમ બૃહદ્વૃત્તિ-અપરનામ તત્ત્વપ્રકાશિકા અને (ग) સિદ્ધહેમ બૃહન્ન્યાસ ઊર્ફે શબ્દમહાર્ણવન્યાસની રચના કરી છે. આમાંથી પહેલી 'લઘુવૃત્તિ'માં કેવળ સાદો, સરળ સૂત્રાર્થ આપીને નામપદાદિની રૂપસિદ્ધિ કેવી રીતે થશે ? એની સમજણ આપી છે. બીજી બૃહદ્વૃત્તિ ઊર્ફે તત્ત્વપ્રકાશિકામાં સૂત્રાર્થ ઉપરાંત, ઉદાહરણ-પ્રત્યુદાહરણ, સૂત્રસ્થ અમુક પદોનું પ્રયોજન/સ્વારસ્ય શું છે ? સૂત્રપ્રવર્તનમાં ઉપકારક ન્યાયો-પરિભાષાવચનાદિનો નિર્દેશ, ગણપાઠ, केचित्तु વગેરે કહીને પુરોગામી વૈયાકરણોના મતોનો ઉલ્લેખ, ક્યારેક વ્યાકરણદર્શનવિષયક પ્રૌઢિવાદ વગેરેનો પણ ઉલ્લેખ કરવામાં આવે છે. ઉદા.ત., (क) भिस ऐस् । સિ. હે. શ. ૧-૪-૨ સૂત્ર ઉપરની બૃહદ્વૃત્તિમાં લખ્યું છે કે –

अकारात्परस्य स्यादेर्भिसः स्थाने 'ऐस' इत्ययमादेशो भवति । श्रमणैः, संयतैः, अतिजरैः । एसादेशेनैव सिद्धे ऐस् करणं * संनिपातलक्षणः * न्यायस्य अनित्यत्वज्ञापनार्थम् । तेनातिजरसैरित्यपि सिद्धिम् । अन्ये तु अतिजरैरित्येवेच्छन्ति । 'अत' इत्येव ? मुनिभिः, शालाभिः दृषद्भिः । स्यादेरित्येव ? चैत्रभिस्सा, ओदनभिस्सटा ॥

અહીં વૃત્તિમાં સૂત્રાર્થ આપવા ઉપરાંત ઉદાહરણ, એક ન્યાયના અનિત્યત્વનું જ્ઞાપન, તેનું ફળ, અન્ય વૈયાકરણનો મત, સૂત્રમાં અનુવૃત્ત થતા અને સૂત્રસ્થ એવા પદોનું સ્વારસ્ય વગેરે ચર્ચવામાં આવ્યું છે તે જોઈ શકાય છે.

(ख) क्रियाहेतुः कारकम् । ૨-૨-૧ સૂત્ર ઉપરની બૃહદ્વૃત્તિમાં લખ્યું છે કે–

क्रियायाः हेतुः कारणं कर्त्रादि कारकसंज्ञं भवति, तच्च द्रव्याणां स्वपराश्रयसमवेतक्रियानिर्वर्तकं सामर्थ्यं शक्तिरित्याचक्षते; शक्तिश्च सहभूर्यावद्द्रव्यभाविर्नी च क्रियाकाल एवाभिव्यज्यते । करोतीति कारकमित्यन्वर्थसंज्ञासमाश्रयणाच्चानाश्रितव्यापारस्य निमित्तत्वमात्रेण हेत्वादेः कारकसंज्ञा न भवति । कारकप्रदेशाः– कारकं कृता (३-१-६८) इत्येयमादयः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીં 'કારક'ની તાત્ત્વિક સમજણ સ્પષ્ટ કરવાનો પણ પ્રયત્ન કર્યો છે અને, વાક્યપદીય, કાંડ-૩ ના સાધન-સમુદેશમાં ઉલ્લિખિત "દ્રવ્યમાં રહેલી ક્રિયા સિદ્ધ કરવાની શક્તિને જ કારક કહે છે' તે સિદ્ધાન્તને પણ બૃહદ્વૃત્તિમાં વણી લીધો છે. તદુપરાંત, 'કારક' સંજ્ઞાને અન્વર્થ દર્શાવીને તેનું દૂરગામી પ્રયોજન પણ નિર્દેશ્યું છે તથા આ કારકસંજ્ઞાનો અન્યત્ર ક્યાં/શો ઉપયોગ છે ? તે પણ અંગુલિનિર્દેશથી કહી રાખ્યું છે.

ત્રીજાં 'બૃહન્યાસ' ઊર્ફે 'શબ્દમહાર્ણવન્યાસ'માં આ. હેમ. સૂરિએ જુદા જુદા મુદ્દાઓ ઉપર વ્યાકરણવિષયક વાદ-પ્રતિવાદની શૈલીમાં ચર્ચાઓ કરીને, અમુક સિદ્ધાન્તોની સ્થાપના કરી છે. આથી જ તેમણે તેનું 'બૃહન્ન્યાસ' એવું સાર્થક નામ આપ્યું છે. દા.ત. सिद्धिः स्याद्वादात् । ૧-૧-૨ સૂત્ર ઉપરની તત્ત્વપ્રકાશિકામાં પહેલું વાક્ય આ પ્રમાણે છે : स्याद् इत्यव्ययमनेकान्तद्योतकम् । આ એક જ વાક્યને પૂરા પ્રપંચથી—વાદપ્રતિવાદપૂર્વક આ પ્રમાણે સમજાવ્યું છે :

ननु स्यादिति क्रियाप्रतिरूपको निपातोऽनेकान्तस्य द्योतको गुणभावेन भवेत्, प्रधानभावेन वा ? न तावद् गुणभावेन, तद्वाचकपदान्तरस्यापि गुणभावेनैन वाचकत्व-प्रसंगाद्... । नापि प्रधानभावेन ...ततो न द्योतकः स्याच्छब्दोऽनेकान्तस्य युज्यते॥ પૂર્વપક્ષીની માંડણી. ત્યાર પછી—अत्राभिधीयते नास्तित्वादिभिरपेक्ष्यमाणं हि वस्तुनोऽस्तित्वं स्याच्छब्देन द्योत्यत इति प्रधान-गुणभावेनैव स्यादिति-निपातोऽनेकान्तवादद्योतकः ।... એમ કહીને ઉત્તરપક્ષની સ્થાપના કરી છે—ન્યાસ કર્યો છે.

(૬) પાણિનિએ પોતાના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણનાં સૂત્રોને સમજવા બીજાં કેટલાંક સૂત્રો meta-rules રચ્યાં છે,[૭] જેને પાણિનીય પરંપરામાં 'પરિભાષા સૂત્રો કહેવામાં આવ્યાં છે. હેમ. સૂરિએ પણ સિ.હે.શ.માં પોતાના વ્યાકરણ—તન્ત્રનાં સૂત્રોને સમજવા માટે બીજાં સૂત્રો meta-rules આપ્યાં છે. જેમકે, સિ. હે.શ.ના ૭-૪-૧૦ થી ૧૨૨ સૂત્રો જુઓ.

દા.ત.; (૧) पञ्चम्या निर्दिष्टे परस्य । ૭-૪-૧૦૪

(૨) सप्तम्या पूर्वस्य । ૭-૪-૧૦૫

(૩) षष्ठ्यान्त्यस्य । ૭-૪-૧૦૬

---

૭. દા.ત., (૧) तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । पा.सू. १-१-६६

(૨) तस्मादित्युत्तरस्य । पा.सू. १-१-६७

(૩) अलोऽन्त्यस्य । पा.सू. १-१-५२

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ સૂત્રોએ સ્પષ્ટપણે સિ.હે.શ.નાં સૂત્રોમાં જે પંચમી, સપ્તમી અને ષષ્ઠી જેવી વિભક્તિઓ વપરાઈ છે તેનું કેવી રીતે અર્થઘટન કરવું ? એનું માર્ગદર્શન પૂરું પાડ્યું છે. આમ પરિભાષા સૂત્રો, કે જે 'સૂત્ર માટેનાં સૂત્ર' છે તેનું પ્રણયન પાણિનિ અને હેમચન્દ્ર બન્નેએ એકસરખું કર્યું છે. અલબત્ત તેમનું સંગ્રથન કરવામાં પાણિનિએ જેવું સ્વાભાવિક તર્કનું અનુકરણ કર્યું છે, એવું હેમ. સૂરિએ કર્યું નથી. કેમકે પરિભાષા સૂત્રો એ જો સૂત્ર માટેનાં સૂત્ર હોય તો તેનો ન્યાસ શાસ્ત્રારંભે એટલે કે વ્યાકરણના પહેલા અધ્યાયમાં જ થવો જોઈએ. પાણિનિએ तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । ૧-૧-૬૬ વગેરે પરિભાષાસૂત્રોને મહદંશે પોતાની 'અષ્ટાધ્યાયી'ના પહેલા અધ્યાયમાં જ મૂક્યાં છે. પરંતુ હેમચન્દ્રાચાર્યે આ સૂત્રોને સિ.હે.શ.ના છેક સાતમા અધ્યાયના અંતે મૂક્યાં છે. પરિણામે તેમના અનુશાસનનો અભ્યાસ કરનારને તેમનાં સૂત્રોમાં પ્રયોજાયેલી ૫, ૭, ૬ વિભક્તિઓનો કેવી રીતે અર્થ કરવાનો છે ? તે શાસ્ત્રનો અન્તભાગ ન આવે ત્યાં સુધી સમજમાં આવતું નથી. (અથવા તો અધ્યાપકે તે તે પરિભાષાસૂત્રોનું શાસ્ત્રારંભે જ્ઞાન કરાવવું પડે છે. પણ તે અંગેની કાળજી હેમ. સૂરિએ રાખી નથી. પરિભાષાસૂત્રોને શાસ્ત્રાન્તે મૂકવા પાછળ કયો તર્ક હશે એ સમજાતું નથી. જો કે તેમણે સિ.હે.શ.ના ત્રીજા જ સૂત્ર लोकात् । ૧-૧-૩ થી કહ્યું છે કે 'આ શાસ્ત્રમાં સ્પષ્ટ રૂપે કહ્યા વિનાની 'ક્રિયા' આદિ સંજ્ઞાઓ, परान्नित्यम् વગેરે ન્યાયોની (શાસ્ત્રપ્રવૃત્તિને માટે) લોકમાંથી, વૈયાકરણોના સિદ્ધાન્તોને જાણનારોઓ પાસેથી, પ્રામાણિકો પાસેથી સિદ્ધિ થાય છે એમ જાણવું. એ જ પ્રમાણે વર્ણસમામ્નાયની પણ લોકમાંથી જ સિદ્ધિ થાય છે.[૮] આવું કહ્યું હોવા છતાંય આપણે જે ત્રણ પરિભાષાસૂત્રો જોયાં, તેવાં સૂત્રો તો લોકમાંથી જાણવા મળે એમ નથી. તે સૂત્રોથી સૂચવેલી વ્યવસ્થા તો પ્રકૃત શાસ્ત્રમાં જ વિનિયોજાઈ છે તેથી તે તે સૂત્રોનો ન્યાસ પ્રથમાધ્યાયમાં જ કરવો જોઈતો હતો એ નિર્વિવાદ છે.

(૭) પાણિનિને અનુસરીને હેમચન્દ્રાચાર્યે સૂત્રશૈલીમાં સિ. હે. શ. ની રચના કરી છે. પરંતુ 'સૂત્ર' તો સ્વલ્પાક્ષરત્વાદિ લક્ષણો ધરાવતું હોવું જોઈએ.[૯] એ સૂત્રલક્ષણ મુજબ સિ.હે.શ.નાં સૂત્રોની સમીક્ષા કરીએ તો તેમાં સ્વલ્પાક્ષરત્વ સર્વાંશે સાધવામાં આવ્યું હોય એમ જણાતું નથી. દા.ત. धातोरिवर्णोवर्णस्येयुव्

૮. उक्तातिरिक्तानां क्रियागुणद्रव्यजातिकाललिङ्ग स्वाङ्गसंख्यापरिमाणाऽपत्यवीप्सालुग् अवर्णादीनां संज्ञानां, परान्नित्यम् *नित्यादन्तरंगम्* अन्तरंगाच्चानवकाशं बलीयः इत्यादीनां न्यायानाञ्च, लोकाद् वैयाकरणसमयविदः प्रामाणिकादेश्च शास्त्रप्रवृत्तये सिद्धिर्भवतीति वेदितव्यम्, वर्णसमाम्नायस्य च ॥ १-१-३ इत्यत्र बृहद्वृत्तिः ॥

૯. स्वल्पाक्षरमसंदिग्धं सारवत् विश्वतोमुखम् ।
अस्तोभमनवद्यञ्च सूत्रं सूत्रविदो विदुः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

स्वरे प्रत्यये । २-१-५० (वृत्तिः — धातुसंबन्धिनः इवर्णस्योवर्णस्य च स्थाने स्वरादौ प्रत्यये परे यथासंख्यम् 'इय्'– 'उव्' इत्येतावादेशौ भवतः ।) આ સૂત્રમાં બે વાર પ્રયોજાયેલા વર્ણ શબ્દને એક વાર ઘટાડી શકાયો હોત, પણ સૂત્રોને અતિવિશદ બનાવવા જતાં સૂત્રોનું 'સ્વલ્પાક્ષરત્વ' ખંડિત થયું હોય એમ જણાય છે.

(૮) હેમ. સૂરિએ સિ.હે.શ.ની સૂત્રશૈલીમાં રચના કરી હોઈને, તેમને ૧. ધાતુપારાયણ ૨, ગણપાઠ અને ૩. લિંગાનુશાસન જેવા ત્રણેક ઉપકારક અંગોની રચના પણ કરવી પડી છે. કારણે કે ક્રિયાપદોની રૂપસિદ્ધિમાં જે જે ધાતુઓને એક-સરખા વિકરણ પ્રત્યયાદિની પ્રક્રિયામાંથી પસાર કરવા પડે છે. પહેલાં તેમના જૂથ (ગણ) નક્કી કરી લેવા પડે છે. આવા જૂથોને વ્યાકરણશાસ્ત્રના સૂત્રોમાં અક્ષરશઃ લખવાથી સૂત્રનું કદ ઘણું મોટું થઈને ઊભું રહે અને પરિણામે સૂત્રોને કંઠસ્થ કરવા મુશ્કેલ બને. આથી ધાતુઓના જુદાં જુદાં જૂથોમાંથી એક આદિ ધાતુને લઈને તેનો કેવળ પ્રતીકાત્મક નિર્દેશ કરવાથી પણ કામ ચાલી શકે છે; અને સૂત્રનું કદ મોટું થવાને બદલે નાનું થઈને ઊભું રહે છે. ઉદા. ત. ૧ स्वादेः श्नुः । ३-४-७५

(वृत्ति) स्वादेर्गणात्कर्तरि विहिते शिति श्नुः प्रत्ययो भवति, शकारः शित्कार्यार्थः। सुनोति, सुनुते... ॥

२. क्र्यादेः । ३-४-७९

(वृत्तिः) क्र्यादेर्गणात्कर्तरि विहिते शिति श्नाः प्रत्ययो भवति । क्रीणाति। प्रीणाति । ...વગેરે

અહીં પાંચમા ગણનો અને નવમા ગણનો પહેલો પહેલો ધાતુ અનુક્રમે √षुंग्ट् > सु અને √डुक्रींग्श्>क्री લઈને, તે તે ગણનો स्वादि અને क्र्यादि એવા શબ્દોથી નિર્દેશ કરી દીધો છે. હવે આવા દશેય ગણોમાં કેટલા કેટલા અને કયા કયા ધાતુઓ આવેલા છે ? તેમાં કેવા કેવા અનુબન્ધો જોડ્યા છે ? અને તે બધા ધાતુઓમાંથી જુદાં જુદાં ક્રિયાપદનાં કેવાં કેવાં રૂપો થાય છે ? એનું પ્રદર્શન કરવા માટે એક સ્વતન્ત્ર ગ્રન્થની આવશ્યકતા હતી, જેની પૂર્તિ કરવા માટે હેમ. સૂરિએ 'ધાતુપારાયણ' નામના ગ્રન્થની રચના કરી છે.

એ જ પ્રમાણે જે જે દ્રવ્યવાચક નામો એકસરખી રૂપપ્રક્રિયામાં સમાવિષ્ટ થઈ જાય છે, એમના પણ હેમ. સૂરિએ 'ગણો' (સમૂહો) બનાવી લીધા છે. દા.ત. बाह्वादिभ्यो गोत्रे । ६-१-३२ (वृत्तिः) ...बाह्वादिभ्यो ङसन्तेभ्यो गोत्रेऽपत्येऽर्थे इञ् प्रत्ययो भवति ... । बाहोरपत्यं बाहविः औपवाकविः, नैवाकविः औदज्ञिः। વગેરે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીં बाहु, उपवाकु, निवाकु, वटाकु, उपबिन्धु, चाटाकु, वृकला... सुमित्रा, दुर्मित्रा । જેવા શબ્દોને " – ના ગોત્રમાં જન્મેલું અપત્ય (સંતાન)" અર્થમાં તદ્ધિતનો इञ् પ્રત્યય લાગીને, એકસરખી પ્રક્રિયાથી बाहविः । औपवाकविः । વગેરે શબ્દો બને છે. આથી હેમ. સૂરિએ આ बाहु, उपवाकु વગેરે ૨૦ શબ્દોને સૂત્રબદ્ધ કરવાનો બદલે, તેમનો પહેલાં એક 'ગણ' (સમૂહ) બનાવી લીધો છે, અને સૂત્રમાં તો તેનો बाह्वादि (= बाहु શબ્દ છે આદિમાં જેની, એવો સમૂહ) શબ્દથી જ નિર્દેશ કર્યો છે. આમ હેમ. સૂરિએ પોતાના સિ.હે.શ.ને ઉપકારક બની શકે એવા 'ગણપાઠ'ની પણ રચના કરી છે અને તે ગણપાઠને પોતાના 'બૃહદ્‌વૃત્તિ'માં જે તે સ્થળે ઉલ્લેખી દીધો છે.

આ ઉપરાંત, વ્યાકરણતન્ત્રને આનુષંગિકપણે મદદ કરનાર બીજા બે ઉપકારક ગ્રન્થો પણ હોઈ શકે. જેમકે, ૧. લિંગાનુશાસન અને ૨. કોશગ્રન્થો. હેમ. સૂરિએ સ્વોપજ્ઞ વૃત્તિ સાથે તેમની પણ રચના કરી છે તથા શાસ્ત્રપ્રક્રિયામાં ઉપકારક એવા ન્યાયો, કે જેને 'પારિભાષા વચનો' પણ કહે છે તેનો પણ સંગ્રહ રજૂ કર્યો છે.

આમ પાણિનિએ જેવી રીતે પોતાના વ્યાકરણના 'અષ્ટાધ્યાયી' સૂત્રપાઠ ઉપરાંત, ધાતુપાઠ અને ગણપાઠની પણ રચના કરી છે, તેમ આ.હેમ. સૂરિએ પણ સિ.હે.શ.નાં સૂત્રો ઉપરાંત, ઉણાદિ સૂત્રો, ધાતુપારાયણ, ગણપાઠ અને લિંગાનુશાસનાદિની સ્વોપજ્ઞ ટીકા સાથે રચના કરી છે તથા તે સૌમાં પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં પ્રયોજાયેલી રચનાપદ્ધતિનું મહદંશે અનુકરણ કર્યું છે.

[૪]

એક વ્યાકરણતન્ત્ર તરીકે સિ.હે.શ.નો અભ્યાસ

ક્રિયાપદ અને નામપદાદિનાં રૂપોની શિષ્ટપ્રયોગાનુસારી સિદ્ધિ (=નિષ્પત્તિ) કરી આપનારા એક વ્યાકરણતન્ત્ર તરીકે સિ.હે.શ.નો અભ્યાસ કરવો ખૂબ જરૂરી છે. આ દૃષ્ટિએ જોઈએ તો પાણિનિનું વ્યાકરણતન્ત્ર વાક્યસંસ્કારપક્ષને સ્વીકારીને સમગ્ર વાક્યના પરિપ્રેક્ષ્યમાં જ પ્રત્યેક પદની સિદ્ધિ કરી આપનારું વ્યાકરણતન્ત્ર છે. પરંતુ સિ.હે.શ.માં પદસંસ્કારપક્ષને સ્વીકારીને જુદાં જુદાં પદોની સિદ્ધિ વર્ણવી છે. પાણિનિના અષ્ટાધ્યાયી વ્યાકરણનો અને હેમચન્દ્રાચાર્યના સિ.હે.શ.નો તુલનાત્મક અભ્યાસ કરવાથી આ મુદ્દો ફલિત થાય છે. જેમકે,

પાણિનિની 'અષ્ટાધ્યાયી'ના આઠેય અધ્યાયોનું ક્રમશઃ અધ્યયન કરીએ તો, તેમાં વાક્યની (= એક સમગ્ર ઉક્તિની) રચના વર્ણવતાં સૂત્રોનો જે ક્રમ છે, તે નીચે મુજબનો છે :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧) કૃત્રિમ – પારિભાષિક સંજ્ઞાઓ અને પરિભાષાસૂત્રો,

(૨) વાક્યના એકમને મનમાં રાખીને, ક્રિયાનિર્વર્તક એવા પદાર્થો—અર્થોને વ્યાકરણિક સંજ્ઞાઓ (=કર્તૃકારકાદિ સંજ્ઞાઓ) આપવી,

(૩) તે સંજ્ઞાઓનું સુબન્ત (નામપદ) અને તિઙન્ત (ક્રિયાપદ)માં પરિવર્તન અને છેલ્લે.

(૪) પદ/સન્ધિવિષક ધ્વનિપરિવર્તનના નિયમો.

ઉદાહરણ તરીકે એક નમૂનો લઈશું – "રામ લાકડાંથી રાંધે છે." આવી એક ઘટના વિષે સંસ્કૃત ભાષાના વાક્યમાં રજૂઆત કરવી હોય તો તે વાક્યમાં વપરાયેલા ત્રણેય શબ્દો વચ્ચેના ક્રિયા-કારકભાવ અર્થાત્ પરસ્પરના અન્વયનો વિચાર કર્યા વિના= પરસ્પરથી અનન્વિત હોય તે રીતે એકપણ નામપદ કે ક્રિયાપદની પાણિનીય વ્યાકરણતન્ત્રથી રૂપસિદ્ધિ કરવી શક્ય જ નથી. જેમકે (જુઓ : ચાર્ટ ૧)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ચાર્ટ–૧

પાણિનીય વ્યાકરણતન્ત્રનો વાક્યસંસ્કાર પક્ષ

રામ	લાકડાંથી	રાંધે છે
राम + 'સ્વતંત્ર' રૂપી અર્થ (પ્રકૃતિના અર્થો) ૧. પુંસ્ત્વ ૨. એકત્વ ૩. વ્યક્તિવિશેષ કર્તૃ-કારક ૪. યુષ્મદસ્મદ્ભિન્ન સંજ્ઞા (= ત્રીજો) પુરુષ स्वतन्त्रः कर्ता । (१-४-५४) ↓ [ક્રિયાપદમાંના ति પ્રત્યયથી 'કર્તા' રૂપી અર્થ ઉક્ત = 'અભિહિત' થતો હોઈને (अभिहिते कर्तरि) = प्रातिपદિકાર્થ માત્રમાં કર્તૃકારક વાચક राम ને પ્રથમા વિભક્તિના પ્રત્યયો લાગે છે.) ↓ – प्रातिपदिकार्थलिङ्ग परिमाणवचन मात्रे प्रथमा । (पा.सू. २-३-४६)	काष्ठ + '<u>સાધન</u>' રૂપી અર્થ ↓ 'કારક' સંજ્ઞા (कारके । (१-४-२३) (રાંધવું' ક્રિયામાં કાષ્ઠ 'સાધન' તરીકે અન્વિત છે, માટે તે (કાષ્ઠ) 'કારક' કહેવાશે.) ↓ 'કરણ' (કારક) સંજ્ઞા साधकतमं करणम् । १-४-४२, હવે [ક્રિયાપદમાંના ति પ્રત્યયથી 'કરણકારક' રૂપી અર્થ ઉક્ત = અભિહિત નથી, તેથી अनभिहिते। २-३-१ના અધિકારમાં આવેલા कर्तृकरणयोस्तृतीया । २-३-१८થી 'કરણ-કારક' અર્થ વ્યક્ત કરવા તૃતીયા વિભ-ક્તિના પ્રત્યય (टा भ्याम् भिस्) લાગે છે.] – स्वौजसमौट्० । ४-१-२ સૂત્રોક્ત भिस् પ્રત્યય : काष्ठ + भिस् ।	'રાધવું' ક્રિયા રૂપી + ૧ વર્તમાનકાળ અર્થ કહેવા માટે ધાતુપાઠમાંથી √पच् ધાતુને પસંદ કરવામાં આવે છે. ↓ वर्तमाने लट् । (३-२-१२३) पच् + लट् । ત્યાર પછી लः कर्माणि च भावे चाकर्मकेभ्यः लट् ३-४-६९ સૂત્રાનુસાર અહીં પ્રથમ તબક્કે વિવક્ષાથી નક્કી કરવાનું હોય છે કે लट् 'કર્તૃકારક' રૂપી અર્થ કહેશે કે કર્મકારરૂપ અર્થ કહેશે ? કર્તૃરૂપ અર્થ કહેવાની ઈચ્છા હોય તો– पच् + लट् > ति । पच् + शप् > अ + ति ॥ = पचति ॥ { હવે लट्ने કર્તરિવાચક માન્યો હોયતો कर्तरि शप् । ३-१-६८ }

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

– प्रत्ययः । परश्च । ३-१-१,२ –
(= પ્રથમા વિભક્તિના જે પ્રત્યયો હોય તેને પ્રકૃતિથી પરમાં લગાડવા.)
↓
– स्वौजसमौट् छष्टाभ्याम्भिस्० ।
૪-૧-૨ સૂત્રોક્ત પ્રથમા વિભક્તિનો એકવચનમાં / – सु/ પ્રત્યય ઉત્પન્ન થયો :–
राम + सु > स् । હવે
– ससजुषो रुः । ૮-૨-૬૬ થી / स् / ના સ્થાનમાં रु > र् આદેશ કરવો.
– राम + र् । હવે
खरवसानयोर्विसर्जनीयः ૮-૩-૧૫
– ૧૫ થી र् ના સ્થાનમાં વિસર્ગ (:) થાય છે.
પરિણામે, रामः ॥ રૂપ બને છે.

– अङ्गस्य । ६-४-१ થી ७-४-९७ સુધીનાં સૂત્રોમાં વિભક્તિ પ્રત્યયોનાં સ્થાનમાં કેવા ફેરફાર કરવા ? એનું વર્ણન છે.
જેમકે पदान्ते भिस् ऐस् । ७-१-९
काष्ठ + भिस् > ऐस् । < वृद्धिरेचि ।
६-१-८८ થી વૃદ્ધિ થશે તો
काष्ठ + ऐस् → काष्ठैस् ।
– હવે ससजुषो रुः । ૮-૨-૬૬ થી
स् > रु > र्
– તથા खरवसानयोर्विसर्जनीयः ।
૮-૩-૧૫ થી > काष्ठैः ॥ રૂપ બન્યું.

અહીં જોઈ શકાય છે કે ૧. काष्ठैः પદની એકાકિ સ્વતંત્ર પદ તરીકે પાણિનીય-તન્ત્રમાં પદસિદ્ધિ કરવી શક્ય નથી, કારણ કે कारके । १-४-२३ (= ક્રિયાપદ જોડે અન્વિત હોય ત્યારે) એવી શરત સંતોષાય તો જ (અર્થાત્) ક્રિયાપદના = વાક્યના (ઉપલક્ષ્યમાં જ)

નોંધ : પાણિનીય તન્ત્રમાં કોઈ તિઙન્ત (= ક્રિયાપદ)ની પણ એકાકિ (અનન્વિત) પદ તરીકે સિદ્ધિ = નિષ્પત્તિ કરવી શક્ય નથી. કારણ કે અમુક ક્રિયાવાચક, દા.ત, पच् ધાતુને નક્કી કર્યા પછીય, અને તે ક્રિયા વર્તમાન-કાળમાં થાય છે એવી વિવક્ષા કર્યા પછીય – लट् ના સ્થાનમાં तिप् વગેરે ૧૮ પ્રત્યયોમાંથી કોઈ એકની પસંદગી કરવા માટે ઉપપદમાં રહેલ युष्मद् વાચ્ય પુરુષ, अस्मद् વાચ્ય પુરુષ કે તદુભય ભિન્ન પુરુષ એ ત્રણમાંથી કયા પુરુષ સામાનાધિકરણ્યમાં રહેલો છે ? તેનો નિર્ણય કરવો પડે છે જેમકે,

૧. युष्मद्युपपदे समानाधिकरणे स्थानिन्यपि मध्यमः । १-१-१०५
૨. अस्मद्युत्तमः । १-४-१०७
૩. शेषे प्रथमः । १-४-१०८

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

रामः ।

↓

અહીં रामःની સિદ્ધિ કરતી વખતે પણ એ જોવું પડે છે કે –

रामः 'રાધવું' ક્રિયામાં સ્વતન્ત્ર પદાર્થ તરીકે, એટલે કે કર્તૃકારક તરીકે જોડાયેલો છે.

અને ક્રિયાપદમાંના / ति/ પ્રત્યયથી તે કર્તૃ રૂપ અર્થ ઉક્ત હોઈનેकर्तृ-करणयोस्तृतीया । २-३-१८ થી તૃતીયા વિ. લાગશે નહીં. પણ પ્રાતિપાદિકાર્થે પ્રથમા વિ. જ લાગશે.

કોઈ પણ પદની સિદ્ધિ શક્ય છે.

૨. અષ્ટાધ્યાયીમાં પાણિનિનાં સૂત્રોનો ઉપસ્થિતિક્રમ પણ (क) ખૂબ સૂચક છે અને (ख) 'અર્થ → વાક્ય → પદ → ધ્વનિ-પરિવર્તન – એવા વિષયાનુક્રમને અનુસરે છે. તે નોંધવું,

पचति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આમ પાણિનિના વ્યાકરણતન્ત્રમાં જો તમામ પદોની સિદ્ધિ કોઈક ક્રિયાપદના પરિપ્રેક્ષ્યમાં જ શક્ય બનતી હોય તો તે વ્યાકરણતન્ત્ર વાક્યસંસ્કાર પક્ષનો અંગીકાર કરીને ચાલે છે એમ માનવું કહ્યું. બીજી તરફ, સિ.હે.શ.ના ૧ થી ૭ અધ્યાયોનો વિષયાનુક્રમ જોઈશું તો જણાશે કે તે પદસંસ્કારપક્ષને સ્વીકારીને પ્રવૃત્ત કરેલું એક વ્યાકરણતન્ત્ર છે. જેમકે, સિ.હે.શ.માં નીચે મુજબનો વિષયાનુક્રમ છે :

(૧) શાસ્ત્રારંભે સંસ્કૃત ભાષાના વર્ણ-ધ્વનિઓનો પરિચય,
(૨) નામને લાગતાં વિભક્તિપ્રત્યયોને પ્રથમા વગેરે સંજ્ઞાઓનું વિધાન,
(૩) સ્વર અને વ્યંજનસન્ધિ,
(૪) નામપદની રૂપપ્રક્રિયા,
(૫) કારકસંજ્ઞા અને તન્નિમિત્તક વિભક્તિવિધાન,
(૬) सत्व, षत्व, णत्वादि વિધિઓ
(૭) સ્ત્રીપ્રત્યયવિધિ,
(૮) ઉપસર્ગ ગતિસંજ્ઞાનો પ્રદેશ,
(૯) સમાસવિધિ,
(૧૦) ક્રિયાપદોની રૂપસિદ્ધિ,
(૧૧) કૃદન્તની રૂપસિદ્ધિ,
(૧૨) ઉણાદિ પ્રત્યયો,
(૧૩) તદ્ધિતવિધિ,
(૧૪) સમાસાન્ત વિધિ
(૧૫) દ્વિત્વ અને પ્લુતવિધિ; અને સૌથી છેલ્લે
(૧૬) પરિભાષાસૂત્રોની યાદી.

અહીં જોઈ શકાય છે કે ૧ થી ૭ અધ્યાયોમાં પહેલાં પદવિષયક અને સન્ધિવિષયક ધ્વનિપરિવર્તનનાં સૂત્રો આપ્યાં છે. પછી નામપદોની સિદ્ધિ દર્શાવી છે; અને ત્રીજે તબક્કે કારકસંજ્ઞાઓનું વિધાન છે. એટલે કે કોઈ ક્રિયાપદના (= કોઈક વાક્યના) પરિપ્રેક્ષ્યમાં નામપદોની સિદ્ધિ (નિષ્પત્તિ) કરવાની નથી. रामः વગેરે નામપદોની સિદ્ધિ તો પહેલાં સ્વતન્ત્ર રીતે થઈ ગયા પછી જ, તે પ્રથમાદિ વિભક્ત્યન્ત પદો કયા કારકાર્થને વ્યક્ત કરવા વપરાય છે એનું નિરૂપણ છે.

સિ.હે.શ.ના માત્ર પહેલાં બે અધ્યાયોનાં મુખ્ય સૂત્રોનો અભ્યાસ કરવાથી જ ઉપર્યુક્ત મુદ્દાનું સમર્થન થઈ જાય છે. જેમકે,

१. स्यौजसमौशस्टाभ्याम्भिस् ङेभ्याम्भ्यङसिभ्याम्भ्यस् ङसोसाम्ङ्योस्सुपां त्रयी त्रयी प्रथमादिः । १-१-१८

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

२. स्त्यादिर्विभक्तिः । १-१-१९

३. तदन्तं पदम् । १-१-२०

४. सविशेषणम् आख्यातं वाक्यम् । १-१-२६

५. अधातुविभक्तिवाक्यमर्थवन्नाम । १-१-२७

પ્રથમાધ્યાયના પ્રથમ પાદના આ સૂત્રોમાં પ્રથમાદિ વિભક્તિ, પદ, વાક્ય અને નામ જેવી સંજ્ઞાઓનું વિધાન છે. ત્યારે પછી –

६. समानानां तेन दीर्घः । १-२-१ થી શરૂ કરીને

७. लि लौ । १-३-६५ સુધીનાં સૂત્રોમાં (એટલે કે પ્રથમાધ્યાયના બીજા અને ત્રીજા પાદનાં તમામ સૂત્રોમાં) સન્ધિવિષયક સૂત્રોનો ન્યાસ કરવામાં આવ્યો છે. હવે –

८. अत आः स्यादौ जस्भ्याम्ये । १-४-१

९. भिस ऐस् । १-४-२

१०. एद् बहुस्भोसि । १-४-४

११. टाङसोनिन्स्यौ । १-४-५

१२. ...... થી ૨-૧-૫૯ સુધીનાં સૂત્રોમાં નામરૂપા પ્રકૃતિઓને પ્રથમાદિ વિભક્તિઓના સિ औं जस् વગેરે પ્રત્યયો લગાવ્યા પછી, તેમાં જે તે પ્રકૃતિ અનુસાર કેવાં કેવાં પરિવર્તન કરવાં ? એનું નિરૂપણ છે. ત્યારે પછી –

१३. नाम्नो नोऽनह्नः । २-१-९१

१४. नामन्त्र्ये । २-१-९२ .... १०१ સુધીનાં સૂત્રોમાં સિ વગેરે પ્રત્યયો લાગ્યા પછી પ્રકૃતિમાં કેવા કેવા ફેરફાર કરવા એવું નિરૂપણ છે. આ બધાં (૧-૪ થી ૨-૧ના) સૂત્રોની પ્રવૃત્તિ કરવાથી સંસ્કૃત ભાષાના તમામ નામપદોની સિદ્ધિ થઈ જાય છે એનું વર્ણન અહીં પૂર્ણ થઈ જાય છે. ત્યારે પછી જ –

१५. क्रियाहेतुः कारकम् । २-२-१

१६. नाम्नः प्रथमैकद्विबहौ । २-२-३१, અને

१७. गौणात् समयानिकषाहाधिगन्तराऽन्तरेणाऽतियेनतेनैर्द्वितीया। २-२-३३ થી ૧૨૦ સુધીનાં સૂત્રોમાં કારકસંજ્ઞાઓ અને તન્નિમિત્તક કઈ કઈ વિભક્તિઓ લાગે છે ? એનું પ્રદર્શન કર્યું છે. આમ હેમચન્દ્રાચાર્યના વ્યાકરણતન્ત્રમાં ક્રિયાપદથી નિરપેક્ષ રહીને (એટલે કે સમગ્ર વાક્યના સન્દર્ભને ધ્યાનમાં લીધા વિના) रामः, काष्ठैः । વગેરે એકાકિ (અનન્વિત) પદોની સિદ્ધિ કરવાની હોય છે. વધુ સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો (क) વક્તાનો વિવક્ષિતાર્થ કઈ વિભક્તિથી વ્યંક્ત થઈ શકશે?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એ જાણ્યા પહેલાં જ, અને (ख) અમુક શબ્દનો કે વિભક્ત્યન્ત પદનો કોની (= કયા બીજા નામપદ કે કયા ક્રિયાપદ) સાથે અન્વય થશે/કરીશું ? તે નક્કી કર્યા વિના જ યાદચ્છિક રીતે નક્કી કરવાનું કે વક્તાએ અમુક વિભક્તિનાં રૂપો બનાવવાં છે. [ઉપર જોયું છે તેમ 'અમુક કારકાર્થ અમુક વિભક્તિથી વ્યક્ત થાય છે.' એવું કહેનારાં સૂત્રો ૨–૨–૨૩ થી ૧૨૦ સુધીનાં આવેલાં છે. તેની પૂર્વે (સિ.હે.શ.માં) નામને પ્રથમાદિ વિભક્તિ પ્રત્યયો લગાડીને કેવી રીતે/ કેવાં પદો સિદ્ધ કરવાં ? એનું રૂપાખ્યાન સિ.હે.શ.માં ૧–૪૧ થી ૨–૧–૧૦૧માં વર્ણવ્યું છે.] આ દષ્ટિએ હેમચન્દ્રાચાર્યનું વ્યાકરણ તન્ત્ર પદસંસ્કાર પક્ષને સ્વીકારીને પ્રવૃત્ત થયું છે એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

* * *

હવે એક પદનિષ્પાદક વ્યાકરણતન્ત્ર તરીકે સિ.હે.શ.નો અભ્યાસ કરીએ તો જણાય છે કે અહીં, આંરભે રૂપઘટક સામાન્ય પ્રત્યયોનું વિધાન કર્યા પછી, પ્રકૃતિના વૈવિધ્ય અનુસાર તેના ઉપરૂપઘટકોનું વર્ણન કરવું એવી વર્ણનાત્મક શૈલી અપનાવવામાં આવી છે.

ઉદાહરણ તરીકે જોઈએ તો નામરૂપા પ્રકૃતિને લગતા પ્રત્યયો (૧–૧–૧૮ સૂત્ર મુજબ) આ પ્રમાણે છે :

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	सि (स्)	औ	जस् (अस्)
દ્વિતીયા	सम्	औ	शम् (अस्)
તૃતીયા	टा (आ)	भ्याम्	भिस
ચતુર્થી	ङे (ए)	भ्याम्	भ्यस्
પંચમી	ङसि (अस्)	भ्याम्	भ्यस्
ષષ્ઠી	ङस् (अस्)	ओस्	आम्
સપ્તમી	ङि (इ)	ओस्	सुप् (सु)

આ ૨૧ પ્રત્યયો કે મુખ્ય રૂપઘટકો છે, તેને આધારે જુદાં જુદાં નામપદોની રૂપસિદ્ધિ વર્ણવવા માટે હેમચન્દ્રાચાર્યે પ્રકૃતિના વૈવિધ્ય અનુસાર જુદાં જુદાં ઉપરૂપઘટકોનું વર્ણન નીચે મુજબ કર્યું છે. જેમકે –

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ચતુર્થી વિભક્તિ એકવચનનો પ્રત્યય /-ङे/ (ए) : એક મુખ્ય રૂપઘટક

↓

સિ.હે.શ.માં તેના છ ઉપરૂપઘટકો વર્ણવ્યાં છે –

↓ ૧	↓ ૨	↓ ૩	↓ ૪	↓ ૫	↓ ૬
/य/	/– स्मै/	/–यै/	/–स्यै/	/–ए/	/–ऐ/
પ્રકૃતિ : હ્રસ્વ અકારાન્ત	સર્વાદિ ગણના શબ્દો	દીર્ઘ આકારાન્ત પ્રકૃતિ	આ કારાન્ત સર્વાદિ ગણના શબ્દો	इ/उ કારાન્ત પ્રકૃતિ	સ્ત્રીલિંગમાં હ્રસ્વ इ/उ દીર્ઘ इ/ऊકારાન્ત પ્રકૃતિ
દા.ત. रामाय वनाय	सर्वस्मै	मालायै	सर्वस्यै	मुनये साधवे	बुद्ध्यै/धेन्वै नद्यै/चम्वै
વિધિસૂત્ર : १-४-६ डेङस्योर्यातौ	१-४-७ सर्वादेः स्मैस्मातौ	१-४-१७ आपो ङितां यैयास्यायाम्	१-४-१८ सर्वादे र्डस्पूर्वाः ।	१-४-२३ ङित्यदिति	१-४-२८-२९ स्त्रियां ङितां वा दै दास्दासदाम् स्त्रीदूतः । २९

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આમ, જુદાં જુદાં નામપદોનું રૂપાખ્યાન વર્ણવવા માટે પહેલાં એક સામાન્ય સૂત્રથી નામરૂપા પ્રકૃતિને લાગતાં મુખ્ય રૂપઘટકો (= સામાન્ય પ્રત્યયો)નું પ્રદર્શન કરવામાં આવે છે, અને ત્યાર પછી, નામરૂપા પ્રકૃતિના વૈવિધ્ય અનુસાર ઉપરૂપઘટકોનું વર્ણન કરવામાં આવે છે. જો કે પાણિનિએ જ પોતાના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં આ શૈલીનો પહેલવહેલો પુરસ્કાર કર્યો હતો; અને એ શૈલીનું સાદ્યન્ત નિરવદ્ય પરિપાલન કરી બતાવ્યું હતું. જ્યારે આચાર્ય શ્રીહેમચન્દ્રસૂરિએ 'પહેલાં રૂપઘટક અને ત્યાર પછી તેમનાં ઉપરૂપઘટકોનું પ્રદર્શન' કરનારી તે શૈલીનું અનુકરણ જરૂર કર્યું છે; પણ તેઓએ તેનું સાદ્યંત પરિપાલન કર્યું નથી. દા.ત. ક્રિયાવાચક ધાતુઓ ઉપરથી દશેય કાળ અને અર્થોની અભિવ્યક્તિ કરતાં ક્રિયાપદનાં રૂપોની સિદ્ધિ પ્રદર્શિત કરતી વખતે તેમણે ઉપર્યુક્ત શૈલીનો ત્યાગ કરી દીધો છે. તેમણે જુદાં જુદાં ૧૦ સૂત્રો રચીને દશેય કાળઅર્થોના વાચક પ્રત્યયો અલગ અલગ દર્શાવ્યા છે. સિ.હે.શ.ના ૩-૩-૬, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ સૂત્રોમાં પરસ્મૈપદના ૯ અને આત્મનેપદના ૯ એમ કુલ ૧૮ પ્રત્યયોની દશ શૃંખલાઓ રજૂ કરી છે. આમ, ક્રિયાપદોની રૂપસિદ્ધિ માટે કુલ ૧૮ × ૧૦ = ૧૮૦ પ્રત્યયો (મુખ્ય રૂપઘટકો)નું પ્રદર્શન કર્યું છે. ઉદા.ત. –

१. वर्तमाना तिव् तस् अन्ति, सिव् थस् थ, भिव् वस् मस्, ते आते अन्ते, से आथेध्वे, ए वहेमहे । ३-३-६

२. ह्यस्तनी दिव्ताम् अन्, सिव् तम्, त, अम्वम्, तआताम् अन्त, थास् आथाम् ध्वम्, इवहिमहि । ३-३-९

३. भविष्यन्ती स्यातिस्यतस् स्यन्ति, स्यसि स्यथस् स्यथ, स्यामिस्यावस् स्यामस्, स्यते स्येते स्यन्ते, स्यसे स्येथे स्यध्वे, स्ये स्यावहे । स्यामहे।

૩-૩-૧૫ જ્યારે પાણિનિએ તો (નામપદની સિદ્ધિ કરવા જે પદ્ધતિ અજમાવી છે તેની જ જેમ) દશેય કાળ અને અર્થમાં જુદા જુદા ધાતુઓ ઉપરથી ક્રિયાપદનાં રૂપો સાધવા માટે પણ પહેલાં એક જ સામાન્ય સૂત્ર तिप्तस्झिसिप्थस्थमिप्वस्मस् तातांझथासाथाम्ध्वमिड्वहिमहिङ्। પા.સૂ. ૩-૪-૭૮ સૂત્રથી સામાન્ય રૂપઘટકોનું વર્ણન કર્યું છે, અને ત્યાર પછી તેનાં ઉપરૂપઘટકોનું વર્ણન કર્યું છે. આમ, મહર્ષિ પાણિનિએ તો નામપદ અને ક્રિયાપદ (સુબન્ત અને તિઙન્ત)નું રૂપાખ્યાન વર્ણવવા માટે એકસરખી શૈલી અજમાવી છે. જેમકે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ત્રીજા પુરુષ બહુવચનનો પરસ્મૈપદી પ્રત્યય
/-झि/ એક રૂપઘટક છે.

↓

પાણિનીય વ્યાકરણમાં તેનાં છ ઉપરૂપઘટકો આ પ્રમાણે છે :

१	२	३	४	५	६
झ > अन्त	झि > उस्	झि > रस्	झ > अन्त्	झि > अन्	झि > जुस्
+इ = अन्ति	↓	↓	+ इ = उ	↓	(उस्)
↓	बभूवुः	भवितारः	= अन्तु	अभवन्	↓
भवन्ति	↓	↓	↓	अभूवन्	भवेयुः
भविष्यन्ति	परस्मैपदानां	लुटः	भवन्तु	अभिविष्यन्	भूसासुः
	णलतुसुम थल	प्रयमस्य	↓	↓	↓
झोऽन्तः	थुसणाल्वमाः ॥	डारौरसः ।	एरुः ।	इतश्च ।	झेर्जुस् ।
पा. सू. ७-१-३	३-४-८८	२-४-८५	३-४-८६	३-४-१००	३-४-१०८

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સામે પક્ષે, સિ.હે.શ.માં દશેય કાળ અને અર્થ માટે જે પરસ્મૈપદી (અને આત્મનેપદી) પ્રત્યયો આપ્યા છે, તે "અમુક એક રૂપઘટક અને બીજા તેનાં ઉપરૂપઘટકો"– એવી રીતે રજૂ થયા નથી. તેમાં તો અગાઉ કહ્યું છે તેમ દશેય (કાળ અને અર્થના) પ્રત્યયો મુખ્ય રૂપઘટકો તરીકે જ રજૂ થયા છે. જેમકે,

१. अन्ति (३-३-६)	६. उस् (३-३-१२)
२. युस् (३-३-७)	७. क्यासुस् (यासुस्) (३-३-१३)
३. अन्तु (३-३-८)	८. तारस् (३-३-१४)
४. अन् (३-३-९)	९. स्यन्ति (३-३-१५)
५. अन् (३-३-११)	१०. स्यन् (३-३-१६)

આમ હેમચન્દ્રાચાર્યે નામપદ અને ક્રિયાપદનાં રૂપાખ્યાનની વર્ણનાત્મક શૈલી પોતાના સમગ્ર વ્યાકરણતન્ત્રમાં એકરૂપ રાખી નથી. જોકે એની પાછળ કદાચ સરલીકરણ કરવાનો આશય હોઈ શકે. પરંતુ, તો એવા સરલીકરણને માટે નામપદના રૂપાખ્યાનમાં પણ 'અમુક એક રૂપઘટક અને પછી તેનાં ઉપરૂપઘટકો રજૂ કરવાની' શૈલીનો ત્યાગ કરવો જોઈતો હતો એમ પણ કહેવું જોઈએ.

[૫]

આચાર્યશ્રી હેમચન્દ્રસૂરિ—એક વૈયાકરણ તરીકે

આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરિએ રાજા સિદ્ધરાજ જયસિંહની પ્રેરણાથી 'સિદ્ધહેમ-શબ્દાનુશાસન'ની રચના કરી છે એ ઇતિહાસપ્રસિદ્ધ હકીકત છે. પરંતુ કાશ્મીર વગેરે પ્રાન્તોમાંથી મંગાવેલાં આઠેક વ્યાકરણોનો અભ્યાસ કર્યા પછી, હેમચન્દ્રસૂરિએ જ્યારે વ્યાકરણરચના હાથ ધરી ત્યારે તેમની સમક્ષ ત્રણેક લક્ષ્ય રહેલાં હોય એમ જણાય છે. જેમ કે,

(૧) જૈન ધર્મની આગવી જરૂરિયાત સંતોષવી,

(૨) વ્યાકરણશાસ્ત્રમાં તન્ત્રગત સરલતા લાવવી, અને

(૩) સંસ્કૃત ભાષામાં કાલક્રમે જે પરિવર્તનો આવ્યાં છે તેનો વ્યાકરણમાં સમાવેશ કરવો.

આ ત્રણેય મુદ્દાઓનો વિગતો વિચાર કરીશું :

(૧) બ્રાહ્મણ સંસ્કૃતિમાં મહર્ષિ પાણિનિએ પોતાના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં ભાષા અને લૌકિક સંસ્કૃત ભાષાનું વ્યાકરણ એકીસાથે રજૂ કર્યું છે, જ્યારે શ્રમણ સંસ્કૃતિમાં એક તરફથી વેદોનું પ્રામાણ્ય સ્વીકારવામાં આવ્યું નથી, અને બીજી તરફથી જૈન આગમ સાહિત્ય પ્રાકૃતભાષામાં સંગૃહીત થયું હતું. આથી હેમચન્દ્રસૂરિએ નવા વ્યાકરણગ્રન્થની રચના કરી ત્યારે વૈદિક સંસ્કૃત ભાષાના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વ્યાકરણને પડતું મૂક્યું, અને તેના સ્થાને પૈશાચી, શૌરસેની, અપભ્રંશાદિ પ્રાકૃત ભાષાઓનું વ્યાકરણ રજૂ કર્યું. પહેલી જ વખત એકી સાથે પ્રાકૃતના આટલા બધા ભેદોની ચર્ચા કરવાનું શ્રેય કેવળ હેમ. સૂરિએ ફાળે જાય છે. તેમણે જૈન આગમ સાહિત્યની ભાષાના વ્યાકરણને માટે आर्षम् । ૮-૧-૩ કહીને એક જુદા વિભાગમાં તેની ચર્ચા હાથ ધરી છે, [પરંતુ આ પ્રાકૃત ભાષાઓના વ્યાકરણ વિશે સ્વતંત્ર અભ્યાસ હાથ ધરાવો જોઈએ એમ કહીને અટકીશું. પ્રસ્તુત લેખમાં તો સિદ્ધહેમ-શબ્દાનુશાસનના ૧-૭ અધ્યાયોમાં રજૂ થયેલા (લૌકિક) સંસ્કૃત ભાષાના વ્યાકરણનો જ અભ્યાસ કરીને અમુક વિચારો રજૂ કરીશું.]

આમ હેમ. સૂરિએ જૈન સમ્પ્રદાયની એક જરૂરિયાત સંતોષવા માટે સિ.હે.શ.ની રચના કરી છે એ તો નિર્વિવાદ છે. પરંતુ આ નવા વ્યાકરણતન્ત્રનો પ્રસ્તાવ જે વ્યાપમાં થયો છે, તે વ્યાપ સર્વાંગીણ હોઈને હેમચન્દ્રસૂરિની વિદ્વત્તા તરફ બહુમાન ઉપજે છે. અગાઉ જણાવ્યું છે તેમ સિ.હે.શ.ની સૂત્રાત્મક રચના કર્યા પછી, તે સૂત્રોને વિશદ કરવા, અભીષ્ટ ગર્ભિતાર્થોને અને ગૃહીતાર્થોને પ્રકટ કરવા માટે તેમણે લઘુન્યાસ, બૃહદ્‌વૃત્તિ (તત્ત્વપ્રકાશિકા) અંને બૃહન્ન્યાસ (= શબ્દ-મહાર્ણવન્યાસ) જેવી ત્રણ સર્વોપજ્ઞ વૃત્તિઓ રચી છે; જે અનુક્રમે ૬,૦૦૦, ૧૮,૦૦૦ અને ૮૪,૦૦૦ શ્લોકપ્રમાણ હોવાનું કહેવાય છે. વળી આ સિ.હે.શ.નાં સૂત્રોને ઉપકારક એવાં ૧. ગણપાઠ, ૨. વૃત્તિ સહિતનો ધાતુપાઠ અને ૩. વૃત્તિ સહિતનો ઉણાદિ સૂત્રપાઠ પણ હેમ. સૂરિએ પોતે રચ્યો છે. તદુપરાંત શબ્દોનું લિંગજ્ઞાન કરાવવા, કે શબ્દોના અર્થો પર્ય્યાયાદિ જણાવવા 'લિંગાનુશાસન' અને અનેક કોશગ્રન્થોની પંણ તેમણે રચના કરી છે. વિશેષમાં, બે દ્વયાશ્રય કાવ્યો રચીને તેમણે પોતાના વ્યાકરણમાં દર્શાવેલાં રૂપોનો પ્રયોગ પણ કરી બતાવ્યો છે. આમ એક વ્યાકરણતન્ત્રની આવી અદ્વિતીય સર્વાંગીણ રજૂઆત કરવાનો યશ આ. હેમ. સૂરિના ફાળે જાય છે.

(૨) પાણિનીય વ્યાકરણશાસ્ત્રે લાઘવની ભૂમિકાએથી વિશ્વતોમુખી બની રહેવાનું લક્ષ્ય તાક્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો, પાણિનિએ લોકની અને વેદની સંસ્કૃત ભાષાઓનું વ્યાકરણ બને એટલા ટૂંકાણથી રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. પરિણામે તેમાં કેટલીક તન્ત્રગત જટિલતાઓ પ્રવેશવા પામી છે. આનાથી છૂટવા માટે જેમ ચાન્દ્ર, કાતન્ત્ર, જૈનેન્દ્ર (જૈન), શાકટાયનાદિ વ્યાકરણો પ્રવૃત્ત થયાં છે, તેમ આ. હેમ. સૂરિએ પણ પોતાના વ્યાકરણશાસ્ત્રમાં તન્ત્રગત સરલતા લાવવાનો પ્રયત્ન કર્યો છે.

વાક્યપદીયકાર ભર્તૃહરિના નામે એક શ્લોકાર્ધ પ્રચલિત થયો છે, તે મુજબ—
उपेयप्रतिपत्त्यर्था उपाया अव्यवस्थिताः । (નાગેશકૃત પરમલઘુમંજૂષા, શક્તિ-

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નિરૂપણ પૃ. ૫)[૧] અર્થાત્ 'ઉપેયની પ્રતિપત્તિ માટે ઉપાયો નિશ્ચિત/સીમિત હોતા નથી. એટલે કે भवति અવા એક ક્રિયાપદની રૂપસિદ્ધિ કરવા માટે भू + लट् > भू + तिप् /भू + शप् (अ) + ति भो + अ + ति → भवति એવી પ્રક્રિયાનું પણ આશ્રયણ થઈ શકે; અને ક્યારેક लट् એવી કૃત્રિમ સંજ્ઞાનો ત્યાગ કરીને, भू ધાતુને સીધો तिव् પ્રત્યય લગાડીને પણ भवति । ક્રિયાપદની રૂપસિદ્ધિ વર્ણવી શકાય. આમ, ઉપેય (= ભાષામાં વપરાતું અમુક નિશ્ચિત રૂપ સાધવા = વ્યુત્પન્ન કરવા) માટે ઉપાયો (= વ્યાકરણની પ્રક્રિયાઓ) જુદા જુદા પણ હોઈ શકે.[૨] આમ ઉપાય વૈવિધ્યને તો પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં જ આવકાર્ય ગણવામાં આવ્યું છે. આથી પાણિનીય વ્યાકરણની જેમ જ ચાન્દ્રાદિનાં વ્યાકરણો પણ ઉપાદેય બની શકે એમાં કોઈ જ શંકા નથી. આ દૃષ્ટિએ જોઈએ તો હેમ. સૂરિએ પોતાના સિ.હે.શ.માં સરલતા આણવા કેટલાક પ્રયત્નો કર્યા છે. જેમકે, પ્રત્યાહારસૂત્રો (अइउण् । ऋलृक् । ઇત્યાદિ પાણિનીય તન્ત્રોક્ત વર્ણસામામ્નાય)નો ત્યાગ, ક્રિયાપદના જુદા જુદા દશ કાળ અને અર્થમાં રૂપો સાધવા માટે દશ લકારોની પ્રકલ્પનાનો ત્યાગ, પાણિનીય તન્ત્રમાં પ્રસિદ્ધ એવી કેટલીક કૃત્રિમ-અકૃત્રિમ સંજ્ઞાઓનો ત્યાગ, સરલ કે અન્વર્થ સંજ્ઞાઓનું સમાશ્રયણ, સૂત્રમાંથી જ વિશદ અર્થ મળી રહે તે માટે (લાઘવના ભોગે પણ) વિશેષ પદોનો સંનિવેશ વગેરે.

અહીં, વ્યાકરણતન્ત્રની જે નવી રીતે રજૂઆત થઈ છે એની સામે તો કોઈને વાંધો હોઈ શકે જ નહીં. જુદી જુદી પ્રક્રિયાઓનું સમાશ્રયણ કરીને રજૂ થયેલાં વ્યાકરણતન્ત્રમાંથી કોઈ એક વ્યાકરણતન્ત્ર જટિલ લાગવાનું, તો બીજું કોઈ વ્યાકરણતન્ત્ર સરલ પણ લાગવાનું; અને આવા જટિલતા કે સરલતા'ના માપંદડથી જ પાણિનીય વ્યાકરણતન્ત્ર અને તદિતર ચાન્દ્રાદિનાં વ્યાકરણતન્ત્રોની ગુણવત્તા કે ઉપાદેયતાનો વિચાર આજદિન સુધી થતો રહ્યો છે. પરંતુ કોઈ પણ અભ્યાસીએ ખરેખર તો એ તપાસવું જોઈએ તે તન્ત્રગત સરલીકરણ કરવા જતાં વર્ણનાત્મક શૈલી એકરૂપ રહેવા પામી છે કે નહીં ? અથવા તો વાગ્વ્યવહાર માટે જે સ્વાભાવિક છે તેવા વાક્યસંસ્કારપક્ષનો ત્યાગ કરીને, પદસંસ્કારપક્ષ તો નથી સ્વીકારવો પડ્યો

---

૧. વાક્યપદીય સંપાદક : કે.વી. અભ્યંકર અને વી.પી. લીમયે (પૂના યુનિવર્સિટી, ૧૯૬૫)ની આવૃત્તિમાં આ શ્લોક મળતો નથી.

૨. નિરુક્ત (૧-૧૩)ની વૃત્તિમાં દુર્ગાચાર્યે પણ લખ્યું છે કે — पाणिनीया भूप्रकृतिमुपादाय लडित्येयं प्रत्ययमुपाददते । ततः कृतानुबन्धलोपस्यानच्कस्य लस्य स्थाने तिबादीनादिशन्ति । ... अपरे पुनर्वैयाकरणा लटमकृत्वैव तिबादीनुपादते । ... तेषामपि हि शब्दानुशासने सा तन्त्रशीली ॥ (પૃ. ૭૪-૭૫)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ને ? આપણે એક તન્ત્રકાર તરીકે હેમચન્દ્રાચાર્યની અગાઉ (૪માં) ચર્ચા કરી છે તેમાં દર્શાવ્યું છે કે સિ.હે.શ.ને ભલે સરળ તન્ત્ર ગણવામાં આવતું હોય, પરંતુ તેમાં (क) અસ્વાભાવિક એવા પદસંસ્કાર પક્ષને પુરસ્કારવામાં આવ્યો છે અને સ્વાભાવિક એવા વાક્યસંસ્કાર પક્ષનો ત્યાગ કરવામાં આવ્યો છે, તથા હેમ. સૂરિએ નામપદોનું રૂપાખ્યાન રજૂ કરતી વખતે (ख) 'પહેલાં મુખ્ય રૂપઘટકો દર્શાવી, પછી તેનાં ઉપરૂપઘટકોનું વર્ણન કરવું"– એવી વર્ણનાત્મક શૈલી અજમાવી છે, પરંતુ ક્રિયાપદોનું રૂપાખ્યાન દર્શાવતી વખતે તેમણે આ શૈલીનો ત્યાગ કરી દીધો છે. અને દશેય કાળ અને અર્થનાં રૂપો માટે જુદા જુદા ૧૮-૧૮ પ્રત્યયો (કુલ ૧૮૦ પ્રત્યયો) મુખ્ય રૂપઘટકોનું પ્રદર્શન કર્યું છે. આમ એક જ તન્ત્રમાં જુદા જુદા પ્રકારની વર્ણનાત્મક શૈલીને તન્ત્રકારની નિષ્ફળતા જ ગણવી, કે તેને સરલીકરણ ગણીને આવકારવી? એનો નિર્ણય તો પ્રત્યેક અભ્યાસીએ પોતાની રીતે જ કરવાનો રહે છે !

(૩) સામાન્ય રીતે વ્યાકરણગ્રન્થોમાં જે તે ભાષાનાં ચાર એકમો વિશે વાત કરવી પડે. જેમ કે, ૧ વર્ણધ્વનિઓ, ૨. પદ (રૂપાખ્યાન) ૩. વાક્યરચના અને ૪. અર્થ. તદુપરાંત કાલક્રમે એ ભાષાનાં પૂર્વોક્ત ચાર એકમોમાં ક્યાં, કેવું પરિવર્તન આવ્યું છે ? એની સમયે સમયે નોંધ પણ લેવાવી જોઈએ. આ દૃષ્ટિએ તો આ. હેમ. સૂરિએ પોતાના સિ.હે.શ.માં વર્ણ, પદાદિ વિષયક કેટલીક પારંપારિક, તો કેટલીક વિશિષ્ટ રજૂઆતો કરી છે :

(क) વર્ણધ્વનિવિષયક વિચારો : औदान्ताः स्वराः । સિ.હે.શ. ૧-૧-૪ સૂત્રની બૃહદ્વૃત્તિમાં લખ્યું છે કે – औकारावसाना वर्णाः स्वरसंज्ञा भवन्ति, तकार उच्चारणार्थः। अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओं औ । औदन्ता इति बहुवचनं वर्णेष्वपठितानां दीर्घपाठोपलक्षितानां प्लुतानां संग्रहार्थम्, तेन तेषामपि स्वरसंज्ञा । ... અહીં જોઈ શકાય છે કે તેમણે ऌકાર સ્વરનો દીર્ઘભેદ પણ માન્યો છે, જે પાણિનીય વ્યાકરણમાં માનવામાં આવ્યો નથી. બીજું, હ્રસ્વ ऌ સ્વરના સ્વીકાર વિશે પ્રાચીન સમયથી જ વિપ્રતિપત્તિ હતી,[1] અને હેમ. સૂરિના સમય સુધી તો સંસ્કૃત એક બોલાતી ભાષા તરીકે અક્ષુણ્ણ રહી નથી એ જોતાં ऌ સ્વરનું ઉચ્ચારણ અને તેના દીર્ઘભેદ વિશે હેમ. સૂરિનો શો ખ્યાલ હશે તે આપણા માટે અજ્ઞાત છે. તેમણે બૃહદ્વૃત્તિમાં આ પ્રશ્નની છણાવટ કરી છે, પરંતુ તેમાં ॡ દીર્ઘભેદના સ્વીકારનું પ્રયોજન જણાવ્યું નથી.[2]

---

૧. જુઓ : વર્ણસમામ્નાયમાં ऌકારોપદેશ લે. વસન્ત ભટ્ટ, સ્વાધ્યાય (૨૪.૩-૪) મે-ઑગ. ૮૭ પૃ. ૨૭૧-૨૮૨. લેખ.

૨. ननु ऌकार कृपिस्थ एव प्रयुज्यते, न च तत्र स्वरसंज्ञायाः किमपि प्रयोजनम् ॡकास्य तु सर्वथा प्रयोग एव नास्तीति? नैवम्–'क्लृप्प्तः', कलृप्तशिख!'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૨) વર્ણધ્વનિઓના સ્થાનપ્રયત્નભેદનું વિવરણ કરતી વખતે હેમ. સૂરિએ 'હ્રસ્વ અકાર પ્રક્રિયાદશામાં વિવૃત હોય છે; અને પ્રયોગાવસ્થામાં સંવૃત હોય છે એવા પાણિનીય મતનો અસ્વીકાર કર્યો છે. તેમણે તો સર્વત્ર (શાસ્ત્રપ્રક્રિયામાં અને વાગ્વ્યવહાર દરમ્યાન) હ્રસ્વ અકારને (બીજા સ્વરોની જેમ જ) વિવૃત જ માન્યો છે. આ ઉપરાન્ત, તેમણે વર્ણોત્પત્તિમાં જે ચાર પ્રકારના આભ્યંતર પ્રયત્નો માન્યા છે તે પણ પાણિનીય વ્યાકરણતન્ત્ર કરતાં જુદા પ્રકારના છે. જેમકે,

સિ.હે.શ.માં	પાણિનીય વ્યાકરણમાં
૧. સ્પૃષ્ટ	૧. સ્પૃષ્ટ
૨. ઈષત્સ્પૃષ્ટતા	૨. ઈષત્સ્પૃષ્ટ
૩. વિવૃતતાં	૩. વિવૃત
૪. ઈષદ્ વિવૃત	૪. સંવૃત
(સંવૃત પ્રયત્નનો અસ્વીકાર કર્યો છે.)	(અલબત્ત, પાણિનીય વ્યા. શા.માં. પાછળથી ભાષ્યકારે 'ઈષદ્ વિવૃત' એવો પાંચમો ભેદ સ્વીકારીને નાऽऽज्झलौ । ૧-૧-૧૦ સૂત્રનું ખંડન કર્યું છે.)

(જુઓ : तुल्य स्थानाऽऽस्यप्रयत्नः स्वः । સિ.હે.શ. ૧-૧-૧૭ સૂત્ર ઉપરની બૃહદ્વૃત્તિ)

(૩) સ્વસન્ધિ વિષયક એક વિશિષ્ટ મતનો સ્વીકાર : इवर्णादेरस्वे स्वरे यवरलम् । સિ.હે.શ. ૧-૨-૨૧ સૂત્ર દ્વારા કહ્યું છે કે इ, उ, ऋ અને लृ વર્ણોના સ્થાનમાં અનુક્રમે य् व् र् ल् એવા ચાર આદેશો થાય છે, જો અસ્વ (= અસવર્ણ) સ્વર પરમાં હોય તો, જેમકે दधि + अत्र = दध्यत्र ॥ પરંતુ આવો સૂત્રાર્થ અને ઉદાહરણ આપ્યા પછી હેમસૂરિએ લખ્યું છે કે ॥ केचित्तु इवर्णादिभ्यः परान् यवरलान् इच्छन्ति–दधियत्र, तिरियङ्, मधुवत्र, भूवादयः । तन्मतसंग्रहार्थम् 'इवर्णादेः' इति पञ्चमी व्याख्येया ॥ (સિ.હે.શ. ૧-૧-૨૧ इत्यत्र बृहद्वृत्तिः) અર્થાત્ કોઈ આચાર્યના મતે इ વગેરે વર્ણોથી પરમાં य् व् र् લ્નો આદેશ થાય છે.' પરિણામે दधि + अत्र = दध्यत्र નહીં. પણ दधियत्र એવી સન્ધિ થશે. (આ

इत्यादौ द्वित्वप्लुतादेः स्वरकार्यस्य दर्शनात् । तथाहि – 'अदीर्घाद् विरामैक० (१-३-३२) इत्यनेन द्वित्वम्, दूराद् आमन्त्र्यस्य० (७-४-९९) इत्यनेन प्लुतश्च स्वराश्रितः प्रतिपादितः तत्र स्वरस्याधिकृतत्वाद्, असति स्वरत्वे तन्न स्यादिति ॥ (सि.हे.श. १-१-४ इत्यत्र बृहद्वृत्तिः)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain. Digitized by eGangotri.

મત केचित् –'કોઈક'ના નામે સંગૃહીત કર્યો છે, પણ તે વાસ્તવમાં પૂજ્યપાદ દેવનન્દીના જૈનેન્દ્ર વ્યાકરણનો મત છે એવું 'ન્યાસસારસમુદ્ધારમાં જણાવ્યું છે. આથી હેમ. સૂરિએ જૈનેન્દ્ર વ્યાકરણના આ મતમાં પોતાની પણ સંમતિ છે એવું દર્શાવવા માટે ઉપર લખ્યું છે કે).આવો મત મારા ૧-૧-૨૧ સૂત્રમાંથી પણ ફલિત કરવો હોય તો તે સૂત્રમાંના इवर्णादिः એવું પદ જે ષષ્ઠ્યન્ત રૂપે લખ્યું છે, તેને પંચમ્યન્ત માની લેવું. (જેથી "इ વગેરે વર્ણોથી પરમાં" એવા અર્થનો લાભ થશે.) હવે આ મત પાણિનીય વ્યાકરણ મુજબ તો ગ્રાહ્ય બને એમ છે જ નહીં તથા કોઈ ગ્રન્થકાર કે કવિએ આવી સન્ધિ કરી હોય એવું અમારી જાણમાં નથી.

(ख) પદવિષયક વિચારો : ભાષામાં વપરાતાં તમામ પદોની વ્યુત્પત્તિ દર્શાવવાનો શોખ આપણા દેશમાં બહુ આદિકાળથી ચાલ્યો આવે છે. (છેક વેદની સંહિતાઓમાં પણ તેનાં મૂળ બતાવવામાં આવે છે.) પરંતુ પાણિનિએ જ્યારે પોતાનું 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ લખ્યું ત્યારે ભાષામાં વપરાતા અમુક શબ્દોને અવ્યુત્પન્ન–રૂઢ નામો તરીકે જ સ્વીકારી લીધા છે અને તેમની કાલ્પનિક/અશાસ્ત્રીય વ્યુત્પત્તિ આપવાનું ટાળ્યું છે. (જુઓ : પાણિનીય તન્ત્રનું पृषोदरादीनि यथोपदिष्टम् । પા.સૂ. ૩-૬-૧૦૮ સૂત્ર અને 'નિપાતન'થી સ્વીકારેલા સૌ શબ્દો.) છતાં કોઈક અભ્યાસીને તેવા 'રૂઢ-અવ્યુત્પન્ન નામોની પણ વ્યુત્પત્તિ (પ્રકૃતિ + પ્રત્યયનો વિભાગ) દર્શાવવી જ હોય' તો उणादयो बहुलम् । પા.સૂ. ૩-૩-૧ સૂત્રની રચના કરીને 'ઉણાદિ નામનો પ્રત્યયોનો સહારો લેવો' એવું દિશાસૂચન પણ કરી રાખ્યું છે. (અલબત્ત, તેમણે જે ઉણાદિ સૂત્રપાઠ તરફ ઈશારો કર્યો છે તેનું કર્તૃત્વ સંદિગ્ધ છે. એક મત મુજબ તેના કર્તા શાન્તનવ કે શાકટાયન છે, પરંતુ તે પાણિનિની કૃતિ તો નથી જ એમ સ્વીકારાયું છે.) પરંતુ આ. હેમ. સૂરિએ સિ.હે.શ.ની રચના કરવાની સાથે સાથે જ સ્વોપજ્ઞ વૃત્તિ સહિતનો ઉણાદિસૂત્રપાઠ પણ આપ્યો છે. આમ તેમણે પણ ભાષામાં વ્યુત્પન્ન-અવ્યુત્પન્ન બન્ને પ્રકારના શબ્દો હોય છે એ વાતનો સ્વીકાર કર્યો છે.[1]

---

૧. ઉણાદિ પ્રત્યયોના સ્વરૂપ વિશે સ્પષ્ટતા કરવા અને તેના એકાદ ઉદાહરણનું પ્રદર્શન કરવા સિ.હે.શ.માંથી થોડીક વિગતો જોઈશું :
ભાષાના જે શબ્દોની સિદ્ધિ નિશ્ચિત પ્રકૃતિ+પ્રત્યયના નિયમિત સંમેલનથી થઈ શકતી નથી. અથવા તો ભાષામાં જે રૂઢ–અવ્યુત્પન્ન પ્રકારના શબ્દો હોય છે તેમની પણ વ્યુત્પત્તિ 'અમુક પ્રકૃતિ + પ્રત્યયથી થઈ છે' એમ દર્શાવવાના આગ્રહથી 'ઉણાદિ' નામના પ્રત્યયોનું સ્વતન્ત્ર નિર્માણ કરવું પડે છે. દા.ત. हिसेः सिम् च । ૫૮૮ ॥ (वृत्तिः) हिसुप् हिंसायाम् । इत्यस्मात्हः प्रत्ययो भवति, अस्य च सिमित्यादेशो भवति । सिंहः मृगराजः । અર્થાત્ 'હિંસા' અર્થમાં हिसुप् ધાતુ છે. તેને ह પ્રત્યય લાગે છે. તથા हिसुप् ધાતુના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

(૨) નિરુક્તકાર યાસ્કના સમયથી સંસ્કૃત ભાષામાં ચાર પ્રકારનાં પદો–નામ આખ્યાત, ઉપસર્ગ અને નિપાતનો સ્વીકાર થયો છે. તે પછી પાણિનીય વ્યાકરણમાં 'કર્મપ્રવચનીય' પ્રકારનાં પદો વિશે પણ વિભક્તિવિધાન કરતાં જુદાં સૂત્રો (પા. સૂ. ૧-૪-૮૩ થી ૯૮માં) રજૂ થયાં છે; તથા ભર્તૃહરિએ (વાક્યપદીય ૩-૧-૧માં) તે 'કર્મપ્રવચનીય'ને પાંચમા પ્રકારનું પદ ગણનારી એક વૈયાકરણ પરંપરાનો ઉલ્લેખ પણ કર્યો છે. કર્મપ્રવચનીય પ્રકારના પદનો વાક્યરચનામાં સ્વતત્ર પ્રયોગ થાય છે અને અર્થાભિવ્યક્તિની દૃષ્ટિએ તે વિશિષ્ટ સ્થાન ધરાવે છે. એ જોઈને તેને પાંચમું પદ ગણાયું હોય તો તે વિચારણીય છે. પરંતુ સિ.હે.શ.માં આવા કોઈ પ્રકારના પદનો નામોલ્લેખ સરખો પણ નથી.

(ग) **વાક્યવિષયક વિચારો :** પાણિનિએ પોતાના કોઈ સૂત્રમાં વાક્યની વ્યાખ્યા કે લક્ષણ આપ્યું નથી. અલબત્ત, તે 'વાક્ય'ના ખ્યાલથી અનભિજ્ઞ પણ ન હતા. લાઘવપ્રિય આ વૈયાકરણશ્રેષ્ઠે 'વાક્ય'ની વ્યાખ્યા આપ્યા વિના જ પદો પરસ્પર સંકલિત હોય એ રીતે જ વ્યાકરણની પ્રક્રિયા વર્ણવી છે.[૧] જ્યારે હેમચન્દ્રાચાર્યે પોતાના વ્યાકરણતન્ત્રમાં 'વાક્ય' સંજ્ઞાને સ્પષ્ટ કરતાં લખ્યું છે કે सविशेषणमाख्यातं वाक्यम् । સિ.હે.શ. ૧-૧-૨૬ આ વ્યાખ્યા આમ તો અપૂર્વ નથી. કારણ કે કાત્યાયને પાણિનિનાં સૂત્રો ઉપર જે વાર્તિકો રચ્યાં છે. તેમાં તેમણે આ વાક્યસંજ્ઞાનો પહેલવહેલો પ્રસ્તાવ કર્યો હતો. (જેમકે, आख्यातं साव्ययकारकविशेषणम् वाक्यम् (वा. ९) एकतिङ् । (वा. १०) पा.सू. २-२-१ (सूत्रभाष्यम्) આમાંથી જ સૂચન લઈને હેમ. સૂરિએ અહીં વાક્યની વ્યાખ્યા આપી છે. પરંતુ તેમણે 'વાક્ય'ની વ્યાખ્યા આપ્યા પછી વાક્યસંસ્કારપક્ષ મુજબ નામપદ અને ક્રિયાપદની રૂપસિદ્ધિ વર્ણવી નથી. પણ અગાઉ કહ્યું છે તેમ પદસંસ્કારપક્ષ માન્ય રાખ્યો છે.

(૨) વાક્યવિચારણામાં વિભક્તિવિચાર અંતર્નિહિત છે. તેથી સિ.હે.શ.નાં કારકસૂત્રો અને વિભક્તિવિધાયક સૂત્રો વિશે પણ થોડીક ચર્ચા કરવી જોઈએ. ઉદા.ત. –

હેમ. સૂરિએ ऋते અવ્યયના યોગમાં પાંચમી વિભક્તિ ઉપરાંત દ્વિતીયા વિભક્તિ પણ પ્રયોજી શકાય છે.' એવું ऋते द्वितीया च । સિ.હે.શ. ૨-૨-૧૧૪ સૂત્રથી જાહેર કર્યું છે. દા.ત. ऋते धर्मात् कुतः सुखम् । અથવા चित्रं यथाश्रयम् ऋते કે न ह्यङ्गं विक्रियते रागम् ऋते । વળી, તેમણે પોતે જ નોંધ્યું છે કે द्वितीयां नेच्छन्ति एके। ऋते અવ્યયના યોગમાં દ્વિતીયા વિભક્તિ ન વાપરવી જોઈએ.' એવું કેટલાક વૈયાકરણો ઇચ્છે છે. આ કેટલાક વૈયાકરણોમાં પાણિનીય વૈયાકરણો અગ્રેસર છે. પાણિનિએ अन्यारादितर्तेदिक्शब्दञ्चूत्तरजाहियुक्ते । पा.सू. २-३-

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain. Digitized by eGangotri.

૨૯ સૂત્રથી ऋते અવ્યયના યોગમાં કેવળ પંચમી વિભક્તિનો પ્રયોગ જ માન્ય રાખ્યો છે. પરિણામે પાણિનીય વૈયાકરણોને જ્યાં જ્યાં ऋते યોગે દ્વિતીયા મળી છે ત્યાં ત્યાં તેને આર્ષપ્રયોગ, છાન્દસ્-પ્રયોગ કે निरङ्कुशाः कवयः । કહીને[1] દયનીય જાહેર કરી છે. પણ તેવા પ્રયોગમાં 'પાણિનિની સમ્મતિ છે', અથવા તો 'એવો પ્રયોગ સાધુ છે' એમ કહીને કોઈએ તેનું સમર્થન કર્યું નથી. પરંતુ એવું જણાય છે કે હેમ. સૂરિના સમય સુધીમાં સંસ્કૃત વાક્યરચનામાં આ ફેરફાર (ऋते યોગે દ્વિતીયાનો પણ પ્રયોગ) વધુ પ્રચલિત બન્યો હશે. પરિણામે હેમ. સૂરિએ તેવા પ્રયોગને પોતાના વ્યાકરણમાં સૂત્રબદ્ધ કરીને, પોતાના વ્યાકરણતન્ત્રની માન્યતા જાહેર કરી છે.

બીજું એક ઉદાહરણ લઈશું : પાણિનિએ स्पृहेरीप्सितः । પા.સૂ. ૧-૪-૩૬ થી જણાવ્યું છે કે વાક્યમાં સ્પૃહ ધાતુનો પ્રયોગ થયો હોય તો જે 'ઇપ્સિત' પદાર્થ હોય તેની 'સમ્પ્રદાનકારક' સંજ્ઞા થાય છે (અને પરિણામે सम्प्रदाने चतुर्थी । ૨-૩-૧૩ સૂત્રથી તેવા સમ્પ્રદાનકારક વાચક શબ્દને ચતુર્થી વિભક્તિનો પ્રત્યય લાગે છે.) જેમકે, पुष्पेभ्यः स्पृहयति ॥ (અહીં પુષ્પને ઇપ્સિતતમ પદાર્થ ગણીને, તેની કર્મસંજ્ઞા થતી નથી, તથા તેને દ્વિતીયા વિભક્તિ લાગી શકતી નથી. એટલે કે पुष्पाणि स्पृहयति । એવું થતું જ નથી)[2]

પરંતુ હેમચન્દ્રસૂરિના સમય સુધીમાં કેટલાક સંસ્કૃત ભાષકોની દૃષ્ટિએ સ્પૃહ્ ધાતુ અકર્મક રહ્યો નથી, એટલે પાછળના સમયમાં તે ધાતુને સકર્મક ગણવામાં આવ્યો છે. પારિણામે હેમ. સૂરિએ स्पृहेर्व्याप्यं वा । સિ.હે.શ. ૨-૨-૨૬ સૂત્રથી સ્પૃહ્ ધાતુનો પ્રયોગ થયો ત્યાં 'વ્યાપ્ય' (ઇપ્સિતતમ) પદાર્થની વિકલ્પે સમ્પ્રદાન સંજ્ઞા (અને કર્મસંજ્ઞા પણ) જાહેર કરી છે. જેથી पुष्पेभ्यः स्पृहयति । અથવા पुष्पाणि स्पृहयति । એવા બન્ને પ્રયોગોને શાસ્ત્રાનુમોદન મળી રહ્યું છે. આમ પાણિનિ અને ચાન્દ્રાદિનાં વ્યાકરણો રચાયાં પછીય, કાલક્રમે સંસ્કૃત ભાષામાં જે પરિવર્તનો આવ્યાં છે, કે જે કેટલાંક વિશિષ્ટ રૂપો કે પ્રયોગો થવા લાગ્યા છે તેમનું સાધુત્વબોધન (શાસ્ત્રનું અનુમોદન જાહેર) કરવાનું કામ હેમચન્દ્રસૂરિએ પોતાના સિ.હે.શ.થી કર્યું છે એટલું દિગ્દર્શન કરાવીને અટકીશું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ-૧૭

સિદ્ધહેમ-શબ્દાનુશાસનના એકશેષ-પ્રકરણનો તુલનાત્મક અભ્યાસ

ભૂમિકા : ગુજરાતને માટે ૧૧ શતાબ્દીનો સમયગાળો ઐતિહાસિક દૃષ્ટિએ અવિસ્મરણીય છે. સિદ્ધરાજ જયસિંહદેવે માલવપ્રદેશના યશોવર્મન્ રાજાને હરાવીને અવન્તિકાનાથ—અવન્તિકાધિપતિ–ની ઉપાધિ મેળવી હતી. પણ ભૂતકાળમાં બીજા રાજાઓને પણ આવી નાની-મોટી જીતો તો અનેકવાર મેળવી છે. તેથી સિદ્ધરાજની આ જીતમાં કશુંય અવિસ્મરણીય કહી શકાય નહીં. અવિસ્મરણીય કહી શકાય એવું ઘટના-ચક્ર તો તે પછી બનેલું છે. જેમકે – ગુજરાતની માળવા ઉપરની આ જીતે આનુષંગિકપણે ગુજરાતના વિદ્યાજગતને બે રીતે બહુ પ્રભાવિત કરેલ છે, અને ગુજરાતને ચિરસ્થાયી ગૌરવ અપાવેલ છે. જેમકે,

૧. માળવાથી રાજા ભોજદેવનો હસ્તલિખિત ગ્રન્થોનો ભંડાર ગુજરાતના અણહિલપુર પાટણમાં લાવવામાં આવ્યો – એ ઘટના, એક રીતે જાણે માળવાથી એક વિશ્વવિદ્યાલયને જગુજરાતમાં લાવવામાં આવ્યું હતું એમ કહી શકાય એવી છે. આ ગ્રન્થભંડાર ગુજરાતમાં આવ્યા પછી વિદ્યાકીય પ્રવૃત્તિઓ સતત વિસ્તરતી રહી છે અને આ ગ્રન્થભંડાર અદ્યાવધિ પાટણમાં સાચવીને રાખવામાં આવ્યો છે.

૨. સરસ્વતીકણ્ઠાભરણની રચના કરીને ભોજરાજે જે અપરાજેય કીર્તિ મેળવી હતી, તેની સાત્ત્વિક ઈર્ષ્યાથી પ્રેરાઈને સિદ્ધરાજ જયસિંહદેવે આચાર્ય હેમચન્દ્રજીને વિનન્તી કરી કે ગુજરાતનું પોતાનું આગવું કહી શકાય એવું એક યશોદાયી વ્યાકરણ રચી આપો. કૃપાવન્ત આચાર્યશ્રીએ પણ, ભારતમાં પ્રસિદ્ધ એવાં આઠેક વ્યાકરણો મંગાવીને, તેનો પૂરા મનોયોગથી ઝીણવટપૂર્વક અભ્યાસ કરીને, એક નવા શબ્દાનુશાસનની રચના કરી; અને તેનું નામ સિદ્ધહેમશબ્દાનુશાસન રાખ્યું. આજે આ રચના જાણે પાટણના પ્રાંગણમાં વહેતી સરસ્વતી નદીના કણ્ઠનું આભરણ હોય તેમ શોભી રહેલ છે. સિદ્ધહેમશબ્દાનુશાસનની પ્રશંસામાં કહેવાયું છે કે – भ्रातः संवृणु पाणिनिप्रलपितं, कातन्त्र कन्था वृथा, मा कार्षीः शाकटायनकटुवचः, क्षुद्रेण चान्द्रेण किम् । कः कण्ठाभरणादिभिर्बठरयत्यात्मानम् अन्यैरपि । श्रूयन्ते यदि तावद् अर्थमधुराः श्रीहेमहेमोक्तयः ॥ (प्रबन्धचिन्तामणिः पृ. ૬૧) આમ આ રચના થવાની સાથે જ ગુજરાતના વિદ્યા-જગત્ માં જાણે નવો હૈમ-સૂર્યોદય થયો, અને કાળક્રમે તે આજે હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત-યુનિવર્સિટી–ના નામે સર્વત્ર પ્રકાશ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ફેલાવી રહ્યો છે. પ્રસ્તુત શોધપત્રમાં સિદ્ધહેમશબ્દાનુશાસનમાંથી એકશેષ-પ્રકરણ લઈને તેનો તુલનાત્મક અભ્યાસ કરવો અભિપ્રેત છે.

[૧]

સિદ્ધહેમશબ્દાનુશાસન એક શબ્દનિષ્પાદક-તન્ત્ર (word-producing machine) હોવાથી તેમાં સંસ્કૃત (અને પ્રાકૃત) ભાષાનાં વાક્યો અને વાક્યાન્તર્ગત જુદાં જુદાં નામપદો અને ક્રિયાપદો, તદ્ધિત, કૃદન્ત, સમાસાદિ શબ્દરૂપોની સિદ્ધિ કેવી રીતે થાય છે - તેનું સૂત્રશૈલીમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. જેમ જુદાં જુદાં શબ્દરૂપોની સાધનિકામાં પાસે પાસે આવેલા સ્વરો કે વ્યંજનોની વચ્ચે કેવી કેવી સન્ધિઓ થાય છે – તેનું નિરૂપણ કરવામાં આવે તેમ કોઈ એક શબ્દથી એક અર્થની અભિવ્યક્તિ થઈ જતી હોય તો, તે જ અર્થની અભિવ્યક્તિ કરનાર બીજા શબ્દનો, કે પ્રત્યયનો પ્રયોગ ન થવો જોઈએ - તેની પણ વ્યવસ્થા કરવી જરૂરી બનતી હોય છે. તેવી જ રીતે બે સમાનાર્થક શબ્દોમાંથી કોઈ એક શબ્દનો લોપ કરવાની પણ જરૂર પડતી હોય છે. કેમકે વ્યાકરણમાં એવો એક નિયમ પ્રસિદ્ધ છે કે उक्तार्थानाम् अप्रयोगः । જે અર્થ કહેવાઈ ગયો હોય તે જ અર્થને ફરીથી કહેવાની જરૂર નથી. ભાષા-પરિવર્તનના બીજા એક વૈશ્વિક નિયમ મુજબ, ભાષકો વાગ્વ્યવહાર દરમ્યાન પ્રયત્નલાઘવ કરવાની એક અસમ્પ્રજ્ઞાત માનસિકતા ધરાવતા હોય છે. તેથી તેઓ બોલચાલમાં શબ્દ-લાઘવ કરવા માટે સ્વાભાવિક રીતે પ્રેરાતા હોય છે. ભાષામાં પ્રવર્તમાન આવા શબ્દલાઘવ-સાધક સન્દર્ભો ઓળખી કાઢીને, વૈયાકરણોએ પોતાના વ્યાકરણ-ગ્રન્થોમાં એકશેષ-પ્રકરણને ખાસ સ્થાન આપ્યું છે.

[૨]

સિદ્ધહેમશબ્દાનુશાસનની રચનાનો ઈતિહાસ કાંઈક એવો છે કે સિદ્ધરાજ જયસિંહદેવની પ્રેરણાથી આચાર્ય હેમચન્દ્રે જ્યારે સંસ્કૃત ભાષાનું વ્યાકરણ રચવાનું કામ સ્વીકાર્યું ત્યારે તેમણે પ્રારમ્ભે પાણિનિ આદિ પુરોગામીઓનાં વ્યાકરણો મંગાવીને તેનો અભ્યાસ કરી લીધો. સિદ્ધરાજ દ્વારા માળવાથી આણેલો હસ્તલિખિત ગ્રન્થોનો ભંડાર તો તેમને ઉપલબ્ધ હતો જ, અને તેમાં ભોજદેવનું સરસ્વતી-કણ્ઠાભરણ નામક વ્યાકરણ પણ તેમની સમક્ષ હતું. આ સકલ ઉપાદનસામગ્રીનો હેમચન્દ્રચાર્યે નીરક્ષીર-વિવેકથી વિનિયોગ કરીને પોતાની અદ્વિતીય પ્રતિભાથી સિદ્ધહેમશબ્દાનુશાસનની રચના કરી છે.

આથી હેમચન્દ્રના વ્યાકરણના એકશેષ-પ્રકરણનો અભ્યાસ કરવો હોય તો સ્વાભાવિક રીતે જ તેમના પુરોગામી વૈયાકરણોની કૃતિઓની સાથે તુલનાત્મક અભ્યાસ પણ કરવો જોઈએ. તથા સિદ્ધહેમવ્યાકરણની રચનાની પૂર્વભૂમિકા રૂપે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રહેલી ઐતિહાસિક ઘટનાને પણ ધ્યાનમાં રાખવી જોઈએ. કેમકે તેમને ભોજદેવના સરસ્વતીકણ્ઠાભરણ નામક વ્યાકરણને અતિક્રમી જાય એવા વ્યાકરણની રચનાનું લક્ષ્ય પણ સોંપવામાં આવ્યું હતું. કોઈ પણ વિવેચનાત્મક અભ્યાસની પૂર્વે આવાં ઐતિહાસિક પરિબળોને ધ્યાન ઉપર લેવાં જોઈએ અને પછી પુરોગામી કૃતિઓની સાથે તુલનાત્મક અભ્યાસ પણ કરવો જોઈએ તે અનિવાર્ય શરત છે.

પ્રસ્તુત તુલનાત્મક અભ્યાસમાં ૧. પાણિનિ (૬૦૦ ઇ.પૂર્વે)ની અષ્ટાધ્યાયી, ૨ કાતન્ત્ર વ્યાકરણ (૩૦૦-૫૦૦ ઇ.સ) ૩. ચાન્દ્ર વ્યાકરણ (૫૦૦ ઇ.સ.) તથા ૪. શાકટાયન-બીજો (૮૧૫-૮૬૮ ઇ.સ.) ૫. જૈનેન્દ્ર-વ્યાકરણ (૯૧૮-૯૭૮ ઇ.સ.) તથા ૬. ભોજદેવના સરસ્વતી કણ્ઠાભરણ (૧૦૨૦-૧૦૫૫ ઇ.સ.)ની તુલનામાં ૭. આચાર્ય હેમચન્દ્રના (૧૦૮૮-૧૧૭૨ ઇ.સ.) સિદ્ધહેમ-શબ્દાનુશાસનના એકશેષ-પ્રકરણને મૂલવવામાં આવશે.

[૩]

મહર્ષિ પાણિનિએ અષ્ટાધ્યાયીના પ્રથમ અધ્યાયમાં જ એકશેષ-પ્રકરણને દસ સૂત્રોમાં રજૂ કરેલ છે :

१. सरूपाणाम् एकशेष एकविभक्तौ । १-२-६४
२. वृद्धो यूना तल्लक्षणश्चेदेव विशेषः । ६५
३. स्त्री पुंवच्च । ६६
४. पुमान् स्त्रिया । ६७
५. भ्रातृपुत्रौ स्वसृदुहितृभ्याम् । ६८
६. नपुंसकम् अनपुंसकेनैकवच्चास्यान्यतरस्याम् । ६७
७. पिता मात्रा । ७०
८. श्वसुरः श्वश्र्वा । ७१
९. त्यदादीनि सर्वैर्नित्यम् । ७२
१०. ग्राम्यपशुसंघेष्वतरुणेषु स्त्री । ७३ ॥

આ દસ સૂત્રોને મુખ્યત્વે બે ભાગમાં વહેંચી શકાય : (૧) નામપદોની સિદ્ધિમાં ઉપયોગી થનાર એકશેષ-વિધાયક સૂત્ર सरूपाणाम् एकशेष एकविभक्तौ । ૧-૨-૬૪ તથા (૨) દ્વન્દ્વ-સમાસના અપવાદ રૂપે કહેવાયેલ એકશેષ-પ્રકરણનાં સૂત્રોનો સમૂહ : જેમકે – ૧-૨-૬૫ થી ૭૩.

रामः रामौ–रामाः । એવાં પ્રથમા વિભક્તિનાં રૂપો બનાવતી વખતે, દ્વિવચન કે બહુવચનનાં રૂપોની પ્રક્રિયામાં राम + राम + औ એ સ્થિતિમાં, દ્વિત્વની વિવક્ષામાં द्वेकयोर्द्विवचनैकवचने । થી औ પ્રત્યયની ઉત્પત્તિ થયા પછી, सरूपाणाम्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

एकशेष एकविभक्तौ । ૧-૨-૬૪ સૂત્રથી એકશેષ થાય છે, राम + ० + औ + रामौ । આમ પાણિનિએ ૧-૨-૬૪ સૂત્રથી સમાનાર્થક સરૂપ શબ્દોનો એકશેષ કહ્યો છે. અહીં પ્રયત્નલાઘવથી પ્રેરાઈને ભાષકો દ્વારા એક સરૂપ राम શબ્દને નિવૃત્ત કરવામાં આવે છે અને બીજા राम શબ્દનો એકશેષ કરવામાં આવે છે.

એ સિવાય સન્દર્ભમાં (૧-૨-૬૫ થી ૭૩ માં) मातृ + सु + पितृ + सु । ની સ્થિતિમાં દ્વન્દ્વ સમાસની પ્રાપ્તિ થતાં પૂર્વે જ, पिता मात्रा । ૧-૨-૭૦ સૂત્રથી मातृ શબ્દની સાથે રહેલા पितृ શબ્દનો એકશેષ થાય છે, અને मातृ શબ્દની નિવૃત્તિ થાય છે. હવે पितृ + औ (દ્વિત્વની વિવક્ષામાં) માંથી पितरौ રૂપ બને છે. – બીજા સન્દર્ભમાં, જે એકશેષ કહેવાયા છે તેમાં સામાજિક ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ, પુરુષપ્રધાન સંસ્કૃતિમાં માતૃ-દુહિતૃ-સ્વસૃ-શ્વશ્રૂ જેવા સ્ત્રીવાચક શબ્દોની નિવૃત્તિ થાય છે, અને પિતૃ-પુત્ર-ભ્રાતૃ-શ્વસુર જેવા શબ્દોનો એકશેષ થાય છે. આમ કોઈ પણ ભાષાનું વર્ણન કરવામાં આવે ત્યારે તેમાં જોવા મળતા એકશેષના સન્દર્ભો તપાસવા રસપ્રદ બની રહેતા હોય છે.

[૪]

પાણિનિ પછી કાલક્રમે આવતા શર્વવર્મનુના કાતન્ત્ર (અથવા કાલાપક) વ્યાકરણમાં ક્યાંક એકશેષને લગતું એક પણ સૂત્ર આપેલ નથી. કાતન્ત્ર શબ્દનો અર્થ લઘુતન્ત્ર એવો થાય છે – એ જોતાં સંભવ છે કે શર્વવર્મને સંસ્કૃત ભાષાનું વ્યાકરણ અતિશય ટૂંકાણમાં રજૂ કરવાનું ધ્યેય રાખ્યું હોય તો તેમણે એકશેષ-પ્રકરણને વિશે સર્વથા મૌન રાખ્યું હોય. અલબત્ત દ્વન્દ્વ-સમાસના પ્રકરણમાં પણ તેમણે माता च पिता च मातापितरौ । એવા એક શબ્દ રૂપને સિદ્ધ થતું વર્ણવ્યું છે. ત્યાં पितरौ એવો એકશેષ બતાવ્યો નથી. – આમ કાતન્ત્ર વ્યાકરણના સન્દર્ભમાં કોઈ તુલનાત્મક અભ્યાસ કરવાનો પ્રાપ્ત થતો નથી.

[૫]

પાણિનીય વ્યાકરણની પાછળ ત્રીજા ક્રમે ચન્દ્રગોમિને રચેલું ચાન્દ્ર-વ્યાકરણ આવે છે. આથી પ્રસ્તુત ચર્ચાના સન્દર્ભે, તુલનાત્મક અભ્યાસ કરવા માટે ચાન્દ્ર-વ્યાકરણમાં એકશેષ-પ્રકરણ બાબતે શું વ્યવસ્થા આપી છે, તેનો પણ અભ્યાસ કરવો જોઈએ.

ચાન્દ્ર-વ્યાકરણમાં દ્વિતીય અધ્યાયના દ્વિતીય પાદમાં સમાસ-પ્રકરણનું નિરૂપણ થયું છે. તેમાં ક્યાંય સ્વતન્ત્રપણે એકશેષ-પ્રકરણને લગતાં સૂત્રો આપ્યાં જ નથી. પણ लुगणादिलुक्यगोण्यादीनाम् । ૨-૨-૮૭ સૂત્રની વૃત્તિમાં જણાવ્યું છે કે –

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

शब्दस्यानेकार्थत्वाद् एकशेषानर्थक्यम् । एको हि शब्दोऽनेकस्यार्थस्याभिधायको भवति, यथा रोदसीति शब्दो द्यावापृथिव्योः । भिन्नजातीयानाम् अपि चार्थानाम् एकेनाभिधानं भवति, यथा अक्षाः, पादाः, माषाः इति, किं पुनः सजातीयानाम् ॥

અર્થાત્ ભાષામાં વપરાતા શબ્દો અનેકાર્થક હોય છે. તેથી એકશેષ-પ્રકરણને રજૂ કરવું બીનજરૂરી છે. કોઈ એક જ શબ્દ પણ અનેક અર્થનું અભિધાન કરી શકે છે. જેમકે – (વેદમાં વપરાતો) રોદસી શબ્દ દ્યુલોક અને પૃથિવી લોકનો પણ વાચક છે જ. (આનું તાત્પર્ય એ છે કે એકશેષ થવાથી જ દ્વિત્વનો બોધ થાય છે એવું નથી. જેમકે, વેદમાં વપરાયેલા રોદસી શબ્દમાં કોઈ એકશેષ થયો નથી, તો પણ તે બે જુદા જુદા અર્થોનો વાચક બને છે. માટે વ્યાકરણમાં એકશેષ-પ્રકરણને કહેવાની જરૂર નથી.) એ જ રીતે જદા જુદા અર્થોનું એક જ શબ્દ વડે પણ અભિધાન થઈ શકતું હોય છે. દા.ત. અક્ષ અને પાદ કે માષ શબ્દો. અહીં અક્ષ શબ્દ જુગારના પાસાનો વાચક છે અને ગાડાના પૈડાનો પણ વાચક છે. તો પછી જે સજાતીય શબ્દો હોય તેમનું તો પૂછવું જ શું ? અર્થાત્ સજાતીય શબ્દો એક જ હોય / હશે, તો પણ તે જુદા જુદા અર્થો કહી જ શકશે. (તેથી, ટૂંકમાં એકશેષ-પ્રકરણનું નિરૂપણ કરવાની જરૂર નથી.)

વળી, આ જ ચર્ચાનો વિસ્તાર કરતાં આગળ એમ પણ લખ્યું છે કે पिता च माता च इति पितरौ । भेदविवक्षायाम् तु मातापितरौ । (પૃ. ૨૨૦) એટલે કે અભેદની વિવક્ષા હશે ત્યારે माता च पिता च – એવા વિગ્રહમાંથી पितरौ રૂપ બનશે, અને જ્યારે ભેદની વિવક્ષા હશે ત્યારે मातापितरौ । રૂપ બનશે. આમ 'વિવક્ષા'ના મુદ્દાને આગળ કરીને પણ ચાન્દ્ર-વ્યાકરણે એકશેષ-પ્રકરણની આવશ્યકતાને સ્વીકારી નથી.

[६]

હવે આ સન્દર્ભમાં ભોજદેવ પ્રણીત સરસ્વતીકણ્ઠાભરણ વ્યાકરણના તૃતીયાધ્યાયના તૃતીય પાદમાં જે એકશેષ-પ્રકરણ આપ્યું છે તેનો અભ્યાસ કરીશું:

१. सरूपाणाम् एकशेष एकविभक्तौ । स.क. ३-३-१०३

२. स्वरभिन्नानाम् यस्योत्तरस्वरविधिः । १०४

३. विरूपाणाम् अप्येकार्थानाम् । १०५

४. पौत्रादिजीवद्वृश्यादिना तन्निमित्त एव चेद्विशेषः । १०६

५. स्त्री पुंवच्च । १०७

६. पुमान् स्त्रिया । १०८

७. ग्राम्यपशुसंघेष्वतरूणानेकशफेषु स्त्री । १०९

८. नपुंसकम् अनपुंसकेनैकवच्चास्य वा ॥ ११०

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain. Digitized by eGangotri

९. पितृश्वसुरौ मातृश्वश्रूभ्याम् ॥ १११

१०. भ्रातृपुत्रौ स्वसृदुहितृभ्याम् । ११२

११. त्यदादीनि सर्वैनित्यम् ॥ ११३

સરસ્વતીકણ્ઠાભરણનાં આ સૂત્રો ઉપર લખાયેલી કોઈ વૃત્તિ / ટીકા ઉપલબ્ધ ન હોવાને કારણે ભોજદેવને અભિપ્રેત કોઈ વિશેષ વિચારણા આજે જાણી શકાય નથી. પણ કેવળ આ સૂત્રોનો અભ્યાસ કરવાથી જોઈ શકાય છે કે ભોજદેવે અહીં મહદ્ અંશે પાણિનીય સૂત્રોનું જ અનુકરણ કર્યું છે. આ અગિયાર સૂત્રોમાંથી ૩-૩-૧૦૪ અને ૧૦૫ – એ બે સૂત્રો નવાં જણાય છે. જો કે તેમનાં ૧૦૩ અને ૧૦૫ ક્રમાકનાં સૂત્રો જોવાથી એમ જણાય છે કે તેમના મનમાં બે પ્રકારના એકશેષ રહેલા છે. જેમકે – ૧. સમાનાર્થક સરૂપ શબ્દોનો અને ૨. સમાનાર્થક વિરૂપ શબ્દોનો એકશેષ. (વળી આ બીજા પ્રકારનો એકશેષ તેમણે પતંજલિના વ્યાકરણ-મહાભાષ્યના વર્તિકોમાંથી સૂચન લઈને સૂત્રબદ્ધ કરેલ છે.) અહી ભોજદેવની કોઈ મૌલિકતા કે નવીનતા ધ્યાન ઉપર આવતી નથી.

[૭]

હવે, કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રજીએ પોતાના શબ્દાનુશાસનમાં જે એકશેષ-પ્રકરણ મૂક્યું છે તે જોઈશું.

१. समानाम् अर्थेनैकः शेषः । सि.हे. ३-१-११८

२. स्यादावसंख्येयः । ११९

३. त्यदादिः । १२०

४. भ्रातृपुत्राः स्वसृदुहितृभिः । १२१

५. पिता मात्रा वा । १२२

६. श्वशुरः श्वश्रूभ्यां वा । १२३

७. वृद्धो यूना तन्मात्रभेदे । १२४

८. स्त्री पुंवच्च । १२५

९. पुरुषः स्त्रिया । १२६

१०. ग्राम्यशिशुद्विशफसंघे स्त्री प्रायः । १२७

११. क्लीबम् अन्येनैकं च वा । १२८

અહીં આચાર્ય હેમચન્દ્રે શરૂઆતમાં બે સૂત્રો મૂક્યાં છે. તેમને ધ્યાનથી સમજવાની જરૂર છે, (ત્યાર પછી જ, ભોજદેવની સાથે હેમચન્દ્રની તુલના કરી શકાશે.) પ્રથમ સૂત્ર કહ્યું છે :–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

समानाम् अर्थेनैकः शेषः । (सि.हे. ३-१-११८) તેમણે પોતે જ સ્વોપજ્ઞ બૃહદ્ વૃત્તિમાં આ સૂત્ર ઉપર વ્યાખ્યા કરી છે કે – अर्थेन समानाम् समानार्थानाम् शब्दानाम् सहोक्तौ गम्यमानायाम् एकः शिष्यते, अर्थाद् अन्ये निवर्तन्ते ॥ (सि.हे. ३-१-११८) तद्यथा –

१. वक्रश्च कुटिलश्च इति वक्रौ । – (अथवा)

१. वक्रश्च कुटिलश्च इति कुटिलौ ।

२. वक्रदण्डश्च कुटिलदण्डश्च इति वक्रदण्डौ । (अथवा)

२. वक्रदण्डश्च कुटिलदण्डश्च इति कुटिलदण्डौ ।

આમ, આ સૂત્રથી આચાર્યે જે ઉદાહરણોની સિદ્ધિ થતી દર્શાવી છે – તેનો સાર એવો છે કે આ સૂત્રથી સમાનાર્થક વિરૂપ શબ્દોનો એકશેષ પહેલા (૩-૧-૧૧૮) કહેવાયો છે, અને ત્યાર પછી જે બીજું સૂત્ર છે स्यादावसंख्येयः । 119 તેની ઉપરની બૃહદ્ વૃત્તિ જોવાની માલુમ પડે છે – આના વડે બીજા બે પ્રકારના એકશેષનું વિધાન કરવામાં આવ્યું જેમકે – ૧. સમાનાર્થક સરૂપ શબ્દોનો એકશેષ. દા.ત. वाक् च वाक् च इति वाचौ । અને ૨. વિરુદ્ધાર્થક સરૂપ શબ્દોનો એકશેષ દા.ત. अक्षश्च अक्षश्च अक्षश्च इति अक्षाः । અહીં પહેલો અક્ષ શબ્દ શકટાંગ (પૈડું) નો વાચક છે, બીજો અક્ષ શબ્દ જુગારના પાસાનો વાચક છે, અને ત્રીજો અક્ષ શબ્દ પાશનો વાચક છે. આમ ત્રણે વિરુદ્ધાર્થક છે, પણ ત્રણે સરૂપ શબ્દો છે. આવાં ઉદાહરણોમાં પણ એકશેષ કહેવાયો છે. ટૂંકમાં – હેમચન્દ્રજી દ્વારા બે સૂત્રો વડે કુલ ત્રણ પ્રકારના એકશેષ કહેવાયા છે. જેમકે –

૧. સમાનાર્થક વિરૂપ શબ્દોનો એકશેષ, ३-१-११८ वक्रौ, कुटिलौ

૨. સમાનાર્થક સરૂપ શબ્દોનો એકશેષ, ३-१-११९ वाचौ

૩. વિરુદ્ધાર્થક સરૂપ શબ્દોનો એકશેષ, ३-१-११९ अक्षाः

આચાર્ય હેમચન્દ્રે સમાનાર્થક વિરૂપ શબ્દોનો એકશેષ (૩-૧-૧૧૮) કહ્યા પછી, જે બીજા સૂત્રની રચના કરી છે स्यादावसंख्येयः । ૧૧૯ તે બીજી એક દષ્ટિએ પણ નોંધપાત્ર છે. આ સૂત્ર ઉપરની સ્વોપજ્ઞ બૃહદ્ વૃત્તિ જોઈએ તો–

सरूपार्थम् वचनम्, सर्वस्मिन् स्यादौ विभक्तौ समानाम् तुल्यरूपाणां सहोक्तौ गम्यमानायाम् एकः शिष्यते, असङ्ख्येयः सङ्ख्येयवाचि शब्दरूपं वर्जयित्वा ।

અહીં, સમાનાર્થક સરૂપ તથા વિરુદ્ધાર્થક સરૂપ શબ્દોને માટે આ સૂત્ર રજૂ કર્યું છે – એમ કહ્યું છે. પણ આ સૂત્રમાં જે નિષેધાંશ રજૂ થયો છે – તેનું તાત્પર્ય પણ વિચારણીય છે. અહીં સમાનાર્થક સરૂપ શબ્દોનો જે એકશેષ કહ્યો છે, તેમાંથી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સંખ્યેય-વાચિ (અર્થાત્ ૧ થી ૧૮ સંખ્યાના વાચક) શબ્દોને બાદ કરીને, બાકીના સમાનાર્થક સરૂપ શબ્દોનો એકશેષ થાય છે એમ સમજવાનું છે.

અલબત્ત, હેમચન્દ્રે જે સંખ્યેયવાચિ (૧ થી ૧૮ સુધીના સંખ્યાવાચક શબ્દો સંખ્યેય અર્થમાં જ વપરાય છે, તેથી તે) શબ્દોને બાદ કરીને બાકીના બીજા સમાનાર્થક સરૂપ શબ્દોનો એકશેષ કહ્યો છે – તેમાં પતંજલિના વ્યાકરણ મહાભાષ્યની પ્રેરણા જરૂર છે, પણ આ આખો મુદ્દો જ ભોજદેવના ધ્યાનમાં આવ્યો નથી તે ઉઘાડું છે. સામાન્ય રીતે ભોજદેવ પતંજલિનું અનેક સ્થળે સીધું અનુકરણ કરે છે, પણ જે મહત્ત્વનો ઉપર્યુક્ત મુદ્દો હતો તે એમના ધ્યાન ઉપર આવ્યો નથી - એ કહેવું પડે એમ છે.

હેમચન્દ્રે જે स्यादावसंख्येयः। ११९ સૂત્રમાં સંખ્યેયવાચિ (૧ થી ૧૮ સંખ્યાના વાચક) શબ્દોનો નિષેધ કીધો છે, તેના થકી एक + सु + एक + सु (અથવા – एक + एक + औ) માં સમાનાર્થક સરૂપ શબ્દો હોવા છતાંય, તે एक વગેરે સંખ્યાવાચક શબ્દો સંખ્યેયવાચી પણ હોવાને કારણે તેમનો એકશેષ થતો નથી. – આવી મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરવાનો યશ ભોજદેવ કે ચાન્દ્ર વ્યાકરણને ફાળે જતો નથી, પણ તે કેવળ આચાર્ય હેમચન્દ્રને વિશે જ નિશ્ચિત થયેલ છે.

[૮]

જો કે અહીં હેમચન્દ્રાચાર્યના વ્યાકરણની ઐતિહાસિક દૃષ્ટિએ ભોજદેવના વ્યાકરણની સાથે જ સ્પર્ધા હોવાને કારણે, હેમચન્દ્ર અને ભોજદેવની તુલના અમે પહેલાં રજૂ કરી દીધી છે. પરન્તુ હેમચન્દ્રની પૂર્વે શાકટાયન - બીજો અને જૈનેન્દ્રનાં વ્યાકરણો પણ લખાઈ ચૂક્યાં હતાં, તેથી હેમચન્દ્રનું સ્પષ્ટ મૂલ્યાંકન કરવા માટે તો આ બે વ્યાકરણોમાં આવેલા એકશેષ-પ્રકરણની સાથે પણ તુલના કરવી જરૂરી છે.

દેવનન્દીકૃત જૈનેન્દ્ર-વ્યાકરણમાં स्वाभाविकत्वाद् अभिधानस्यैकशेषानारम्भः।

१-१-१००' સૂત્રમાં જણાવ્યું છે કે એકશેષ-પ્રકરણને મૂકવાની જરૂર જ નથી. આ સૂત્રની ઉપર અભયનન્દીએ રચેલી મહાવૃત્તિમાં લખ્યું છે કે – ।

(महावृत्तिः) स्वभावतः एव शब्द एकशेषम् अनपेक्ष्य एकत्व-द्वित्व-बहुत्वेषु वर्तते। अत एवैकशेषानारम्भः। एकत्वादीनां प्रकृत्युपात्तानाम् अभिव्यक्त्ये विभक्त्युपादानम्। यथा – एको, द्वौ, बहवः, पञ्च, सप्तेति। एवं वृक्षः – वृक्षौ – वृक्षाः। (पृ. २२)

અહીં સ્પષ્ટ જણાય છે કે જૈનેન્દ્ર વ્યાકરણકાર ચન્દ્રગોમિન્‌ના વ્યાકરણને અનુસરીને એકશેષ-પ્રકરણને અનાવશ્યક ગણી રહ્યા છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

[૯]

જૈનેન્દ્રના વ્યાકરણની પૂર્વે, (એટલે કે. ઇ.સ. ૮૧૫માં) શાક્ટાયન બીજાએ રચેલું શાક્ટાયન વ્યાકરણ જોઈએ તો તેમાં એકશેષ-પ્રકરણ વિસ્તારથી આપેલું છે. જેમકે –

૧. समानाम् एकः । शाक. २-१-८१

२. सुप्यसङ्ख्येयः । २-१-८२

३. त्यदादिः । ८३

४. भ्रातृपुत्राः स्वसृदुहितृभिः । ८४

५. पिता मात्रा वा । ८५

६. वृद्धो ना नन्यार्थप्रकृतौ । ८६

७. पुरुषः । ८७

८. स्त्रिया । ८८

९. ग्राम्यद्विखुरसंघेशिशौ स्त्रीप्रायः । ८९

१०. नपुंसकम् अन्येनैक च वा । ९१ (पृ. १३३-१३५).

અહીં આપેલાં ૨-૧-૮૧ અને ૮૨ એ બે સૂત્રો જોતાં તરત જ એ જણાય છે કે एकशेष-प्रकरण બાબતે આચાર્ય હેમચન્દ્રને માટે શાક્ટાયન-વ્યાકરણ સીધું પ્રેરણા-સ્થાન બનેલ છે. શાક્ટાયન વ્યાકરણની અમોઘવૃત્તિમાં લખ્યું છે કે –

सुपि सर्वत्र ये शब्दाः समाना एकरूपा भवन्ति, तेषां सहवचनने एक एव प्रयोक्तव्यः, सङ्ख्येयवाचि शब्दरूपं वर्जयित्वा । ...वृक्षश्च वृक्षश्च (इति) वृक्षौ। वृक्षश्च वृक्षश्च वृक्षश्च (इति) वृक्षाः ॥

'ઉપસંહાર : (૧) ભાષામાં સર્વત્ર અનેક રીતે પ્રવર્તમાન એવા એકશેષના જુદા જુદા સન્દર્ભોને ઓળખીને પાણિનિએ તેનું નિરૂપણ કર્યું છે. પરન્તુ પાછળથી તે સન્દર્ભમાં બે વિભિન્ન દિશાની વિચારધારાઓ શરૂ થઈ છે. જેમકે. ૧. એકશેષને સ્વીકારનારી અને ૨. એકશેષને નહીં સ્વીકારનારી વિચારધારા.

૨. આચાર્ય હેમચન્દ્રજીએ પાણિનીય વ્યાકરણના એકશેષ-પ્રકરણને ધ્યાનમાં લઈને તેની ઉપયોગિતા સ્વીકારી છે. શર્વવર્મન કે ચાન્દ્રવ્યાકરણ કે જૈનેન્દ્રવ્યાકરણમાં આ એકશેષ-પ્રકરણની ઉપયોગિતા જરીકેય સ્વીકારી નથી.

૩. બીજી તરફ, ભોજદેવ દ્વારા સરસ્વતીકણ્ઠાભરણમાં આ એકશેષ-પ્રકરણની રજૂઆત યોગ્ય રીતે થઈ નહીં, તેથી હેમચન્દ્રે શાક્ટાયન-વ્યાકરણમાંથી પ્રેરણા લઈને વધારે વ્યવસ્થિત અને તર્કબદ્ધ રીતે એકશેષ-પ્રકરણને મૂકી આપ્યું છે, જેથી ભોજદેવની કીર્તિને અતિક્રમવાનું તેમને સોંપેલું ઐતિહાસિક કાર્ય તેઓશ્રીએ સફળતા-

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પૂર્વક પાર પાડ્યું છે એમાં શંકા નથી. તથા પાણિનીય વ્યાકરણમાં પ્રકટ રૂપે નહીં કહેવાયેલા એકશેષના ત્રણ પ્રકારો પણ કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યજીએ જ ઉપર્યુક્ત બે સૂત્રો દ્વારા મૂકી આપ્યા છે – તે એમની સૂક્ષ્મેક્ષિકાના પરિચાયક છે.

૪. અહીં એ પણ ઉમેરવું જરૂરી છે કે – સિદ્ધહેમશબ્દાનુશાસનની રચના પાછળ ભલે રાજકીય અને ઐતિહાસિક કારણો રહેલાં હોય, પણ વ્યાકરણ-વિદ્યાની દૃષ્ટિએ વિચારીએ તો સરસ્વતીકણ્ઠાભરણની કેટલીક ચિન્ત્ય દુરુક્તિઓ કે અલ્પોક્તિઓ સુધારવાની જરૂરિયાત પણ હતી જ. તેથી આચાર્ય હેમચન્દ્રજીની આ કૃતિ વિદ્યા-જગત્ ઉપરનો એક સ્વતન્ત્ર મોટો ઉપકાર પણ છે જ.

• • •

સન્દર્ભ ગ્રન્થોની સૂચિ

१. कातन्त्र – व्याकरणम् । (कातन्त्र-रूपमाला) सं. श्री ज्ञानमती माताजी, दिगम्बर जैन त्रिलोक शोध संस्थान, हस्तिनापुर, मेरठ – २००७

२. चान्द्र-व्याकरणम् । सं. क्षितीशन्द्र चेटर्जी, डेक्कन कोलेज, पूर्णे, १९५३

३. जैनेन्द्रव्याकरणम् (महावृत्तिः) । सं. शम्भूनाथ त्रिपाठी, भारतीय ज्ञानपीठ, काशी. १९५६

४ व्याकरण-महाभाष्यम् । (भाग-१) मोतीलाल बनारसीदास, दिल्ली, १९६७

५. शाक्टायन-व्याकरणम् । (अमोघवृत्तिः) सं. शम्भूनाथ त्रिपाठी, भारतीय ज्ञानपीठ, काशी, १९७१

६. सरस्वतीकण्ठाभरणम् । सं. ति. रा. चिन्तामणि, मद्रास युनिवर्सिटी, चैन्नैई, १९३७

७. सिद्धहेमशब्दानुशासनम् । (बृहद् वृत्तिः) सं. वज्रसेन विजयजी, (तीन भाग), मुंबई द्वितीयावृत्ति, वि.सं. २०४२

८. श्रीबृहत्हैमप्रकिया । गिरिजाशङ्कर मयाशङ्कर शास्त्री, अहमदावाद, १९३१

९. हैमलघुप्रक्रिया । श्रीविनयविजय गणिकृता, निर्णयसागर प्रेस, मुम्बई, १९१८

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલા-૧૮

હેમચન્દ્રચાર્ય-નિર્દિષ્ટ વાક્યવિન્યાસ પદ્ધતિનું વિશ્લેષણ

ભૂમિકા : આચાર્ય હેમચન્દ્રસૂરિએ જ્ઞાનની પ્રત્યેક શાખામાં ઓછામાં ઓછો એકાદ ગ્રન્થ તો લખ્યો જ છે અને માટે તેમને "કલિકાસર્વજ્ઞ" એવું ઉપનામ આવવામાં આવ્યું છે. તેમણે વ્યાકરણ, પ્રમાણ, કાવ્યશાસ્ત્ર, છન્દ, શાસ્ત્ર, કોશ, પુરાણાદિ વિષયક અનેક ગ્રન્થો લખ્યા છે, તે બધામાંથી વ્યાકરણ-વિષયક "સિદ્ધહેમ-શબ્દાનુશાસન નામનો ગ્રન્થ સૌથી અધિક ધ્યાનાકર્પક છે.

આ શબ્દાનુશાસનનાં પાંચ અંગો છે. જેમકે ૧. સૂત્રપાઠ, ૨. ધાતુપારાયણ, ૩. ગણપાઠ ૪. ઉણાદિસૂત્ર અને ૫. લિંગાનુશાસન. આ પંચાંગી સંસ્કૃત વ્યાકરણમાં જે અષ્ટમ અધ્યાય છે, તેમાં વિવિધ પ્રકારની પ્રાકૃત ભાષાઓનું પણ વ્યાકરણ આપવામાં આવ્યું છે, તથા આ સંસ્કૃત પાઠ પ્રાકૃત વ્યાકરણનાં સૂત્રોથી જે જે શબ્દો નિંષ્પન્ન થાય છે, તેને ઉદાહરણ તરીકે પ્રસ્તુત કરવા/વાપરી બતાવવા માટે આચાર્ય હેમચન્દ્રે 'દ્વયાશ્રય મહાકાવ્ય' અને 'કુમારપાલચરિત' જેવાં બે "શાસ્ત્રેતિહાસ કાવ્યો"ની રચના પણ કરી છે. આથી આચાર્ય હેમચન્દ્રસૂરિનું વ્યાકરણશાસ્ત્રમાં જે પ્રદાન છે, તે ગવેષણીય છે.

યદ્યપિ અહીં 'સિદ્ધહેમશબ્દાનુશાસન'નું સર્વાંગીણ પરીક્ષણ કરવું અભીષ્ટ નથી, તથાપિ આ વ્યાકરણની હાર્દરૂપ જે વાક્યવિન્યાસ પદ્ધતિ છે — તેની સમીક્ષા તો અવશ્ય કરવી જરૂરી છે, જેને કારણે પાણિનીય વ્યાકરણની તુલનામાં આ સિદ્ધહેમશબ્દાનુશાસનનું શું વૈશિષ્ટ્ય છે ? તે મુદ્દો ઉપસાવી શકાશે.

[૧]

પાણિનીય વ્યાકરણમાં વાક્ય અને વાક્યાંશનું નિષ્પાદન કરવા માટે 'અષ્ટાધ્યાયી' સૂત્રપાઠમાં કુલ બે સ્થાનો ઉપર બે પ્રકારનો સૂત્રસમૂહ મૂકવામાં આવેલ છે : (૧) કારકપાદ (૧-૪-૨૩ થી ૫૪) અને, (૨) વિભક્તિપાદ ૨-૩-૧ થી ૭૭). પહેલા કારકપાદમાં ક્રિયા-નિર્વર્તક જુદાં જુદાં કારકોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ભાષામાં 'વાક્ય' રૂપ એકમ જ સાચું અને કામયાબ (કારગત) એકમ હોય છે. આવા વાક્યનું સંઘટન ક્રિયાપદ વિના તો શક્ય જ હોતું નથી. બીજા શબ્દોમાં કહીએ તો, કોઈ પણ પદસમુદાયમાં જો કોઈ એકાદ ક્રિયાપદ હોય જ નહીં, તો તેવો પદસમુચ્ચય 'વાક્ય' કહેવાતો નથી. આથી કોઈ પણ વાક્યમાં સૌથી પહેલાં ક્રિયાપદનો જ પ્રવેશ કરવાનો હોય છે, અને તેની સાથે સાથે જ તે (ક્રિયા કે જે હમેશાં સાધ્ય કોટિમાં જ હોવાને કારણે) તેનાં સાધનો અર્થાત્ ક્રિયાનિર્વર્તકો =કારકો (=તે ક્રિયાને જન્માવનાર)નું પણ નિરૂપણ કરવું આવશ્યક હોય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આથી પાણિનિએ 'અષ્ટાધ્યાયી'ના પ્રથમ અધ્યાયમાં જ 'કારકપાદ' (૧-૪-૨૩ થી ૫૪)માં જુદાં જુદાં છ કારકોનું (કારકસંજ્ઞાઓનું) નિરૂપણ કર્યું છે અને ત્યાર પછી, બીજા અધ્યાયના તૃતીયપાદમાં 'વિભક્તિપાદ' (૨-૩-૧ થી ૭૭ સુધીનાં સૂત્રો)ને મૂકેલ છે. આ બન્ને પ્રકારના પાદો પરસ્પરમાં ભેગા મળીને 'વાક્ય'ની સિદ્ધિ કરવાનો માર્ગ પ્રશસ્ત કરે છે.

[૨]

પાણિનિની 'અષ્ટાધ્યાયી'ની વિભક્તિપાદ (૨-૩-૧ થી ૭૭)માં જે સૂત્રો મૂક્યાં છે, તે અલગ અલગ વિભક્તિઓનું વિધાન કુલ ચાર રીતે કરે છે. જેમકે,

૧. અભિહિતકારકને માટે પ્રથમ વિભક્તિનું વિધાન

૨. અનભિહિત કારકોને માટે દ્વિતીયા, તૃતીયા વગેરે વિભક્તિઓનું વિધાન,

૩. અકારક વિભક્તિના રૂપમાં –

(क) ષષ્ઠી વિભક્તિનું વિધાન, અને

(ख) વિશિષ્ટ અર્થોની અભિવ્યક્તિ કરવા માટે (જેમાં કોઈ પણ કારક-સંજ્ઞાને માધ્યમ બનાવવામાં આવતી નથી.) દ્વિતીયાદિ વિભક્તિઓનું વિધાન.

૪. વાક્યના અંશ રૂપમાં –

(ક) ઉપપદ વિભક્તિઓનું વિધાન, તથા

(ખ) કર્મપ્રવચનીય-સંજ્ઞક પદોના યોગમાં થતી વિભક્તિઓનું વિધાન

અહીં પાણિનિ-પ્રોક્ત વાક્યવિન્યાસની વ્યવસ્થામાં જે ધ્યાનાસ્પદ મુદ્દાઓ છે, તે આ પ્રકારે છે :—

૧. પાણિનિએ लः कर्मणि च भावे चाकर्मकेभ्यः । સૂત્રથી સકર્મક ધાતુઓમાંથી ક્રિયાપદની નિષ્પત્તિ કરતી વખતે, 'કર્તૃકારક'ને અથવા 'કર્મકારક'ને "અભિહિત' કરવાની વિવક્ષાને સ્થાન અપવામાં આવ્યું છે. ધાતુની પાછળ મૂકવામાં આવેલ લકારને જે કર્તા (કે કર્મ)નો વાચક જાહેર કર્યો હોય (=વિવક્ષિત કર્યો હોય) તે અભિહિત કર્તૃકારકને (અથવા કર્મકારકને) પ્રથમ વિભક્તિનું વિધાન કર્યું છે. (સૂત્ર ૨-૩-૪૬).

૨. ધાતુમાત્રને લાગનાર વિભિન્ન કારકોથી (કર્તા કે કર્મ સિવાયનાં) જે જે કારકો અનભિહિત રહ્યાં હોય તેમને માટે अनभिहिते જેવાં અધિકારની હેઠળ આવેલાં (૨-૩-૧ થી ૪૫ની અંદર આવેલાં) સૂત્રોથી દ્વિતીયા, તૃતીયા વગેરે વિભક્તિઓનું વિધાન કરવામાં આવ્યું છે.

૩. અકારક-વિભક્તિના રૂપમાં જે (ક) ષષ્ઠી વિભક્તિ (૨-૩-૫૦)નું વિધાન કરવામાં આવ્યું છે, તે સમ્બન્ધ રૂપ 'શેષ' અર્થને વ્યક્ત કરવાને માટે ષષ્ઠી વિભક્તિનું વિધાન કરવામાં આવ્યું છે. પાણિનિએ (કોઈ પણ કારકસંજ્ઞાને માધ્યમ બનાવ્યા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વિના) સીધું જ વિભક્તિવિધાન કર્યું છે. જેમકે कालाध्वनोरत्यन्तसंयोगो। ૨-૩-૫ થી દ્વિતીયા વિભક્તિ, અને अपवर्गे तृतीया । ૨-૩-૬ થી તૃતીયા વિભક્તિનું વિધાન કર્યું છે.

૪. વાક્યમાં ક્રિયાપદની સાથે જેનો પ્રત્યક્ષ કોઈ સમ્બન્ધ હોય નહીં તેવા પદસમૂહ કે જે વાક્યના એક અંશ તરીકે વાક્યની વચમાં પ્રવેશે છે, તેને જન્માવનારી (ક) ઉપપદ વિભક્તિઓનું વિધાન; તથા (ખ) કર્મપ્રવચનીય પ્રકારનાં (પાંચમા)[1] પદના યોગમાં જન્મ લેનારી દ્વિતીયા, પંચમી વગેરે વિભક્તિઓનું વિધાન કર્યું છે.

આ ચાર રીતે વિભક્તિઓનું વિધાન કરીને પાણિનિએ સંસ્કૃત ભાષાનું વાક્ય બનાવવાની પૂરી પદ્ધતિ આપણી સામે દર્શાવી છે. પરંતુ અહીં એક અત્યંત આલોચનીય બાબત ઊભી થઈ છે, તે બધાં જ સૂત્રોને તેમણે अनभिहिते । ૨-૩-૧ એવા અધિકાર સૂત્રની નીચે મૂક્યાં છે. આ એક અત્યંત ગંભીર ચિન્ત્ય સ્થિતિ છે. કેમકે,

જે 'અધિકાર' પ્રકારનું સૂત્ર હોય છે, તેની અનુવૃત્તિ તો અનવરત ગતિથી અનુગામી તમામ સૂત્રોમાં થતી હોય છે એવું સકલ અષ્ટાધ્યાયીમાં મનાયું છે. પરંતુ અહીં તો अनभिहिते ૨-૩-૧ની નીચે જે कर्मणि द्वितीया । ૨-૩-૨ સૂત્ર આવેલું છે, તેમાં તો 'અનભિહિત' એવા શબ્દની અનુવૃતિ જાય તે જરૂરી અને સુસંગત છે, પરંતુ (૧) अन्तराऽन्तरेण युक्ते । ૨-૩-૪ જેવા ઉપપદ વિભક્તિનું વિધાન કરનારાં સૂત્રોમાં તે "अनभिहिते" પદની અનુવૃત્તિ જાય તે કોઈરીતે ઉપયોગી નથી બલ્કે જરૂરી જ નથી. (અને છતાંય ૨-૩-૧ સૂત્રને 'અધિકાર' પ્રકારનું સૂત્ર કહ્યું હોવાથી તે ઉપપદ વિભક્તિ વિધાયક સૂત્રોમાં હાજર થશે જ, જે તદ્દન વિસંગત પ્રવૃત્તિ છે.) એ જ પ્રમાણે नमः स्वस्ति-स्वाहा-स्वधाऽल-वषट्योगाच्च। ૨-૩-૧૬ કે सहयुक्तेऽप्रधाने । ૨-૩-૧૯ વગેરે ઉપપદ વિભક્તિનું વિધાન કરનારાં સૂત્રોમાં अनभिहिते એવા પદની અનુવૃત્તિ જાય તે તદ્દન અપ્રાસંગિક છે. એવી જ રીતે, कालाध्वनोरत्यन्तसंयोगे । ૨-૩-૫ તથા अपवर्गे तृतीया । ૨-૩-૬ જેવાં સૂત્રો કે જેમના દ્વારા પાણિનિએ અમુક અમુક વિશિષ્ટ અર્થોને વ્યક્ત કરનારી વિભક્તિઓનું વિધાન સીધે સીધું જ કરી દીધું છે, (અને ત્યાં કોઈ પણ કારકસંજ્ઞાને વચ્ચે માધ્યમ બનાવી નથી). તેવાં સૂત્રોમાં પણ अनभिहिते । ૨-૩-૧નો અધિકાર જશે. જે સર્વથા અપ્રસ્તુત છે. કેમકે આવાં સૂત્રોમાં अनभिहित ।ની શરત ઉચ્ચારવી તે તદ્દન બિનજરૂરી છે.

---

૧. યાસ્કે વાક્યમાં નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત — એવા ચાર પ્રકારનાં પદો ગણાવ્યાં છે. પરંતુ પાણિનીય પરંપરામાં, 'કર્મપ્રવચનીય' પ્રકારનાં પદોને પાંચમ પદ તરીકે ગણનારા ભર્તૃહરિ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આવી જ રીતે, कर्मप्रवचनीययुक्ते द्वितीया । ૨-૩-૮ જેવાં સૂત્રો વડે અમુક કર્મપ્રવચનીય-સંજ્ઞક શબ્દોના યોગમાં જે (રૂઢિગત) વિભક્તિઓનું વિધાન થતું હોય છે, ત્યાં પણ अनभिहिते । ૨-૩-૧ સૂત્રનો અધિકાર જાય તે એકદમ બિન-ઉપયોગી છે.

પાણિનિના अनभिहिते ૨-૩-૧ સૂત્રથી એક તરફ વક્તાની વિવક્ષાને સ્થાન આપ્યું છે, (જે પ્રશંસનીય છે); તથા જેને કારણે વક્તા ઇચ્છે તો કર્તૃવાચ્ય વાક્યરચના કરી શકે છે; અથવા તે ચાહે તો કર્મવાચ્ય (=કર્મણિ પ્રયોગવાળી) વાક્યરચના પણ કરી શકે છે. પરંતુ બીજી તરફ પૂર્વોક્ત ચતુર્વિધ વિભક્તિ-વિધાનમાં નિઃશેષ રૂપથી જે अनभिहिते । નો અધિકાર જાહેર કર્યો છે તે ક્યાંક ક્યાંક બિનજરૂરી પણ દેખાય છે.

[૩]

પાણિનિએ अनभिहिते। ૨-૩-૧ જેવા અધિકારસૂત્રની નીચે જે વિભક્તિ-વિધાન કરવાની યોજના કરી છે, તે ક્યાંક બહુ ઉપયોગી છે, તો બીજે કેટલેક ઠેકાણે તદ્દન બિનજરૂરી પણ જણાય છે. આવી પાણિનિની યોગ્ય-અયોગ્ય વ્યવસ્થાની સામે આચાર્ય હેમચન્દ્રસૂરિએ પોતાના સિદ્ધહેમશબ્દાનુશાસનમાં આપેલી વિભક્તિ-વિધાનની વ્યવસ્થા પણ તપાસવી, પરીક્ષવી જોઈએ :

આચાર્ય હેમચન્દ્રસૂરિએ પણ પાણિનિની જેમ જ, કારકસંજ્ઞાઓનું વિધાન કરવા માટે દ્વિતીયાધ્યાયની શરૂઆતમાં એક સૂત્રસમૂહ આપ્યો છે. જેમકે,

૧. क्रियाहेतुः कारकम् । ૨-૨-૧

૨. स्वतन्त्रः कर्ता । ૨-૨-૨

૩. कर्तुर्व्याप्यं कर्म । ૨-૨-૩

૩૦. क्रियाश्रयास्याधारोऽधिकरणम् । ૨-૨-૩૦

જુદી જુદી કારકસંજ્ઞા કરનારાં આટલાં ત્રીસ સૂત્રોને રજૂ કર્યા પછી, તેમણે વિભક્તિ-વિધાન કરનારાં સૂત્રોનો સમૂહ આપ્યો છે. આ બીજા સૂત્રસમૂહમાં સ્પષ્ટ રૂપે ત્રણ વિભાગ દેખાઈ રહ્યા છે.

(ક) नाम्नः प्रथमैक-द्वि-बहौ । ૨-૨-૩૧ સૂત્ર વડે કર્માદિ કારકોને પરિશિષ્ટ અર્થમાત્રમાં પ્રથમા વિભક્તિ થાય છે એમ કહેવાયું છે. તે પછી

(ખ) गौणात् समया-निकषा-हा-धिगन्तराऽन्तरेणाति येनतेनैर्द्वितीया। ૨-૨-૩૩ સૂત્રથી શરૂ કરીને, ૨-૨-૧૧૯ સુધીનાં સૂત્રો વડે 'ગૌણ' નામોની પાછળ દ્વિતીયાદિ વિભક્તિઓનું વિધાન કરવામાં આવ્યું છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ગ) અન્તે, ૨-૨-૧૨૦ થી ૧૨૪ સુધીનાં સૂત્રોથી જે જે નિપાતોના યોગમાં એકાધિક વિભક્તિઓ ઉત્પન્ન થાય છે તથા જાતિવાચક શબ્દોની પાછળ જ્યાં એકવચનને બદલે બહુવચનનો પ્રયોગ થાય છે તેમનું વિધાન કરવામાં આવ્યું છે.

વિભક્તિવિધાન કરનારાં સૂત્રોનું ઉપર્યુક્ત ત્રૈવિધ્ય જોઈને, પ્રથમ દૃષ્ટિમાં જ જણાઈ આવે છે કે આચાર્ય હેમચન્દ્રસૂરિએ પાણિનિથી જુદા પડીને તદ્દન જુદો જ રસ્તો અપનાવ્યો છે. અહીં, સિદ્ધહેમશબ્દાનુશાસનમાં, પાણિનિની જેમ (૧) અભિહિત-અનભિહિત કારકોનું વિભાગીકરણ નથી કરવામાં આવ્યું; (૨) અકારકવિભક્તિના રૂપમાં (ક) ષષ્ઠી વિભક્તિનું વિધાન નથી, તથા (ખ) અમુક અમુક વિશિષ્ટ અર્થોને સીધું જ વિભક્તિ-વિધાન નથી કરવામાં આવ્યું; તથા વાક્યના અંશ તરીકે એક અલગ પદસમૂહને જન્માવનાર (ક) ઉપપદ વિભક્તિઓ, કે પછી (ખ) કર્મપ્રવચનીય સંજ્ઞક પદોના યોગમાં પણ જુદું વિભક્તિ-વિધાન નથી કરવામાં આવ્યું.

અલબત્ત, અહીં જે गौणात् ..... । ૨-૨-૩૩ થી શરૂ થતું વિભક્તિવિધાન જોવા મળે છે, તે અત્યંત ધ્યાનાસ્પદ છે. કારણ કે પૂર્વોક્ત (ક), (ખ) અને (ગ) – આ સૂત્રસમૂહોમાંથી અહીં (ખ) गौणात् ..... । (૨-૨-૩૩ થી ૨-૨-૧૧૯) વાળો સૂત્રસમૂહ સૌથી મોટો છે તથા શરૂઆતમાં જ ગોઠવલું "गौणात्" પદ અનૃવત્ત થતું થતું ૨-૨-૧૧૯ સુધી જાય છે. પાણિનિએ જે अनभिहिते। ૨-૩-૧ સૂત્રથી અભિહિત કારક અને અનભિહિત કારકોનું વિભાગીકરણ કર્યું છે તે જ સૂત્રના બદલે આચાર્ય હેમચન્દ્રસૂરિએ અહીં 'गौणात्' પદને વાપર્યું છે. તેથી આપણા માટે अनभिहिते એવી શરત અને તેના થકી ઊભી થતી વ્યવસ્થા, તથા સામે પક્ષે गौणात् એવું પદ અને તેના થકી પ્રાપ્ત થતી વ્યવસ્થા – તે બન્ને તુલનીય બની રહે છે.

[૪]

આચાર્ય હેમચન્દ્રસૂરિએ 'गौणात्' પદમાં મૂળભૂત રીતે રહેલો જે 'ગૌણ' શબ્દ છે, તેની વ્યાખ્યા કરતાં પોતાની સ્વોપજ્ઞ-બૃહદ્વૃત્તિમાં લખ્યું છે કે –

आख्यातपदेन असमानाधिकरणं गौणम् । અર્થાત્ વાક્યની અવસ્થામાં, જે નામનું ક્રિયાપદની સાથે સામાનાધિકરણ્ય (=જોડાણ) નથી હોતું તે નામને 'ગૌણ' કહે છે. આવા 'ગૌણ' નામની પાછળ દ્વિતીયાથી શરૂ કરીને સપ્તમી સુધીની વિભક્તિઓ પ્રવૃત્ત થાય છે. આચાર્ય હેમચન્દ્રસૂરિએ આ 'गौणात्' પદના અધિકારની પૂર્વમાં नाम्नः प्रथमैक-द्वि-बहौ । (૨-૨-૩૧) સૂત્રથી પ્રથમા વિભક્તિનું વિધાન કર્યું છે. પરંતુ અહીં એ વાત નથી લખી કે પ્રથમા વિભક્ત્યન્ત પદનું વાક્યમાં શું સ્થાન હોય છે ? આ વાતની જાણકારી તો આપણને शेषे । (૨-૨-૮૧) સૂત્ર ઉપર મળે છે : प्राधान्यं च अस्य आख्यातपदसमानाधिकरण्यम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

तेन ततः प्रथमैव भवति । અર્થાત્ જે નામનું જોડાણ (=સામાનાધિકરણ્ય) ક્રિયાપદની સાથે રહે છે, તેને 'પ્રધાન' પદ ગણવામાં આવે છે; અને એવા પ્રધાન-નામને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે.

આનો સારાંશ એવો નીકળે છે કે આચાર્ય હેમચન્દ્રસૂરિના મતમાં વાક્યાન્તર્ગત પદાવલી ત્રણ પ્રકારની હોય છે. જેમકે, ૧. પ્રધાન નામ (પ્રથમાન્ત પદ), ૨. ગૌણ નામ (દ્વિતીયાદિ સપ્તમ્યન્ત પદો) અને ૩. આખ્યાતપદ (=ક્રિયાપદ). અર્થાત્ આચાર્ય હેમચન્દ્રે 'કારક-વિભક્તિ'ના વિરોધમાં બીજી બે અકારક-વિભક્તિઓ (જેવી કે ષષ્ઠી વિભક્તિ તથા અમુક વિશિષ્ટ અર્થોને માટે વપરાતી દ્વિતીયાદિ વિભક્તિઓ); ૨. ઉપપદ વિભક્તિઓ અને ૩. કર્મપ્રવચનીય વિભક્તિઓ – જેવું કોઈ અલગ પ્રકારનું પૃથક્કરણ વિભક્તિવિધાન માટે વાપર્યું નથી. આ બધાને તેમણે 'गौणात्' એવા એક જ અધિકારની નીચે મૂકી દીધેલ છે.

જેના ફળસ્વરૂપે, કોઈપણ વાક્યની અંતર્ગત આવેલાં નામપદોને 'પ્રધાન નામ' અને 'ગૌણ નામ'– એવા બે પ્રકારમાં જ વિભાજિત કરી દેવાય છે. આવું વિભાજન યુક્તિસંગત પણ જણાય છે. કેમકે વાક્યાન્તર્ગત આ બે પ્રકારનાં નામપદોમાંથી, જેનું સામાનાધિકરણ્ય ક્રિયાપદની સાથે રહેલું હોય છે તે પ્રથમા વિભક્ત્યન્ત પદ બને છે. તથા અન્ય જે જે નામોનું ક્રિયાપદની સાથે સામાનાધિકરણ્ય હોતું નથી, તે બધાં નામોને દ્વિતીયાદિ વિભક્તિઓના પ્રત્યયો લાગે છે.

બીજી એક ફળદાયી વાત એ પણ સિદ્ધ થાય છે કે પાણિનિના अनभिहिते (૨-૩-૧) સૂત્રોક્ત અધિકારનું જે (અષ્ટાધ્યાયીના) અનુગામી તમામ સૂત્રોમાં ચારિતાર્થ્ય થતું નથી, તેવી કોઈ મુશ્કેલીનો સામનો આચાર્ય હેમચન્દ્રસૂરિને કરવો પડતો નથી.

ત્રીજો એક લાભ પણ દૃષ્ટિગોચર થઈ રહ્યો છે. જેમકે, ષષ્ઠ્યન્ત પદ 'નિત્ય આકાંક્ષ પદ' ગણાયું છે. કારણ કે ષષ્ઠી વિભક્તિ જે 'સમ્બન્ધ' રૂપી અર્થનું અભિધાન કરે છે, તે સમ્બન્ધ તો હમેશાં દ્વિષ્ઠ (= બેમાં રહેનારો) હોય છે. (એટલે કે સમ્બન્ધમાત્ર બન્ને સમ્બન્ધી પદાર્થોમાં એક સાથે રહેતો હોય છે. જેમકે, જન્યજનક-ભાવ રૂપ સમ્બન્ધ પિતા અને પુત્ર બન્નેમાં એક સાથે રહેતો હોય છે. અહીં जनकस्य पुत्रः । એવા શબ્દોમાં जनक શબ્દને તે સમ્બન્ધનો પ્રતિયોગી પદાર્થ કહેવાય છે; અને પુત્રને સમ્બન્ધનો અનુયોગી પદાર્થ કહેવાય છે.) આથી પ્રશ્ન થાય છે કે જો સમ્બન્ધમાત્ર દ્વિષ્ઠ (દ્વિવષ્ઠ) હોય છે તો સમ્બન્ધના કેવળ પ્રતિયોગી પદાર્થને જ (એકલાને જ) કેમ ષષ્ઠી વિભક્તિ લાગે છે ? दशरथस्य पुत्रः । અને राज्ञः पुरुषः। જેવા શબ્દોમાં दशरथस्य पुत्रस्य । અને राज्ञः पुरुषस्य । – એમ પ્રતિયોગી અને અનુયોગી એવા બન્ને સમ્બન્ધી પદાર્થો/

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વ્યક્તિઓને ષષ્ઠી વિભક્તિનો પ્રત્યય કેમ લાગતો નથી ? – આવા તર્કનિષ્ઠ પ્રશ્નનો ઉત્તર પાણિનીય વ્યાકરણમાં "રૂઢિને કારણે કેવળ સમ્બન્ધના પ્રતિયોગી પદાર્થને એકલાને જ ષષ્ઠી વિભક્તિ લાગે છે; અને અનુયોગી પદાર્થને કદાપિ ષષ્ઠી વિભક્તિ લાગતી નથી." એમ કહેવાય છે. અથવા, બીજું સમાધાન એવું પણ આપવામાં આવે છે કે સંસ્કૃત ભાષાની આ એક યાદચ્છિક લીલા સમજવાની છે. (જેમાં કોઈ તર્ક નહીં, પણ કેવળ ભાષકોની અમુક જ પ્રકારની ઇચ્છાને જવાબદાર જાહેર કરવામાં આવે છે.) પરંતુ હેમચન્દ્રસૂરિના વ્યાકરણમાં ષષ્ઠી વિભક્તિનું વિધાન પણ 'गौणात्' પદની અન્તર્ગત જ છે, એટલે 'સ્વોપજ્ઞ-બૃહદ્વૃત્તિ'માં લખ્યું છે કે – गौणादित्येव-राज्ञः पुरुषः । अत्र सम्बन्धस्य द्विष्ठत्वेऽपि प्रधानात् पुरुषान्न भवति (षष्ठी) ॥ प्राधान्यं च अस्य आख्यातद-सामानाधिकरण्यम्, तेन ततः प्रथमैव भवति । यदा 'पुरुषो राजानं प्रति गुणत्वं प्रतिपद्यते, तदा 'पुरुषस्य राजे'ति भवत्येव ॥ (પૃ, ૨૭૪) અર્થાત્;

राज्ञः पुरुषः । જેવા પ્રયોગોમાં સ્વ-સ્વામિભાવ સમ્બન્ધ યદ્યપિ દ્વિષ્ઠ હોય છે (રાજામાં પણ તે સમ્બન્ધ રહે છે અને પુરુષમાં પણ તે સમ્બન્ધ રહે છે), તથાપિ 'પુરુષ' પ્રથમાન્ત પદનો ક્રિયાપદમાં અન્વય થતો હોઈને 'પુરુષ' એવા નામમાં પ્રાધાન્ય આવી જાય છે; અને તેથી તેને પ્રથમા વિભક્તિ જ લાગી શકે છે. સંક્ષેપમાં કહીએ તો પાણિનીય વ્યાકરણમાં "राज्ञः पुरुषस्य" એવો ઊભયત્ર ષષ્ઠ્યન્ત પ્રયોગ કેમ થતો નથી ? – એવા પ્રશ્નનો ઉત્તર મળતો નથી. પરંતુ હેમચન્દ્રાચાર્યના સિદ્ધહેમશબ્દાનુશાસનમાં તેનો તર્કનિષ્ઠ અને તન્ત્રગત ઉત્તર મળી રહે છે ! સૂક્ષ્મ-સૂક્ષ્મતર શાસ્ત્રીય ચર્ચાઓના પ્રસંગમાં આવી નાની સરખી દેખાતી વાત પણ મેરુપર્વત જેવી ગુરુતમ બનતી હોય છે.' સિદ્ધહેમશબ્દાનુશાસન'ની આ એક અનુલ્લિખિત ઉપલબ્ધિ છે.

* * *

વિશેષ-વિમર્શ : પરમ્પરાગત અધ્યયનમાં ઇતિહાસાનુપ્રાણિત તુલનાત્મક અધ્યયન નહીં હોવાથી અમુક પ્રકારના ગુણદોષનું દર્શન થતું નથી. પરંતુ જો તુલનાત્મક અધ્યયનને હાથ ધરવામાં આવે તો (જ) ક્યારેક, ક્યાંક પાણિનીતર વ્યાકરણની ક્ષતિઓ ઓળખી શકાય, તો ક્યારેક, ક્યાંક પાણિનિના વ્યાકરણની પણ ક્ષતિઓ ઓળખી શકાય; અને ગુણદર્શન બાબતે પણ એવું જ પરિણામ આવે.

* * *

(૨) તુલનાત્મક અધ્યયનથી ઓળખાયેલ સિદ્ધિઓ અને મર્યાદા/ક્ષતિઓના જ્ઞાન સુધી જ અટકવાની જરૂર નથી. વિશેષ જિજ્ઞાસુએ અષ્ટાધ્યાયીની હસ્તપ્રતો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તપાસીને એવું પણ શોધવા પ્રયાસ કરવો જોઈએ કે 'अनभिहिते'ના અધિકારની સાથે સુસંગત નહીં જણાતાં સૂત્રો કોઈકે પાછળથી પ્રક્ષિપ્ત તો નથી કર્યાં ને ? इति दिक् ॥

* * *

શ્રી હેમચન્દ્રાચાર્યે રચેલા વિવિધ ગ્રન્થોની યાદી

(क) વ્યાકરણ અને તેના અંગો

નામ	શ્લોક પ્રમાણ
૧. સિદ્ધહેમ-લઘુવૃત્તિ	૬૦૦૦
૨. સિદ્ધહેમ-બૃહદ્વત્તિ (= તત્ત્વ પ્રકાશિકા)	૧૮,૦૦૦
૩. સિદ્ધહેમ-બૃહન્ન્યાસ (=શબ્દ મહાર્ણવન્યાસ) (અપૂર્ણ)	૮૪,૦૦૦
૪. સિદ્ધહેમ પ્રાકૃતવૃત્તિ	૨૨૦૦
૫. લિંગાનુશાસન-સટીક	૩૬૮૪
૬. ઉણાદિ પણ વિવરણ	૩૨૫૦
૭. ધાતુપારાયણ-વિવરણ	૫૬૦૦
(ख) કોશગ્રન્થો	
૮. અભિધાન ચિંતામણિ-સ્વોપજ્ઞ ટીકાસહિત	૧૦,૦૦૦
૯. અભિધાન ચિંતામણિ-પરિશિષ્ટ	૨૦૪
૧૦. અનેકાર્થકોશ	૧૮૨૮
૧૧. નિઘણ્ટુ શેષ (વનસ્પતિવિષયક)	૩૯૬
૧૨. દેશી નામમાલા-સ્વોપજ્ઞ ટીકાસહિત	૩૫૦૦
(ग) સાહિત્ય-અલંકાર	
૧૩. કાવ્યાનુશાસન-સ્વોપજ્ઞ અલંકાર ચૂડામણિ અને 'વિવેક' વૃત્તિ સહિત	૬૮૦૦
(घ) છન્દ	
૧૪. છન્દોનુશાસન-છન્દશ્ચૂડામણિ ટીકાસાહિત	૩૦૦૦
(ङ) દર્શન	
૧૫. પ્રમાણમીમાંસા-સ્વોપજ્ઞવૃત્તિ સહિત (અપૂર્ણ)	૨૫૦૦
૧૬. વેદાંકુશ (દ્વિજવદનચપેટા)	૧૦૦૦
(च) ઈતિહાસકાવ્ય-વ્યાકરણસાહિત	
૧૭. સંસ્કૃત દ્વયાશ્રય મહાકાવ્ય	૨૮૨૮
૧૮. પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય (ઊર્ફે કુમારપાલચરિત)	૧૫૦૦

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

(છ) ઇતિહાસ-કાવ્ય અને ઉપદેશ પરિશિષ્ટ - ૧

૧૯.	ત્રિષષ્ટિશલાકાપુરુષરિત (મહાકાવ્ય-દશ પર્વ)	૩૨,૦૦૦
૨૦.	પરિશિષ્ટપર્વ	૩૫૦૦
	(જ) યોગ	
૨૧.	યોગશાસ્ત્ર સ્વોપજ્ઞ ટીકાસહિત	૧૨૫૭૦
	(ઝ) સ્તુતિ-સ્તોત્ર	
૨૨.	વીતરાગસ્તોત્ર	૧૮૮
૨૩.	અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા (પદ્ય)	૩૨
૨૪.	અયોગ વ્યચ્છેદ દ્વાત્રિંશિકા (પદ્ય)	૩૨
૨૫.	મહાદેવ સ્તોત્ર (પદ્ય)	૪૪

અન્ય કૃતિઓ

મધ્યમ વૃત્તિ (સિદ્ધહેમ શબ્દાનુશાસનની ટીકા)
રહસ્યવૃત્તિ (,,)
અર્હન્નામ સમૂચ્ચય તથા અર્હન્નીતિ
નાભેય-નેમિદ્વિસંધાન કાવ્ય
ન્યાય બલાબલ સૂત્ર
બલાબલસૂત્રબૃહદ્વૃત્તિ
બાલભાષાવ્યાકરણ સૂત્ર વૃત્તિ
(આમાંથી કેટલીક કૃતિઓના વિંષે સંદેહ છે.)

સન્દર્ભ - ગ્રન્થસૂચિ

૧. **अनुबन्धविमर्शः** – सुदेश अरोरा, निर्माण प्रकाशन, दिल्ली, 1986

૨. **काशिकावृत्तिः** –वामन–जयादित्यौ, चौखम्बा संस्कृत सीरीज ऑफिस, वाराणसी 1952

૩. **जैन साहित्य का बृहद इतिहास** (भाग–५) लाक्षणिक साहित्य), पं० अम्बालाल प्रे० शाह, सं० दलसुखभाई मालवणिया एवं मोहनलाल महेता, पार्श्वनाथ विद्याश्रम शोध संस्थान, वाराणसी, 1969

૪. **जैनेन्द्रव्याकरणम्** – पूज्यपाद देवनन्दि–विरचितम्, सं० शम्भुनाथ त्रिपाठी, भारतीय ज्ञानपीठ, काशी, 1956

૫. **निरुक्तम् ।** – (दुर्गाचार्यवृत्ति–समेतम्), सं० वैद्यनाथ काशीनाथ राजवाडे, भागः 1-2 आनन्दाश्रम मुद्रणालय, पूणें, 1921 एवं 1926

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

६. निरुक्तम् ।— यास्क-प्रणीतम्, सं० लक्ष्मण सरूप, मोतीलाल बनारसीदास, दिल्ली (द्वितीय संस्करण), 1967

७. न्यास-पदममञ्जरी सहिता काशिकावृत्तिः । — (1-6 भागाः), सं० स्वामी द्वारिकादास शास्त्री, एवम् पं० कालिकाप्रसाद शुक्ल, तारा पब्लीकेशन्स, वाराणसी, 1967

८. परमलघुमञ्जूषा ।— नागेशभट्ट-प्रणीता, टिप्पणीकारः म०म० नित्यानन्द-पर्वतीयः), चौखम्भा संस्कृत सिरीझ ऑफिस, वाराणसी, (द्वितीयावृत्तिः) 1974

९. परिभाषेन्दुशेखरः — (नागेश-भट्ट-विरचितः), तत्त्वादर्शाभिधया व्याख्या समेतः, सं० के० वी० अभ्यङ्कर, भाण्डारकर ओरिएन्टल रिसर्च इन्स्टीट्युट, पूर्णे, 1962.

१०. परिभाषेन्दुशेखरः । — सं० सी० आर० स्वामिनाथन् प्रका. लालबहादुर शास्त्री केन्द्रीय संस्कृत विद्यापीठ, नई दिल्ली, 1978

११. परिभाषासंग्रहः — सं० के० वी० अभ्यङ्कर, भाण्डारकर ओरिएन्टल रिसर्च इन्स्टीट्युट, पुर्णे, 1967

१२. पाणिनीय-शिक्षा । — (सिद्धान्तकौमुद्याम् परिशिष्टरूपेण मुद्रिता), वैयाकरणसिद्धान्तकौमुदी, चतुर्थो भागः, (मोतीलाल बनारसीदास) दिल्ली, 1976

१३. प्रक्रिया-कौमुदी ।— रामचन्द्राचार्य-विरचिता, भाग-१, श्रीकृष्णविरचितया प्रकाश-व्याख्यया संवलिता ।, सं० मूरलिधरमिश्रः, सरस्वतीभवन-ग्रन्थमाला-111, प्रका० सम्पूर्णानन्द संस्कृत विश्वविद्यालय, वाराणसी, 1977

१४. प्रबन्धचिन्तामणिः । मेरुतुङ्गाचार्यकृतः, सं० दुर्गाशङ्कर केवलराम शास्त्री, श्री फार्बस गुजराती सभा ग्रन्थावली अंक-14, मुंबई, 1932

१५. प्रौढमनोरमा । — (शब्दरत्नसहिता), सं० जोशी वेङ्कटेश लक्ष्मण, भग-1, पूर्णे 1966

१६. प्रौढमनोरमा । — प्रभा-विभा-ज्योत्स्ना-कुचमर्दिनी-संवलितसशव्दरत्न, सं० लक्ष्मण शास्त्री जोशी, प्रका० चौखम्बा संस्कृत सिरीझ ऑफिस, वनारस सीटी, 1934

१७. बृहच्छब्देन्दुशेखरः । — द्वितीयो भागः, सं. सीताराम शास्त्री, सरस्वती भवन ग्रन्थमाला-67, वाराणसी, 1960

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

१८. **बृहती ।** – प्रभाकरमिश्रविरचिता शाबरभाष्यव्याख्या, शालिकनाथमिश्र-विरचितया ऋजुविमलया टीकया सहिता, चौखम्बा संस्कृत सिरीझ, क्र० 391, वाराणसी, 1929

१९. **वाक्यपदीयम् ।** – मूलमात्रम्, सं०के०वी० अभ्यङ्कर एवं वि०पी० लिमये, पूना विश्वविद्यालय, पूणें, 1963.

२०. **वाक्यपदीयम् ।** – भर्तृहरि-विरचितम्, हेलाराजस्य टीकया सहितम्, काण्ड-3, प्रथमो भागः, सं०के०ए० सुब्रह्मण्य ऐयैर, प्रका० डेक्कन कॉलेज, पूणें, 1963.

२१. **वैयाकरणभूषणसारः ।** – कौण्डभट्टविरचित, (शाङ्करी-टीकायुतः), आनन्दाश्रम संस्कृत ग्रन्थावली-135, पूना, 1957

२२. **वैयाकरण-सिद्धान्त-कौमुदी ।** – भट्टोजिदीक्षित-विरचिता, सं० वासुदेव शास्त्री पणशीकर, निर्णयसागर प्रेस, मुंबई, 1929

२३. **वैयाकरण-सिद्धान्त-कौमुदी ।** – भट्टोजिदीक्षित-विरचिता, श्रीसभा-पतिशर्मोपाध्यायविरचितया लक्ष्मी-टीकया सहिता, मोतीलाल बनारसीदास, दिल्ली, 1966

२४. **वैयाकरण-सिद्धान्त-कौमुदी ।** – भट्टोजिदीक्षित-विरचिता, (बालमनोरमा, तत्त्वबोधिन्या च समेता), सं० गिरिधर शर्मा, मोतीलाल बनारसीदास, 1975

25. **वैयाकरण-सिद्धान्त-कौमुदी ।** भट्टोजिदीक्षित-विरचिता, (तत्त्वबोधिन्या सह) सं० वासुदेव लक्ष्मण शास्त्री पणशीकर, प्रका० निर्णयसागर प्रेस, मुंबई, 1929

26. **वैयाकरण-सिद्धान्त-लघुमञ्जूषा।**–नागेश-भट्ट-विरचिता, सं०पं० सभापति-शर्मोपाध्याय रत्नप्रभया व्याख्या संवलिता, प्रथमावृत्तिः, गाजीपुर, 1929

27. **व्याकरण-महाभाष्यम् ।** पतञ्जलि-विरचितम्, (प्रदीपोद्द्योतसहितम्), भाग-1, 2, 3. प्रकाशकः-मोतीलाल बनारसीदास, दिल्ली, १९६७

28. **शुक्ल-यजुर्वेद-प्रातिशाख्यम् ।** सं० श्रीमती इन्दु रस्तोगी, चौखम्बा संस्कृत सिरीझ, बनारस, 1967

29. **सिद्धान्तकौमदी ।** – तत्त्वबोधिनी-व्याख्ययया सहिता, प्रका० क्षेमराज श्रीकृष्णदास, श्री वेङ्कटेश्वर स्टीम प्रेस, मुंबई, 1974
Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

30. **श्रीसिद्ध-हेमचन्द्र-शब्दानुशासनम्** ।– (स्वोपज्ञबृहद्वृति तथा न्यास-सारसमुद्धार संवलितम्), भाग-1, 2 एवं 3, सं॰ मुनि श्री पं॰ वज्रसेन विजयजी, प्रका॰ भेरुलाल कनैयालाल रिलिजीयस ट्रस्ट, मुंबई, 1968 (वि॰सं॰ 2024)

31. **श्रीसिद्ध-हेमचन्द्र-शब्दानुशासनम्** ।– (स्वोपज्ञ-तत्त्वप्रकाशिका एवं शब्दमहार्णवन्यास एवं श्रीकनकप्रभसूरिविरचितन्याससारसमुद्धार-संवलितम्), सं॰ श्रीविजयलावण्यसूरि, (प्रथम, द्वितीय, तृतीय भाग), श्री राजनगरस्था-जैनग्रन्थप्रकाशक सभा, सिद्धहेम-प्रकाशन समिति, मुंबई, वि॰सं॰ 2007, 13, 17

32. **श्री हैमबृहत्प्रक्रिया** ।– गिरिजाशंकर मयाशंकर शास्त्री, अहमदाबाद, 1931

हिन्दी ग्रन्थ

33. **आचार्य हेमचन्द्र और उनका शब्दानुशासन–एक अध्ययन** – डॉ॰ नेमिचन्द्र शास्त्री, चौखम्ब विद्याभवन, काशी, वाराणसी, 1963

34. **जैन सहित्य का बृहद् इतिहास** – सं॰ दलसुख मालवणिया एवं मोहनलाल महेता, प्रकाशन-पार्श्वनाथ विद्याश्रम शोध संस्थान, वाराणसी, 1969

35. **प्रक्रिया-कौमुदी** ।– रामचन्द्राचार्य-प्रणीता, भाग-1, श्रीकृष्णविरचितया प्रकाश इत्यव्याख्यया संवलिता सं॰ मुरलीधरमिश्रः, सरस्वतीभवन ग्रन्थमाला-111, प्रका॰ सम्पूर्णानन्द संस्कृत विश्वविद्यालय, वाराणसी, 1977

36. **वैयाकरण-सिद्धान्त-कौमुदी** ।– भट्टोजिदीक्षित-विरचिता, हिन्दी अनुवादक-पं॰ श्रीबालकृष्ण पञ्चोली, रत्नप्रभा-हिन्दीटीया सहिता, (भाग 1 से 4), प्रका॰ चौखम्बा संस्कृत सिरिझ ऑफिस, वाराणसी, 1967

37. **सस्कृत व्याकरणशास्त्र का इतिहास** ।– भाग-1-2-3, युधिष्ठिर मीमांसक, सोनिपत, रामलाल कपूर ट्रस्ट, तृतीय संस्करण, वि॰ सं॰ 2030

38. **हिन्दी-रसगङ्गाधर** – सं॰ परुषोत्तम शर्मा चतुर्वेदी, प्रका॰ इण्डियन प्रेस लिमिटेड, प्रयाग, विक्रम सं॰ 1986

English Books

39. **अर्थसङ्ग्रहः** । – Arth-sangraha of Laugahshi Bhaskara, Ed. Gajendra Gadakar A.B. & R.D. Karmarkar, Bombay, 1934

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

40. *Aśvina in the Rigvedaand other Indological Essays* Prof. Gaurishankar C. Jhala, Pub. Munshiram Manoharlal Publishers Pvt. Ltd. Delhi, 1978
41. *A Dictionary of Sanskrit Grammar* – by K.V. Abhyankar & J.M. Shukla, Oriental Institute, M.S. Univ. of Baroda, 1977 (Second edition)
42. *PANINI–A Survey of Research*– by George Cardona, University of Pensylvania, 1976 (Trends in Linguistics)
43. *Patanjali's Vyakarana Mahabhashya : Samarthahnika (P. 2-1-1),* Ed. With Translaion & Explanatory Notes, by S.D. Joshi, Publication of CASS, (Class C, No. 3), University of Poona, Pune, 1968
44. *Rigveda, Mandal-7.* – by Prof. H.D. Velankar, Bhartiya idya Bhavan, Bombay, 1963
45. *Sanskrit Grammar* – by W.D. Whitney
46. *The Role of the Pratical CA in the Interpretation of the Ashtadhyayi* – Prof. S.D. Joshi and Dr. Saroja Bhate, University of Poona, Pune, 1963
47. The Sanskrit Language – by Burrow, Faber and Feber, Rusell Square, London, (Date not mentioned).
48. *Vakyapadiya of Bhartruhari* – (with the Prakirn-prakash of Heleraja), Kanda-3, Part-2, Ed. K.A. Subramanian Iyer, Deccan College, Poona, 1973
49. *The Vyakaran Mahabhashya of Patanjali* – Ed. F. Kielhorn & K.V. Abhyankar, Vol. 1-3, B.O.R.I., Poona, 1962-1965-1972

ગુજરાતી ગ્રન્થો

50. કારક-પ્રકરણ – અનુ. વસન્તકુમાર મ. ભટ્ટ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-1, દ્વિતીયાવૃત્તિ 1987
51. પાણિનીય સંસ્કૃત વ્યાકરણશાસ્ત્ર પરંપરાનો ઈતિહાસ – જયદેવ મો. શુક્લ, યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1975
52. પુરુષોત્તમદેવની લઘુપરિભાષાવૃત્તિનું વિવેચનાત્મક અધ્યયન – વસન્તકુમાર મ. ભટ્ટ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-1988
53. રસગંગાધરની ભૂમિકા – અન. નગીનદાસ પારેખ, યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1972

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Periodicals/સામયિકોની યાદી

54. *Vidya (C-Languages)* – A Journal of the Gujarat University, Vol. 25 & 26, 1982 & 1983

55. *Vishveshvaranand Indological Jornal* – Punjab University, Hoshiyarpur, Vol. 28, 1980

56. પરબ – હેમચન્દ્રાચાર્ય વિશેષાંક, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, 1989

57. ભાષા[૯][૯][૯][૯]વિમર્શ – ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પુસ્તક-1, જાન્યુઆરી, 1978

58. સમ્બોધિ – (વૉ. ૧૪), સં. જિતેન્દ્ર બી. શાહ, લાલભાઈ દલપતભાઈ પ્રાચ્યવિદ્યા મન્દિર, અમદાવાદ, 1980

59. સ્વાધ્યાય – (22-3), અક્ષયતૃતીયા અંક, મ.સ. યુનિવર્સિટી, વડોદરા, એપ્રિલ-1985

60. સ્વાધ્યાય – (24), અક્ષયતૃતીયા-જન્માષ્ટમી સંયુક્ત અંક, મ.સ. યુનિવર્સિટી, વડોદરા, એપ્રિલ-1987

61. સ્વાધ્યાય – (27-1 થી 2), દીપોત્સવી અંક, મ.સ. યુનિવર્સિટી વડોદરા, ઑક્ટો. 89 થી જાન્યુ. 1990

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

પૂર્વ-નિદેશક, ભાષા-સાહિત્ય ભવન,

અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

જન્મ: 21-02-1953

(37 થી વધુ ગ્રન્થોની રચના, 150 સંશોધન-પત્રોનું પ્રકાશન, 20 છાત્રોને પીએચ. ડી.નું સફળ માર્ગદર્શન.

રાષ્ટ્રિય પાણ્ડુલિપિ મિશનની રાષ્ટ્રિયકક્ષાની મેન્યુસ્ક્રીપ્ટોલોજીની 45 કાર્યશિબિરોમાં પ્રશિક્ષણ, ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત તથા અભિજ્ઞાનશાકુન્તલની કાશ્મીરી વાચનાનો પાઠોદ્ધાર)

કેટલાક મહત્ત્વનાં રચેલા ગ્રન્થોની નામાવલી...

1. સંસ્કૃત વાક્ય-સંરચના
2. પાણિનીય વ્યાકરણ વિમર્શ
3. લઘુસિદ્ધાન્તકૌમુદી (પૂર્વાર્ધ)
5. પાણિનીય વ્યાકરણ : અર્થ, તન્ત્ર ઔર સંભાષણ સન્દર્ભ
6. સંસ્કૃત પાણ્ડુલિપિ અને સમીક્ષિત પાઠસમ્પાદન વિજ્ઞાન
6. વૈયાકરણસિદ્ધાન્તકૌમુદીનું સંજ્ઞા-પ્રકરણ
7. વૈયાકરણસિદ્ધાન્તકૌમુદીનું કારક-પ્રકરણ
8. ધાતુત્રયી અને સંસ્કૃત વાક્ય-પ્રવેશિકા
9. યાસ્ક-પ્રણીત નિરુક્તમ્ (અ. ૧-૨-૪-૭)
10. ઋગ્વેદ (મણ્ડલ ૭ અને ૧૦)
11. ઉત્તરરામચરિત (શમ્બૂકવધ કથાનું મિથકીય અર્થઘટન)
12. અભિજ્ઞાનશાકુન્તલની સન્દર્ભદીપિકા ટીકાનું સમીક્ષિત પાઠસમ્પાદન
13. અભિજ્ઞાનશાકુન્તલની કાશ્મીરી-વાચનાનું સમીક્ષિત પાઠસમ્પાદન
14. અભિજ્ઞાનશાકુન્તલની પાંચ રંગાવૃત્તિઓ
15. સંસ્કૃત નાટ્યસૃષ્ટિ—સ્વારસ્યની શોધમાં.

9 781234 567897

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧

Vasant Bhatt Collection, Gujarat